૧૦૪

અજાબપાત્રી

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી



હારિભદ્રી અષ્ટકના ૨૧ થી ૩૨ અષ્ટકોની વિવેચનાને
કંડારતું; સૂક્ષ્મની તાકાતની જન્મદાત્રી માતા સમું પુસ્તક :

અગમ-વાણી

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

૧૦૪

પ્રકાશક :

કમલ પ્રકાશન ટ્રસ્ટ
૫૦૮૨/૩ બીજે માળે,
યાજ્ઞિક ઇન્સ્ટિટયૂટ સામે,
રતનપોળના નાકે,
ગાંધી રોડ, અમદાવાદ-૧

ફોન : ૩૮૫૭૨૩

લેખક પરિચય

સિદ્ધાન્તમહોદધિ સચ્ચારિત્રચૂડામણિ
સ્વ. પૂજ્યપાદ આ. ભગવંત શ્રીમદ્વિજય
પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના વિનેય
મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

મૂલ્ય
૧૫-૦૦

પ્રથમ સંસ્કરણ : નકલ : ૧૦૦૦
વિ. સ. ૨૦૩૪, અક્ષયતૃતીયા મહાપર્વ,
તા. ૧૦-૫-૭૮

મુદ્રક :
રાજુભાઈ સી. શાહ
કેનિમેક પ્રિન્ટર્સ,
મામુનાયકની પોળ,
અમદાવાદ-૧.

સંક્ષિપ્ત અનુક્રમણિ

અષ્ટક : ૨૧	ધર્મવિચારે સૂક્ષ્મબુદ્ધ્યાશ્રયણ અષ્ટક	૧-૭૬
અષ્ટક : ૨૨	ભાવશુદ્ધિ વિચારાષ્ટક	૭૭-૧૧૫
અષ્ટક : ૨૩	શાસનમાલિન્ય નિષેધાષ્ટક	૧૧૬-૧૯૫
અષ્ટક : ૨૪	પુણ્યાનુબંધિપુણ્યાદિ વિવરણ અષ્ટક	૧૯૬-૨૩૨
અષ્ટક : ૨૫	પુણ્યાનુબંધિપુણ્યપ્રધાન ફળ અષ્ટક	૨૩૩-૨૬૫
અષ્ટક : ૨૬	તીર્થકૃદ્દાનમહત્વસિદ્ધિ અષ્ટક	૨૬૬-૨૮૪
અષ્ટક : ૨૭	તીર્થકૃદ્દાનનિષ્ફલતાપરિહાર અષ્ટક	૨૮૫-૩૭૪
અષ્ટક : ૨૮	દોષાભાવ પ્રતિપાદન—અષ્ટક	૩૭૫-૩૯૯
અષ્ટક : ૨૯	સામાયિકસ્વરૂપનિરૂપણ—અષ્ટક	૪૦૦-૪૧૬
અષ્ટક : ૩૦	કેવળજ્ઞાન-અષ્ટક	૪૧૭-૪૩૩
અષ્ટક : ૩૧	તીર્થકૃદ્દેશના અષ્ટક	૪૩૪-૪૪૬
અષ્ટક : ૩૨	મોક્ષ-અષ્ટક	૪૪૭-૪૬૪

સંસ્થાકીય માહિતી માટે કૂર્મો છેલ્લો.....

કમલ પ્રકાશન ટ્રસ્ટ અંગેની તમામ માહિતી મેળવવા માટે આ પુસ્તકના છેડે આપેલું ટ્રસ્ટી મંડળનું નિવેદન નજરમાં લેવા વિનંતિ છે.

—ટ્રસ્ટી મંડળ

પ્રાસ્તાવિકમ્

સૂક્ષ્મનું પ્રચંડ બળ

તાકાત; ક્રોધની કેટલી ? અને મૌનની કેટલી ?

કાગળ; લખેલો કેટલો વંચાય ? અને કોરો કેટલો વંચાય ?

વક્તા બોલે કેટલું ? અને મૌની સંત બોલે કેટલું ?

વિશ્વના માનવોને બોલવામાં, દોડવામાં, ઘણું કામ કરવામાં સક્રિયતા દેખાય છે. જે બોલતો ન હોય; દોડાદોડ કરતો ન હોય; નિષ્ક્રિય બનીને બેસી રહેતો હોય એ નકામો–આળસુ–ગણાય છે.

અધ્યાત્મના સૂક્ષ્મ વિશ્વની સમજણ આથી સાવ જુદી છે. એ તો એમ માને છે કે ક્રોધ કરતાં ક્ષમાની; બોલવા કરતાં મૌનની; દોડાદોડ કરતાં ઈશ્વર–પ્રણિધાનની, લખેલા કાગળ કરતાં કોરા કાગળની તાકાત ઘણી વધુ છે. ક્રોધના આગ નીતરતા શબ્દોથી પિતા પોતાના પુત્રને કદી સુધારી શકતો નથી. પુત્રને જો સુધારી શકાશે તો બેઠા મૌનથી–હોઠ સદા માટે સીવી રાખવાથી જ સુધારી શકાશે.

'ધ હેરમીટ ઇન હીમાલયઝ' નામના પુસ્તકમાં, લેખક પોલ બ્રુન્ટોને એક વાકય લખ્યું છે–'સ્ટીલનેસ ઇઝ સ્ટ્રેન્થ'.

સ્થિરતા એ તાકાત છે; તાકાતની જનેતા છે. આ સિદ્ધાન્તને સાબિત કરતાં તેણે જણાવ્યું છે કે, "મોટમોટા મકાનો અને વડલા-ઓને ઊંચકીને પછાડી નાંખતા ભયાનક વંટોળિયામાં એટલી બધી તાકાત આવે છે કયાંથી ? એ તાકાતનું ઉત્પત્તિસ્થાન તે વંટોળના ઉદ્ગમસ્થાન ઉપરના નાનકડા જ બિંદુમાં છે. વાયુનું એ વર્તુળ કોરણની રેતીમાં સ્થિરપ્રાયઃ બનીને જે ચક્કર કાપે છે ત્યાં જ તેની પ્રચંડ તાકાત છે. ધીમે ધીમે એ તાકાત વિકસતી જાય છે; વાયુ વધુ ને વધુ વેગ પકડતો પકડતો અંતે ભયાનક વંટોળમાં ફેરવાઈ જાય છે.

"વંટોળની અંધાધૂંધ સક્રિયતાની જનેતા તો નાનકડા વાયુની સ્થિરતામાં જ પડેલી છે."

આ ઉપરથી સાબિત થાય છે કે સ્થૂલની તાકાત પણ સૂક્ષ્મમાં છે.

હાથી ગમે તેટલો સ્થૂલ હોય પણ તાકાત તો તેનાથી ઘણા સૂક્ષ્મ મહાવતમાં છે. મહાવત કરતાં ય વધુ તાકાત સૂક્ષ્મ અંકુશમાં છે; અંકુશ કરતાં ય વધુ તાકાત સૂક્ષ્મતમ બુદ્ધિમાં છે.

જેની પાસે સૂક્ષ્મનું સ્થિર બળ છે તેનું અસ્તિત્વ માત્ર પ્રચંડ સક્રિયતા ઉત્પન્ન કરે છે. ગગનમાં સૂર્યના અસ્તિત્વ માત્રથી ધરતીના અબજો લોકોમાં, અનંત કીટાણુઓમાં કેવી જોરદાર સક્રિયતા આવી જાય છે?

સ્થૂલનો જ સ્વામી મંચ ઉપર આવે; ઘૂમઘરાડા પાડે તો ય સભાજનો માંડ શાન્ત પડે. પણ કોઈ સૂક્ષ્મના સ્વામીને મંચ ઉપર લાવો. એ હાથ હલાવવા જેટલો જ સક્રિય થશે કે તરત સભાજનો શાન્ત થઈ જશે.

પણ કોઈ સૂક્ષ્મતમ બળના સ્વામીને મંચ ઉપર લાવો. એને તો હાથ હલાવવા જેટલી ય ક્રિયા નહિ કરવી પડે. મંચ ઉપરના એના અસ્તિત્વમાત્રથી સભાજનોમાં નિઃસ્તબ્ધ શાન્તિ છાઈ જશે.

આપણે જો જગતને જગાડવું હોય; મોહનિદ્રામાંથી બહાર કાઢવું હોય તો વધુ ને વધુ સ્થૂલ બળોનો આશ્રય લેવાનું બંધ કરવું જોઈએ. આ બળોથી વિજય પામવાની આપણી શ્રદ્ધાને આપણે ખતમ કરી દેવી જોઈએ.

તેવી સ્થિતિ ન આવે ત્યાં સુધી ભલે આપણે સ્થૂલ પરિબળોના આશ્રિત બનીએ પણ તેની સાથે સાથે જ સૂક્ષ્મબળોના ઉત્પાદન માટે નાનકડું પણ તંત્ર આપણે ગોઠવી જ દેવું જોઈએ.

ભલે ઉપદેશ દેવો પડે, લેખો લખવા પડે; ઘૂમઘરાડા પાડવા પડે....પણ જેવું તે કામ પત્યું કે તરત જ પરમાત્માની માતાની ગોદમાં જ ચાલ્યા જવાનું.

સ્થૂલમાંથી છૂટ્યા કે તરત જ અરિહંતના શરણમાં. સૂક્ષ્મતમ બળોના સર્જનની આરાધનામાં.

સ્થૂલમાં જ રાચીશું; સૂક્ષ્મને અવગણીશું તો મોત તો બગડવાનું હશે ત્યારે બગડશે પણ સ્થૂલ અંગેનું 'મિશન' પણ નિષ્ફળ જઈને જ રહેશે.

સૂક્ષ્મબળોના પ્રાગટ્ય તરફ દુર્લક્ષ સેવતા મહાત્માઓ ચાહે તેટલો સ્થૂલ અને સ્થૂલતમ પરિબળોનો પથારો ધરતી ઉપર પ્રસારી દે પણ અન્તે તો તેઓ પછડાટ જ ખાય છે. કોઈ અગમ્ય રીતે એમનું તંત્ર એકાએક ઊથલી પડે છે; તેઓ માર ખાઈ જાય છે.

આવી પછડાટ ખાવા પાછળ બાહ્ય જગતનું કોઈ પણ દેખીતું કારણ, એ તો માત્ર નિમિત્ત કારણ જ હોય છે. હકીકતમાં તો સૂક્ષ્મ-બળની ઓછાશ જ મુખ્ય કારણ હોય છે. પણ એ મહાનુભાવોને પણ કેટલીક વાર પછડાટ ખાધા પછી ય આ કારણ જડતું જ નથી એટલે પેલાં નિમિત્ત કારણો સાથે માથું ફોડવાના વધુ સ્થૂલતમ બળોના વિષચક્રમાં ફસાઈ પડવા જેટલી દયાપાત્ર દશા ઊભી થાય છે.

ત્રિલોકગુરુ પરમાત્મા મહાવીરદેવ ! વિશ્વમાત્રને મોક્ષમાર્ગે દોડતા –એકદમ સક્રિય–કરી દેવાની તીવ્રતમ કરુણાના સ્વામી હતા પણ જ્યારે વાઘા બદલ્યા ત્યારે વિશ્વમાં ઘૂમવાને બદલે તેઓ વનમાં ચાલ્યા ગયા. ખૂબ બોલવાને બદલે મૌન થઈ ગયા. દોડાદોડ કરવાને બદલે કાયોત્સર્ગમાં સ્થિર થઈ ગયા ! કેમકે પ્રભુને સૂક્ષ્મબળો જાગ્રત કરવા હતા. અને....જે દી એ બળો જાગ્રત થઈ ગયા તે દિવસથી માત્ર ત્રીસ વર્ષના ગાળામાં પરમાત્માએ કોડો માનવો, અબજો કલાકોમાં જે કામ ન કરી શકે તે કામ કર્યું....આજે ૨૫૦૦ વર્ષે પણ ત્રિલોકગુરુ પરમાત્માના એ સૂક્ષ્મતમ બળોનું જાગરણ જગતનું જાગરણ કરી જ રહ્યું છે; હજારો વર્ષો સુધી એ જાગરણ અવિરતપણે ચાલુ રહેશે.

આ છે; સૂક્ષ્મબળોના પ્રાગટ્યના પ્રતિભાવો.

સ્થૂળમાં જ જન્મેલા અને સ્થૂળમાં જ જીવતા આપણને સૂક્ષ્મનાં બળોની તાકાતમાં જો શ્રદ્ધા બેસી જાય તો સ્થૂલની પાછળ આપણી બરબાદ થતી ઘણી શક્તિઓ ઊગરી જાય. અને એ જ વિરાટ શક્તિઓ દ્વારા સૂક્ષ્મનું પ્રાગટ્ય કરીને વિશ્વમાત્રના કલ્યાણમાં આપણે અલ્પતમ હિસ્સો પણ નોંધાવી શકીએ.

પૂજ્યપાદ સૂરિપુરંદર આચાર્ય ભગવંત શ્રીમદ્ હરિભદ્રસૂરીશ્વરજી મહારાજાએ અષ્ટક-પ્રકરણના ૩૨ અષ્ટકોમાં એવા અનુપમ પદાર્થોને ગોઠવ્યા છે કે જેની વિચારણા કરતાં સ્થૂલનો સ્વામી પણ સૂક્ષ્મના બળોમાં જાણ્યે અજાણ્યે પણ તણાવા લાગે અને અન્તે એક વાર તો એ સૂક્ષ્મમાં પ્રવેશી જાય અને એનામાં સૂક્ષ્મ પ્રવેશી જાય.

વર્ત્તમાન વિશ્વના સર્વ જંતુઓ જ્યારે સર્વનાશની બાઈ તરફ ભેદી રીતે અને ભયાનક વેગથી ધસમસી રહ્યાં છે;

જ્યારે આ ભેદને અને એની ભયાનકતાને ઉઘાડી પાડનારો કોઈ રાહબર પણ શોધ્યો જડતો નથી ત્યારે સૂક્ષ્મના પ્રતિપાદક આવા ગ્રંથોનું મૂલ્ય ઘણું જ વધી જાય છે.

રાષ્ટ્રોનું હિત પ્રજાના બળથી થાય છે; પ્રજાનું બળ એની એકાન્તે મોક્ષલક્ષી સંસ્કૃતિના પાલનમાં જ સમાયેલું છે; એ સંસ્કૃતિનો આદર્શ ધર્મ છે; એ ધર્મનો પ્રાણ ધર્મશાસન (આજ્ઞા-ચક્ર) છે. અને એ શાસનનું કેન્દ્ર 'સ્વ' છે. અને સ્વનું સ્વત્વ, સત્ત્વ અને સત્ય સૂક્ષ્મના બળના આવિર્ભાવમાં છે. જ્યાં સુધી થોડા કે ઘણા-એક, બે, પાંચ કે પાંચસો સંખ્યાનો અહીં કોઈ સવાલ નથી—પોતાને સૂક્ષ્મનાં બળોનું ઉત્પાદક કેન્દ્ર નહિ બનાવે ત્યાં સુધી લાખો આત્માઓ-સ્થૂલના સ્વામીઓ વડે ધર્મશાસનને સમજી પણ નહિ શકે. શાસનને સમજ્યા અને પામ્યા વિનાના લાખો ધર્મો પણ નિરર્થક બની જશે. ધર્મ વિનાની સંસ્કૃતિ પણ નિરાધાર બની જશે અને સંસ્કૃતિવિહોણા ક્રોડો માનવો પણ ઢોર કરતાં ય બદતર જીવન જીવતા રહેશે. એવા માનવ-કુંગાવાશા ક્રોડો માનવો દ્વારા રાષ્ટ્રની ઉન્નતિ કે રાષ્ટ્રની રક્ષા સર્વથા અસંભવિત છે.

એટલે રાષ્ટ્ર, પ્રજા, સંસ્કૃતિ, ધર્મ અને શાસનને બે આપણે ગૌરવવંતા વ્યક્તિત્વનું પ્રદાન કરવું જ હોય તો 'સ્વ' ઉપર જ કામ કરવા લાગી જવું પડશે. 'સ્વ'ને સૂક્ષ્મનું ધમધમતું કેન્દ્ર બનાવવું પડશે. એવું એકાદ પણ કેન્દ્ર પોતાનાં આધ્યાત્મિક બળો અને પુણ્યના જંગી જીવંત જથ્થાઓ દ્વારા સર્વના કલ્યાણમાં પોતાનો ફાળો અર્પતું જ રહેશે. પછી એ સૂક્ષ્મનું કેન્દ્ર ગુફામાં કાં ન હોય! કોઈ જંગલમાં પણ કાં ન હોય! કોઈ ધર્મસ્થાનની ખૂણાની ઓરડીમાં પલાંઠી મારીને બેઠું જ કેમ ન હોય!

સર્વનાશની આંધી વચ્ચે પણ ભારત જીવતું હોય; તેની સંસ્કૃતિ કે તેના ધર્મો અને ધર્મશાસનો ગૌરવાન્વિત બની રહ્યા હોય તો તેનું કારણ ઉપદેશકો કે પ્રચારકો નથી; પ્રધાનો કે પંતપ્રધાનો નથી; શિક્ષિતો અને શ્રીમંતો પણ નથી... કિન્તુ સૂક્ષ્મના બળના ખૂણે-ખાંચરે પડેલા સ્વામીઓ જ છે! એમણે જ પાપોની ધીકતી ધરામાં કંપ અટકાવ્યા છે; એમણે જ માઝા મૂકવા તલપાપડ બનેલા સમંદરોને 'રુક જાવ'નો સાર્વભૌમ આદેશ આપ્યો છે. એમણે સૂરજ અને ચંદાના તૂટી પડીને આ ધરતીને ખાખ બનાવી દેવાના સંકલ્પોને સક્રિય બનતા સ્થગિત કર્યા છે!

પણ....સ્થૂલનાં પરિબળો એટલાં બધાં વકરીને વીફર્યાં છે કે એને ખાળવા માટે હજી વધુ બળવાન સૂક્ષ્મ-કેન્દ્રની તાતી જરૂર જણાય છે.

આ માટે જ મેં સૂક્ષ્મની ગંગોત્રી સમા અષ્ટક-પ્રકરણ ઉપર વિવેચના લખવાનું વિચાર્યું. પહેલા ચાર અષ્ટકોને 'વીર! મધુરી વાણી તારી'માં પ્રગટ કર્યા; પાંચથી વીસ સુધીના અષ્ટકની વિવેચનાને 'અપૂર્વ સ્વાધ્યાય'માં કંડારી, અને હવે એકવીસથી બત્રીસમાં અષ્ટક સુધીની બાકીની સંપૂર્ણ વિવેચનાને આ 'અગમ-વાણી'માં અંતરમાં ઉછળતા અહોભાવ સાથે પધરાવી રહ્યો છું.

મને વિશ્વાસ છે કે કયારેક પણ, ક્યાંક પણ કોક આત્મા તો 'સ્વ'ને સૂક્ષ્મનું કેન્દ્ર બનાવશે જ; અને જે દી... આ ધન્યતમ

જીવન-શ્લોકનો કોઈ ઉદ્‌ગાતા પાકશે ત્યારે સહુથી વધુ આનંદ કહાચ મને જ હશે; ભલે કહાચ....મરણની શય્યા ઉપર હું સૂતો હોઈશ....

હા....મૃત્યુની એ પળોમાં ધન્ય-અતિધન્ય મારે બનાવવી જ છે. જીવનકાળની પ્રત્યેક પળમાં ગર્જનાઓ કરાય તો ગર્જનાઓ કરીને, મૌનના ઝપાટા બોલાવાય તો તેવા ઝપાટા બોલાવીને—મારે જગતને—ખાસ કરીને તો યુવા-જગતને ઢંઢોળવું છે. અનેકોને સૂક્ષ્મના સ્વામી બનાવવા છે.

મારા મરણની પળો એ જ રીતે ધન્ય બની શકે તેમ છે; એ જ રીતે સમાધિસ્થ બની શકે તેમ છે માટે સ્તો....

જીવનની એ અંતિમ પળોમાં મરણશય્યા ઉપર સૂતેલા મારે સાંભળવા છે, રાજમાર્ગેથી પસાર થતાં વરઘોડામાં જોડાયેલા યુવાનોના મુખેથી નીકળતાં જિનશાસનના જયજયકારના ગગનભેદી ગંભીર નાદો.

એ દી મારે નિહાળવા છે; સેંકડોની સંખ્યામાં સ્વદ્રવ્યે જિનપૂજા કરતાં ભાવુકોથી ઊભરાઈ જતાં જિનમંદિરો....

એ દી મારે કાનેથી પીવા છે; સેંકડો ભક્તોના મુખેથી ઉલ્લાસભેર પ્રગટતા આરતિ, મંગળદીવાના મંગળ શબ્દો અને તાલબદ્ધ ધ્વનિરૂપે નીકળતા ઘંટારવો.

એ દી મારે જોવા છે; જ્ઞાન, ધ્યાન અને તપ, જપથી, ગુરુસેવા અને જિનાજ્ઞાપાલન સ્વરૂપ ભક્તિથી ઓળઘોળ બની ગયેલા જીવનના-સ્વામીઓ—સર્વાંગેથી જીવરાશિ પ્રત્યેની અપાર કરુણાના જલબિંદુ ટપકાવતા શ્રમણો અને શ્રમણીઓનાં વૃન્દોનાં વૃન્દો....શાસનનું રખોપું કરવા કયાંક જઈ રહેલા; છ'રી પાળતા સંઘોમાં જોડાયેલા, સ્વપરના હિતની ચિંતામાં એક રસ બનેલા...

મોત તો આવું જ ભેટવું છે; આવું કાંઈ જ એ પળે ય જોવા ન મળે તો કહાચ 'અસમાધિ'....શું કહું ?

ના...ના....મને વિશ્વાસ છે; વીતરાગ-શાસનના ભવ્યતમ ભાવીમાં..

કોક તો જાગશે જ; કોક યુગપુરુષ તો પાકશે જ; જે સૂક્ષ્મનો સ્વામી હશે. જેનો પ્રગટી ગયેલો દીપ લાખો બૂઝેલા દીપોને સ્પર્શ-માત્રથી પ્રગટાવતો હશે.

એક જ ભાવના છે.

આ અવનિમાં કોક માતા રત્નકુક્ષી બને.

કોક નરબંકો પાકે.

કોક અલગારી ઉત્કૃષ્ટ શ્રામણ્યનો સ્વામી બને...બસ; વિશ્વનું, રાષ્ટ્રોનું, નિખિલ પ્રજાઓનું મોક્ષલક્ષી સર્વ સંસ્કૃતિઓનું, સઘળા ધર્મોનું અને ધર્મશાસનનું એકાન્તિક અને આત્યન્તિક હિત સહુના લાડકવાયા કોક-શાસનરત્નના સૂક્ષ્મના પ્રચંડ બળના વિસ્ફોટમાં જ પડેલું છે.

પ્રગટો...પ્રગટો...શીઘ્રમેવ પ્રગટો...

સૂક્ષ્મના સ્વામી ઓ, યુગપુરુષ !

શીઘ્રમેવ પ્રગટ થાઓ ! આપના જીવનમાં જ વિશ્વનું જીવન છે.

जागर्तु कोऽपि वसुधावलयेऽनघ्रयः
सन्मार्गिकः प्रयतनं हि यदर्थमेतत्

વિ. સં. ૨૦૩૨
દશેરા.
નવસારી

લિ.
ગુરુપાદપદ્મરેણુ
મુનિ ચન્દ્રશેખરવિજય

કોઈ ભૂખ્યો આદમી એક જ ઘડાકે દૂધનો ગ્લાસ પી જાય..ના... તે રીતે આ પુસ્તક એક ઘડાકે વાંચશો મા ! એક જ બેઠકે વાંચી કાઢવાની લાયકાત ધરાવતું આ પુસ્તક નથી. એ રીતે વાંચી નાખવાથી કશો ય લાભ ન થાય.

કહેવાય છે કે દૂધને તો ચૂસી ચૂસીને પીવું ઘટે. હા....તો આ ગ્રંથને પણ એ જ રીતે....અંતરમાં ઘૂંટી ઘૂંટીને જ વાંચવો ઘટે.

રોજ વધુમાં વધુ દસ જ પાનાં વાંચજો....એક વાર નહિ, બે વાર નહિ; ઓછામાં ઓછા ત્રણ વાર. તમારા પરિવારને સંભળાવતા વાંચજો. ખૂબ મજા પડશે. જીવનના રૂપ અને રંગ—કદાચ—આખાને આખા બદલાઈ જશે.

કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી બહાર પડતાં પુસ્તકોનાં પ્રાપ્તિસ્થાનો:

❖

સોમચંદ ડી. શાહ
'સુકોષ' કાર્યાલય
જીવનનિવાસ સામે,
પાલિતાણા (સૌરાષ્ટ્ર)

❖

જૈન પ્રકાશન મંદિર
જશવંતલાલ ગિરધરલાલ
દોશીવાડાની પોળ, ઝાંપુપુર,
અમદાવાદ-૧.

❖

સેવંતીલાલ વી. જૈન
૨૦, મહાજનગલ્લી, પહેલે માળે,
ઝવેરી બજાર, મુંબઈ-૨.

❖

શ્રી સર્વોદય સાહિત્ય મંદિર
રેલવેસ્ટેશન, પ્લેટફોર્મ નં. ૧ ઉપર
અમદાવાદ-૧.

મુખ્ય ઓફિસ :
કમલ પ્રકાશન ટ્રસ્ટ
૫૦૮૨/૩, બીજે માળે,
યાંત્રિક ઇન્સ્ટિટ્યૂટ સામે,
રતનપોળના નાકે,
ગાંધીરોડ,
અમદાવાદ-૧.
Phone : 385723



પુણ્યવંતા મહાવિદેહક્ષેત્રના તપઃસ્વાધ્યાયનિરત, મહાસંયમી મુનિવરોના સાર્થમાંથી, ન જાણે ભૂલા પડીને વિખૂટા પડેલા આ ભરતક્ષેત્રમાં આવી ચડેલા આ છેઃ– સિદ્ધાન્તમહોદધિ; સુવિશુદ્ધસંયમમૂર્ત્તિ, વાત્સલ્યમહોદધિ કર્મશાસ્ત્રનિપુણમતિ સ્વ. આચાર્ય ભગવંત.....

શ્રીમદ્ પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબ

અગણિત ઉપકારોના ઋણભાર નીચે દબાએલા અમારા આપના ચરણોમાં કોટાનકોટિ વંદન.....

લિ. પ્રતાપરાય તથા પ્રવિણકુમાર દલીચંદ તથા
અ. સૌ. મધુકાન્તા પ્રતાપરાય તથા હસુમતિ પ્રવિણકુમાર
મુંબઈ

કમલ પ્રકાશન ટ્રસ્ટ અંગેની તમામ માહિતિ મેળવવા માટે આ પુસ્તકના છેડે આપેલું ટ્રસ્ટી મંડળનું નિવેદન નજરમાં લેવા નમ્ર વિનંતિ છે.

ટ્રસ્ટી મંડળ

રૂપિયા પાંચ હજારનું દાન કરીને ફોટો મુકાવો.

કમલ પ્રકાશન ટ્રસ્ટના પુસ્તક વિભાગમાં રૂ. પાંચ હજારનું દાન કરનાર દાતાનો નાનો ફોટો (માત્ર પુરૂષનો જ ફોટો) દરેક ભાવી (સિરીઝ સિવાયનાં) ગુજરાતી પ્રકાશનોમાં મુકાશે. આ ફોટા નીચે દાતાનું માત્ર નામ આવશે.

આજે જ આપનો ફોટો મુકાવો.

ધર્મવિચારે સૂક્ષ્મબુદ્ધ્યાશ્રયણ—અષ્ટક

[૨૧]

सूक्ष्मबुद्धया सदा ज्ञेयो धर्म्मो धर्म्मार्थिभि र्नरैः ।
अन्यथा धर्मबुद्धयैव तद्विघातः प्रसज्यते ॥१॥

સદ્ધર્મના અર્થી આત્માઓએ સૂક્ષ્મબુદ્ધિથી ધર્મનું જ્ઞાન પામવું જોઈએ; નહિ તો ધર્મબુદ્ધિથી કરાતા ધર્મ દ્વારા જ ધર્મનો વિઘાત થઈ જાય.

गृहीत्वा ग्लानभैषज्यप्रदानाभिग्रहं यथा ।
तदप्राप्तौ तदन्तेऽस्य शोकं समुपगच्छतः ॥२॥

ગ્લાન સાધુને ઔષધાદિ આપવાનો એક સાધુ અભિગ્રહ કરે. પછી કથારેક કોઈ સાધુ ગ્લાન ન થાય એટલે છેવટે તેનો શોક કરે કે હવે અભિગ્રહ પૂર્ણ શી રીતે થશે ?

गृहीतोऽभिग्रहः श्रेष्ठो ग्लानो जातो न च क्वचित् ।
अहो मेऽधन्यता कष्टं, न सिद्धमभिवाञ्छितम् ॥३॥

એ સ્થૂલબુદ્ધિ સાધુ વિચારે છે, "રે ! કેવો સુંદર અભિગ્રહ કર્યો ! અને આજે તો કોઈ સાધુ માંદો જ ન પડ્યો ! ખરેખર કેવું મારું દુર્ભાગ્ય કે આ કષ્ટ આવી પડ્યું ! મારું ઇષ્ટ સિદ્ધ ન થયું !"

एवं ह्येतत्समाधानं ग्लानभावाभिसन्धिमत् ।
साधूनां तत्त्वतो यत्तद् दुष्टं ज्ञेयं महात्मभिः ॥४॥

કોઈ સાધુ ગ્લાન થાય એવી તીવ્રેચ્છાવાળું આવું અભિગ્રહગ્રહણ સાધુ કરે તો વસ્તુતઃ તે દુષ્ટ જાણવું એમ મહાત્મા પુરુષો કહે છે.

लौकिकैरपि चैषोऽर्थो दृष्टः सूक्ष्मार्थदर्शिभिः ।
प्रकारान्तरतः कैश्चिद्यत एतदुदाहृतम् ॥५॥

વાલ્મિકી આદિ કેટલાક સૂક્ષ્મદૃષ્ટા-લૌકિક પુરુષોએ

પણ બીજી રીતે આ જ વાત કહી છે. કેમકે તેમણે પણ (રામાયણમાં) નીચે મુજબ કહ્યું છે.

अङ्गेष्वेव जरां यातु यत्त्वयोपकृतं मम ।
नरः प्रत्युपकाराय विपत्सु लभते फलम् ॥६॥

સુગ્રીવ રામચન્દ્રજીને કહે છે કે, "આપે મારા ઉપર (વાલી પાસેથી મારી પત્ની તારા પાછી મેળવી આપીને) ઉપકાર કર્યો છે, માટે હું ઇચ્છું છું કે મારા શરીરમાં વૃદ્ધત્વ આવી જાઓ. (જેથી હું જલદી મૃત્યુ પામું.) કેમકે ઉપકારી માણસ જ્યારે વિપત્તિમાં આવી પડે ત્યારે જ તેની ઉપર ઉપકૃત માણસ બદલો વાળવા માટે ઉપકાર કરી શકે છે. આમ ઉપકારી માણસને ઉપકારનું ફળ વિપત્કાળમાં જ મળે છે. (હું જીવતો રહીશ તો તમે વિપત્તિ પામો એવું– બદલો વાળવા માટે–ઇચ્છવા કરીશ; માટે મારે જીવવું જ નથી.)

एवं विरुद्धदानादौ हीनोत्तमगतेः सदा ।
प्रव्रज्यादिविधाने च शास्त्रोक्तन्यायबाधिते ॥७॥
द्रव्यादिभेदतो ज्ञेयो धर्मव्याघात एव हि ।
सम्यग्माध्यस्थ्यमालम्ब्य श्रुतधर्मव्यपेक्षया ॥८॥

હીન વ્યક્તિને ઉત્તમ માનીને દ્રવ્યાદિ ૪ ભાવોથી શાસ્ત્રવિરુદ્ધ દાનાદિ કરવામાં તથા શાસ્ત્રબાધિત પ્રવ્રજ્યાદિ આપવામાં પણ ધર્મનો વ્યાઘાત સમજવો.

આ વાત માધ્યસ્થ્ય ધારણ કરીને શાસ્ત્રસાપેક્ષ રીતે વિચારવી.

વિવેચના

હવે આપણે એકવીસમા અષ્ટકની વિવેચનામાં પ્રવેશ કરીએ છીએ.

વીતી ગયેલાં વીસ અષ્ટકો સીધી રીતે કુતીર્થિકોને અનુલક્ષીને હતા; પરંતુ આપણે તો એમાંથી આપણી જાતને અનુલક્ષીને પણ ઘણું ઘણું વિચારી ગયા.

હવે પછીનાં અષ્ટકોનું લક્ષ તો સીધી રીતે પણ આપણે જ બનીશું.

છેલ્લાં કેટલાંક અષ્ટકોમાં આપણે જોયું કે માંસભક્ષણ, કે મૈથુનાદિ મહાપાપની પ્રવૃત્તિઓમાં પણ કુતીર્થિકોએ પોતાની સ્થૂલબુદ્ધિના કારણે ધર્મ કહી દીધો.

ધર્મ કરવા માટે હેવાન ન ચાલે, સ્થૂલબુદ્ધિવાળો ઇન્સાન પણ ન ચાલે. જેણે ભગવાન બનવું હોય તેણે ઇન્સાન બન્યે જ છૂટકો.... અને તે ય સૂક્ષ્મબુદ્ધિવાળો ઇન્સાન.

હેવાનમાંથી ઇન્સાન બનેલો જો સૂક્ષ્મબુદ્ધિ ન પામે તો સંભવ છે કે એની સ્થૂલબુદ્ધિ એને ઇન્સાન મટાડી દઈને ફરી હેવાન બનાવી જ દે.

સાચી ઇન્સાનિયત એ સાતમા ગુણસ્થાનના અપ્રમત્તભાવ જેવી બહુ જ ક્ષણિક સ્થિતિ છે. સાતમા ગુણસ્થાને આવી ઊભેલો આત્મા જો ઉપરના ગુણસ્થાનની શ્રેણિ ન માંડી દે તો એને નીચે–છઠ્ઠે ગુણસ્થાને જેમ આવી ગયે જ છૂટકો છે તેવું જ આ ઇન્સાનિયતનું છે.

ઇન્સાન કાં તો ભગવાન બને....ભગવાન ન બને તો એને હેવાન બની ગયે જ છૂટકો.

જે ઇન્સાન સ્થૂલબુદ્ધિ હોય અને વળી પાછો સૂક્ષ્મબુદ્ધિના સ્વામીના શરણે ન હોય તો સ્થૂલબુદ્ધિથી એ જે કાંઈ ધર્મ કરે એમાં એ માર ખાઈને પાછો પડે એ જ ખૂબ સંભવિત છે.

ધર્મબુદ્ધિથી જ ધર્મનો વિઘાત થઈ જાય. એટલે કાં તો સૂક્ષ્મદૃષ્ટા બનો, છેવટે સૂક્ષ્મદૃષ્ટાને શરણે રહો.

ધર્મ પામવા માટે આ સિવાય ત્રીજો કોઈ જ માર્ગ નથી.

ધર્મ સ્વયં એટલો સૂક્ષ્મ છે કે એને જાણવા-સમજવા-પામવા માટે સૂક્ષ્મબુદ્ધિ જ ચાલી શકે. આ વાતને જરા વધુ સ્પષ્ટ કરીએ.

ધર્મ સમજવા માટે સૂક્ષ્મબુદ્ધિની અનિવાર્યતા

વસ્તુતઃ ધર્મ-અધર્મ તો આત્માના પરિણામ ઉપર જ અવલંબે છે. બાહ્ય ક્રિયાકાંડનો ધર્મ પણ એટલા માટે જ ઉપયોગી છે કે તે અભ્યન્તર શુભ પરિણામને ઉત્પન્ન કરવાનું પ્રચંડ સામર્થ્ય ધરાવે છે. એ જ રીતે બાહ્ય અશુભ ક્રિયાઓ પણ એટલા માટે જ ત્યાજ્ય હોય છે કે તેનામાં અભ્યન્તર અશુભ પરિણામોને જગાડી દેવા જોગી તામસી આગ પ્રજ્વળતી હોય છે.

જો બાહ્ય ધર્મોની પાછળ અભ્યન્તર શુભ પરિણામપ્રાપ્તિનું અને અશુભ પરિણામ-નિવૃત્તિનું લક્ષ જ ન હોય તો તેવા બાહ્ય ધર્મો તે ફળો કદાપિ આપી શકતા નથી. ઊલટું જેમ અધર્મની બાહ્ય પ્રવૃત્તિ આત્માને વધુ મલિન કરનારી બને છે તેમ ધર્મની પણ બાહ્ય પ્રવૃત્તિ આત્માને વધુ દૂષિત કરવામાં જ અન્તે પરિણમી જતી હોય છે.

આ જ જબરદસ્ત ગૂંચ છે.

આ જ કારણે સૂક્ષ્મબુદ્ધિની અનિવાર્ય આવશ્યકતા ઊભી થાય છે.

માણસ એમ માનતો રહે કે હું ધર્મ કરી રહ્યો છું અને હકીકતમાં તો એ ધર્મનું એનું ભોજન અજીર્ણ જ ઉત્પન્ન કરતું રહે તો એનું થાય શું ?

જિંદગીના છેડે આવી જાય તો ય એને ખબર ન પડે કે ધર્મ-બુદ્ધિથી મેં જે ધર્મ કર્યો છે એ અસલમાં તો અધર્મના જ ફળની નીપજ કરવાનું કામ કરી રહ્યો છે.

આમ, ધર્મબુદ્ધિથી કરાતા ધર્મ દ્વારા ઘણી વાર ધર્મનો જ વિઘાત થઈ જતો હોય છે.

આથી જ જેમ અધર્મે અનંતા જીવોના માથે ભયંકર સંસાર

ઊંડી દીધો તેમ સ્થૂલધર્મબુદ્ધિથી કરાતા ધર્મે પણ અનંત આત્માઓનો ભોગ લઈ લીધો.

સંસારી જીવો એક એવી સાંકડી પર્વતધાર ઉપર છે જેની બે ય બાજું મોં ફાડીને પતનની અગાધ ખીણ પડી છે.

બે છેડે બે ભયાનક ખીણ

એકનું નામ છે મહા અજ્ઞાન....બીજાનું નામ છે; જાડું ધર્મજ્ઞાન.

પહેલી ખીણે આજ સુધીમાં અનંત આત્માઓને પાપાત્મા દેખાડીને તેમનો કોળિયો કર્યો છે.

બીજી ખીણે અનંત આત્માઓને ધર્માત્મા દેખાડીને તેમનો ભોગ લીધો છે.

પર્વતની એ વસમી વાટે તો તે જ આત્માઓ હેમખેમ પાર ઊતરી ગયા છે જેઓ સૂક્ષ્મબુદ્ધિના હતા અથવા તો સૂક્ષ્મબુદ્ધિ–સ્વામીના અનન્ય સેવક હતા.

પાપાત્માઓની દુનિયાનો અત્યારે આપણે વિચાર કરવો નથી. એમની તો હાલ કરુણા જ ચિંતવીશું.

અહીં તો આપણે તે ધર્માત્માઓના જીવનને નજર સામે રાખીશું; જેઓ સ્થૂલબુદ્ધિથી કોઈ પ્રવૃત્તિ ધર્મ માનીને કરતાં રહે છે અને હકીકતમાં એ ધર્મનું મૂળ સ્વરૂપ અધર્મનું જ બીજ બની રહેતું હોય છે. [૧]

આ વિષયને સ્પષ્ટ કરવા માટે આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજ એક સાધુનું દૃષ્ટાન્ત આપે છે.

જડ વૈયાવચ્ચ ઉપર સાધુનું દૃષ્ટાન્ત

એક સાધુ હતા. તેમણે પ્રતિજ્ઞા કરી હતી કે "મારે રોજ ગ્લાન સાધુની સેવા કરવી."

વિશાળ ગચ્છ હતો. કોઈ ને કોઈ સાધુ ગ્લાન પણ રહેતા હતા, એટલે એ સાધુ ગ્લાનમુનિની સેવા કરીને અભિગ્રહ પૂર્ણ કર્યાનો સંતોષ માણતા હતા.

પણ એક એવો દિવસ આવ્યો જ્યારે આખા ય ગચ્છમાં કોઈ પણ સાધુ ગ્લાનાવસ્થામાં જોવા ન મળ્યા.

હવે શું કરવું ? અભિગ્રહધારી સાધુ મોટી ચિંતામાં ફસડાઈ પડ્યા. "ગ્લાનની સેવા આજે નહિ જ મળે શું ?" તો મારા અભિગ્રહનું શું થશે ? રે ! કોઈ સાધુની તબિયત બગડી જાય તો સારું; જેથી હું તેમની સેવા કરીને મારો અભિગ્રહ પૂર્ણ કરી લઉં."

દિવસ ચડતો ગયો. અભિગ્રહધારી સાધુની અકળામણ વધતી ચાલી. 'શું કોઈ પણ સાધુની તબિયત ન બગડવાથી મારો અભિગ્રહ પૂર્ણ નહિ થાય ! ! ! અહા ! કેવું મારું મંદભાગ્ય !'

'અરરર ! મારું ઇષ્ટ સિદ્ધ નહિ જ થાય !' (૨, ૩)

સાધુએ તો આખી રાત બળાપામાં કાઢી ! કોઈ સાધુ માંદા ન પડ્યાનો રંજ રહી ગયો !

આવા સાધુને સ્થૂલબુદ્ધિવાળા કહેવાય. ગ્લાનની સેવા કરવાનો ધર્મ સુંદર હતો પરંતુ સાધુની બુદ્ધિ ઘણી સ્થૂલ હતી; માટે એ ધર્મપૂર્તિ કરવા માટે કોઈ માંદો પડે એવી ઇચ્છા રાખ્યા કરતા હતા.

આવી ઇચ્છાથી કોઈ ગ્લાનત્વ પામે તેવો આગ્રહ રાખવો એ દુષ્ટ આશય ગણાય. આવા આશયથી કરાતો ગ્લાનસેવાનો ધર્મ ભલે ધર્મબુદ્ધિથી થતો હોય પણ તેનાથી ધર્મનો નાશ જ થાય. એવા ગ્લાનસેવાના ધર્મથી પણ અશુભકર્મનો જ બન્ધ થાય.

આવી બીજી પણ એક વાત વિચારી શકાય. શાસ્ત્રમાં કહ્યું છે કે, સંસારતારક ગુરુનો ઉપકાર કોઈ રીતે વાળી શકાય નહિ. શિષ્ય પોતાના શરીરની ચામડી ઉતારીને તેનાં પગરખાં બનાવીને ગુરુને પહેરાવે, તેમનો આજીવન વફાદાર સેવક બની જાય તો ય જનમ–જનમના ઉપકારી ગુરુનો ઉપકાર વાળી શકાય નહિ. પણ હા, એક ઉપાય કહ્યો છે; ઉપકાર વાળવાનો.

જો ગુરુ પોતે જ કર્મવશાત્ ધર્મમાર્ગથી સ્ખલિત થઈ જાય તો તે વખતે શિષ્ય તેમને સમજાવીને ફરી પાછા ધર્મમાર્ગે ચડાવી દે તો જરૂર શિષ્યે ગુરુનો ઉપકાર વાળ્યો કહેવાય.

આવું જાણીને જો કોઈ શિષ્ય સદા ઇચ્છતો રહે કે, 'કયારેક પણ મારા ગુરુનું પતન થઈ જાય તો બહુ સુંદર ! કેમ કે પછી હું એમને માર્ગે લાવી દઈને મારા ઉપર થયેલા ઉપકારનો બદલો વાળી શકું. જો ગુરુનું પતન નહિ જ થાય તો મારે ઉપકારનો બદલો વાળવાનું અશકય થઈ જશે.'

કેવો ભયંકર વિચાર છે ! ઉપકારનો બદલો વાળવા માટેની ધર્મબુદ્ધિ કેટલી જડી છે કે જે ગુરુના પતનની જ સદા ભાવના કરાવતી રહે છે !

આવા ઉપકારનો બદલો વાળવાની ધર્મબુદ્ધિથી ધર્મ તો ન જ થાય પણ ધર્મનો વ્યાઘાત થઈ જાય.

માત્ર શુભાશય ન ચાલે

પ્રશ્ન : પણ ધર્મની બુદ્ધિથી જ સઘળી વિચારણા છે ને ? ત્યાં આશય તો સુંદર જ છે ને ? પછી ધર્મવ્યાઘાત કયાં રહ્યો ?

ઉત્તર : આશય સારો હોવા માત્રથી પ્રવૃત્તિ સારી જ બની જાય, ફળ સુંદર જ આવી જાય એવો એકાન્ત નથી. આ વાત ભગવાન હરિભદ્રસૂરિજીએ ઉપદેશપદ ગ્રન્થમાં સ્પષ્ટ રીતે જણાવી છે.

જીવવાના સુંદર આશય સાથે પણ જો ઝેર ખાવામાં આવે તો ય મરવું જ પડે; તેથી જીવી શકાય જ નહિ.

ડાલડાને શુદ્ધ ઘી માનીને ખાવામાં આવે તો તેથી કાંઈ શરીરમાં લોહીનો ભરાવો થઈ ન જાય.

માત્ર શુભ આશયનો વિચાર કરનારા અને પ્રવૃત્તિના શુભ પરિણામનો વિચાર નહિ કરનારા લોકોને ધર્મનું સુકાન સોંપી શકાય નહિ.

વર્તમાનકાળમાં તો એવી ઘણી ધર્મ પ્રવૃત્તિઓ ફાલીફુલી છે જેનો આરંભ શુભાશયથી જ કરવામાં આવ્યો હતો છતાં પરિણામ વધુ ને વધુ ખરાબ આવતું જોવા મળ્યું છે.

દેખીતી રીતે સારી પ્રવૃત્તિ જો અનુબંધમાં સારી ન રહે તો તે પ્રવૃત્તિને વસ્તુતઃ સારી કહેવાય જ નહિ. એથી ઊલટું, દેખીતી રીતે ખરાબ પ્રવૃત્તિ પણ જો અનુબંધમાં શુભ પરિણામ લાવી દેતી હોય તો વસ્તુતઃ તેને ખરાબ પ્રવૃત્તિ જ ન કહેવાય. આ વિચારણા જિન-પૂજાની સ્વરૂપ હિંસાના પ્રસંગમાં આપણે પૂર્વે કરી ગયા છીએ; માટે અહીં તે વાતોને ફરી નહિ વિસ્તારીએ.

અનુબંધ સુંદર જ જોઈએ

આપણે અહીં એટલું જ સમજી રાખીએ કે અનુબંધમાં જે સુંદર હોય તે પ્રવૃત્તિ જ સુંદર કહેવાય અને અનુબંધમાં જે અસુંદર હોય તે પ્રવૃત્તિ અસુંદર જ કહેવાય.

પણ માત્ર આશય સારો હોવાથી પ્રવૃત્તિ સારી બની ન જાય.

સ્થૂલબુદ્ધિ જીવોની બુદ્ધિની સ્થૂલતાના કારણે જ તેઓ અનુબંધના વિચાર સુધી પહોંચી શકતા નથી અને તેથી જ પોતાનો આશય સારો છે એટલું જ જાણીને દેખીતી ધર્મની પ્રવૃત્તિમાં ઝંપલાવી દે છે. પુણ્યના પ્રભાવવાળા સ્થૂલબુદ્ધિ લોકો જ્યારે આવું કાંઇક કરે છે ત્યારે એમણે પાડેલ ધર્મની કેડીએ બીજા ઘણા લોકો ચાલે છે, અને લોકોથી ખુંદાઈ ગયેલી એ કેડી ચીલો બનીને છેવટે તો ઘોરી માર્ગ બની રહે છે.

વસ્તુતઃ જે ધર્મ જ નથી એને ધર્મનો ઘોરી માર્ગ બનાવી દેવામાં કેટકેટલા આત્માઓની હત્યા થઈ જતી હશે એનો કોણ વિચાર કરશે ?

આ બધી વાતનો સાર એટલો જ છે કે ધર્મની બાબતમાં સ્થૂલબુદ્ધિ બિલકુલ ચાલી શકે નહિ. ધર્મ કરનારાઓ એમનું સ્થૂલબુદ્ધિત્વ આગળ ધરીને, આશયની શુદ્ધિ જણાવીને નિર્દોષ છૂટી શકતા નથી. ઊલટું સ્થૂલબુદ્ધિપૂર્વકનો એ ધર્મ જ એમના આત્માનું કારમું નુકસાન કરે છે. જો તે પુણ્યાત્મા હોય તો બીજા અનેકોને એવા ધર્મની પાછળ દોરીને ભવચક્રમાં ભમાવવાનું ક્રૂર પાપ કરી બેસે છે.

તાત્પર્ય એટલું જ છે કે ધર્મ સૂક્ષ્મબુદ્ધિથી જ સાધ્ય છે.

સ્થૂલબુદ્ધિ લોકો માટે ધર્મ પણ પાપની જેમ પરંપરયા નુકસાન કરનારો બને છે.

જડતા ઉપર એક ડોશીમાનું દૃષ્ટાંત એક કથા આવે છે. એ હતા, ડોશીમા. પ્રાણીઓને પાણી પાવાનો એમને ભારે શોખ. કૂવેથી પાણીની બે ચાર ડોલ બેંચીને ભેગાં થઈ ગયેલાં પ્રાણીઓને પાણી પાય પછી જ પોતાના ઘર માટે પાણી બેંચીને બેડું ભરીને લઈ જાય. ડોશીને આવા જીવદયાના ધર્મમાં ખૂબ આનંદ આવતો.

એક દિવસ એવું બન્યું કે માજી સાંજના સમયે ઘણાં મોડાં પાણી ભરવા આવ્યાં. લગભગ અંધારું થઈ ચૂક્યું હતું. ઝટ ઝટ પાણી બેંચીને બેડું ભરી લીધું. ત્યાં ગાયનું એક નાનું બચ્ચું દોડતું આવ્યું.

માજી મુંઝાઈ ગયાં.

એક બાજુ અંધારું થઈ જવાનો ભય ડોકા દેતો હતો.

બીજી બાજુ જીવદયાનો ધર્મ બજાવવો હતો.

પણ એકદમ જોરથી હાંફી રહેલા વાછડાને પાણી પાઈ દેવામાં ય કેટલું જોખમ! કદાચ તરત જ મરી જાય તો?

તો હવે કરવું શું? શાન્તિથી પાણી પાવા માટે માજી ત્યાં જ ઊભા રહે તો અંધારું થઈ જાય તેમ નિશ્ચિત દેખાતું હતું. માજી ચાલ્યા જાય તો વાછડું તરસ્યું રહી જતું હતું.

પળવારમાં જ માજીને એક વિચાર સ્ફુર્યો! તે બબડવા લાગ્યા, "વાછડાને દોરીથી બાંધીને કૂવામાં જ ઠેઠ નીચેના પગથિયે ઉતારી દઉં તો કેમ? એની હાંફ મટી જશે એટલે શાન્તિથી પાણી પીશે અને હું હમણાં જ અજવાળે અજવાળે ઘર ભેગી થઈ જઈશ.

બસ....પછી તો માજીએ વાછડાને બાંધ્યું. મોટેથી ચીસો પાડવા છતાં એને કૂવામાં ઉતારી દીધું.

આવી પડેલા ધર્મસંકટમાંથી માર્ગ કાઢ્યાનું ગૌરવ લેતા માજી ઝપાટાબંધ ઘરભણી ચાલવા લાગ્યા.

જોયો ને; સ્થુલબુદ્ધિનો ધર્મ !

ધર્મ કરવા છતાં ધર્મનો જ વિઘાત થાય ! વાછડાને પાણી પાવાનો ધર્મ કરવા માટે કૂવામાં ઉતાર્યું; પણ ભયનું માર્યું વાછડું ત્યાં જ મરી જશે તેનો વિચારસુધ્ધાં ન આવ્યો !

હવે આ જ વિચારણાના પ્રસંગમાં થોડાક આગળ વધીને સાંપ્રત પ્રશ્નોનો વિચાર કરીએ. અત્યારે આંખ સામે એવા બે મોટા મુદ્દા ઉપસ્થિત થાય છે જેને સ્થુલબુદ્ધિથી વિચારતાં ધર્મ લાગે. ધર્મબુદ્ધિથી એ ધર્મનું આચરણ થાય. પણ અનુબંધ દૃષ્ટિસ્વરૂપ સૂક્ષ્મબુદ્ધિનો આશ્રય લઈએ ત્યારે એમ જ લાગે કે આ સ્થુલબુદ્ધિનો ધર્મ ખરેખર ધર્મવિઘાત જ કરવાનું કામ કરે છે.

આવા બે મુદ્દા આ છે :

(૧) સાધુ માઇકમાં બોલી શકે કે નહિ ?

(૨) સાધ્વી પુરુષોની સામે સભામાં વ્યાખ્યાન કરી શકે કે નહિ ?

આપણે બે ય મુદ્દા ઉપર શાસ્ત્ર અને દ્રવ્યાદિભાવોને નજરમાં રાખીને વિચારીએ.

સાધુ મહારાજ 'માઇક'માં બોલી શકે કે નહિ ?

ધીમે ધીમે આ પ્રશ્ન ગંભીર બની જશે અને અન્તે 'માઇક'નો ઉપયોગ સાર્વત્રિક બની જશે એવો ભય સતત ડોકાઈ રહ્યો છે.

આ પ્રશ્નનો હકારમાં ઉત્તર આપનારા બિરાદરોનું મંતવ્ય કાંઇક આવું છે :

"વસતિ બેફામ રીતે વધી છે. ડાલડા ઘી ખાતા સાધુઓનું ગળું પહેલાં કરતાં વધુ બેઠું છે. હજારો લોકોને ધર્મ પમાડવો હોય તો 'માઇક'નું માધ્યમ સ્વીકારવું જ રહ્યું. જનેતર ધર્મના અગ્રણી

સંતો સ્વધર્મનો પ્રચાર માઇક વડે કરી રહ્યા છે. લાખો કાનોમાં ધર્મસંદેશ પહોંચાડી રહ્યા છે.

બીજી બાજુ નેતાઓ માઇકો દ્વારા લોકોને સત્તાલોલુપી બનવાનો પાઠ શીખવી રહ્યા છે, અભિનેતાઓ એ જ માઇકો દ્વારા ભોગલાલસાના પાઠ ભણાવી રહ્યા છે; સાહિત્યપ્રેમીઓ ધર્મક્રાન્તિની વાતો માઇકો દ્વારા કરી રહ્યા છે.

પ્રેસ અને પ્લેટફોર્મનો આ જમાનો છે. આ બેય સાદ્ધનો દ્વારા જમાનો ઝડપભેર આગળ વધી રહ્યો છે.

જો જૈન ધર્મના અગ્રણી સંતોએ જગતને સ્વધર્મના રાહે ચડાવવું જ હોય, એમના અંતરની 'સવિજીવ કરું શાસનરસી'ની ભાવનાને સાચે જ મૂર્ત બનાવવી હોય, નેતા–અભિનેતા અને સાહિત્યકારોએ રેડેલા અનેક જાતનાં ઝેરને ઓકાવી જ નાંખવા હોય તો તેમણે ચાર દીવાલમાં બેસી રહ્યે નહિ ચાલી શકે.

જે માઇક વડે અધર્મનો પ્રચાર થયો છે એ માઇક વડે જ તેઓ ધર્મપ્રચાર કરશે તો જ લાખો લોકોના કાન સુધી સાચી વાત પહોંચી શકશે. રૂઢિચુસ્તતાની પણ કોઈ હદ હોય. સમયના પલટા સાથે જો ધર્મને મૂળ સ્વરૂપમાં કાયમ રાખીને એનું ખોખું અદ્યતન પ્રકારનું સર્જવામાં નહિ આવે તો જૈન ધર્મ એક ખૂણામાં જ ગોંધાઈ જઈને નાશ પામી જશે."

હવે પૂર્વપક્ષની આ દલીલોની સામે જે વિચારણા છે તે અહીં જોઈએ.

જિનશાસનમાં સ્વ-હિતને પ્રાધાન્ય સૌથી પ્રથમ અને અત્યન્ત મહત્ત્વની વાત તો આપણે એ જ સમજી લેવી પડશે કે ભગવાન જિનેશ્વરદેવોનું શાસન મુખ્યત્વે સ્વહિતને જ પ્રાધાન્ય આપે છે. સ્વહિતની સાધનાનો ધર્મ અત્યન્ત કઠોર છે. પરંતુ એ કઠોરતમ ધર્મની આરાધના કર્યે જ છૂટકો છે કેમ કે એ વિના આત્મા મુક્તિપદ પામી શકે તેમ નથી.

ઉપાધ્યાયજી ભગવંતે કહ્યું છે, " ખાવત પીવત મોક્ષ જે માનત, તે શિરદાર બહુ જટમાં. "

ધર્મ સ્વશક્તિથી કરવાનો, સગવડથી નહિ. પ્રતિકૂળતાઓ વેઠીને પણ સ્વહિતની આરાધનાને આરાધવાની....અનુકૂળતાનું અર્થિત્વ પણ નહિ રાખવાનું.

આ છે; જિનશાસનનો પ્રાણ વિચાર. સ્વહિતને જ પ્રધાનપણે આરાધો.

કઠોરતમ સાધનાથી જરાય કાયર ન બનો.

હવે અહીં એક પ્રશ્ન થાય છે કે શું પરહિતની આરાધના અવગણવી ? નહિ કરવી ? પરહિત કરવા માટે જ પરાર્થરસિક આત્માનું જીવન નથી ?

આનો ઉત્તર એ છે કે સ્વહિતની આરાધના સાથે પરહિતની અવગણના કરવાની જિનાગમોમાં કયાં ય વાત આવતી નથી.

પરહિતકરણ ન સેવવું એવું પણ કયાં ય કહ્યું નથી.

પરાર્થરસિક આત્માનું જીવન પરહિતકરણપ્રધાન ન જ બનવું જોઈએ એવો ય કોઈ પાઠ મળતો નથી.

મૂળ વાત એ છે કે ભગવાન જિનેશ્વરદેવોએ સ્વહિતકરણની જે સાધના બતાવી છે તેનાં બે સ્વરૂપ છે—એક છે; નકારાત્મક (Negative) અને બીજું છે; હકારાત્મક (Positive).

પરનું અહિત ન કરવું એ સ્વહિતકરણની નિષેધમુખી વ્યાખ્યા છે.

સ્વનું હિત કરવું એ સ્વહિતકરણની વિધિમુખી વ્યાખ્યા છે.

સ્વહિતકરણની એ બે ય વ્યાખ્યાઓ ખૂબ જ સક્રિય છે, એટલું જ નહિ પણ સંપૂર્ણપણે સક્રિય છે.

માત્ર ભાવનાના વિષયમાં પુરાઈ જતી આમાંની એક પણ વ્યાખ્યા નથી.

જે આત્માઓ શાસ્ત્રોક્ત રીતે સ્વહિતકરણ કરે છે, તેઓ પરનું અહિત-અકરણ સક્રિય રીતે જીવનમાં અમલી બનાવે છે.

અહિંસાદિ મહાવ્રતોનું પાલન સ્વહિત માટે ભલે હોય પરંતુ એના પાલનમાં જ એવી ખૂબી છે કે તેનાથી પરનું અહિત-અકરણ એકદમ સક્રિય બની જાય છે.

સ્વહિત માટે કીડીની રક્ષા કરતો આત્મા શું એ કીડીના પ્રાણ-ત્યાગના અહિતનું અકરણ પણ નથી કરી દેતો ?

સ્વહિત માટે જૂઠ ન બોલનારો, જૂઠ બોલવાથી સંભવિત પરનાં મનદુઃખાદિ અહિતનું અકરણ જીવંત નથી બનાવી દેતો ?

પાંચે ય મહાવ્રતો અને રાત્રિભોજન વિરમણ આદિ ઉત્તરવ્રતો-બધા ય-ની રે ! નાનામાં નાના કોઈ તપ, જપ કે વ્રત ધર્મની સ્વહિતમુખી આરાધના સહજ રીતે જ પરઅહિત-અકરણની આરાધનામાં રૂપાન્તરિત થઈ જાય છે.

વસ્તુતઃ આ જ શક્ય બાજુ છે. સઘળા ય પરના હિતકરણની તો ભાવના જ હોઈ શકે કેમ કે સર્વ પર જીવોનું સંપૂર્ણ હિત કરવાની તાકાત તીર્થંકરદેવોમાં હોવા છતાં એને અમલી બનાવી શકાય નથી, કેમ કે એ તાકાતની સાથે સાથે પરજીવોના તથાભવ્યત્વાદિ ભાવો પણ પરહિત-કરણ માટે અપેક્ષિત રહે છે. એટલે સર્વ-પરકીય જીવોનું હિત સક્રિય તો બનાવી શકાતું જ નથી. હા, સર્વના હિતકરણની ભાવના જરૂર હોઈ શકે છે. પરંતુ આ ભાવનાનું અમલીકરણ તો માત્ર પરજીવોના અહિત-અકરણ રૂપે જ ચરિતાર્થ થઈ શકે છે.

સ્વહિતમાં પરહિત એક આત્મા સ્વહિતની સાધના કરતો કરતો જ્યારે મુક્તિપદ પામે છે ત્યારે સ્વહિતકરણની ટોચને આંબી જાય છે; તેમ સાથે સાથે પર-અહિત-અકરણની ટોચને પણ આંબી જાય છે. મુક્તિપદને પામેલો આત્મા જો સ્વહિતકરણ દ્વારા મુક્તિપદ પામ્યો ન હોત તો ? તો હજી કદાચ બીજા અનંતકાળ માટે અનંતાનંત વનસ્પત્યાદિ

જીવોનો કચ્ચરઘાણ બોલાવતો રહીને સર્વનું અહિતકરણ કરતો જ રહ્યો હોત !

હવે એ મુક્તિપદ પામ્યો છે માટે પ્રત્યેક જીવના અનંતી વાર થનારા સ્વનિમિત્તક અહિતકરણથી એ મુક્ત થઈ ગયો. એણે હવે સર્વને સ્વનિમિત્તક સર્વ દુઃખથી–સર્વ અહિતથી—મુક્ત કરી દીધા !

બેશક, મુક્તાત્મા મુક્ત બનીને જેમ સ્વને સંપૂર્ણ સુખી કરી દે છે તેમ સર્વજીવોને સંપૂર્ણ સુખી તો કરી શકયો જ નથી. પરંતુ એ મુક્તાત્મા સ્વયં સંપૂર્ણ સુખી થવાની સાથે જ સર્વને સ્વનિમિત્તક સર્વસંભવિત દુઃખોથી સંપૂર્ણપણે મુક્ત કરી જ દે છે.

આમ, મુક્તિ એટલે સ્વના સંપૂર્ણ સુખની પ્રાપ્તિ સાથે સર્વના સ્વનિમિત્તક અનંત દુઃખોથી મુક્તિ પણ બની જાય છે.

ટૂંકમાં, સ્વહિતકરણની સાધના એટલે સ્વનું હિતકરણ અને પરનું અહિત–અકરણ અથવા એમ પણ કહી શકાય કે સ્વહિતની સાધનાની સીધી પેદાશ સ્વનું સુખકરણ છે, અને ટાળી ન ટાળી શકાય એવી એની આડપેદાશ પરનું અહિત–અકરણ છે, જેમ તેલનો કૂવો ખોદતાં સીધી પેદાશ તેલની છે; પણ ટાળી ન ટાળી શકાય તેવી આડપેદાશ ગેસ વગેરેની છે.

અહીં એક પ્રશ્ન થઈ શકે છે, "સાધનાના લક્ષમાં રહીને સ્વહિતને રાખીને પરહિતકરણને ગૌણ બનાવ્યું, તેને બદલે પરહિતને જ લક્ષ બનાવીને સ્વહિતને ગૌણ કેમ ન બનાવ્યું ? પરહિત કરતા કરતા સ્વહિતનો લાભ થઈ જ જવાનો છે. રે ! પરહિતકરણ સ્વયં સ્વહિત પણ કરી જ આપશે.

અત્તરનો વેપાર કરનારને અત્તરની સુગંધ માણવાની મોજ તો આપોઆપ મળી જવાની છે ! લક્ષમાં પરહિત લાવવામાં વાંધો શું ?"

આ મુદ્દાનું સમાધાન એ છે કે જેને લક્ષ બનાવાયું તેને બીજાના ભોગે પણ જાળવી રાખવું પડે. જો સ્વહિતકરણ લક્ષ બને

તો સ્વહિતની રક્ષા કાજે કયારેક પરહિતને ગૌણ કરવું પડે. આ વાત બિલકુલ બરોબર છે એમ આપણે પૂર્વે સીતાજી વગેરેના પ્રસંગથી જોઈ ગયા છીએ.

વસ્તુતઃ સ્વહિત કાજે ગૌણ બનતું પરહિતકરણ વસ્તુતઃ ગૌણ બનતું જ નથી. કેમ કે સ્વહિતકરણથી જે બળની નીપજ થઈ છે, તે બળ વધુ સારી રીતે પરહિતકરણમાં ઓતપ્રોત થઈને જ બહાર આવે છે.

હવે આ વાતને બાજુ ઉપર મૂકીને પરહિતકરણનો જ વિચાર પ્રધાન બનાવવા કોઈ જશે તો તે કયારેક સ્વહિતને ગૌણ બનાવી દેવાના એવા કોક ખતરામાં ઝીંકાઈ જશે કે જેના પરિણામે એ સ્વયં ભ્રષ્ટ થઈને, અને આદર્શોને ભ્રષ્ટ કરીને અનેક આત્માઓના ભયંકર અહિતની જ આગ લગાડશે. આ વાત પણ પૂર્વે "એક કલાક પાઘડી પહેરવાથી એક હજાર સંસારીઓ દીક્ષા લે તો સાધુએ એક કલાક માટે પાઘડી પહેરવી કે નહિ?" એ પ્રશ્ન ઉપસ્થિત કરીને આપણે વિચારી ગયા છીએ.

આ વાતનો સાર એ છે કે પરહિતકરણનો વિચાર મુખ્ય બનાવવા જતાં સ્વહિતકરણ ગૌણ બની જાય તે સંભવિત છે માટે તે વિચારને મુખ્ય બનાવી શકાય નહિ.

સ્વહિતકરણને જાળવીને જ કાંઈ પણ થઈ શકે એ વાત જિનશાસનના પ્રાણવિચાર સ્વરૂપ છે. અને એવા સ્વહિતની જાળવણીમાં સર્વ પરના અહિત-અકરણની સાધના તો આપોઆપ હાંસલ થઈ જાય છે. એની સાથે સાથે સ્વનાં પુણ્ય વગેરે બળો ઉપર કેટલાક પરનું હિતકરણ પણ અમલી બની શકે છે.

આમ સ્વહિતકરણથીઃ

(૧) સ્વનું સંપૂર્ણ હિતકરણ

(૨) પર-(સર્વ)નું સંપૂર્ણ અહિત-અકરણ.

(૩) પર (કેટલાક)નું હિતકરણ.

એમ ત્રણ સિદ્ધિઓ પ્રાપ્ત થાય છે.

ભગવાન તીર્થંકરદેવોના છેલ્લેથી ત્રીજા ભવ તરફ નજર નાંખો. એમણે અશરણ–અસહાય જગતનું દર્શન કર્યું. એમનો આત્મા એ જોઈને દ્રવી ઊઠ્યો.

"શી રીતે સર્વને શાસનરસી–સુખી કરી દઉં!" એ વિચારનો તણખો પ્રગટ્યો. એ આગ બનીને એમના સર્વ આત્મપ્રદેશે વ્યાપી ગયો!"

પરહિતકરણની ઉત્કૃષ્ટ કરુણા તીર્થંકરદેવોના આત્માઓને જ હોય છે. પણ આ ભાવનાને સ્પર્શ્યા પછી એમણે આરંભી દીધી સ્વહિતકરણની જ આરાધના.

કેમ આમ?

એનો ઉત્તર છે, "મોં ખોલવું હોય તો નાક દબાવો."

પરહિતકરણની ભાવનાને અંશતઃ પણ મૂર્ત્ત કરવી હોય તો સ્વહિતકરણના માર્ગે દોડ્યા જાઓ.

અને તીર્થંકરદેવોના આત્માઓએ સ્વહિતકરણનો તાતો પુરુષાર્થ-જંગ ખેલી નાંખ્યો.

જગતના ઉદ્ધારની ભાવનાવાળા આત્માઓ જગતથી જાણે નાસી છૂટ્યા....

જગતનું શુદ્ધીકરણ કરવાની કામનાવાળાઓ જાતના શુદ્ધીકરણની આરાધનામાં એકાકાર બની ગયા. શાથી? એટલા જ માટે કે એમણે જાણી લીધું હતું, પરનું હિત, સ્વહિતથી જ શક્ય છે. સ્વશુદ્ધિ વિના તો સર્વશુદ્ધિ શક્ય જ નથી.

આ બધી વાતમાં ક્યાં ય એમ ન કલ્પી લેવું કે જિનશાસનમાં પરહિતકરણને ગૌણ–સાવ જ ગૌણ—માની લેવામાં આવ્યું છે. ના, નહિ જ.

જિનશાસનની તો જનની કરુણા છે. ત્યાં પરકરુણાને–સાવ જ ગૌણ બનાવવાની વાત સંભવે જ નહિ. પણ ભગવાન વીતરાગ સર્વજ્ઞે

પોતાના જ્ઞાનપ્રકાશમાં પરહિતનો ઉપાય જોઈ લીધો હતો અને સ્વહિતની અનિવાર્યતા જાણી લીધી હતી. અનિવાર્ય સ્વહિત સાધ્યા વિના છૂટકો નથી. અને એ સ્વહિતકરણ જ સ્વયમેવ પર-અહિત-અકરણમાં રૂપાન્તરિત થઈ જ જાય છે. આ બધું ય એમણે યથાવત્ જોયું માટે ઉપદેશ પણ એ મુજબ જ આપ્યો.

વળી સીધું પરહિતકરણ કઠિન પણ કેટલું છે? અને સ્વહિતકરણ તથા પર-અહિત-અકરણ તો કેટલું સરળ છે?

પરહિતકરણની વૃત્તિ માત્રથી પરહિત થતું જ નથી. એની સાથે સાથે જેનું હિત કરવું છે તે વ્યક્તિની પણ વૃત્તિ હોવી જરૂરી છે કે, 'મારું હિત થાય.' આ વૃત્તિ હોય તો ય કર્મ, સંયોગો, કાળ વગેરે....વગેરે અનેક બાબતો અનુકૂળ ન થાય; તો એ વૃત્તિ તે વખતે તો એમ ને એમ સુષુપ્ત પણ પડી રહે.

જ્યારે સ્વહિતકરણ અને એના સાથે જ થઈ જતું પર-અહિત-અકરણ તો ખૂબ સરળ છે. જો સ્વહિતકરણની વૃત્તિ જાગે અને એ વૃત્તિ જોર પકડી લે તો એ વ્યક્તિને સ્વહિતકરણની આરાધનામાં બાંધી મુશ્કેલી રહેતી નથી. સંયોગાદિની પ્રતિકૂળતાઓ માત્ર પોતાની જાત પૂરતી હોય છે, એટલે એને હઠાવી દેવામાં પણ બહુ મુશ્કેલી રહેતી નથી. આમ, સ્વહિતકરણ ખૂબ જ સ્વાવલંબી છે, એટલે પોતાની જાત પૂરતું પોતાનું કાર્ય સત્વર અમલી બનાવી શકાય છે.

એક આત્માને પોતાના હિત માટે તપ, ત્યાગ કરવો હોય એમાં એને મહેનત કેટલી પડે? પોતાને બ્રહ્મચર્ય પાળવું હોય એમાં વાર કેટલી લાગે? ભાવનાની આગની જ અહીં તો જરૂર છે. એ ભભૂકી ઊઠે પછી તો વાર જ લાગતી નથી. જ્યારે બીજા આત્માઓને તપ, ત્યાગ કરાવવામાં, બ્રહ્મચર્યાદિનું પાલન કરાવવામાં તો ઘોળે દહાડે આસમાનના તારા દેખાઈ જાય! પરના હિતની જ આશાથી ઉપદેશ દેનારો તો વર્ષ બે વર્ષમાં જ થાકી જાય....એ નિરાશ થઈ જાય.

અને પરને ઉપદેશ દેવાથી સ્વહિત તો એકાન્તે થઈ જાય છે એમ વિચારીને સ્વહિત કાજે ઉપદેશ દેનારો પચાસ વર્ષ સુધી ઉપદેશ દઈને પણ થાકતો નથી.

પરના હિતનું ફળ આપણી વૃત્તિમાત્રથી બેસી જાય તે શક્ય જ નથી. જો તેમ જ હોત તો ભગવાન તીર્થંકરોની વૃત્તિથી જ સર્વ ભવ્ય જીવો કયારના મોક્ષપદ પામી ગયા હોત.

આમ સ્વહિતકરણ–પર-અહિત-અકરણ જ ખૂબ સરળ રીતે સાધ્ય લક્ષ છે. જ્યારે પરહિતકરણની પ્રવૃત્તિ એટલી જ અસાધ્ય બની રહે છે. હા, પરહિતકરણની વૃત્તિ સદા શક્ય છે અને તે સદા માટે અનિવાર્ય પણ છે, કેમકે કર્મનું એવું એક અનુશાસન જોવા મળે છે કે જે માણસ બીજા માટે જે ઇચ્છે તે પોતાના માટે તો અવશ્ય થાય છે. પરસુખની કામનાવાળો જ સ્વસુખ પામી શકે છે, પરનું મોત ઇચ્છતો જાતે મરવાના વાંકે જ જીવવાના દિવસો પામે છે.

એટલે જ્યાં પરહિતકરણની વૃત્તિ સદા રમમાણ રહે ત્યાં જ સ્વહિતકરણ શક્ય બની શકે, અને તો જ અંશતઃ પરહિતકરણ પણ શક્ય બની શકે.

પણ બધી વાતનું મૂળબિન્દુ તો સ્વહિતકરણની વૃત્તિ જ છે.

સ્વહિતકરણની વૃત્તિ હોય તો જ સ્વહિતકરણ થાય. તે થતાંની સાથે જ પર-અહિત-અકરણ થઈ જાય, અને શક્ય તેટલું પરહિતકરણ પણ થાય.

જેને જાતની જ દયા નથી, એ માણસ પરની દયા શું કરવાનો હતો ?

સ્વદયા વિનાની પરદયા તો ગમે તે પળે ભયાનક હોનારત સર્જ્યા વિના રહેતી નથી.

આથી જ મહર્ષિઓએ સ્વદયામાં એકાન્તે લાભ જણાવ્યો છે અને પરદયામાં વિકલ્પ દેખાડયો છે.

કોરી પરદયાની વાતો ન ચાલે. જાતે ડૂબી મરીને પણ બીજાને તારવાની વાતો કરનારાઓ વસ્તુતઃ બીજાઓને પણ ડુબાડવાનું જ કામ

કરી રહ્યા છે. શક્તિમાન તરવૈયો પણ ડૂબતો હોય તો પ્રથમ જાતને તરતી કરી દે અને પછી જેટલા શક્ય હોય તેટલા ડૂબતાને બાથમાં લઈને બચાવી લે.

પરને બચાવવાની વૃત્તિવાળો માણસ પોતે ડૂબતો રહે તો શું એકાદને પણ એ તારી શકે ખરો ?

બુદ્ધની કરુણા કલિકાલ સર્વજ્ઞ ભગવંતે યોગશાસ્ત્ર ગ્રંથમાં ગૌતમ બુદ્ધની એવી કરુણાવૃદ્ધિ તરફ સ્પષ્ટ અણગમો દેખાડ્યો છે. બુદ્ધે કહ્યું છે કે, "જગતના સર્વ જીવો નિર્વાણ ન પામે ત્યાં સુધી હું નિર્વાણપદ પામવાનું ઇચ્છતો નથી."

આ તે કેવી વાત છે ? ભયંકર આગમાં ફસાયેલા લોકોમાં એક ભડવીર પણ ફસાયો છે. પણ તે કહે છે કે બધા બહાર નીકળી ન જાય ત્યાં સુધી હું બહાર નીકળીશ નહિ !!!

રે ! કરુણાનો અતિરેક !

જાતે બહાર નીકળશે તો ફસાયેલાઓને બચાવવા માટે કાંઈક કરી શકાશે ને ?

"સ્વદયાવિહોણો પરદયા કરી શકતો જ નથી." એવું વિધાન જિનાગમોમાં કર્યું છે તે ખૂબ જ સમુચિત વિધાન છે, ખૂબ જ બુદ્ધિ-ગમ્ય રજૂઆત છે.

સો વાતની એક જ વાત કરો.

સર્વને તારવાની ભાવના હોય તો જાતનો જ ઉદ્ધાર કરવા લાગી જાઓ.

જગતનો અનંત અંધાર ઉલેચી નાંખવો હોય તો અંધારાને વગોવો મા ! અંધકારમયી ધરતી ઉપર રહેતા લોકોને ધિક્કારો મા ! તમે જ તમારું સ્વરૂપ પ્રકાશમય બનાવી દો !

કશું બોલવાની જરૂર જ નથી. માત્ર બોલ બોલ કરવાથી જગતનો ઉદ્ધાર થઈ શકતો પણ નથી.

અનંત ગગનમાં ચમકી રહેલા સૂર્યની સામે જુઓ. એ જ તમને મજેની વાતો કહી દે છે. એ કહે છે કે, "અંધકારને ભેદવા માટે મેં કદી જગત પાસે જઈને રાડો નાંખી છે? મેં તો માત્ર મારો અંધકાર ભેદ્યો. મારું સ્વરૂપ મેં પ્રકાશનું બનાવી દીધું.

"હું પ્રકાશમય બનીને અનંત ગગનમાં ગોઠવાઈ ગયો."

"અને...."

"મારું કામ પતી ગયું. મારી ભાવના પૂર્ણ થઈ. હવે મારી ઇચ્છા હોય કે ન હોય પણ જગતને મારો પ્રકાશ મળે જ."

"મારે હવે કશું ય બોલવું પડતું નથી."

તમે કાન દઈને સાંભળીને સૂર્યની આ વાત! બીજી પણ વાત એ મૌનપણે કહી રહ્યો છે.

આપણે જાણીએ છીએ કે જેમ સૂર્ય જગતને પ્રકાશ દઈને અંધકાર ભેદે છે, તેમ સાથે સાથે ઉષ્ણુતા આપીને ઠંડીને ભેદે છે.

મર્ત્યલોકનો માનવ ઘણાં કારણે જીવે છે, એમાંનું એક કારણ એ પણ ગણવામાં આવે છે કે શરીરની ઉષ્ણુતા (તૈજસ શરીર)ને કારણે જીવમાત્ર જીવન જીવે છે.

સામાન્ય રીતે માણુસના શરીરમાં ૯૭ા થી ૯૮ા ફેરનહીટ ગરમી જરૂરી મનાય છે. જો આથી પણ ઘણું નીચે ઉષ્ણુતામાન જાય તો એ માણુસની જિંદગી ભયમાં ગણાય છે.

સહજ પરાર્થકરણ

એમ કહેવાય છે કે આટલું જરૂરી ઉષ્ણુતામાન સૂર્યને આભારી છે. ધગધગતી આગશો સૂર્ય ગગનમાં હોત જ નહિ તો કદાચ માનવપ્રાણી કયાંય જીવન પામત નહિ.

કેટલું છે સૂર્યનું ઉષ્ણુતામાન? થરમોમિટરથી માપી શકાય ખરું?

રે! માપવા જતાં એના કુરચા ઊડી જાય! જગતનું કોઈ યંત્ર પણ એને પ્રત્યક્ષતઃ માપી શકે તેમ નથી.

માનવ અને સૂર્ય—બે યના વચ્ચે પ્રચંડ અંતર છે. સૂર્ય આગની જેમ ધગી ઊઠે ત્યારે જ માનવદેહમાં ૯૭ા ડિગ્રી જેટલું ક્ષુલ્લક ઉષ્ણતામાન ઉત્પન્ન થાય. [બેશક, આ સ્વમત નથી.]

સૂર્ય પોતે ગરમી આપે નહિ અને સહુને જીવવા માટે ગરમ થવાની વાતો કરે તો તે ન ચાલી શકે.

બીજામાં થોડી પણ ગરમી લાવવા માટે જાતમાં વિરાટ ઉષ્મા ઊભી કરવી જ રહી.

જાતને ઉષ્ણતાનું ઉત્પાદક કેન્દ્ર બનાવ્યે પણ નહિ ચાલી શકે. જાતે જ ઉષ્ણ બની જવું પડશે. ઉષ્ણતાને જ પોતાનું સ્વરૂપ બનાવી દેવું પડશે.

આટલું થઈ જશે પછી જગત આપોઆપ ગરમ થવા લાગશે. એને ગરમ કરવાનો પ્રયત્ન પણ નહિ કરવો પડે.

તમારે જગતના જીવોમાં પેઠેલી મોહની ઠંડી ઉડાડવી છે? એમની ઠંડી જોઈને તમને ટાઢ ચડી જાય છે? તો ગરમ બનવાની રાડો પાડવાનું બંધ કરો. જાતે જ ગરમ બની જાઓ.

વિરાગની ધગધગતી આગ બનો. પછી જગતના જીવોમાંથી મોહની ઠંડી ઊડી જશે અને ધર્મીનું સામાન્ય જીવન જીવવા જોગી ૯૭ા–૯૮ા ડિગ્રીની વિરાગની ગરમી આવી જ જશે.

વિરાગનાં કેન્દ્રો ખોલવાની વાત પણ પછી કરજો. વિરાગનું કેન્દ્ર તમે જ બની રહો. એમાં કોઈ શ્રીમંતની, કોઈ વિદ્વાનની, કોઈ લેખકની, કોઈ પ્રેસ પ્લેટફોર્મની કશી જરૂર નહિ પડે.

એક તમે અને બીજા તમારા ઉત્તરસાધક ગુરુ! માતા! ત્રીજા કોઈની જરૂર નથી. જાતને ઉષ્ણ સ્વરૂપ બનાવવા માટે!

જિનશાસનના ગગનમાં વિરાગના ધગધગતા સૂર્યશા હજારો

આત્માઓ ચમકતા જ રહ્યા છે. એમણે પોતાના જ્ઞાનપ્રકાશે જગતના તિમિર ચીરી નાંખ્યા છે અને પોતાના સ્વરૂપે જગતની ઠંડી ઉડાડી મૂકી છે. યુગે યુગે એવા સૂર્યો ગગનમાં પ્રગટતા રહે તો કરોડો આત્માઓ પ્રકાશ પામે, ગરમી પામે....અંતે ઉપગ્રહ બનીને એ ગગનમાં સદા માટે સ્થિર થઈ જાય. એ ય બીજા અનેકોને પ્રકાશ અને ગરમી આપતા રહે.

સૂક્ષ્મનું પ્રચંડ બળ આવી એક પનોતી પરંપરા અબાધિત ગતિથી અઢી હજાર વર્ષથી ચાલી આવી છે.

સ્વહિતકરણમાંથી નીપજતું આધ્યાત્મિક બળ અત્યંત સૂક્ષ્મ છે. પરહિતકરણ માટે જરૂરી બનતાં ઉપદેશાદિના વાગ્બળ વગેરે તો અતિ સ્થૂલ છે.

સ્થૂલ કરતાં સૂક્ષ્મ સદા વધુ બળવાન હોય છે. કોણ મહાન ? હાથી કે મહાવત ?

સ્થૂલતમ તો હાથી છે, છતાં એનાથી સૂક્ષ્મ મહાવત જ બળવાન છે.

કોણ મહાન ? મહાવતનો દેહ કે અંકુશ ?

સ્થૂલ તો મહાવત છે છતાં એથી પણ સૂક્ષ્મ અંકુશ બળવાન છે.

કોણ બળવાન ? અંકુશ કે મહાવતની બુદ્ધિ ?

સ્થૂલ તો અંકુશ છે છતાં સૂક્ષ્મ બુદ્ધિ જ બળવાન છે. રે ! બુદ્ધિથી પણ સૂક્ષ્મ આત્મા છે; એ જ સૌથી વધુ બળવાન છે.

સ્થૂલતમ હાથી ક્યાં ? અને સૂક્ષ્મતમ આત્મા ક્યાં ? સ્થૂલતમ પહાડ ક્યાં ? અને સૂક્ષ્મતમ અણુબોંબ ક્યાં ? સ્થૂલતમ સમુદ્રનું પાણી ક્યાં ? અને સૂક્ષ્મતમ વરાળ ક્યાં ? સૂક્ષ્મતમ આત્મા આખા વિશ્વ ઉપર રાજ્ય કરે છે. સૂક્ષ્મતમ અણુબોંબ કરોડો પહાડોના અને એના બનાવનારના ય કુરચા ઉડાવે છે. સૂક્ષ્મતમ વરાળ હજારો ટન પોલાદ ખેંચી જાય છે.

સૂક્ષ્મનું બળ હંમેશ સર્વોપરી રહ્યું છે.

નજર સામે લાવો દેવાધિદેવ પરમાત્મા મહાવીરના આત્માને!

પૂર્વના ત્રીજા ભવની–નંદનઋષિના જીવનની–સાધનાએ કેવું પ્રચંડ સૂક્ષ્મતમ આત્મબળ ઊભું કરી દીધું હતું? કેવાં સૂક્ષ્મ કર્મોના શુભાણુઓને આત્મસાત્ કરી લીધા હતા કે જેથી માતાના ગર્ભમાં રહીને એણે દેવેન્દ્રોનાં સિંહાસનોને કંપાવી નાંખ્યા હતા! જન્મતાંની સાથે દેવેન્દ્રોને મર્ત્યલોકની કારમી બદબૂ ચીરીને પોતાની પાસે આવવાની ફરજ પાડી દીધી હતી.

આમાં કશું ય આશ્ચર્ય નથી. આજે તો વૈજ્ઞાનિકો ધરતી ઉપર બેઠા બેઠા ગગનમાં ધસતા રોકેટમાં બેઠેલા કૂતરાને સુવાડવાનું, બેસાડવાનું, પીવડાવવાનું બધાં જ કાર્યોનું સંચાલન કરે છે. ધરતી ઉપર બેઠાં બેઠાં જ કલ્પિત ચન્દ્રના ફોટાઓ લેવડાવે છે રોકેટમાં પડેલા કેમેરાની પાસે.

જો ધરતીનો માનવ લાખો માઈલ દૂર રહેલા રોકેટના કેમેરાની ચાંપ દબાવીને ફોટાઓ લઈ શકે તો ભગવાન વીરનો આત્મા દેવેન્દ્રોના દિલ અને આસન કેમ ન ડોલાવી શકે?

પછી તો સાધનાનો યજ્ઞ આરંભીને એ દેવાધિદેવે કમાલ કરી નાંખી હતી. કેટલું પ્રચંડ સૂક્ષ્મબળ ઉત્પન્ન કર્યું કે જંગલનો જંગલી સાપ ચંડકૌશિક કે જેની આંખમાં અગ્નિ પ્રજ્વળ્યો હતો.... જેણે લાખો જીવોને એ આગમાં ભરખી લીધા હતા.... જેણે આખું વન એ આગમાં બાળી નાંખ્યું હતું.... તેને ય— તેવી આગને ય એક જ વાક્ય "બુજ્ઝ બુજ્ઝ ચંડકોસિયા!" બોલીને ઠારી નાંખેલ!

સૂક્ષ્મના અગાધ બળ વિના એક વાક્યે જીવનપલટો શું શક્ય છે? અને તે ય ચંડકૌશિક જેવા દૃષ્ટિવિષ સર્પનો!

પણ પહેલાંના મહા પાપાત્માને થોડા જ સમયમાં ધર્માત્મા બનાવીને અનશનના પવિત્ર પંથે ચડાવી દેનાર એ કેવો જાદુગર હશે? સૂક્ષ્મના અનંત બળની એ જાદુઈ લાકડી કેવી હશે?

કયાં આજના ઇન્દ્રજાળિયા જાદુગરોની દુનિયા ! અને કયાં આ જગતનો જાદુગર ! જેના આંખના ઇશારે પાપાત્માઓના પાપની ધરતીઓમાં ધ્રુજારા ઉત્પન્ન થઈ જાય !

સાધના પંથના આ પથિક જ્યારે સાધનાનો પાર પામી ગયા ત્યારે જ દેશના દેવા સજ્જ બન્યા.

સૂક્ષ્મના અનંતબળ વિનાનું દેશનાનું સ્થૂલબળ કેટલું કારગત નીવડે ? કેટલા ભયંકર પરિશ્રમે કેટલું અલ્પફળ દેખાડે !

જેવું એ અનંતબળ પામ્યા કે તરત જ વિશ્વના અગાધ પંડિતના પહાડશા અભિમાનને આંખ મિલાવતાંની સાથે જ કણુ–કણુમાં વિખેરી નાંખ્યો.

કેટલો અભિમાની હતો એ ઇન્દ્રભૂતિ ! સર્વજ્ઞત્વનું તો એને કેવું અભિમાન હતું ?

એક જ પળમાં–રે ! સૂક્ષ્મના અનંતબલીના દર્શનમાત્રમાં એના અભિમાનનો હિમાલય ઓગળી જઈને પાણી પાણી થઈ ગયો ! સાડા બાર વર્ષની ઘોર સાધનાની આ તે કેવી અદ્‌ભુત નીપજ !

એ જાદુગરે મહાભયંકર ડાકુઓને બકરી બનાવી દઈને પોતાના પગ પાસે બેસાડી દીધા. મહાવ્યભિચારીઓને પશ્ચાત્તાપના જળકુંડમાં ઝંપલાવી દઈને પવિત્ર કરી દીધા, શિકારીઓની ક્રૂરતાને ધ્રુજાવી દીધી. રાજવીઓને ભિક્ષુ બનાવી દીધા ! મહારાણીઓને રાજવૈભવો ત્યજાવી મહાસતી બનાવી દીધી ! હજારો શ્રેષ્ઠિપુત્રોને ભરયૌવનવયમાં જ અદ્ધર ઊંચકી લઈને શ્રેયના મંગળપંથે મૂકી દીધા !

સૂક્ષ્મબળની જાદુઈ લાકડી ફરે અને હજારોની ભોગવાસનાઓ ધૂળમાં ચત્તીપાટ પડે, હજારોનાં જીવન ધર્મપંથે વળે; હજારોનાં અંતર ધાર્મિકોને નમે. હજારો વર્ષેય ન બની શકે એવું કાર્ય આ સૂક્ષ્મના સ્વામીએ દસકા–બે દસકામાં જ ઊભું કરી દીધું. રે ! સૂક્ષ્મનું તો કેટલું બળ છે કે એક તીર્થંકરનો આત્મા જ્યાં ફરે તેની ચોમેર સવાસો

યોજનમાં રહેલા આત્માઓના અશાતાવેદનીય કર્મમાં ભયંકર ઊથલ પાથલ થાય. એ કર્મોને ટીનપાટ મળી જાય.

આ તો લોકોત્તર પુરુષના બળની વાત છે એમ કહીને આ વાતને ઠંડી ન પાડી દેશો. લૌકિક પુરુષોના સૂક્ષ્મબળ પણ કાંઈ કાચાં નથી હોતાં.

સ્વામી એક પ્રાથમિક કક્ષા સંતની વાત કરીએ.

વિભૂતાનંદજી એ હતા સંત.

બ્રહ્મચર્ય તો જાણે એમનું જ. એમના સમયમાં એવો કોઈ બ્રહ્મચારી કદાચ નહિ હોય.

એક વખતની વાત છે.

કોઈ નગરના ઉપવન પાસે એક આશ્રમ હતો. નિઃસ્તબ્ધ એકાન્તમાં એ ખડો હતો. પેલા સંત એક વાર ત્યાં આવી ચડ્યા.

કુસુમની સુવાસ આપમેળે ફેલાતી હોય. એની જાહેરાતો કરવાની ન હોય.

અનેક ભાવુકો સંતના દર્શનાર્થે આવ્યા અને ગયા.

એમાં એક સ્ત્રી હતી. યૌવનના ઊંબરે હજી હમણાં જ પગ મૂક્યો હતો.

સંતનું પ્રતિભાશાળી લલાટ અને ઓજસ્વી નયનો જોઈને એ ઠરી ગઈ.

બપોરનો સમય થયો.

ઉપવનમાં કોઈ ન હતું, સિવાય આશ્રમ. આશ્રમમાં કોઈ ન હતું, સિવાય સંત. સ્ત્રી ત્યાં આવી.

બહાર જ બેઠેલાં સંતનાં દર્શન કર્યાં. દર્શન આપીને સંત અંદર ચાલ્યા ગયા. કશીક કામગંધ એમને આવી ગઈ હતી.

થોડી જ વારમાં પેલી સ્ત્રી પણ અંદર આવી. ઠેઠ અંદરના ઓરડે એ પહોંચી ગઈ. એને પણ એવો જ એકાન્ત અપેક્ષિત હતો. શાસ્ત્ર-

કારો કહે છે કે સ્ત્રીને કામવાસના જલદી જાગે નહિ, અને જાગે તો જલદી બુઝાય પણ નહિ.

પલાંઠી મારીને બેઠેલા સંતની પાસે પહોંચી જવા એણે હિંમત કરી. એ ઓરડાના દ્વારમાં પેઠી....પણ....

ત્યાં સંતે અવાજ દીધો : 'કયેાં આઈ હેા તુમ!'

સ્ત્રીના અંતરમાં બેઠેલેા કામ આંખેામાં દોડી આવ્યેા. એનું કામુક સ્મિત ઓષ્ટ ઉપર ફરી વળ્યું. સંત સઘળેા પંથ પામી ગયા.

ચાર આંખેા મળી ગઈ.

સ્ત્રીએ પેાતાના કામબળથી સંતને મહાત કરવા આંખેાનાં તેજ-કિરણેા છેાડી મૂકયાં. પણ આ તેા સંત હતેા! ભેાગને તેા એ કયારનેા ય સલામ કરી ચૂકેલેા આતમરામ હતેા! એણે ય પેાતાના જીવનમાં યેાગનું સૂક્ષ્મબળ આત્મસાત્ કર્યું હતું. એની આંખેામાંથી પણ તેજ કિરણેા છૂટયાં!

કયાં ભેાગનું સ્થૂલતમ બળ! અને કયાં યેાગનું સૂક્ષ્મતમ બળ!

સંતનાં તેજકિરણેા ટકરાયાં અને કામિનીના ભેાગ પરમાણુના પુંજને વેરવિખેર કરી નાંખ્યેા.

સંતની આંખના તેજને પેલી સ્ત્રી સહન ન કરી શકી.

એના અંગમાંથી એક ક્રુજારી પસાર થઈ ગઈ.

પણ ત્યાં જ સંત બેાલી ઊઠયા :

"મા! તેરેકેા કુછ લેકે હી જના પડેગા!" બસ....ખેલ ખલાસ થઈ ગયેા!

એક જ વાકયે સ્ત્રીનેા કામભાવ સંપૂર્ણ વિનાશ પામી ગયેા!

એ દોડી આવી! સંતના ચરણેા પાસે ઢગલેા થઈને પડી. ક્રુસકે ક્રુસકે રડી!

સૂક્ષ્મના લૌકિક બળનેા પણ જોયેા ને ક્રુજારેા! એક જ વાકય!

વાક્યનો એક જ શબ્દ–મા ! પેલી સ્ત્રીની ખતરનાક કામવાસનાને ભસ્મ કરી ચૂકયો !

ન કોઈ ઉપદેશ ! ન કોઈ વાત ! ન કોઈ રકઝક ! આંખે આંખ વાંચી ! કાને શબ્દ સાંભળ્યા ! અને કલાકોના ઉપદેશથી પણ ન ઠરે તેવો કામાગ્નિ પળમાં જ ઠરી ગયો ! સૂક્ષ્મના બળનું સ્થૂલ તત્ત્વો ઉપર કેટલું વર્ચસ્વ !

શેઠ કૃતપુણ્ય શાસ્ત્રમાં 'કૃતપુણ્ય' નામના શેઠની વાત આવે છે. કમલપુર નામનું એ નગર હતું. કમલસેન રાજા રાજ્ય કરતો હતો.

એક વાર કોઈ નૈમિત્તિક ફરતો ફરતો ત્યાં આવી ચડ્યો.

રાજસભામાં એણે સખેદ જાહેર કર્યું કે, "ગ્રહબળથી હું અસંદિગ્ધ રીતે કહી શકું છું કે, "આ નગરમાં અને તેની આસપાસના વિસ્તારમાં બાર વર્ષનો ભયાનક દુકાળ પડશે."

આખી સભા સ્તબ્ધ થઈ ગઈ.

પ્રજાપાલક રાજાના અંતરમાં સોંપો પડી ગયો.

મંત્રીગણ ખિન્ન થઈ ગયો.

કુદરતની સામે કોણ બાથ ભીડી શકે છે ? શું કરવું ? કોઈને સૂઝ પડતી નથી.

નૈમિત્તિક ચાલ્યો ગયો.

બે માસ વીતી ગયા. અષાડ માસ આવ્યો. કોઈને આશા હતી નહિ વરસાદની.....

એક રાતે વાદળો દોડી આવ્યા. આકાશ ઘનઘોર થતું ચાલ્યું. વીજળીએ કડાકા દીધા.

નગરજનો સાનંદાશ્ચર્ય નાચવા લાગ્યા અને મન મૂકીને મૂશળધાર વરસાદ તૂટી પડ્યો.

લોકોએ પેલા મહાપ્રાજ્ઞ નૈમિત્તિકને મૂર્ખશિરોમણિ કહીને હસી નાંખ્યો.

સર્વત્ર સુકાળ થઈ ગયો.

રાજાને એ નૈમિત્તિકના જ્ઞાન ઉપર પૂર્ણ ઇતબાર હતો. કેમે ય એના મનમાંથી એ આશ્ચર્ય દૂર થતું નથી. "મહાપ્રાજ્ઞનું ગણિત ખોટું પડ્યું ! ના, ના, એ તો શકય જ નથી."

એક વખત યુગન્ધર નામના આચાર્ય ભગવંત એ નગરમાં પધાર્યા. ચાર જ્ઞાનના એ સ્વામી હતા.

દેશના સાંભળ્યા પછી રાજાએ પૂછયું, "ભગવાન ! પેલો મહા-બુદ્ધિમાન નૈમિત્તિક ખોટો હતો ?"

"ના, જરા ય નહિ. ગ્રહચાર તો એ વખતનો એવો જ હતો કે બાર વર્ષનો દુકાળ પડે જ." આચાર્ય ભગવંતે કહ્યું.

"તો પ્રભુ ! આમ કેમ થયું ?" વિનીતભાવે રાજાએ ફરી પૂછયું.

"રાજન ! એક પુણ્યશાળીના પનોતા પગલાંએ ગગનના ગ્રહચારને વેરવિખેર કરી નાંખ્યો !" ગંભીર સ્વરે આચાર્યદેવે કહ્યું.

રાજાનું આશ્ચર્ય હદ વટાવી ગયું.

સૂરિવરે કહ્યું : "રાજન ! એ રાત્રિએ તારાનગરની એક સ્ત્રીની કુક્ષિમાં એવા મહાપુણ્યવાન આત્માનો જન્મ થયો હતો, જેના વિશિષ્ટ-પુણ્ય કર્મના અણુઓએ ભયાનક દુકાળને ધક્કો મારી દઈને સર્વત્ર સુકાળ ફેલાવી દીધો. લે સાંભળ, એના પૂર્વજીવનની અદ્‌ભુત વાત !

"પૂર્વભવમાં એનું નામ હતું પ્રવરદેવ ! એ ખૂબ ખાઉધરો હતો. જે તે ખાવાની એને લત પડી ગઈ હતી. એના પરિણામે આખા શરીરમાં કોઢ વ્યાપી ગયો. ચેપી કોઢથી એનું અંગ ફદફદી ગયું ! નગરના લોકો એને અછૂત ગણવા લાગ્યા ! સહુ એને તિરસ્કારતા !" "છટ્ આઘો મર !" કહીને દૂર કાઢતા.

"હડકાયાં કૂતરાં કરતાં ય બદતર સ્થિતિમાં પૂંછડી વિનાનો આ કૂતરો મુકાઈ ગયો !"

"એક દિવસની વાત છે! આથમતી સંધ્યાનો સમય હતો....એ વખતે એના જીવન-ગગનમાં પુણ્યનો સૂર્ય પ્રગટ થયો."

"મહાજ્ઞાની કોક મુનિવર પરગામથી વિહાર કરીને એ ગામમાં પધારી રહ્યા હતા."

"સહુથી ત્રાસેલા, ધિક્કારાયેલા, અછૂત મનાયેલા પ્રવરદેવે એમનો પીછો પકડ્યો. એમની સાથે ઉપાશ્રયે ગયો. મુનિ આસન ઉપર બેઠા અને પ્રવરદેવે એમના ખોળામાં માથું નાંખી દીધું. ચોધાર આંસુએ નોધારા પ્રવરે મુનિનો ખોળો ભીંજવી નાંખ્યો."

"પ્રભો!" ગદ્‌ગદ્ સ્વરે એણે કહ્યું, "મને બચાવો. આ કુષ્ઠરોગે મારા જીવનને ઝેર બનાવી દીધું છે!

"લોકો કૂતરા જેવા પશુને પંપાળે છે અને માણસ જેવા માણસને —મને—થૂંકે છે! આ રોગ પણ હવે તો સહ્યો જતો નથી. ઓ કરુણા-સાગર! મારી ઉપર કરુણા વરસાવો!"

"પ્રશાન્ત સ્વરે મુનિવરે—જગદ્બંધ જનનીએ—કહ્યું," "ભદ્ર! દુઃખને માં રડે? રડવું હોય તો તે પાપોને રડ, જેણે આ દુઃખોને આમંત્રણ દઈને બોલાવ્યા છે!

"સર્વ દુઃખનું મૂળ અવિરતિનું પાપ છે? આ મૂળિયે જ ઘા કર."

"પાપનું મૂળ બળી ગયા પછી દુઃખના ઝાડની કોઈ સલામતી નથી. એને સુકાઈ જઈને તૂટી પડવે જ છૂટકો!"

"પાપ જાય અને દુઃખો ય જાય; પછી રહે માત્ર શ્રેય અને શ્રેય તરફની ગતિને અબાધિત રાખે તેવું પ્રેય."

શ્રુતગંગાના ખળખળ વહી જતાં આ વાક્ય-જળનું શ્રવણ કરતાં જ પ્રવર આનંદવિભોર બની ગયો.

ઘણાં વર્ષે એને મા જડી, એને મિત્ર મળ્યો, એને ભાઈ મળ્યો હોય તેમ લાગ્યું.

મુનિએ અવિરતિનું સ્વરૂપ સમજાવ્યું; વિરતિનો મહિમા વર્ણવ્યો.

પ્રવર બોલી ઊઠ્યો : "દુઃખને રહેવું તો રહે અને જવું હોય તો જાય; પણ પાપના મૂળને તો આજે જ–અહીં જ–અત્યારે જ ડામ દઈશ. પ્રતિજ્ઞા આપો મારા પ્રભુ ! આજીવન એક અન્ન, એક વિગઈ, એક શાકથી વધુ લેવું નહિ અને અચિત્ત જળનો જ ઉપયોગ કરવો."

મુનિવરે પ્રસન્ન થઈને પ્રતિજ્ઞા આપી.

નિષ્પાપ આજીવિકાથી પ્રવરદેવ સંસાર વ્યવહાર ચલાવવા લાગ્યો. જોતજોતામાં કરોડપતિ થઈ ગયો.

રોગો તો શમી ગયા પરંતુ ભોગવાસનાઓ ય શાન્ત થઈ ગઈ ! પ્રાપ્તધન પરાર્થમાં વાપરવા લાગ્યો.

એક વાર દુષ્કાળના કાળા ઓળાં ફરી વળ્યા. પ્રવરદેવે અનાજના ભંડાર ખુલ્લા મૂકી દીધા. એક લાખ મુનિવરોને વહોરાવ્યું. એક લાખ સાધર્મિકોની ભક્તિ કરી.

આજીવન અખંડ વ્રત પાળીને પ્રવરદેવ મૃત્યુ પામ્યો.

સૌધર્મ દેવલોકમાં સામાનિકદેવ થયો.

આયુષ્ય પૂર્ણ કરીને એ આત્મા આ નગરના શુદ્ધબોધ શેઠની ચોમલા પત્નીની કુક્ષિમાં આવ્યો.

જન્માન્તરની આરાધનાનાં એ સૂક્ષ્મબળો દોડી આવ્યાં. એનાં શરસંધાન થયાં. ધનુષ્યનો ટંકાર થયો અને વીંધાઈ ગયા ગ્રહચાર ! દુષ્કાળના કાળા ઓળા ઉતારી દેવા સજ્જ બની ચૂકેલા !

સૂક્ષ્મના એ બળે નગરના નાગરિકોનાં અશુભ કર્મોને ધક્કા મારીને દૂર હડસેલી મૂકયાં !

એ નાગરિકોના રિસાઈને દૂર બેઠેલાં શુભકર્મોને ઊભાં કરી દીધાં !

આકાશમાં વાદળો દોડાવ્યાં ! અનરાધાર વરસાદ વરસાવી મૂક્યો ! મેહુલો મન મૂકીને વરસ્યો ! સમગ્ર ધરતીને હરિયાળી બનાવી દીધી !

સ્ત્રીના ગર્ભમાં રહેલા એ બાળના સૂક્ષ્મબળે સ્થૂલ જગતને હચમચાવી મૂક્યું !

હા, આજે ય આ રીતે વરસાદ વરસાવી શકાય. વૈજ્ઞાનિકો કૃત્રિમ વરસાદ વરસાવવાની સિદ્ધિ પામી ચૂકયા છે. પણ એની પાછળ વિરાટ માનવબળ ખર્ચાય છે. કરોડો રૂપિયાનો વ્યય થાય છે ત્યારે એ સ્થિતિ પ્રાપ્ત થાય છે. છતાં ય એ વરસાદ કૃત્રિમ જ કહેવાય ! કૃત્રિમ તે કૃત્રિમ ! સ્થૂલ પરિબળોની તાકાત કેટલી ?

લાખો માનવોની શક્તિ અને અબજો રૂપિયાની ખર્ચાઈમાંથી મહાબંધો પણ આજે બને છે. રાક્ષસી ઔદ્યોગિક નગરો પણ ખડાં થાય છે અને સમગ્ર દેશની સૂરત પલટી નાંખવાનો પ્રચંડ પુરુષાર્થ દેખાય છે. પણ આટલાં બધાં સ્થૂલ પરિબળો ગમે તે પળે તૂટી પડે છે. ધરતી જરાક સળવળે છે અને આખું ય ઉદ્યોગનગર ધરતીમાં સમાઈ જાય છે. મહાબંધમાં જરાક તિરાડ પડે છે અને સેંકડો ગામો જળબંબાકાર થઈ જાય છે.

માનવ ધારે છે કાંઈ અને થાય છે કાંઈ !

માનવ કરે છે કાંઈ અને બની જાય છે કાંઈ ! સ્થૂલના બળ ઉપર ઊભતી ઇમારતોની નાજુકતા કેળના તારને ય આંબી જાય તેવી હોય છે.

સમગ્ર વિશ્વમાં સુખ, શાંતિ અને આ આબાદીનું સર્જન કોણ કરી શકે ? સ્થૂલનું બળ કે સૂક્ષ્મનું પરિબળ ? આ પ્રશ્ન છે. જ્યાં સુધી એના ઉત્તરરૂપે સૂક્ષ્મનું પરિબળ સમજાશે નહિ ત્યાં સુધી યંત્રયુગનો માનવ સ્થૂલમાં જ રાચવાનો ! સ્થૂલને જ સર્જવાનો ! સ્થૂલને જ પૂજવાનો !

ત્યાં સુધી એ ત્રણ સાંધશે અને તેર તૂટી પડશે !
ત્યાં સુધી એ દિવસે ચણશે જે રાતે પડી જશે !
ત્યાં સુધી પળમાં હસશે અને બીજી પળે પોક મૂકશે.

સમગ્ર વિશ્વની આબાદી એક પણ આત્માના સૂક્ષ્મના વિશુદ્ધ બળમાં જ છે એ વાત પ્રવરદેવનું દૃષ્ટાંત આપણને કાનમાં કહી જાય છે. આજ કે આવતી કાલ આ વાત સમજ્યે જ છૂટકો છે.

રે ! સ્થૂલ પ્રયત્નોમાં તાકાત કેટલી ? લોકો ભલે સ્થૂલબળની તાકાત માનતાં હોય પણ હકીકતમાં તો સૂક્ષ્મના બળની જ તાકાત છે.

એક વાત કરું.

એક કોંગ્રેસી કાર્યકર છે. કોઈ એક શહેરમાં તેનું ભાષણ રાખવામાં આવ્યું છે. વીસ હજાર માણસો તેને સાંભળવા આવ્યા છે.

સમય થતાં કોંગ્રેસી કાર્યકર મંચ ઉપર આવે છે.

પણ સભાનો કોલાહલ શાંત થતો નથી. કાર્યકર જોરથી બૂમો પાડે છે. માઇકમાંથી નીકળતો એનો અવાજ કોલાહલમાં ઓર વધારો કરી મૂકે છે.

ઘોંઘાટ કેમે ય શાંત થતો નથી.

કાર્યકર ઉશ્કેરાઈ જાય છે. ગમે તેવા શબ્દો બોલીને ખુરશી ઉપર ફસડાઈ પડે છે.

પછી ખાસ આમંત્રિત સભ્ય ઊભા થાય છે. માઇક પાસે આવીને એક પણ શબ્દ બોલતા નથી. માત્ર હાથ ઊંચો કરીને સહુને શાંત થઈ જવાનું સૂચન કરે છે. અને.....

કોંગ્રેસી કાર્યકરના આશ્ચર્ય વચ્ચે સભા એકદમ શાંત થઈ જાય છે.

બીજી એક સભા છે. ત્યાં પણ આવું જ ધાંધલ મચે છે. પ્રચારક કાર્યકર શાન્ત પાડવાનો નિષ્ફળ પ્રયત્ન કરીને બેસી જાય છે.

પછી એક અધ્યાત્મી, અત્યંત નિઃસ્પૃહી સજ્જન ઊભા થયા છે.

માઇક પાસે આવીને કશું ય બોલતા નથી. હાથ ઊંચો કરીને 'શાન્ત થાઓ' એવું સૂચન પણ કરતાં નથી, માત્ર ઊભા રહે છે.

અને સભા એકદમ શાન્ત થઈ જાય છે. શાન્તિ પણ કેવી ? ટાંકણી પડે તો એનો ય અવાજ સહુ સાંભળી શકે તેવી.

શાથી આમ બન્યું હશે ?

શાન્ત રાખવા માટે કોંગ્રેસી કાર્યકરે દર્દભરી અપીલો કરી, લોકોને ધમધમાવ્યા ! બધા ય ધમપછાડા કરી ચૂકયા....છતાં નિષ્ફળ !

બીજા સજ્જન હાથ ઊંચો કરે તેટલામાં જ સફળ ! અને ત્રીજા સજ્જન તો ઊભા રહે એટલામાં જ સફળ !

આ જ તો આપણી વાત છે.

સ્થૂલનું કોરું બળ શા કામનું ? એ કેટલું કારગત નીવડે ? બળ તો સૂક્ષ્મનું જોઈએ.

પેલા કોંગ્રેસી કાર્યકર તો આયારામ–ગયારામની મંડળીના અગ્રેસર હતા. એમને ખુરશીથી ખિસ્સાં, પેટ અને પટારા જ ભરવા હતા. એવા હરામખોર માણસો ખુરશી વગેરેના કે રાડારાડી કરવાના સ્થૂલ-બળે કેટલી સિદ્ધિ પામી શકે ? રામ રામ કરો ભાઈ....

જ્યારે બીજા સજ્જન નિઃસ્પૃહી હતા. એટલે સૂક્ષ્મનું બળ એમણે ઠીકઠીક પ્રાપ્ત કર્યું હતું. માટે જ રાડારાડી કરવી ન પડી અને હાથ ઊંચો કરવા જેટલા સ્થૂલબળના સહારે જ સૂક્ષ્મબળે સફળતા આપી.

અને ત્રીજા સજ્જન તો એથી પણ આગળ વધીને અધ્યાત્મી હતા. એમણે ઘણું વિશિષ્ટ સૂક્ષ્મબળ પ્રાપ્ત કર્યું હતું. એથી એમને હાથ પણ ઊંચો કરવો ન પડયો. એમના દર્શનમાત્રથી ઘોંઘાટ પલાયન થઈ ગયો.

જેમ જેમ સૂક્ષ્મનું બળ વધે તેમ તેમ બાહ્ય સ્થૂલ પ્રયત્નો ઘટે અને છતાં ફળ વધતું જાય.

આ વિચાર ઉપરથી એક સિદ્ધાન્ત આપણે ફલિત કરી શકીએ કે, "જેમ જેમ માણસ વધુ ને વધુ સાચી સમજપૂર્વક નિષ્ક્રિય બનતો જાય તેમ તેમ તેની જગદુપકારક સક્રિયતા વધતી જાય."

સ્થૂલબળોમાં રાચતા જગતના લોકોને આ વાત નહિ સમજાય. એને તો સક્રિયતામાં જ સફળતા દેખાય છે. એનું મંતવ્ય તો એવું છે કે માણસ જેમ વધુ કામ કરે, જેમ વધુ દોડાદોડી કરે તેમ વધુ પામે.

વૈજ્ઞાનિક યુગનો કહેવાતો મહાબુદ્ધિમાન માણસ પણ 'સક્રિયતામાં સફળતા' સમજી બેસવાની ખતરનાક ભૂલ કરીને આત્મહત્યા કરી ચૂક્યો છે. એ મહાબુદ્ધિમાનોએ જગતને આ સૂત્ર આપીને નિર્માલ્ય બનાવી દીધું છે.

આજના માનવને નિષ્ક્રિયતા ગમતી નથી. નવરા બેસીને ભગવદ્ ધ્યાન ધરવાની નિષ્ક્રિયતામાં એ વેદિયાપણું કલ્પે છે. એવા ધ્યાનની બેહદ તાકાતની કોઈ વાત કરે તો એને ચૌદમી સદીનો અધ્યાત્મી-જડ-કહે છે.

જેટલો બરાબ તમોગુણ છે એટલો જ બરાબ રજોગુણને પણ કહી શકાય.

અજ્ઞાનીઓ તમોગુણે લપેટાયા છે.

આજના જ્ઞાનીઓ રજોગુણે ફસાયા છે.

તમોગુણનું મુખ્ય કાર્ય જીવલેણ આસક્તિ ઊભી કરવાનું છે. રજોગુણનું મુખ્ય કાર્ય ચિત્તમાં ચંચળતા ઊભી કરવાનું છે.

વસ્તુતઃ આ બે ય ગુણો એકબીજાના પૂરક બની રહે છે.

વર્તમાન માનવનો જન્મારો આખો ય આ બે અવગુણોની લાતો ખાવામાં પૂરો થઈ જતો જોવા મળે છે.

ઘણાબરાને વિષયભોગોની આગભૂખ જાગી છે. આજના કેટલાક જ્ઞાની પાસે વિરાગની અપેક્ષા કોઈ ન રાખી શકે, કેમ કે એનું જ્ઞાન એને વધુ ને વધુ ભ્રષ્ટતાની જ દેન કરી રહ્યું છે.

એટલે એક બાજુ તમોગુણે ભોગની કારમી ભૂખ જગાડી છે અને બીજી બાજુ રજોગુણે દોડાદોડી વધારી મૂકી છે. જાતજાતનાં કામો

કરતાં જ રહેવાનો સહુને જે ચડસ લાગ્યો છે એ જ આ રજોગુણનું અસ્તિત્વ વ્યક્ત કરી દે છે.

રજોગુણનું સ્વરૂપ આમ રજો–તમોગુણીનું જીવન લોભાત્મક આસક્તિનું બની રહે છે.

રજોગુણી સુએજ કેનાલ ખોદી કાઢે છે, પનામાની નહેર કાઢે છે; નાના બાળાની જેમ કશુંક ચણે છે અને કશુંક ભાંગી નાંખે છે. એનું ચિત્ત ઠેઠ મંગળના ગ્રહો ઉપર દોડે છે અને બીજી જ પળે સમુદ્રના પેટાળમાં ડૂબકી મારી આવે છે. એક ક્ષણમાં એ ઉત્તર ધ્રુવે નજર માંડે છે, બીજી જ ક્ષણે દક્ષિણ ધ્રુવનો વિચાર કરે છે. સહુને જીવવા માટે મહાસત્તાઓ સાથે મૈત્રી જ અનિવાર્ય છે એમ વિચારતો રજો-તમોગુણી વૈજ્ઞાનિક માનવ એકાએક પલટો ખાય છે અને બબડી ઊઠે છે, "નહિ નહિ, પ્રતિસ્પર્ધીના વિનાશ વિના વિશ્વશાન્તિ શકય જ નથી ! ! !"

કોઈને હાથમાં ચળ ઊપડે છે અને તરત ગમે તેને તમાચો ચોડી દે છે. કોઈ ન મળે તો પોતાના જ ગાલે તમાચો લગાવી દીધા વિના એ જંપી શકતો નથી.

જીભે ચળ ઊપડે છે કે તરત એ ભાષણો ઝાપટવા લાગી જાય છે.

સ્પર્શનેન્દ્રિયને ચળ ઊપડે છે કે તરત રાત ને દિવસનો પણ ભેદ જોયા વિના ગમે ત્યાં તૂટી પડે છે.

કોઈ ગામા કે ઈમામબક્ષને ચરબી ચડે છે અને તેને ઉતારવા ભીંતને મુક્કા મારવા લાગી જાય છે અને કયારેક ઝાડને પણ હચમચાવી નાંખે છે.

કોઈ મિહિરસેનનું મન ચંચળ બને છે અને એ સાત સાગરોમાં ઝંપલાવીને વિશ્વના મોતીચાંદ મેળવે છે.

કોઈ ઓમકારનાથને તાન ચડે છે અને તરત એ તાનસેન બની જાય છે.

રજોગુણના તે કેવાં તોફાન ફેલાયાં છે વિશ્વમાં ! એના બળમાં તો કોઈએ પૃથ્વીઓ ખોદી નાંખી અને હીરા–માણેક બહાર ખેંચી કાઢયા.

કોઈએ મરજીવા બનીને સમંદરના તળિયે ડૂબકી મારી અને ત્યાં જામ થયેલો કચરો દૂર કરીને ચમકતા મોતી બહાર કાઢી લાવ્યો.

મોતી બહાર કાઢીને શાન્ત બેસી રહે તો એ રજોગુણી કેમ કહેવાય ?

એણે મોતીને સાફ કર્યા....

મોતીને કાણાં પાડયા....

મોતીના એરિંગ બનાવ્યા.

કોઈના કાન વીંધી નાંખ્યા અને ત્યાં એ એરિંગ ભરાવી દીધા.

રજોગુણ વાયુથી ય વધુ ચંચળ છે. એ કદી સ્થિર બેસી શકતો નથી.

"આ છોડ, પેલું પકડ"

"પેલું છોડ, આ પકડ."

આવી જાતની અસ્થિરતા એને આત્મસાત્ થઈ હોય છે. આજના સર્વ માનવો—કોઈક જ અપવાદ સિવાય—રજોગુણના અજગરના ભરડામાં આબાદ આવી ચૂકયા છે.

૫૦ કરોડની ભારતીય પ્રજા ઉપર રાજ કરતાં નેતાઓની પણ દશા તો જુઓ ! આજે સવારે મદ્રાસમાં, બપોરે દિલ્હીમાં, સાંજે મુંબઈમાં માનપત્રો લેવા અને સંસ્થાઓનાં બારણાં ઉઘાડવા...દોડાદોડી કરી રહ્યા છે.

રજોગુણીની શક્તિનો સંચય કદી થઈ શકતો નથી. જે શક્તિ ઘનસ્વરૂપ પકડે નહિ તેનો સંચય શી રીતે થાય ? પ્રવાહી શક્તિ સર્વત્ર વહી જવાને જ સર્જાઈ છે.

શી રીતે રજોગુણ પ્રવાહીપણું મૂકીને ઘનતાને પકડે, જાણો છો ?

પાણી પ્રવાહી સ્વરૂપે છે પણ એને ઠંડી મળવાથી બરફના ઘનરૂપમાં એ પલટાઈ જાય છે ને ? રજોગુણના જળને આત્મધર્મમાં એકાગ્રતાની અપૂર્વ ઠંડક આપવામાં આવે તો એ ય બરફની ઘનતા પ્રાપ્ત કરી લે.

અને પછી બરફને જેમ પાણી કહેવામાં આવતો નથી તેમ આત્મધર્મમાં એકાગ્રતાથી ઘન બનેલા રજોગુણને રજો ગુણ ન કહેતાં સત્ત્વગુણ કહેવાય છે.

સ્થિરતા એ જ સત્ત્વગુણ છે.
ચંચળતા એ જ રજોગુણ છે.
આસક્તિ એ જ તમોગુણ છે.

આજના વૈજ્ઞાનિક માનવને કોણ સમજાવશે કે તું રજોગુણી છે ?

આજના લક્ષ્મીવંતો અને સત્તાવંતોને કોણ કહેશે કે તમારી ભોગભૂખને કારણે તમે તામસગુણના સ્વામી છો ? રે ! કહેનારો ત્યાં ને ત્યાં તિરસ્કારાઈ જાય ! માર ખાઈ જાય !

દુનિયાને માનવું હોય તો માને, ન માનવું હોય તો ન માને.

ન જ માનવાની ઇચ્છાવાળાને મનાવવા જનારો મૂર્ખ કહેવાય. આપણે તેવા મૂર્ખ ઠરવું નથી.

આપણે પોતા પૂરતી આટલી વાત બરોબર સમજી રાખીએ કે બહુ સક્રિય, બહુ બુદ્ધિમાન કે બહુ સંપત્તિમાન થવાની આકાંક્ષા બિલકુલ બરોબર નથી. કેમ કે જેટલી કાયાની દોડધામ અને ધમપછાડાની સક્રિયતા તે સ્થૂલબળ છે. એના કરતાં અત્યંત વધુ બળવાન તો સૂક્ષ્મબળ છે.

સૂક્ષ્મબળમાં કાયાની સક્રિયતા ઘટતી જાય અને માનસિક સક્રિયતા વધતી જાય. કેમ કે સૂક્ષ્મબળનું ઉત્પાદન મનની ભૂમિમાં જ ઉત્પન્ન થાય છે. હા, એ સક્રિયતા ક્રૂરતમ પાપવિચારોની હોય તો તામસી

સૂક્ષ્મબળ ઉત્પન્ન થાય; પણ અત્યારે આપણે તેવા અશુભ સૂક્ષ્મબળની વિચારણા કરતા નથી.

જેમ જેમ માણસ બાહ્ય ક્રિયાઓથી નિષ્ક્રિય થતો જાય તેમ તેમ માનસિક ક્રિયાઓ વધુ ને વધુ ગતિ પકડતી જાય અને એથી જે સૂક્ષ્મબળ ઉત્પન્ન થાય તેનાથી જગત વધુ ને વધુ સક્રિય બનતું જાય.

આમ, એક વ્યક્તિની બાહ્ય નિષ્ક્રિયતામાં બે તત્ત્વો સક્રિય બની જાય છે. એક તો તે વ્યક્તિનું પોતાનું મન અને બીજું જગતની વ્યક્તિઓનું આધ્યાત્મિક જીવન.

એક પિતા પોતાના પુત્રના અપરાધે પુત્ર ઉપર ક્રોધ ઠાલવતાં જેમ તેમ બોલી નાંખે અને જે તે વસ્તુથી પુત્રને ફટકારી નાંખે; તેની પુત્ર ઉપર જે અસર થાય તેના કરતાં એ જ પિતા જો કશું જ ન બોલે, કશું જ ન કરે....માત્ર મૌન થઈ જાય તો તે મૌન પુત્રને અસહ્ય થઈ પડે.

પિતાનું મૌન જો દીર્ઘજીવી બને તો અકળાઈ ગયેલો એ પુત્ર જાતે દોડી જઈને પિતાના ખોળે માથું મૂકીને ધ્રૂસકે ધ્રૂસકે રડી જઈને અપરાધની ક્ષમા માંગે.

જોયું ને ? પિતાની નિષ્ક્રિયતામાં પુત્રમાં કેટલી સક્રિયતા આવી ગઈ ? પિતાના મૂક મનોબળે પુત્રને કેટલો સક્રિય બનાવી દીધો ?

માટે જ નક્કી કરી લો કે જેમ બાહ્ય ભાનથી વધુ નિષ્ક્રિય તેમ અભ્યન્તર સ્થિતિમાં વધુ સક્રિય; સ્વ અને પર બે ય.

એવું સાંભળવા મળ્યું છે કે એક વાર ચાંગદેવે જ્ઞાનદેવને પત્ર લખ્યો. નિવૃત્તિનાથે એ પરબીડિયું ફોડ્યું. કાગળ બહાર કાઢ્યો. પણ કાગળમાં કશું જ લખ્યું ન હતું. છતાં નિવૃત્તિનાથે એ કોરા કાગળને વાંચ્યા જ કર્યો. થોડી વાર પછી એ બોલ્યા કે, "જ્ઞાનદેવને લખાયેલો આ કાગળ કેટલું બધું જણાવે છે ?"

"એમાં ય એક તો બહુ સુંદર વાત કરે છે કે ચાંગદેવનું મન આ કોરા કાગળ જેવું નિર્મળ છે."

જ્ઞાનદેવે પણ એ કાગળને કલાકો સુધી વાંચ્યો અને પછી એણે ચાંગદેવને અનુલક્ષીને ચાંગદેવ-પાસષ્ઠી લખી.

જગતના જીવોને આ વાત જલદી નહિ સમજાય, કેમ કે એમને તો લખેલું જ વાંચવાની ટેવ પડી છે. એમણે કોરા કાગળની ભાષાનો કદી અભ્યાસ જ કર્યો નથી. પણ તેથી શું? લખેલાની સક્રિયતા કરતાં કોરાપણાની નિષ્ક્રિયતા સદા વધુ બળવાન છે એ વાત કાંઈ નામંજૂર થઈ જવાની છે?

જેમ જેમ બાહ્ય વ્યાપારથી વધુ નિષ્ક્રિય બનીએ તેમ તેમ આપણે અભ્યન્તર ક્રિયાથી વધુ સક્રિય બનીએ છીએ. એની સાથે જ જગત પણ આપણી અભ્યંતર સક્રિયતાના સૂક્ષ્મબળથી આધ્યાત્મિક સક્રિયતા પામતું જ રહે છે.

સાધકોની દુનિયા તરફ નજર નાંખો. આ વાતની તમને પણ પ્રતીતિ થઈ જશે.

સંતોએ જગતના બધા ખાનપાનાદિના વ્યવહારો ત્યાગ્યા, એ વધુ ને વધુ નિષ્ક્રિય બનતા ગયા; તો એમનો આત્મા કેવા વિરાટ સૂક્ષ્મ-બળનો સ્વામી બની ગયો!

બાહ્ય ક્રિયા દૂર થાય તો જ ઈશ્વર—પ્રણિધાનાદિની અભ્યન્તર ક્રિયાઓ ગતિમાન થાય. બાહ્યમાં જ રાચનારો અભ્યન્તર તાકાતનો સ્વામી કદી બની શકતો નથી, કેમ કે એ તાકાત તો જન્મે છે મન-વચન-કાયાની નિષ્ક્રિયતામાંથી, ધ્યાનની ક્રિયામાંથી....જેમ વધુ એકાગ્ર થવાય તેમ વધુ બળવાન બનીને બહાર અવાય.

સંતોની આંખો જોઈ છે કદી? હવે જોજો. એમની એક આંખમાં આગ દેખાશે તો બીજામાં અમી! આગ અને અમીનું ઉત્પાદન કેન્દ્ર છે એમની એ મનોભૂમિ જે ધ્યાનાદિની ક્રિયાથી ધમધમી ઊઠી

છે! આંખની એ આગ જો ભભૂકી ઊઠે તો વિશ્વને સળગાવી મારે.... અભિશાપનું સ્વરૂપ લઈને. અને આંખનું એ અમી ઊછળી પડે તો સળગતા વિશ્વને શાન્ત કરી દે....આશીર્વાદનું રૂપ લઈને. કેટલી તાકાત ધરબાઈ છે અભ્યન્તર નિષ્ક્રિયતામાં !

બહારથી અપૂર્ણ બનો તો જ અંદરથી પૂર્ણ બની શકશો.

બહારથી નિષ્ક્રિય બનો તો જ અંદરથી સક્રિય બની શકશો.

તમારે જગતને આધ્યાત્મિક દૃષ્ટિએ સક્રિય બનાવવું છે? તો તમે બાહ્ય દૃષ્ટિએ નિષ્ક્રિય બનો, અંદરથી જ સક્રિય બની જાઓ. તમારા આધ્યાત્મિક કેન્દ્રમાં ભયંકર આંદોલનો ઉત્પન્ન કરી દો. એ આંદોલનનાં વર્તુળો વ્યાપતા વ્યાપતા સમગ્ર જગતને આવરી લેશે. પછી જે પોતાનું કલ્યાણ ઇચ્છતા હશે એનું કલ્યાણ કરવામાં એ અસાધારણ ફાળો આપશે.

ફરી આ વાત ગોખી લોઃ નિષ્ક્રિયતા = સક્રિયતા.

સિદ્ધ ભગવંતોની સામે જુઓ. એ કશી જ દોડધામ કરતા નથી. સાવ જ નિષ્ક્રિય બનીને સિદ્ધશિલા ઉપર બેઠા છે. પણ એમના જેવા સક્રિય કોણ છે એ તો બતાડો? સમયે સમયે કેવળ જ્ઞાનાદિનો ઉપયોગ સતત ક્રિયાશીલ છે.

અને જગતના જીવોને પણ એ નિષ્ક્રિય ભગવંતો કેટલા સક્રિય બનાવી દે છે? સિદ્ધ ભગવંતોને એક જ ભાવથી નમસ્કાર! અને અનંત કર્મરાશિના ભુક્કા!

સાધના માર્ગે આવતાં વિઘ્નોના ચૂરેચૂરા! અને ઘોર સાધના માટે જરૂરી ધરબમ બળનું ગંજાવર ઉત્પાદન!

જે નમે તે તરે! અનેકોને તારે! અનેકોના રાગાદિ દોષોને મારે!

કેટલી પ્રચંડ તાકાત છે; સિદ્ધત્વના સ્વરૂપમાં; એ જરા તો વિચારો!

સૌથી વધુ પરહિત કરતા સિદ્ધ ભગવંતો સૌથી વધુ નિષ્ક્રિય તેઓ જ છે ને ? તો સૌથી વધુ સક્રિય પણ તેઓ જ બનાવે છે ને ! એક અંગ્રેજ લેખકે પોતાના પુસ્તકમાં લખ્યું છે.

"Steelness is Strength."

સ્થિરતા એ જ તાકાત છે.

ચંચળ જગતને આ વાત શે સમજાવવી ? જેટલી સ્થિરતા, જેટલી નિષ્ક્રિયતા એ જ તાકાત ! એ તાકાતમાં જ સમગ્ર વિશ્વને સક્રિય બનાવવાની આગ ધખી રહી છે.

તમે કદી વંટોળિયો જોયો છે ? વંટોળિયો અને તે ય ટાઈફુન ! દે દે કરતો–ઘૂમરીઓ લેતો–ડમરીઓ ઉડાડતો ગગનને ભરી દે ! ભયંકર સૂસવાટા સાથે એ સેંકડો માઈલોમાં ફેલાઈ જાય ! વડ જેવાં રાક્ષસી વૃક્ષોને ઘડીમાં ધરતીએ સુવડાવી દે ! માનવ જેવા બુદ્ધિમાન પ્રાણીને બેબાકળો બનાવી દઈને ઘરમાં બેસાડી દે.

સમુદ્રોનાં પાણીને ધરતી ઉપર ઢાળી દે !

નદીઓના પ્રવાહના વહેણ બદલી નાંખે ! રાક્ષસી સક્રિયતા ધરાવતા આ વંટોળની તાકાત શેમાં છે, તે તમે જાણો છો ?

એ તાકાત છે; એ વંટોળના ઉગમસ્થાનમાં ! એના મૂળ વર્તુળમાં ! કે જ્યાંથી એ વંટોળ ઉત્પન્ન થઈને ફેલાતો જાય છે.

આ મૂળ બિંદુ તદ્દન શાન્ત હોય છે. એની શાન્તિ એ જ એની બેડી તાકાત છે. એ મૂળબિંદુની નિષ્ક્રિયતા એ જ એ રાક્ષસી સક્રિયતાની જનેતા છે !

દે દે કરતો ઝીંકાતો વંટોળ માત્ર કાં જુઓ ! અને રજોગુણી કાં બનો ?

એના મૂળસ્થાનમાં ડોકિયું કરો ! એની નિષ્ક્રિયતાની ઠંડી તાકાતનું દર્શન કરો અને સત્ત્વગુણી બનો.

બેશક, સૂક્ષ્મબળનું જંગી ઉત્પાદન કરવા માટે અનાદિકાલીન

રજોગુણનું ચાંચલ્ય અને તમોગુણની આસક્તિને ધક્કો મારે જ છૂટકો છે; પણ એ સિવાય બીજો કોઈ ઉપાય પણ છે નહિ.

જગતને તારવા માટે જાતે તરવું જ પડશે. જાતે તરવા માટે એ ચાંચલ્ય અને આસક્તિને જબ્બે કરવા જ પડશે. આ મહાભગીરથ કાર્યમાં જે કાયર બને છે તે લોકો રજો-તમોગુણનો આધાર લઈને તમાચો મારીને મોં લાલ દેખાડવાનો પ્રયત્ન કરતા હોય છે.

સાધુઓ માઇકમાં બોલી શકે કે નહિ ? એ વિષયની વિચારણાની ભૂમિકા આપણે તૈયાર કરી. મને લાગે છે કે આ ભૂમિકાનું જ જો સારી રીતે અધ્યયન કરવામાં આવે તો જૈનદર્શનને માન્ય મોક્ષમાર્ગની સાધનાનો મર્મ હાથમાં આવી જાય. અને સાથે સાથે પરોપકારકરણ સ્વોપકારકરણમાં જ સમાયેલું છે એ વાત હૃદયમાં સારી રીતે ગોઠવાઈ જાય.

આજે જૈન ધર્મનો વિકાસ કરવાના વિચારો ગતિમાન થઈ ચૂક્યા છે. સહુ કહે છે કે હવે જો પ્રેસ અને પ્લેટફોર્મનું આલંબન નહિ લઈએ તો ધર્મનાં જળ ચાર દીવાલના ખાબોચિયામાં ભરાઈ રહીને ગંધાઈ ઊઠશે.

ધર્મવિકાસ માટે વિચારાતો આ ઉપાય ખૂબ જ સ્થૂલબુદ્ધિનો હોય તેમ જણાય છે. આવી વિચારણામાં સાધુઓ જો લલચાઈને અંજાઈ જશે તો તેઓ સ્વહિતકરણની સર્વોચ્ચ સાધનામાં પાંગળા બનશે. અને બાહ્ય જગતમાં સક્રિય બનવા માટે સજ્જ થઈ જશે. પછી તેમના અનુષ્ઠાનાદિ ધર્મો શિથિલ બનશે; એમનાં જીવનમાં આત્મનિરીક્ષણ મંદ બની જશે. એમને જાહેરજીવનમાં ફેંકાઈ જવું પડશે. એક વાર બહાર નીકળી ગયેલો સાધુ ફરી અંતર્મુખ બને એ વાત અત્યંત દુષ્કર બની રહેશે.

બહુમતીની નગણ્યતા

પ્રથમ તો ધર્મનો વિકાસ શું વસ્તુ છે ? એ વાત સમજવી પડશે. શું જૈનોના સંખ્યાબળની વૃદ્ધિમાં

એ વિકાસ છે ? કે જનોના જૈનત્વના વિકાસમાં એ વિકાસ છે ?

સંખ્યાબળમાં વિકાસનું સૂત્ર એ તો પશ્ચિમની ઘાતક સંસ્કૃતિનું ઝેરી સૂત્ર છે એને આપણે કયાં સ્પર્શી ગયા ?

આપણે તો એક સિંહને પકવીએ, લાખો શિયાળો ભેગા થઈને ય સિંહગર્જના કદી કરી શકે ખરા ?

ધર્મવિકાસ તો સ્વના શુદ્ધીકરણમાં જ છે. ભલે પછી તે એક, બે કે માત્ર પાંચ વ્યક્તિનું શુદ્ધીકરણ હોય.

ધર્મનો વિકાસ એની ગુણવત્તા (quality)માં છે, એની સંખ્યા (quantity)માં કદાપિ નહિ.

બીજી વાત.

તમે જાણો છો ને કે મોક્ષમાર્ગ કેટલો કઠિન છે ? એના આરાધકો આ કાળમાં ખૂબ જૂજ જ સાંપડવાના.

કેમકે અર્થ કામના આસુરી બળે માઝા મૂકી દીધી છે. અત્યારે તો સ્વધર્મની રક્ષા જ થઈ રહે તો ય ઘણું પામ્યા જેવું ગણાય. આ સ્થિતિમાં તો પ્રત્યેક મુમુક્ષુએ આત્માના અતળ ઊંડાણમાં ચાલી જઈને ત્યાં પલાઠી મારીને બેસી જવા જેવું છે. ત્યાં જ બેસો અને ત્યાં જ આધ્યાત્મિક કેન્દ્ર બનાવીને પ્રચંડ આંદોલનો ઉત્પન્ન કરો. જગતને જો કોઈ તારશે તો તે તમારી શુદ્ધિનું બળ જ તારશે. તે પણ નહિ તારી શકે એટલી હદ સુધીનું અધઃપતન જો આ જગતનું થઈ ચૂક્યું હોય તો હવે બીજું કોઈ પણ સ્થૂલબળ જગતને ઉગારી શકે તેમ નથી.

મરવા પડેલા જગતને સ્થૂલબળના કલોરોફોર્મ સુંઘાડીને જીવાડવાનો કોઈ અર્થ નથી. એટલો પ્રયત્ન સૂક્ષ્મબળમાં જગતના જીવોનાં હિતચિંતનમાં ફાળવવામાં આવે તો હજી પણ કાંઈક પરિણામ લાવી શકાશે.

સ્થૂલબળની અંજામણે અંજાઈ ગયેલો સાધુ એનો સહારો લઈને જગતનો ઉપકાર કરવા નીકળી પડે છે. પણ આ એક સુનિ-

શ્રેત હકીકત છે કે પ્રચારના સ્થૂલબળે જગતને પોતાની તરફ ખેંચવા મથતો કોઈ પણ સાધુ પોતાના જીવન સાથે જુગાર ખેલી રહ્યો છે. પ્રચારક સાધુ ઇચ્છે છે કે હું પાંચ-પચાસ માણસોને શાસનપ્રેમી બનાવી દઉં; પણ આ હુતુતુની રમતમાં સાધુ વિજેતા બનીને બહાર આવી શકતો નથી. પચાસને પોતાની તરફ ખેંચી લેવાની ભાવનાવાળો સાધુ પોતે જ સંસારીઓની અવ્વલ ભીંસમાં તણાઈને ખતમ થઈ જાય તો ? એનો નાલેશીભર્યો પરાજય શાસનપતિ ભગવાન મહાવીરના શાસનના ઘોર પરાજયમાં પરિણમતો જાહેર થાય.

શું કર્યું આ પ્રચારક બંધુએ ? બેહદ વિકાર ભરેલા વાયુમંડળ વચ્ચે ઓળઘોળ થઈ ગયેલા જગતને સ્થૂલબળે લાકડાની તરવારે તારી દેવાય ખરું ?

ભયંકર આગ લાગી છે. શમાવવાની ભાવના જાગી છે; પણ આજુબાજુ પાણીનો કોઈ જંગી જથ્થો નથી, બંબો નથી, બંબાવાળો ય નથી.... પણ પાણીની એક પિચકારી જરૂર પડી છે; એટલે શું એ પિચકારીમાં પાણી ભરીને દોડી જવું ?

શું પરિણામ આવશે ? જાતે પણ બળી મરવાનું કે બીજું કાંઈ ?

જેની પાસે સૂક્ષ્મનું બળ નથી એ આત્મા જગતની શાંતિ થાય એવી ભાવના માત્ર ભાવી શકે ! પણ ગમે તે સ્થૂલ સાધન ઉપાડીને આગ બુઝાવવા જવાનો એને કોઈ અધિકાર નથી. આમ કરવા જતાં સળગેલું તો શાંત નહિ જ થાય પરંતુ નહિ સળગેલું ય સળગવા લાગશે.

કોણ બનશે આ અઘોર પાપનો બંધક !

વળી આજનાં કાળના પ્રચારતંત્રનું માળખું કેવું છે તે જાણો છો ? પ્રચારની રીતરસમો જ એવા પ્રકારની છે કે તેને પનારે પડનારો સાધુ પ્રચારક બનીને સાધુતાથી જ પરવારી જાય. હજારો દિમાગો કે જેમના મગજમાં મોક્ષ અને ત્યાગનું જીવન ઊતરી શકે તેમ નથી

તેમને એ વાત ઠસાવતા પ્રાણ અધ્ધર થઈ જાય તેમ છે. અને તેમ છતાં ય એ વિલક્ષણ લોકો મોક્ષ અને મોક્ષમાર્ગની વાતોને મંજૂર તો નહિ જ કરે પરંતુ એની ક્રૂર મશ્કરીઓ ઉડાવશે.

આમ થશે ત્યારે અગીતાર્થ સાધુ જમાનાવાદી બનશે. લોકપ્રિય બનવા શાસ્ત્રવિધાનોને ફેરવી તોલશે. જમાનાના જૂઠા દ્રવ્ય–ક્ષેત્ર—કાળ–ભાવ લગાડશે અને ધર્મ ક્રાન્તિકારનું બિરુદ પામીને જાતનો ઝિંદાબાદ કરશે.

કેવી અધમાધમ ભાવના ! જગતને તારવા નીકળેલો જાતે ખાનપાન, માનપાન લઈને તગડો બન્યો ! અને મરી તો ગયો પણ ધર્મ-માર્ગના પરાપૂર્વના પડેલાં સુંદર ચીલા વેરવિખેર કરીને ઘોર પાપ બાંધતો ગયો !

સાધુ પ્રચારક જગતના ભોગરસિક લોકોને ધર્મભાવનાનો વિનાશ **નથી, પ્રભાવક છે** કરવો જ છે. એ માટે જ પ્રભાવક સાધુઓને એ બહાર ખેંચી લાવે છે "ક્રાંતિ"નું કાતિલ સુવર્ણ ખંજર એમને ભેટ કરે છે.

એક વાર સાધુ બહાર નીકળ્યો કે બલાસ. એના સાધુત્વનો ઓકડો ઊભી બજારે વધેરાઈ ગયો જ સમજો.

વીતરાગના મૂક સેવકને લોકસેવક બનાવનારાઓ વીતરાગધર્મની કેટલી ભયંકર આશાતના કરી રહ્યા છે એ વાત એમને કોણ સમજાવશે ?

હું પૂછું છું, 'સાધુ કોને કહેવાય ?' પ્રભાવકને કે પ્રચારકને ?

પ્રભાવકતા તો શાસ્ત્રોક્ત જીવન પદ્ધતિને ચુસ્ત રીતે વળગી રહેવાથી જ પ્રાપ્ત થાય છે.

પ્રચારકતા એ ચુસ્તતાના પરિત્યાગ પછી જ સિદ્ધ થનારી વસ્તુ છે.

હા, જરૂર, હજારોના કાન સુધી ધર્મસંદેશ પહોંચાડવો હોય

તો ષટ્કાયની વિરાધનાનું ઘોર પાતક બગાડનાર 'માઇક' મોંએ લગાડવું જ પડે ને? હજારો ધીમંતો અને શ્રીમંતો સમક્ષ મનપસંદ આકર્ષક વાતની રજૂઆત કરવા માટે છાપાંઓના, નવલિકા અને નવલકથાઓના આધુનિક વિજ્ઞાન, મનોવિજ્ઞાન વગેરેના સ્વાધ્યાય કરવા જ પડે ને? દિવસે મુલાકાતીઓ સમય લઈ જાય તો રાત્રે લાઇટમાં બેસીને પણ એ સ્વાધ્યાયનો અરઘટ્ટ ચલાવવો જ પડે ને? કદાચ ક્રિયાકાંડને અણારાઈએ મૂકવા પડે તો ય શું ખોટું? અપવાદ માર્ગે બધું જ થઈ શકે ને?

રે! મૂર્ખ પ્રચારક! શાસનદ્રોહી! જગતના ઉદ્ધાર કરવાની ભાવનાવાળો તું આટલો બધો ઉધાર નીકળ્યો કે તારા ધર્માનુશાસનને પણ તું બેવફા નીવડયો!

રે! વિશ્વાસઘાતી! જિનાજ્ઞાની પ્રતિજ્ઞાઓની યાદ પણ વિસરી ગયો! નિર્લજ્જ બનીને પ્રચારકનો વેશ પહેરીને નાચી રહ્યો છે?

શું તારા અંતરમાં આગ ભભૂકી ઊઠી છે; શાસનસેવાની?

જા, જા....નાદાન....એ આગ જાગી હોત તો તું અંતર્મુખ બનીને સૂક્ષ્મ બળનું જંગી ઉત્પાદન કરવા ગુરુચરણે ચાલ્યો ગયો હોત!

માઇકનું તે કેવું ઘેલું લાગ્યું છે? હજારો તરશે કે જિનશાસનના કઠોર સિદ્ધાન્તો સાંભળીને તેની ક્રૂર ઠેકડી ઉડાડીને કમોતે મરશે?

પાત્રતા વિના ધર્મોપદેશ આપવાનું કયા શાસ્ત્રમાં કહ્યું છે?

લોકરુચિ મુજબ ધર્મશ્રવણ કરાવવાનું કયા ગ્રંથમાં લખ્યું છે?

પરાપૂર્વના સુંદર ચીલા વેરવિખેર કરી નાંખવાનો અધિકાર કયા આગમગ્રંથે આપ્યો છે?

ઓ પ્રચારકો! યાદ રાખજો કે તમારી વિરાટ સભામાં આગમની વાતો જરા પણ શ્રદ્ધાગ્રાહ્ય ગણાવશો તો એ વિરાટસભા ઊભી થઈ જશે....બીજે દિવસે તમારી સામે ચકલાં જ ઊડતાં જોવા મળશે.

શ્રદ્ધાગ્રાહ્ય પદાર્થોનું વિવેચન જ બંધ કરશો તો તમે મોક્ષમાર્ગનું પ્રતિપાદન કરી શકશો જ નહિ. તમારે જગતને મનગમતા ધર્મની જૂઠી વાતો કરવી પડશે. શું તમને એ ગમતી વાત છે? તમારી કીર્તિમાં તમે ધર્મની અપકીર્તિ કરો, ધર્મનાં તત્ત્વોની સ્પષ્ટ રજૂઆત ન કરીને ધર્મનું ક્ષેત્ર સંકુચિત બનાવો; એ શું તમને મંજૂર છે?

ભોગરસિક જીવોની દુનિયામાં મોક્ષમાર્ગને સાંભળવાની જિજ્ઞાસા જ કેટલાની હોય? એ જિજ્ઞાસા ન હોય તો ય તમને મોક્ષમાર્ગ સંભળાવવાનો અધિકાર છે ખરો? અર્થ કામની વાતો કરીને પણ તમે ધર્મપ્રચારક બનવા તૈયાર છો?

ઓ પુણ્યવાનો! તમે કૃપા કરીને બહાર ચાલ્યા જાઓ અમારા ધર્મશાસનના વર્તુળમાંથી! અમારા ધર્મનું અનુશાસન પ્રચાર ઉપર ઊભતું જ નથી. અમે તો સૂક્ષ્મના બળ ઉપર જ ધર્માનુશાસન માનીએ છીએ. ધર્મ ઊભો છે પ્રભાવકતાના બળ ઉપર; પ્રચારકતાના પોકળ તંત્ર ઉપર કદાપિ નહિ.

પ્રભાવકતાની વેલડી ચડે છે; જિનાજ્ઞાની વાડ ઉપર.

ધર્મચુસ્તતાથી જેટલા બહાર નીકળાશે અને પ્રચારક બનીને ધર્મનેતા બનવાનો જેટલો પ્રયત્ન કરવામાં આવશે એ બધું ય પ્રચારકનું, ધર્મનું અને જગતનું નિકંદન કાઢવામાં જ પરિણમશે.

જિનાજ્ઞાના કાંટાળા રાહે પગ મૂકવા જેટલી તાકાત આજે પ્રાયઃ જોવા મળતી નથી, એથી જ જિનાજ્ઞાનું જીવન લોકોમાં ઓછી પસંદગી પામ્યું છે.

અને સાથે સાથે પેલા રજો–તમોગુણની બેલડી તો અંતરના એક ખૂણે બેઠેલી જ છે. એ પણ આત્માને સળી કર્યા જ કરતી રહે છે.

સાધુવેષ ધારણ કરીને સાધુતાનું જીવન ન જીવી શકાય એના જેવી બીજી દુઃખદ બિના કયી હશે?

અને જગતમાં આળસુ સાધુનું બિરુદ ન મળી જવાના ભયથી યુગદીપકનો અંચળો ઓઢી લેવામાં આવે એના જેવું અઘટિત કૃત્ય બીજું કયું હશે ?

'માઇક' એ પણ સાધુતાની આરાધનાથી થતી પીછેહઠનો ઢાંક-પિછોડો કરવા માટેનું અનન્ય સાધન હશે એમ કેમ ન કલ્પી શકાય ?

લોકરંજન થાય ! લોકસેવક બનાય ! નેતાઓ અને અભિનેતાઓ દોડ્યા આવે !

ભાઈને ખબર પણ ન પડે કે આ બધા ભેગા મળીને માનચાંદની લાકડી પગમાં ભરાવીને સાધુતાના વર્તુળમાંથી બહાર ઘસડી જવાનું ઘોર પાપ કરી રહ્યા છે !

ષટ્કાયની ઘોર વિરાધના જાણ્યા પછી પણ અપવાદ માર્ગે 'માઇક'નું અવલંબન લેનાર પ્રચારકને એ અપવાદમાર્ગ કયાં સુધી તાણી જશે ? પછી એ જ અપવાદમાર્ગે એ પ્લેઇનમાં બેસીને અમેરિકા પણ જશે, ધર્મપ્રચાર કરવા ! ઓલ ઇન્ડિયા રેડિયો ઉપર વાર્તાલાપ યોજશે, ધર્મનો પ્રચાર કરવા !

નેતાઓએ એને આપેલા ક્ષેત્ર (field)માં જવાની લાલચ નહિ રોકી શકવાના કારણે દેશની ખટપટોમાં ય દોડશે ! રે ! નેતાઓ કાનમાં ફૂંક મારશે, "સંતતિનિયમનનો જૈનોમાં પ્રચાર કરી દે ને ? તમને ખૂબ ખ્યાતનામ બનાવી દઈશ." આટલું સાંભળતાં જ એ બિરાદર સંતતિનિયમનનો ઉપદેશ આપશે. સાધનો ! ઓપરેશનો ! ઇનામોની આકર્ષક વાતો રજૂ કરશે ! ! !

અને છેવટે કોઈ સામાજિક કાર્ય—ખાદીભંડાર, ઉદ્યોગમંદિર સમાજસુધાર વગેરે ખાતાનો અધ્યક્ષ બનીને સલામ કરી જશે; ધર્મને અને ધાર્મિકતાને સદા માટે !

તમે શાસ્ત્રોક્ત જીવનપ્રણાલીથી એક કદમ બહાર જાઓ એટલી

જ વાર. પછી આખું ય અંગ ત્યાંથી બહાર નીકળી પડ્યા વિના રહી શકે તેમ નથી.

જુદા જુદા ધર્મોના ધર્મગુરુઓની સ્થિતિ જુઓ ! એ લોકો ધર્મગુરુ મટીને લોકગુરુ બની ગયા ! ધર્મનેતા મટીને લોકનેતા બની ગયા !

જગતને જરૂર છે; વગર પૈસાએ પોતાના કામ કરી આપનારાઓની ! એ માટે થોડુંક માનપાનનું પ્રલોભન આપી દેવા એ ધરાર તૈયાર છે !

જે ધર્મગુરુઓ આ પ્રલોભનમાં ફસાયા એ બધા ય સ્થૂલબળના સર્જક બન્યા ! સૂક્ષ્મબળના વિસર્જક બન્યા !

સુવિશુદ્ધ આચાર ધર્મને પાળવાની કાયરતામાંથી સ્થૂલબળનો આશ્રય લેવાનું ઘોર પાપ ઊભું થાય છે.

કેટલીક બાબતોથી ધર્મનો જે વિનાશ થાય છે, એ એટલો બધો ભયંકર હોય છે કે એ વિનાશનું દર્શન કરતાં તો એમ કહી દેવાનું દિલ થઈ આવે છે કે એવા કાયરોએ વેષ મૂકીને સ્થૂલ સંસારમાં ચાલ્યા જવું વધુ હિતાવહ છે. જો આવા લોકો ધર્મનેતૃત્વ લઈને સ્થૂલબળોનો આશ્રય લે તો અનેક ભોળા જીવો એની પાછળ દોરવાઈ જઈને ક્રૂર પાપકર્મોના બંધ કરીને દુર્ગતિમાં ચાલ્યા જાય. આ કેટલો ભયંકર વિનિપાત છે ?

ફરી કહું છું કે જગતને તારવું જ હોય, જગતને તારવાની સાચી ભાવના હોય તો લાકડાની સ્થૂલ તલવાર લઈને નીકળી પડવા કરતાં ઘરમાં જ બેસી જાઓ.

એવા કોઈ પવિત્ર સ્થાનમાં બેસી જઈને આપણે એવું પવિત્ર જીવન બનાવીએ કે જેથી જીવનની એકેકી પળમાંથી સૂક્ષ્મબળનું જંગી ઉત્પાદન થતું જ રહે. આપણા ચતુર્વિધ સંઘનો દરેક સભ્ય–૮ વર્ષની બાલિકાથી માંડીને ૮૦ વર્ષની બુઢ્ઢી અને આખા ય ગચ્છની

ભક્તિમાં રમમાણ રહેતા વૈયાવચ્ચી સાધુથી માંડીને સમર્થ વિદ્વાન સાધુ—બધા ય અંતર્મુખ બનીએ. જિનાજ્ઞાની વફાદારીને જીવંત રાખીને જ કોઈ પણ વિચારને ચિત્રમાં પ્રવેશ આપીએ.

ભલે કદાચ તેમ કરતાં આપણી કેટલીક સ્થૂલ ઘરવખરી લૂંટાઈ જાય, પણ જો આપણી પાસે સૂક્ષ્મનું વિરાટ સૈન્ય તૈયાર થશે તો દેવોને નીચે ઊતર્યે જ છૂટકો છે! આપણી સેવામાં ઉપસ્થિત રહીને એમણે જ દટાયેલા અમૂલ્ય જ્ઞાનભંડારો ઉઘાડી આપવા પડશે, એમણે જ સત્તાધારીઓને ધર્મસન્મુખ બનાવવા પડશે, તેઓ જ ધર્મદ્રોહીઓનો વિનાશ કરશે.

જો આ વિચારને આત્મસાત્ નહિ કરીએ તો બેશક જોખમી પ્રચારક બનીને જ રહીશું. એ પ્રચારકતા સઘળી ધાર્મિકતાનો વિનાશ કરશે. પછી કદાચ પ્રચારના પ્રભાવે બે–પાંચ મંદિરો કે ૫–૫૦ જૈનો જન્મ પામે તો ય તેનું મૂલ્ય શું? ધાર્મિકતા વિનાના ધર્મની અને ધર્મસ્થાનકોની કોઈ કિંમત નથી.

વિવિધ બાબતોને અનુલક્ષીને જે ભૂમિકા થઈ તેને જો સારી રીતે વિચારવામાં આવશે તો જીવનનું અંગ બની ચૂકેલી અનિચ્છનીય પ્રવૃત્તિઓ દૂર કરવાનો સંકલ્પ જાગશે અને નવી અનિચ્છનીય પ્રવૃત્તિ જીવનમાં ન પેસી જાય એની તકેદારી પણ રહેશે.

માઇક વગેરેના યંત્રવાદનો પવિત્ર સંસ્થાને સ્પર્શ

યંત્રયુગના જમાનાની ઘણી આભડછેટ રાખવા જતાં ય એ યુગ જાણ્યે અજાણ્યે પણ પવિત્ર સંસ્થાને અડી ગયો છે.

ખેર.... પણ હવે.... નવી અડાઅડી ન થઈ જાય એની તો કાળજી રાખવી જ રહી ને?

એક વાર સતીત્વનો ભંગ થાય એટલે એ સ્ત્રીને પુનઃ પુનઃ પણ અશીલ સેવન કરવાની મંજૂરી મળી ન જાય. એક રોગવાળાને હવે બેદરકારીથી જીવીને ગમે તેટલા રોગો ઉત્પન્ન કરવાનું લાઇસન્સ મળી જતું નથી.

એક વાર દીવાલમાં ચિરાડ પડી એટલે એ દીવાલમાં બીજી ચિરાડ સ્વયં પાડવાનો અધિકાર કોઈ ને પ્રાપ્ત થઈ જતો નથી.

અધિકાર તો માત્ર ભૂલ સુધારવાનો અને નવી ભૂલ ફરી ન થવા દેવાનો.

એમાં ય 'માઇક'ના ઉપયોગનું પાપ તો એટલાં બરાબ દૂરગામી પરિણામો લાવનારું જણાય છે કે તેના માટે તો વિશેષ સાવધાન રહેવાની જરૂર જણાય છે.

માઇકમાં બોલનારને મુહપત્તિનો ઉપયોગ અસંભવિત બને છે. માઇક દ્વારા દેશના સાંભળનાર વક્તાની નજર બહાર રહીને, રસ્તા ઉપર ઊભો રહીને ય શ્રોતા સાંભળી શકે. પાન ચાવતો કે હોટલમાં બેસીને ચા પીતો પણ સાંભળી શકે, પત્ની જોડે ગમ્મત કરતો ય સાંભળી શકે.

શું આવી રીતે પણ ધર્મદેશના સાંભળી શકાય ખરી? આ અંગે કોઈ શાસ્ત્રીય વિધિ છે કે નહિ? દેશના અને તે ય મોક્ષમાર્ગની દેશના! લેશ પણ ગાંભીર્ય વિના એને સાંભળવામાં આવે તો એ મહા અનર્થ કરી દે. ગમે તે સ્થિતિમાં રહીને સાંભળવાની અવિધિ અત્યંત ખતરનાક નીવડી જાય. દરેક ક્રિયા વિધિયુક્ત હોય તો જ ફળે છે.

વળી શાસ્ત્રમાં મોક્ષમાર્ગની વાતો પણ ગમે તેને સંભળાવવાનું ક્યાં કહ્યું છે? અધિકારી વિના વળી શ્રવણ શેનું?

દૂધ ગમે તેટલું સારું હોય છતાં એના અનધિકારીને સંગ્રહણીના રોગીને માટે તો એ નર્યું ઝેર જ છે.

એક તો ડાહ્યો વૈદ્ય મને દેખાડો કે ગમે તેને ગમે તે વસ્તુનું સેવન પથ્ય જ કહેતો હોય!

તો મોક્ષમાર્ગની દેશના 'માઇક' દ્વારા ગમે તે હજારો લોકોને સંભળાવી કેમ શકાય? આ તે તેમના પ્રત્યેની કરુણા છે કે ક્રૂરતા?

આમાં ય ખરેખરી હાસ્યજનક વાત તો એ છે કે આજે ઉપા-

શ્રયના હોલ પણ ભરાઈ–ઊભરાઈ જતાં જોવા મળતા નથી. કેમકે લોકોને અર્થ કામ જોઈએ છે. મોક્ષ નહિ....તો પછી માઇક દ્વારા હજારોને સંભળાવવાની વાતોને માત્ર મધૂરું સ્વપ્ન જ કહેવું ને?

કદાચ કોઈ વિરાટ સભા પૂરતો જ માઇકનો ઉપયોગ કરવાનું મર્યાદિત સૂચન કરશે, પણ એક વાર ઉપયોગ ચાલુ થયા પછી એની મર્યાદાઓની જાળવણીનું કામ આજની નિર્નાયક સંધસ્થિતિમાં અતીવ દુષ્કર બની રહેશે.

પછી તો દસ માણસોની સભામાં ય 'માઇક' વિના નહિ ચાલે. તદ્દન સામાન્ય સ્થિતિના વક્તાઓ પણ 'માઇક' પહેલું માંગશે.

એ દૃશ્ય કેવું ઊઠશે? જાણો છો? આજે ભાગવતકથાઓના શ્રવણ ચાલે છે ને? સભામાં સાત માણસ હોય અને કથાકાર 'માઇક' પકડીને ચોગરદમ અવાજ ફેલાવી રહ્યા હોય! કેટલા બેહૂદા દૃશ્યની આ નીપજ છે?

સુધારકોની દુનિયાને આ બધા 'ફિયાસ્કા' જોવા જ નથી અથવા તો જાણી–બૂઝીને જ આવું તોફાન કરાવવું છે?

શું એમને એ વાતની ખબર જ નથી કે આ યુગ અર્થ કામની ભયંકર આસક્તિનો યુગ છે?

શું એમને એ વાતની ખબર જ નથી કે આવા યુગના શ્રોતાઓને મોક્ષમાર્ગની દેશના સાંભળવાનું ગમતું જ હોતું નથી? છતાં જો તેઓ દેશના સાંભળવામાં આવશે તો કુતૂહલ આદિથી પ્રેરાઈને જ આવશે.

આવી રીતે આવેલા લોકો ધર્મનાં ગહન તત્ત્વોને પામશે કે એ તત્ત્વોની મશ્કરી ઉડાવશે? બેશક, એમની મશ્કરીથી તત્ત્વજ્ઞાન નમાલું સાબિત થતું નથી.

એ તો જે ગધેડો હોય તેને સાકર ન જ ભાવે, પણ તેથી કાંઈ સાકર સાકરનું સ્વરૂપ છોડી ન દે; અને એવા અછતા દોષ કાઢનાર ડાહ્યો માણસ ન નહિ જ કહેવાય.

એવા કુતૂહલીઓ જ્યારે મોક્ષ, સ્વર્ગ વગેરેને અનુલક્ષીને પ્રશ્નો કરશે ત્યારે જો મોક્ષમાર્ગનો આરાધક સાધુ તે વાતને શાસ્ત્રોક્ત રીતે શ્રદ્ધાગમ્ય કહેશે તો એ બંદાઓ હુરિયો બોલાવીને ઊભા પણ થઈ જાય તો ય નવાઈ નહિ.

તો શું સર્વથા શ્રદ્ધેય પદાર્થને તર્કગમ્ય બનાવવો ? ના, જરા ય નહિ. એમ કરવું એ પાપ છે !

'પોતાનાં મા અને બાપ અમુક જ સ્ત્રી-પુરુષ છે બીજાં કોઈ નથી.' એ વાતને સંપૂર્ણ શ્રદ્ધાથી જ સ્વીકારી લેનારાઓને પણ મોક્ષાદિ પદાર્થોમાં શ્રદ્ધા જ ન કરવી હોય તો તેવાઓને માટે ધર્મ-દેશના છે જ નહિ.

આમ માઇકથી દેશનાદાન કરવામાં સ્વ-પર ઉભયના અગણિત અહિતો છુપાયેલાં છે. સ્વને બાહ્ય વાંચનાદિથી ખૂબ તૈયાર થઈ જવા માટે અભ્યન્તર સૂક્ષ્મબળના ઉત્પાદનની સાધનામાં શિથિલ બની જવાનું અહિત, અને પરને અનધિકારિતાને કારણે દૂધ દઈને ઝેર બનાવવાનું પાપ કરવાનું કારમું અહિત.

એક વાર માઇકના પાપને સ્પર્શી પછી એ જ માઇક-પ્રેરકો બીજી આકર્ષક યોજના રજૂ કરશે....પરદેશોમાં જાઓ, વિમાનોમાં ઊડો.... જૈન ધર્મને વિશ્વધર્મ બનાવવા તૈયાર થાઓ....

તમે આનાકાની કરશો અને કદાચ કહેશો કે પ્લેઇનમાં ષટ્કાયની વિરાધના થાય માટે ન બેસાય.... એટલે ઝટ તમારા કપાળે પેલું માઇક ફટકારીને એ જ માણસો કહેશે કે, "તો શું આમાં ષટ્કાયની વિરાધના નથી ? માટે એવી નાની નાની વાતો પ્રત્યે આંખ મીંચી દો. ધર્મ ભયમાં છે, ધર્મ ગૂંગળાયો છે; ચાર દીવાલોમાં ! તમે ક્રાંતિ કરો....બહાર કાઢો ધર્મને; ઉપાશ્રયની કાળમીંઢ દીવાલોમાંથી."

યાદ રાખજો....શાસ્ત્રની સેવા છોડીને તમે એક વાર પણ ભોગ-

રસિક ગૃહસ્થોની સેવામાં પડ્યા તો પછી એ ગુલામીની ધૂંસરી તમારા ગળેથી કદી ખસવાની નથી. સાધુ જેવા સાધુએ પરાધીનતાની અત્યંત દયામણી સ્થિતિમાં જીવ્યે જ છૂટકો છે.

ગુરુ મટીને સેવકના ગુલામ બનવું એના જેવી નામદાંઈ કયી હશે; આ વિશ્વમાં ? રે ! ચલાવી લઈશું છાશ ને રોટલા ! નથી જોઈતા આલિશાન ઓટલા અને ભેટસોગાદનાં પોટલાં ! જો ભેખ લીધો છે જાત કાજે, તો પ્રથમ જાતની સુરક્ષા જિનોક્ત જીવનપદ્ધતિથી મજબૂત બનાવી લઈશું. પછી એ જ સૂક્ષ્મબળ જગતની સુરક્ષા આપમેળે કરી લેશે...કદાચ શાસ્ત્રીય જીવનપદ્ધતિ અપનાવવા જેટલી તાકાત નહિ પામીએ તો ય સ્થૂલબળનાં પ્રલોભનોમાં અંજાઈ જઈને સર્વહિતકર પરમાત્મ-શાસનની દૃઢભૂમિમાં સુરંગો ગોઠવવાનું હિચકારું પાપ તો કદી નહિ કરીએ. ભોગરસિક આત્માઓની લોભામણી વાતોમાં લલચાઈને માન-પાનના ભવ્ય જીવન જીવવાનું આકર્ષણ થઈ જવાનો સંદેહ પણ જાગશે; ત્યાં જ ઝેરની એક પડીકી આરામથી ફાકીને અરિહંતોના અને સદ્ગુરુઓના શરણે સદા માટે સૂઈ જવાનું વધુ પસંદ કરીશું.

કોઈ અંજાશો નહિ; બીજાઓની ભરાતી સભાઓથી અને ઊભરાતી ટોકીઝોથી...

યાદ રાખજો થર્ડક્લાસના ડબ્બામાં હંમેશ ગિરદી રહેવાની.... ફર્સ્ટક્લાસના ડબ્બામાં ગિરદી ન પણ હોય....

જ્યાં ભારે ભીંસ દેખાય તેને થર્ડક્લાસ સમજીએ તો મદ્દલ ખોટું નથી. મોક્ષમાર્ગની દેશનાની ફર્સ્ટક્લાસ સભામાં સંખ્યા ઓછી રહે તે જ તેને માટે ગૌરવરૂપ છે. હા, એ જ દેશનાને અર્થકામના દોરાધાગાની દેશનાનો થર્ડક્લાસ કોઈ બનાવે છે તો ત્યાં વળી પાછી ભોગભૂખી ભિખારી જનતા ઊભરાઈ જ જાય છે.

આવી અર્થકામ દેશનાઓના તો રાફડા ફાટ્યા છે રાફડા. ત્યાં દોડધામ મચી છે, મોટરોની કતારો ત્યાં જ લાગે છે, ખમા...ખમા... ત્યાં વિશેષ થઈ રહ્યા છે.

સાચા આરાધકો ! તમે તેથી જરા ય અંજાશો મા ! સ્થૂલ-બળના એ ચમકારા લાંબુ જીવવાના નથી. ચોમાસાનાં અળસિયા જન્મે ય જલદી અને મરી પરવારે ય જલદી.

આપણે તો મોક્ષમાર્ગના આરાધકો પકવવા છે. માત્ર સેવકો નહિ પણ સૈનિકો અને સેનાપતિઓ પકવવા છે.

સેનાપતિની સ્કૂલમાં કેટલી સંખ્યા હોય ? સૈનિકોની સ્કૂલમાં હોય તેટલી ? ના, જરા ય નહિ. ભજિયા-ભૂંસાની દુકાનવાળાને ત્યાં લાગેલી ભીડ જોઈને ઝવેરાતનો વેપારી કદી અકળાઈ ઊઠતો નથી. કેમકે કે એ સુજ્ઞાત હોય છે એ વાતથી કે એની ભીડમાં ય માલ નહિ અને એના વકરામાં ય સાર નહિ.

હવે તો વાતનું વતેસર થઈ ગયું. ભલે થયું.

આ વિચારણા આત્મસાત્ થાય અને સૂક્ષ્મબળની આરાધનાની વિરાટ શક્તિનું ભાન થાય તો વાતનું વતેસર થયેલું પણ ગુણમાં જ ખપશે.

જો આ વાત ધ્યાન ઉપર નહિ જ લેવામાં આવે તો વ્યવસ્થિત રીતે ચોક્કસ ગણિતપૂર્વક ફેલાવવામાં આવેલો જમાનાવાદનો પવન આરાધકોના આત્માને અવશ્ય શરદી લગાડી દેશે; આરાધનાનો અગ્નિ ઠંડો પાડી જ નાંખશે. એક વાર સ્થૂલ બળની વિરાટ તાકાતના પ્રચારમાં અંજાઈ જનાર આત્મા સૂક્ષ્મબળની ઉત્પાદકશક્તિમાં શંકા કરવા લાગી જશે. પછી માનવીય પરિબળ એના અધ્યાત્મબળને ઢીલું પાડી જ દેશે.

પરિણામ ?

પરિણામમાં જાતને કદાચ માનચાંદ મળશે પણ સર્વહિતકર શાસનની ઈમારત ફરી એક વાર હચમચી ઊઠશે. એની અનેક કાંકરી ખરી પડશે. એની પોલાદી દીવાલોમાં તિરાડો પડી જશે.

કોઈ ના કરશો આવું પાપ ! બે માનચાંદ ઓછા મળે તો ચલાવી લેજો, પણ સર્વના શ્રેયની મંગળમયી સાધના અર્પતા શાસનની

ઇમારતને અજાણતાં ય હચમચાવવાનું પાપ પણ કરી ન બેસજો. તમારે જાતનું અને જગતનું કલ્યાણ જ કરવું છે ને ? તે માટે જ સ્થૂલબળોના ઉપયોગનો અખતરો કરવાની વાત કરો છો ને ? પણ એ અખતરો ન બાતાં ખતરો જ બની જવાનો છે. એના કરતાં સ્વપર-સર્વ-નું હિત કરતાં સૂક્ષ્મબળની વિરાટ તાકાતનું ઉત્પાદન કરવામાં જ સઘળી શક્તિ કેમ કામે ન લગાડી દેવી ?

ધર્મબુદ્ધિથી કરાતા પરોપકારના ધર્મો પણ ધર્મનો વિનાશ વેરે છે એ વાત 'માઇકવાદ'થી બરોબર સમજાઈ જાય છે ને ?

સમય તો એવો આવી લાગ્યો છે કે આજના વગર માઇકના કેટલાક વક્તાઓમાં અને શ્રોતાઓમાં પણ જે અનધિકાર વ્યાપ્યો છે તેને ધ્યાનમાં લઈને બધે જ કાપકૂપ કરતી કામરાજયોજનાને અમલમાં મૂકવાની જરૂરિયાત ઊભી થઈ છે. આવા સમયમાં 'માઇક'ને લાવીને અનધિકૃત દેશના અને અનધિકૃત શ્રવણની બદ્દી વધારી દેવાની યોજના તો વિચારી જ કેમ શકાય ?

અભ્યન્તરશક્તિના અનામત જથ્થા વિનાની માઇકની યોજના એટલે આધ્યાત્મિક વિશ્વમાં બેસુમાર કુંગાવાની સ્થિતિને સાદર-સપ્રેમ નિમંત્રણ ! કયો ડાહ્યો માણસ એમાં સાથ આપશે ?

સ્થૂલ ધર્મબુદ્ધિથી પરોપકારની યન્ત્રાવલમ્બી ક્રિયાઓમાં ધર્મ માનવા જતાં કેટલો ભયંકર ધર્મવ્યાઘાત થઈ શકે છે એ ઉપર આપણે 'માઇકવાદ' યોજીને વિચાર્યું.

સાધ્વીઓનું પુરુષોની સભામાં વ્યાખ્યાન :

હવે સાધ્વી વ્યાખ્યાન પ્રવૃત્તિમાં સ્થૂલબુદ્ધિથી મનાયેલા ધર્મની વિચારણાને માત્ર આપણા વર્તુળની દૃષ્ટિથી નજર સામે લાવીએ.

આ વિચારણાને પુષ્ટિ આપનારાઓનો મુખ્ય મુદ્દો પૂર્વોક્ત રીતે ધર્મપ્રચારનો જ છે. એની સાથે સાથે એમને લાગતા નવરાધૂપ કહેવાતા સાધ્વીજીવનને સક્રિય બનાવવાનો મુદ્દો પણ છે.

આ મુદ્દાનો જે જવાબ આપણે આપવો છે તે માઇકવાદની ભૂમિકામાં જ ઘણોખરો આવી જાય છે. હવે આ પ્રવૃત્તિના સીધા દોષોની જ વિચારણા કરવાનું બાકી રહે છે.

પ્રથમ વાત તો એ છે કે આપણા શ્વેતામ્બર મૂર્તિપૂજક તપાગચ્છ આમ્નાયમાં [આને અનુલક્ષીને જ આ ચર્ચા સમજવી.] સામાન્યતઃ વિજાતીય તત્ત્વ બાજુ પર બેસે અને પુરુષ–વ્યક્તિ વ્યાખ્યાન કરે એવું જ હાલ તો જોવા મળે છે. વસ્તુતઃ શાસ્ત્રીય વાચનાપદ્ધતિ તદ્દન જુદી છે, જેની અત્રે ચર્ચા કરવી નથી.

પ્રશ્ન એટલો જ છે કે સાધ્વીઓ પોતાની બાજુની સાઇડ ઉપર પુરુષોને બેસાડીને, સ્ત્રી સભામાં વ્યાખ્યાન કરી શકે કે નહિ ? અને પોતાની સામે જ પુરુષોને બેસાડીને વ્યાખ્યાન કરે તો પણ વાંધો ખરો, કે નહિ ? આ પ્રશ્નોની સામે શાસ્ત્રીય મુદ્દાઓ શું છે તેની છણાવટમાં અહીં ઊતરવું નથી. જો શાસ્ત્રો જ આ પ્રશ્નોનો હકારમાં જવાબ આપતાં હોય તો આપણે કોઈ ચર્ચા કરવી જ નથી. પણ જ્યારે એવી સમજણ છે કે શાસ્ત્રાનીતિ આવા વ્યાખ્યાનની તરફેણ કરતી નથી અને જ્યારે નજર સામે કાળ પણ એવો દેખાવ છે કે જેની તરફ જોતાં આ નવી પ્રણાલી પાડવામાં જોખમો દેખાય છે ત્યારે જ આ ચર્ચા હાથ ધરી છે.

આ વિષયમાં સ્પષ્ટરૂપે એમ કહીએ તો તે કદાચ ગીતાર્થોને અમાન્ય નહિ બને કે સ્ત્રીઓની જ સભામાં સાધ્વીઓ પોતાની મર્યાદા-પૂર્વક ઉપદેશ આપી શકે. એમની સભામાં પુરુષ ક્યાં ય ન બેસે તે જ સુંદર ગણાય.

આ વિધાન ઉપરથી એક વાત નક્કી થઈ જાય છે કે સાધ્વીઓને પણ સ્ત્રીસભામાં ઉપદેશ માટે જબરદસ્ત તૈયારી, આરાધના અને ગુરુ પારતન્ત્ર્ય તો કેળવવું જ પડે. આટલું જે કરે છતાં ' તે નવરાધૂપ બેસી રહે છે, માટે તેમને પુરુષોની સભામાં પ્રવચન કરવાની છૂટ મળવું જોઈએ ' એમ કોઈ દાવો કરતો હોય તો તે તદ્દન ખોટો છે.

વ્યાખ્યાન સભામાં પુરુષોની સંખ્યા હંમેશા જૂજ રહેતી હોય છે, એટલે એમની સંખ્યા મળવાથી સભામાં ધરખમ વધારો થઈ જતો નથી.

બીજી વાત એ છે કે પુરુષોની સભાનો આગ્રહ શા માટે રાખવામાં આવે છે? શું સાધ્વીઓ પોતાની સજાતીય સ્ત્રીને અલ્પબુદ્ધિવાળી માને છે? શું એમને ઉપદેશ દેવાથી કોઈ નક્કર લાભ થાય તેમ નથી એવું તેમનું મંતવ્ય છે? શું સ્ત્રીઓ ધર્મકાર્યમાં પૈસા ખર્ચી ન શકે એમ તેઓ માને છે? આ બધા મંતવ્ય તદ્દન ખોટાં છે. આજની સ્ત્રીઓને, કુમારિકાઓને અલ્પબુદ્ધિ કેમ કહેવાય?

સ્ત્રી તો ગૃહપ્રધાન કહેવાય છે. પતિ ઉપર અને બાળકો ઉપર મુખ્યત્વે એનું જ વર્ચસ્વ હોય છે. આ બન્ને ય ઉપર એ ધારે તે અસર પાડી શકે, એમની પાસે ધારે તે કામ કરાવી શકે.

સ્ત્રીને જો સાધ્વીઓ ઉપદેશદાન દ્વારા સંસ્કારિત કરી દે, એના અંતરમાં જો વીતરાગ ધર્મ ઠસાવી દે તો એ જ સ્ત્રી ઘરમાં પોતાના પતિને અને પોતાનાં બાળકોને સંસ્કારિત બનાવશે.

રે! યુગપ્રધાન મુનિવરની પણ જન્મદાત્રી તો સ્ત્રી જ હોય છે. રત્નકુક્ષિ તો સ્ત્રી જ બને છે ને? પુરુષ તો નહિ જ ને?

તો આ સ્ત્રીવર્ગમાં જ ધર્મના સંસ્કાર રેડવામાં આવે તો એ માતાઓના લોહી ધર્મસંસ્કારથી વાસિત થાય. એ લોહીનાં બુંદમાંથી જે બાળકનો જન્મ થાય એ કેટલો સંસ્કારિત થાય?

માતાનું લોહી, માતાનું શિક્ષણ અને માતાની કેળવણી જ બાળકના જીવનઘડતરમાં બહુ મોટો ભાગ ભજવે છે.

ભારતનું દરેક ઘર પાઠશાળા બની શકે છે, જો દરેક માતા સુશિક્ષિકા બને તો. પણ આ માતાઓને સુશિક્ષિકા બનાવશે કોણ? સાધુઓ? ના, નહિ જ. એમનાથી એ જોખમી ક્ષેત્રમાં જવાય જ નહિ. વિજાતીય પરિચયથી જ શક્ય એવો મોટામાં મોટો ધર્મ-લાભ પણ

જતો કરી દેવો જ રહ્યો. જાતને ખોવડાવીને કોઈને બચાવી લેવામાં જૈનશાસન ધર્મ જ માનતું નથી.

એટલે સ્ત્રીસંસ્થાને સંસ્કારી–માતાઓ બનાવવાનું કાર્ય તો સાધ્વીઓ જ કરી શકે. મોક્ષમાર્ગનો ઉપદેશ આપીને એ માતાઓના અંતરમાં એમનાં બુંદેબુંદમાં સંસારનાં સુખો પ્રત્યેના વિરાગની ઉષ્મા એ જ ભરી શકે.

કુમારિકાઓને સાધ્વી બનાવે, છેવટે સુશ્રાવિકા બનાવે....અને પરિણીતાઓને સંસ્કારી શ્રાવિકા બનાવે.

આ કાર્યક્ષેત્રનું વર્તુળ શું નાનુંસૂનું છે? સાધ્વીસંસ્થા જો આ કાર્યક્ષેત્ર ઉપાડી લે અને જ્યાં જાય ત્યાં–ગામે ગામ–બહેનોને મોક્ષ-માર્ગનો બોધ આપે તો કેટલી બહેનોનાં જીવન સુધરે? એ બહેનો પોતાના ઘરને સંસ્કારથી કેવું સુવાસિત બનાવે? ઘરઘરનું બાળક સંસ્કારી બને, ઘરઘરનો નાયક–પુરુષ ધર્માત્મા બને.

જે કાર્ય આજે સાધુઓ વ્યાખ્યાન આપીને નથી કરી શકતા એ કાર્યસિદ્ધિ કદાચ સાધ્વી કરી શકે.

પણ તે માટે તેમણે પ્રથમ તો જાતનું જીવન ઘડવું પડશે. ગુરુ-ભક્તિ, અપૂર્વ સ્વાધ્યાય અને તપ–ત્યાગમય જીવનના ૩ પાયા ઉપર ઊભતું જીવનચણતર જ પાકું ઘડતર પામી શકે; જો પરહિતની આગ અંતરમાં જલતી હોય તો સ્વહિતને મજબૂત બનાવવું જ રહ્યું. સાધ્વી-ઓનું આ કાર્યક્ષેત્ર જ્યાં સુધી જીવંત બનશે નહિ, જ્યાં સુધી માતાઓ બનનારી શ્રાવિકાના લોહીમાં ધર્મના સંસ્કાર વ્યાપશે નહિ, ત્યાં સુધી ધર્મનું વાસ્તવિક ઉત્થાન અસંભવિત રહેશે.

વેપારમાં જ ગળાબૂડ રહેતા પુરુષવર્ગને સાધુ તૈયાર કરી શકે તે સ્થિતિ આજે રહી નથી. વર્તમાનકાલીન પ્રભાવ પ્રાયઃ ક્ષણુજીવી જોવા મળે છે.

હવે પ્રશ્ન એક જ રહે છે કે સ્ત્રી–પુરુષની મિશ્રસભામાં સાધ્વી વ્યાખ્યાન કેમ ન વાંચી શકે? સાધુને એની છૂટ કેમ મળી ગઈ છે?

આનો ઉત્તર મારે જ અંગત રીતે આપવાનો હોય તો હું તો એમ કહી દઉં કે વર્તમાનકાળની ભોગવિલાસની ઝેરી હવા જોતાં કેટલાક સાધુઓને પણ મિશ્રસભામાં પ્રવચનો કરવાનું બંધ કરાવી દેવું જોઈએ. સાધુઓની સભામાં માત્ર પુરુષો હાજરી આપે અને શ્રાવિકાઓ તથા સાધ્વીઓ–અન્ધા ય–વિદુષી સંયમિની સાધ્વીની જ દેશનામાં જઈ શકે.

આ બન્નેય વિભાગોને જુદા પાડી દેવામાં આવે એ જ આજે જરૂરનું લાગે છે. એટલું જ નહિ પણ બીજી પણ કેટલીક બાબતો સાધ્વીઓ પ્રવર્તિની સાધ્વી પાસે જ કરે તેવો નિર્ણય પણ શ્રમણસંઘે લેવો જોઈએ એવી નમ્ર સમજ છે.

છતાં કોઈ એવો પ્રશ્ન કરે કે બેયની મિશ્રસભામાં વધુ જોખમ ક્યાં? તો હું એનો ઉત્તર શાસ્ત્રોક્ત માનસશાસ્ત્રની દૃષ્ટિએ એવો આપું કે સાધ્વીની મિશ્રસભામાં જોખમોનો સુમાર નથી, જેટલો કદાચ સાધુની મિશ્રસભામાં નહિ હોય.

આવું વિધાન કરવામાં બે વાત નજર સામે આવે છે:

(૧) સ્ત્રીનું સ્વભાવગત અબલાપણું અને એની સુરૂપતા.

(૨) સ્ત્રીનો વેદોદય.

પુરુષમાં સાહજિક રીતે જે વિશિષ્ટ બળ છે તે સ્ત્રીમાં ન જ હોય એ અકાટય હકીકત છે. ગમે તેવો સ્ત્રી સ્વાતંત્ર્યની વાતોનો યુગ કાં ન આવી ઊભો રહે? પણ જેમ સ્ત્રી જ સર્વયુગમાં ગર્ભધારણ કરવાની પરાધીનતાને વરી છે, પુરુષ કદાપિ નહિ....તેમ સર્વયુગમાં સ્ત્રીને જ 'અબળા' કહેવામાં આવશે, પુરુષને કદાપિ નહિ. જે વાતો કુદરતે બાંધેલી છે તેની સામે રાડો પાડવાથી, ગાળો દેવાથી કે સરઘસો કાઢવાથી કશું જ કરી શકાતું નથી.

સ્ત્રી અબળા છે, પુરુષ બળવાન છે; માટે જ સ્ત્રી ઉપર પુરુષનો

બળાત્કાર સંભળાય છે પરંતુ પુરુષ ઉપર સ્ત્રીનો બળાત્કાર હજી સુધી તો જલદી જલદી છાપે ચડયો જોવા મળ્યો નથી.

બીજી વાત છે; સ્ત્રીના સહજ સૌંદર્યની.

સામાન્ય રીતે પુરુષ કરતાં હંમેશ સ્ત્રી વિશેષ રૂપ–સૌન્દર્ય ધરાવતી હોય છે. એની શારીરિક રચના જ તેવી હોય છે.

આ બે વાતને બરોબર વિચારવામાં આવશે તો એમ જરૂર કહી શકાશે કે પુરુષમિશ્રિત સભામાં સ્ત્રી વ્યાખ્યાન કરે એ બરોબર નથી.

આપણે સહુ જાણીએ છીએ કે વક્તાની સામે ટગર–ટગર જોયા વિના શ્રોતા વ્યાખ્યાનનો પદાર્થ બરોબર પામી શકતો નથી. સ્ત્રી વ્યાખ્યાત્રી હોય તો પુરુષોને તેનાં મુખ સામે એકીટશે જોવું જ રહ્યું. આમ થતાં એનાં અંગ–પ્રત્યંગો તરફ પણ નજર પડવાની જ. આ સ્થિતિ બરોબર વિસ્ફોટક છે. બેશક, પુરુષવ્યાખ્યાતા હોય ત્યારે સ્ત્રીઓની નજર પણ તે જ રીતે પુરુષની તરફ પડે જ છે, પરંતુ છતાં રૂપસ્વામિની સ્ત્રી પોતાનાથી અલ્પરૂપવાળા પુરુષ તરફ જલદી આકર્ષાઈ શકતી નથી. જ્યારે પોતાનાથી અત્યધિક ધરાવતા રૂપસૌંદર્યવાળી સ્ત્રીના મુખારવિંદ તરફ એકીટશે જોવા જતાં પુરુષના હૃદયમાં કામાકર્ષણ જલદીથી જાગી જવાનો પૂર્ણ સંભવ છે.

આ જ વાતની સાથે સાથે હવે સ્ત્રી-પુરુષના શાસ્ત્રોક્ત વેદોદયનો વિચાર કરીએ. કર્મગ્રંથમાં કહ્યું છે કે પુરુષને વેદોદય જાગે તો જલદી જાગી જાય અને પછી શમતાં ય એને વાર ન લાગે. જ્યારે સ્ત્રીનો વેદોદય જલદી જાગે જ નહિ અને જાગ્યા પછી જલદી શમે પણ નહિ.

આ વિધાનને નજરમાં રાખીશું તો સમજાશે કે પુરુષ–વ્યાખ્યાતાની સામે સ્ત્રી એકીટશે જુએ તો ય તેને વેદોદય જલદી જાગી શકતો જ નથી. અને છેવટે જાગી જાય તો પણ જો સામી પુરુષ-વ્યક્તિ જ એને ન ઇચ્છે તો એની ઉપર બળાત્કાર કરવાનું સામર્થ્ય સ્ત્રી ધરાવતી નથી, કેમકે એ અબળા છે.

જ્યારે બીજી બાજુ સ્ત્રી-વ્યાખ્યાત્રી હોય અને પુરુષ એના સૌંદર્યવાન મુખ તરફ એકીટશે જોયા કરે તો તેને તરત જ વેદોદય જાગી જાય અને તે જાગ્યા પછી સ્ત્રીને ફોસલાવવા પ્રયત્ન કરે. એમાં ય જો નિષ્ફળ જાય–પેલી સ્ત્રી એની ઇચ્છાને આધીન ન થાય–તો પુરુષ એની ઉપર બળાત્કાર પણ કરી દે. સ્ત્રીની ભલે ને અનિચ્છા હોય પણ થઈ ચૂકેલો બળાત્કાર એના સતીત્વને તો બરબાદ કરી નાંખે ને ? બળાત્કારનો પણ વિષયભોગ જો ગર્ભાધાનાદિ કરવામાં નિષ્ફળ ન પણ જાય તો એ સાધ્વીનું તો સમગ્ર જીવન બરબાદ થઈ જાય ને ?

આ બધી વિચારણા કરતાં એમ લાગે છે કે બે યની મિશ્રસભાઓ કયાંક ખતરનાક હોવા છતાં સ્ત્રી–વ્યાખ્યાત્રીની મિશ્રસભા તો અતિ ખતરનાક ગણી શકાય.

વળી સ્ત્રી વ્યાખ્યાત્રી બને તો તેનું સ્વભાવગત ચાંચલ્ય (કે જે પુરુષમાં નથી હોતું), પુરુષોની સાથે વધુ પડતી વાતો કરવાની પ્રવૃત્તિ તરફ પણ લઈ જ જાય. અનધિકારે મળેલું વિદુષી તરીકેનું માન-સન્માન એને પચવાનું પણ ઘણું મુશ્કેલ બની જતાં એ અત્યંત ગર્વિષ્ણી પણ બની જાય. આમ અનેક બીજાં દૂષણો પણ એના જીવનમાં પ્રવેશી જવા પૂર્ણ સંભવ છે.

ટૂંકમાં, આપણે તો એટલું જ કહેવું છે કે સ્ત્રીના સ્ત્રીત્વની સાથે સ્વભાવગત બનેલી કેટલીક ત્રુટિઓને કારણે મિશ્રસભામાં વ્યાખ્યાન કરવાનું કાર્ય એના માટે ખૂબ જ જોખમી બની જવા સંભવ છે.

વર્તમાનકાળનો વિચાર કરીએ ! નર્યો ભોગવિલાસ વ્યાપ્યો છે. પુરુષ વર્ગની વિકૃતિ પણ આસમાનને આંબી છે. એ જોતાં તો એમ કહેવાનું દુઃસાહસ થઈ જાય છે કે કેટલાક વ્યાખ્યાતા પુરુષોને પણ વ્યાખ્યા નપદેથી દૂર કરી દેવાનો આ સમય દેખાય છે ત્યાં વળી સ્ત્રીઓને વ્યાખ્યાત્રી બનાવવાની દરખાસ્ત તો વિચારી જ કેમ શકાય ?

જગતને વધુ લાભ થાઓ કે ન થાઓ પણ શ્રમણ–શ્રમણી

સંસ્થાને ગેરલાભ તો ન જ થવો જોઈએ. એ સંસ્થાનું પાવિત્ર્ય જો જીવતું હશે તો સાવ મરવા પડેલું જગત પણ પાછું ઊભું થઈ જશે.

પણ અફસોસની વાત એ છે કે એ પાવિત્ર્યને મારી નાંખવાની આજે ગણિતબદ્ધ જાળ બિછાવાઈ ચૂકી છે. ઘણાં એ જાળને હજી જાણતાં પણ નથી એ એથી ય વધુ અફસોસની વાત છે.

પવિત્રતાની મૂર્તિ સમા છે; શ્રમણો અને શ્રમણીઓ.

આ બે ય ને બહાર ઢસડી લાવીને એમની પવિત્રતાને કલંકિત કરવાનાં ચક્રો ગતિમાન થઈ ચૂક્યાં છે.

સાંભળો કોઈ અવાજ અથડાય છે તમારા કાને ?

" શ્રમણો ! 'માઈક' પકડીને બહાર કૂદી પડો !

" શ્રમણીઓ ! પાટ ઉપર ચડીને જાહેરમાં પ્રવચન કરો.

" ધર્મ પ્રચાર ! વિશ્વધર્મ પ્રચાર ! અધર્મ વિનાશ ! બીજી કોઈ રીતે શક્ય જ નથી. "

પ્રચારનું ભૂત અને માનપાનનાં પ્રલોભનોનું તૂત બે ય એવાં પાછળ પડ્યા છે કે ભલભલાની પવિત્રતાની એણે ડોક મરડી નાંખી છે !

ક્યાં જઈ અટકશે આ વિનાશ ? સમજમાં આવતું નથી.

કોણ ઉઘાડી પાડશે આ ક્રાન્તિની ભ્રાન્તિને ? પ્રભુ જાણે.

વિરાટ પડ્યો છે સ્ત્રીગણ ! સાધ્વીઓ સ્વાત્મહિત માટે જ એને સંસ્કારિત કરવા લાગી જાય તો 'નવરાધૂપ'ની ફરિયાદ ટળી જાય. જૈનસંઘને યુગપ્રધાનના પનોતા દર્શન વહેલા થાય ! એ યુગપ્રધાન જૈનશાસનની જયપતાકા ગગનમાં લહરાવે !

આ સઘળો ય યશ પવિત્ર સાધ્વીગણને જ મળે ! પરન્તુ અફસોસ ! સાધ્વીગણને પણ આ વાત સૂઝતી નથી !

તો હવે પોક ક્યાં મૂકવી ? ધા ક્યાં નાંખવી ? વાત કોને સમજાવવી એ જ સમજાતું નથી.

સ્થૂલબુદ્ધિથી જેને ધર્મ માની લીધો હોય તે ધર્મ ઘણી વાર ધર્મવ્યાઘાત કરે છે, એ વાત જૈનદાર્શનિકોએ તો સ્પષ્ટ શબ્દોમાં કહી છે પરંતુ જૈનેતર દાર્શનિકોએ પણ આ વાત અર્થાપત્તિથી કહી છે. બેશક, જૈનદાર્શનિકોના આવા સ્પષ્ટ વિધાન જેવું એ વિધાન નથી પરંતુ છતાં એ વિધાનનું તાત્પર્ય તો આ જ આવીને રહે છે.

આ વાત વાલ્મિકીએ કહી છે. અર્થાપત્તિથી પણ આવી સૂક્ષ્મ વાતને જણાવનારા વાલ્મિકી વગેરેને સૂક્ષ્મબુદ્ધિવાળા કહી શકાય. કેમકે અતિ સ્થૂલબુદ્ધિવાળા માણસો આટલી સૂક્ષ્મ વાત કહી શકે નહિ. ભલે તેઓ મિથ્યાદૃષ્ટિ હોય છતાં મિથ્યાત્વની અતિ મંદ અવસ્થામાં સૂક્ષ્મબુદ્ધિનો ઉદ્ભવ સંભવી શકે છે અથવા તો મતિ-અજ્ઞાનાવરણના હ્રાસથી પણ આવી સૂક્ષ્મબુદ્ધિ સંભવી શકે છે. છતાં એ વાત પણ એટલી જ ચોક્કસ છે કે એવા સૂક્ષ્મબુદ્ધિવાળા આત્માને સમ્યગ્દૃષ્ટિ તો ન જ કહી શકાય. સમ્યગ્દર્શન તો મતિજ્ઞાનાવરણાદિના ક્ષયોપશમથી જ પ્રાપ્ય ગુણ છે. આ ક્ષયોપશમ વિના આત્મા વગેરે વસ્તુના અનૈકાન્તિક યથાર્થ સ્વરૂપનું ભાન થઈ શકતું જ નથી. કાં તો આત્માદિ પદાર્થો એકાન્ત નિત્ય ભાસી જાય, કાં તો એકાન્ત અનિત્ય ભાસી જાય; કાં તો આત્મા દેહથી એકાન્તે ભિન્ન પ્રતીત થાય, કાં તો દેહથી એકાન્તે અભિન્ન પ્રતીત થઈ જાય.

વસ્તુનું જે અનૈકાન્તિક યથાર્થ સ્વરૂપ છે તેનું તે સ્વરૂપે જ દર્શન થવું એનું નામ સમ્યગ્દર્શન છે. કથંચિદ્ નિત્યાનિત્ય આત્માને કે દેહથી કથંચિદ્ ભિન્નાભિન્ન આત્માને એકાન્તે નિત્યાદિ માનવો તે જ મિથ્યાત્વ છે.

આવું મિથ્યાત્વ કાયમ રહે તો ય ક્યારેક ઉપરોક્ત સૂક્ષ્મબુદ્ધિના ચમકારાનો પ્રાદુર્ભાવ થઈ શકે છે. કેમકે એ મહિમા મતિઅજ્ઞાનાવરણ કર્મના હ્રાસથી પ્રાપ્ત થાય છે.

સ્થૂલબુદ્ધિથી માનેલા ધર્મમાં ધર્મવિધાન સમજાવવા માટે જૈન-દાર્શનિકોએ ગ્લાનસાધુને ઔષધદાનના અભિગ્રહનું દૃષ્ટાંત આપ્યું તેમ વાલ્મિકીએ રામાયણમાં એક એવો જ પ્રસંગ યોજ્યો છે, જે આડકતરી રીતે ઉપરોક્ત વિધાનનું જ સમર્થન કરે છે.

સુગ્રીવની તારા નામની પત્ની હતી. વાલી તેને ઉપાડી ગયો હતો. સુગ્રીવે રામચન્દ્રજીને ફરિયાદ કરીને કહ્યું કે એની પત્ની એને પાછી મેળવી આપવામાં આવે. પરોપકારરસિક રામચન્દ્રજીએ વાલી સાથે યુદ્ધ ખેલીને તારાદેવી પ્રાપ્ત કરીને સુગ્રીવને સુપરત કરી. રામચન્દ્રજીના આ ઉપકારથી સુગ્રીવ ખૂબ જ ગદ્‌ગદ્‌ થઈ ગયો. શી રીતે આ ઉપકારનો બદલો વાળી શકાય? એ તેના ખ્યાલમાં આવી ગયું. તેણે વિચાર્યું કે ઉપકારનો બદલો તો ત્યારે જ વાળી શકાય જ્યારે ઉપકારી માણસ આફતમાં આવે. સંકટના સમયે ઉપકૃત માણસ જો પોતાના ઉપકારીને મદદ કરે તો જ તે ઉપકારનો બદલો વળે.

તો શું ઉપકાર પામેલા સુગ્રીવે 'રામચન્દ્રજીને આફત આવે' એવી ઝંખના કર્યા કરવી! પ્રત્યુપકારનો ધર્મ બજાવવાનો અવસર પામવા માટે ઉપકારીના જ અહિતની ઝંખના કરવી એ કોઈ પણ કૃતજ્ઞ માણસ માટે સારું ન જ કહેવાય.

સુગ્રીવે વિચાર કર્યો કે આવી વૃત્તિ મને ન જ થવી જોઈએ. એથી જ તે રામચન્દ્રજીને કહે છે કે, "આપનો સેવક સુગ્રીવ ઇચ્છે છે કે તેના શરીરમાં અંગે અંગે ઘડપણ આવી જાઓ. આવું ઘડપણ આવી જશે તો મૃત્યુ પણ વહેલું આવશે. પછી મારે પ્રત્યુપકાર માટે, 'આપને વિપત્તિ આવે તો સારું' એવો વિચાર કરવાનું પાપ કોઈ પળે કરવાનું નહિ રહે.

આમ ઉપકારી માણસ પોતે કરેલા ઉપકારનું ફલ વિપત્તિમાં મેળવી શકે છે. સંકટ આવે ત્યારે જ ઉપકારી માણસે કરેલી ઉપકાર-ક્રિયાનો બદલો (ફળ) પામી શકાય. ઉપકાર કરનાર વ્યક્તિને સંકટ ન આવે તો ઉપકૃત માણસ બદલો વાળી શકે નહિ.

આ શ્લોકમાં 'નરઃ' પદથી ઉપકારી નર લઈએ તો ઉપરોક્ત અર્થ નીકળે પણ 'નરઃ' પદથી જો ઉપકૃત માણસ લઈએ તો 'फलम्' પદનો અર્થ 'અવસર' કરવો જોઈએ.

જેની ઉપર ઉપકાર કરવામાં આવ્યો છે તે માણસ 'ઉપકૃત' કહેવાય. તે માણસને ઉપકારી માણસના ઉપકારનો બદલો વાળવાનો અવસર જોઈતો હોય તો ઉપકારી માણસ વિપત્તિમાં આવી પડે તો જ તેને તે અવસર મળે. આ અવસરમાં જ તે બદલો (ફળ) આપી શકે. બદલો (ફળ) કાર્ય છે અને 'અવસર' તેનું કારણ છે. કારણમાં કાર્યનો ઉપચાર થઈ શકે છે માટે અવસરને જ ફળ કહી શકાય. (૬)

ગ્રંથકાર મહર્ષિ બીજાં પણ અનેક સ્થાનો બતાડે છે જેમાં સ્થૂલબુદ્ધિથી ધર્મ માની લેવામાં આવતો હોય, અને હકીકતમાં એ ધર્મથી જ ધર્મનો વ્યાઘાત થઈ જતો હોય. તે સ્થાનો આ પ્રમાણે છે :

(૧) હીન માણસને ઉત્તમ માનીને તેને આધાકર્માદિ દોષવાળું શાસ્ત્ર-વિરુદ્ધ હીન વસ્તુનું દાન કરવું. અથવા :—

(૨) હીન માણસને ઉત્તમ માનીને સારી વસ્તુનું પણ દાન કરવું.

જેવું દાન અંગે તેવું જ શીલ-તપ-ગુરુભક્તિ આદિ અંગે સમજવું.

શાસ્ત્રવિરુદ્ધ માર્ગે શીલ પાળતાં, તપ કરતાઓને પણ તેમને ઉત્તમ સમજીને આધાકર્માદિ દ્રવ્યોથી ભક્તિ કરવી.

ટી.બી.ના દર્દીનું શીલ કે કબજિયાતના દર્દને તોડવા માટેના ઉપવાસાદિ તપ શાસ્ત્રોક્ત શીલ-તપ નથી; તેવા શીલ-તપ કરનારાઓને ધર્માત્મા ગણીને તેમની દ્રવ્યાદિ ભક્તિ કરવી તે ધર્મ નથી.

જેનો શાસ્ત્રે નિષેધ કર્યો તેવી હીન વસ્તુ કે હીન પાત્રને ઉત્તમ માની લેવાની સ્થૂલબુદ્ધિથી ભક્તિ આદિ જે ધર્મ કરવામાં આવે તે વસ્તુતઃ ધર્મ નથી પરંતુ ઉન્માર્ગનો પોષક બનવાથી ધર્મનાશક છે.

દેવા યોગ્ય વસ્તુ શાસ્ત્રવિરુદ્ધ હોઈ શકે અને વસ્તુ શાસ્ત્રસંમત

હોય તો ય લેનાર પાત્ર અયોગ્ય હોઈ શકે. શાસ્ત્રમાં કહ્યું છે કે દેશ-કાલાનુસાર યતિઓને કલ્પનીય એવું શુદ્ધ દ્રવ્ય જ આપવું જોઈએ. આવું દાન એ જ શ્રાવકોનું સાધર્મિકભક્તિ નામનું શિક્ષાવ્રત કહેવાય.

આ શાસ્ત્રનીતિ વિરુદ્ધ જતું આધાકર્માદિ દોષવાળું દ્રવ્ય અનેષણીય કહેવાય. એવી વસ્તુનું અકારણ દાન કરવું તે દાતવ્યદ્રવ્ય-વિરુદ્ધતા કહેવાય.

એ રીતે પાત્ર વિરુદ્ધતા પણ કહી છે. જે લોકો શીલાદિ વ્રત-રહિત છે એવા કુપાત્રને દાન દઈ શકાય નહિ. આવું દાનજલ વસ્તુતઃ લોહી છે. પાપોના લોહીથી ખરડાએલા આત્મ-વસ્ત્રને આવું દાનરૂપી લોહી ધોઈ શકે જ નહિ.

એટલે દાનધર્મ તે જ વાસ્તવિક કહેવાય કે જેમાં દાતવ્ય દ્રવ્ય શાસ્ત્રશુદ્ધ હોય અને પાત્ર પણ શાસ્ત્રસંમત હોય. શાસ્ત્રબાધિત દાતવ્ય-દ્રવ્યનું દાન અને કુપાત્રને દાન–એ દાન ધર્મ જ નથી. કેમકે એવા ધર્મથી તો ઉન્માર્ગ પોષણ થવા દ્વારા ધર્મવ્યાઘાત જ થાય છે.

આગળ વધતાં સ્થૂલ ધર્મબુદ્ધિથી કરાતાં ધર્મથી ધર્મવ્યાઘાત થઈ જવાની બીજી પણ વાત ગ્રન્થકરશ્રી કરે છે.

પ્રવ્રજ્યા કોને અપાય ? તેની પાત્રતા શું ? એ અંગેની તેમણે વાતો કરી છે. પ્રવ્રજ્યા માટે જે અયોગ્ય છે, તેવા હીન માણસોને ઉત્તમ માની લઈને શાસ્ત્રોક્ત ન્યાયથી બાધિત પ્રવ્રજ્યાવિધિ કરવાના ધર્મથી ધર્મનો વ્યાઘાત થાય છે.

શાસ્ત્રમાં કહ્યું છે કે પ્રવ્રજ્યા લેનાર વ્યક્તિના સ્વભાવને ગુરુએ જાણવો જોઈએ. લોકો એના માટે શું કહે છે તે પણ જાણવું જોઈએ. યોગશુદ્ધિ પણ કરવી જોઈએ. તેમ કરતાં જો તે વ્યક્તિ દીક્ષાને ઉચિત લાગતી હોય તો શુભ નિમિત્તાદિ જોઈને તેને પ્રવ્રજ્યાદાન કરવું જોઈએ.

શાસ્ત્રે પ્રવ્રજ્યા-યોગ્ય તેમને કહ્યા છે, જેઓ આર્યદેશમાં જન્મ પામ્યા હોય, જેમનાં માતાપિતાનાં જાતિ-કુલ વિશિષ્ટ કોટિના હોય અને જે આત્માઓ લઘુકર્મી હોય.

(૧) હીન વ્યક્તિને ઉત્તમ માનીને તેને શાસ્ત્રવિરુદ્ધ દાનાદિ કરવા. (૨) હીન વ્યક્તિને ઉત્તમ માનીને શાસ્ત્રબાધિત પ્રવ્રજ્યાવિધિ કરવી.

આ બે ય વાતો દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી અને ભાવથી એમ ચાર રીતે ઘટી શકે છે.

દ્રવ્યથી વિરુદ્ધ દાન : સાધુને કલ્પ્ય ભાત વગેરે એષણીય વસ્તુથી સાધુનો નિર્વાહ થઈ જવા છતાં તેને શાસ્ત્રવિરુદ્ધ અનેષણીય વસ્તુનું દાન કરવું. હીન સાધુ હોય તો ય તેને ઉત્તમ માનવો. હા, સાધુ ગ્લાનત્વાદિ અવસ્થામાં હોય તો અનેષણીય દ્રવ્યનું પણ દાન થઈ શકે. એમાં કોઈ ધર્મવ્યાઘાત નથી.

ક્ષેત્રથી વિરુદ્ધ દાન : ભિક્ષા દુર્લભ હોય તેવું સ્થાન ન હોય : જ્યાં નિર્દોષ ગોચરી સુલભ હોય છતાં તેવા ક્ષેત્રમાં અનેષણીય દ્રવ્યનું સાધુને દાન કરવું.

'કન્તાર' દેશમાં અનેષણીયનો પણ કદાચ વાંધો લઈ ન શકાય.

કાળથી વિરુદ્ધ દાન : સુકાળ હોય ત્યારે અનેષણીય દ્રવ્યનું દાન કરવું. દુષ્કાળના સમયમાં જીવનનિર્વાહ માટે સાધુને અનેષણીય દાન કરવું પડે તો ધર્મવ્યાઘાત ન કહેવાય.

ભાવથી વિરુદ્ધ દાન : સાધુ ગ્લાન ન હોય, ચક્ષુરાદિથી હીન ન હોય, સ્વાધ્યાયાદિનું પુષ્ટાલંબન ન હોય તો પણ તેને અનેષણીય દ્રવ્યનું દાન કરવું.

ઉક્ત પુષ્ટ કારણોમાં અનેષણીય દાન પણ ધર્મ કહેવાય.

કહ્યું છે કે સાધુ દેહનિર્વાહ કરી શકે એવી સ્થિતિમાં હોય ત્યારે અશુદ્ધ વસ્તુને લેનાર અને દેનાર બન્ને ય વિશિષ્ટ પુણ્યનો બંધ કરતાં નથી. પણ જો સાધુ સંયમનિર્વાહ ન કરી શકે તેવી સ્થિતિમાં આવી જાય તો તેના દેહને ટકાવવા માટે તે જ અશુદ્ધ વસ્તુને દેનાર અને લેનાર બન્ને ય પોતાનું હિત સાધે છે.

સશક્તને મગનું પાણી બિનજરૂરી છતાં અશક્તને જેમ અત્યંત જરૂરી બની જાય છે તેમ પુષ્ટ મહેમાનને મગનું પાણી આપવાનો વ્યવહાર સારો નથી ગણાતો છતાં માંદા મહેમાનને તે જ વ્યવહાર સુંદર ગણાય છે.

હીનને ઉત્તમ માનીને કરાતાં પ્રવ્રજ્યા વિધાનમાં પણ દ્રવ્યાદિ ચાર રીતે ધર્મવ્યાઘાત થાય છે.

દ્રવ્યથી વિરુદ્ધ પ્રવ્રજ્યા : ઔત્સર્ગિક શાસ્ત્રથી જેની પ્રવ્રજ્યાને બાધિત ગણવામાં આવી છે તે નપુંસકાદિને પ્રવ્રજ્યા દેવાનો ધર્મ એ ધર્મવ્યાઘાત કરનારો બની જાય છે.

ક્ષેત્રથી વિરુદ્ધ પ્રવ્રજ્યા : અકાન્તાર દેશમાં ઉક્ત નપુંસકાદિને દીક્ષા આપવી. કાન્તાર પ્રદેશમાં પુષ્ટાલંબને નપુંસકાદિને પણ દીક્ષા આપવામાં ધર્મવ્યાઘાત નથી.

કાળથી વિરુદ્ધ પ્રવ્રજ્યા : સુભિક્ષકાળમાં નપુંસકાદિને પ્રવ્રજ્યા આપવી. દુર્ભિક્ષના સમયમાં શાસ્ત્રોકત પુષ્ટાલંબને તેમ થઈ પણ શકે.

ભાવથી વિરુદ્ધ પ્રવ્રજ્યા : જ્યારે ગ્લાન્નત્વાદિ કારણે અસ્વસ્થતા આવી હોય ત્યારે સંયમરક્ષા માટે ઉત્સર્ગ માર્ગે અયોગ્ય ગણાતી વ્યક્તિને પણ દીક્ષા આપી શકાય. પણ સ્વસ્થાવસ્થામાં ય મુનિ અયોગ્યને દીક્ષા આપે તો તેથી લોકનિન્દાદિ દ્વારા ધર્મવ્યાઘાત થઈ જાય.

ગ્રન્થકાર મહર્ષિ કહે છે કે મધ્યસ્થદૃષ્ટિએ અને શાસ્ત્રસાપેક્ષ બનીને વિચાર કરવામાં આવશે તો જ સ્થૂલબુદ્ધિના ઉક્ત ધર્મોમાં ધર્મવ્યાઘાત શી રીતે થાય છે તે સમજાશે. કદાગ્રહી માણસને આ વાત ન પણ સમજાય.

અહીં પ્રસ્તુત અષ્ટકની વિવેચના પૂર્ણ થાય છે. ગ્રન્થકારશ્રીએ જેમ ધર્મવ્યાઘાતનાં સ્થાનો બતાડ્યા તેમ અહીં એક એવી જ વિચારણા રજુ કરવાનો પ્રસંગ છે.

જે કાળમાં જે ધર્મક્ષેત્ર વધુ પડતું સીદાતું હોય અને એ ધર્મક્ષેત્રને ફરી જીવંત બનાવવાની તાકાતવાળા કેટલાક મહાત્માઓની ઉપસ્થિતિ પણ હોય છતાં તે મહાત્માઓ તે સીદાતા ધર્મક્ષેત્રને જીવંત બનાવવાની વાત તરફ આંખ મીંચવારૂપ ઉપેક્ષા કરતા હોય તો તેમના બીજાં ધર્મકાર્યો વસ્તુતઃ ધર્મવ્યાઘાત કરનારા કેમ ન માનવા ?

ધર્મરક્ષા પ્રથમ કર્તવ્ય શાસ્ત્રમાં તો કહ્યું છે કે, "ધર્મનો ધ્વંસ થતો હોય, ક્રિયામાર્ગનો લોપ થતો હોય, શાસ્ત્રસિદ્ધાન્ત આખો ને આખો ઉલટાવી દેવામાં આવતો હોય તે વખતે પ્રતીકાર કરવાનું સામર્થ્ય ધરાવતા સાધુને કોઈ પૂછે ગાછે નહિ તો પણ તે શાસનપ્રેમી સાધુએ પ્રતીકાર કરવા માટે મેદાનમાં ઊતરી જવું જોઈએ

વર્તમાનકાળમાં શાસનસિંહના કલેવરમાં જે કીડાઓ પડ્યા છે એ ખૂબ જ તગડા થયા છે. શાસનનું જ ખાઈને શાસનને કોચી નાંખવાની પ્રવૃત્તિ તેઓ જોરમાં ઉપાડી ચૂક્યા છે.

કોઈ પંથ દયાદાનના ધર્મનો ધ્વંસ કરી રહ્યો છે, કોઈ પંથ ક્રિયામાર્ગનો સંપૂર્ણ લોપ કરવા બહાર પડ્યો છે.

દાનને પાપ મનાવનાર પંથ શ્રીમંતોને ખૂબ મીઠો થઈ ગયો છે, ક્રિયાકાંડ અને તપજપને ધિક્કારતો પંથ ભોગપ્રેમીઓને ખૂબ વહાલો લાગી ગયો છે.

આ મતોમાં ભરતી થતી રહે એમાં કોઈ આશ્ચર્ય નથી, પરંતુ આશ્ચર્ય તો એ વાતનું અતિશય થાય છે કે શાસ્ત્રીય માન્યતાઓને ચુસ્ત રીતે વળગી રહેલા શ્વેતામ્બર સાધુઓ અને ગૃહસ્થો આ વિધાનોનો પ્રતીકાર કરવા તરફ ભેંકાર ઉદાસીનતા કેમ ધરાવે છે ?

જો થોડો પણ આ વિષયમાં પ્રતીકાર થાય તો ઊભા જ ન રહી શકે એવા એ મતો છે. એમનો વિચાર એટલો બધો દૂબળો છે કે શાસ્ત્રીય વિધાનોની સામે અને વર્તમાનકાલીન યુક્તિઓ સામે એ ઊભા જ રહી શકે તેમ નથી.

સભાવતના જમાનાવાદીઓ દયાદાનમાં પાપ કબૂલવા તૈયાર થશે ખરા ? ફિલ્મી દુનિયાના જમાનામાં બાહ્ય ક્રિયાઓની આત્મા ઉપર થતી અસરને કોણ રોકી શકે તેમ છે ?

જો અશુભ ક્રિયાઓ અને ગંદાં ચિત્રોની આત્મામાં ભરચક વિકારો ઉત્પન્ન કરવાની અકાટય તાકાત કબૂલ છે તો શુભક્રિયાઓ અને સુંદર મૂર્ત્તિઓના દર્શનની સંસ્કારી અસર આત્મા ઉપર માન્યે જ છૂટકો છે.

બે દુ ચાર જેવી આ વાત છે. છતાં તે વાત સમજાવવાની શ્વેતામ્બર–સાધુની ઉપેક્ષાએ જ ' છ દુ સોળ ' કહેતાં તે મતોને બહેકાવીને ફેલાવી દીધા છે એમ કહીએ તો જરાય ખોટું નહિ ગણાય.

મુખ્યત્વે ગુજરાત અને મારવાડમાં કેટલાક મતોએ પોતાનો અડ્ડો જમાવ્યો છે. શ્વેતામ્બર સાધુઓનો ગુજરાતમાં તો બેસુમાર વિહાર છે, છતાં એમતો ગુજરાતમાં વ્યાપતા જાય એ કેટલી દુઃખદ બીના ગણાય ?

સુવર્ણથી ઢેકું તો આપમેળે જુદું પડી જશે. પરંતુ પિત્તળ તો બરોબરીમાં ઊભા રહેવા માટે હંમેશ જોરથી ચમકતું રહેશે. માટે જ સુવર્ણને સદા ભય રહેવાનો પિત્તળનો.

પિત્તળને પિત્તળ તરીકે જુદું જાહેર કરી દેવાની સુવર્ણની ઉપેક્ષા સુવર્ણને જ નુકસાન કરે તેવો આ યુગ છે.

આ યુગ નકલીનો છે. બધું જ નકલી મૂલ્યવાન બનતું ચાલ્યું છે. અસલીના પ્રેમવાળા ઘટતા જાય છે.

આવા યુગમાં શક્તિમાન્ અને પુણ્યવાન્ શ્વેતામ્બર સાધુઓ જો પિત્તળને ઉઘાડા પાડવાની પ્રવૃત્તિની ઉપેક્ષા કરશે તો શાસનની મોટામાં મોટી કુસેવા કરનારા ગણાશે. પછી એ લોકો બીજી ગમે તેટલી શાસન–સેવાઓ ભલે કરતા હોય.

માથું સખ્ત દુઃખતું હોય ત્યારે પગ દબાવનાર માણસ કેવો કહેવાશે ?

ભયંકર આગ લાગી છે. એને હોલવવાની ફરજ તરફ દુર્લક્ષ સેવીને જો કોઈ માણસ થોડે જ દૂરની જગામાં કોઈ ઇમારતના પાયા નાંખી રહ્યો હોય તો શું તે સારું કામ કરનારો કહી શકાય ?

પેલી આગ એ નહિ બુઝાવે તો એ લાંબી પહોળી થઈને એની ઇમારતના પાયાને ય સ્પર્શી નહિ જાય શું ?

શાસનમાં સર્વત્ર આગ પ્રગટ્યા પછી એને હોલવવાની વાતની ઉપેક્ષા કરીને બીજું કાંઈ પણ કરવું એ સાચે જ વિચારણીય કાર્ય છે.

સહુ શક્તિમાનોનું એક જ કામ આજે છે—"પ્રથમ આગ બુઝાવો."

મહાપાપોદયના કારણે આજે શ્વેતામ્બર સંઘમાં ઘણા વિખવાદો જાગી પડ્યા છે. સાચા સંગઠનની વાત કરીશું તો તત્કાળ અમલી બને તેવો સંયોગ દેખાતો નથી. આ સ્થિતિમાં દરેકે પોતે જ પોતાની શક્તિઓને કામે લગાડી દેવી જોઈશે. સંગઠનના અભાવની વાત કરીને છટકી જવાની સ્થિતિ હવે નથી. જો તેમ થશે તો સળગેલી આગ વધુને વધુ ફેલાતી જશે.

દરેક સાધુ પાસે પોતાનું ચારિત્રબળ, સંકલ્પબળ તો હોય જ.... એ સાથે દરેક પુણ્યવાન, શક્તિમાન સાધુ પાસે ભક્તમંડળ પણ હોય કે જે અર્થબળ પૂરું પાડી શકે. અને તેવા સાધુઓ પાસે કાર્યકરોનું માનવબળ પણ હોય જ.

સત્યયુગમાં મહાત્માઓના સંકલ્પબળ (Metal Power) થી જ કાર્ય થઈ જતું, દ્વાપરયુગમાં એમાં માનવબળ (Man Power) જોડાયું ત્યારે જ સિદ્ધિ મળતી; પણ આ તો કળિયુગ આવ્યો છે. અહીં તો એ બે ય ની સાથે ધનબળ (Money Pdrwer)ની પણ એટલી જ અપરિહાર્ય જરૂરિયાત ઊભી થઈ છે.

દરેક વિશિષ્ટ પુણ્યશાળી મુનિ પાસે આ ત્રણ 'M'ના પાવર હોય જ છે.

બીજાના સહકારની ઝાઝી અપેક્ષા રાખ્યા વિના દરેક પુણ્યસંપન્ન

સાધુ જો ત્રણ M નો સદુપયોગ કરી લે અને સળગતી આગ ઠારવા લાગી જાય તો સેંકડો ગામો એ આગમાં પલોટાતા ઊગરી જાય. એની ઘાતકી ઝાળ ઉપર ત્રણ 'M' નું ઠંડું પાણી ફરી વળતાં ઘણી હોનારત ઘટી જાય.

આજે સંકલ્પ બળ ખૂબ વપરાય છે, અર્થ-વ્યયનો સુમાર નથી અને ભક્તગણનું કાર્યચક્ર પણ પોતાને ઇષ્ટવિષયમાં તો ધમધમાટ કરતું ફરી જ રહ્યું છે. પરંતુ આ બધી શક્તિઓ કોઈ ને કોઈ સીમિત વર્તુળમાં ઘૂમરીઓ લઈને શાંત પડી રહી છે.

પુણ્યસંપન્ન અને શક્તિસંપન્ન મુનિઓ કદી શાન્તિથી પલાઠી મારીને એક ખૂણે બેસી શકે તે સંભવિત નથી. કામ તો સહુ કરે જ પણ એ કામ છે; ઉક્ત આગને ઠારવાને બદલે માત્ર નવી ઇમારતો ચણવાનું. આ સ્થિતિ સારી તો નથી જ.

આગ ઠારવામાં કોઈ ઝઘડો માનતું હોય તો તે તેની બેવકૂફી ગણાશે.

કોઈના ઘરની તિજોરીમાંથી ધન ઉઠાવાઈ જતું જોઈને પત્ની પતિને ખૂમો પાડતી કહે કે, "જલદી ઊઠો, બેઠા છો શું ? પેલા ચોરો તિજોરી તોડી રહ્યા છે ?" ત્યારે શું મર્દ પતિ એમ કહેશે કે 'આપણે ઝઘડામાં સમજતા નથી, ચોરો પણ આપણા મિત્ર જ છે. ભલે ધન લઈ જાય પણ આપણે ઝઘડો તો કરવો જ નથી ?' શાબાશ ! પતિદેવ ! તો તો કાલે તારી પત્નીને ય કોઈ ઉઠાવી જશે ત્યારે ય તું આવી જ વાત કરીશ ને ?

ભગવાન વીરે દીધેલી તિજોરીના અમૂલ્ય રત્નોનું આચાર્યાદિ ભગવંતો રક્ષણ નહિ કરે તો બીજા કોને પડી છે એની રક્ષાની ?

એક પંથે દયા-દાનના રત્નો ચોર્યા, બીજા મતે ક્રિયાકાંડના રત્નો ઉઠાવ્યા, કોકે વળી આગમોના મોતી ઉપાડ્યા અને કોકે સ્ત્રીમુક્તિ, સવસ્ત્રમુક્તિ વગેરે કેટલું ય ઝવેરાત ઉઠાવ્યું !

ભલે.... આપણે શું જોયાં જ કરવું ! આપણી શાન્તિપ્રિયતા અને

મૈત્રીભાવનાનો અર્થ આવો જ છે કે? કોઈ તો કરી બતાડો મૈત્રી-ભાવનાનો આવો એકાન્તિક અર્થ!

સર્વહિતકર નિધાન સંસારત્યાગીઓને સોંપાયું! એનું જતન કરવાની ફરજ એ લોકો ચૂકી જશે તો સર્વજીવરાશિનું શું થશે?

દયા-દાન, ક્રિયાકાંડ, વગેરે તત્ત્વોને પાપ માનીને જીવો પોતાનો કેટલો સંસાર વધારી મૂકશે?

શું આપણને એ જીવસૃષ્ટિની પણ કરુણા નથી? જીવરાશિની કરુણાવિહોણી આ તે કેવી વિલક્ષણ જાતની મૈત્રી?

બેશક, સહુ સાથે બેસીએ! તાકાત હોય તો ચર્ચા કરીએ પણ સ્વસિદ્ધાંત સામેના એમના ઉઘાડા અપવાદોને પડકારવામાં પીછેહઠ કરીએ એ કેમ ચાલી શકશે?

એક સમાજના એક મુનિએ તો મૂળ-આગમોના પણ પાઠોના પાઠ ઉડાડી દેવાનું ક્રૂર કાર્ય કર્યું છે!

કેટલાકો આજે કોમી જંગે ચડીને અનેક તીર્થોને હડપ કરી જવા કટિબદ્ધ બની ચૂક્યાં છે.

કોઈ વળી રાજધર્મ બનાવવાના જોરદાર પ્રયત્નમાં પડયો છે. એને એ રીતે દૂરગામી ઇહલૌકિક પરિણામો હાંસલ કરવા છે.

ચોમેર આ આગ ફાટી છે.

જો શ્વેતામ્બર-સાધુઓ પોતપોતાની રીતે પણ એકલપંડે-સળવળશે નહિ તો હજી વધુ ભયાનક સ્થિતિ જોવાના દિવસો દૂર નહિ હોય.

આપણે આચારથી શુદ્ધ બનીએ, શાસ્ત્રવચનને સંપૂર્ણપણે વફાદાર રહીએ; આ જ આપણું બળ છે. ગમે તેવી આગને ઠારી નાંખવા માટે એક એક વ્યક્તિનું આ બળ પણ પૂરતું જ છે.

બેશક કલિયુગમાં તો સંગઠનમાં જ શક્તિ કામ કરી શકે છે, વ્યક્તિગત શક્તિ નહિ....છતાં આચારશુદ્ધિ અને સૂત્રવચનની વફાદારીના લોકોત્તર બળોનું પોતાનું જ સામર્થ્ય એટલું બધું પ્રચંડ છે કે

કદાચ તેને સંગઠન-બળ ન મળે તો પણ એ એકલવીર બનીને હજારોને પડી જાય તેમ છે.

શક્તિ અને પુણ્યથી સંપન્ન મુનિવરોએ આ વાત ઉપર વિચાર કરવાનો સમય પાકી ગયો છે. જે ગામમાં ૫૦૦ ઘર ધર્મના હતા ત્યાં પાંચ ઘર થઈ ગયા. આવાં કેટલાંય ગામો મારવાડમાં જળબંબાકાર થઈ રહ્યાં છે.

સોરઠ સર કરવા કોક બહાર પડ્યા છે. જોતજોતામાં પોતાના સ્થાનો તો ઊભાં કરી દીધાં છે!

સહુએ પોતાનું કામ જોરમાં ચલાવ્યું છે. માત્ર સૂતો છે કુંભકર્ણી નિદ્રામાં શ્વેતામ્બર-સંઘ!

આવી કરુણ સ્થિતિમાં પુણ્યસંપન્ન મુનિવરો બીજી જે કાંઈ ધર્મપ્રવૃત્તિ કરે એનાથી ધર્મવ્યાઘાત થઈ રહ્યો છે એમ કહેવામાં ખોટું શું છે?

સમર્થોની શક્તિ આગ ઠારવામાં વપરાઈ હોત તો ધર્મવ્યાઘાત અટકી જાત. પણ તેમણે તે શક્તિઓને માત્ર બીજા રસ્તે ચડાવી માટે જ તે ધર્મવ્યાઘાત ફૂલ્યો, ફાલ્યો અને વકર્યો ને? તો પછી એમ કેમ ન કહી શકાય કે શક્તિનું વહેણ બીજે વાળવાથી જ આ સ્થિતિ થઈ માટે એ વહેણને બીજે વાળવાથી જ ધર્મવ્યાઘાત થયો છે?

ઉપદેશશ્રવણના સમયે જ પ્રભુપૂજા કરનારો અને ઉપદેશને સર્વથા ગૌણ સમજનારો માણસ જેમ ડહાપણ જ વિનાનો ગણાય છે, તેમ આગ ઠારવાના સમયે બીજી ધર્મપ્રવૃત્તિમાં રાચનારો શક્તિસંપન્ન સાધુ ડહાપણ વિનાનો કેમ ન ગણાય? એની સ્થૂલબુદ્ધિએ કલ્પેલી ધર્મપ્રવૃત્તિઓથી ધર્મવ્યાઘાત જ થઈ રહ્યો છે એમ કેમ ન કહેવાય?

જાગીએ! સહુ સૂક્ષ્મદૃષ્ટા બનીએ! અને જે ધર્મરક્ષાની જ હાલ અનિવાર્ય આવશ્યકતા છે એ ધર્મ માટે મુખ્યત્વે કટિબદ્ધ થઈએ! નહિ તો નિરપેક્ષ રીતે બીજા ધર્મો કરીને ૨૧મી સદીના સાધુ અને સંઘ ધર્મનો ઘાત કરનારા બન્યા એવું તહોમત ભાવિ યુગપ્રધાનો કદાચ મૂકશે.

ભાવશુદ્ધિ વિચારાષ્ટક

[૨૨]

સંક્ષિપ્ત શ્લોકાનુવાદ

भावशुद्धिरपि ज्ञेया यैषा मार्गानुसारिणी ।
प्रज्ञापनाप्रियात्यर्थं न पुनः स्वाग्रहात्मिका ॥

જો ભાવશુદ્ધિ હોય તો ધર્મથી ધર્મવ્યાઘાત થતો નથી. પણ તે ગમે તેવી ભાવશુદ્ધિ ન ચાલે. (૧) મોક્ષમાર્ગાનુસારિણી. (૨) શાસ્ત્રોક્તવચનના અત્યંત પ્રેમવાળી અને (૩) કદાગ્રહથી મુક્ત ભાવશુદ્ધિ જ અહીં અપેક્ષિત છે.

रागो द्वेषश्च मोहश्च भावमालिन्यहेतवः ।
एतदुत्कर्षतो ज्ञेयो ह्यन्तोत्कर्षोऽस्य तत्त्वतः । २ ॥

રાગ, દ્વેષ અને મોહ ભાવમાલિન્યનાં કારણો છે. જેમ તે કારણો બળવાન બને તેમ ભાવમાલિન્ય પણ બળવાન બને.

तथोत्कृष्टे च सत्यस्मिन् शुद्धि वैं शब्दमात्रकम् ।
स्वबुद्धिकल्पनाशिल्पनिर्मितं नार्थवद्भवेत् ॥ ३ ॥

જ્યાં આવું બળવાન ભાવમાલિન્ય હોય ત્યાં ભાવશુદ્ધિની વાતો શબ્દમાં જ શોભે. કોઈ શિલ્પી પોતાની બુદ્ધિથી કલ્પેલી શિલ્પકૃતિ તૈયાર કરે તે કૃતિનો પદાર્થ જગતમાં ક્યાં ય ન મળે.

न मोहोद्रिक्तताऽभावे स्वाग्रहो जायते क्वचित् ।
गुणवत्पारतन्त्र्यं हि तदनुत्कर्षसाधनम् ॥ ४ ॥

મોહની બલવત્તા ન હોય તો કદી કદાગ્રહ જાગે જ નહિ. મોહને શાન્ત કરવાનું સાધન ગુણવાન્–ગુરુ–નું પારતન્ત્ર્ય જ છે.

अत एवागमज्ञोऽपि दीक्षादानादिषु ध्रुवम् ।
क्षमाश्रमणहस्तेनेत्याहुः सर्वेषु कर्मसु ॥ ५ ॥

આથી જ આગમજ્ઞો પણ દીક્ષાદાનાદિની ઉદ્દેશાદિની સર્વ ક્રિયા વખતે એમ જ કહે છે કે, "આ હું નથી આપતો; પરંતુ ક્ષમાશ્રમણ ગુરુઓના હાથે આપું છું."

इदं तु यस्य नास्त्येव स नोपायेऽपि वर्त्तते ।
भावशुद्धेः स्वपरयोर्गुणाद्यज्ञस्य सा कुतः ॥ ६ ॥

ભાવશુદ્ધિનો ઉપાય ગુરુપારતન્ત્ર્ય છે. એ પારતન્ત્ર્ય જ જેની પાસે નથી તે ઉપાયમાં પ્રવૃત્તિ કર્યા વિના–એનાથી જ સાધ્ય ભાવશુદ્ધિને શી રીતે પામી શકે? ગુરુપારતન્ત્ર્ય તો તે જ પામી શકે જેને સ્વના દોષોનું અને ગુણવત્ના ગુણનું જ્ઞાન છે. એવા જ્ઞાન વિના ગુણવત્પારતન્ત્ર્ય જ અસંભવિત છે.

तस्मादासन्नभव्यस्य प्रकृत्या शुद्धचेतसः ।
स्थानमानान्तरज्ञस्य गुणवद्बहुमानिनः ॥ ७॥

औचित्येन प्रवृत्तस्य कुग्रहत्यागतो भृशम् ।
सर्वत्रागमनिष्ठस्य भावशुद्धिर्यथोदिता ॥ ८ ॥

ભાવશુદ્ધિ પ્રાપ્ત કરવા માટે આ સાત ગુણો આવશ્યક છે. (૧) આસન્નભવ્યત્વ. (૨) સ્વાભાવિક ચિત્તશુદ્ધિ. (૩) આચાર્યાદિના સ્થાનનું અને તેમના સન્માનનું જ્ઞાન. (૪) ગુણવદ્બહુમાન. (૫) ઔચિત્યનું આસેવન. (૬) કદાગ્રહનો ત્યાગ. (૭) જિનાગમનિષ્ઠા.

વિવેચના :

સ્થૂલબુદ્ધિ કરતાં ધર્મમાં ધર્મવ્યાઘાત થાય એવું વિધાન પૂર્વના અષ્ટકમાં ગ્રંથકારશ્રીએ સ્પષ્ટ કર્યું.

ધર્મ કરનારનો આશય તો ધર્મ કરવાનો હોય તો તે આશય સુંદર હોવા છતાં એની સાથે જે સ્થૂલબુદ્ધિત્વનું જોડાણ થાય છે તે જ ધર્મવ્યાઘાતની આપત્તિ લાવે છે. આનો અર્થ એ થયો કે જો આશય સુંદર હોય અને સાથે સૂક્ષ્મબુદ્ધિત્વનું જોડાણ થતું હોય તો જે ધર્મ થાય તે દેખીતી રીતે પૂર્વોક્ત શાસ્ત્રવિરુદ્ધ દાનાદિ હોવા છતાં એનાથી ધર્મવ્યાઘાત થઈ જતો નથી.

સ્થૂલબુદ્ધિ માણસ તત્કાળ દેખાતા ધર્મના સ્વરૂપને ધર્મ માની લે એ વખતે જો એ ધર્મનાં દૂરગામી પરિણામો (અનુબંધ) અશુભ આવતાં હોય તો તે ધર્મથી જ ધર્મવ્યાઘાત થઈ જાય છે.

પરંતુ સૂક્ષ્મબુદ્ધિ આત્મા ભલે શાસ્ત્રવિરુદ્ધ પ્રવૃત્તિ કરતો દેખાય છતાં તેની સૂક્ષ્મબુદ્ધિ એ વિરુદ્ધ પ્રવૃત્તિનું દૂરગામી સુંદર પરિણામ જોઈ લે છે. માટે જ એ શાસ્ત્રબાધિત ધર્મથી પણ ધર્મવ્યાઘાત થતી નથી. ઊલટી શાસનપ્રભાવના થવા લાગે છે.

અનુબંધની આશયશુદ્ધિ આમ ગ્રંથકારે કહેલા 'ભાવશુદ્ધિ' શબ્દથી માત્ર તત્કાળની આશયશુદ્ધિ ન લેતાં અનુબંધન દૃષ્ટિપૂર્વકની આશયશુદ્ધિ લેવી જોઈએ. જો ભાવશુદ્ધિ શબ્દથી તત્કાલીન આશયશુદ્ધિ લઈએ તો તેવી આશયશુદ્ધિ તો પેલા ગ્લાનની સેવા કરવાની પ્રતિજ્ઞાવાળા સાધુને પણ છે જ. છતાં ત્યાં તો ધર્મવ્યાઘાત જ કહ્યો છે. એટલે અહીં અનુબંધના વિચાર સાથેની જ ભાવશુદ્ધિ લેવી ઠીક લાગે છે.

ભાવશુદ્ધિ એટલે મનનો અસંક્લિષ્ટ–સુંદર પરિણામ. જૈનેતર દાર્શનિકો કહે છે કે મનનું પરિણામ સારું હોય તો જે કાંઈ ધર્મ થાય તેનાથી ધર્મવ્યાઘાત થતો જ નથી. ભલે પછી સ્થૂલબુદ્ધિપૂર્વકનો એ ધર્મ હોય.

જૈનદાર્શનિકોને આ વાત મંજૂર નથી. તેઓ કહે છે કે, "ભાવશુદ્ધિ પૂર્વકના ધર્મમાં બધે જ ધર્મવ્યાઘાત ન થાય એવું ન કહી શકાય. અમુક પ્રકારની વિશિષ્ટ (અનુબન્ધવિચાર યુક્ત) ભાવશુદ્ધિ હોય તો જ તત્પૂર્વકના ધર્મથી ધર્મવ્યાઘાત ન થાય. અન્યથા ધર્મવ્યાઘાત થાય જ. મનના અસંક્લિષ્ટ પરિણામ માત્ર સ્વરૂપ ભાવશુદ્ધિ હોવાથી ધર્મવ્યાઘાત અટકી ન જાય."

અમે તો ત્રણ પ્રકારની વિશિષ્ટતા ધરાવતી ભાવશુદ્ધિને જ મંજુર કરીએ છીએ. એ ત્રણ વિશિષ્ટતાવાળી ભાવશુદ્ધિ સાથે શાસ્ત્રબાધિત-વિરુદ્ધ-દાનાદિ કરવામાં આવે તો પણ તેનાથી પૂર્વોક્ત ધર્મવ્યાઘાત થાય નહિ.

ભાવશુદ્ધિની ત્રણ વિશેષતા

ભાવશુદ્ધિની ત્રણ વિશેષતાઓ :

(૧) માર્ગાનુસારિણી

(૨) પ્રજ્ઞાપનાપ્રિયા

(૩) ન સ્વાગ્રહાર્તિમકા

(૧) ભગવાન જિનેશ્વરદેવોએ બતાડેલા રત્નત્રયીના માર્ગને અનુકૂળ આશય ધરાવતી ભાવશુદ્ધિ હોવી જોઈએ.

બીજા દાર્શનિકો કદાચ એમ કહી દે કે, "અમારી ભાવશુદ્ધિ પણ મુખ્ય વીતરાગ-સર્વજ્ઞે કહેલા મોક્ષમાર્ગને અનુસરતી જ છે."

ભલે, તેમ કહે. પણ તેટલા માત્રથી નહિ ચાલે. ભાવશુદ્ધિની બીજી પણ બે વિશેષતાઓ હોવી જોઈશે.

(૨) મોક્ષમાર્ગનું જ નિરૂપણ કરતું શાસ્ત્ર તે આગમ કહેવાય.

ચિત્તનો આશય તેવો જ હોવો જોઈએ કે જેને શાસ્ત્રોક્ત ઉપદેશ આપવાનું જ અત્યંત પ્રિય હોય. ઇધર-તિધરના લોકરંજન કાજેના ઉપદેશ દઈને લોકોને ધર્માભિમુખ બનાવવાનો ધર્મવિચાર વસ્તુતઃ સુંદર વિચાર નથી.

શાસ્ત્રવચનને સંપૂર્ણ રીતે પ્રામાણિત કરીને, તેને જ વાતે વાતે મુખ્ય કરવાનો આશય એ જ સુંદર આશય છે.

પરકીય દાર્શનિકોને આવો આશય સંભવી શકતો નથી. કેમકે તેઓ કદાગ્રહમાં બદ્ધ મતિવાળા હોય છે અને તેથી પોતાને જે પકડાયું તે એકાંતે પકડી લેવાના જ આશયવાળા હોય છે. શાસ્ત્રવચનને નજરમાં રાખવાને બદલે સ્વમતિને મુખ્ય રાખીને તે મુજબ શાસ્ત્રવચનમાં એકાંતનું સંયોજન કરવા ઉત્સુક રહેતા હોય છે.

(૩) આવી તેમની બદ્ધાગ્રહી માનસી ધારા હોય છે એટલે તેઓની ભાવશુદ્ધિ કદાગ્રહાત્મક બની જ રહે છે.

ભાવશુદ્ધિ તો તે જ માન્ય છે જે મધ્યસ્થભાવથી સંપન્ન છે.

ભાવશુદ્ધિની આ ત્રણે ય વિષ્ટિતાઓ એવી છે કે એથી શાસ્ત્ર બાધિત દેખાતાં દાનાદિ કાર્યો કરવા છતાં એમનાથી ધર્મવ્યાઘાત થતો નથી.

આપણે એક ડોકટરનો સાપેક્ષ રીતે વિચાર કરીએ. આ ડોકટર પોતાના માર્ગને જો બરોબર અનુસરીને ચાલતા હોય, તબીબી વિજ્ઞાનના દરેક નિયમને ખૂબ જ પ્રામાણિક રીતે વળગી રહેવાના પ્રેમવાળા હોય અને કોઈ પણ વાતના કટ્ટર આગ્રહી ન હોય તો તે ડોકટર કોઈ દરદીને જીવનવિરુધ્ધ ઝેર પણ આપે તો ય તેનાથી જીવનનો નાશ થતો નથી.

સામાન્ય રીતે ઝેરથી જીવનનો વ્યાઘાત જ થાય છે છતાં ઉક્ત વિશિષ્ટતાઓથી સંપન્ન માણસ પોતાના કે દરદીના દર્દને શમાવવા માટે સોમલ આપે તો જીવનવ્યાઘાત ન થતાં જીવનની પ્રાપ્તિ થાય છે.

આ જ બાબત શાસ્ત્રીય માર્ગમાં છે. જેનું ચિત્ત માર્ગાનુસારી છે, જે ચિત્તમાં મોક્ષમાર્ગનો અત્યંત પ્રેમ છે અને જેને કોઈ વાતનો આંધળો કદાગ્રહ નથી તેવા કોઈ પણ શ્રદ્ધાસંપન્ન શ્રાવક કે સાધુ કોઈ પ્રવૃત્તિ કરે તે દેખીતી રીતે શાસ્ત્રવિરુદ્ધ હોવા છતાં તેનાથી ધર્મવ્યાઘાત થઈ જતો નથી.

ઉક્ત ત્રણે ય વિશિષ્ટતાઓથી સંપન્ન જેનું ચિત્ત હોય એ બેશક શાસ્ત્રપરિકર્મિત હોય એટલે અનુબંધ-વિચાર તેની નજરમાં સદા રમતો હોય. આથી જ અનુબંધમાં સુંદર પરિણામ લાવી દેનારી પ્રવૃત્તિ શાસ્ત્રવિરુદ્ધ લાગતી હોય તો પણ તે આત્મા તેને આચરે અને તેનાથી શાસનની જોરદાર પ્રભાવના કરે. ધર્મવ્યાઘાતની તો વાત જ ક્યાં રહી ?

જેમ અનેષણીય વસ્તુ આદિનું નિષ્કારણ દાન વગેરે શાસ્ત્રબાધિત દાન કહેવાય છે તેમ આદિ શબ્દથી શાસ્ત્રબાધિત ષટ્જીવનિકાયવધ વગેરે પ્રવૃત્તિ પણ લઈ શકાય.

ઉક્ત ત્રણ વિશિષ્ટતાથી સંપન્ન ભાવશુદ્ધિવાળા આત્માને આપણે અનુબંધચિંતક કહ્યો છે; એનો અર્થ જ એ થયો કે તે આત્મા સૂક્ષ્મ બુદ્ધિ હોય. આવી અનુબંધ સૂક્ષ્મ બુદ્ધિવાળા મહાત્મા ષડ્જીવનિકાયના વધાદિની પ્રવૃત્તિ સકારણ કરવી પડે તો પણ તેનાથી ધર્મવ્યઘાત થતો નથી.

આ વિચાર આપણને એમ કહી જાય છે કે શાસનપ્રભાવનાનો કે સ્વહિતનો કોઈ વિશિષ્ટ હેતુ ઉપસ્થિત થાય તે વખતે સૂક્ષ્મબુદ્ધિ-સંપન્ન મહાત્માઓએ અનુબંધનો વિચાર કરવો જોઈ[illegible]ને જો તેમાં એમ લાગે કે પરિણામ ખૂબ સુંદર જ આવવાનું છે [illegible] તેણે બંધમાં અશુભ દેખાતી પ્રવૃત્તિને પણ આચરતાં અચકાવું જોઈએ નહિ.

જેમ ધર્મમાં સ્થૂલ ધર્મબુદ્ધિથી ધર્મવ્યાઘાત થાય છે તેમ દેખીતા અધર્મમાં સ્થૂલ અધર્મબુદ્ધિથી પણ ધર્મવ્યાઘાત થાય છે.

અનુબંધ જ મુખ્ય વસ્તુ છે. જે વસ્તુથી દૂરગામી પરિણામરૂપે શાસનપ્રભાવનાદિ મહાન કાર્ય થવાના હોય તે વસ્તુનું ધર્માચરણ હોય કે દેખીતું કહેવાતું અધર્માચરણ હોય—એકેયથી ધર્મવ્યાઘાત થતો નથી.

સ્થૂલબુદ્ધિવાળાને ધર્મથી પણ ધર્મવ્યાઘાત થાય અને સૂક્ષ્મ બુદ્ધિવાળાને અધર્મથી પણ ધર્મપ્રભાવના થાય.

સ્થૂલબુદ્ધિવાળા ગ્લાનસેવાભિગ્રહધારીનો ધર્મ પણ અનુબંધમાં ચિત્તસંક્લેશ ઊભો કરીને વસ્તુતઃ અધર્મ જ બની જાય છે.

જ્યારે સૂક્ષ્મબુદ્ધિવાળાની—સાધુને અનેષણીય વસ્તુનું દાન, કુસાધુને વંદના, શાસનદ્રોહીનો ઘાત વગેરે ધર્મ–અધર્મની તમામ પ્રવૃતિ ધર્મપ્રભાવનામાં જ પરંપરયા પરિણમતી હોય તેથી વસ્તુતઃ ધર્મ-સ્વરૂપ જ બની જાય છે.

ટૂંકમાં જ્યાં અનુબંધ વિચારની શુધ્ધિ છે ત્યાં જ વાસ્તવિક ભાવશુધ્ધિ છે. જ્યાં આવી ભાવશુધ્ધિ છે ત્યાં શાસ્ત્રબાધિત પ્રવૃતિસ્વરૂપ અધર્મોથી પણ ધર્મપ્રભાવના જ થાય છે.

આ વાતને સ્પષ્ટ કરવા માટે આપણે બલભદ્રમુનિનું દૃષ્ટાન્ત જોઈશું. આ મુનિ કર્મવશાત્ અવ્યક્તલિંગી સાધુ બની ગયા હતા. એક વાર તેમણે ગિરનારતીર્થની ઉપર આવી પડેલી ભયાનક રાજ્યા-પત્તિનું નિવારણ કરીને અપૂર્વ શાસનપ્રભાવના કરી હતી. પણ આવી શાસનપ્રભાવના કરવા જતાં તેમણે શાસ્ત્રબાધિત જીવહિંસાની વિરાધ-ના સેવી હતી. છતાં તેઓ અનુબંધવિચાર શુધ્ધિસંપન્ન ભાવશુધ્ધિ-વાળા હતા માટે તેમની એ અધર્મપ્રવૃતિથી પણ ધર્મવ્યાઘાત ન થતાં ધર્મપ્રભાવના જ થઈ.

બલભદ્રમુનિ એ હતા બલભદ્રમુનિ

એમના ગુરુનું નામ હતુ યશોભદ્રસૂરિ.

જ્યારે યશોભદ્રમુનિને આચાર્યપદ પ્રદાન થયું હતું ત્યારે જ તેમણે આઠ કોળિયાથી યાવજ્જીવ આયંબિલ કરવાનો અભિગ્રહ કર્યો હતો.

કેટલાંક વર્ષ વીતી ગયાં.

એક વખત તેઓ ગામ બહાર [illegible]ંડિલભૂમિ જતા હતા. રસ્તામાં એકાએક વરસાદ તૂટી પડ્યો. નજદીકમાં જ સૂર્યમંદિર હતું. સૂરિજી સ્વશિષ્ય સાથે એ સૂર્યમંદિરમાં પેસી ગયા.

આ જ સમયે સૂર્યદેવ ભરતક્ષેત્રને જોઈ રહ્યો હતો. તેમાં તેણે જોયું કે પોતાના જ મંદિરમાં જૈનશાસનના મહાતપસ્વી આચાર્ય પધાર્યા છે એટલે તરત જ પ્રસન્ન થઈને તે સૂર્યમંદિરમાં આવ્યો. તેણે ખૂબ આગ્રહપૂર્વક કહ્યું કે, "આપ મારી પાસે કાંઈક માગો. આપને જે ઇષ્ટ હશે તે હું મેળવી આપીશ."

સૂરિજી અત્યંત નિઃસ્પૃહી હતા. તેમણે સ્પષ્ટ કહી દીધું, "તારી પાસેથી મારે મેળવવા જેવું છે શું?"

આ સાંભળીને સૂરિજીની નિઃસ્પૃહતાથી અત્યંત પ્રભાવિતા થયેલા તે દેવે સર્વજીવાવલોકનાઞ્જન અને એક દિવ્ય પુસ્તક આપ્યું. એમાં અઢળક વિદ્યાઓ, કલ્પો, યંત્રો વગેરેના આલેખ હતા.

સૂરિજીએ કેટલીક વિદ્યાઓનો આમ્નાય જાણી લઈને સ્વશિષ્ય બલભદ્રમુનિને એ ગ્રન્થ યથાવત્ બાંધીને ત્યાં જ મૂકી દેવા જણાવ્યું. એની સાથે એવી સૂચના પણ કરી કે તેણે કદી એ પુસ્તકને છોડીને જોવું નહિ.

મુનિ બલભદ્રે આદેશ મુજબ પુસ્તક બાંધીને સૂર્યમંદિરના એક સ્થાનમાં મૂકી દીધું.

કેટલાય દિવસો પસાર થઈ ગયા.

ફરી એક વાર બે ય ગુરુ-શિષ્ય તે જ સ્થંડિલભૂમિએ આવ્યા. સૂરિજીની પહેલાં જ શૌચકર્મ પતાવીને બલભદ્રમુનિ તે જ સૂર્યમંદિરમાં આવીને ઊભા રહ્યા કે તરત તેમની આંખે પેલું પુસ્તક ચડ્યું.

કુતૂહલથી પ્રેરાઈને તેમણે તે પુસ્તક છોડ્યું, અને એક પાનું ખોલ્યું. એ પાનામાં બકરીની દરેક લીંડીમાંથી એકેકી બકરી ઉત્પન્ન કરવાનો મંત્ર લખ્યો હતો.

નજદીકમાં જ બકરીની લીંડીઓ વેરાયેલી પડી હતી.

મુનિ કુતૂહલપ્રિય હતા. તરત ૧૦૮ વાર મંત્રપાઠ કર્યો. જોતજોતામાં દરેક લીંડીમાંથી એકેકી બકરી ઉત્પન્ન થઈ ગઈ.

સાશ્ચર્યમુગ્ધવદને મુનિ બલભદ્ર આ દૃશ્ય જોઈ જ રહ્યા. ગુરુજી ઠપકો આપશે, તે ભયથી ધ્રૂજવા લાગ્યા.

થોડી જ વારમાં સૂરિજી આવ્યા. પૂર્વે ન જોયેલા બકરીના વૃંદને જોઈને સૂરિજીએ સાશ્ચર્ય પૂછયું કે, "આમ એકાએક આટલી બધી બકરીઓ આવી કયાંથી ? રબારી કેમ દેખાતો નથી ?"

શરમિંદા બની ગયેલા મુનિએ કહ્યું, "એ અપરાધ મારો છે. કુતૂહલથી પ્રેરાઈને મેં પેલું દિવ્ય પુસ્તક ખોલ્યું; એક મંત્ર ભણ્યો અને આ સ્થિતિ થઈ. મને માફ કરો."

"અરરર...." સૂરિજીના અંતરમાંથી વેદના ઊભરાઈ ગઈ. હવે આ નિર્દોષ પશુઓનું રક્ષણ કોણ કરશે ? આવા ભયંકર વનના હિંસક પશુઓ આમને જીવવા કેમ દેશે ? આટલા જીવોની ક્રૂર હત્યા થશે તો તે પાપનો ભાગીદાર કોણ બનશે ?"

થોડું વિચારીને સૂરિજી બોલ્યા, "બલભદ્ર ! તેં ખૂબ જ ગંભીર ભૂલ કરી છે. ખેર, આ જીવોની રક્ષા કરવા માટે હવે તારે અહીં જ રહેવું પડશે. તું રજોહરણને અવ્યક્ત રીતે રાખીને હવે અહીં જ રહે અને સાધુજીવન પાળ."

બલભદ્ર મુનિ માટે ગુર્વાજ્ઞા પ્રમાણ કરવા સિવાય બીજો કોઈ વિકલ્પ જ ન હતો. જીવરક્ષા માટે અવ્યક્તલિંગી બનીને ત્યાં જ રહ્યા.

બલભદ્રમુનિ ગિરિગુહાવાસી અવ્યક્ત વેષધારી બન્યા.

રોજ બકરીને ચારો ચરાવવા લાગ્યા, લીંડીનો હોમ કરીને દિવ્ય પુસ્તકના આમ્નાયો સિદ્ધ કરવા લાગ્યા. ધીમે ધીમે ઘણી અદ્‌ભુત વિદ્યાઓ સિદ્ધ કરી.

એક સમયની વાત છે. ગિરનાર તીર્થનો બૌદ્ધોએ કબજો લઈ લીધો. બૌદ્ધ ધર્મગુરુએ રાજા-રાણીને પણ બૌદ્ધધર્મના અનુયાયી બનાવ્યા. આટલેથી જ ન અટકતાં જૈનોને માટે એ તીર્થ બંધ કરાવી દીધું.

બૌદ્ધ ધર્મને રાજ્યાશ્રય મળવાથી રાજ્યના લોકો ઉપર ધર્માન્તર કરવાની ફરજો પાડવામાં આવી. જે જૈન બૌદ્ધધર્મનો જાહેરમાં સ્વીકાર કરે તેને જ ગિરનાર તીર્થની યાત્રા કરવાની પરવાનગી મળતી.

આખો જૈનસંઘ વ્યાકુળ થઈ ગયો. એક વખત બાનગીમાં સંઘ મળ્યો. સહુના મુખ ઉપર લાચારી તરવરતી હતી. શું કરવું ? કોઈને સમજાતું ન હતું. રાજ્યાશ્રિત ધર્મની સામે પડવાનું કામ પણ અતિ-મુશ્કેલ અને જોખમી હતું.

છેવટે ભગવાન નેમનાથના શાસનદેવી અમ્બાજીનું વિધિવત્ ધ્યાન કરવામાં આવ્યું. અમ્બાજી પ્રત્યક્ષ થયા. બધી વાત સાંભળીને તેમણે કહ્યું કે, "બૌદ્ધ ધર્મના અધિષ્ઠાયક દેવે ગિરનાર તીર્થ ઉપર પોતાનું આધિપત્ય જમાવી દીધું છે. એને મહાત કરવાનું કામ મારા માટે પણ કાંઈક મુશ્કેલ છે."

આ વાત સાંભળીને આખો ય સંઘ હતાશ થઈ ગયો.

સંઘના નાયકે પૂછયું, " દેવી ! તો શું તીર્થ ઉપરની આપત્તિ દૂર કરવા માટે કોઈ રસ્તો નથી ? "

" હા, એક રસ્તો છે. " થોડી વાર વિચાર કરીને દેવીએ કહ્યું.

" ગિરિગુહાવાસી બલભદ્રમુનિ વિદ્યા મંત્રસિદ્ધ પુરુષ છે. એમની સહાય આ વિષયમાં કારગત નીવડી શકે. સંઘ તરફથી તરત એક ઔષ્ટ્રિકને રવાના કરો. "

દેવીની વાત સાંભળીને સંઘ આનંદમાં આવી ગયો. તરત જ એક ઔષ્ટ્રિકને તૈયાર કરવામાં આવ્યો. સંઘના નાયકની સહી સાથે તૈયાર કરેલા લખાણનો લખોટો તેને સોંપવામાં આવ્યો.

માર માર કરતો ઔષ્ટ્રિક એ મુનિ પાસે પહોંચી ગયો.

લખોટો ખોલીને મુનિ વાંચવા લાગ્યા. જેમ જેમ લખાણ વાંચતા ગયા તેમ તેમ તેમનાં મુખ ઉપર ઉશ્કેરાટની લાગણીઓ વેગથી વ્યક્ત થવા લાગી.

દાંત ભીંસીને લખોટો વાળી બાજુએ મૂક્યો. "ઔષ્ટ્રિક! તું જા. હમણાં જ આકાશ માર્ગે હું ત્યાં જાઉં છું." મુનિએ કહ્યું.

કાલિક વિધિ પતાવીને મુનિવર મંત્રબળથી આકાશમાં ઊડ્યા. થોડી જ વારમાં રૈવતગિરિની તળેટીમાં આવી પહોંચ્યા.

સમગ્ર સંઘ ભેગો કર્યો. એક પણ બાળ ગેરહાજર ન રહી જાય તેવી તાકીદ કરી.

તમામ નર–નારી, બાળ–બાલિકા–આવી ગયા.

મુનિએ મંત્ર ભણીને ઉપસ્થિત થયેલા સંઘની ચોમેર એક બાઈ ખોદી નાંખી અને તેમાં ભડભડ જલતી આગ ઉત્પન્ન કરી.

ફરી મંત્ર ભણીને એ બાઈની ચોમેર બીજી બાઈ ઊભી કરીને તેમાં પાણી ભરી દીધું. માત્ર પાછલા ભાગમાં થોડો રસ્તો રાખ્યો.

આટલું કરીને મુનિ બૌદ્ધ રાજાની સભામાં ગયા.

"રાજન! જૈનોનું તીર્થ જૈન સંઘને પાછું આપી દેવું છે કે નહિ? આ અન્યાયને અમે કદી સાંખી શકીએ તેમ નથી. અમારે 'હા' કે 'ના' નો હમણાં જ જવાબ જોઈએ." મુનિવરે પૂરા સત્તાવાહી પડકાર સાથે કહ્યું.

"તીર્થ!" બૌદ્ધ રાજા ખડખડાટ હસી પડતાં બોલ્યા, "નહિ મળે. કદાપિ નહિ મળે. હા, તમે બધા બૌદ્ધ બનીને અહીં આવો તો એ તીર્થ તમારા માટે ખુલ્લું મૂકી દેવા તૈયાર છું. બાકી મુંડિયા! ચાલ્યો જા અહીંથી. આજે જીવતો જવા દઉં છું. ફરી આવી ધૃષ્ટતા કરીશ તો તારી ખેર નહિ રહે." રાજાએ કરડી નજર સાથે કહ્યું.

જૈન મુનિ વિરાગી હોય છે. વીતરાગ હોતા નથી. વિરાગ એટલે દુર્ગતિદાયક ભોગ સામગ્રીના રાગ વિનાના....પણ એવા રાગ વિનાના સદા માટે બની રહેવા માટે એમને સદ્‌ગતિપ્રદ ધર્મ–સામગ્રી ઉપર વિશિષ્ટ રાગમહારાગ–તો કરવો જ રહ્યો.

આમ વિરાગી એટલે રાગ વિનાના, અને વિશિષ્ટ રાગવાળા.

બલભદ્રમુનિ પણ આવા જ વિરાગી હતા. જિનશાસનનો રાગ એમની રગરગમાં વ્યાપી ગયો હતો. રાજાની ક્રૂર મશ્કરીને એથી જ એ ખમી ન શકયા. એમનો પુણ્યપ્રકોપ પ્રજ્વળી ઊઠયો.

અનુબંધમાં અહિંસા તે જ જૈનની અહિંસા

જૈનની અહિંસા નામર્દની અહિંસા નથી. જનોનો ઇતિહાસ ખૂબ જ ગૌરવવંતો છે. જૈનોએ ઘોડા ઉપર સ્વાર થતી વખતે પલાણ ઉપર પૂંજણીઓ ફેરવી છે; અને ધર્મયુદ્ધે ચડી શત્રુઓને સીધાદોર પણ કરી નાંખ્યા છે. ભારતીય સંસ્કૃતિના દુશ્મનોને કડક પાઠ ભણાવ્યાના અઢળક પ્રસંગો ઇતિહાસના પાને સુવર્ણાક્ષરે નોંધાયા છે.

બલભદ્રમુનિ ભલે સાધુ હતા, પણ સાધુતાનું લોહી એમની નસનસમાં વહેતું હતું. સાધુ એટલે 'બચાડો' અહિંસક નહિ; સાધુ તો શાસનરક્ષા કાજે જવાંમર્દીના જીવસટોસટના ખેલ ખેલવાના અપ્રતિહત સામર્થ્યની મૂર્ત્તિ.

શાસનરક્ષા પ્રસંગે જે સ્થૂલ અહિંસાના વિચારે પીછેહઠ કરે છે એ જૈન સાધુ જ નથી.

બલભદ્રમુનિ મર્દ હતા. વિદ્યામન્ત્રતન્ત્રના અઠંગ સાધક હતા. આવા સમયે એ વિદ્યાઓનો ઉપયોગ ન કરે તો ધર્મદ્રોહનું પ્રાયશ્ચિત્ત આવે તેવું સુપેરે જાણતા હતા. રાજા ઉપરની નિઃસીમ કરુણા સાથે જ એની સાન ઠેકાણે લાવવા માટે એના શરીરમાં ભયંકર દાહ ઉત્પન્ન કરી દીધો. બીજી જ પળે મુનિ ત્યાંથી ચીલઝડપે ચાલી ગયા. સકળ સંઘ, એમની રાહ જોતો, એમની રક્ષા ઇચ્છતો મન્ત્રાધિરાજનું સ્મરણ કરતો હજી બેસી જ રહ્યો હતો.

આ બાજુ રાજાનો કોપાનલ ભભૂકી ઊઠયો. સેનાપતિને આજ્ઞા કરી, "હમણાં ને હમણાં એ મુંડિયાને અને બધા ય જૈનોને કાપી નાંખો."

નાનકડું સૈન્ય લઈને સેનાધિપતિ રવાના થયો. સંઘની ચોમેર

ખોદાયેલી આગ અને પાણીની ખાઈને પાછલી બાજુથી વટાવી દઈને સંઘની પાસે આવી ગયો.

એ મુનિવરને પણ ત્યાં જ જોયા. સેનાપતિ એમની પાસે ગયો. સંધિ અને વિગ્રહનીતિના દાવપેચોનો એ અચ્છો જાણકાર હતો.

ગંભીર સ્વરે તેણે મુનિને કહ્યું, "મુનિરાજ! રાજાને કોપાયમાન કરીને આપ શું મેળવશો? રાજા રૂઠશે તો આખા જૈન સંઘ ઉપર આફતના ઓળા ઊતરશે. શું આપને તે ઇષ્ટ છે?"

મુનિ બલભદ્ર બોલ્યા, "સેનાપતિ! તારા રાજાનો તું સેવક છે, માટે બીજું કશું જ કરતો નથી. પણ યાદ રાખજે જગતમાં સર્વોપરી રાજા નથી; પરંતુ યોગીઓ છે. યોગીઓના સામ્રાજ્યમાં ધર્મને આંચ લગાડનાર રાજા આપઘાતી વલણ અપનાવી રહ્યો છે. જા તું....તારા રાજાને કહી દે કે તેણે બળિયા જોડે બાથ ભીડી છે. હવે મોત માટે તૈયાર થઈને બેસે. હજી તો મેં એના દેહમાં દાહ જ ઉત્પન્ન કર્યો છે પણ હજી..."

"પણ મુનિવર! આપનું બળ શું?" પૂરી ગંભીરતા સાથે સેનાપતિએ પૂછ્યું.

ખડખડાટ હસી પડતાં મુનિએ કહ્યું: 'ઓ! મૂર્ખ! શું સત્તા અને સૈન્યમાં જ તેં બળ માન્યું છે? વિશ્વ ઉપરનું અમારું ધર્માધિપત્ય તેં જાણ્યું જ નથી! જેનો આત્મા અનંત બળથી ઊભરાઈ ઊઠ્યો છે એને વળી શસ્ત્ર કે સૈન્યની શી જરૂર? આ તો બધાં સાધનો આત્માની કાયરતાના સૂચક છે."

થોડી પળ મૌન રહીને વળી મુનિવર બોલ્યા, "લે....તું ય મારા બળની નાનકડી વાનગી જોતો જા."

આમ કહીને પાસે જ પડેલી લાલ કણેરની સોટી ઉપાડીને સામે રહેલાં વૃક્ષોની સામે નજર કરીને ઉપરથી નીચે ફેરવી.

અને....એક જ પળમાં એ વૃક્ષના બધાં જ ફળો ધડાધડ કરતાં જમીન ઉપર તૂટી પડ્યાં.

સેનાપતિ સ્તબ્ધ થઈ ગયો. એના હૃદયમાં સોપો પડી ગયો.

પળ વારમાં સ્વસ્થ થઈને એણે કહ્યું, "મુનિરાજ ! વિસર્જન સહુ કરી શકે છે. આપની પણ તે જ તાકાત હોય તો એમાં મને કશું ય આશ્ચર્ય થતું નથી. આ જ ફળોને ફરી પાછા તે જ સ્થળે આપ સ્થિર કરી શકો ખરા ?"

"રે ! મૂર્ખ ! હજી શંકા પડે છે; મારા બળમાં ? લે એ ય જોતો જા." આટલું કહીને પાસે પડેલી સફેદ કણેરની ડાળ ઉપાડી. નીચેથી ઊંચે ફેરવતાંની સાથે જ ધરતી ઉપર ઢળી પડેલું દરેક ફળ ફરી પોતાના સ્થાને ચોંટી ગયું !

સેનાપતિનું આશ્ચર્ય હદ વટાવી ગયું. એ સ્વગત બોલી ઊઠ્યો, 'આ તાકાત ! આવા સિદ્ધયોગી સાથે અમારો રાજા ભાથ ભીડી રહ્યો છે ? રે ! આની પાસે તો એ કરચલું છે; કરચલું ! પળવારમાં એને ચોળી નાંખે !'

સેનાપતિ દોડ્યો રાજાની પાસે. સઘળી વાત કરી. દાહની કારમી પીડાથી ત્રાસી ગયેલો રાજા ચંદનના લેપથી પણ શાન્ત થતો નથી. ત્યાં વળી આ સમાચારે એને હલબલાવી મૂક્યો. હવે તો આબરૂ-ભેર જીવવું કેમ એ જ પ્રશ્ન હતો ! મૃત્યુના ભયંકર પડછાયાએ રાજાને ઢીલો ઘેંસ કરી નાંખ્યો. જીવન મળતું હોય તો બૌદ્ધ ધર્મને ય વેચી ખાવા તે તૈયાર હતો.

"જાઓ ! સેનાધિપતિ ! જલદી જાઓ. એ સિદ્ધયોગીને પૂરા સન્માન સાથે અહીં લઈ આવો.'

સેનાધિપતિ તરત ગયો. મુનિવરને માનભેર લઈ આવ્યો. દાહની ભયંકર પીડાથી રાજા તરફડી રહ્યો હતો.

મુનિના આવતાની સાથે જ એ બેઠો થઈ ગયો.

"મને માફ કરો." રાજાએ કહ્યું.

"માફી એમ નહિ મળી શકે. તું અને તારી પ્રજા જિન ધર્મનો

અંગીકાર કરે તો જ માફી મળશે અને જીવન પણ મળશે."

રાજાએ એ શરત કબૂલ કરી લીધી. રાજા અને પ્રજાએ જિન ધર્મનો અંગીકાર કર્યો.

મુનિવરે રાજાનો દાહ શાન્ત કરી દીધો. ગિરનાર તીર્થ સુરક્ષિત થઈ ગયું. બૌદ્ધ-સાધુઓ પોબારા ગણી ગયા.

જાણ્યો ને આ પ્રસંગ ? મુનિના ધર્મનો વ્યાઘાત કરે એવી કેટલી બધી ધર્મવિરુદ્ધ પ્રવૃત્તિઓ બલભદ્ર મુનિએ કરી છે ? છતાં એનાથી ધર્મવ્યાઘાત ન થયો એટલું જ નહિ પરંતુ અદ્‌ભુત શાસન-પ્રભાવના થઈ !

એની પાછળ એ મુનિની અનુબંધ શુદ્ધ સૂક્ષ્મદૃષ્ટિ હતી. માટે જ એની ધર્મપ્રભાવનાની ભાવશુદ્ધિ શાસ્ત્રમાન્ય ભાવશુદ્ધિ હતી.

જ્યારે આ રીતે અધર્મની પ્રવૃત્તિ પણ સૂક્ષ્મબુદ્ધિત્વપૂર્વકની ભાવબુદ્ધિવાળી હોય તો ધર્મવ્યાઘાત ન કરતાં ધર્મપ્રભાવનાનું અસાધારણ નિમિત્ત બની જાય છે ત્યારે અનેષણીય દાનાદિની દેખીતી ધર્મપ્રવૃત્તિ પણ સૂક્ષ્મબુદ્ધિ (અનુબંધજ્ઞાન) પૂર્વકની ભાવશુદ્ધિવાળી હોય તો ધર્મપ્રભાવના કરે તેમાં શી નવાઈ ?

જિન શાસ્ત્રથી જેની મતિ પરિકર્મિત બની હોય તેમને જ આવું ભાવશુદ્ધિનું અનુબંધશુદ્ધ સૂક્ષ્મબળ પ્રાપ્ત થઈ શકે. (૧)

કદાગ્રહના સદ્‌ભાવમાં ભાવશુદ્ધિનો અસંભવ કદાચ કોઈ એવો પણ પ્રશ્ન કરશે કે બીજા ધર્મોની કદાગ્રહવાળી પણ જે ભાવશુદ્ધિ છે તેને ભાવશુદ્ધિ કહેવામાં વાંધો શું છે ? ભાવશુદ્ધિ માટે માધ્યસ્થ્યભાવની જરૂરિયાત કેમ માનવામાં આવે છે ?

આ પ્રશ્નનું સમાધાન એ છે કે કદાગ્રહનો ભાવ એ જ સ્વયં અશુદ્ધ ભાવ છે. જે ચિત્તમાં આવો અશુદ્ધ ભાવ છે તે ચિત્તમાં ભાવશુદ્ધિ શી રીતે સંભવે ?

એ વાત સુનિશ્ચિત છે કે રાગ દ્વેષ કે મોહના કુસંસ્કારોને

કારણે જ કદાગ્રહાદિ–અશુદ્ધ ભાવ–સ્વરૂપ ચિત્ત બની જાય છે. આત્મા સ્વયં સ્વરૂપતઃ શુદ્ધ પરિણામી હોવા છતાં જ્યારે એની ઉપર રાગાદિ પરિણામોનું વાદળ છાઈ જાય છે ત્યારે એ અશુદ્ધ પરિણામી બની જાય છે. જેમ જેમ એ રાગાદિભાવો ઉગ્ર બનતા જાય છે તેમ તેમ અશુદ્ધિ પણ વધતી જાય છે. આમાંથી જ કુતત્ત્વનો કદાગ્રહ જન્મી જાય છે.

કહેવાતા મહાજ્ઞાન સાથે કદાગ્રહભાવ હોય જ એવો નિયમ નથી. કદાગ્રહનો સજ્જડ વિરોધી તો રાગાદિભાવોનો મંદભાવ છે. જેમ જેમ રાગાદિ અશુદ્ધિ વિરમતી જાય તેમ તેમ કદાગ્રહાદિના અશુદ્ધભાવો દૂર થતા જાય.

જ્યાં રાગાદિની અશુદ્ધિ જોરમાં હોય ત્યાં મતિ અજ્ઞાનાવરણ કર્મના હ્રાસથી મહાજ્ઞાનનું દર્શન થઈ શકે પરંતુ એની સાથે જ કદાગ્રહનું ઝેર પણ રગેરગમાં વ્યાપીનેજ રહે. કદાગ્રહોનો વિરોધી માધ્યસ્થ્યભાવ છે. માધ્યસ્થ્યની પ્રાપ્તિ રાગાદિની મંદતામાં છે, ઉક્ત જ્ઞાનની તીવ્રતામાં નહિ જ.

આ ઉપરથી સમજી શકાશે કે માત્ર જ્ઞાન થવાથી માધ્યસ્થ્યભાવ પામી શકાતો નથી, પરંતુ રાગાદિની મંદતાથી જ માધ્યસ્થ્યભાવ પ્રાપ્ત કરી શકાય છે.

ગયું જ્ઞાન પણ માધ્યસ્થ્યભાવ પ્રાપ્ત થવાથી જ આવે છે.

આમ વિશુદ્ધ જ્ઞાનની પ્રાપ્તિનો સીધો સંબંધ રાગાદિભાવોના વિનાશ સાથે છે.

બારમા ગુણસ્થાનના છેડે રાગાદિભાવોનો સંપૂર્ણ નાશ થાય છે અને પછી અન્તર્મુહૂર્તમાં જ સર્વજ્ઞ બની જવાય છે. સર્વજ્ઞતા એટલે પરમોચ્ચ માધ્યસ્થ્યની ટોચ.

આ બધી વાત બરોબર વિચારીશું તો તરત સમજાઈ જશે કે જ્યાં રાગાદિભાવો વર્ક્યા છે, ત્યાં જ્ઞાનની મલિનતા ઊભરાઈ ગયા વિના

રહેતી જ નથી. પછી એવા મલિન જ્ઞાનની પક્કડ પણ આવી ગયા વિના રહેતી નથી.

આમ કદાગ્રહનું મૂળ તો રાગાદિભાવો જ બની રહે છે.

જ્યારે રાગાદિભાવો સ્વયં આત્માનાં અશુદ્ધ પરિણામો છે ત્યારે તેનું જ ફળ કદાગ્રહ પણ અશુદ્ધભાવ સ્વરૂપ હોય તેમાં શી નવાઈ?

જ્યાં આવો અશુદ્ધભાવ હોય ત્યાં ભાવશુદ્ધિ સંભવે જ ક્યાંથી?

દૃષ્ટિરાગ સૌથી ભયંકર

કલિકાલ સર્વજ્ઞ ભગવંત હેમચન્દ્રસૂરીશ્વરજી મહારાજાએ વીતરાગસ્તોત્રમાં કહ્યું છે કે હજી કામરાગ અને સ્નેહરાગનું નિવારણ થઈ શકે છે પરંતુ જે દૃષ્ટિરાગ છે કે જેનાથી તે તે દર્શનોના પદાર્થ ચિંતનમાં કદાગ્રહ થઈ જાય છે તે તો એટલો બધો પાપી છે કે દુનિયામાં સુજન તરીકે ગણાતા; સરળતા, મૃદુતા, ઉદારતા વગેરે સ્વભાવના સ્વામીઓ પણ એની પકડમાં આવી જાય છે; સાપેક્ષસત્યનો વિચારસુદ્ધાં કરવા કાયર બની જાય છે. આવા લોકો સ્વભાવગત ઘણા ગુણોનું વૈશિષ્ટ્ય ધરાવતા હોય તેવું પણ બને છે છતાં એ વૈશિષ્ટ્યનું બળ એમના દૃષ્ટિરાગને ઉખેડી શકવા સમર્થ બની શકતું નથી.

આજે પણ આવી એક દુનિયા વસી છે. પોતપોતાના ધર્મપ્રણેતાઓએ ચીંધેલા વલણની પકડમાં એ લોકો એવા આબાદ આવી ગયા હોય છે કે એમને કોઈ સાચું સમજાવે તો ય સમજવા તૈયાર થતા નથી. કોઈ એમને યુક્તિથી પકડે અને તેથી નિરુત્તર થઈ જાય તો એમ પણ કહી દે કે, "આ તો કુયુક્તિથી તમે અમને ફસાવી રહ્યા છો, બાકી સત્ય તો તે જ છે જે અમે જાણ્યું છે. અમારા ગુરુએ દેખાડ્યું છે."

આવા માણસો ઘણા જ મીઠાબોલા અને ખૂબ જ મીંઢા હોય છે. જિબ્બાનની મીઠાશ તો જાણે એમની જ હોય છે, અને તેથી જ તેઓ પોતાનો મોટો અનુયાયી વર્ગ ઊભો કરવામાં સફળતા મેળવે છે. એની સાથે ચર્ચા કરવા માગતા પરધર્મી વિચારકો સાથે વાતો નહિ કરવાની

એમની ભીષ્મ પ્રતિજ્ઞા પણ સાચે જ અજોડ હોય છે. આથી એમની પોલ કદી ઉઘાડી પડી નહિ જાય એવું તેઓ માનતા હોય છે. કદાચ કોઈ ઘણું કહી નાંખે તો એક જ વાત કરે કે, "અમારું સત્ય બહુ જ ઝીણું છે, તમને જલદી સમજાય તેવું નથી. એ માટે તો વર્ષો સુધી અમને સાંભળવા પડશે. એ પછી એ સત્ય આપમેળે જ સમજાઈ જશે."

કેવો ભયંકર ઉત્તર છે! વર્ષો સુધી કોઈ સાંભળે નહિ, અને ભાઈ જાળમાં સપડાય નહિ."

જેવા ગુરુ કદાગ્રહી હોય છે તેવા જ તેમના અનુયાયીઓ કયારેક કદાગ્રહી બની જતા હોય છે. તેઓ પણ એવા જ ઉડાઉ જવાબો આપીને ચર્ચાની જાળમાં ફસાઈ જવાની બાબતથી સદા છેટા જ રહેતા હોય છે.

ગુરુજી ગમે તેટલા ખોટા અર્થ કરી રહ્યા હોય તો ય પેલો દૃષ્ટિરાગ, "જી ગુરુદેવ!" સિવાય બીજું કાંઈ બોલવાની બુદ્ધિ જ થવા દેતો નથી. આવા કદાગ્રહી માણસોને તે જ માણસો પસંદ પડી જાય છે જેઓ એમના ગુરુએ ચીંધેલા અર્થને જ સત્ય કહેતા હોય.

બિલ્લી બેઠી બેઠી ચણા ખાતી હય

શાસ્ત્રમાં એક વાત આવે છે. એક રાજા હતો. તેને ત્યાં ઘણા વર્ષથી એક પંડિત રહેતો હતો. રાજાને એની વિદ્વત્તા ઉપર અંધવિશ્વાસ હતો. પંડિત સાચું-ખોટું જે કાંઈ કહે તે તેને આંખ મીંચીને મંજૂર હતું.

છતાં પંડિતને રોજ એક વાતની ચિંતા થતી હતી કે જગતમાં મારાથી પણ કોઈ સવાશેર કેમ નહિ હોય? એ કદીક અહીં આવીને રાજાનું દિલ આકર્ષી લે તો મારે પદભ્રષ્ટ થઈ જવું પડે. કેમકે આ રાજાનું ઠેકાણું નહિ, કયારે શું કરી બેસે!"

આ ભયનો વિચાર કરતાં એક દિવસ તેણે તે ભયને નિર્મૂળ કરવાનો કાયમી ઉકેલ શોધી કાઢ્યો.

એક દિવસ રાજા સાથે પંડિત ધર્મચર્ચા કરી રહ્યો હતો. તેમાં તક જોઈને તેણે વાત મૂકી દીધી.

"રાજન ! જગતમાં ઘણા લોકો પોતાને મહાવિદ્વાન ગણાવતા ફરતા હોય છે, પરંતુ અસલમાં તો લગભગ બધા જ ઠોઠ હોય છે."

રાજાએ પૂછયું: "પંડિતજી ! આપણને એની ખબર શી રીતે પડે ?"

તરત પંડિતે કહ્યું, "એનો એક સરસ રસ્તો છે. હું આપને એક શ્લોક આપું છું અને તેનો સાચો અર્થ પણ કહી રાખું છું. જે પંડિત મારો કહેલો અર્થ કરી દેખાડે તેને આપે સાચો પંડિત માનવો. બાકીના બધા ય ને બુધ્ધુ, સમજવા."

આટલું કહીને તે પંડિતે **तज्ज्ञानमेव न भवति यस्मिन्नुदिते विभाति रागगणः**... શ્લોક આપ્યો અને તેનો અર્થ કહ્યો, "બિલ્લી બેઠી બેઠી ચણા ખાય છે!"

અન્ધવિશ્વાસુ રાજાએ તે અર્થની ધારણા કરી લીધી.

ત્યાર બાદ રાજસભામાં દેશવિદેશના જે જે પંડિતો આવતા તેમની કસોટી કરવા માટે રાજા આ શ્લોક પૂછતો અને બધા જ પંડિતો બીજો જ [સાચો] અર્થ કરતા એટલે રાજા તેમને બુધ્ધુ-પંડિત કહીને પાણીચું આપી દેતો.

પેલા રાજ-પંડિતને બહુ મજા આવી ગઈ. હવે એનું સ્થાન કોઈ લઈ શકે તેમ નથી એવો તેને દૃઢ નિશ્ચય થઈ ગયો.

કેટલાંક વર્ષ ગયાં બાદ કોઈ મનઃપર્યવજ્ઞાની મુનિ તે જ નગરમાં આવી ચડયા. રાજા દંરક પંડિતને એક જ શ્લોક પૂછી રહ્યો છે.... ઇત્યાદિ બધી વાતની તેમને માહિતી મળી ગઈ. મુનિને તો માનપાન તો અડતાં જ ન હતા; પરંતુ રાજાને ધર્મ પમાડવાની એમની ભાવના તો હતી જ. તેઓ એક દિવસ રાજસભામાં જઈ ચડયા.

રાજસભાનું કાર્ય આટોપાઈ ગયું કે તરત જ રાજાએ પેલો શ્લોક કહ્યો અને તેનો અર્થ કરવાની મુનિરાજને વિનંતી કરી.

મનઃપર્યવી મુનિરાજ રાજાના મનમાં કયો અર્થ બેઠો છે તે જાણી ચૂક્યા હતા. એટલે તેમણે કહ્યું, "રાજન ! તમારા મનમાં જે અર્થ બેઠો છે તે આ છે. " બિલ્લી બેઠી બેઠી ચણા ખાતી હય. "

આટલું સાંભળતાં જ રાજા તો એવો થીજી ગયો કે કોઈ તેના દેહને કાપે તો ય લોહી ન નીકળે. આજ સુધીમાં આ અર્થ કોઈ પણ કરી શકયું ન હતું.

પછી મુનિવરે કહ્યું, " રાજન ! પણ આ અર્થ સાચો નથી. સાચો અર્થ તો બીજો જ છે. " એમ કહીને વિશ્વાસમાં લાવી દીધેલા રાજાને સાચો અર્થ પણ કહ્યો અને સત્ય ધર્મનું વિરાગસ્વરૂપ સમજાવી દઈને પેલા બેવકૂફ પંડિતને જીવલેણ પકડમાંથી મુક્ત કરીને એનું કલ્યાણ કર્યું.

જ્યાં કદાગ્રહનો મલિનભાવ છે ત્યાં દૃષ્ટિરાગાદિ પાપોની સત્તાનું અનુમાન કરવું જ રહ્યું. એવી અવસ્થાવાળા આત્માની ભાવશુદ્ધિ એ તો શબ્દ માત્ર કહેવાય.

જેમ જેમ રાગાદિ પાપોનું જોર વધે તેમ તેમ કદાગ્રહનો મલિનભાવ વધે. પછી ત્યાં ભાવશુદ્ધિ સંભવે જ કયાંથી ?

મલિનભાવ એ અનલ છે. વિશુદ્ધિભાવ એ જલ છે.

અનલ અને જલનું સહઅસ્તિત્વ શી રીતે સંભવે ? છતાં કોઈ અનલમાં આગની વાત કરતું હોય તો સાહિત્યની દુનિયાની એને કલ્પનામાત્ર કહેવાય.

ચિત્રકાર પોતાના તરંગી મનમાં જેવી કલ્પના ઊઠે તેવું ચિત્ર દોરે. એટલે એ ચિત્રનો પદાર્થ જગતમાં હોય જ એવો નિયમ નથી.

જગતમાં ક્યાં ય જોવા ન મળે એવી પણ આકૃતિ એના તરંગી ભેજાની કલ્પનામાંથી કેમ ન ઊપસી ઊઠે ?

આવું જ અહીં છે. કદાગ્રહી માણસોનો બાહ્ય દેખાવ ભાવશુદ્ધિને જ વ્યક્ત કરતો હોય તેવો પણ હોઈ શકે, પણ તેટલા માત્રથી તેના અંતરમાં તેવી જ ભાવશુદ્ધિ છે તેમ કહી ન શકાય. (૩)

આધ્યાત્મિક માનવોના માનસશાસ્ત્રનો એ અકાટય નિયમ છે કે મોહના ઉત્કર્ષમાં જ કદાગ્રહનો જન્મ થાય છે. જેનો મોહભાવ મંદ પડયો હોય ત્યાં કદાગ્રહનું ભાવમાલિન્ય પોતાનો પડછાયો પણ ફેંકી શકતું નથી.

મોહ જ મહામલિન વસ્તુ છે. એમાંથી જન્મતો કદાગ્રહ પણ મલિન જ હોય. એની મલિનતાને સર્વાંગે સ્પર્શી ગયેલા આત્મામાં ભાવશુદ્ધિનું સ્વપ્ન પણ ક્યાંથી હોય ?

જો કદાગ્રહના પાપને બાર ગાઉના નમસ્કાર કરી દેવા હોય તો મોહના સંસ્કારોનું બળ કોઈ રોકેટથી તોડી પાડયે જ છૂટકો છે. એ તામસી બળ તૂટે નહિ તો કદાગ્રહનું ભાવમાલિન્ય બીજા સેંકડો ઉપાયે પણ તૂટે નહિ. અને કદાગ્રહનું ભાવમાલિન્ય ન ઓગળી જાય તો સમ્યગ્દર્શન ગુણની સ્પર્શના ન થાય. એ ગુણ વિનાના ગુણો ય સંસાર વધારવામાં નિમિત્ત બને. અને એ ગુણવાળા દોષો ય સંસારને મંદ પાડવાનું કામ કરે.

એટલે સમ્યગ્દર્શન વિના તો વિકાસ જ અશક્ય છે.

અને કદાગ્રહનું ભાવમાલિન્ય એ વિકાસના માર્ગમાં મોટો પથ્થર બનીને રહે છે.

જેને વિકાસની દિશાએ દોટ મૂકવી છે એને તો હવે આ પ્રાણ પ્રશ્ન થઈ પડે છે કે એ અવરોધક પથ્થરને ખસેડે કોણ ?

જેને ગુણશ્રેણિના પગથિયાં કૂદી જવાં છે એને તો એ વાત જાણ્યે જ છૂટકો છે કે કદાગ્રહનું ભાવમાલિન્ય જો અમારામાં ય જાણ્યે-

અજાણ્યે પ્રવેશ્યું હોય તો એક મહા આફત ઊભી થાય છે. એ માલિન્ય દૂર કરવું શી રીતે ?

રે ! સમ્યગ્દર્શનની વાત તો દૂર રહી પરન્તુ માર્ગાનુસારી–ભાવના ગુણોની સ્પર્શના પણ આ માલિન્યના અસ્તિત્વમાં સાવ અશક્ય બની રહે છે.

કોણ ધોવણ કરી શકશે; એ માલિન્યનું ? કયું રોકેટ હશે એ માલિન્યના કાળમીંઢ ખડકોમાં સુરંગ બનનારું ?

કયું આધ્યાત્મિક બળ હશે; જેના સળવળાટ માત્રથી એ માલિન્યનું શિયાળ નાસભાગ કરી મૂકે ? જેની આંખ ઊંચી થતાંની સાથે એ માલિન્યનું મોત જ થઈ જાય ?

ગુરુપારતન્ત્ર્યનો ચમત્કાર

ગ્રંથકાર ભગવાન આ પ્રશ્નનો સચોટ જવાબ આપતા આધ્યાત્મભાવના પ્રેમી આત્માઓને કહે છે કે એ સુરંગ બનનાર કે રોકેટનું કામ કરનાર જો કોઈ ગુણ હોય તો તે એક માત્ર ગુણવાન–ગુરુ–નું નિરપવાદ પારતન્ત્ર્ય છે.

ગુરુપારતન્ત્ર્યની એક જ સાધના એવી છે કે જે મોહનીયકર્મના કુસંસ્કારોના વૃક્ષને એના મૂળિયામાંથી હચમચાવી દઈને ઊખેડી નાંખે છે.

તપ, જ્ઞાન, ધ્યાન વગેરે ગુણો પણ જો ગુરુપારતન્ત્ર્યના ગુણથી રસાયેલા ન હોય તો તપથી લબ્ધિ, જ્ઞાનથી વિદ્વત્તા, ધ્યાનથી શુદ્ધિ વગેરે ગુણો ઉત્પન્ન થઈ જાય પરન્તુ એ બધાય ગુણો આત્માને કયારે જોખમમાં મૂકી દે એ કહી શકાય નહિ. મોહનીયકર્મના ક્ષયોપશમ વિનાનાં અન્ય કર્મોના હ્રાસ ઝાઝા પ્રશંસનીય નથી; કદાચ જરા ય પ્રશંસનીય ન કહી શકાય.

મોહના નાશ તરફનું લક્ષ સર્વપ્રથમ હોવું જોઈએ. એ લક્ષથી વિહોણા આત્મા માટે બધું ય આત્મસાધન વિશેષ કારગત નીવડી શકતું નથી.

મોહના નાશનું જો લક્ષ હોય તો એ નાશ માટે મુખ્ય, પ્રથમ, એક અને અનિવાર્ય ગુરુપારતન્ત્ર્યને જીવનમાં આત્મસાત્ કરવું જ રહ્યું. ગુરુપારતન્ત્ર્યની કઠોર સાધનાથી જે કાયર બને છે એ સ્વતંત્ર ભેજાવાળા આત્માઓ જે જે દિશામાં વિકાસ પ્રાપ્ત કરવા ડગ માંડે છે ત્યાં ક્રમ-રેથી વાળી દે એવી ભયંકર ઠોકરો ખાઈને અધવચમાં હતાશ બની જવાનું દુર્ભાગ્ય ટાળી શકતા જ નથી. એટલું જ નહિ પરંતુ એમની સુંદરમાં સુંદર શક્તિઓને જગત ઉમળકાભેર બિરદાવતું નથી. કદાચ એ શક્તિઓને બિરદાવે તો ય તે તેના અધઃપતનનું કારણ બને છે.

અધ્યાત્મમાર્ગના પથિકોમાં એના જેવો બીજો તે કોણ અભાગિયો કહી શકાય કે જેને ગુરુની કૃપા પ્રાપ્ત થતી નથી ?

એ કૃપા આકાશમાંથી ઊતરતી ગંગોત્રી નથી, એ તો છે; શિષ્યની ભક્તિનું જ ફલિત....

ભક્ત ઉપર જ ગુરુનું કૃપાબળ ધોધમાર વહી જાય છે.

ભક્ત બનવાનું ય કાંઈ સહેલું નથી.

શાસ્ત્રાનુસારી જીવન જીવવાના કાંટાળા માર્ગે લોહી–નીંગળતા પગે હોંશે હોંશે જે ચાલ્યો જતો નથી એને ગુરુ સાચો ભક્ત ગણતા નથી.

ગુરુની સાચી ભક્તિ આજ્ઞાંકિત થવામાં જ નહિ પરંતુ ઇચ્છાંકિત બની રહેવામાં છે.

એમની ઇચ્છા છે; શિષ્યમાં શાસ્ત્રાનુસારી જીવનના પૂર્ણ પ્રેમ સાથેનું શકય સક્રિય જીવન જોવાની !

એ ઇચ્છાને પૂર્ણ કરે તે જ ગુરુભક્ત કહેવાય છે.

શી રીતે દોડી જવાય લોહી–નીંગળતા પગે એ કાંટાળુ પંથે ? જાણો છો ? કયું બળ એને દોડાવી દેતું હશે ?

એનો ઉત્તર છે; હૈયાના સરવરિયે ઊભરાઈ જતું ગુરુ પ્રત્યેના ભાવ બહુમાનનું બળ.

એ બળ કયાંથી આવે ?

એ બળ આવે છે; ગુરુની સંસારતારકતાના કદી ન વાળી શકાય તેવા ઉપકારની અવિસ્મૃતિમાંથી.

જેની નજરમાં પહાડ જેવડો આ ગુણ તરવરે છે એને એ ગુરુની ઇચ્છા મુજબ શાસ્ત્રાનુસારી જીવનપંથે દોડી જવાનું બળ અચૂક પ્રાપ્ત થાય છે.

જેવો એ પંથે દોટ મૂકવાની ગુરુભક્તિ કરે છે કે તરત જ ગુરુકૃપા એની ઉપર મન મૂકીને અનરાધાર વરસી જાય છે.

રે શિષ્ય! અહીં જ તારી સાધનાની ઇતિશ્રી આવી જાય છે.

ગુરુપારતન્ત્ર્યની તેં ટિકિટ મેળવી, ભારે મૂલ્ય ખર્ચીને....હવે તારે કાંઈ કરવાનું રહેતું નથી. તું ગાડીમાં જ બેસી જા. હવે નદીઓના પટ તારે તરવાના નહિ, પહાડોના બોગદા તારે વીંધવાના નહિ અને નાળાંઓ તારે કૂદવાના નહિ. તું હવે જાગતો રહે કે ઊંઘી જા, રોટલા ખા કે બગાસા ખા, ગમે તે સ્થિતિમાં પેલા વહી જતાં નદીનાળા જોતજોતામાં કુદાઈ જ ગયા સમજ! આંખના પલકારામાં બોગદા વીંધાઈ ગયા જાણ! નાળાં તો બિચારા શી વિસાતમાં!

સાચું જ કહ્યું છે, "ગુરુકૃપા મળી જાય તો સાધના પૂર્ણ થઈ જાય છે. બાકીની સાધનાની સિદ્ધિ તો પાપડ ભાંગી નાખવા જેટલી સરળ છે.

રે! કેટલો કઠોર છે; વૈષયિક પ્રલોભનો પ્રત્યેનો વિરાગભાવ! તે ય આ રાગભર્યા કાળમાં! અને કેટલું કઠોર છે; જગતનાં સ્વરૂપનું પરિપૂર્ણ દર્શન? તે ય પાછું જડવાદના ભભૂકતા દાવાનળની વચ્ચે!

અને કેટલી મુશ્કેલ છે; આત્મસ્વરૂપની પ્રાપ્તિ? અનાત્મસ્વરૂપના જ ગીત ગાતાં લોકોની દુનિયામાં!

વિષયત્યાગ વિના તત્ત્વદર્શન નહિ, તત્ત્વદર્શન વિના સહજાવસ્થા નહિ!

એકેકથી એકેક ચડે!

પણ આ બધું ય કોને માટે કઠોર ? ગાડીમાં નહિ બેસી શકનારા ટિકિટ વિનાનાઓ માટે જ ને ?

ગુરુકૃપાની ટિકિટ પામે તેને માટે તો આ બધી સાધના સોપારીના ટુકડા જેટલી સુલભ બની રહે છે હોં !

દુર્લભમાં દુર્લભ વસ્તુ ! દેવ ગુરુકૃપાથી સુલભમાં સુલભ !

કૃપા સંજીવની

યોગીરાજ આનંદઘનજીએ પણ આ જ વાત કહી છે કે હે ભગવાન ! તારું દર્શન (સમ્યગ્દર્શન) અતિશય દુષ્પ્રાપ્ય છે, છતાં અમે હતાશ થઈ જતા નથી, કેમકે અમને એ વાતની અસંદિગ્ધતા સાથે પૂરી જાણ છે કે તારી જો અમારી ઉપર કૃપા ઊતરે તો એ દુર્લભતમ વસ્તુના જેવી સુલભતમ વસ્તુ જગતમાં કોઈ નથી. દરિશન દુર્લભ, સુલભ કૃપા થકી, આનંદઘન પદ રેહ.

દેવાધિદેવની કૃપા પણ તેમની ઉપર જ ઊતરે છે જે ગુરુદેવની કૃપાને પામે છે. દેવાધિદેવનું જ આ વચન છે. **जे गुरुं मन्नए से मम मन्नए**-ગીતાર્થ ગુરુને જે નિરપવાદ રીતે માથે સ્વીકારે છે તે જ મને માથે સ્વીકારે છે. એટલે દેવકૃપા પણ ગુરુકૃપા વિના સુલભ નથી એ વાત નિશ્ચિત થઈ જાય છે.

દેવાધિદેવને અને જિનધર્મને ઓળખ્યા વિના દેવપ્રીતિ અને ધર્મ વફાદારી જીવનમાં આવી શકતી નથી. આ બે ય તત્ત્વને ઓળખાવનાર તો ગુરુતત્ત્વ જ છે. માટે જ તો દેવતત્ત્વ અને ધર્મતત્ત્વની વચમાં તેનું સ્થાન છે. જેથી વચ્ચે રહીને બે ય બાજુનાં તત્ત્વોનું સ્વરૂપ સમજાવીને ભક્તના અંતરમાં દેવાધિદેવની પ્રત્યે અનન્ય પ્રીતિ જન્માવી શકે અને સદ્ધર્મ પ્રત્યે વફાદારી કેળવવાનું બળ પમાડી શકે.

દેવતત્ત્વ અને ધર્મતત્ત્વને સમજવા માટે ખૂબ જ અપરિહાર્ય ગુરુતત્ત્વ બની રહે છે.

પણ અહીં જ એક ભારે મોટી ગૂંચ ઊભી થાય છે.

જેટલું શુદ્ધ સદા માટે આપણું દેવતત્ત્વ અને ધર્મતત્ત્વ છે, તેટલું

જ સ્વભાવતઃ શુદ્ધ સદા માટે ગુરુતત્ત્વ હોતું નથી. ગુરુતત્ત્વ અશુદ્ધ પણ હોઈ શકે છે. આથી જ આંખ મીંચીને જેમ દેવના ચરણોમાં માથું નાંખી શકાય અને ધર્મને જીવનમાં અપનાવી શકાય એ રીતે કોઈ પણ ગુરુને આંખ મીંચીને સ્વીકારી શકાતા નથી. આ વસ્તુસ્થિતિ એવી વિચિત્ર છે જેનો આપણે ઇન્કાર કરી શકતા નથી અને ગુરુ-તત્ત્વની શુદ્ધિ તપાસ્યા વિના ગમે તેને માથે ચડાવી લેવા તૈયાર થઈ શકતા પણ નથી.

આથી જ ધર્મની સાચી ભૂખવાળા અને વીતરાગતાનું જીવન પામવાના લક્ષવાળા આત્માઓ પણ કયારેક આ વિષયમાં ગોથું ખાઈ જાય તો એમની સઘળી ભાવનાઓ ધૂળમાં રગદોળાઈ જાય તેવું પણ બની જાય ખરું.

માટે ગુરુતત્ત્વની શુદ્ધિ તપાસવાની જરૂર તો ખરી જ.

જે મહાપુણ્યવાન આત્માઓને એ તપાસ કરતાં શુદ્ધ ગુરુતત્ત્વની પ્રાપ્તિ થઈ જાય છે એ જ આત્માઓ મોક્ષપંથના સફળ યાત્રીઓ બની શકે છે. બીજાઓ તો સંસારસાગરને તરી જવા માટે નિષ્ફળ બાથોડિયાં મારતા દુર્ભાગી જ કહી શકાય.

આ ઉપરથી એમ કદી ન સમજી લેવું કે વર્તમાનકાળમાં શુદ્ધ ગુરુતત્ત્વની પ્રાપ્તિ જ અસુલભ છે માટે મોક્ષમાર્ગની આરાધના શકય નથી....ના, જરા ય નહિ.

સદ્‌ગુરુની શોધ આવશ્યક આપણે, બકુશ અને કુશીલ ચારિત્રની જ વિદ્યમાનતાના કાળમાં જીવીએ છીએ માટે સર્વગુણસંપન્ન ગુરુ તો સ્વપ્નમાં ય સુલભ નથી. પરંતુ મૂલગુણશુદ્ધ અને શુદ્ધશાસ્ત્રપ્રરૂપક ગુરુઓનો તો આજે ય યોગ થઈ શકે છે. હા, એવા ગુરુને આપણે શોધી કાઢવા રહ્યા. અને એ પ્રયત્નમાં થાકીને હતાશ થઈ જઈએ તો તે ક્ષન્તવ્ય પણ નથી જ. કેમકે પછી તો મળેલું માનવજીવન સંસારવાસની ગદ્ધામજૂરીમાં બરબાદ કરી નાંખવાનો એક ભયાનક

જુગાર જ ખેલી નાંખવાનો વિકલ્પ પસંદ કરવાનો રહી જાય છે. ત્રીજો કોઈ માર્ગ નથી.

માટે સદ્‌ગુરુ તો શોધવા જ રહ્યા. પાતાળમાં જઈને ય શોધી કાઢવા રહ્યા, આસમાનમાં જઈને ય શોધી કાઢવા રહ્યા. નિરીહ ગુરુઓ જલદી શોધ્યા જડતા નથી એટલા માત્રથી જગતમાં એમના અસ્તિત્વનો ઇન્કાર કરી દેવાની ધૃષ્ટતા કરી દઈએ તે તો આપણી જ હત્યા કરી નાંખવા જેવી વાત છે.

ગમે તેમ કરીને શુદ્ધગુરુ તત્ત્વ પ્રાપ્ત કરી લઈએ તો સ્વભાવતઃ શુદ્ધ દેવતત્ત્વ અને ધર્મતત્ત્વના સ્વરૂપની પિછાણ કરી લેવાનું કામ અતિશય સરળ બની જાય છે. પછી તો આપણે એ ગુરુત્વને ઝૂકી જવાનું જ કામ બાકી રહે છે. કેટલા ઝૂકી જવું એ વાત મને પૂછશો નહિ!

હું તો એટલે સુધી કહીશ કે જેવી પરાભક્તિ આપણને શુદ્ધ દેવાધિદેવના તત્ત્વ પ્રત્યે છે તેવી જ ઉત્કૃષ્ટ ભક્તિ શુદ્ધગુરુતત્ત્વ પ્રત્યે બની જવી જોઈએ.

પછી શું થાય એ ય પૂછશો નહિ. તમે ગુરુભક્ત બનો....પછી સ્વાધ્યાય કરતાં માથું ખંજવાળીને શબ્દના અર્થ ઉકેલવા નહિ પડે.... શબ્દોની પાછળ રહેલો અર્થના પ્રકાશનો સાગર ઘૂઘવાટ કરતો આપોઆપ દેખાશે. રે! બંધ આંખે ય એ પ્રકાશ એવા સીધા તમારા અંતરમાં જ લીસોટા પાડશે કે આત્મામાં ઉઘાડ ઉઘાડ થઈ જશે.

ગુરુકૃપાનો પ્રાપક મહાભાગ્યશાળી આત્મા

જેને શાસ્ત્રના અર્થોનાં તાળાં ઊઘડી ગયાં એના તો બાહ્ય–અભ્યન્તર–સઘળા ય ભાગ્ય ઊઘડી ગયા.

શાસ્ત્રના પ્રત્યેક અક્ષરદેહમાંથી નીતરતા વિરાગને જે જોઈ શકે છે એના જીવનમાં રાગની ચિનગારી પ્રગટી શકતી નથી. રોષના ધુમાડાની તો વાત જ કયાં રહી? રાગની આગ ભભૂકયા વિના રોષના ધૂમાડા હોય જ કયાંથી?

રે ! રાગરોષના પાપના અસ્તિત્વની તો અહીં વાત જ શેની હોય ?

ગુરુકૃપાનું પાત્ર બની ચૂકેલો આત્મા તો અગણિત ગુણ–છોડવાઓનું ઉપવન હોય ! એકલી સુગંધથી એ સુવાસિત હોય. એ જે જે દેશમાં જાય, જે જે ગામે જાય, જે ઘરમાં જાય ત્યાં એના વિધવિધ ગુણોની સુવાસ એ મૂકતો જાય. એના મુખની સૌમ્યતા, એના હૃદયની કોમળતા, એનું હાસ્યે ઊભરાતું મુખ, એનું પ્રેમાળ વચન, સર્વવ્યાપી નિર્દોષ–નિર્મળ પ્રેમ....બધું ય સહુને આકર્ષતું જ હોય. સહુને અવશ્ય ગમી જાય તેવું તેનું સુમધુર–આકર્ષણસભર વ્યક્તિત્વ હોય. એની પ્રતિભા પોતાની આગવી રીતે જ ખીલી ઊઠી હોય.

શું સ્ત્રી કે શું પુરુષ ? શું બાળ કે શુ વૃદ્ધ ? શું સ્વમતાનુયાયી કે શું પરમતાનુયાયી ?—સહુ એક સરખો પ્રેમ વ્યક્ત કરવા ઉમળકાભેર દોડતાં હોય !

જેની ઉપર ગુરુકૃપા ઊતરી હોય તેના જીવનની સર્વતોમુખી વિકાસ પામતી પ્રતિભા તો સહુને માટે પ્રશસ્ય ઈર્ષ્યા ઉત્પન્ન કરતી હોય.

આવા આત્માની કોઈ પણ વૃત્તિ કે પ્રવૃત્તિ સ્વ-પરના હિતમાં જ પરિણમતી હોય.

ધર્મમહાસત્તા પણ એની ચિંતા કરતી હોય. ક્યારેક તો એના હિત માટે દેખીતી રીતે દુઃખ દેતી હોય જેની એ ગુરુભક્તને પણ ખબર ન પડે. ભાવીના બનાવો જ એને એ વાત સમજાવે.

સહુનો એ લાડકવાયો બને ! એ અજાતશત્રુનું જીવન જીવતો હોય !

વિશિષ્ટ પુણ્યનું એને સ્વામિત્વ મળતું હોય !

કોને જોઈએ છે; આવું ઐશ્વર્ય ? કોણે પામવા છે શાસ્ત્રના એકેકા શબ્દની પાછળ ઊછળતા અર્થધનસાગરના અતળ ઊંડાણના સ્પર્શ ? કોને બનવું છે શાસન–સુભટ ? કોને આરાધવી છે; આતમની આરાધના ?

મને પૂછો....મારી પાસે એનો એકદમ સચોટ જવાબ છે, "તમે આજે જ....ના હમણાં જ–ગુણવાન ગુરુના ચરણોમાં લેટી પડો. ભૂત-કાળના અપરાધ–સહસ્ત્રોથી કદી હતાશ થશો મા!

એ ગુણિયલ ગુરુના ચરણોનો પવિત્ર હૃદય સાથેનો સ્પર્શ માત્ર એક જ પળમાં સર્વ પાપોનું ધોવણ કરી દેશે. જરા ય ગભરાશો નહિ રે! ઉત્સાહિત થાઓ. શાસન સળગ્યું છે, ઠારવાની તાકાત હમણાં જ પામી લો. આજનો ગમાર આવતી કાલે અમેરિકાનો પ્રમુખ કયાં નથી બન્યો? આજનો સામાન્ય માનવી આવતી કાલનો યુગપ્રધાન–શાસન સેવક–કાં ન હોય?

દરેકમાં વસી છે; ટોચ અને તળેટી, પણ પોતે કયાં ઊભવું છે? ટોચે કે તળેટીએ? એનો નિર્ણય કરી લઈને એને અનુરૂપ જીવન બનાવવાનો જ પ્રયત્ન આરંભી દેવાનો છે.

પ્રયત્ન? હા....થોડો જ પ્રયત્ન....એક જ પ્રયત્ન. સદ્‌ગુરુની નિર-પવાદ શરણાગતિ સ્વીકારી લેવાનો એક જ પ્રયત્ન!

સદ્‌ગુરુના શરણનો	ધ્યાન ગુરુમૂર્ત્તિનું ધરો!
નિરપવાદ રીતે	મંત્રઃ 'સદ્‌ગુરુઃ શરણું મમ'નો જપો!
સ્વીકાર	પૂજા ગુરુચરણોની કરો.
	મોક્ષમૂળ ગુરુકૃપામાં જ સમજો.

સમજી રાખજો કે ધર્મ સ્વયં સ્વતંત્ર રીતે ચાલી શકતો નથી. એ તો ચાલે છે માત્ર ગુરુભક્તિની પાછળ! એ રહે છે ગુરુભક્તના જ અંતરમાં! એ જન્મે છે અને જીવે છે ગુરુભક્તના જ જીવનમાં! એ ફાલેફૂલે છે અને ખીલે છે ગુરુભક્તના જ અંતરના ઉપવનમાં!

'अणुगुरुणो धम्मो' એ સૂત્ર આપણે ખૂબ આત્મસાત્ કરવું જ પડશે. આ આગમ સૂત્રનું જેમ જેમ ચિંતન–મંથન કરીશું તેમ તેમ ગુરુભક્તિનો ગુણ વિકસતો જશે.

વર્તમાનકાળની શાસનમાં વ્યાપેલી અંધાધૂંધીને નેસ્તનાબૂદ

કરવાનો એક જ ઉપાય છે, "દરેક શિષ્ય નિરપવાદ રીતે સુવિહિતગુરુનો ભક્ત બની જાય ! જગતનું કલ્યાણ જૈન સંઘના કલ્યાણમાં સમાયું છું. ચતુર્વિધ જૈન સંઘનું કલ્યાણ સાધુસાધ્વી સંઘની સાધનામાં છુપાયું છે. પણ એ તમામ તપત્યાગાદિ સાધનાઓની ઝળહળતી સફળતાનું બીજ તો વ્યક્તિ–વ્યક્તિના ગુરુપારતંત્ર્યની ધરતીમાં જ જડાયેલું છે. જેટલું એ બીજ ખાતર પામશે, પાણી મેળવશે, પવન પામશે તેટલું એ વિકસશે. એના વિકાસનું એ વૃક્ષ બનશે, પછી જ તપત્યાગની બધી સાધના–વેલડીઓ એના આધારે ચોમેર ફેલાતી–વીંટળાતી જશે. જ્યાં ગુરુપારતંત્ર્યનું વૃક્ષ નથી ત્યાં જે સાધનાઓ છે, તે બધી ધરતી ઉપર જ પથરાઈ જવા સર્જાય છે, એના ઊર્ધ્વમુખી વિકાસની શક્યતા સ્વપ્નવત્ બને છે.

આત્મસાત્ કરો; ગુરુભક્તિના ગુણને !

ધાતુસાત્ કરો; ગુરુપારતન્ત્ર્યના ઔષધને !

જીવનસાત્ કરો; ગુરુબહુમાનના શ્વાસને !

પછી ધૂલિસાત્ થઈ જશે; અવગુણોના પહાડ !

પછી જલસાત્ થઈ જશે; કર્માવરણના વાદળો ! ધડાધડ વરસી જઈને !

રે ! કાં ફાંફાં મારો; ધૂણી ધૂણીને ગોખીને વિદ્વાન બનવાના ?

કાં પ્રયત્ન કરો ? પ્રખર વ્યાખ્યાતા થવા માટે બહુશ્રુત થઈ જવાના ?

કાં પ્રયત્ન કરો ? ધ્યાનસિદ્ધિ માટે જપબળ કેળવવાના ?

કાં પ્રયત્ન કરો ? તમારા વિકાસ માટે દોડધામ કરતા રહેવાના ?

આ બધું ય હવામાં બાથોડિયા મારવા જેવું બાલીશ કૃત્ય છે.

કાંઈ જ ન કરો. માત્ર ગુરુભક્ત બનો. ગુરુને ભગવાન માનો. ગુરુને સન્મુખ રાખો. એમને પૂંઠ પણ ન કરો. એમના અંતરને

સુપ્રસન્ન રાખવાની કળાને જ આત્મસાત્ કરી લો. એ જે રીતે રીઝે તે રીતે તેમને રીઝવો !

શોધી કાઢેલા શુદ્ધ ગુરુતત્ત્વની ઉપાસનામાં જ તલ્લીન રહો !

પછી ? અભ્યાસનું શું એમ પૂછો છો ? રે ! પાનું ખોલતાં પુસ્તકનું જ્ઞાન થઈ જશે, એક પુસ્તક ભણતાં સો પુસ્તકનો બોધ થઈ જશે.

એક વિષયનું અધ્યયન કરતાં પાંચ વિષયનો ક્ષયોપશમ થઈ જશે.

છે તમને શ્રદ્ધા ? તો અત્યારે જ આરંભી દો; પુરુષાર્થ આ દિશામાં....

મારી તો આ સ્વાનુભવસિદ્ધ હકીકત છે.

ગુરુકૃપા વિનાના ધર્મો : એકડા વિનાના મીંડા

ગુરુભક્તિને અભરાઈએ મૂકીને સ્વાધ્યાયાદિ માટે જ્યાં ત્યાં રહેતા-ફરતા શિષ્યોની તો દયા આવી જાય તેવું છે. ઘરમાં જ કલ્પતરુ હતું તેને મૂકીને બિચારા કયાં ગયા બાવળિયાનાં વનમાં ! ગુરુના દિલને દૂભવીને નીકળી પડતા આ બધા ધીમન્તો કોઈ આધ્યાત્મિક શ્રીમંતાઈ લઈને પાછા ફરે તો મને બેહદ આશ્ચર્ય થાય ! ગુરુના દિલને દુભવનાર વ્યક્તિનું તો જીવન જ જોખમી બની રહે છે. કયી પળે એના જીવનની હત્યા કયો અવગુણ કરી જશે એ જ કહી શકાય તેમ નથી.

ચાર માણસમાં ય જેનો કોઈ ભાવ બોલાતો નથી, એ માણસ ગુરુભક્તિને ઉપેક્ષીને વિદ્વાન બની જવા માટે, કોઈ વિદ્વાનની પાસે દોડયો જાય, આત્મસાક્ષાત્કાર કરી લેવા માટે પદ્માસનની પલાઠી મારીને નાકના ટેરવે આંખ ચોંટાડીને બેસી જાય એ કેટલું બધું હાસ્યાસ્પદ લાગે છે ?

એકડો જ બાદ ! મીંડા જ ચડે જાય છે ! એ ચેકની કિંમત કેટલી ? એક નયા પૈસા જેટલી પણ ખરી ?

કોણ સમજાવે એવા જ્ઞાનોધમીઓને ! એવા ધ્યાનીઓને ! જૈન

સાધુનો વેષ પામીને ય બિચારા એના પ્રાણનું સ્વરૂપ જ ન ઓળખી શક્યા ! પ્રાણને ધબકાવવાની તો વાત જ ક્યાં રહી ?

વિનયશિરોમણિ મહાજ્ઞાની ગૌતમ ગણધર પણ એમના પરમગુરુને ગૌતમભગવંત કેવા વફાદાર હતા ? હજારો પ્રશ્નો એ વિનીતશિષ્યે પ્રભુને પૂછ્યા ! ફરીને પ્રશ્ન કરતાં ય પૂછ્યું : "**केणट्ठेणं भंते ! एवं वुच्चइ** !–પ્રભો ! આપ કૃપાળુ આમ શાથી કહો છો ?" પણ જ્યારે પરમગુરુએ એનો ફરી ઉત્તર આપી દીધો ત્યારે–દરેક વાર હજારો શિષ્યોના ગુરુએ–વિનયમૂર્ધન્ય શિષ્યે–એક જ વાત કરી : "**से एवं भंते** !–હે પ્રભો ! આપ જે કહો છો તે બિલકુલ ઠીક સમજાઈ જાય છે !"

ભગવતી સૂત્ર કેટલાએ સાંભળ્યાં ? કેટલી વાર સાંભળ્યા ? પણ કોઈએ આ '**से एवं भंते**' ન સાંભળ્યું ? સાંભળ્યું તો ય ન સાંભળ્યું કરી નાંખ્યું ! શું કર્યું ? કાંઈ સમજાતું નથી. બધું ય સાંભળ્યું અને આ જ વાકય સાંભળતાં મન ચક્કરમાં ચડી ગયું હતું ?

પેલા અંધાની જેમ ! કે જેને કિલ્લાનું દ્વાર આવતું ત્યારે જ ભીંતને હાથ અડાડ્યા વિના ચાલવાની ઇચ્છા થતી ! જેથી તે કિલ્લામાં પેસી જ ન શક્યો !

આમાં દુર્ભાગ્ય કોનું ? શાસનનું કે વ્યક્તિનું ? શું સમજવું ?

ભગવાન સુધર્માસ્વામીજીથી જે અવિચ્છિન્ન પરંપરાએ પરમાત્મ-શાસન આપણા સુધી આવી ગયું છે તેને અંશતઃ પણ આપણે છેદીશું ? ગુરુભક્તિ ઉપેક્ષીને ગુરુના અંતરમાં રમતાં ધર્મમર્મો એમની સાથે જ પરલોકમાં જવા દઈએ, આપણે તેમની કૃપાનું પાત્ર બનીને તે મર્મો મેળવી ન લઈએ તો એટલા અંશમાં આપણા જ હાથે સર્વહિતકર શાસનનો છેદ થયો ન કહેવાય શું ?

હાય ! આપણી જ બેસવાની ડાળને આપણે કાપી ! એનો છેદ કરીને સર્વજીવરાશિના હિતનો છેદ કર્યો !

આ કેટલું અઘોર પાપકૃત્ય છે? ન થાય તો ન કરવી શાસન-પ્રભાવના! પણ શાસનછેદનું ઘોર પાપ તો કદી નહિ જ થવા દેવું જોઈએ.

જિનશાસનનું મોટું પાપ : ગુરુદ્રોહ

જે શિષ્યો ગુરુભક્ત બનતા નથી એમનો કોઈ ક્ષેત્રે અકલંક વિકાસ થતો નથી. જો કોઈ વિકાસ થાય તો ય તેમના ભયંકર વિનાશમાં પરિણમવા માટેના ભડકારૂપ જ એ વિકાસ હોય છે.

ગુરુદ્રોહી! અને વિકાસ! એ બે વાતનો મેળ જ બેસતો નથી.

એટલું જ નહિ પરંતુ ગુરુદ્રોહ કરનાર શિષ્યો પોતે બીજા શિષ્યોના ગુરુ બની જાય તો તેમને પણ શિષ્યસેવા પ્રાપ્ત થતી નથી. શિષ્યો તો એના અંગનાં કાચાં ને કાચાં ગૂમડાં જ બની રહે છે. જેમ જેમ એમને સીધાદોર કરવા એ દબાવતો જાય તેમ તેમ એ નામદાર ગૂમડાં વધુ ને વધુ વકરતાં જ જાય. પછી તો એની દશા વધુ ભયંકર થઈ રહે ત્યારે જ કદાચ એને એ વાતનું ભાન થાય કે ગુરુને સુખ નહિ દેનાર ગુરુ કદી સુખ પામી શકતો નથી.

ગુરુદ્રોહી શિષ્ય, કોઈને પોતાનો શિષ્ય કરે તો એ શિષ્યના શિષ્ય થઈને પોતાને પ્રશિષ્ય જ બની જવું પડે.

બાપ પોતે જ પોતાનો પૌત્ર થાય એના જેવી કરુણતા બીજી કઈ હોઈ શકે? રે! શિષ્યની જ ગુલામી કરવી પડે તે કરતાં ગુરુની સેવા કરવી શું ખોટી?

વધુ તો શું કહેવું? એકલવ્યને યાદ કરો. દ્રોણની મૂર્તિને સામે રાખીને એ વિશ્વવિખ્યાત ધનુર્ધર અર્જુનને આંબી ગયો હતો.

આ એક જ દૃષ્ટાન્ત આપણને કાનમાં કહી જાય છે કે ગુરુ તો નિમિત્તમાત્ર છે. તમે જ એમનું અવલંબન લો. એમની સેવામાં ઉસ્તાદ બનો....પછી આત્મામાં ઉઘાડ ન થાય એ શક્ય જ નથી.

મોહ તો રાગ-દ્વેષનો બાપ છે. એને મારવા માટે એક જ અમોઘ શસ્ત્ર છે; ગુરુપારતન્ત્ર્યનું.

આપણે મોહવિજેતા થવું છે? તો ગુરુભક્ત બન્યે જ છૂટકો છે.

બીજા ગલ્લાતલ્લા કરીશું તો જીવનના અન્તે પશ્ચાત્તાપ કરવાનો પ્રસંગ આવશે તો શા માટે આવું આપઘાતી વલણ લેવું? ભવોભવને બરબાદ કરનારી, શક્તિઓને ઉન્માર્ગે લઈ જનારી, પુણ્યને વેડફી નાખનારી અને શાસનની કુસેવા કરનારી સ્વચ્છંદતાના પાપને તો સો ગાઉના નમસ્કાર કરી દેજો! (૪)

રે! આગમ ગ્રન્થોનાં મર્મોને પીને પચાવી જનારા મહાત્માઓ પણ કેટલા ગુરુપરતન્ત્ર હોય છે? જ્યારે તેઓ યોગ્ય મુમુક્ષુને દીક્ષા આપે છે ત્યારે તેની ઉદ્દેશ સમુદ્દેશ અને અનુજ્ઞાની ક્રિયા કરતો જે કાંઈ પ્રદાન કરે છે તે વખતે એમ જ કહે છે કે, "આ હું નથી આપતો... પણ પૂર્વર્ષિ-ક્ષમાશ્રમણ ગુરુભગવંતના જ હાથે તમને આપું છું.

સર્વધર્મોને નિષ્ફળ બનાવી દેવાના આસુરી સામર્થ્યથી ભભૂકતા અહંકારના કુરચે કુરચા ઉડાડી મૂકે છે; ગુરુપારતન્ત્ર્ય રૂપ આ નમસ્કાર! ગુરુપારતન્ત્ર્ય આથી જ તો તત્ત્વાર્થસૂત્રકારે ગુરુપારતન્ત્ર્યને **એ જ બ્રહ્મચર્ય** બ્રહ્મચર્ય કહ્યું છે.

રે મોહરાજ! તારા સામ્રાજ્યની વિરાટ દ્વારિકાને ભડકે બાળી નાંખનાર તારા ભયંકર શત્રુ ગુરુપારતન્ત્ર્યને અમે પુનઃ પુનઃ નમસ્કાર કરીએ છીએ.

જેમ જેમ મોહનું બળ તૂટતું જાય તેમ તેમ કદાગ્રહનું ભાવમાલિન્ય ઓગળતું જાય ત્યાર પછી જ ભાવશુદ્ધિ પ્રાપ્ત થાય. (૫)

રે! જે આત્માઓ પોતાના ગુરુને પરતન્ત્ર પણ બની શકતા નથી એમનામાં ભાવશુદ્ધિની તો કલ્પના કરવાનું ખૂબ મુશ્કેલ છે. ગમે તેવા વિદ્વાન તેઓ કાં ન હોય? વિદ્વત્તા હોવા માત્રથી ભાવશુદ્ધિ આવી જતી નથી. ગમે તેવો લબ્ધિસંપન્ન કાં ન હોય? અને ગમે તેવો દૈવી સાધનાના બળવાળો આત્મા કાં ન હોય? એ બધા ચમકારા જુદી

દુનિયાના છે. એમના અસ્તિત્વમાત્રથી ભાવશુદ્ધિની કલ્પના કદી કરી શકાય નહિ.

રે ! ભાવશુદ્ધિના કારણની સિદ્ધિ વિના ભાવશુદ્ધિનું અસ્તિત્વ કલ્પવું પણ શી રીતે ? ભાવશુદ્ધિનો હેતુ છે; ગુરુપારતન્ત્ર્ય ! એ જેના જીવનમાં જોવા મળતું નથી. આંખો ફાડીને જોવા છતાં પણ...તો પછી કાર્યાત્મક ભાવશુદ્ધિ તો સંભવે જ કયાંથી ! કારણ વિના કાર્યનું અનુમાન કરવું શી રીતે ?

ગુરુકૃપા વિના ભાવશુદ્ધિનો અસંભવ

ભાવશુદ્ધિ એ અન્તરંગ કાર્ય છે ત્યારે ગુરુપારતન્ત્ર્ય એ એનું બહિરંગ કારણ છે. આના ઉપરથી જ અન્તરંગ કાર્યની સત્તાનું અનુમાન થઈ શકે.

દીક્ષાના અન્તરંગ પરિણામની સત્તા જાણવા માટે જેમ દેહકષ્ટનું બહિરંગ કારણ જોવું પડે છે તેમ ભાવશુદ્ધિના અન્તરંગ કાર્યની સત્તા જાણવા માટે ગુરુપારન્ત્ર્યનું બહિરંગ કારણ અવશ્ય અસ્તિત્વ ધરાવતું હોવું જોઈએ.

ગ્રન્થકાર ભગવાન તો આ વાત સ્પષ્ટ શબ્દોમાં કહી દે છે કે જેનામાં ગુરુપારતન્ત્ર્ય નથી એ માણસો બીજા લાખ ઉપાયો ભલે યોજે પણ તેથી તેમને ભાવશુદ્ધિ પ્રાપ્ત થઈ શકે તેમ નથી.

ઘટકાર્ય માટે કુલાલાદિની ઉપેક્ષા કરીને કોઈ માણસ છાશનું વલોણું આખી જિંદગી ભલેને કર્યા કરે....તેથી શું ઘટ તૈયાર થઈ જવાનો છે ?

આ જ વાતને સ્પષ્ટ કરતાં ગ્રન્થકાર ભગવાન કહે છે કે જે માણસ પોતાના ગુણ–દોષને જાણતો જ નથી અને ગુણીજનના ગુણને સમજી શકતો નથી એ માણસ ગુણીને પરતન્ત્ર બની શકતો નથી. ગુણીને પરતન્ત્ર તે જ બની શકે જેને ગુણીના ગુણ દેખાય અને પોતાની જાતના અવગુણોની સભાનતા પ્રાપ્ત થાય. અવગુણોને જેર કરવામાં ન આવે તો આત્માની સ્વભાવદશાના અનુપમ સુખનું નિકંદન નીકળી જવાની સંભાવનાનો કારમો ભય ઉત્પન્ન થાય. આ એક જ ભય એવો

છે જે ગુરુપારતન્ત્ર્યથી સંભવિત તમામ દુઃખોને ઘોળીને પી જવા માટે આત્માને તૈયાર બનાવી દે છે.

માની પાસે દોડી જઈને બાળક એની ગોદનાં કેમ ભરાઈ જાય છે ? એનું કારણ કોઈ સર્પનો, કે બિહામણા બાવાનો ભય જ છે.

ભય વિના પ્રીત નહિ અને પ્રીત વિના પારતન્ત્ર્ય નહિ.

શિષ્યને ભય જાગશે પાપનો; અને આત્માની વિભાવદશામાં સર્જનારા હત્યાકાંડનો ! તો અવશ્ય પ્રીત જાગશે કોઈ ગુરુની ! અને પછી એનું પારતન્ત્ર્ય તો એ પ્રીત-બીજનું આપમેળે રૂપાન્તર પામી જનારું ફળ હશે. એને માટે એણે કોઈ યત્ન કરવાની કશી જરૂર નહિ રહે.

જે મગજમાં સ્વદોષનાં અને પરગુણનાં જ્ઞાનની ઝણઝણાટી જ ઉત્પન્ન થતી નથી એ મગજ મોહના કુસંસ્કારથી સંપૂર્ણપણે ધોવાઈ ગયેલું જ સમજવું. એવા મસ્તિકમાં ભાવશુદ્ધિની વાત પરીકથા જેવી સુંદર ભલે લાગે; પણ વાસ્તવિક તો ન જ હોઈ શકે. (૬)

ભાવશુદ્ધિના સ્વામીની સાત વિશેષતાઓ ભાવશુદ્ધિ તો ભવશુદ્ધિ કરી દેનારો અત્યન્ત મહિમાવંતો ગુણ છે. એને પામનારા મહાત્મામાં ઓછામાં ઓછી સાત વિશેષતાઓ ગ્રન્થકાર ભગવંતે જરૂરી ગણાવી છે, તે આ છે :

(૧) આસન્નભવ્યત્વ (૨) સ્વભાવથી જ શુદ્ધિચિત્તતા (૩) સ્થાન સન્માનાદિની જાણકારી (૪) ગુરુપારતન્ત્ર્ય (૫) સર્વત્ર ઉચિત પ્રવૃત્તિનું સેવન (૬) કદાગ્રહનો ત્યાગ (૭) આગમનિષ્ઠા.

(૧) ભાવશુદ્ધિ પ્રાપ્ત કરવા માટે આત્મા નિકટમાં મુક્તિગામી બનનારો હોવો જોઈએ. અભવી, દુર્ભવી કે ભારે કર્મી ભવી આત્મા ભાવશુદ્ધિ પ્રાપ્ત કરી શકતો નથી. આ ગુણ તથાભવ્યત્વના પરિપાકથી જ સાધ્ય છે.

(૨) સહજ રીતે જ આ આત્મામાં રાગાદિ દોષોના મળ ખૂબ

ઓછા થઈ ગયા હોય. એથી એનું ચિત્ત સંક્લિષ્ટ અવસ્થામાં રહેતું ન હોય.

ચિત્તની કૃત્રિમ અસંક્લિષ્ટ અવસ્થા એ એક જુદી બાબત છે. સંક્લેશનાં સાધનોથી દૂર રહીને ચિત્તને અસંક્લિષ્ટ અવસ્થામાં રાખી મૂકવું એ કૃત્રિમ અસંક્લિષ્ટ અવસ્થા કહી શકાય. પણ આ સાધના પામ્યા પછી એક એવી અવસ્થા આવી લાગે છે કે જેમાં સંક્લેશનાં સાધનોની વચમાં રહીને પણ ચિત્તને અસંક્લિષ્ટ અવસ્થામાં જ રમતું-તરતું રાખી શકાય. આને જ આપણે સહજ અસંક્લેશની સિદ્ધિ કહી શકીએ. આવી સિદ્ધિ પ્રાપ્ત થવી એને જ ભાવશુદ્ધિના બીજ માટેની ઉત્તમોત્તમ ભૂમિકા કહી શકાય.

(૩) તીર્થંકરદેવના પ્રતિનિધિતુલ્ય આચાર્યભગવંત, અને બીજા ઉપાધ્યાયાદિ ભગવંતોનું જે ગુણપ્રચુર સ્થાન અને તેમનું જ પૂજન અર્ચન....આ બે ય બાબતનો જે આત્માને પાકો ખ્યાલ હોય અને તેથી જેને પોતાની જાત હજી કેટલી બધી હીન છે તેનું વિશદભાન હોય તે આત્મા જ ભાવશુદ્ધિના બળને પ્રાપ્ત કરી શકે.

જેમ અસન્માનનીયનું સન્માન કરવું તે પાપ છે તેમ સન્માનનીયનું સન્માન ન કરવું તે ય પાપ છે. વિશિષ્ટ વ્યક્તિના સ્થાન અને સન્માનનું અજ્ઞાન, જાતની હીનતાનું પણ અજ્ઞાન ઊભું રાખે છે. બે ય ને તુલ્ય મનાવી દેવાનું કારમું પાપ પણ કરાવી દે છે. આવા અનેક ભાવમાલિન્યો જન્મી ન જાય તે માટે વિશિષ્ટ પુરુષોના સ્થાન-સન્માનનું જ્ઞાન હોવું જ જોઈએ. પછી પેલું ભાવમાલિન્ય જન્મે નહિ. એથી ભાવશુદ્ધિને પ્રગટવાનો માર્ગ સરળ થઈ જાય.

(૪) ભાવશુદ્ધિ માટે ચોથી આવશ્યકતા ગુરુપારતન્ત્ર્યની છે. પૂર્વોક્ત સ્થાન-સન્માનનો જ્ઞાતા અવશ્ય ગુરુપારતન્ત્ર્યની હોય. જ્યાં જ્યાં સદ્ગુણ હોય ત્યાં ત્યાં તેનું અંતર ઝૂકી પડતું હોય. ટૂંકમાં, એ અવશ્ય ગુણાનુરાગી હોય.

જો આ ગુણાનુરાગ જીવનમાં ન ઉદ્‌ભવે તો ગુણદ્વેષનું ભાવ-માલિન્ય પ્રગટી ગયા વિના ન પણ રહે. તેમ થતાં ભાવશુદ્ધિની ગાડીને પ્રવેશવામાં 'લાલ ઝંડી' ફરકી જાય.

(૫) ભાવશુદ્ધિ માટેનું પ્રતિબંધક તત્ત્વ છે; અનુચિતનું આસેવન : જે વ્યક્તિ જેટલા ઔચિત્યની અધિકારી હોય તેનું તેટલું ઔચિત્ય અવશ્ય કરવું જોઈએ. જો તેમ ન થાય તો ચિત્તમાં ઉદ્ધતાઈનું ભાવમાલિન્ય પ્રવેશી જઈને ભાવશુદ્ધિનો માર્ગ અવરોધી નાંખે.

(૬) ઔચિત્યસેવનનો માર્ગાનુસારીભાવ ચિત્તમાં પ્રવેશી ગયા પછી કદાગ્રહનું ભાવમાલિન્ય ટકી શકતું નથી. જેવું આ માલિન્ય ટળે કે તરત જ ભાવશુદ્ધિના સૂર્યનો ઉદય થવા માટેનો અરુણોદય થઈ જાય.

(૭) ભાવશુદ્ધિ માટે અત્યન્ત જરૂરી ગુણ છે આગમવચનનિષ્ઠા –જિનાજ્ઞા પ્રત્યેનું ઝળહળતું બહુમાન.

જે આત્મા જગતના બહુમતીવાદમાં કે સર્વાનુમતીવાદમાં ફસાઈ જાય છે તે ભાવશુદ્ધિનો ગુણ પામી શકતા નથી. એણે તો જિનમતિને જ દરેક વાતમાં પ્રમાણિત કરવી જોઈએ. જિનમતિને જ નજરમાં રાખીને જીવન જીવવાનો પ્રયત્ન કરવો જોઈએ. જિનમતિને પ્રામાણિક માનવાનો જે વિશુદ્ધભાવ છે એ જ ભાવશુદ્ધિનો માડીજાયો–જોડીઓ ભાઈ છે. આ બે ય સાથે જ જન્મે છે.

આ સાત વિશેષતાથી જે ભાવશુદ્ધિ પ્રાપ્ત થાય એ જ સાચી ભાવશુદ્ધિ છે. એની સાથે અનુબંધશુદ્ધ ધર્મનો વિચાર અવશ્ય પ્રાપ્ત થાય છે. એથી જ કયારેક શાસ્ત્રવિરુદ્ધ દેખાતી ધર્મપ્રવૃત્તિઓની આચ-રણા પણ ધર્મવ્યાઘાત ન કરતાં ધર્મપ્રભાવના કરવામાં જ રૂપાન્તરિત થઈ જાય છે. જ્યાં આવી ભાવશુદ્ધિ નથી ત્યાં અનુબન્ધશુદ્ધિનો સૂક્ષ્મ-વિચાર નથી. જ્યાં સ્થૂલવિચાર છે ત્યાં ધર્મબુદ્ધિથી કરાતી ધર્મપ્રવૃત્તિ વડે ય ધર્મવ્યાઘાત જ થાય છે.

શાસનમાલિન્ય નિષેધાષ્ટક [૨૩]

यः शासनस्य मालिन्येऽनाभोगेनापि वर्त्तते ।
स तन्मिथ्यात्वहेतुत्वादन्येषां प्राणिनां ध्रुवम् ॥१॥

बध्नात्यपि तदेवालं परं संसारकारणम् ।
विपाकीदारुणं घोरं सर्वानर्थनिबन्धनम् ॥२॥

જે આત્મા અજાણતાં પણ શાસનમાલિન્યનું પાપ કરે છે તે આત્મા અનેક જીવોને મિથ્યાત્વભાવ પમાડવામાં નિમિત્ત બનીને એવું ઘોર પાપકર્મ બાંધે છે જેનાથી તે અનંત સંસારમાં ભટકે છે, દારુણ વિપાકો પ્રાપ્ત કરે છે, સર્વ-અનર્થોને નોતરું દે છે.

यस्तून्नतौ यथाशक्ति सोऽपि सम्यक्त्वहेतुताम् ।
अन्येषां प्रतिपद्येह तदेवाप्नोत्यनुत्तरम् ॥३॥

પણ જે આત્મા શાસનોન્નતિમાં પોતાની શક્તિ મુજબ પ્રયત્ન કરે છે તે બીજાઓને સમ્યક્ત્વ પમાડવામાં નિમિત્ત બનીને અત્યન્ત નિર્મળ ક્ષાયિક સમ્યક્ત્વને પ્રાપ્ત કરે છે.

क्षीणतीव्रसंक्लेशं प्रशमादिगुणान्वितम् ।
निमित्तं सर्वसौख्यानां तथा सिद्धिसुखावहम् ॥४॥

સમ્યક્ત્વ સ્વરૂપ :

અનન્તાનુબન્ધી કષાયના તીવ્રસંક્લેશના અભાવમાંથી સમ્યક્ત્વ પ્રગટ થાય છે. પ્રશમાદિગુણોથી તે યુક્ત હોય છે, સંસારના સર્વ સૌખ્યોનું તે નિમિત્ત બનીને સિદ્ધિસુખની દેન કરે છે.

अतः सर्वप्रयत्नेन मालिन्यं शासनस्य तु ।
प्रेक्षावता न कर्त्तव्यं प्रधानं पापसाधनम् ॥५॥

એટલે શાસ્ત્રપરિકર્મિત બુદ્ધિવાળા મહાત્માએ ગમે તે રીતે શાસનમાલિન્ય તો થવા દેવું જ નહિ જે પાપકર્મનાં બંધનું જબ્બર કારણ છે.

अस्माच्छासनमालिन्याज्जातौ जातौ विगर्हितम् ।
प्रधानभावादात्मानं सदा दूरीकरोत्यलम् ॥६॥

આવા શાસનમાલિન્યથી તો એ આત્મા ભવોભવમાં આત્માને નિન્દ્ય બનાવીને એના પોતાના પ્રભુત્વથી સદા માટે દૂર ફેંકી દે છે.

कर्त्तव्या चोन्नतिः सत्यां शक्ताविह नियोगतः ।
अवन्ध्यं बीजमेष यत्तत्त्वतः सर्वसम्पदाम् ॥७॥

વળી જેનામાં પુણ્યશક્તિ હોય તેણે તો અવશ્ય શાસન-પ્રભાવના કરવી જોઈએ. કેમ કે સર્વસમ્પત્તિઓનું અમોઘ સાધન વસ્તુતઃ તે જ શાસનપ્રભાવના છે.

अत उन्नतिमाप्नोति जातौ जातौ हितोदयाम् ।
क्षयं नयति मालिन्यं नियमात्सर्ववस्तुषु ॥८॥

આ શાસનપ્રભાવનાથી પ્રભાવક આત્મા પોતાના આત્માનું ઉત્તરોત્તર પુણ્યબળ, શક્તિબળે વધે તેવી ઉન્નતિ ભવોભવ પામતા જાય છે. એટલું જ નહિ પરંતુ એ શક્તિઓથી સંભવિત આપત્તિઓ એમને સર્વ વસ્તુમાં આવતી નથી.

વિવેચના :

જેમ આમનો કાળ સૂંઠ ગણાય છે;
જેમ દમનો કાળ અરડૂસી ગણાય છે,
જેમ શરદીનો કાળ ચોસઠ પહોરી પીપર ગણાય છે.

તેમ ભાવશુદ્ધિનો ભયંકર કાળ સમો એક અવગુણ છે જે ભાવશુદ્ધિનો કોળિયો કરી જવા સુસમર્થ છે.

સૂક્ષ્મબુદ્ધિત્વ હોય, અનુબંધશુદ્ધ વિચાર કરવાની શાસ્ત્રપરિકર્મિતમતિ પ્રાપ્ત થઈ હોય—બધું ય હોય—તોય જો આ રાની બિલાડો ચિત્તમાં પ્રવેશી જાય તો ભાવશુદ્ધિના નિર્દોષ અંગના કુરચે કુરચા ઊડી જાય.

શાસનમાલિન્યઃ એ રાની બિલાડાનું નામ છે; શાસનમાલિન્ય.

ભાવશુદ્ધિનો શત્રુ બીજાં પાપો તો જાણતાં થાય તો એમનું ઘાતકી બળ અજમાવી શકે, અજાણતાં થાય તો એમનું ઝાઝું બળ નિષ્ફળ પણ જાય.

પરંતુ શાસનમાલિન્યનું પાપ તો એટલું બધું ભયંકર છે કે એનો અજાણતાં ય જો આત્મામાં પ્રવેશ થઈ જાય તો ય એ પોતાની સર્વ તાકાતથી આત્મશુદ્ધિનો ખાત્મો બોલાવી દે.

ગ્રન્થકાર ભગવાને પૂર્વના અષ્ટકમાં ભાવશુદ્ધિનો અદ્ભુત મહિમા જણાવ્યો. એની પ્રાપ્તિનું અમોઘ સાધન ગુરુપારતંત્ર્ય દેખાડ્યું. હવે આ અષ્ટકમાં એ કરુણાનિધિ ગ્રન્થકાર એ જ ભાવશુદ્ધિના જતનમાં વિઘ્ન બનતાં શાસનમાલિન્યના અવગુણને આપણી સમક્ષ ઉઘાડો પાડે છે. એના પ્રત્યેક અંગ ઉપાંગમાં ધરબાએલી ભયંકર વિનાશકતા આપણી સામે ખુલ્લી મૂકીને આપણને ચેતવી દેતા કહી રહ્યા છે કે ભૂલેચૂકે પણ શાસનમાલિન્યના મહા અનર્થકર પાપનો પડછાયો પણ ન લેશો.

વિષવૃક્ષના ફળ ખાવાથી જ વિષ ચડે છે. એ વૃક્ષના પડછાયાથી

વિષ ચડી જતું નથી; પણ શાસનમાલિન્યનું ઝેરી વૃક્ષ એટલું ભયાનક છે કે જેની છાયામાં અજાણતાં સૂનારાની પણ ઠંડી હત્યા થઈ જાય છે.

આફ્રિકાના પેલા માનવભક્ષી વૃક્ષો ! જેમની નીચે અજાણ્યો મુસાફર નિર્દોષભાવે સૂઈ જાય છે અને તીક્ષ્ણકાંટાળાં પાંદડાં રાત્રિ પડતાં જ નીચેની તરફ પેલા કાંટા અવળા ઉઘાડીને ફેલાવે છે. બિચારો માનવ ! એ કાંટાની ભીંસમાં જકડાઈને આખો ને આખો ઊંચકાય છે. પાંદડાની ભીંસમાં એના લોહી–માંસ શોષાઈ જાય છે. ફરી કાંટા ઊઘડે છે. હાડકાંનો ઢગલો નીચે પડી જાય છે.

કેવું રાક્ષસી વૃક્ષ ! પણ એ ય એના પડછાયા માત્રથી માનવને હણી નાંખવા તો સમર્થ નથી જ.

શાસનમાલિન્યનું વિષવૃક્ષ તો અજાણતાં ય એના પડછાયામાં જે ઝડપાઇ જાય તેને ત્યાં ને ત્યાં ખતમ કરી નાંખે છે.

માટે જ ગ્રન્થકાર ભગવાન સુંદર સલાહ આપતાં કહે છે કે મહાપ્રયત્ને પ્રાપ્ત કરેલી ભાવશુદ્ધિનું જતન કરવું હોય તો અજાણતાં ય શાસનમાલિન્યના પાપનો પડછાયો પણ લેશો મા ! એક આત્માને વિષયોના પ્રલોભનોથી વિરાગ થયો. એણે સાધુજીવન ધારણ કર્યું. શાસ્ત્રીય પદ્ધતિ મુજબ સૂત્રાર્થનું પરિશીલન કર્યું, પછી દેશાટન કર્યું. શિષ્ય સંતતિ પ્રાપ્ત કરીને શાસનની અવિચ્છિન્ન પરંપરાને આગળ ધપાવવાનું પુણ્ય ઉપાર્જન કર્યું. એ મુનિરાજ સમર્થ વિદ્વાન થયા. પ્રખર વક્તા બન્યા. પ્રભાવક પુરુષ બન્યા.

આ સ્થિતિ જેમ શાસન પ્રભાવનાનું અસાધારણ નિમિત્ત બને છે તેમ આ જ સ્થિતિ શાસનમાલિન્ય માટે પણ જબરદસ્ત ધડાકો કરવા માટેના સઘળા સ્ફોટક દારૂથી ભરપૂર બની રહે છે. સ્વચ્છંદતાની નાનકડી ચિનગારી જ એને અડી જાય અને મોટી હોનારત થઈ જાય.

આ ઉપરથી એમ કહી શકાય કે શાસનપ્રેમી આત્માઓએ શિથિલાચારી વ્યક્તિની શક્તિને આંધળુકિયા કરીને બિરદાવવી જોઈએ

નહિ. એ વ્યક્તિની શક્તિ જ જો આસમાનને આંબી હોય અને જિનાજ્ઞાભક્તિના પગ ધરતીને જ ચોટી રહ્યા હોય તો એ શક્તિ ગમે ત્યારે એવો ભયંકર વિસ્ફોટ કરીને જ રહેશે કે જેનો ધડાકો સેંકડો, હજારો આત્માઓના સમ્યગ્દર્શન 'ગુણ'નું વમન કરાવી દેશે. એ ઊલટી થતાંની સાથે જ એ હજારો આત્મા મિથ્યાવિભાવની ધૂળભરી ધરતી ઉપર આળોટશે. એ ત્રાસમય દૃશ્ય જોઈને કેટલાય માર્ગાનુસારી આત્માઓ પોતાના ગુણજીવનને હારી જશે....

શૈથિલ્ય સાથે શક્તિ ! જેની શક્તિએ સેંકડો આત્માને ધર્મ પમાડ્યો અત્યંત નુકસાન કરનારી

એ જ શક્તિનું પતન થાય ત્યારે હજારો આત્માઓ ગુણસ્થાનોનાં શિખરો ઉપરથી ધડાધડ નીચે તૂટી જ પડે. માટે જ્યાં શૈથિલ્ય દેખાય ત્યાં રહેલી શક્તિઓને વિકસાવવામાં કે બિરદાવવામાં કોઈ પણ માણસ મોટી શાસનપ્રભાવના જોતો હોય તો મને લાગે છે કે તે એની ગંભીર ભૂલ થઈ રહી છે.

શક્તિનું પૂજારી જગત ભક્તિવિહોણી શક્તિના દારૂની વિનાશકતાનું બિહામણું દબાઈ રહેલું–સ્વરૂપ જોઈ શકતું જ નથી. અને એથી શક્તિ–પૂજારી એની પાછળ દોડી પણ જાય છે. પરંતુ સામાન્ય પ્રજાની એ તાકાત નથી કે તે ભક્તિહીન શક્તિસંપન્ન માણસને પ્રકાશમાં લાવી દે. એ તાકાત તો સંઘના અગ્રેસરોની જ છે. જો તેઓ શક્તિને માથું નમાવે તો જ એ શક્તિની પાછળ લોક ગાંડુ બને. આમ આ જવાબદારી અગ્રેસર શાસનપ્રેમીઓની છે કે તેમણે કોઈની પણ શક્તિમાં જ અંજાઈ જઈને એ વ્યક્તિ દ્વારા શાસનપ્રભાવનાના દેખાવ–સુંદર કાર્યો–કરવાની લાલચમાં તણાઈ જવું ન જોઈએ.

આજનું જગત ગમે તેટલું આચાર શિથિલ હશે છતાં સાધુ પાસે તો તે ઉત્કૃષ્ટ સદાચારની જ અપેક્ષા રાખે છે. માત્ર એટલું જ બને છે કે શક્તિના ઝાકઝમાળમાં અંજાઈ જવાથી એ જગતની એ અપેક્ષા કયારેક મૂંગી થઈ જાય છે ખરી, પણ જ્યારે શૈથિલ્ય વધે છે ત્યારે

તો વળી એ જ શક્તિવાદી જગત એ જ સાધુના પગ ખેંચીને એને આગળ વધતો અટકાવે છે. પરંતુ એ વખતે તો વાત ઘણી આગળ વધી ગઈ હોય છે એટલે એ પ્રયાસ નિષ્ફળ જાય છે.

વ્યક્તિના, જ્ઞાતિના, સંઘના, સમાજના, રાજ્યનાં કાર્યો કરી દેનાર એ શક્તિમાન વ્યક્તિ એટલો મોટો પ્રશંસક વર્ગ ઊભો કરી દે છે કે પછી એનો પગ પકડીને ઝાલનારાઓનું કાંઈ વળતું હોતું નથી, એટલું જ નહિ પણ પગ પકડનારાના જ બીજાઓ પગ પકડીને તોડી નાંખે છે.

ખેર....પણ અંતે એક પળ આવી જ લાગે છે જ્યારે સહુની પ્રશંસા પામેલો શક્તિમાન પતનના પંથે ચડી જાય છે. શરૂઆતમાં એ પતનનો પંથ અંધારામાં જ કપાતો રહે છે પણ પછી તો સહુની આંખે એ મજલ છતી થઈ જાય છે. અને એ શક્તિમાન વ્યક્તિ ફરી એક વાર જે સંસારમાંથી આવી હતી તે જ સંસારમાં પાછી ચાલી જાય છે. આઉટ થઈ જતો બેટ્સમેન પેવેલિયન ભણી ચાલ્યો જાય છે તેમ.

આ સમયે જૈનશાસનના ગગનમાં અભૂતપૂર્વ નિંદાનાં જળ ભરીને કાળાં વાદળો ધસી આવે છે. સર્વત્ર લોકો પાસેથી એ શાસનપ્રભાવકની નિંદા જ સાંભળવા મળે છે. એણે જે શાસનપ્રભાવના કરીને લોકોના મુખે ધર્મની પ્રશંસા કરાવી હતી એ પ્રશંસા તો નિંદાના મૂશળધાર વરસાદે ભરાઈ ગયેલા ડાબર સરોવર પાસે આબોચિયાં જેટલી જ લાગે.

જ્યાં શૈથિલ્ય છે ત્યાં જે શક્તિ છે તે પ્રભાવક ન બનતાં વસ્તુતઃ શાસનની નિંદા જ કરાવનારી છે એ વાત આપણે ટૂંકમાં સમજી લઈને શૈથિલ્યયુક્ત શક્તિને શાસનપ્રભાવનાના શુભ હેતુથી પણ બિરદાવવી નહિ, એટલું મનથી નિશ્ચિત કરી લેવું રહ્યું.

શાસનમાલિન્યનું ખતરનાક પાપ વધુ શક્તિમાનને જ સંભવે, સામાન્ય પુણ્યશાળી વ્યક્તિ તો પ્રાયઃ તપત્યાગાદિના પંથે જ વળતી હોય. એનાથી કાંઈક શાસનમાલિન્ય થાય તો ય એનો પ્રત્યાઘાત એટલો

ભયંકર તો ન જ આવે જેટલો ભયંકર વિશિષ્ટશક્તિમાન અને પુણ્યવાન વ્યક્તિના શાસનમાલિન્યના પાપથી આવે.

લોકવિરુદ્ધ અને લોક- શાસનમાલિન્યનું પાપ લોકવિરુદ્ધ પ્રવૃત્તિ કરવાથી **વિરોધ વચ્ચે તફાવત** ઉત્પન્ન થાય છે.

લોકવિરુદ્ધ અને લોકવિરોધ આ બે શબ્દો વચ્ચેનું અંતર અવશ્ય સમજી લેવું. લોકવિરુદ્ધ આચરણાદિ હોય છે. લોક એટલે શિષ્ટલોક.

શિષ્ટ માણસોની મતિમાં જે આચરણાદિ સુંદર ગણાતા હોય તેનાથી વિરુદ્ધ આચરણ વગેરે કરવા તે લોકવિરુદ્ધ આચરણ કહેવાય.

જૈન શાસ્ત્રોએ આવા લોકવિરુદ્ધ આચરણનો ત્યાગ કરવાનું કહ્યું છે.

કેટલીક વાર લોકવિરોધથી અકળાઈ જઈને એવું સાંભળવા મળે છે કે લોકોના આવા વિરોધ સામે થઈને સાધુએ આવું કામ કરવું જોઈએ નહિ....પણ આ વાત બરોબર નથી.

જે લોકો શિષ્ટ જ નથી, જેમને આજના સુધારકો કહેવાય છે, જેઓ જમાનાના નામે ધર્મનાં સ્વરૂપો મૂળમાંથી બદલવા માટે કટિબદ્ધ થયા છે એવા અશિષ્ટ લોકોનો ધર્મપ્રવૃત્તિમાં વિરોધ જ હોય. એટલા માત્રથી તે ધર્મપ્રવૃત્તિ સ્થગિત કરી શકાય જ નહિ.

યોગ્ય મુમુક્ષુ જીવને દીક્ષા આપવામાં, શાસ્ત્રીય અષ્ટાહ્નિકા મહોત્સવ, ઉપધાન, ઉદ્યાપન, આદિ ધર્મપ્રવૃત્તિ કરવામાં સુધારકોની દુનિયાનો અશિષ્ટ લોક તો વિરોધ જ કરવાનો, એટલે કાંઈ તે પ્રવૃત્તિનો ત્યાગ ન થઈ જાય. હા, જો તે પ્રવૃત્તિ શિષ્ટલોકોથી વિરુદ્ધ હોય તો જરૂર તેનો ત્યાગ થઈ શકે. પરંતુ જે શાસ્ત્રમાન્ય પ્રવૃત્તિઓ છે તેની વિરુદ્ધ શિષ્ટલોક હોય જ નહિ. શિષ્ટ જ તેને કહેવાય જે શાસ્ત્રનો પક્ષપાતી હોય.

શાસ્ત્રમાન્ય પ્રવૃત્તિનો પણ જે વિરોધ કરે તે શિષ્ટ જ 'નથી.

જગતમાં ભલે તે વિદ્વાન, કુળવાન કે ધનવાન ગણાતો હોય. શિષ્ટતા કાંઈ વિદ્વત્તાદિને આધીન નથી, એ તો આધીન છે; માત્ર શાસ્ત્રાવચનને!

શિષ્ટલોકથી જે વિરુદ્ધ નથી એવી દીક્ષા, મહોત્સવાદિ પ્રવૃત્તિનો ત્યાગ–ગમે તેટલા અશિષ્ટ લોકોના વિરોધમાત્રથી થઈ શકે જ નહિ.

શિષ્ટ લોકની વિરુદ્ધ ગણી શકાય તેવી પ્રવૃત્તિનો વિચાર કરીએ તો તે આવા પ્રકારની ગણી શકાય: (૧) દાતાને તિરસ્કાર થઈ જાય તેવી રીતે વધુ પ્રમાણમાં સાધુએ ભિક્ષા લેવી. (૨) જ્યાં લોકોનું ગમનાગમન હોય તેવા સ્થાનમાં સાધુએ શૌચ માટે બેસી જવું. (૩) જાહેર રસ્તા ઉપર માતરુ ફેંકવું. (૪) શ્રોતા પ્રશ્ન પૂછે ત્યારે વક્તા–સાધુએ તેને ક્રોધથી, તિરસ્કારથી કે મશ્કરીથી ઉત્તર આપવો. (૫) સંઘ ઉપર પૈસાનો ઘણો બોજો નાંખવો.... જે તે ચીજ માંગવી (૬) પરાણે મહોત્સવાદિ કરાવવા.... (૭) અવિધિ સાથે દીક્ષા આપવી. (૮) ફોટાઓ પડાવવા (૯) ધર્મશાળા, ભોજનશાળા બનાવવા વગેરે લૌકિક કાર્યો કરવા ઇત્યાદિ.

શાસ્ત્રસંમત પ્રવૃત્તિ હોય તો પણ તેની સામે અશિષ્ટ–ભોગરસિક લોકોનો વિરોધ તો રહેવાનો. તેવા લોકવિરોધ વચ્ચે રહીને પણ વિહિત પ્રવૃત્તિ કરવી જ જોઈએ. જયવીયરાય સૂત્રમાં જે લોકવિરુદ્ધનો ત્યાગ કરવાનું બળ પ્રાપ્ત કરવાની પ્રભુ પાસે પ્રાર્થના કરવામાં આવી છે તે વાત શિષ્ટ લોકવિરુદ્ધ પ્રવૃત્તિના ત્યાગના લક્ષથી સમજવાની છે.

અશિષ્ટ લોક તો ઉઘાડા પગે ચાલવાની, માઇકમાં નહિ બોલવાની વિમાનમાં બેસીને પરદેશ નહિ જવાની, મ્યુનિસિપાલિટીના સંડાસનો ઉપયોગ નહિ કરવાની વાતોનો ય વિરોધ કરે તેથી શું શાસ્ત્રોક્ત જીવનનો પરિત્યાગ કરી દેવાય? નહિ જ. એ કરતાં તો જિંદગીનો જ પરિત્યાગ કરી દેવાનું વધુ સારું ગણાય.

શાસ્ત્રકારો કહે છે કે, એક સાધુ ભલે ષડ્જીવનિકાયની દયા પાળતો હોય, ભલે સંયમી હોય પરન્તુ જો તે લોકવિરુદ્ધ આચરણ કરે તો એનું સમ્યક્ત્વ દુર્લભ થઈ જાય.

વિશિષ્ટ પુણ્યશાળી સાધુએ તથા શ્રદ્ધાસંપન્ન શ્રાવકે, અજાણતાં પણ લોકવિરુદ્ધ આચરણ ન થઈ જાય એની પાકી કાળજી રાખવી જોઈએ, અન્યથા એનું એ આચરણ અનેક આત્માઓને પરમાત્મશાસનની નિંદા કરાવનારું બનીને કારમા મિથ્યાત્વભાવની પ્રભાવના કરનારું બની રહેશે.

મિથ્યાત્વની પ્રભાવના કરનાર વ્યક્તિ પોતે મિથ્યાત્વ તો પામેલી જ હોય ને ?

જિનશાસનની છૂટ્ટા પેટની નિંદાથી તો જે મિથ્યાત્વમોહનીય કર્મ બંધાય છે તે પણ નિકાચિત હોઈ શકે છે. એથી એ કર્મના ઉદયકાળમાં તો એ જીવો ઉપર દુઃખમય ભયાનક સંસાર ચારે બાજુથી ત્રાટકે છે. ભવ બે ભવ માટે જ આ દારુણસ્થિતિ રહેતી નથી. સેંકડો, હજારો કે એથી ય વધુ ભવો સુધી લગાતાર દુઃખોના વાવંટોળ વીંઝાતા જ રહે છે.

પ્ર. સમ્યગ્દૃષ્ટિ આત્મા મિથ્યાત્વમોહનીય કર્મ તો ન જ બાંધે ને ? તો પછી મિથ્યાત્વમોહનીયકર્મના બંધ અને ઉદય વિના જ એ આત્મા, લોકો શાસનનિંદા કરે તેવું લોકવિરુદ્ધ આચરણ કરશે જ શી રીતે ?

ઉ. સમ્યગ્દૃષ્ટિ આત્મા પણ જ્યારે શાસનમાલિન્યની મલિનતા ફેલાવવાની તૈયારીમાં હોય ત્યારે જ સમ્યક્ત્વથી પતન પામી જઈને મિથ્યાત્વભાવમાં ચાલ્યો જાય છે. ત્યાં ગયા પછી એ મિથ્યાદૃષ્ટિ બન્યો એટલે એ સ્થિતિમાં શાસનમાલિન્યની જનક પાપપ્રવૃત્તિ એ જરૂર કરી દે.

બેશક સમ્યક્ત્વની હાજરીમાં શાસનમાલિન્યજનક લોકવિરુદ્ધ પ્રવૃત્તિ તો સંભવે જ નહિ.

કેટલું ભયંકર આ પાપ છે ? કે જેનો ઉદય સ્વ પરના કારમા અહિતમાં પરિણમી જાય છે.

પ્રતિજ્ઞા કરીએ કે લોકમુખે શાસનપ્રશંસા ન થાય તો કાંઈ

નહિ પણ શાસનનિંદા થાય તેવું ઘોર પાપ થવામાં કદી નિમિત્ત થવું નહિ. (૨)

ઊલટપક્ષે વિચાર કરીએ તો એક અપૂર્વ સૌન્દર્યસૃષ્ટિનું દર્શન થાય છે.

શાસન પ્રભાવના : જેટલું ઉજ્જડ દર્શન શાસનમાલિન્યના ઘોર **લોકોત્તર ગુણ.** પાપમાં દેખાય છે એટલું જ ભવ્ય દર્શન શાસન-પ્રભાવનાના કાર્યોમાં જોવા મળે છે.

જે જે મુનિમાં જે જે પ્રકારની શાસનપ્રભાવકતાની શક્તિ યથોચિત રીતે વિકાસ પામી હોય તે તે શક્તિને તેણે વિકસાવવી જ જોઈએ.

શાસ્ત્રોમાં આઠ પ્રકારની પ્રભાવક શક્તિઓ કહેવામાં આવી છે. તેમનાં નામ આ પ્રમાણે છે : (૧) પ્રવચન શક્તિ (૨) ધર્મકથા (૩) વાદ (૪) નિમિત્ત (૫) તપ (૬) વિદ્યા (૭) સિદ્ધિ (૮) કવિત્વ

શ્રાવકો પણ શાસનપ્રભાવના અનેક રીતે કરી શકે છે. જે સંપત્તિ એમને પ્રાપ્ત થઈ છે તેના પ્રત્યેની મૂર્છાને તેઓ ઉતારે તો શાસ્ત્રોક્ત વિધિમાર્ગને સારી રીતે વફાદાર રહીને જિનમૂર્તિ, જિનાગમને અનુ-લક્ષીને અંજનશલાકા, પ્રતિષ્ઠા, સંઘ, મહોત્સવો, ઉદ્યાપનો, ગ્રન્થ લેખનો વગેરે કાર્યોનું ભવ્યતમા નિર્માણ કરી શકે. એટલું જ નહિ પણ એમનાં દૈનિક ધર્મકાર્યો પણ એવી ઢબથી થતાં હોય કે તેના દ્વારા પણ લોકો મુક્તકંઠે ધર્મપ્રશંસા કરતા રહે. એમની ત્રિકાળ પ્રભુપૂજા કરવા માટે આડંબર સહિત રાજમાર્ગો ઉપરથી પસાર થવાની રીત, દીનદુઃખિતોને દાન, સાધર્મિક વાત્સલ્ય, મુનિભક્તિ વગેરે પ્રત્યેક દૈનિક કાર્ય પણ અત્યન્ત શાસનપ્રભાવક બની રહે.

એક જ નગરનો એક નાગરિક શાસનમાલિન્યનું ઘોર પાપ કરીને સાતમી નારકમાં જાય, એ જ નગરનો બીજો નાગરિક અપૂર્વ શાસન-પ્રભાવના કરીને સર્વાર્થસિદ્ધ વિમાનમાં જાય. બે ય વચ્ચે કશું જ અંતર ન હતું પણ હવે ચૌદ રાજલોકનું અંતર પડી જાય.

શાસનપ્રભાવનાના ધર્મના આટલા બધા ગુણગાન ? કેમ કે જાણો છો ? સાંભળો ત્યારે.

આપણે એ વાત તો સુપેરે જાણીએ છીએ કે પશુ મટીને માનવ થવામાં પશુજીવનમાં કરેલી અકામનિર્જરા કારણભૂત બની હતી. પણ જૈનેતર માનવ મટીને જૈન-માનવ કેમ થયા ? જૈનેતર માનવની સ્થિતિમાં એવો તે કયો ધર્મ કરેલો કે જેણે આપણને જૈનકુળમાં જન્મ આપ્યો ? આનું સમાધાન એ છે કે જ્યારે આપણે જૈનેતર માનવ તરીકે હતા ત્યારે કોઈ શ્રદ્ધાસંપન્ન શ્રાવકે કે કોઈ આચાર-સંપન્ન નિર્ગ્રન્થમુનિએ શાસનપ્રભાવનાનું ભવ્ય આયોજન કર્યું હતું. કાં તો કોઈ ભવ્યતમ વરઘોડો નીકળ્યો હતો, કાં તો કોઈ અપૂર્વ દાનશાળાદિ કાર્યો ચાલતા હતા....એમાં આપણે જોડાયા. આંખેથી એ ભવ્ય પ્રસંગ જોયો, હાથેથી એ દાનશાળાનું ધન પામ્યા. આવું કાંઈકે પણ થયું અને આપણા મુખમાંથી એ ઉદ્‌ગાર નીકળી ગયા, "ધન્ય હો એ ધર્માત્માઓને ! એ દાનવીરોને ! એમના ગુરુ કેવા સુંદર ! એમના ભગવાન કેવા સુંદર ? એમનો ધર્મ કેવા સુંદર ?"

આવી જાતની દેવ-ગુરુ-ધર્મની જે પ્રશંસા આપણા મુખે થઈ ગઈ એણે એ વખતે વિપુલ પુણ્યનો બંધ કર્યો. એ પુણ્યે જ આપણને જૈનકુળ આપ્યું.

એ પ્રશંસાનો ભાવ જો બળવાન હોય તો એ પુણ્યબંધની સાથે જ આપણે માર્ગાનુસારિતાનો ભાવ પણ પામ્યા ! રે ! કદાચ સમ્યક્ત્વધર્મ પણ સ્પર્શી ગયા !

પશુમાંથી માનવ બનાવનાર અકામનિર્જરા છે ! પણ માનવમાંથી વીતરાગનો સેવક બનાવનાર તો ધર્મપ્રશંસા જ છે.

યોગવંશિકા ગ્રન્થમાં ઉપાધ્યાયજી ભગવંત કહે છે કે, એક પણ આત્માને જો ચારિત્રધર્મ પમાડવામાં આવે તો ચૌદ રાજલોકના સર્વજીવોને અભયદાનની ઘોષણા જેટલું પુણ્યકર્મ બંધાય છે.

એક આત્માની અઘોર સંસાર પ્રત્યેની ભયંકર દોટને બ્રેક મારી દેવો ! કેવું આશ્ચર્ય !

એને સન્માર્ગાભિમુખ કરો. વધુ મોટું આશ્ચર્ય ! એને સન્માર્ગે ચડાવી પણ દેવો ! એ તો આશ્ચર્યોનું ય આશ્ચર્ય !

ચતુર્વિધસંઘના શાસનપ્રભાવકો આ કામ કરે છે; માનવને પૂર્ણમાનવ–વીતરાગના સાચા સેવક બનાવીને એને સર્વ દુઃખમાંથી મુક્ત કરીને પરમધામમાં પહોંચાડી દેવાનું.

દાન ધર્મને પ્રથમ ધર્મ પણ આ માટે જ કહ્યો હશે ને ? સંપત્તિ (કારમી મૂર્છા દ્વારા) સાતમી નારકમાં ભલે મોકલી આપતી હોય. પણ એ સંપત્તિને શાસનપ્રભાવનાનાં ભવ્યતમ કાર્યોમાં જોડી દેવામાં આવે તો સેંકડો, હજારો ભદ્રકપરિણામી જીવોના ૨૦૦ હોર્સપાવરની અવળી ગતિએ ધમધમાટ દોડ્યા જતાં ચક્રોને એક જ પળમાં સ્તંભિત કરી દઈને બીજી જ પળે ૪૦૦ હોર્સપાવરની રાક્ષસી ગતિએ સવળા દોડાવી દે !

સંપત્તિના માધ્યમથી શાસનપ્રભાવના

એક પણ આત્માના આ જીવનપલટા પાસે હજાર, દસ હજાર કે દસ લાખની સંપત્તિ શી ગણતરીમાં છે ? ધનમૂર્છા સ્વ-પરનાં સેંકડો ઘરોને ભાંગવાનું કામ કરે છે. ધનદાન તો શાસનપ્રભાવના દ્વારા હજારોનાં ઘર ઊભાં કરી આપે છે.

સંપત્તિના આ સાચા ગણિતને શ્રીમંતો સમજી લે તો એ જ સંપત્તિ પાપનું સાધન બનવાને બદલે મોક્ષનું અસાધારણ કારણ બની જાય. ધર્મના તમામ અંગો–ઉદ્યોગોની સ્થિતિ સદ્ધર બની જાય.

જેણે ધર્મનું રક્ષણ કર્યું એનું ધર્મ રક્ષણ કરે ખરો કે નહિ ? એ શંકા જ કોઈ નબળી માટીના ભેજાની નીપજ લાગે છે !

શીલ અને તપ તો અંતરંગ ધર્મો છે. માત્ર શીલાદિ ધર્મોનું સેવન કરવાથી પણ શાસનપ્રભાવના જરૂર થાય છે. પરંતુ એની પાછળ

જો કોઈ મહોત્સવ યોજીને ધનવ્યય કરવામાં આવે તો એ સ્થૂલધર્મના દર્શનથી શીલાદિ સૂક્ષ્મ ધર્મો એકદમ અભિવ્યક્ત થાય છે.

લોક પણ સ્થૂલ આંખવાળો છે. એના અંતરમાં અને મૂળમાં ધર્મપ્રશંસા ભરી દેવી હોય તો બહિરંગ સ્થૂલધર્મનું સેવન અનિવાર્ય બની રહે છે.

હા, આ વિધાન શ્રીમંતો માટે વિશેષ જરૂરી છે; એ ચોક્કસ. શ્રીમંતો માત્ર શીલાદિ અંતરંગધર્મો આરાધીને બેસી રહે અને તે સૂક્ષ્મબળથી જ શાસન પ્રભાવના–ધર્મપ્રશંસા માની લે તે ચાલી ન શકે. જેમની પાસે શ્રી છે તેમણે તો સૂક્ષ્મધર્મની આરાધનાનું આલંબન પામીને પણ 'શ્રી'નું ગાઢ મમત્વ કાપવા માટે મહોત્સવ, ઉદ્યાપન આદિ સ્થૂલધર્મોનું આયોજન કરવું જ જોઈએ.

જે શ્રીમંતો સ્વયં શીલાદિધર્મોનું સેવન કરી ન શકે તેમણે સ્વપત્ની આદિના પરકીય એ ધર્મોનું આલંબન લઈને પણ લક્ષ્મીનું મમત્વ ઘટાડવાની અને લોકોના મુખમાં ધર્મપ્રશંસા પેસાડી દેવાની તક જતી ન કરવી જોઈએ. રે! નિર્ગ્રન્થ મુનિઓના ગ્રામ–પ્રવેશ આદિના નિમિત્તોને પણ ઝડપીને એમણે સ્વલક્ષ્મીનો શ્રેષ્ઠ ઉપયોગ કરીને અપૂર્વ શાસનપ્રભાવનાઓના કાર્ય કરતા જ રહેવા જોઈએ.

છાશવારે ને છાશવારે એવાં કાર્યો થતાં રહે તો નગર, તાલુકો, જિલ્લો, પ્રાન્ત–બધું ય ગાજતું રહે! સહુ એ ધર્મોની પ્રશંસા કરીને ધર્મનું ફળ પામવા માટેનું અવન્ધ્ય બીજ પોતાના આત્મામાં વાવતા રહે.

જો કોઈ શ્રીમંતની શાસનપ્રભાવના જોઈને જ આપણે ધર્મપ્રશંસા કરી....જો તેથી જ આપણે જૈનેતર મટીને જૈન માનવ બન્યા તો હવે આપણી એ અનન્ય ફરજ થઈ પડે છે કે આપણે પણ એ જ રાહે ચાલીને અનેક જૈનેતરોને જૈન બનાવવા માટે શાસનપ્રભાવનાનાં ભવ્યતમ કાર્યોનું પુનઃ પુનઃ આયોજન કરતાં જ રહેવું.

શ્રીમંતો માટે આ કાર્ય ખૂબ જ સરળ બની રહે છે. જો તેઓ સ્વસંપત્તિની મૂર્ચ્છાને ઉતારે તો.

એ મૂર્ચ્છા ઉતારવા માટે તેમણે મૂર્ચ્છાના ઘોર વિપાકોનો અને મૂર્ચ્છા-ઉતારના અપૂર્વ પુણ્યફળોનો વિચાર સતત કરતાં રહેવો જોઈએ. આટલું થાય તો જરૂર એ પાપ-મૂર્ચ્છા માંદી પડે.... પછી મરી પણ જાય.

જે નિર્ગ્રન્થો અને જે શ્રાવકો શાસનપ્રભાવનાનાં કાર્યો કરીને અનેક આત્માઓના અંતરમાં અને મુખમાં ધર્મપ્રશંસા ભરી દે છે તેઓ તેમને તો સમ્યક્ત્વાદિ ગુણો પમાડે જ છે પરંતુ સાથે એવું કાર્ય કરવાના બદલાની જેમ પોતે પણ સ્વસમ્યક્ત્વને વધુ ને વધુ નિર્મળ બનાવે છે. વિરત્યાદિ વિશિષ્ટ ગુણોની ભૂમિકા પણ તૈયાર કરે છે.

અહીં આપણે કેટલાક શાસનપ્રભાવકોને નજરમાં લાવીએ અને તેમને અંતરથી વંદના કરીએ.

(૧) શાસનપ્રભાવક આચાર્ય ભગવંત કાલકસૂરિજી

જેમણે ભાદ્રપદ પંચમીનું સંવત્સરી પર્વારાધન ભાદ્રપદ શુકલ ચતુર્થીનું કર્યું હતું તે આ યુગપ્રધાન ભગવંત હતા.

એમના સંસારી બહેન સાધ્વી સરસ્વતી હતા. નગરનો રાજા ગર્દભિલ્લ અત્યન્ત કામાંધ હતો. સાધ્વી સરસ્વતીના દેહની લાવણિમાએ એ અંજાઈ ગયો. એકાએક તેમને પોતાના અંતઃપુરમાં બેસાડી દીધા. સાધ્વીએ શીલરક્ષા ખાતર અખંડ આયંબિલતપ શરૂ કરી દીધો.

પોતાના સંસારી ભાઈ કાલકસૂરિજીને આ વાતની જાણ મળી. સંઘ ભેગો કર્યો. "રાજા આગળ અમારું કાંઈ ન ચાલે." સંઘના અગ્રણીઓએ ધોયેલા મૂળા જેવો ઉત્તર આપી દીધો.

કાલકસૂરિજીના પગથી માથા સુધી ઝાળ વ્યાપી ગઈ.

"છટ્ ! નિર્માલ્ય સંઘ !"

"મારે ન જોઈએ આવા કાયરોનું–હીનસત્ત્વોનું–સ્વામિત્વ!" આજે મારી સંસારી બહેનનું શીલ જોખમાયું છે! આવતી કાલ સમગ્ર સાધ્વી ગણની તે કેમ ન હોય? હું સંઘનાયક છું, મારી ફરજ છે; સંઘરક્ષાની! પૂરી ઝિંદાદિલી સાથે લડી લઈશ; પાઠ શીખવીને જંપીશ; આ દુષ્ટિષ્ટ ગર્દભિલ્લને!" સ્વગત સંકલ્પ કરીને બીજે જ દિવસે કાલકસૂરિજી એ ગામમાંથી ચાલ્યા ગયા.

ગામ બહાર જઈને અવ્યક્તલિંગી બન્યા. ચાલતાં ચાલતાં શક-દેશમાં ગયા. જ્યોતિષ, મંત્ર, તંત્ર વિદ્યાદ્વિથી ત્યાંના રાજાને વશ કર્યો. ટૂંક સમયમાં જ રાજગુરુનું પદ મેળવી લીધું. તક જોઈને શકરાજને અંતરની વેદના કહી. શકરાજ સમસમી ઊઠયો.

સૈન્ય સાબદું કરી દીધું. શકરાજની સરદારી સાથે સૈન્યે કૂચ કરી. કાલકસૂરિજી સાથે ચાલ્યા. ગર્દભિલ્લ સાબદો થયો. માર્ગમાં અનેક વિઘ્નો નાંખ્યા. પણ કાલકસૂરિજીએ એના બધા ય દાવપેચ નિષ્ફળ કર્યા.

બે ય સૈન્યો સામસામા આવી ગયાં. ખૂનખાર જંગ ખેલાઈ ગયો. કાલકસૂરિજીનાં અવસરોચિત સૂચનો શકરાજને વિજયના પંથે લઈ જવા લાગ્યા.

ગર્દભિલ્લ અકળાયો. હવે એની પાસે એક જ વિદ્યા હતી; ગર્દભી.

આ વિદ્યાથી ગર્દભીના મુખમાંથી જે પ્રચંડ નિનાદ થતો તેને સાંભળીને શત્રુસૈન્યનો હસ્તીગણ ભયભીત થઈ જતો. પોતાના જ સૈન્ય તરફ ફરીને દોડતો અને હજારો સૈનિકોના છુંદા કરી નાંખતો.

કાલકસૂરિજી આ વિદ્યાથી સુમાહિતગાર હતા. એમણે અજોડ ધનુર્ધરોની એક હરોળ આગળ લાવી મૂકી. સહુને પોતાનો વ્યૂહ સમ-જાવી દીધો. જેવું મંત્રિત ગર્દભીનું મોં ખૂલ્યું કે એકી સાથે સેંકડો તીરોની વર્ષા થઈ અને એણે ગર્દભીના મુખમાં પેસી જઈને એ મુખને એ જ સ્થિતિમાં સ્તંભિત કરી દીધું. ગર્દભીનો નાદ પ્રગટયો નહિ.

શત્રુરાજાના છેલ્લાં પાંસાં નિષ્ફળ ગયા. ગર્દભિલ્લનો ભયંકર પરાજય થયો. એ જીવતો પકડાયો.

ભગવાન કાલકસૂરિજીની પ્રેરણાથી શકરાજે એને જીવતો જ જંગલમાં છોડી દીધો.

કાલકસૂરિજી સાધ્વી સરસ્વતીજીને મુક્ત કરવા દોડ્યા. સેંકડો આયંબિલના તપથી દેહ કૃશ થઈ ગયો હતો. પણ એ દેહ રૂપ પવિત્ર શીલનું તેજ ચમક મારી રહેલું જોઈને કાલકસૂરિજીને અપૂર્વ આનંદ થયો.

જનશાસનનો જયજયકાર થયો.

જૈન ધર્મ ક્ષત્રિયોનો છે, વૈશ્યોનો નહિ....એ વાતની સહુને પ્રતીતિ થઈ.

જનોએ પોતાની નિર્માલ્યતાને ખંખેરી નાંખી. એમનામાં અભૂતપૂર્વ જોમ પ્રગટી ગયું.

હજારો લોકોના મુખમાંથી એ શબ્દો નીકળી ગયા : "અહિંસા તો શૂરા સેનાનીની જ હોય ! અહિંસા કદી નિર્માલ્યની હોઈ શકે નહિ. વંદન હો; એ અહિંસાધર્મના ઉપદેશક તીર્થંકર ભગવંતોને !"

સાધ્વીગણ શીલખંડનના ભયથી મુક્ત થયો.

પ્રજા આતતાયી ગર્દભિલ્લના જુલ્મોથી મુક્ત થઈ.

સર્વત્ર સદ્ધર્મની પ્રશંસા વ્યાપી ગઈ.

(૨) આચાર્ય ભગવંત શાસનપ્રભાવક સિદ્ધસેન દિવાકરસૂરિજી

ધર્મવાદના અષ્ટકમાં આપણે આ મહાપુરુષનું સિદ્ધસેન વિપ્ર તરીકેનું જીવન અને ગોવાળાની મધ્યસ્થી સાથે જંગલમાં વાદિદેવસૂરિજી સાથે થયેલો વાદ....વગેરે જોઈ ગયા છીએ. પરાજિત થયેલા વિપ્ર સિદ્ધસેને ભગવાન વાદિદેવસૂરિજીની પાસે જૈનદીક્ષાનો અંગીકાર કર્યો. એમનું નામ મુનિ કુમુદચન્દ્ર રાખવામાં આવ્યું હતું, જેઓ પછીથી સિદ્ધસેન-

સૂરિના નામથી પ્રસિદ્ધ થયા હતા. એમના ગુરુએ જ એમને 'સર્વજ્ઞપુત્ર'બિરુદ આપ્યું હતું.

એક વખત સિદ્ધસેનસૂરિજી ચિતોડ ગયા હતા. ત્યાંના ચૈત્યોના દર્શન કરતાં એક ચૈત્યના સ્તંભ તરફ તેમની દૃષ્ટિ પડી. એકીટશે સ્તંભ તરફ જોઈને નજીકમાં ઊભા રહેલા વૃદ્ધ આદમીને પૂછ્યું, "આ સ્તંભ શેનો બનેલો છે? ઈંટનો ય નથી જણાતો અને પથ્થરનો ય નથી લાગતો. વળી એને આ સ્થાને કેમ ઊભો કરવામાં આવ્યો છે?"

બુઝર્ગ આદમીએ કહ્યું: "ભગવન્! લોકવાયકા એવી છે કે આ સ્તંભ ઔષધિઓનો બનેલો છે. એની અંદરના પોલાણના ભાગમાં પૂર્વાચાર્યોએ રહસ્યમય વિદ્યાગ્રન્થો મૂકેલા છે. સ્તંભનું મુખ ઔષધિથી બંધ કરવામાં આવ્યું છે. ઘણાં પ્રયત્નો કરવા છતાં એ મુખદ્વાર ઊઘડતું નથી."

સૂરિજી સ્તંભની નજદિક સરક્યા. એનું મુખદ્વાર સૂંઘ્યું. કયી ઔષધિઓનો એની ઉપર લેપ કરવામાં આવ્યો છે તે સુગંધમાત્રથી તેમના ખ્યાલમાં આવી ગયું. એ બધી ઔષધિ મંગાવીને તેનો લેપ તે મુખદ્વાર ઉપર કરાવતાંની સાથે જ દ્વાર ખૂલી ગયું. અંદરથી એક પુસ્તક નીકળ્યું. સૂરિજીએ એને હાથમાં લીધું. ખોલ્યું. એના પ્રથમ પૃષ્ટ ઉપર બે વિદ્યા લખેલી હતી. એક હતી; સુવર્ણસિદ્ધિ અંગેની. બીજી હતી; સરસવી. (સરસવના જેટલા દાણા મંત્રીને પાણીમાં નાંખવામાં આવે તેટલા ઘોડેસ્વાર ઉત્પન્ન થઈ જાય.)

સૂરિજી બીજું પાનું ખોલવા જાય છે ત્યાં ગેબી વાણી થઈ. "બસ! થોભી જાઓ. આટલાથી જ જગતની સેવા કરો." સૂરિજીએ પુસ્તક યથાવત્ મૂકી દીધું.

એકદા તેઓ કર્મારપુર નગરમાં ગયા. સૂરિજીના અસાધારણ પ્રભાવથી આકર્ષાઈને નગરનો રાજા દેવપાળ તેમની પાસે આવવા લાગ્યો. તેમનો ભક્ત થઈ ગયો.

એક વાર પડોશનો શત્રુરાજા વિજયવર્મા એકાએક ત્રાટક્યો. રાજા દેવપાળ ભયભીત થઈ ગયો. સૂરિજીએ તેને આશ્વસન આપ્યું.

સરસ્વતી વિદ્યાના બળથી વિરાટ અશ્વદળ ખડું કરી દીધું. રાજા વિજયવર્મા એ સૈન્યને જોઈને જ ભયભીત થઈ ગયો. જેનું અશ્વદળ જ આટલું મોટું છે એનાં બીજાં દળો વળી કેવડાં હશે ? એ રાતોરાત પલાયન કરી ગયો.

સૂરિજીના આ પ્રભાવથી રાજા દેવપાળ તો અત્યન્ત આશ્ચર્યમુગ્ધ થઈ ગયો.

"ભગવન્ ! આ ઉપકારનો બદલો શી રીતે વાળી શકાય ? કેવું અહિંસક યુદ્ધ આપે ખેલી નાખ્યું ! મને કેવો ભવ્ય વિજય અપાવ્યો ?" રાજા દેવપાળે સૂરિજીને કહ્યું.

સૂરિજીએ કહ્યું, "ઉપકારની વાત જવા દે. પણ તારા આત્માના ઉપકાર માટે તું વીતરાગ સર્વજ્ઞ ભગવંતોએ દેખાડેલો જિન ધર્મ સ્વીકાર." સૂરિજીની નિઃસ્પૃહતાની ટોચને રાજા દેવપાળનું મસ્તક ઝૂકી ગયું. તેણે જિનધર્મ સ્વીકાર્યો ! સર્વત્ર જિનધર્મની બેહદ પ્રશંસા થવા લાગી. અગણિત આત્માઓ સમ્યક્ત્વાદિ અમૂલ ધર્મો પામ્યા.

રાજા દેવપાળ સૂરિજીને સદા સાથે જ રાખવા લાગ્યો. સૂરિવર પણ એના દ્વારા શાસનપ્રભાવનાનાં કોડીબંધ કાર્યો કરાવવા લાગ્યા. સમગ્ર પૃથ્વીતલ ઉપર જિન ધર્મની જયપતાકાઓ ઓડંગાતી ચાલી.

એક વખતની વાત છે. સૂરિવર ઊંડા ચિંતનમાં ગરકાવ થઈ ગયા છે. સર્વજીવને શાસન રસી કરી દેવાની ભાવના એમની રગેરગમાં વ્યાપી ગઈ છે.

વિચારનો એક ઝબૂકો આવી ગયો ! તાળી પાડતાં જ સૂરિવર સ્વગત બોલ્યા, "ગણધર ભગવંતોએ જિનવાણીને પ્રાકૃત ભાષામાં મઢી લીધી ! લોકભાષા પ્રાકૃત છે માટે જ સહુને સરળતાથી એ ભાષાનાં સૂત્રો સમજાઈ જાય એ વાત તદ્દન સાચી....પરંતુ એથી એ સૂત્રોનું

ગૌરવ કયાંથી રહે ? એનું માન-સન્માન કેટલું થાય ? અર્થઘન સૂત્રોની અર્થઘનતા લોકભાષામાં તો પ્રવાહી બની જાય ! જો આપણે એનું અર્થગાંભીર્ય જાળવી જ રાખવું હોય તો એ સૂત્રોને સંસ્કૃતભાષામાં રૂપાન્તરિત કરી દેવા જોઈએ !

પ્રાકૃત એ પ્રાકૃત; અને સંસ્કૃત તે સંસ્કૃત.
એની મજા જ ન્યારી.
અર્થગૌરવ એમાં જ ઘનતા પામે.

"મારો વિચાર સુંદર છે ને ? શાસ્ત્રવિરુદ્ધ તો નથી જ ને ?"

અંતરને ટકોરો મારીને સૂરિવરે મનોમન સમજી લીધું કે, "નહિ, એમાં કશું ય શાસ્ત્રબાહ્ય નથી."

પણ વળી એક વિચાર ઝબૂકી ગયો : "ના, હું ગમે તેમ તો ય છદ્મસ્થ. મારી પણ ભૂલ કાં ન થાય ? આજ પૂર્વે તો કેટલાય ધુરંધર વિદ્વાન, સુવિહિત ગીતાર્થ, અધ્યાત્મના સાગર શા આચાર્યો ભગવાન સુધર્માસ્વામીજીની પાટને દીપાવી ગયા. કોઈએ આ વિચાર કર્યો નથી.

કયાં હું અલ્પજ્ઞ ! અને કયાં એ પૂજનીય શાસ્ત્રોના મર્મજ્ઞો !

કયાં મારી શાસનસેવા અને કયાં એમની નસનસમાં પરિણમી ગયેલી શાસનવફાદારી !

પ્રાકૃતભાષામાં જ સૂત્રો બોલાતી પરંપરા એ ય શાસ્ત્ર જ છે ને ?

માર્ગ બે છે—એક શાસ્ત્ર અને બીજી સુવિહિત ગીતાર્થાચરિત પરંપરા ! શાસ્ત્રમાં ન મળતી હોય તેવી પણ એ પરંપરામાં જીવતી જોવા મળતી વાતો—આચરણાઓ—એ પણ શાસ્ત્ર જ છે કે બીજું કાંઈ ?

હા, કદાચ ખોટી પણ કોઈ પરંપરા ચાલી પડી હોય તે ય બને. સંભવ છે કે શાસનનાં અનેક કાર્યોમાં વ્યસ્ત રહેતાં એ મહાત્માઓએ કોઈ વાતને નજરમાં ન પણ લીધી હોય ! જરૂર આવું સંભવિત છે. પરંતુ મારે પરંપરાને એકદમ ખોટી માની લેવી શી રીતે ? અને

'ખોટી' કદાચ હોય તો મને એકલાને એ પરંપરા પલટાવવાનો અધિકાર ખરો ? વિદ્યમાન ગીતાર્થ ભગવંતોની ઉપસ્થિતિમાં સકળ સંઘને ભેગો કરું. મારી વાત વિનમ્રભાવે રજૂ કરું. સહુ એક મતે મંજૂર કરે તો જ એનો અમલ કરું.

એકલદોકલ આવું સાહસ કરીશ તો એ ભારે મોટી અવિધિ ગણાશે. જે કદાચ મને અહીં જ આ જ જીવનમાં ભયંકર આપત્તિમાં હડસેલી મૂકશે. ના, ના. એવું દુઃસાહસ–પાપ જનમ જનમનું–મારાથી તો ન જ થાય.

વળી આની પાછળ દાખલો ય કેવો ખોટો બેસે ? સહુ વિચાર કરશે કે જેને જે ઠીક લાગે તેણે તે કરવું.

શાસ્ત્રબાહ્ય પરંપરા લાગે તો તરત જ ફગાવી દેવી....રે ! તો તો સન્નાટો વ્યાપી જાય; જિનશાસનમાં ! સહુ સહુનું ધાર્યું કરે તો કોઈ પણ માણસ પોતાનું ધાર્યું કરીને બેદાનબેદાન કરી નાંખે; ભદ્રકજીવોની ધર્મ શ્રદ્ધાને. ભયંકર અંધાધૂંધી મચી જાય. પછી આવી સુંદર એક–સૂત્રતા ન રહે ! રે, અનેક બીજાં તત્વોને ઢાંકવા માટે પણ નવી આચરણાઓના ઝંડા ઊંચકાય ! એની સામે વિરોધો જાગે ! યાદવાસ્થળી મચી જાય. ના, ના, આવું અઘટિત હું કેમ કરું ? ભલે મને એક વિચાર આવી ગયો. પણ સંઘ તો ભેગો કરવો જ છે. સહુની સમક્ષ આ વિચાર મૂકવો જ છે.

સિદ્ધસેન દિવાકરસૂરિજીએ ટૂંક સમયમાં જ સંઘની સમક્ષ પોતાનો વિચાર પ્રસ્તુત કર્યો.

સંઘ ખૂબ જ વિનીત હતો. સૂરિવરની આમન્યાને એ પૂરી અદબથી પાળતો.

સંઘમાં થોડી વાર ગણગણાટ વ્યાપી ગયો. અંતે એક આધેડ ઉંમરની વ્યક્તિએ ઊભા થઈને હાથ જોડીને સૂરિવરને કહ્યું, "પ્રભો ! આપનું મંતવ્ય એ છે કે ગણધર ભગવંત–ગુમ્ફિત સૂત્રોને સંસ્કૃત

ભાષામાં ફેરવી નાંખવાથી એનું ગૌરવ વધશે. આમનું મંતવ્ય જ બરોબર રહો પરંતુ અમારો એક પ્રશ્ન છે કે આ રીતે સૂત્રોની પ્રાકૃતિ ભાષા બદલી નાંખવાથી સહુને એ સૂત્રોનો અર્થબોધ દુર્ગમ નહિ બની જાય! વસ્તુને અતિ સુંદર બનાવવા માત્રથી શું? જો તે સુપાચ્ય ન બનતી હોય તો! સંસ્કૃત ભાષાના સૂત્રો કેટલાને સમજાશે? અર્થજ્ઞાન વિના ક્રિયાઓમાં ઉપયોગ કેટલો જળવાશે? શું એ અજ્ઞાન અને અનુપયોગનો દોષભાર આપના શિરે નહિ આવે?

"વળી જો સંસ્કૃત-સૂત્રરચના જ વધુ ઉચિત હતી તો એ ભગવંતોએ તેમ શાથી ન કર્યું? એમણે જે કર્યું તેની વિરુદ્ધમાં વિચાર પણ કરવાથી અનંત તીર્થંકરદેવોની આશાતનાનું કાળું પાપ લલાટે ન અંકાઈ જાય શું?

"ગુરુદેવ! અમને તો લાગે છે કે આવો વિચાર કરીને આપે આપના આત્માનું અહિત કર્યું છે."

મહાકવિ સિદ્ધસેનસૂરિજીના અંતરમાં આ વિચાર પડતાં જ સોપો પડી ગયો! એમની ભૂલ તરત જ ખ્યાલમાં આવી ગઈ! અહા! મારા જેવા આચાર્યપદના ગૌરવવંતા સ્થાને રહેલાથી આવી ભૂલ થઈ? આ તે કાંઈ નાનકડી ભૂલ કહેવાય? રે! ઝેર ખાવાનો વિચાર પણ એટલો જ ઝેરી છે કેમકે એમાંથી જ વિષપાનની પ્રવૃત્તિ અમલમાં આવે છે.

સખ્ત દંડ : સખ્ત પ્રાયશ્ચિત્ત અનિવાર્ય છે!

બીજાઓને પણ મારી વાતનો ધડો બેસે! ફરી કોઈ આવી ગંભીર ગૈચારિક ભૂલ પણ ન કરે. અને જો તેમ કરે તો મારું અનુકરણ કરીને સખ્ત દંડ પામીને જીવનશુદ્ધિ કરે.

સૂરિવરે ઉપસ્થિત સંઘની સમક્ષ પોતાની ભૂલ સ્વીકારી લીધી. એની ગંભીરતા પણ જણાવી અને સંઘ પાસે જ તેનું પ્રાયશ્ચિત્ત માગ્યું.

સંઘે કહ્યું, "પ્રભો ! આપ ખુદ સમર્થજ્ઞાની છો. આ અમારો વિષય નથી."

થોડી વાર વિચાર કરીને સૂરિવરે કહ્યું, "મારી આ ગંભીર ક્ષતિના પ્રાયશ્ચિત્તરૂપે મારે બાર વર્ષ સુધી ગચ્છ બહાર તદ્દન ગુપ્તપણે રહેવું. ઘોર તપ તપવો અને પારણામાં શુદ્ધ આહાર લેવો. બીજું : એક મોટા રાજાને પ્રતિબોધ કરવો. ત્રીજું : એક તીર્થનો ઉદ્ધાર કરવો."

આખો ય ઉપસ્થિત સંઘ આ સાંભળીને સ્તબ્ધ થઈ ગયો. વહાલા સૂરિવર ! બાર વર્ષ સુધી ભૂગર્ભમાં ચાલ્યા જાય ! ઘોર તપ તપે ! પારણે ય શુષ્ક આહાર લે ! એ બધી વાતે એમને શોકાતુર કરી મૂક્યા. સહુ હીબકા ભરીને રડવા લાગ્યા.

પણ....શાસનની અવિચ્છિન્ન શુભ મર્યાદાઓના સંરક્ષક સૂરિજી પોતાના નિર્ણયમાં અવિચલ હતા. સંઘની સંમતિ લઈને ત્યાંથી ચાલી ગયા.

પૂરાં સાત વર્ષ સુધી ગુપ્તપણે રહ્યા. એક દિવસની વાત છે.

ઉજ્જયિની નગરીમાં મહાકાલેશ્વર મહાદેવનું મંદિર હતુ. દિવસના સવારના પ્રહરમાં જ લોકોનાં ટોળેટોળાં એ મંદિર તરફ જઈ રહ્યાં હતાં. સહુ કહેતા કે એ મંદિરની શિવપીંડિકા ઉપર પગ રાખીને એક જટાધારી બાવો ત્યાં બેઠો છે. રાજસેવકોએ એને દૂર કરવા નિષ્ફળ પ્રયત્નો કર્યા. પછી થાકીને તેને બરડે કોરડા વીંઝવા લાગ્યા તો એ બાવો તો હસતો જ રહ્યો; પરંતુ બીજી બાજુ મહારાજા વિક્રમની રાણીઓ એમના અંતઃપુરમાં ચીસો પાડવા લાગી !

લોકો આવી વાતો કરતાં જાય છે અને એ બાવાના દર્શનાર્થે દોડ્યા જાય છે.

ભારે ઠઠ જામી છે. કોલાહલનો સુમાર નથી. થોડી વારમાં મહારાજા વિક્રમ જાતે ત્યાં આવ્યા. તેમણે કહ્યું, "ઓ મુનિ ! શિવ-

પીંડિકાની આવી આશાતના કેમ કરી રહ્યા છો ?" એમને તો આપે નમસ્કાર કરવો જોઈએ ને ?"

બાવાએ કહ્યું, " જો નમસ્કાર કરીશ તો આ શિવપીંડિકા એકદમ ફાટશે. તને મંજૂર છે ? " વિક્રમે સંમતિસૂચક માથું હલાવ્યું.

તરત જ બાવાએ નમસ્કાર કર્યો અને મોટા ધડાકા સાથે લિંગ ફાટયું. ભગવાન પાર્શ્વનાથની દિવ્ય પ્રતિમા પ્રગટ થઈ.

રાજા વિક્રમ તરત જ પરિસ્થિતિ પામી ગયો. તેણે સાશ્ચર્ય પૂછયું " શું આપ કોઈ જૈન મુનિ છો ? પણ વેશ તો જોગીનો દેખાય છે?"

" હા, હું જૈન મુનિ સિદ્ધસેન દિવાકરસૂરિ છું." બાવાના વેષમાં રહેલાં સૂરિજીએ કહ્યું.

વર્ષો પૂર્વેનો ઇતિહાસ આંખ સામે ખડો થઈ ગયો.

સંઘે સૂરિજીને વિનવીને સાત વર્ષે જ ફરી ગચ્છમાં લીધા.

રાજા વિક્રમ એમનો ભક્ત બન્યો.

પાંચ શ્લોકની પ્રશસ્તિ સાંભળાવીને રાજા વિક્રમને પ્રમુદિત કરીને ચુસ્ત જૈન બનાવ્યો.

એક વખત સૂરિજીએ શત્રુંજય તીર્થનું માહાત્મ્ય સમજાવ્યું. રાજા વિક્રમે વિમલાચળનો ભવ્ય સંઘ કાઢયો. આખા પર્વતનો જીર્ણોદ્ધાર કરાવ્યો. પછી ગિરનારતીર્થની યાત્રા કરી. બન્ને ય ગુરુશિષ્ય ઉજ્જયિની તરફ પાછા વળ્યા.

સિદ્ધસેન સૂરિજીની પ્રાયશ્ચિત્તરૂપ ત્રણે ય પ્રતિજ્ઞાઓ પૂર્ણ થઈ.

કેવા હતા એ શાસનપ્રભાવક સૂરિદેવ કે જેમના એકેકા શ્લોકે રાજા વિક્રમે એકેકી દિશાનું સમગ્ર સામ્રાજ્ય ચરણે ધર્યું હતું છતાં તેનો અસ્વીકાર કરીને રાજા વિક્રમને તેના હૃદયમાં જિન-શાસન સ્થિર કરવાનું કહ્યું હતું !

જેમણે રાજા વિક્રમ પાસે સિદ્ધાચલજીનો સંઘ કઢાવ્યો હતો,

જેમાં પાંચ હજાર આચાર્યો હતા, ૭૦ લાખ શ્રાવક-કુટુંબો હતાં ! આ સંઘ દ્વારા જેમણે ગામેગામ અપૂર્વ શાસનપ્રભાવના કરી હતી !

વંદન હો એ કવિવર શાસનપ્રભાવક સૂરિદેવને !

(૩) શાસનપ્રભાવક આચાર્ય

ભગવંત મલ્લવાદિસૂરિજી છઠ્ઠી સદીનો એ સમય હતો.

રાજા શિલાદિત્ય રાજ્ય કરતો હતો. બૌદ્ધો અને જૈનોના ભીષણ વાદનો એ યુગ હતો. આરંભમાં જૈનોની સંખ્યા વિપુલ હતી. પણ એક વાર બૌદ્ધોએ જૈનોને હરાવ્યા. પરાજિત જૈનોમાંના કેટલાયને બૌદ્ધ થઈ જવાની ફરજ પાડવામાં આવી. કેટલાક બૌદ્ધ થયા, કેટલાક એ નગરમાંથી પલાયન કરી ગયા.

તીર્થાધિરાજ શ્રી શત્રુંજય ઉપર બિરાજેલી ભગવાન આદિનાથની પ્રતિમાને બૌદ્ધ મૂર્ત્તિ તરીકે પૂજવાનું શરૂ થયું.

ચુસ્ત બૌદ્ધ રાજા શિલાદિત્યે સર્વત્ર ધર્માન્તરનો કોરડો વીંઝ્યો.

આ શિલાદિત્યની એક બહેન હતી. ભૃગુક્ષેત્રના રાજા સાથે તેના લગ્ન થયા હતા. તેને 'મલ્લ' નામે અત્યન્ત તેજસ્વી પુત્ર હતો. પતિ-રાજાનું એકાએક અવસાન થતાં વિરાગિણી રાણીએ એના પુત્ર મલ્લની સાથે દીક્ષા લીધી.

એક સમયની વાત છે. બાળ મલ્લમુનિએ માતા-સાધ્વીને પૂછ્યું, "એ માતા-સાધ્વી ! આપણો શ્વેતામ્બર સંઘ આટલી બધી અલ્પ-સંખ્યામાં શાથી ?"

નિસાસો નાખતી સાધ્વીએ કહ્યું, "વત્સ ! શૂરા શાસનપ્રભાવકોના અભાવે આપણી જાહોજલાલીના સમયનો કરુણ ફેજ આવી ગયો ! આપણે બૌદ્ધોથી હાર્યા, તીર્થ પણ ખોયું !" ડૂસકું નાખતા સાધ્વીએ કહી નાંખ્યું !

સત્ત્વમૂર્તિ મલ્લને સાવધાન કરી દેવા માટે આટલું જ કથન બસ હતું. એને પગથી માથા સુધી ઝાળ લાગી ગઈ.

તે જ સમયે મોટા અવાજે તે બોલ્યા, "મા! આ જુઓ સામે.....નદીનો પ્રચંડ પ્રવાહ, કાંઠે રહેલાં વૃક્ષોને કેવો મૂળિયાંમાંથી હલબલાવી નાંખીને ધરતી ઉપર ઢાળી રહ્યો છે? બસ, આ જ રીતે હું જો બૌદ્ધ ધર્મનાં મૂળિયાં મારા જીવનકાળમાં જ સરખા ન કરી નાંખું તો મને સર્વજ્ઞ ભગવંતની હત્યાનું પાતક ચોંટજો. માતાજી! મને મંગળમયી ઉરની આશિષ આપો. મારી પ્રતિજ્ઞા શીઘ્ર ફલ પ્રસૂતા બને."

સિંહના સત્ત્વથી ઉછળતા આ બાળની પ્રતિભા જોઈને સિંહણાસમી માતાની છાતી વાંભ વાંભ ઊછળવા લાગી. "શાબાશ! મારા લાડકવાયા! વીર માતાનું ધાવણ ધાવીને તું વીર બન્યો છે! આશિષ છે મારી, શાસનદ્રોહીઓને સખ્ત પરાજય આપી દેશપાર કરજે." માનું અંતર સ્વગત બોલ્યા વિના રહી ન શકયું.

મંગળ આશીર્વચન પામેલા બાળ મલ્લમુનિ એક પર્વત ઉપર જઈને તીવ્ર તપ તપવા લાગ્યા. પારણાના દિવસે નજીકના જ ગામમાં ભિક્ષા લેવા જતા. જે મળે તેનાથી નિર્વાહ કરી લેતા.

એક વખત તેઓ ધ્યાનસ્થ હતા. ત્યાં આકાશમાં જ રહીને શાસનદેવીએ બાળમુનિને પ્રશ્ન કર્યો, "મીઠું શું છે?"

તરત જ ક્ષુલ્લક મુનિએ ઉત્તર વાળ્યો, "વાલ."

આ વાતને છ માસ વીતી ગયા. ફરી શાસનદેવીએ પૂછયું, "શેની સાથે?"

એટલી જ સરળતાથી બાળમુનિએ જવાબ આપ્યો, "ઘી અને ગોળ સાથે."

છ છ માસના વિલંબે પણ વાતનું અનુસંધાન જાળવીને બાળમુનિએ આપેલા જવાબથી શાસનદેવી સાનંદાશ્ચર્ય ધરતી ઉપર આવ્યા. પ્રત્યક્ષ થઈને વરદાન આપ્યું, "હે બાળ મુનિવર! તમે પરમવિજેતા બનશો!" પછી કહ્યું કે, "હું તમને નયચક્ર નામનો એક ગ્રન્થ આપું

છું. આનું અધ્યયન તમારી બુદ્ધિપ્રતિભાને ખૂબ જ તીક્ષ્ણ બનાવશે. જેને લીધે તમે કોઈ પણ વાદી ઉપર આસાનીથી વિજય પામી શકશો.”

ગમે તેમ તો ય એ બાલમુનિ હતા. બાળસુલભ ચાંચલ્ય હજી એમનામાં ઠેકડાં મારતું હતું. એટલે શાસનદેવી પાસેથી જેવું એ પુસ્તક એમના હાથમાં મૂકવામાં આવ્યું કે તરત જ તે પુસ્તક તેમણે ધરતી ઉપર મૂકી દીધું !

પવિત્રતમ ગ્રન્થની આ આશાતના શાસનદેવીથી ન જોવાઈ. એમને મનદુઃખ થઈ ગયું. તેઓ તરત બોલ્યા, “બાળ મુનિ ! આ સારું ન કર્યું હોં ! ખેર.... હવે હું તમને સહાય તો જરૂર કરીશ પણ પરોક્ષ રીતે.... હવે પ્રત્યક્ષ તો નહિ જ થાઉં.” દેવી અન્તર્ધ્યાન થઈ ગયા.

મલ્લમુનિએ પોતાના સંસારી મામા શિલાદિત્યને કહેવડાવ્યું કે, “જે બૌદ્ધોની વાગ્જાળમાં તમે અંજાઈને બૌદ્ધ થયા છો એ બૌદ્ધો જૂઠા છે, દંભી છે. તમારો સંસારી ભાણેજ હું મલ્લમુનિ તમારી જ સભામાં એ દંભી બૌદ્ધોને ઘોર પરાજય આપવા સજ્જ થયો છું. તમે તમારા એ ધૂર્ત ધર્મગુરુઓને મારી સામે ઉપસ્થિત કરો.”

એક નાનકડો બાળસાધુ આવી કઠોર ભાષામાં બૌદ્ધાચાર્યોની ઠેકડી ઉડાવે એ એમના માટે અસહ્ય બીના હતી. એમણે એ પડકાર ઝીલી લીધો !

રાજા શિલાદિત્યની રાજસભા વાદસભામાં ફેરવાઈ ગઈ. એક બાજુ મોટા મોટા બૌદ્ધાચાર્યો હતા, બીજી બાજુ નાનકડા શ્વેતામ્બર સાધુ હતા.

સહુના નિઃસ્તબ્ધ આશ્ચર્ય વચ્ચે વાદ શરૂ થયો. બાળમુનિની વાકછટાથી પ્રારંભમાં જ સહુ અંજાઈ ગયા !

છ માસ સુધી લગાતાર વાદ ચાલ્યો. બાળમુનિની વાગ્જાળમાં વારંવાર ફસાઈ જતો બૌદ્ધાચાર્ય ‘ત્રાહિમામ્’ પોકારી ગયો હતો વાતવાતમાં પરાજયનું ભૂત એની સાવ નજદીક આવી જતું હતું. હવે

શું કરવું ? શી રીતે આ નાલેશીભર્યા પરાજયમાંથી બહાર નીકળવું ? કોઈ રસ્તો જ સૂઝતો ન હતો.

એક દિવસ બૌદ્ધાચાર્ય વાદસભામાં ઉપસ્થિત ન થયા. પોતાના માણસ દ્વારા તેમણે જણાવ્યું કે, " મારું સ્વાસ્થ્ય સારું ન હોવાથી હું વાદસભામાં ઉપસ્થિત થઈ શકું તેમ નથી."

આટલું સાંભળતાં જ પ્રૌઢપ્રતાપી મલ્લમુનિએ કહ્યું," બૌદ્ધાચાર્યે સાવ જૂઠાણું ગબડાવ્યું છે ! એ સાવ સાજા-નરવા છે. રાજા શિલાદિત્ય ! હમણાં જ તપાસ કરાવશો તો સત્ય આપમેળે પ્રગટ થઈ જશે."

રાજા શિલાદિત્ય જાતે તપાસ કરવા ગયો. બૌદ્ધાચાર્ય ખરેખર સાજા-સારા હતા. હા, એમનાં મુખ ઉપર પરાજયના ભયના ઓળા જરૂર ઊતરી ગયા હતા. "

રાજાના ગુસ્સાનો પાર ન રહ્યો. એ જ પળે એણે તમામ બૌદ્ધોને સ્વદેશમાંથી હાંકી કાઢ્યા ! શ્વેતામ્બરોને માનભેર આમંત્ર્યા. ભગવાન આદિનાથ તરીકે ફરી એ મૂર્ત્તિપૂજા શત્રુંજય તીર્થ ઉપર શરૂ થઈ !

રાજા શિલાદિત્યે જિનધર્મ સ્વીકાર્યો !

ગુરુ મલ્લવાદિએ એના દ્વારા અપૂર્વ શાસનપ્રભાવક કાર્યો કર્યા ! સર્વત્ર જિનશાસનનો જયજયારવ ફેલાઈ ગયો !

(૪) શાસનપ્રભાવકઆચાર્ય ભગવંત વાદિદેવસૂરિજી

આચાર્ય ભગવાન દેવસૂરિજીએ એક ચાતુર્માસ કર્ણાવતી નગરીમાં સિદ્ધ નામના શ્રાવકને ત્યાં કર્યું હતું. એ જ સમયે દિગંબરાચાર્ય કુમુદચન્દ્રે પણ એ જ કર્ણાવતીનગરીમાં ચાતુર્માસ કર્યું. તેને દેવસૂરિજી મહારાજ સાથે વાદ કરવાની ઇચ્છા થઈ. દેવસૂરિજી મહારાજ ખૂબ જ સ્થિતપ્રજ્ઞ મહાત્મા હતા. એમની પલાઠી એમના આત્માના ભોંયરામાં જ રહેતી. ત્યાંથી એમને ચલાયમાન કરવાનું કામ જરા ય સરળ ન હતું. કુમુદચન્દ્રે વાચાળ ચારણોને તૈયાર કરીને દેવસૂરિજી પાસે મોકલ્યા.

સિંહસત્ત્વ દેવસૂરિજી મહારાજ આત્માનાં ઘરમાં ખૂબ જ મસ્ત રીતે રહેતા હતા. એમાંથી એમને બહાર કાઢવા માટે–વાદ કરવા ઉત્તેજિત કરવા માટે–ચારણોએ ભગીરથ પુરુષાર્થ કર્યો ! પરંતુ બધી મહેનત નિષ્ફળ ગઈ.

હવે કુમુદચન્દ્રે બીજો પાસો નાખ્યો. એને ગમે તેમ કરીને આ સિંહને એની બોડમાંથી બહાર કાઢવો હતો. એક વાર લડી જ લેવું હતું.

એ જ નગરીમાં સરસ્વતીશ્રી નામના વૃદ્ધા સાધ્વી હતા. કુમુદચન્દ્રે એની પાસે એના ગુરુની પેટ ભરીને મશ્કરીઓ કરી. સાધ્વીજી અત્યન્ત ઉદ્વિગ્ન થયા. રોષથી ધમધમી પણ ગયા ! તેઓ સીધા દેવસૂરિજી મહારાજની પાસે આવ્યા.

અંગારા વરસાવતી તીખી તમતમતી ભાષામાં તેમણે દેવસૂરિજીને કહ્યું, "મોટા મહારાજે તમને આચાર્ય બનાવીને ગચ્છની ધુરા સોંપી તે અમારા જેવી સાધ્વીઓની ઉઘાડેછોગ મશ્કરીઓ કરવા માટે જ ને ? રે ! શત્રુને ન જીતી શકાતો હોય તો હથિયાર હાથમાં પકડી રાખ્યા શા કામના ! પરાજય પામે ત્યાં સુધી સમતા ધારણ કરીને શાસનનો વિનાશ થતો જોઈ રહેવાની ધીરજના વખાણ કયો મર્દ કરશે ? આચાર્યશ્રી ! તમારી આ અગાધ સમતા તમને જ મુબારક હો ! ભલે કદાચ તમારી એ સમતા તમારા માટે સંસારસાગરની તરણી બનશે પણ તમને જે સંઘની જવાબદારી સોંપવામાં આવી છે તેનું તો સત્યાનાશ કાઢીને જ રહેશે. વાહ રે ! સમતાધારી આચાર્યશ્રી !"

અગાધ શાન્તિથી દેવસૂરિજી મહારાજે સાધ્વી સરસ્વતીશ્રીજીને સાંભળી લીધા. જેમ તેમ કરીને શાન્ત પાડીને તેમને ઉપાશ્રયે મોકલ્યા; પણ હવે એમની અંદર સૂતેલો સિંહ સળવળી ઊઠ્યો હતો. સાધ્વીજીના વાગ્બાણોએ એમના સત્ત્વને ઘાયલ કરીને ભભુકાવી નાખ્યું હતું. આવી સમતા શાસન માટે જીવલેણ નીકળવાની શક્યતાને તેઓ માપી ચૂક્યા હતા.

તરત જ એક બેપિયો તૈયાર કરવામાં આવ્યો. પાટણના સંઘસમસ્તને એક પત્ર લખીને આપવામાં આવ્યો. પત્રમાં જણાવવામાં આવ્યું કે, "અહીં ચાતુર્માસ રહેલા દિગમ્બરાચાર્ય કુમુદચન્દ્ર મારી સાથે વાદ કરવા માટે ઉત્સુક થયા છે. મારે પણ તેમની સાથે મુકાબલો કરી લેવો છે. પણ એ વાદ પાટણની રાજસભામાં જ થાય એવી મારી ઇચ્છા છે. પાટણનો શ્રીસંઘ તે ઇચ્છાને ફળીભૂત કરવા માટેના સઘળાં ચક્રો ગતિમાન કરી દે."

પાટણના શ્રીસંઘને પત્ર મળ્યો. આગેવાન સદ્ગૃહસ્થો કર્ણાવતી ગયા. ચાતુર્માસ પૂર્ણ થયા બાદ પાટણ પધારવાની વિનંતિ કરી. દેવસૂરિજી મહારાજે કહ્યું, કે "જ્યાં સુધી એ વાદ ચાલે ત્યારે વિપુલ સંખ્યામાં પાટણનો સંઘ આયંબિલ તપ કરે. સહુએ એ વાત વધાવી લીધી. આ બાજુ કુમુદચન્દ્રને દેવસૂરિજીએ આહ્વાન કર્યું કે તેણે પાટણની રાજસભામાં વાદ કરવા તૈયાર થઈ જવું.

ચાતુર્માસ પૂર્ણ થયું. બે ય આચાર્યોએ પાટણ પ્રતિ વિહાર કરી દીધો.

દિગમ્બરાચાર્ય કુમુદચન્દ્ર અત્યન્ત ખટપટી અને કિન્નાખોર આચાર્ય હતા. તેણે લાગવગ અને લાંચરુશવતના બે મેલાં સાધનોને ઉપયોગમાં લીધાં.

રાજા સિદ્ધરાજની શાસ્ત્રાર્થ સભાના અગ્રણી કેશવ, કોષાધ્યક્ષ અને ગાંગિલ નગર એ ત્રણેયને વિપુલ ધન આપીને ફોડી નાંખવામાં આવ્યા.

આ વાતની દેવસૂરિજી મહારાજના ભક્ત શ્રાવક થાહડ તથા નાગદેવને ખબર પડી. તેઓ રસ્તામાં જ દેવસૂરિજીને મળ્યા. સઘળી માહિતીથી વાકેફ કરીને જણાવ્યું કે, "અમે એ જ રીતે તે ત્રણેય વ્યક્તિને આપણી તરફેણમાં લાવવા માંગીએ છીએ. તે માટે જરૂરી ધનબાળ વગેરેની આપ ચિંતા ન કરશો. માત્ર અમને તેમ કરવાની આપની સંમતિ

જોઈએ છે. ધર્મરક્ષા ખાતર આપણે પણ આવી મેલી-રમત રમ્યે જ છૂટકો છે."

સસ્મિત વદને સૂરિજીએ કહ્યું, "નહિ....નહિ.... ધર્મનું સ્વયંભૂ બળ આપણને વિજય આપશે. એને તે વળી મેલાં બળોનો આશ્રય લેવાનો હોય ? તમે કશી જ ચિંતા ન કરો. હું પણ સમજી શકું છું ખટપટીઓની આવી મેલી નીતિનાં સંભવિત પરિણામોની આગાહી કરતાં તમારા અંતરને ! પણ હું કહું છું કે તમે તદ્દન નિર્ભય બની જાઓ ! પાપ માર્ગે જઈને વિજય પામવા કરતાં જૈનાચાર્યો ધર્મમાર્ગે રહીને પરાજય પામવાનું વધુ પસંદ કરે છે. જાઓ. જરા ય ચિંતા કરશો નહિ. શાસનદેવ આપણને અવશ્ય સહાય કરશે. ફરી કહું છું કે તમે એ ભયને ખંખેરી નાંખો. ધનથી ખરીદાતા વિજયની કોઈ કિંમત નથી. એ તો પરાજયનો જ બીજો ભાઈ છે. વિજય તો વિદ્યાથી અને દેવગુરુની કૃપાથી જ મળશે. એટલે એક પણ દ્રવ્ય એ માર્ગે વાપરશો નહિ એવી મારી તમને સ્પષ્ટ ભલામણ છે."

સૂરિજીના આગ્રહને શિર ઝુકાવીને થાહડ અને નાગદેવ ચાલ્યા ગયા.

સૂરિજી પાટણમાં આવી ગયા. દિગમ્બરાચાર્ય પણ પાટણમાં આવી ગયા. આવતાંવેંત એણે પ્રચાર તંત્ર ધમધમતું કરી મૂક્યું. શ્વેતામ્બર સાધુઓના ઉપહાસ કરતી પત્રિકાઓ પણ સમગ્ર પાટણ શહેરમાં ભીંતો ઉપર લગાડવામાં આવી. યતિઓના ઉપાશ્રયોમાં વાજતે ગાજતે જઈને જલ અને તણખલું મુકાવ્યા.

શ્વેતામ્બર સંઘ હલબલી ઊઠ્યો. ભાવિની અમંગળ આગાહીઓ કરવા લાગ્યો. કેમ કે દેવસૂરિજી મહારાજે આવું કોઈ પ્રચારતંત્ર ઊભું કર્યું જ ન હતું. જો કે એમની બેઠી શાન્તિમાં આગ ધખતી હતી; પણ સંઘને એમના અંતરમાં જલતી આગ દેખાતી ન હતી, માટે જ તે વિજયની વાતમાં શંકિત થઈ ચૂક્યો હતો.

વાદ માટે મુકરર કરેલો દિવસ આવી લાગ્યો. વાદનો આરંભ થયો.

રાજમાતા મિણલદેવીના પિયરિયા દિગમ્બર હોવાથી એમનો પક્ષપાત દિગમ્બરાચાર્ય તરફ હતો. રાજમાતાને સહુ સન્માનતા ! સમગ્ર પ્રજા એમને આદરથી જોતી. વાદસભાના મધ્યસ્થીઓ પણ એમની તરફ ઝૂકે એ ય સહજ હતું.

એટલે કોઈ પણ રીતે મિણલદેવીને સત્યથી સભાન કરીને જડ-પક્ષપાતી વલણથી મુક્ત કરવાનું જરૂરી હતું.

આ કાર્ય—દેવસૂરિજી મહારાજ પાસે રહેલા મુનિ સોમચન્દ્ર કે જેઓ ભાવિમાં મહાન શાસન પ્રભાવક કાલિકાલસર્વજ્ઞ હેમચન્દ્રસૂરિજી થવાના હતા–તેમણે માથે લીધું.

એક દિવસ એ મુનિ રાજમાતાને રાજમહેલના પગથિયે મળી ગયા. તેમણે રાજમાતાને ઊભા રાખીને કહ્યું, "મારે તમને એક વાત કરવી છે.". મુનિની બાળક જેવી તેજસ્વી પ્રતિભાથી સ્તબ્ધ થયેલાં રાજમાતાએ પ્રસન્નમને કહ્યું, "શું કહેવું છે ? જરૂર કહો."

મુનિએ કહ્યું કે, "તમને ખબર છે કે દિગમ્બરાચાર્ય સાથે અમે શ્વેતામ્બરો જે વાદ કરી રહ્યા છીએ તે વાદમાં તેઓ એમ કહેવાના છે કે સ્ત્રીઓ ગમે તેટલો ધર્મ કરે તો ય તે મોક્ષનું ફળ પામી શકે જ નહિ. જ્યારે અમે એમની સામે અકાટય તર્કોથી સાબિત કરી આપવાના છીએ કે સ્ત્રી પણ અવશ્ય મુક્તિપદ પામી શકે છે." આટલું સાંભળતાં જ રાજમાતા ચોંકી ગયા ! દિગમ્બરોનો આવો વિચાર એમને સ્ત્રી-જાતિના હડહડતા અપમાન સમો અને પુરુષજાતિના મિથ્યાગર્વથી જન્મેલો લાગ્યો.

તુરત જ રાજમાતાએ ખાનગીમાં તપાસ કરાવી. મુનિએ કહેલી વાત અક્ષરશઃ સાચી છે એવી ખાતરી થતાં જ તેમણે દિગમ્બર પક્ષ પ્રત્યેનો પ્રેમ ત્યાગી દીધો.

વાદ આગળ વધ્યો. અંતે દિગમ્બરાચાર્યનો સખ્ત પરાજય થયો.

એ જ વખતે દેવસૂરિજી મહારાજાએ રાજસભામાં જાહેરાત કરી કે, "આ શાસ્ત્રવાદ છે માટે આમાં જે પરાજય પામે તેનો કોઈએ

તિરસ્કાર કરવો નહિ.” સૂરિજીની આ મૈત્રીભાવનાને સહુ અંતરથી નમી ગયા !

દિગમ્બરાચાર્યને ભોંય ભારે થઈ ગઈ. તક મેળવીને તે પાછલે બારણેથી પગ કરી ગયા. દેવસૂરિજી મહારાજાએ આ વિજય પામીને જૈન શાસનનો ડંકો વગાડી દીધો ! એમના નીતિપૂર્વકના વિજયને લીધે સહુ મુક્તકંઠે જૈન ધર્મની બેલગામ પ્રશંસા કરવા લાગ્યા.

ત્યારથી ગુજરાતભરમાંથી દિગમ્બરોનું જોર તૂટી ગયું.

પ્રભાવક ચરિત્રમાં તો કહ્યું છે કે, “જો દેવસૂરિજી મહારાજાએ કુમુદચન્દ્ર ઉપર વિજય મેળવ્યો ન હોત તો તાકાત ન હતી કોઈ પણ શ્વેતામ્બર સાધુની કે તે ચોલપટ્ટો પહેરી શકત.

વંદન હો; નિઃસ્પૃહશિરોમણિ, અપૂર્વ શાસનપ્રભાવક વાદિદેવ-સૂરિજી મહારાજાને !

વંદન હો એમની નીડરતાને !

વંદન હો એમની સત્યપ્રિયતાને !

કેવા કેવા છે એ મહાન શાસનપ્રભાવકો ! જયપરાજયના જીવન-મરણના જંગ ખેલી નાંખવાની એમની તાકાત કેટલી પ્રચંડ હશે ? પંચપરમેષ્ઠી ભગવંતોની કૃપાના બળ ઉપર જ એ કેટલા મુસ્તાક રહેતા હશે ?

આ ચાર પ્રસંગોમાં ધરતી ઉપર ફરી વળતાં શાસનપ્રભાવનાના પ્રકાશ કિરણોનાં આપણે ભવ્ય દર્શન કર્યાં.....

તે તે પળોમાં શક્તિસંપન્ન મહાત્માઓની શાસનપ્રભાવના કરતાં જ રહેવાની જેમ એક ફરજ છે, તેમ શાસનમાલિન્યની કજ્જલ-રાતના કાળા વરસાદની શક્યતાઓ હટાવી મારવાની પણ એટલી જ: ના એથી ય વધુ: જવાબદારીપૂર્વકની ફરજ છે.

હજી શાસનપ્રભાવનાનું કાર્ય ન થઈ શકે તે ચલાવી શકાય, પણ શાસનમાલિન્યના પાપનો તો પડછાયો પણ નભાવી ન શકાય.

એ પાપે તો અગણિત આત્માઓના ઉજ્જ્વળ ગુણો બળી જળીને કાળાંમેશ થઈ જાય.

સ્વાત્મહિતનો ચાહક પરના અહિતને ટાળવાની શક્તિવાળો હોય તો સ્વાત્માના ભવ્યતમ હિતને કરી આપનાર તે પરાત્મ–અહિત ટાળવાના પ્રયત્ન કર્યા વિના ઝાલ્યો રહી શકે જ નહિ.

કદાચ એમાં નિષ્ફળતા મળે તો એનો પ્રત્યાઘાત પોતાના દેહ ઉપર એટલો ભયાનક આવે કે એનું સદેહાસ્તિત્વ કદાચ મીટ્ટીમાં મળી જાય.

રોમ ભડકે બળતું હતું ત્યારે નીરો ફીડલ વગાડતો મોજ માણી રહ્યો હતો. પણ શાસનમાલિન્ય ભડકે બળવાના અમંગળ એંધાણ માત્રથી શાસનપ્રેમી સુભટ તો સાબદો બનીને સજ્જ થઈ જાય. એ અમંગળને નિવારવા માટે તપ–જપની સાધનાએ સૂક્ષ્મબળનું જંગી ઉત્પાદન કરવા લાગી જાય અને યત્ર તત્ર સર્વત્ર સર્વ પ્રયત્નો કરીને એ અમંગળને ટાળવા કમર કસે.

અહીં આપણે એવા પણ કેટલાક પ્રસંગો જોઈએ જેમાં અજબ-ગજબ રીતોથી શાસનમાલિન્ય મારી હઠાવીને અનેક ભદ્રાત્માઓની અંતરંગ આત્મહત્યાઓ ટાળવામાં આવી હતી.

(૫) નન્નસૂરિ અને ગોવિંદસૂરિ

મહાન આચાર્યો : જે બપ્પભટ્ટસૂરિજીનો વૃત્તાન્ત પૂર્વે કહેવાઈ ગયો છે તેમના જ સમકાલીન આ બે આચાર્યો હતા. નન્નસૂરિજી અને ગોવિંદસૂરિજી.

આપણે જોઈ ગયા કે બપ્પભટ્ટસૂરિજી એ સમયના પ્રખર શાસન-પ્રભાવક હતા. એમણે આમરાજને ધર્મસન્મુખ બનાવ્યો હતો. વિધર્મી આમરાજને જૈનધર્મથી પ્રભાવિત કરીને એના દ્વારા અપૂર્વ કાર્યો કરતા રહેતા હતા.

એક દિવસની વાત છે. બપ્પભટ્ટસૂરિજીને આમરાજે પ્રશ્ન કર્યો, "ભગવન્! વર્તમાનકાળમાં આપની હરોળમાં બેસી શકે એવા સમર્થ કોઈ મુનિરાજ હશે ખરા?"

સુંદર પ્રશ્નનો સુંદર પ્રત્યુત્તર વાળતાં મુનિવરે કહ્યું, "શેરના માથે ય સવાશેર હોય જ ! રાજન્ ! મને ય ટપી જાય તેવા એક નહિ બે–બે આચાર્યો છે."

"પ્રભો ! હાલ તેઓ ક્યાં બિરાજે છે ? મારે તે પ્રભાવક પુરુષોના તુરત દર્શન કરવા છે." ભારે અજાયબી અને ઉત્સુકતા સાથે રાજાએ સામે પૂછ્યું.

"રાજન્ ! હાલ તેઓ બે ય મોંઢેરામાં છે. તેમનાં નામો છે નન્નસૂરિ અને ગોવિંદસૂરિ."

બીજે જ દિવસે મોંઢેરા જવાનો આમરાજે સંકલ્પ કરી લીધો.

પ્રભાત થયું. સંપૂર્ણ વેશપલટો કરી લઈને આમરાજ ઘોડા ઉપર ચડી બેઠા. એડી મારીને પવનવેગે ઘોડો ઊપડ્યો.

એ સમયે વ્યાખ્યાન ચાલી રહ્યું હતું. ધર્મરસિક લોકો કીડિયારાની જેમ ઊભરાયા હતા. ચૂપકીથી આવીને આમરાજ એ મેદનીમાં પાછળ જ બેસી ગયા.

પણ....આ શું ? વ્યાખ્યાતા મુનિરાજ તો કામસૂત્રનું વર્ણન કરી રહ્યા હતા. જેમ જેમ એ વિષયનું ઊંડાણ તે પકડતા ગયા તેમ તેમ રાજા આમના અંતરમાં જાગેલું ધમસાણ વધતું ચાલ્યું.

એના મનમાં શંકા–કુશંકાઓનાં ધાડેધાડાં ઊતરવા લાગ્યાં. "રે ! હું આ શું સાંભળી રહ્યો છે ? કામસૂત્રનું આવું વર્ણન કરનાર કદી બ્રહ્મચારી હોઈ શકે ? અસંભવ. અનેક રૂપસુન્દરીઓનો ભોક્તા હું— રાજા આમ–જે નથી જાણતો એનું હૃદયંગમ વર્ણન આ સાધુ કરી રહ્યા છે. નહિ, નહિ. કામભોગના અનુભવ વિના આટલી હદ સુધીનું છેલ્લામાં છેલ્લી બાબતનું વર્ણન સંભવી શકતું જ નથી ! જરૂર શ્વેત વસ્ત્રમાં કોઈ કાળો ભોરિંગ નાગ લપેટાયો છે ! મારા ઉપકારી ગુરુ આ સાધુને પારખવામાં બેશક નિષ્ફળ ગયા છે ! ધિક્કાર હો આ સાધુને ! એના વેષને ! એની વિદ્વત્તાને !"

રાજા આમ અધવચમાં જ ઊભો થઈ ગયો. એણે ઘોડો મારી મૂકયો. નગરમાં જઈને રાજભવનમાં ન જતાં સીધો ઉપાશ્રયે ગયો. સૂરિજીને સઘળી વાત કરી.

સૂરિજી પામી ગયા કે રાજા દોડતી ગાડીએ ચડવા ગયો એનો જ આ પ્રત્યાઘાત આવ્યો છે. પેલા વક્તા મુનિ વિરાગની ઇમારતને મજબૂત કરવા માટે કામવર્ણનનો પાયો વધુ ઊંડો લઈ જતા હતા. જેટલો પાયો ઊંડો એટલી ઇમારત ઊંચી અને મજબૂત....પણ રાજા તો પાયાના જ દર્શનમાં રહી ગયો. અધૂરી વાત મૂકીને દોડી આવ્યો. સડો કાઢવા પેટ તો ચિરાઈ ગયું પણ ટાંકા મારવાના રહી ગયા. પછી તો હોનારત જ થઈ જાય ને ? ભારે થઈ ગઈ....

એક પળમાં નજર સામેથી સઘળું પસાર થઇ ગયું.

શાસનમાલિન્યનાં બિહામણાં ભૂતનો પડછાયો એમની નજરે તરવરવા લાગ્યો. હવે શું થાય ? એક પળ વિચાર કરીને તેઓ સ્વસ્થ થઈ ગયા.

સૂરિજીએ કહ્યું, "રાજન્ ! તારી ભૂલ થાય છે."

"ના, ના, ગુરુવર્ય ! એ શ્રવણ સ્વપ્ન હતું કે સત્ય તેનો નિર્ણય કરવા મેં ત્યાં જ મારી જાતને ચૂંટીઓ ભરી હતી. મને પાકી ખાતરી થઈ છે કે કામનું આવું વર્ણન કરનાર માણસ વ્યભિચારી જ હોવો જોઈએ. હાય ! આવા જન સાધુઓ ! ઉજળાં વસ્ત્રમાં કાળાં કામ !"

પણ ભ્રમણા થયાની ખૂબ આગ્રહ સાથે જણાવાયેલી વાતનો રાજા આમ ઇન્કાર ન કરી શકયો. કેટલાક દિવસ બાદ ફરી એક વાર મોંઢેરા જઈ આવવાનો સૂરિજીને તેણે કોલ આપ્યો.

આ બાજુ સૂરિજીએ તે આચાર્યોને સઘળી બીનાથી વાકેફ કર્યા. 'અતિ'નો પરિત્યાગ આવશ્યક જણાવ્યો. બની ગયેલા શાસનમાલિન્યનું નિવારણ કરવાની સત્વર આવશ્યકતા જણાવી. રાજા આમનો ફરી ત્યાં આવવાનો દિવસ જણાવ્યો."

આ બધું જાણીને બે ય આચાર્યોને થોડી વાર આશ્ચર્ય થયું. ખેર ! જે બન્યું તે બન્યું. ભલે ઘા લાગી ગયો....જેનાથી ઘા લાગ્યો છે તે જ મલમપટ્ટા કરશે.

અને....એ દિવસ આવી ગયો. રાજા આમ ફરી ગુપ્તવેશે મોંઢેરા પહોંચી ગયો.

આજે ભરત બાહુબલિના જીવન પ્રસંગનું વર્ણન ચાલતું હતું. વાત આગળ વધતી ચાલી. રાજા ભરતે દૂત બાહુબલિ પાસે મોકલેલ સંદેશો જણાવ્યો. દૂત અને બાહુબલિ વચ્ચે થયેલી ટપાટપી જણાવી. યુદ્ધની નોબતો બજી ગઈ. રણશિંગા ફુંકાઈ ગયા ! ભાટ ચારણો યુદ્ધ-વીરોને સાબદા બનવા માટે જે રીતે પાણી ચડાવતાં એનું વ્યાખાતા મુનિએ વર્ણન ચાલુ કર્યું. એ વીરરસનું પોષણ એવું તો આબેહૂબ થવા લાગ્યું કે આખી સભા ભૂલી ગઈ કે પોતે સભામાં બેઠેલા શ્રોતાઓ છે. આ ઉપાશ્રય છે. જ્યાં એ વીરરસ પરાકાષ્ટાએ પહોંચ્યો અને ગગનભેદી અવાજો સાથે ખૂનખાર યુદ્ધનો આરંભ થયો. ત્યાં આખી સભા ઊભી થઈ ગઈ. "મારો મારો....કાપો કાપો...."ના અવાજોથી ઉપાશ્રય ગાજી ઊઠ્યો ! રાજા આમે પણ મ્યાનમાંથી તરવાર ખેંચી કાઢી.

વિરાગભૂમિ યુદ્ધભૂમિમાં પલટાઈ ગઈ.

ધર્મરસિક શ્રોતા યુદ્ધરસિક યોદ્ધો બની ગયો. મુખ ઉપરનો શાન્તરસ નાસી ગયો. વીરરસ ત્યાં ફરી વળ્યો.

જાણે બાજી હાથ બહાર થઈ ગઈ ! રાજા આમ પાછળ ઊભો રહી ન શકયો ! તલવાર વીંઝતો સહુની મોખરે આવી ઊભો ! એને જોતાંની સાથે જ આચાર્યભગવંતે કહ્યું, "સબૂર ! રાજા આમ ! સબૂર.

"આ યુદ્ધભૂમિ નથી, આ તો છે ધર્મભૂમિ ! જંગ ખેલવો હોય તો કર્મશત્રુ સાથે ખેલો ! ત્યાં આ તલવાર બુટ્ટી છે ! મ્યાન કરી દો એને.

"ત્યાં આ વીરરસ નીરસ છે. દૂર કરો એને.

"ત્યાં આ યુદ્ધકળા બુઠ્ઠી છે. વિરાગકળા જ ત્યાં વિજય પમાડી શકે."

રાજા આમ સ્તબ્ધ થઈ ગયો. પોતે કયાં છે અને કોણ છે એ હકીકતથી સભાન થઈ ગયો. શ્રોતાઓ પણ વીરરસને પોષવાની અદ્‌ભુત કળાથી દંગ થઈ ગયા.

રાજા આમે હાથ જોડીને પૂછયું, "પ્રભો ! યુદ્ધકળાનો આપે અનુભવ કર્યો નથી, છતાં આટલું અદ્‌ભુત નિરૂપણ ? કે મારા જેવો સભાન માણસ પણ એ વીરરસના પોષણમાં તણાઈ જાય અને મ્યાનમાંથી તલવાર ખેંચી કાઢે !"

સસ્મિત વદને આચાર્યભગવંતે કહ્યું, "રાજન ! તદ્દન ખરી વાત ! યુદ્ધકળાના અનુભવ વિના ય આવું નિરૂપણ મેં કર્યું તેમાં ગુરુકૃપાનો પ્રભાવ છે ! શાસ્ત્રમાં દરેક રસનું આબેહૂબ વર્ણન આવે છે. માટેસ્તો તે દિવસે મેં કામરસનું વર્ણન કર્યું હતું ને ? પણ હું થોડો જ કામ-શાસ્ત્રોના અનુભવજ્ઞાન પામ્યો છું ?"

આચાર્ય ભગવંતનુ છેલ્લું વાકય સાંભળીને રાજા ચોંકી ગયો ! એક પ્રખર પ્રવચન–પ્રભાવક આચાર્ય ભગવંતના જીવન માટે કરી નાંખેલી અઘટિત વિચારણા માટે તેનું અંતર પ્રશ્ચાત્તાપના મહાનલથી બળવા લાગ્યું.

રાજા આમે આચાર્યભગવંતના ચરણોમાં માથું મૂકી દીધું. પેટ ખોલીને સઘળી વાત કહી. એની આંખમાંથી દડદડ આંસુ વહી જવા લાગ્યા.

આચાર્ય ભગવંત તો ક્ષમાશ્રમણ હતા. એમની સાધુતા ક્ષમાના પ્રાણથી ધબકતી હતી. અવૈરના એ આરાધક હતા. એમણે ઉદારદિલે ક્ષમા આપી.

શાસનમાલિન્યનાં અમંગળ પાપનું વાદળ વિખરાઈ ગયું. જિનશાસનનો સૂર્ય એનાં તેજકિરણોથી ધરતીતલ ઉપર સર્વત્ર છાઈ ગયો.

શાસનમાલિન્યનું પાપ એટલું ભયાનક છે, એટલું દાહક છે, એટલું બધું ઘાતકી છે કે એના નિવારણ માટે જે કોઈ પગલું લઈ શકાય તેવું હોય તે પગલું લઈ જ લેવું જોઈએ. હા, આ પાપનિવારણ માટે કરવી પડતી હિંસા એ હિંસા જ નથી, બોલવું પડતું જૂઠ એ જૂઠ નથી, કરવી પડતી ચોરી એ ચોરી નથી...શાસનમાલિન્યની કટોકટી ટાળવા માટે યુદ્ધ પણ થઈ શકે, નાસભાગ પણ થઈ શકે, ઓઘો પણ સળગાવી શકાય ! અને આત્મહત્યા પણ કરી શકાય !

હેં ! ઓઘો પણ બાળી શકાય ? હા, સુવિહિત ગીતાર્થ મુનિવરને એમ કરવાથી જ શાસનમાલિન્યની આપત્તિનું નિવારણ દેખાતું હોય તો તેમ પણ જરૂર કરી શકાય.

(૬) વેશ બાળતાં ચકોર મુનિ [સંભવિત કિંવદન્તી] રાજા બિંબિસાર શૈવધર્મી હતો ત્યારની આ વાત છે. એક વાર મહાશ્રાવિકા રાણી ચેલ્લણા સાથે તેને મોટો વિવાદ થઈ ગયો. બન્નેએ કહ્યું, "અમારા ધર્મગુરુ બ્રહ્મચારી, બીજા બધા ગોટાળાવાળા."

રાણી ચેલ્લણાની આ જોરદાર રજૂઆતથી મગધપતિ બિંબિસાર અકળાઈ ગયો. આનગીમાં એણે મહાદેવ-મંદિરના પૂજારીને જણાવી દીધું કે કોઈ જૈન-મુનિ મંદિરમાં રાતવાસો કરવા આવે ત્યારે તુરત ખબર આપવી.

મંદિર ગામના સીમાડે હતું.

એક દિવસ એક જૈન મુનિ એ મંદિરમાં સંધ્યા સમયે આવી ચડ્યા.

કોઈ મહાગીતાર્થ એ મુનિ હતા. અન્યથા તેઓ એકાકી અવસ્થામાં સંભવે નહિ. કેટલાક આગાઢ કારણે ગીતાર્થ મુનિને એકાકી પણ વિહરવાની શાસ્ત્રાજ્ઞા છે.

પૂજારી દોડ્યો, મગધના નાથ પાસે.

જૈન સાધુના આગમનના સમાચાર આપીને રવાના થયો.

રાજા બિંબિસારે તરત જ પોતાના અંગત માણસ દ્વારા રાત્રિનો સમય થતાં જ એ મંદિરમાં એક વેશ્યાને મોકલી આપી. એને સઘળું ય કરી છૂટવાની સત્તા આપી દીધી હતી.

વેશ્યા મંદિરમાં પેઠી. પૂજારીએ બહારથી બારણું બંધ કરી દીધું.

મુનિવર સઘળી સ્થિતિ પામી ગયા.

કામરાજે શરસંધાન કર્યું ! ધનુષટંકાર થયો. ભાથામાંથી એક પછી એક બાણ ફેંકાવા લાગ્યા.

અનંગે અંગના દ્વારા બધું જ કરી લીધું. પણ એ અનંગ પરાજય પામ્યો. મુનિ તો કચારના ય યોગનિદ્રામાં પોઢી ગયા હતા.

સમાધિસ્થ મુનિને દેહનું ય ભાન રહ્યું ન હતું.

ચાર વાગ્યાનો સમય થયો. વેશ્યા સાવ જ થાકી ગઈ, હતાશ થઈ ગઈ !

મુનિવર સમાધિભાવથી મુક્ત થયા. એમણે આંખો ખોલી. વેશ્યાએ ભાવભરી વંદના કરીને કહ્યું, "આજે જ : જિંદગીમાં પ્રથમ વાર જ : હું એક પુરુષથી પરાજય પામી છું. મારું તો એ ગુમાન હતું કે અમારી નજાકત કાયાના સૌન્દર્યના ભડકામાં ગમે તેવો પુરુષ હોમાઈને ખાખ જ થાય. પુરુષ એટલે ગમે તેમ તો ય પતંગિયું ! સ્ત્રીનાં લાવણ્યનો ભપકો એટલે દૈદીપ્યમાન ભડકો !

"પણ....મુનિરાજ તમે મારા ગુમાનની પ્રતિમાના આજે ટુકડે ટુકડા કરી નાંખ્યા છે. મેં આજે જ કામવિજેતા નરવીરનું દર્શન કર્યું ! એ દર્શને મારું જીવન ધન્ય બન્યું ! કહો, મને શી આજ્ઞા છે ?"

આખી રાત્રિના રાગ-વિરાગની સાક્ષી પૂરતો ત્યાં હતો એક માત્ર ટમટમતો દીપ ! હજી ય તે અડીખમ ઊભો રહીને પ્રકાશ પાથરી જ રહ્યો હતો. મુનિવરે કહ્યું, "વારાંગના ! હું ઇચ્છું છું તું વીરાંગના બન. ભગવાન વીરની શ્રાવિકા બન. તારા જનમ-જનમના પાપોનું પ્રક્ષાલન કર. અભિજાત જીવનને પામ, મોક્ષનું ધામ પ્રાપ્ત કર.

"હવે મને એક વાત કર કે તેં આ બધું ય તોફાન શાથી કર્યું? શું એ સ્વપ્રેરિત હતું? તારા આત્માના જ અવાજે આ નાટકનું સર્જન થયું હતું?"

ધર્મસન્મુખ બનેલી વેશ્યાએ કહ્યું, "નહિ, મુનિરાજ! મહારાજા શ્રેણિકનો મને આદેશ હતો કે મારે તમારું પતન કરવું. પણ પતન તો મારા પાપજીવનનું જ થઈ ગયું! પતિતોના પતન ભાવનું પતન કરીને આપ તો પતિતપાવન બન્યા!"

મુનિરાજની નજરમાં સઘળી પરિસ્થિતિનું ચિત્ર આવી ગયું.

હવે શું કરવું? કટ્ટર શૈવધર્મી રાજા બિંબિસાર સવારના પ્રહરમાં મંદિરના દ્વાર ઉઘડાવીને જગતની સમક્ષ મારી આ સાધુ વેષની અને શ્રમણસંઘની ફજેતી કરશે? વેશ્યાની સાથે હું મંદિરમાંથી બહાર નીકળીશ અને રાજા શ્રેણિકના આમંત્રિત નગરજનો અમને જોશે? મારા સત્યવ્રતની સાક્ષી બનેલો આ દીવો કાંઈ મારો પક્ષકાર બનવાનો છે? તો કરવું શું? સ્થૂલદૃષ્ટિ-લોક કેટલો અધર્મ પામશે? જગતને ધર્મ કે અધર્મ પામવાનું માધ્યમ તો એક આત્માનો બાહ્ય વ્યવહાર જ છે ને? વ્યવહાર સુંદર હોય તો એને જોઈને લોકો ધર્મ પામે; વ્યવહાર બોદો હોય તો એ લોકોને અધર્મ પમાડે.

મનની શુદ્ધિ અશુદ્ધિ તો સ્વના હિતાહિતમાં મુખ્ય ભાગ ભજવે. પરના હિતાહિતમાં તો એ ગૌણ વસ્તુ છે. વ્યવહાર જ મુખ્ય છે.

બેશક. મારો નિશ્ચય એકદમ નિર્મળ છે. પણ વેશ્યાની સાથે જૈનમુનિ મંદિરમાંથી બહાર નીકળે એ વ્યવહાર એટલો જ મલિન છે ને? ચામડાની સેંકડો આંખો તો એને જ જોવાની અને જિનધર્મની બેફામ નિન્દા કરવાની.... અહા! આ તે કેવી આફત! મારા મલિન વ્યવહારના નિમિત્તે કેવું ભયાનક શાસનમાલિન્ય!"

થોડી વાર તો મુનિરાજ શૂન્યમનસ્ક થઈ ગયા. શું કરવું એની સૂઝ ન પડી. પરંતુ એ તો મહાગીતાર્થ ગુરુકૃપાસંપન્ન મુનિ હતા. એમની એ વિલક્ષણ સ્થિતિ લાંબો વખત ન ટકી.

થોડી જ પળોમાં એમણે એક વિચાર કરી લીધો. એમનું અંતર આનંદિત થઈ ગયું.

વેશ્યા પણ પેલા દીપની સાથે સાક્ષી બનીને મુનિના મુખ ઉપર ઝડપથી પલટાતા જતા ભાવો જોઈ રહી હતી.

મુનિરાજ એ દીપકની પાસે ગયા. એક વસ્ત્રનો કચ્છો બનાવીને પહેરી લીધો. બાકીનાં બધાં વસ્ત્રોને પેલા દીપકના સ્પર્શે જણાવી દીધાં ! વેશ્યાએ એક તીણી ચીસ નાંખી દીધી ! બધાંય વસ્ત્રોની રાખ થઈ ગઈ. પછી જૈનમુનિનું લિંગ–ધર્મધ્વજ–રજોહરણ પણ સળગાવ્યું. બધી રાખ ભેગી કરી લઈને ભભૂતિરૂપે આખા દેહ ઉપર મુનિરાજે લગાડી દીધી.

મહાદેવના મંદિરના એક ખૂણિયે કોઈ ચીપિયો ધૂળ ખાતો પડ્યો હતો. મુનિવરે એને ઉપાડી લીધો.

જનમુનિ આબેહૂબ બાવો બની ગયો.

સવારના છ વાગ્યા. મંદિરની બહાર કોલાહલ વધી રહ્યો હતો. લોકોની ઠઠ જામી રહી હતી. મહારાજા શ્રેણિક ચેલ્લણાને લઈને હાથી ઉપર આવી રહ્યા હતા. તેઓ ચેલ્લાણાને કહેતા હતા, "પ્રિયે ! તારા ધર્મગુરુના ધતિંગ આજે ઉઘાડા પાડી દઉં છું. થોડી જ વારમાં એ બ્રહ્મચારીને તું વેશ્યા સાથે મંદિરમાંથી નીકળતો જોઈશ. મેં એ દુષ્ટને ઝડપી લીધો છે. એના કુકર્મને જાહેર કરવા મંદિરના દ્વાર બંધ કરાવી દીધા છે."

હાથી સેચનક મંદીરની નજદીક આવી ગયો. હજારો લોકોને આ ગોઠવાયેલા છાટકાની ખબર પડી હતી. વિધર્મીઓને મન મહોત્સવ બની ગયો હતો. રાણી ચેલ્લણા મંત્રાધિરાજ નમસ્કારનું સ્મરણ કરી રહી હતી.

સત્તાવાહી અવાજથી રાજા બિંબિસાર બોલ્યા, " પૂજારી ! મંદિરના બાર ઉઘાડી નાંખો.

સર્વત્ર નિઃસ્તબ્ધ શાન્તિ પથરાઈ ગઈ. તાળામાં ફરતી ચાવીનો અવાજ સહુના કાને અથડાયો.

અને....બાર ખૂલ્યાં.

તરત જ અંદરથી એક ભભૂતિધારી હાથમાં ચીપિયો લઈને બહાર નીકળ્યો. એની પાછળ જ વેશ્યા નીકળી. મોટેથી કાંઈક બોલતો એ આવો આગળ વધ્યો.

રે! આ શું? જૈનમુનિને બદલે કોઈ બીજો રાજા બિંબિસાર તો થીજી જ ગયો! કાપો તો ય લોહી ન નીકળે. મહારાણી ચેલ્લણાનું તો હસવું માતું ન હતું! તેઓ ધીમા અવાજે બોલ્યા, "લો મહારાજ! હાથના કર્યા હૈયે વાગ્યા!"

વિધર્મી લોકોની મોજ મરી ગઈ! એ જોગી ઉપર સહુએ ફીટકાર વરસાવ્યો!

અન્ય ધર્મની ભરપેટ નિંદા થઈ! જિનધર્મની ઘોરનિંદા કરવા માટે ગોઠવાયેલ છાટકાનો સંપૂર્ણપણે ફિયાસ્કો થયો.

જોયું ને? શાસનમાલિન્યના ઘોર પાપને મારી હઠાવવા માટે મહાગીતાર્થ મુનિ કેટલી હદ સુધી જઈ શકે છે? મહાવ્રતોની પ્રતિજ્ઞાઓથી પણ વિરુદ્ધ જતું આચરણ કરવામાં ય ત્યાં પ્રતિજ્ઞાભંગનું અંશતઃ પણ પાપ લાગતું નથી. એવું પ્રતિજ્ઞાનું જીવન શા કામનું? જો ભરપૂર નિંદાના ખંજરથી શાસનનું જ ખૂન થઈ જતું હોય! શાસન છે તો જ સઘળું છે. વ્રત છે, તપ છે, જીવન છે! શાસન નથી તો જે છે તેનો પણ કોઈ અર્થ નથી. માટે જ પ્રથમ શાસનરક્ષા. પ્રથમ શાસનમાલિન્યનું નિવારણ. પછી બીજી વાત. સ્વહિતની, પરહિતની કે સર્વહિતની!

અહીં એક પ્રશ્ન થશે કે મહાગીતાર્થ મુનિવરે સ્વહિતને ધક્કો પહોંચાડીને પર-અહિતનિવૃત્તિ રૂપ પરહિત કેમ કર્યું? પરહિત પ્રધાન કે સ્વહિત પ્રધાન? જિનશાસન તો પરહિતના ભોગે પણ સ્વહિતને સુરક્ષિત રાખવાનું ફરમાન કરે છે ને?

સ્થૂલદૃષ્ટિએ આ પ્રસંગ વિચારતાં આવા પ્રશ્નો થાય તે સ્વાભાવિક છે. પરંતુ સૂક્ષ્મદૃષ્ટિએ વિચાર કરવાની જરૂર છે. સ્વ કે પરનું હિત જિનશાસનના માલિન્યના ભયાનક વાવંટોળની વચ્ચે ઊભું રહી શકતું જ નથી જૈનમુનિ જો પોતાના જ વેષમાં વેશ્યા સાથે બહાર નીકળ્યા હોત તો લોકો જિનધર્મની જે ઘોર નિંદા કરીને કારમું પાપ બાંધત તેમાં તે મુનિ જ નિમિત્ત બનીને સ્વનું પણ અહિત જ કરત. હા, એ જો અવધિ આદિ જ્ઞાનવાળા મુનિ હોત અને એમ જાણતા હોત કે અંતે તો શાસનપ્રભાવના જ થવાની છે તો તેઓ કદાચ જૈનમુનિના જ વેષમાં વેશ્યા સાથે પણ બહાર નીકળત. પરંતુ જ્યારે પરંપરયા પણ શાસનપ્રભાવના નજરમાં આવતી ન હોય ત્યારે તો ભયાનક શાસનમાલિન્યનું પાપ ઊભું કરવામાં પોતે નિમિત્ત ન બની જવાય એ માટે કાળજી કરવી જ રહી.

આમ સામાન્ય શિરસ્તો તો એ જ છે કે કોઈ પણ રીતે શાસનમાલિન્ય થવા દેવું નહિ. કેમકે એમ થતાં પરાત્માઓને ધર્મની ભરપેટ નિંદા કરાવીને દુર્ગતિમાં મોકલી આપવામાં પોતાનું જ નિમિત્તભાવથી અહિત થઈ જાય છે. હા, ક્વચિત કોઈ મહાત્મા શાસનમાલિન્યની પણ પરવા ન કરે અને પોતાના જ જબરદસ્ત આત્મબળથી એ જાગેલા શાસનમાલિન્યનું ધોવણ કરી નાંખીને અપૂર્વ શાસન પ્રભાવના કરી જાય એ પણ ક્યારેક સંભવિત છે. આ વિષયમાં ઝાંઝરીઆ મુનિનું સુંદર દૃષ્ટાન્ત છે.

(૭) સત્ય શિરોમણિ ઝાંઝરીઆ મુનિ નામ તો આ મુનિરાજનું બીજું જ હતું. એક વાર ભિક્ષાના સમયે નગરમાં પરિભ્રમણ કરતા હતા. કોઈ પતિવિરહિણી યુવતીએ એમની તેજસ્વી મુખમુદ્રા જોઈ. એના અંતરમાં કામ ભભૂકી ઊઠ્યો. દાસી દ્વારા મુનિને બોલાવ્યા. મોદકનો થાળ સામે રાખીને કામચેષ્ટા કરતી તે સ્ત્રીએ મુનિને કહ્યું, "દેવાંગના સમી મારી આ દેહલતા જુઓ. તમારા ચરણે ધરું છું. પતિ પરગામ છે. કશી ચિંતા કર્યા વિના અંદર ચાલ્યા આવો. કામવિહ્વળ આ

અબળાને દેહના આલિંગનનો આનંદ આપો ! આ વાત આપણા બે સિવાય કોઈ જ નહિ જાણે એની ખાતરી આપું છું. રોજ આવજો. રોજ મોજ કરીશું."

મુનિ માટે તો આ પળો આ પાર કે પેલે પારના નિર્ણયની હતી. અબળા અનુકૂળ હતી, પોતે યુવાન હતા, સ્થાન એકાંત હતું....

આ ત્રણમાંની એક પણ સ્થિતિમાં ભલભલા બ્રહ્મચારીના ભુક્કા ઊડી જાય તો ત્રણેય પરિસ્થિતિની સદ્ધરતામાં આ મુનિનું શું ન થઈ જાય ? પણ મુનિએ તો યોગની સુધા ગટગટાવી હતી. આ ક્ષુદ્ર-ભોગની સુરા તો એમને ખૂબ ગંધાતી લાગી હતી.

ભોગનો પ્રેમી યોગનો રસાસ્વાદ ન પામે ત્યાં સુધી જ ભોગનો ગુલામ બને... યોગની અપૂર્વ મસ્તીના નશાને માણતાં ભોગના ગંદા યોગમાં એ શે પલોટાઈ જાય ? મુનિવરે અબળાની એ માગણીને બેઠી મશ્કરી સાથે ફગાવી દીધી. "એ, યુવતી ! માણસ થઈને કામ વાસનાના કીચડમાં પડીને ભેંસ બનવાનું કાં પસંદ કરે છે ? જવા દે એ વાત !"

પણ ભભૂકી ઊઠેલો સ્ત્રીનો વિકાર જલદી શમી શકતો નથી. એ અબળાએ તો પોતાનું જ ગાણું ગાવાનું ચાલુ રાખ્યું ! અને જ્યારે મુનિરાજે એને મચક જ ન આપી ત્યારે એ અબળા નાગણની જેમ છંછેડાઈ પડી ! ભરબજારે ફજેતી કરવાની છેલ્લી નોટિસ આપી દીધી ! પણ તો ય મુનિ ન જ પીગળ્યા.

સ્ત્રીએ સ્ત્રીચરિત્ર ભજવી નાંખ્યું. શરીરે ઊઝરડા પાડ્યા, બુમરાણ મચાવી મૂક્યું, "દોડો ! બચાવો ! કોઈ દુષ્ટ સાધુ મારું શીલ ભ્રષ્ટ કરી રહ્યો છે !...." આમ કહીને ત્યાંથી ચાલ્યા જતા મુનિના પગમાં પોતાના પગનું ઝાંઝર ચડાવી દીધું.

ઝાંઝરના રણકાર સાથે મુનિ બહાર નીકળ્યા. લોકો ભેગા થઈ ગયા. મુનિ ઉપર, જિન ધર્મ નિંદાના વરસાદનાં જોરદાર ઝાપટાંની પ્રડવા લાગ્યાં.

મુનિને રાજદરબારમાં હાજર કરવામાં આવ્યા. સાંયોગિક પુરાવાઓ મુનિને દોષિત સાબિત કરતા હતા.

રાજાને આ મુનિના આવા નિર્લજ્જ વર્તાવમાં કેમે ય વિશ્વાસ બેસતો ન હતો. તેણે મુનિને ફેરવી ફેરવીને સત્ય જણાવી દેવાનું કહ્યું. પણ મુનિ પોતે પોતાના વકીલ થવા માંગતા જ હતા. એમને કાંઈ જ કરવું ન હતું, કશું કહેવું ન હતું. એમનું અંતર અવાજ દેતું હતું, "ધર્મો રક્ષતિ રક્ષિતઃ—એ ધર્મમાતાનું મેં રક્ષણ કર્યું છે મારું રક્ષણ એ માતા જ કરશે."

અને ખરેખર એમ જ થયું. સમ્યગ્દૃષ્ટિ દેવ એમની વહારે ધાયો. રાજાને લોહી વમતો કરીને સિંહાસનેથી પટકયો....હાહાકાર મચી ગયો.... સત્યનો વિજય થયો. અસત્ય વિખરાઈ ગયું.

આ પ્રસંગમાં આપણે સ્પષ્ટ જોઈ શકીએ છીએ કે મુનિએ પગનું ઝાંઝર ખેંચી કાઢીને ફેંકી દીધું હોત તો જે શાસનમાલિન્ય થયું તે ન થાત. છતાં મુનિએ તેમ ન કર્યું. શાસનમાલિન્ય થવા દીધું. અને અંતે ધર્મના સૂક્ષ્મતમ બળના પ્રભાવે એવી અપૂર્વ શાસનપ્રભાવના થઈ કે જેણે પેલા શાસનમાલિન્યના મેલને તો કયાંય ધોઈને સાફ કરી નાંખ્યો.

પણ આટલી હદ સુધીનું જોખમ કોઈ મહાસત્ત્વશાળી મુનિ જ લઈ શકે. સામાન્ય રીતે તો શાસનમાલિન્યના પાપનો પડછાયો પણ દેખા દે ત્યારથી જ ધોકો લઈને તેની ઉપર તૂટી પડવું જોઈએ. આ પાપશત્રુને તો ઊગતો જ ડામી દેવો સારો.

આ વિષયને વધુ સ્પષ્ટ કરવા પરમાર્હત રાજા કુમારપાળનો એક જીવનપ્રસંગ લઈએ.

૮. **શાસનપ્રભાવક** કલિકાલસર્વજ્ઞ ભગવાન હેમચન્દ્રસૂરિજીનો યુવાન રાજર્ષિ કુમારપાળ યોગ પ્રાપ્ત કરીને રાજા કુમારપાળે જિનધર્મનો

સ્વીકાર કર્યો હતો. પરંપરાથી ચાલી આવેલી કુળદેવીની પૂજાનો ત્યાગ કરી દીધો હતો.

કુમારપાળે કુળદેવીને પશુ-ભોગ આપવાનું બંધ કર્યું એથી કુળદેવી કોપાયમાન થઈ. એક વખત તેણે કુમારપાળને કહ્યું કે, "તેણે કુલ પરંપરાથી ચાલી આવતો પશુ ભોગ આપવો જ પડશે. કુમારપાળે સ્પષ્ટ શબ્દોમાં જણાવી દીધું કે, " કુળદેવી ! તમે જગજ્જનની ખરા કે નહિ ? જો તમે જગતના જીવોની મા હો તો તમે તમારાં જ બાલુડાંઓનું બલિદાન ઇચ્છો છો ? આ તો કદી સંભવે નહિ. કુલદેવી ! ધર્મ તો નિર્દોષ જીવોની રક્ષામાં જ છે. સર્વ જીવ પ્રત્યેનો કરુણાભાવ એ જ ધર્મનું સ્વરૂપ છે. મારાથી જીવદયાના ધર્મની અવહેલના નહિ જ થઈ શકે. તમે કહો તો તે ખાતર અઢાર દેશનું સ્વામિત્વ પણ ત્યાગી દેવા હું આ જ પળે તૈયાર છું પરંતુ એ હિંસાનું પાપ તો તમે મારી પાસે કોઈ પણ રીતે કરાવી શકો તેમ નથી. મારા આ દૃઢ નિશ્ચયને કોઈ દેવાત્મા પણ ચલાયમાન કરી શકે તેમ નથી એ વાતની તમે હમણાં જ નોંધ કરી લેજો."

કુમારપાળની કોળાફાડ સાફ વાત સાંભળતાં જ કુળદેવી ક્રોધથી કંપવા લાગી. એણે પોતાનું ત્રિશૂળ ઉગામ્યું અને કુમારપાળની છાતીમાં ઝીંક્યું ! એ જ પળે રાજા કુમારપાળના દેહમાં બળતરા ઉત્પન્ન થઈ અને વધતી ચાલી. એની સાથે સાથે આખા શરીરમાં કોઢ ફેલાતો ગયો.

પણ શરીરમાં ઊપડેલા અસહ્ય દાહની આ પરમાર્હતને કશી ચિંતા ન હતી; આખો ય દેહ વિકૃત બન્યાનો પણ એને કોઈ અફસોસ ન હતો.

પણ એનું મન કહેતું હતું કે, "નીરોગિતા ભલે જતી રહી.... રૂપ પણ ભલે ચાલ્યું ગયું. કશો ય વાંધો નહિ; પણ આ દુનિયાના લોકોને ત્યારે એ વાતની ખબર પડશે કે મિથ્યાદૃષ્ટિ કુળદેવી કંટકેશ્વરીનાં ત્રિશૂળનો આ પ્રભાવ છે.... ત્યારે લોકોના અંતરમાં મિથ્યાધર્મની બલવત્તાની કલ્પના જાગશે. 'કલિકાલસર્વજ્ઞ ભગવંત જેવા મારા ગુરુ ઉપસ્થિત હોવા

છતાં કાંઈ ન કરી શકયા ! એવી કલ્પના કરીને સદ્ધર્મની નિર્બળતા કલ્પી નાંખશે. અરરર.... ! વીતરાગ ભગવંતોનો મહાબલવાન ધર્મ નિર્બળ તરીકે પંકાશે ? અને મિથ્યાદૃષ્ટિનો નિર્માલ્ય ધર્મ પ્રભાવક ગણાશે ?.... અહો ! આ રીતે તો કેવું ભયંકર શાસન-માલિન્ય ચોમેર વ્યાપી જશે ? નહિ, નહિ. એ પાપ તો કદી પ્રસરવા નહિ દઉં. લોકોને આ વાતની જાણ થાય એ પહેલાં જ વહેલી સવારે ચિતા ખડકીને બળી મરીશ."

રાજા કુમારપાળે શાસનમાલિન્યનું પાપ નિવારવા માટે અગ્નિ-પ્રવેશનો નિર્ણય કરી લીધો. તરત મંત્રીશ્વરને બોલાવીને પોતાનો અફર નિર્ણય પ્રગટ કર્યો. ધર્માત્મા મંત્રી ત્યાંથી નીકળીને સીધા આ. ભગવાન હેમચન્દ્રસૂરિજીની પાસે ગયા. સઘળી બીનાથી વાકેફ કર્યા. ભગવંતે કહ્યું, "રાજાને ચિંતા કરવાની કશી જરૂર નથી." પછી તેમણે જળને મંત્રિત કરીને આપ્યું અને કહ્યું, "આ જળના સિંચન-માત્રથી રાજાને આરોગ્ય અને રૂપ–બે ય પ્રાપ્ત થઈ જશે.

મંત્રપૂત જળ લઈને મંત્રીશ્વર રાજા કુમારપાળની પાસે પહોંચી ગયા. એ જળનો છંટકાવ કરતાં દાહ શાન્ત થઈ ગયો અને રૂપ પુનઃ પ્રાપ્ત થઈ ગયું.

આ પ્રસંગ પણ રાજા કુમારપાળની અને આ. ભગવાન હેમચન્દ્ર-સૂરિજીની શાસનમાલિન્યની આપત્તિને કોઈ પણ ભોગે નિવારવાની અસાધારણ આકાંક્ષા પ્રગટ કરી જાય છે.

રાજર્ષિ કુમારપાળે પોતાની રાજ્યસંપત્તિ દ્વારા જબરદસ્ત શાસનપ્રભાવનાઓ પણ કરી હતી.

તેમણે ૯૬ કોડ સોનૈયાનો વ્યય કરીને 'ત્રિભુવનપાળ વિહાર' નામનું ભવ્યાતિભવ્ય જિનમંદિર બનાવ્યું હતું. રોજ બાર વાગે તેઓ ચતુરંગિણી સેના સાથે ભારે ઠાઠથી વાજિંત્રોના ગગનભેદી નાદ સાથે હાથી ઉપર આરૂઢ થઈને રાજભવનમાંથી નીકળતા અને ત્રિભુવનપાળ વિહારમાં દેવાધિદેવની ભક્તિ કરવા જતા. રાજભવનમાંથી જિનમંદિરે

પહોંચવા સુધીના રસ્તામાં એક હજાર કરોડપતિ શ્રાવકો પણ જોડાતા. એકેકા શ્રાવકની સાથે ચાર પાંચ તો માણસો રહેતા જેઓ તે શ્રાવકની વિપુલ પૂજન-સામગ્રીના થાળ ઉપાડતા. પરમાર્હત્ રાજા કુમારપાળ હાથી ઉપર બેસીને છૂટે હાથે દીનતા દુઃખિતોને દાન દેતા. સહુ એકી અવાજે બોલી ઊઠતા, "જિનશાસનનો જય હો! આ. ભગવાન હેમચન્દ્ર-સૂરિજી વિજય પામો!" પ્રત્યેક પ્રજાજનના અંતરમાંથી જૈન ધર્મની પ્રશંસાના શબ્દો નીકળી જતા.

રાજા કુમારપાળે પ્રભુભક્તિ માટે વિધિપૂર્વકનાં પુષ્પો મેળવવા એક મોટો બાગ તૈયાર કરાવ્યો હતો. એ બાગના એક જ ઋતુના પુષ્પની આંગી કરવાનું ભાગ્ય પણ એક દિવસ તેને ખૂંચ્યું! શા માટે છ ય ઋતુના પુષ્પની આંગી હું ન કરી શકું? ધૂળ પડો એ રાજ્યલક્ષ્મીમાં, જો એ ષડ્ઋતુના પુષ્પનો બારમાસી બાગ ન ઊભો કરી શકતી હોય તો!" પ્રભુની આરતિ ઉતારતાં વિચારે ચડેલા રાજાએ ત્યાં જ પ્રતિજ્ઞા કરી કે જ્યાં સુધી ષડ્ઋતુનાં પુષ્પો બાગમાં ખીલી ન ઊઠે ત્યાં સુધી ચારે ય પ્રકારના આહારનો ત્યાગ કરીશ."

રાજર્ષિની આ ભીષ્મ પ્રતિજ્ઞાની વહારે સમ્યગ્દૃષ્ટિ દેવોને દોડવું પડ્યું. બીજે જ દિવસે સવારે એ બાગ ષડ્ઋતુનાં પુષ્પોની સુવાસથી મઘમઘી ઊઠ્યો.

એક ઋતુના પુષ્પની આંગીથી મુગ્ધ થઈને જો લોકો આટલી ધર્મપ્રશંસા કરે, ભગવદ્ભક્તિમાં ઓળઘોળ થઈ જાય તો ષડ્ઋતુનાં પુષ્પની આંગીમાં કેટલી ધર્મપ્રશંસા, કેટલી ભક્તિભાવની રમઝટ? આ હતી; રાજર્ષિ કુમારપાળની ત્રિરાશિ!

એ મહાન શાસનપ્રભાવકની તો શી વાત કરવી? અપૂર્વ શાસન-પ્રભાવનાઓના એમનાં કાર્યો આપણે જાણવા હોય તો કુમારપાળ-પ્રતિબોધ, કુમારપાળ પ્રબંધ, કુમારપાળ-મહાકાવ્ય વગેરે ગ્રન્થો જોવા જાણવા જોઈએ; તો જ એ મહાન શાસન-પ્રભાવકની કાંઈક પણ પિછાણ પામી શકીએ.

(૯) શાસન પ્રભાવક શેઠ સુદર્શન જિનશાસનના ચતુર્વિધ સંઘનું કોઈ પણ અંગ શાસન-પ્રભાવક બની શકે છે. જિન ધર્મને પામેલા શ્રમણ-શ્રમણીઓ જ શાસન પ્રભાવના કરી શકે, શાસનમાલિન્યને નિવારી શકે એવું નથી. ગૃહસ્થવર્ગ પણ તે કાર્ય કરીને સ્વજન્મને કૃતકૃત્ય બનાવી શકે છે. રાજાઓ જ નહિ, અમાત્યો, શ્રેષ્ઠીઓ, સન્નારીઓ, બાલિકાઓ અને બાળકો પણ આ માંગલ્યની સ્પર્શના કરી શકે છે.

જે કોઈ પણ આત્મા જિનાજ્ઞાને વફાદાર રહે તે શાસનપ્રભાવક. જિનશાસનની નિંદાને નિવારે તે ય શાસન-પ્રભાવક-પછી તે બાળ હોય કે વૃદ્ધ હોય; સ્ત્રી હોય કે પુરુષ હોય; ગુજરાતી હોય કે મારવાડી હોય.

અહીં આપણે એવા જ એક શેઠ સુદર્શનના જીવન ઉપર દૃષ્ટિપાત કરીશું જેમાં એ પતિ-પત્નીની બેલડીએ ભેગા મળીને શાસનમાલિન્યને મારી હઠાવી. અભૂતપૂર્વ શાસન-પ્રભાવના કરીને માનવજન્મને કૃતકૃત્ય બનાવી દીધો હતો.

પૂર્વજન્મમાં મંત્રાધિરાજ શ્રીનવકારનું એણે અનન્ય શરણ સ્વીકાર્યું હતું. એ મંત્રાધિરાજના સ્મરણે જ એને શેઠ સુદર્શન બતાવ્યો હતો. જેવું આનું નામ હતું તેવો જ એનો દેહ હતો. યૌવનની બહાર એના અંગેઅંગમાં ખીલી ઊઠી હતી.

જેટલો એ દેહથી સુંદર હતો એટલો જ એ મનથી પવિત્ર હતો. એ સૌન્દર્ય એના પાવિત્ર્યને આંચકો આપી શકયું ન હતું. બેમાં કોણ વધુ સુંદર ? સૌન્દર્ય કે પાવિત્ર્ય ? એ પ્રશ્ન હતો ! બે ય નું સુભગ મિલન એના દેહને તેજના સૌમ્ય પુંજમાં ફેરવી ચૂકયું હતું.

નગરની નારીઓમાં ભાગ્યે જ કોઈ હશે જેણે સુદર્શનની કામના નહિ કરી હોય. પણ એ કામના ફળી હતી; માત્ર મનોરમાને. મનોરમાને જ એ મનોરમ સુદર્શનની પ્રિયતમા થવાનું સૌભાગ્ય પ્રાપ્ત

થયું હતું. મનોરમા પણ ખરેખરી સુદર્શનની અર્ધાંગના હતી. જેવો હતો સુદર્શન સુંદર અને પવિત્ર; એવી ને એવી જ હતી; મનોરમા.

બેયનો સંસાર ધર્મરસે રસાતો, કસાતો ચાલ્યો જાય છે. જતો હતો.

સુદર્શનને કપિલ નામનો પુરોહિત મિત્ર હતો. વિશ્વની કોઈ પણ તાકાત આ બેની જિગરજાન દોસ્તીમાં તિરાડ પણ પાડી શકે તેમ ન હતી.

જ્યાં કુરસદ મળી કે કપિલ સુદર્શનના ઘેર આવ્યો જ સમજો. સુદર્શનના એકેકા ગુણ ઉપર આફરીન પુકારી ગએલો કપિલ પોતાની પત્ની કપિલા પાસે સુદર્શનના ગુણ ગાતા કદી થાકતો નહિ. કપિલા ગમે તેમ તોય નારી હતી. મનોરમાની જેમ એ કાંઈ જિનવાણીનું શ્રવણ પામી ન હતી કે જેથી પોતાના તન-મનને એ સદા માટે સ્વસ્થ અને સ્વચ્છ રાખી શકે. સુદર્શનના રૂપના અને ગુણના વૈભવના શ્રવણે એના અંતરમાં કામ પ્રગટ થયો. 'એક વાર આવા દેહને આલિંગું નહિ તો મારો સ્ત્રી તરીકેનો જન્મારો શા કામનો?' તેણીએ વિચાર્યું.

વાત આગળ વધતી ચાલી. શાસ્ત્રકાર ભગવંતોએ સાચું જ કહ્યું છે કે નારીને પુરુષની જેમ જલદી વિકાર જાગે નહિ... અને મોડેથી પણ વિકાર જાગી જાય તો પુરુષની જેમ એ જલદી શમે પણ નહિ.

પાપવાસનાથી પ્રજ્વળી ઊઠેલી કપિલાના અંગેઅંગમાં દાહ ઉત્પન્ન થયો. "શું કરવું? શી રીતે તૃપ્ત થવું?"

અને એક દિવસ આવી ગયો. પતિ કપિલને કોઈ કારણસર બહારગામ જવાનું થયું. કપિલા જે તકની માળા ગણતી હતી તે તક આવી લાગી. તરત જ એ સુદર્શનને ત્યાં ગઈ. તેણે કહ્યું, "જલદી ઘેર ચાલો. તમારા મિત્ર એકાએક માંદગીમાં પટકાઈ પડ્યા છે. તમને હમણાં જ બોલાવે છે!"

વાતની રજૂઆત એટલી વ્યવસ્થિત રીતે થઈ હતી કે સુદર્શન જેવો ભદ્ર પરિણામી આત્મા તેની ભીતરમાં ઊભરાયેલી બદબૂને પામી

જ ન શકે. સુદર્શન સફાળો ઊભો થઈ ગયો. કપિલાની સાથે મિત્રને ઘેર ગયો. હવેલીમાં પ્રવેશ કર્યો !

મિત્રને ન જોતાં સુદર્શને પૂછ્યું "કપિલા ક્યાં છે ?"

"આવો....ઠેઠ અંદરના ખંડમાં છે." કપિલાએ કહ્યું. શંકા-કુશંકા સાથે ઢસડાતો સુદર્શન છેલ્લા ખંડમાં પ્રવેશ્યો કે તરત જ કપિલાએ અંદરથી બારણું બંધ કરી દીધું.

સુદર્શનની સામે જોઈને તે ખડખડાટ હસી પડી. 'પંખી પિંજરામાં આબાદ ઝડપાઈ ગયું છે' એમ કહીને વસ્ત્રો વેરવિખેર કરવા લાગી. પાગલની જેમ એલફેલ બોલવા લાગી. એક જ પળમાં સુદર્શન સઘળું પામી ગયો. 'અહા ! કેટલી ગંભીર ભૂલ થઈ ગઈ ? એક સ્ત્રી ઉપર વિશ્વાસ મૂકી દઈને હું એકાકી અહીં ચાલી આવ્યો ! પ્રતિજ્ઞા કરું છું કે હવે પછી પરાયા ઘરમાં કદાપિ એકાકી નહિ જાઉં. પણ આ અત્યારે જે આફત ઊતરી પડી છે તેનું શું કરવું ? પરસ્ત્રી સાથે દેહસંબંધનું ભયાનક પાપ મારાથી કદી પણ બની શકે તેમ નથી. પણ હવે છૂટવું શી રીતે ?'

સુદર્શનના મગજમાં વિચારોનાં ઘમ્મર વલોણાં ચાલવા લાગ્યાં. કપિલાએ કામચરિત્રનું પારાયણ શરૂ કર્યું, પણ સાંભળે છે જ કોણ ? એની સામે જુએ છે પણ કોણ ?

સુદર્શન મરજીવો બન્યો હતો. વિચારનું એવું કોઈ અમોઘ રત્ન એને જોઈતું હતું જે આબાદ સોગટી બની જાય. આ આફતમાંથી ઉગારી લે. એણે ખૂબ ઊંડી ડૂબકી મારી અને.....

ચમકારા મારતું એક વિચાર-રત્ન હાથ લાગી ગયું. તે અંતરથી હસી ઊઠ્યો. એના મુખ ઉપર પ્રસન્નતાની લાલી દોડી આવી.

ખડખડાટ હસી પડતાં તેણે કપિલાને કહ્યું, "રે ! મુગ્ધે ! તું મને પામીને તારું ઇષ્ટ સુખ પામી શકે તેમ નથી. તેં ભારે થાપ ખાધી છે ! હું તને વિષયભોગનું સુખ આપવાની સ્થિતિમાં જ નથી. કેમકે હું નપુંસક છું."

જાણે ભયંકર કડાકો કરતી એક વીજ કપિલાના માથે તૂટી પડી! એનું શરીર પાણી–પાણી થવા લાગ્યું. પગ નીચેથી ધરતી સરકી જતી લાગી ! એની આંખે અંધારા આવી ગયા ! ખૂબ જ ગણિતપૂર્વક બિછાવેલી જાળના એની આંખ સામે કકડે કકડા થઈ જતા લાગ્યા.

પણ હવે શું થાય ? બીજો કોઈ વિકલ્પ જ ન હતો એણે બારણું ખોલી નાંખ્યું. સુદર્શન એક જ પળમાં નાસી છૂટ્યો.

પિંજરું ખૂલતાં જ ફસાઈ ગયેલો ઉંદર ભાગી છૂટે તેમ જ તો !

ખરેખર સુદર્શન પરસ્ત્રી માટે નપુંસક જ હતો. એણે કશું ય ખોટું કહ્યું જ ન હતું. રે ! આત્મરક્ષા ખાતર બોલવું ય પડે તો તે શાસ્ત્રવિહિત ધર્મ જ છે ને ?

એક ભયાનક ઘાતમાંથી ઊગરી ગયાનો આનંદ સુદર્શનના ઉરમાં સમાતો ન હતો. હર્ષના આંસુથી એનું હૈયું ભરાઈ ગયું હતું. પરમેષ્ઠી ભગવંતોને એ પુનઃ પુનઃ વંદના કરીને કહી રહ્યો હતો, "હે ભગવંતો !" આપની જ કૃપાના બળે હું મરતો બચી ગયો. જીવન જીવી ગયો !"

કેટલોક સમય ગયા બાદ કપિલાને એ વાતની જાણ થઈ ગઈ કે સુદર્શન તેની જોડે દગો રમી ગયો છે. એનાથી મનોરમાને તો છ છ સંતાનો છે ! છ સંતાનનો બાપ નપુંસક હોઈ શકે ? કપિલાના અંતરમાં ક્રોધની આગ ભભૂકી ઊઠી. ગમે ત્યારે એનું વૈર લેવાનો એણે દૃઢ નિશ્ચય કરી લીધો.

નારી જો સરખી રહે તો નારાયણી બને પણ એ જો વિફરે તો કાળી નાગણથી જરા ય ન ઊતરે.

ઇન્દ્ર-મહોત્સવનો પ્રસંગ આવ્યો. આખા નગરના લોકો પરિવાર સાથે ઉદ્યાનોમાં મોજ કરવા માટે જઈ રહ્યા હતા. રાજરાણી અભયા પણ કપિલાની સાથે અશ્વયાનમાં જઈ રહી હતી. રસ્તામાં કપિલાએ સુદર્શનની પત્ની મનોરમાને એના છ પુત્રોની સાથે કયાંક જતી જોઈ.

પેલી વૈરની જ્વાળા ફરી અંતરમાં ભભૂકી ઊઠી. તરત જ તેણે રાણી અભયાને કહ્યું, "મહારાણી બા ! પેલી નજીકત નારીને આપ ઓળખો કે ? એ છે પાકા ખેલાડી શેઠ સુદર્શનની પત્ની મનોરમા !"

'પાકા ખેલાડી' શબ્દ ઉપર કપિલાએ કરેલા ભારને પકડી પાડીને અભયા રાણીએ પૂછ્યું, "એમ શાથી કહે છે? બહુ હોશિયાર વેપારી છે ?"

"હા, નારીને ય વટલાવી ખાય તેવો હોશિયાર વેપારી છે. મેં તો એના જેવો કાબો જિંદગીમાં જોયો નથી. "કપિલાએ જાળ બિછાવતાં કહ્યું."

"લે....તારે વળી એની સાથે શો પ્રસંગ પડ્યો ? બધી વાત માંડીને કર !" અભયાએ કહ્યું.

પછી તો વિફરેલી નાગણસમી કપિલાએ સઘળી વાત મીઠું-મરચું ભભરાવીને કહી.

એ સાંભળતાં જ અભયા ખડખડાટ હસી પડી. "હદ્ ! સ્ત્રીજાતનું તે અપમાન કર્યું છે; એક પુરુષથી પરાજય પામી જઈને. પુરુષોની દુનિયાએ આપણને અબળા કહીને પોતાનું અબળાપણું છુપાવવાનો યત્ન કર્યો છે. બાકી પુરુષ કેટલો દુબળો છે તે તેની સ્ત્રીઓ કયાં નથી જાણતી ? પણ જવા દે એ વાત. બોલ ! હવે તારે એનો બદલો વાળવો છે? જો તારી ઇચ્છા હોય તો એ કામ મને સોંપી દે."

અભયાને વધુ મજબૂત કરવા માટે કપિલા બોલી, " રાણી બા ! રહેવા દો વાતો કરવી સહેલી છે. સુદર્શનને તો દેવસુંદરી ઉર્વશી પણ પલાળી ન શકે ! તમે તો આ મર્ત્યલોકની માનુની જ છો કે એથી કંઈ વધારે ? "

અભયાના સત્ત્વને છંછેડવા માટે કપિલાનો આટલો જ પ્રયત્ન બસ હતો. અભયા બરાડી ઊઠીને બોલી, " તો સાંભળી લે કપિલા; આ જ પળે પ્રતિજ્ઞા કરું છું કે સુદર્શનને જો મારા બાહુપાશમાં હું સમાવી ન લઉં તો અગ્નિ જ મારું શરણ બનશે." રે ! હું નારી

અને એ નર ! આટલો ભેદ જ મારે પૂરતો છે. કામરાગથી પ્રજ્વળી ઊઠીને પથ્થરને અડું તો એને ય પીગાળી નાંખું. સુદર્શન તો મારી પાસે શી વિસાતમાં ?"

ઇન્દ્રમહોત્સવમાંથી નિવૃત્ત થઈને અભયા અન્તઃપુરમાં આવી. તેણે ધાવમાતાને સઘળી વાત કરીને કહ્યું કે એ પ્રતિજ્ઞા પાર ઉતારવા માટેની પૂર્વ ભૂમિકા તેણે તૈયાર કરવી. ધાવમાતા સુશીલા સ્ત્રી હતી. આવા પાપ પ્રયત્નથી પાછી હટાવવા અભયાને ખૂબ સમજાવી પણ તે નિષ્ફળ ગઈ અન્તે અભયાની વાત કબૂલ કરી અને પૂર્વભૂમિકાની વિધિનો આરંભ કરી દીધો.

રોજ અન્તઃપુરમાંથી પાલખી બહાર નીકળતી અને વસ્ત્ર–વીંટેલી મૂર્તિ લઈને એ પાલખી પાછી ફરતી. શરૂ શરૂમાં પહેરગીરોએ તપાસ કરી પણ પછી તો રાણીબાનું કોઈ ધર્મકાર્ય સમજીને એ તપાસ પડતી મૂકી.

અને એક દિવસ આવી લાગ્યો. ચાતુર્માસી ચતુર્દશીનો એ દિવસ હતો. અને એ જ દિવસે રાજા તરફથી ઇન્દ્ર-મહોત્સવ ગોઠવવામાં આવ્યો હતો. આખા નગરમાં ઢંઢેરો પીટીને જાહેરાત કરવામાં આવી હતી કે, "નગરનાં તમામ સ્ત્રી-પુરુષોએ નગર બહારના ઉદ્યાનમાં જવું." પણ શેઠ સુદર્શનને તો એ દિવસે પૌષધવ્રત હતું એટલે એમણે રાજાની ખાસ આજ્ઞા મેળવી લઈને ઘરમાં જ પૌષધવ્રત લીધું હતું. પૌષધવ્રતની વિધિ આટોપી લઈને સુદર્શન કાયોત્સર્ગમુદ્રામાં નિશ્ચલ ઊભા હતા.

રાણી અભયાના જાસૂસોએ આ વાતની ખબર આપી. શારીરિક અસ્વસ્થતાનું બહાનું કાઢીને રાણી પણ રાજા સાથે એ મહોત્સવક્રીડા કરવા ઉદ્યાનમાં ન જતાં અન્તઃપુરમાં જ રોકાઈ.

રાબેતા મુજબ પાલખી ગઈ. સુદર્શનને ધ્યાનમાં જ ઉપાડીને પાલખીમાં નાંખ્યા. અન્તઃપુરમાં ખડા કરી દીધા. અભયાને જોતાંની સાથે જ સુદર્શને સઘળી પરિસ્થિતિનો તાગ મેળવી લીધો.

અભયાએ કામચેષ્ટાઓ શરૂ કરી. ઘણું કાલાવાલા કર્યા; પણ સુદર્શન ચલાયમાન ન થયા. રાણીના મનમાં પેલી પોતાના અગ્નિપ્રવેશની પ્રતિજ્ઞા રમતી હતી. જરા કડક બનીને સુદર્શનને કહ્યું, "શેઠ ! તું મારી શક્તિથી અજ્ઞાત છે શું ? તને ખબર નથી કે હું સત્તાના કયા સ્થાને બેઠી છું ? રાજા પણ મારા હાથમાં રમતું રમકડું છે હોં !"

સુદર્શન ! આજે તારે મને વશ થવું જ પડશે. યાદ રાખ ! રાજરાણી તારી દાસી થવા આવી છે. તારા દેહના સુખની ભિક્ષા માંગે છે!"

હું તારી મનોરમા બનવા માંગું છું. તને કબૂલ છે કે નહિ તે વાત કર. મારી સખી કપિલાને તું ભલે બનાવી ગયો. મને તું બનાવી શકે તેમ નથી." અભયએ સત્તાવાહી અવાજે કહી દીધું.

જાણે કે મનોમન સુદર્શન બોલી રહ્યા હતા, "મેં કપિલાને બનાવી નથી. પાપમાંથી ઉગારી છે. તમને પણ મારે એ કાળાં પાપથી ઉગારી જ લેવા છે !"

"સુદર્શન !" અભયા બોલી, "હવે નથી જ માનવું તારે ? તો આગ બનીને સળગાવી દઈશ હોં !"

જાણે વળી સ્વગત સુદર્શન બોલતા હતા, "રાજમાતા ! તો ભલે તેમ જ થાઓ. કુશીલથી કુરૂપ બનવા પહેલાં જ આપણે બળી મરીએ. વિલાસના ખંડો ભલે એમાં ભસ્મ થાય. સૌન્દર્ય–ભવનો તો શીલભવન બનવા સર્જાયાં છે. પણ દુર્ભાગ્યે એ શીલભવન ન બની શકે તો અવશ્ય એમને આગ ચાંપી દેવી જોઈએ." છેવટે લાચારી ભર્યા સ્વરે તેણે પૂછ્યું, "તો શું તું મને નહિ જ સ્વીકારે ?"

અભયાને જ એનો સ્વયંભૂ જવાબ અંદરથી મળતો હતો કે, "રે ! કેમ નહિ ? ભગિની કે જનની તરીકે સ્વીકારવા બેધડક તૈયાર છું. તમે જે ઇચ્છો એ પદ હું આપીશ. હા, અન્ય પદ આ જીવનમાં તો કોઈને મળે તેમ નથી; સિવાય મનોરમા. એ અધિકાર જીવનમાં એક જ વાર એક જ વ્યક્તિને અપાય છે.'

હવે અભયા પૂરેપૂરી ધૂંધવાઈ ગઈ હતી. હવે બીજો કોઈ રસ્તો ન હતો ઇષ્ટસિદ્ધિ પામવાનો.

એણે સ્ત્રીચરિત્રનો પાઠ ભજવી નાંખ્યો. મોં ઉપર નખથી ઉઝરડા કાઢીને ચીસો પાડવા લાગી," રે ! કોઈ બચાવો ! આ નરાધમ મારી ઉપર બળાત્કાર કરી રહ્યો છે !"

પહેરેગીરો દોડી આવ્યા. સુદર્શનના હાથપગે બેડીઓ પડી. એને રાજાની સામે ખડો કરી દેવામાં આવ્યો. આખા નગરમાં વાયુવેગે વાત ફેલાઈ ગઈ. એકી અવાજે સહુ બોલવા લાગ્યા, "નહિ નહિ....સુદર્શનમાં આવું સંભવે જ નહિ !" જેણે વાત સાંભળી તે દોડ્યો; ન્યાયમંદિરમાં ! હજારો લોકોની ઠઠ જામી ગઈ ! બંદીના રૂપમાં સુદર્શનને રાજાની સામે ખડો કરવામાં આવ્યો હતો. રાજા એક પછી એક પ્રશ્ન પૂછતો હતો. પણ સુદર્શને સંપૂર્ણ મૌનવ્રત લીધું હતું.

રાજાએ કહ્યું, "શેઠ સુદર્શન ! તમારા માટે અમે આ વાતને સાચી માની શકતા નથી. સત્ય શું છે, તે તમારે કહેવું જ જોઈશે. છતાં જો મૌન રહેશો તો ભારે લાચારી સાથે મારે ન્યાય તોળવો પડશે. આ મૌન તમને અપરાધી ઠરાવી રહ્યું છે એ વાત તમે સમજી શકો છો ?"

હવે સુદર્શન શું બોલે છે તે જાણવા સહુ ચોકન્ના થઈ ગયા હતા. હજારો આંખો એની ઉપર જડાઈ હતી. પણ સુદર્શનને બોલવું જ ન હતું. બોલે ય શી રીતે ? જો સાચું કહે તો બિચારી અભયાનો તેને તે પળે જ ઘડોલાડવો થઈ જાય તેમ હતું. સુદર્શનનો જીવદયાનો, પરિણામ અભયાનું ક્રૂર મૃત્યુ થવા દેવા સાવ જ લાચાર હતો. અને બીજી એ પણ વાત હતી કે સુદર્શન પોતાના વિશુદ્ધ બ્રહ્મચર્યના ધર્મ–બળ ઉપર મુસ્તાક હતો. એ ધર્મમાતા જ એની રક્ષા કરશે એવી એને પાકી ખાતરી હતી.

એટલે જ સુદર્શન મૌન જ ઊભો રહ્યો.

આ બાજુ મનોરમાને સઘળી વાતની ખબર પડી. પતિના શીલમાં એને તો સંપૂર્ણ વિશ્વાસ જ હતો. નારીની કામવાસના જાગે તો એ

શું ન કરે એ વાતથી પણ એ નારી અજ્ઞાત ન હતી. એને રાણી અભયાના દુશ્ચરિત્રની ગંધ આવી ગઈ. પણ હવે કરવું શું ? પતિ ઉપરનું એ કલંક ટાળવું શી રીતે ? "ધર્મી માણસો કેવા પાપી હોય છે ?" એવું નગરજનો બોલ્યા વિના રહેવાના છે ? હાય ! કેવું ભયંકર શાસનમાલિન્ય થશે ?

મનોરમાએ શાસનદેવીનું સ્મરણ કર્યું. અંતરથી પ્રણિધાન કર્યું કે, "જ્યાં સુધી પતિ કલંકમુક્ત ન થાય ત્યાં સુધી કાયોત્સર્ગમાં જ રહીશ."

આ બાજુ સુદર્શનના મૌનના કારણે લાચાર બનેલા રાજાએ એને અપરાધી જાહેર કર્યો. ક્રોધાયમાન બનેલા રાજાએ જાહેર કર્યું કે "સુદર્શનને ગધેડે ચડાવીને, શરીરે મેંશ લગાડી, માથે સૂપડું મૂકીને આખા ગામમાં ફેરવવામાં આવશે અને પછી જાહેર ચૌગાનમાં વધને માંચડે ચડાવવામાં આવશે."

આ સજા સાંભળતાં જ હજારો લોકોમાં ભારે કોલાહલ વ્યાપી ગયો.

"સુદર્શન નિર્દોષ છે ! અભયા જ દુષ્ટ છે !". "ફેરતપાસ કરો". "ન્યાય ફરી તોળો." વગેરે અવાજો સાથે લોકો વીખરાવા લાગ્યા. રાજાને પણ ભય પેઠો કે રખે આ સજાથી પ્રજાજનો વિફરી બેસે....એટલે તેણે આખા નગરમાં ઢંઢેરો પિટાવ્યો કે રાજાએ ન્યાયની પૂરી ચકાસણી કરી છે. સુદર્શનને સાચી વાત છતી કરવા પૂરી તક આપી છતાં તે મૌન રહેવાથી રાજાને આ સજા ફટકારવી પડી છે માટે રાજા તદ્દન નિર્દોષ છે."

એક બાજુ ઘોર શાસનમાલિન્યનું પાપ હતું છતાં સુદર્શન સાચી વાત કહી દઈને એ પાપને મારી હઠાવવા કાયર બન્યો હતો કેમકે એના મનમાં અભયા પ્રત્યેની દયાનો તીવ્ર પરિણામનો ઝરો ધોધમાર વહ્યો જતો હતો. વળી એને ખાતરી પણ હતી કે મારો

વિશુદ્ધ ધર્મ મારી રક્ષા કરશે જ અને શાસનમાલિન્યને નિવારીને અપૂર્વ શાસનપ્રભાવના કરશે.

બન્યું પણ એવું જ. મનોરમાના જોરદાર પ્રણિધાને શાસનદેવીને પ્રત્યક્ષ થવું પડ્યું. તેણી શૂળી ઉપર ચડતાં સુદર્શનની વહારે ધાઈ. શૂળીનું સિંહાસન થઈ ગયું. સિંહાસન ઉપર બેઠેલા સુદર્શન ઉપર પુષ્પવર્ષા થઈ. નગરજનોએ શેઠ સુદર્શનની ગગનભેદી જય બોલાવી. રાણી અભયાને આ વાતની ખબર પડતાં જ તે ભયભીત થઈ ગઈ. તરત જ ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી.

રાજાએ સુદર્શનને નમસ્કાર કર્યા. સાચી બીના જણાવવાનો અતિ આગ્રહ કરતાં સુદર્શને સઘળું સત્ય પ્રગટ કર્યું.

રાજાને વિષયસુખો ઉપર નિર્વેદ જાગ્યો.

સુદર્શનને જગત ઉપર વિરાગ જાગ્યો. એણે અપૂર્વ મહોત્સવ સાથે દીક્ષા લીધી.

નગરમાં ખૂણેખૂણે જૈન ધર્મની અભૂતપૂર્વ પ્રશંસા થઈ.

સુદર્શનના જીવદયા અને સદાચારનાં ધર્મબળે અને મનોરમાના મનોબળે શાસનમાલિન્યનું દોડી આવતું કાળું વાદળ વિખેરી નાંખ્યું. ધર્મપ્રશંસાનો ધોધમાર વરસાદ વરસાવી દઈને વિપુલ કુશળપુણ્યનું ઉપાર્જન કર્યું.

૧૦. મંત્રીશ્વર પેથડ દેદાશાહનો સુપુત્ર પેથડ હતો. પેથડનો પુત્ર ઝાંઝણ હતો.

દેદાશાહે ૫૪ ગુણી કેસર રેતીચૂનામાં નાંખીને જિનમંદિરનું નિર્માણ કરાવીને અદ્‌ભુત શાસનપ્રભાવના કરી હતી.

તેમના સુપુત્ર પેથડ માંડવગઢના રાજાના મહામંત્રી હતા. ઘોર મિથ્યાત્વીઓની નગરી દેવગિરિમાં જિનમંદિર ઊભું કરવાનો એમણે વિચાર કર્યો હતો. એ માટે ત્યાંના જૈનધર્મ દ્વેષીરાજા અને મંત્રી હેમડને વશ કરવો આવશ્યક હતો. હેમડમંત્રીના નામની ભોજનશાળા

બોલાવીને રોજનો એક હજાર સોનૈયાનો ખર્ચ રાખીને ચારે બાજુ મંત્રી હેમડની પ્રશંસા ફેલાવી દીધી હતી. અંતે તપાસ કરતાં હેમડને સઘળી વાતની બાતમી મળી. એણે પ્રસન્ન થઈને પેથડને મનગમતી જગા દેવગિરિમાં અપાવી. અઢળક દાન કરીને ધર્મદ્વેષી બ્રાહ્મણોના મુખમાં ધર્મપ્રશંસા બોસી ઘાલી. એમના મિથ્યાત્વના ધરબમ પાયા હલબલાવી નાંખ્યા.

અઢળક સંપત્તિનો છૂટે હાથે વ્યય કરીને પેથડે દેવગિરિના નાગરિકોને જૈન ધર્મની સન્મુખ બનાવ્યા છતાં, "પોતે કાંઈ જ કર્યું નથી, સંપત્તિનો વ્યય આ માર્ગે થાય એ જ સહજ છે" એવી વાત કરીને લોકોને દંગ કરી મૂકયા.

જેવા હતા પેથડ....તેવા જ હતા તેમનાં ધર્મપત્ની. જિનમંદિરે જતાં રસ્તામાં રોજ સવાશેર સોનાનું દાન દીનદુઃખીતોને કરતા. લોકો એનાં દર્શનની ચિંતા કરતા. ધન મેળવીને જિનધર્મની ભારોભાર પ્રશંસા કરતા.

મંત્રીશ્વર પેથડને રાજ્ય તરફથી પગાર પેટે દર વર્ષે ૧૪૭ મણ સુવર્ણ મળતું. પોતાની પાસે પણ સુવર્ણસિદ્ધિ હતી. પરંતુ એ સઘળી લક્ષ્મીનો સદ્વ્યય કરવામાં જ એ જીવનનું સાફલ્ય માનતા. એમની નજરમાં અગણિત જીવો પ્રત્યેનો દયાભાવ હતો. માનવજીવન પામીને ધર્મથી વિહોણા રહી જતાં એ દયાપાત્ર જીવોને જોઈને એમની આંખો અશ્રુથી ઉભરાઈ જતી. એક જ ઉપાય હતો–એ જીવોને માનવ મટાડીને વીતરાગના સેવક બનાવી દેવા માટેના લક્ષ્મી–છૂટા ઉપયોગ દ્વારા એ લોકોના મુખમાં ધર્મપ્રશંસા ઘુસાડી દેવાનો.

બેશક, એ માટે પેથડ વગેરેને એ લક્ષ્મીની મૂર્છા ઉતારવી જ રહી. એના દ્વારા પ્રાપ્ત થતાં વૈષયિક આનંદોને તિલાંજલિ પણ આપવી જ રહી. પોતાના વારસોને લક્ષ્મીનો વારસો આપી જવાની પણ માંડવાળ કરવી જ રહી.

પરંતુ વીતરાગસર્વજ્ઞના શાસનનો મર્મ પામેલ એ મહાશ્રાવકો માટે આ વાત જરા ય વજનવાળી હોતી નથી. અપૂર્વ શાસનપ્રભાવનાના ધરખમ લાભો જેની નજરમાં રમે છે તેમના મનમાં એ લક્ષ્મીનું ધૂળ બરોબર બની રહે છે. જો આમ ન હોય તો હેમડના નામે ૩-૩ વર્ષ સુધી ઓંકારપુરમાં જે દાનશાળા ચલાવી તેના સ્વાદિષ્ટ ભોજનનો ૧૧-૧૧ ક્રોડ સોનૈયાનો વ્યય શી રીતે થઈ શકત ?

આજના શ્રીમંતો શાસનપ્રભાવનાના અસાધારણ અંગ સમા દાનધર્મને સમજશે ખરા ? અગણિત આત્માઓ ધર્મપ્રશંસા કરીને સદ્ધર્મની પ્રાપ્તિ કરે એ અપૂર્વસિદ્ધિ પાસે લક્ષ્મીનો સદ્વ્યય તદ્દન સામાન્ય બાબત છે એ વાત એમને કોણ સમજાવશે ? બીજી બાજુ જો એ લક્ષ્મીને માત્ર પોતાના ભોગમાં જ તેઓ ખર્ચી નાંખશે તો જાતનું કેટલું ભયાનક અહિત કરશે ? અને જગતના લોકોને ધર્મનિન્દા કરાવીને કેવા દુર્ગતિના પંથે ચડાવશે ? આ વાત એમની નજરમાં કોણ લાવશે ?

૧૧. મંત્રીશ્વર વસ્તુપાળ જિનધર્મની પ્રશંસા કરતાં લોકો થઈ જાય, વીતરાગ ભગવંતની ભક્તિ લોકોના અંતરમાં રમી જાય એ માટે મંત્રીપદના ઉચ્ચસ્થાન ઉપર આરૂઢ થયેલા વસ્તુપાળ અને સરસેનાધિપતિપદે બિરાજેલા તેજપાળે કેવાં અદ્ભુત જિનાલયોનાં નિર્માણ કર્યા હતાં ? એમણે ૧૩૧૩ નૂતન જિનમંદિરો બનાવ્યા હતા, ૩૨૦૦ જિનાલયોનો જિર્ણોદ્ધાર કરાવ્યો હતો, ૧ લાખ ૨૫ હજાર નૂતન જિનબિંબ ભરાવ્યા હતા, ૧૦૦ જ્ઞાનભંડાર કરાવ્યા હતા, ૭૦૦ દાનશાળાઓ ખોલાવી હતી, ૧૨૫ સંઘયાત્રા કરી હતી. રે ! એટલું જ નહિ પરંતુ જૈનેતરો પણ જૈન ધર્મની પ્રશંસા કરતા થઈ જાય એ માટે એમના સ્થાનેની દૃષ્ટિએ આવશ્યક કાર્યો પણ એમણે કરાવ્યા હતા. જેમાં ૧ લાખ શિવલિંગ, ૩૩૦૦ જૈનેતર મંદિર, ૭૫૦ વેદશાળા, ૭૦૦ મઠ, ૯૮૪ ધર્મશાળા, ૮૪ તળાવ, ૪૬૪ વાવ, ૧૦૦ પથ્થરની પરબો, ૩૦૦ ઉકાળેલા પાણીની પરબોનું નિર્માણ કર્યું હતું.

દેલવાડાનાં મંદિરોના શિલ્પનું અદ્‌ભુત નિર્માણ કરાવીને એ શિલ્પના દર્શન માટે લાખો લોકો આકર્ષાયા નથી શું ? આવું અદ્‌ભુત મંદિર જે ભગવાન માટે કર્યું એ ભગવાનનો મહિમા એ શિલ્પથી પણ ઘણો વધી ગયો નથી ? આજે પણ દેશ–વિદેશના લાખો લોકો તે જિનમંદિરોના શિલ્પ જોવાના બહાને ખેંચાય છે અને વસ્તુપાળ તેજપાળના ઉપાસ્ય ભગવાન જિનની મૂર્તિનાં દર્શન કરે છે. હજારો લોકો એ જિનેશ્વર દેવના ધર્મની પ્રશંસા કરે છે.

જેમણે ૩ અબજ, ૧૩ કોડ, ૭૨ લાખ, ૧૮ હજાર અને ૮૦૦ દ્રવ્યનો પુણ્યકાર્યમાં વ્યય કરીને અપૂર્વ શાસનપ્રભાવના કરી એ વસ્તુપાળ-તેજપાળની બાંધવ-બેલડીને અને એ બધાની પાછળ પ્રેરણા-દાત્રી અનુપમાને કોણ ભૂલી શકે તેમ છે ?

શાસનપ્રભાવના અને શાસનમાલિન્યની રક્ષાના બે સર્વોત્કૃષ્ટ ધર્મોને આપણે જુદા જુદા મહાપુરુષોના જીવનને નજરમાં લાવીને જોયા.

શાસ્ત્રકાર ભગવંતોએ તો એટલે સુધી કહ્યું છે કે વિહિત ધર્માચરણથી પણ જો શાસનમાલિન્ય થતું દેખાય તો તો ધર્માચરણ અમલમાં મૂકવું નહિ. અનેક જીવો શાસનનિંદા કરીને મિથ્યાત્વભાવ પામે કે તેની વૃદ્ધિ કરે તે કરતાં સ્વયં તે ધર્માચરણ ન કરવું સારું. શક્ય હોય તો સહુને સમ્યક્‌ત્વનું દાન કરો પણ તે શક્ય ન હોય તો કોઈને ય મિથ્યાત્વ તો ન જ પમાડો; કોઈ મિથ્યાત્વીનું મિથ્યાત્વ ગાઢ તો ન કરો. (૩)

જાણો છો ને સમ્યક્‌ત્વનું સ્વરૂપ ? પૂર્વે આપણે એનો વિચાર તો કરી જ ગયા છીએ.

સમ્યગ્‌દર્શન ગ્રન્થકાર મહર્ષિ આચાર્ય ભગવંત હરિભદ્રસૂરિજી મહારાજા સમ્યક્‌ત્વનું સ્વરૂપ જણાવતા કહે છે કે અનન્ત સંસારનું ભ્રમણ વધારી મૂકવાની તાકાતવાળા ગાઢ કષાયો (અનન્તાનુબંધી)

જ્યાં સુધી મંદ ન પડી જાય ત્યાં સુધી આત્માનો સમ્યગ્દર્શન ગુણ પ્રગટ થઈ શકતો નથી.

કષાય એટલે સંસાર. (કષ)ને વધારી મૂકે (આયલાભ) તે કષાય. ક્રોધ, માન, માયા, લોભ એ બધા ય કષાય કહેવાય. ટૂંકમાં, રાગ-દ્વેષને કષાય કહેવાય. એ બે યને જન્મ દેતા એના બાપ મોહ (અજ્ઞાન)ને પણ કષાય કહેવાય.

કષાયની કારમી તીવ્રતામાં જીવ અનન્તસંસારનું પરિભ્રમણ વધારી મૂકે તેવા ક્રૂર કર્મનો બંધ કરે છે. જેમ જેમ એ તીવ્રતા મંદ થતી જાય તેમ તેમ જીવ કોઈને કોઈ ગુણ પ્રાપ્ત કરે છે.

તીવ્રતમ કષાયને અનન્તાનુબન્ધી કષાય કહેવાય છે. પછીના મંદ થતાં કષાયોને ક્રમશઃ અપ્રત્યાખ્યાનાવરણ, પ્રત્યાખ્યાનાવરણ અને સંજ્વલન કષાય કહેવાય છે. તીવ્રતમ-અનન્તાનુબંધી કષાયના જોર વખતે જીવ નથી તો માર્ગાનુસારિતાના ગુણોને પામતો નથી તો સમ્યક્ત્વ, દેશવિરતિ કે સર્વવિરતિ ભાવને પામતો; નથી તો વીતરાગ અવસ્થા પામતો. જ્યારે એ અનન્તાનુબંધી કષાયમાં ઘણી મંદતા આવે છે ત્યારે તે જીવ ફક્ત માર્ગાનુસારીભાવને પ્રાપ્ત કરે છે, આ વખતે એ ક્રૂરતમ કષાયના ઉદયને કારણે જ ગાઢતમ બનેલું મિથ્યાત્વ મંદ પડ્યું હોય છે.

અને જ્યારે એ અનન્તાનુબંધી કષાયનો તીવ્રતમ ઉદય વિનાશ પામી જાય છે ત્યારે જીવ મિથ્યાત્વભાવથી નિવૃત્ત થઈને સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે. પણ હજી અપ્રત્યાખ્યાનાવરણાદિ કષાયોની તીવ્રતા ઊભી જ છે એટલે એ આત્મા દેશવિરતિ આદિ ગુણોને પ્રાપ્ત કરી શકતો નથી. છતાં એ જીવની આત્મસ્થિતિમાં વિશુદ્ધિ તો જબરદસ્ત આવી જાય છે. ભલે હજી પણ તે અવિરતિભાવમાં જ છે છતાં અનન્તાનુબંધી કષાયના ઉદયકાળની અવિરતિ અને સમ્યગ્દર્શન સાથેની અવિરતિમાં તો આભ-જમીન જેટલું અંતર પડી જાય છે.

ગાઢ મિથ્યાત્વની અવિરતિમાં એ જીવને જડ ઉપર તીવ્ર રાગ હતો, જીવ ઉપર તીવ્ર દ્વેષ હતો; એટલું જ નહિ પરંતુ સાથે સાથે એ જડરાગ અને જીવદ્વેષને એ ખૂબ સારા જ માનતો હતો. એને જડ ઉપર રાગ થતો, જીવ ઉપર દ્વેષ થતો અને એ જડરાગ અને જીવદ્વેષ ઉપર પણ પાછો રાગ થતો. એટલે કે એ રાગ-દ્વેષને એ ખૂબ જ સારા માનતો. એથી એને સંસારનાં સુખો ખૂબ ગમતાં અને, "મને સુખો ગમે છે એ ખૂબ જ સારી વાત છે," એમ પણ એ અંતરથી માનતો.

હવે એ જીવને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય છે ત્યારે ય અવિરતિભાવ તો એનામાં છે જ, એટલે એને જડ વગેરે ઉપર ભલે અનન્તાનુબંધીના રાગ-દ્વેષ ન થાય પરન્તુ અપ્રત્યાખ્યાનાવરણાદિના રાગ-દ્વેષ તો થાય જ છે. એટલે હજી પણ એને ઇષ્ટ જડ તથા જીવ ઉપર રાગ અને અનિષ્ટ જડ તથા જીવ ઉપર દ્વેષ તો થયા જ કરે પરંતુ એ રાગ-દ્વેષની તીવ્રતા પહેલાં જેવી તો ન જ હોય. બીજી વાત એ છે કે જે કાંઈ પણ જડ અને જીવ ઉપરના રાગ-દ્વેષ છે તેને જેમ પહેલાં 'સારાં–કરવા જેવા–એમાં ખોટું શું છે?' એવી જે માન્યતા હતી એનો તો સંપૂર્ણ વિનાશ થઈ જાય. હવે એને કોઈ પૂછે કે તમને જડ કે જીવ ઉપર જે રાગ-દ્વેષ થતાં દેખાય છે તેને તમે સારા માનો છો ખરા? તો તે ધડાક કરતો ઉત્તર આપે કે, "ના, જરા ય નહિ. જડ કે જીવના રાગ-દ્વેષ ઉપર હવે મને રાગ તો નથી પણ ભારે દ્વેષ છે. હું એ રાગ–દ્વેષને તો સારા માનતો જ નથી. હા, હજી મને ઇષ્ટ એવા જડ કે જીવ ઉપર રાગ થઈ જાય છે, એ વખતમાં મનમાં મીઠાશ આવી જાય છે; પણ એ રાગને હું કદી સારા માનતો નથી. હજી મને અનિષ્ટ એવા જડ કે જીવ ઉપર દ્વેષ થઈ જાય છે, એ વખતે મનમાં કડવાશ ઊભી થઈ જાય છે પરંતુ એ, 'હું સારું કરી રહ્યો છું' એવું તો હવે કદી માનતો નથી.

જોયું ને? અનન્તાનુબંધીની અવિરતિમાં અને સમ્યગ્દર્શનની અવિરતિમાં અંતર?

અનન્તાનુબંધી કષાયોનું કામ ઇષ્ટ જડ-જીવ ઉપરના રાગ ઉપર

અને અનિષ્ટ જડ-જીવ ઉપરના દ્વેષ ઉપર રાગ કરાવવાનું....એ રાગ-દ્વેષને સારા મનાવવાનું.

જ્યારે એ કષાયોનો નાશ થયા પછી અલ્પ તીવ્રતાવાળા બનેલા રાગ-દ્વેષ ઊભા રહેવા છતાં એ રાગ-દ્વેષ ઉપર રાગ રહેતો જ નથી. પછી તો એ રાગ-દ્વેષ ઉપર પ્રશસ્ત દ્વેષ ઉત્પન્ન થઈ જાય છે.

પણ આ સ્થિતિમાં જીવ દેશવિરતિ ગુણ પામી શકતો નથી. સંસારના એ રાગ-દ્વેષને ખરાબ માનવા છતાં એનાથી એ રાગ-દ્વેષ કરાવનારાં સાધનોનો ત્યાગ કરી શકાતો નથી. ત્યાગ કરવાની એની ઇચ્છા ખૂબ જોરદાર હોય તો પણ રાગ-દ્વેષનાં સાધનોથી આંશિક પણ વિરતિ પામી શકતો નથી કેમકે અપ્રત્યાખ્યાનાવરણ કષાયોના ઉદયો એને તેમ કરતાં અટકાવે છે. આ કષાયોનું કામ જ એ છે કે જીવમાં અલ્પ પણ પ્રત્યાખ્યાન (વિરતિ) ગુણ પ્રગટ થવા ન દેવો.

રાગનો રાગ તે જ મિથ્યાત્વ પરંતુ સંસારના ઇષ્ટ એવા જડ-જીવ પદાર્થો ઉપરનો રાગ અને અનિષ્ટ એવા જડ-જીવ ઉપરનો દ્વેષ જેને સારો નથી લાગતો, એ રાગ-દ્વેષ ઉપર જેને દ્વેષ થઈ જાય છે, એથી જેને પળે પળે એ રાગ-દ્વેષનાં ઉત્પાદક સાધનોને છોડવાની તીવ્ર તમન્ના જાગે છે એ આત્માના પ્રશસ્ત દ્વેષ, એ તીવ્ર તમન્ના વગેરે એવી જબ્બર સાધના બની રહે છે કે તેના પ્રતાપે સમયે સમયે પેલા અપ્રત્યાખ્યાનાવરણ કષાયના બળ તોડતો જાય છે. પછી કાળ પાકતાંની સાથે જ એ બળ સંપૂર્ણ રીતે તૂટી પડે છે અને એ જીવ દેશવિરતિ ગુણનો સ્વામી બની જાય છે. અહીં જો એની એ સાધના વધુ વેગવતી બની જાય અને પ્રત્યાખ્યાનાવરણ કષાયો પણ મંદ હોય તો અપ્રત્યાખ્યાનાવરણ કષાયની ભેગો પ્રત્યાખ્યાનાવરણ કષાયનો ય ઘડોલાડવો બોલાય છે. એમ થતાં જીવ સર્વવિરતિ ગુણને પણ પ્રાપ્ત કરી લે છે.

ગમે તેમ હો, આંશિક પણ વિરતિ ગુણ પ્રગટ થાય એટલે મિથ્યાત્વ અને અવિરતિ નામનાં બે મોટાં પાપો દૂર થઈ જાય છે. અને જો સર્વવિરતિ પ્રાપ્ત થાય તો એ બે મહાપાપોની સાથે પ્રત્યાખ્યાના-

વરણ કષાયનો પણ નાશ થાય છે. પરંતુ કષાય માત્રનો સંપૂર્ણ નાશ થતો નથી કેમકે હજી સંજ્વલન નામના કષાયો ઉદયમાં જ છે. જો કે આ કષાયો બહુ જ મંદ હોય છે. વળી આ કષાયોના રાગ-દ્વેષ પણ દેવગુરુ ધર્મ ઉપરના રાગ અને એના વિરોધી વિષય કષાયોની ભાવનાઓ ઉપરના દ્વેષરૂપ પણ હોય છે અને તેથી તે પ્રશસ્ત પણ રાગ-દ્વેષ બને છે. પણ એની સાથે સાથે કેટલીક વાર ઇષ્ટ એવા જડ-જીવ ઉપર અપ્રશસ્ત રાગ કે અનિષ્ટ જડ-જીવ ઉપર અપ્રશસ્ત દ્વેષ પણ થઈ જાય ખરો.

તત્ત્વત્રયી અને રત્ન- ખેર. જે પ્રશસ્ત રાગ-દ્વેષ છે એ વીતરાગ બનવા **ત્રયીનો મહારાગી** માટે ખૂબ જરૂરી બની રહે છે. જેને તત્ત્વત્રયી અને રત્નત્રયી ઉપર મહારાગ થાય નહિ તેને તો સંસારના અપ્રશસ્ત રાગદ્વેષ ફરી જાગી પડ્યા વિના રહે નહિ.

અપ્રશસ્તને દાબીને સાફ કરવા માટે પ્રશસ્ત રાગ-દ્વેષનો સહારો આવશ્યક છે, એટલું જ નહિ પણ અત્યન્ત અનિવાર્ય છે.

પરંતુ આ પ્રશસ્ત રાગાદિના અસ્તિત્વના કારણે વીતરાગદશા પ્રાપ્ત થતી નથી એ ચોક્કસ. જ્યારે પ્રશસ્ત રાગાદિની તીવ્ર સાધના સંજ્વલન કષાયોને પણ ખતમ કરે છે ત્યારે જીવ મહાત્મા મટીને પરમાત્મા બને છે. - ન્ત રાગી પણ વીતરાગ બને છે.

જીવના આધ્યાત્મિક જીવનના આ વિકાસની ગતિમાં પ્રથમ સોપાન સમ્યગ્દર્શનના ગુણના આવિર્ભાવનું છે.

સમ્યગ્દર્શન એ હૃદયપરિવર્તન કરનાર ગુણ છે. હૃદયનું પરિવર્તન થયા પછી જ આધ્યાત્મિક ભાવના જીવનનો અરુણોદય પ્રગટ થાય છે. આ સમ્યગ્દર્શનના ગુણનો કટ્ટર શત્રુ અનન્તાબંધી કષાયોનો ઉદયભાવ છે. એના અસ્તિત્વમાં ચરમશરીરી પણ સમ્યગ્દર્શન પામી શકતા નથી. અનન્તાનુબંધી કષાયનો ઉદય એટલે ભારેકર્મિતા....ભારેકર્મી ભવ્યાત્મા પણ એ જ ભવમાં મોક્ષમાં જાય તે ય બને પરન્તુ જ્યાં સુધી અનન્તાનુબંધી કષાયનો નાશ ન થાય ત્યાં સુધી તો એ સમ્યગ્દર્શન પણ પામી ન શકે.

ગ્રંથકાર પરમર્ષિ જણાવે છે કે સમ્યગ્દર્શન પ્રાપ્ત થતાં શમ, સંવેગ, નિર્વેદ, અનુકમ્પા અને આસ્તિકય સ્વરૂપ પાંચ કાર્ય–લિંગો પ્રગટ થાય છે.

પંચલિંગી પ્રકરણમાં કહ્યું છે કે લિંગી હોય ત્યાં કાર્યલિંગ હોય જ એવો એકાન્ત નથી, વહ્નિ હોવા છતાં કયાંક ધૂમાડો ન પણ હોય. હા, એ ચોક્કસ કે ધૂમાડો (લિંગ) વહ્નિ વિના તો ન જ હોઈ શકે. આમ જ્યાં સમ્યગ્દર્શન હોય ત્યાં પ્રશમાદિ ચાર કાર્યલિંગો હોય જ એવો એકાન્ત નહિ. સમ્યગ્દર્શનની સાથે આસ્તિકય અવશ્ય હોય.

જલતા વહ્નિ સાથે પ્રકાશ અવશ્ય હોય, ધૂમાડો કદાચ ન પણ હોય.

છતાં સામાન્યતઃ એમ કહી શકાય કે સમ્યગ્દૃષ્ટિ આત્મામાં સમ્યગ્જ્ઞાનનો જે પ્રકાશ ઉત્પન્ન થાય છે તેના મહિમાથી તેનામાં પ્રશમાદિ ગુણોનું પ્રગટીકરણ ખૂબ જ ઝડપી હોય છે.

જ્યાં જડ-જીવના રાગ-દ્વેષ ઉપરનો રાગ મરી ગયો અને રોષ ઊભો થઈ ગયો ત્યાં ભલે હજી ઇષ્ટ જડ-જીવ પ્રત્યે રાગ રહેતો હોય પણ એ રાગમાં રંગ ન ભળે, ભલે અનિષ્ટ જડ-જીવ પ્રત્યે દ્વેષ ભભૂકી ઊઠતો હોય છતાં એ દ્વેષમાં માલ કશો ન હોય. જ્યાંના રાગ-દ્વેષ માલ વિનાના ત્યાંના સંસારભોગની શી તાકાત છે કે તે કિલષ્ટ પાપકર્મોના બંધ કરાવી શકે? તન પડયું હોય એ ભોગમાં પણ મન માંદું પડીને ઉદાસ રહેતું હોય તો તનના ભોગમાત્રથી કૂર સંસાર વધી શકતો જ નથી. એ આત્માઓને પછી તો એવી મોટી વિષય-તૃષ્ણા રહેતી નથી, અન્ય દર્શનો પ્રત્યેની આંધળી મૂઢતા જોર કરી શકતી નથી, ધર્મપથ્યનું સેવન કઠોર લાગે તો ય તેના સેવનમાં અરુચિ થતી નથી અને પેલી કૂરક્રોધની પાપિષ્ઠ ખંજવાળ પણ તેને ઊપડતી નથી. એટલું જ નહિ, જેના જીવનમાંથી અવગુણો વિદાય પામ્યા, એના જીવનમાં ગુણો પણ પ્રગટ થાય એ તદ્દન સહજ છે.

જડવિરાગી, જીવપ્રેમી આત્મા સર્વ જીવની હિતચિંતા અવસરે કરતો જ હોય. સર્વનું સાચું હિત એને જિનશાસનની આરાધનાથી જ જણાતું હોય એટલે એ જિનશાસનના સ્તંભને મજબૂત કરવા માટે પ્રભાવના, ભક્તિ વગેરે કરતો જ રહે. જેને ડૂબતાને જોઈને ત્રાસ થતો હોય એ તો જિનશાસનની હોડીને જ મજબૂત કરે ને ? હોડી સાબૂત હોય તો જે એને પકડી લે એ બધાયનું હિત જ થાય. સામાન્યતઃ સમ્યગ્દૃષ્ટિ આત્માઓ પોતાનું જીવન એટલું સુંદર જીવતા હોય કે એની ઉદારતા વગેરેની પ્રશંસા દ્વારા લોકો એના ધર્મની પ્રશંસા કરીને સમ્યક્ત્વનું બીજ પામી જાય. જિનશાસનનાં પ્રભાવક કાર્યો કરીને પણ લોકમુખે જિનધર્મની પ્રશંસા કરાવતા જ રહે. આમ જિનશાસનની કુશળતા, પ્રભાવના વગેરે પાંચ રસ્તે સમ્યગ્દૃષ્ટિ આત્માઓ અનેક આત્માઓમાં સમ્યક્ત્વની જ્યોત જલાવવાનું મહામંગળમય કાર્ય કરતા રહે છે.

વળી આ રીતે જે આત્માઓ સમ્યગ્દર્શન પામે છે અને એનો મહિમા ઉજાળે છે એ આત્માઓ મુક્તિના પરમસુખને તો અવશ્ય પામે છે, પરંતુ જ્યાં સુધી એ પરમસુખ પામતાં નથી ત્યાં સુધી સંસારના સર્વોત્કૃષ્ટ વૈભવને પામે છે અને એ સુખોમાં પણ અનાસક્ત રહેવાનું પરમોચ્ચ સૌભાગ્ય પણ પામે છે. સંસારનાં સુખોની ટોચ પામવી એમાં જે આકર્ષણ છે એના કરતાં ય વધુ અદેખાઈ ઉપજાવે તેવું સૌભાગ્ય તો તે આત્માઓની એ સુખો વચ્ચે રહીને પણ પ્રાપ્ત થયેલી અદ્‌ભુત અનાસક્તિની સિદ્ધિ છે.

પ્ર. મોક્ષનું પરમસુખ સમ્યક્ત્વથી જ મળે કે તેની સાથે સમ્યગ્જ્ઞાન, પણ હોવા જોઈએ ?

ઉ. હા, તે ત્રણે ય ભેગા મળીને જ મોક્ષસુખ આપે છે એવું તત્ત્વાર્થ સૂત્રકારનું વચન છે. પરંતુ તે ત્રણમાં સમ્યક્ત્વ પણ અન્તર્ગત તો છે જ ને ? માટે તેને પણ મોક્ષસુખનું એક કારણ તો કહેવાય જ.

જેમ બીજમાંથી અંકુરો ઉત્પન્ન કરવા માટે ધરતી, સૂર્યતાપ, વરસાદનું પાણી વગેરે બધા ય ભેગા મળવા જરૂરી છે. છતાં અંકુર

પ્રતિ વર્ષાજળને એકલાને ય કારણ તો કહી જ શકાય, કારણકૂટમાં અંતર્ગત કોઈ પણ એકને કાર્ય પ્રતિ કારણ જરૂર કહી શકાય. હા, સાથે બીજાઓના સહકારની જરૂર રહે એમાં કોઈ સંદેહ નથી.

શાસનપ્રભાવના અને શાસનમાલિન્યનું નિવારણ સ્વ-પરને સમ્યક્ત્વગુણની પ્રાપ્તિ કરાવવા વગેરેમાં અમોઘ કારણ છે માટે જ ગ્રન્થકાર પરમર્ષિ ભારપૂર્વક જણાવે છે કે સહુએ શાસનપ્રભાવના કરવી; છેવટે શાસનમાલિન્ય તો ન જ થવા દેવું. (૪)

ગ્રન્થકાર પરમર્ષિ તો એટલે સુધી કહે છે કે જેનામાં જે શક્તિ હોય તે કામે લગાડી દઈને પણ શાસનમાલિન્ય (શાસનહીલના)નું પાપ અટકાવવા સહુએ પ્રયત્ન કરવો; કેમકે જાણતાં-અજાણતાં પણ જો કોઈ આત્મા શાસનનિંદા કરે તો અઘોર સંસારના અસાધારણ કારણભૂત મહામિથ્યાત્વ સ્વરૂપ મોહનીયકર્મનો બંધ કરે. (૫)

એ પછી એ આત્માને જે જન્મ-જન્માન્તરોની દારુણ પરંપરામાં ઝીંકાવું પડે છે એનાં દુઃખોનું તો વર્ણન કરી શકાય તેમ નથી.

અનન્ત સંસાર !

અનન્ત દુઃખ !

અનન્ત તાપ-સંતાપ !

અનન્ત હાયવોય !

અનન્તકાળ સુધી ન મળે ક્યાં ય સુખની સામગ્રી. કદાચ કોઈ સુખગૌભવ મળી જાય તો તેમાં કાયમી અશાન્તિ જગાડીને દુઃખસામગ્રી કરતાં ય ભયંકર એ સુખસામગ્રીને બનાવી રહે.

આંખે દેખતો બનાવીને એની સામે એના સ્વજનોની કત્લેઆમ દેખાડે !

મનુષ્ય બનાવીને હળમાં જોડીને માર મારી અધમુઓ કરી નાંખે.

દેવ બનાવીને હલકાં કામ કરાવે !

શ્રીમંત શેઠ બનાવીને સંપત્તિના પાપે ખૂન કરાવે....અંગેઅંગના કટકે કટકા કરાવી નાંખે.

રૂપસુંદરી બનાવીને ઘાસલેટ છંટાવી સળગાવી મારે. (૬)

માટે ભૂલેચૂકે પણ શાસનહીલના થાય તેવું આચરણ કોઈએ કરવું નહિ. શક્તિ હોય અને પુણ્ય હોય તો જરૂર શાસનપ્રભાવના કરવી. પુણ્યહીન આત્મા ગમે તેટલો વિદ્વાન્ હોય પણ તેનાથી પરધર્મી સાથે વાદ ન થાય. વાદમાં પરાજય પામે તો ઘોર શાસનહીલના થાય. પણ જેની પાસે સંયમનું બળ હોય અથવા તો સંયમી મહાત્માની કૃપાનું બળ હોય તેવા પુણ્યવાન આત્માએ તો અવશ્ય શાસનપ્રભાવના કરવી જોઈએ. શાસનપ્રભાવનાની નાનામાં નાની પણ તક એણે ઝડપી લેવી જોઈએ. એના પ્રત્યે એ ઉદાસીન રહી શકે નહિ. અનેક આત્માઓ ધર્મનું બીજ પામે, ધર્મ સન્મુખ થાય એમાં નિમિત્ત બનનાર શાસનપ્રભાવક આત્મા વિપુલ પુણ્યાનુબંધી પુણ્ય પ્રાપ્ત કરી જાય છે. અપૂર્વ આધ્યાત્મિક ગૌભવ પ્રાપ્ત કરે છે. (૭)

જે આત્માઓ આ રીતે શાસનપ્રભાવના કરીને પોતાના પુણ્યનો શ્રેષ્ઠતમ ઉપયોગ કરે છે તેઓ જ્યાં સુધી મુક્તિનું પરમધામ પ્રાપ્ત કરતા નથી ત્યાં સુધી સંસારમાં રહીને સંસારના સર્વોત્કૃષ્ટ ગૌભવોને પ્રાપ્ત કરે છે. ખૂબી ... એ બની રહે છે કે એ ગૌભવોની પાછળ એ આત્માઓ પાગલ બનતા નથી પરંતુ ગૌભવો એમની પાછળ ભમતા રહે છે. એથી ય વધુ ખૂબીની વાત તો વળી એ છે કે એ આત્માઓ પોતાની પાછળ પડેલા ગૌભવોને ગમે તે પળે લાત મારીને સંસારનો ત્યાગ કરી પ્રવ્રજ્યાના પંથે ચાલ્યા જાય છે.

ગૌભવોનો ખરો ભોગી પણ તે જ કહેવાય કે જે મન ફાવે તો ભોગવે અને મન ફાવે તે પળે જ તેને ફગાવી દે! ગૌભવોનો ગુલામ તે વળી ગૌભવનો સ્વામી કહેવાતો હશે?

આમ શાસનપ્રભાવનાનું એક ફળ ગૌભવોની પ્રાપ્તિ બન્યું તો બીજું ફળ એ ગૌભવોમાં થનાર આસક્તિ આદિ પાપોના નાશનું પણ મળ્યું.

માત્ર વૈભવ, રૂપ, કુળ, સંપત્તિ મળે તે બરોબર નથી. એમનાથી સંભવિત મલિનતાઓ—અહંકાર, વિકાર, મૂર્ચ્છા વગેરેનો નાશ પણ જરૂરી છે.

તે સંપત્તિ શા કામની; જેમાં 'અહં'નું માલિન્ય પેઠું છે?

તે રૂપ શા કામનું; જે વિકારોના કાળા પાપ કરાવે છે?

તે સત્તા શા કામની; જે સહુને કચડી નાંખવાની પાપભાવના જગાડે છે?

શાસનપ્રભાવનાનો ગુણ તો દ્વિમુખી સિદ્ધિ બક્ષે છે. તે સુખ-સામગ્રી આપે છે અને તેની પાપકારકતા સંપૂર્ણ રીતે નિવારી દે છે.

આથી જ એ વૈભવી વિશિષ્ટ આત્માઓ ભોગ ભોગવીને પણ પુણ્યકર્મનો ક્ષય કરવાની સાધના જ કરતા હોય છે. અંતે તક મળતાં જ અણગાર બનીને પાપકર્મનો ય ક્ષય કરવાની સાધના સિદ્ધ કરી લઈને મુક્તિપંથના સફળ યાત્રી બનીને સ્વ-પરનું કલ્યાણ સાધે છે. (૮)

નોંધ : ગ્રંથકાર ભગવંતના ૨૩મા અષ્ટકની વિવેચના આમ તો અહીં પૂર્ણ થઈ જાય છે પરંતુ કોઈ અન્ય પ્રતિઓમાં આ અષ્ટકના છેલ્લા પાંચ શ્લોકો બીજા જ મળે છે. એટલે ટીકાકાર ભગવાન જિન-ચંદ્રસૂરિજીએ એ પાંચ શ્લોક મૂકીને તેની પણ ટીકા રચી છે. જો કે આ શ્લોકોનો ભાવ પણ અષ્ટકના વિવેચન સાથે ઘણું સામ્ય ધરાવે છે છતાં તેમાં જે કાંઈ અર્થવૈશિષ્ટ્ય છે તેને પણ અવગાહી લેવા માટે તેનો સંપૂર્ણ અર્થબોધ કરી લઈએ. એ પછી જ ૨૩મા અષ્ટકની વિવેચના પૂર્ણ થયાનો સંતોષ પામીશું.

પ્રત્યન્તરોપલબ્ધ પાંચ શ્લોકોનો

અનુવાદ

तत्तथा शोभनं दृष्ट्वा साधु शासनमित्यदः
प्रतिपद्यन्ते तदैवैके बीजमन्येऽस्य शोभनम् ॥४॥

પૂરી ઉદારતાપૂર્વક થતાં સુંદર ધર્માનુષ્ઠાનો જોઈને કેટલાક બોલી ઊઠે છે, "જિનધર્મ જ સુંદર છે." આમ કહેતાં જ તે કેટલાંક સમ્યક્ત્વ પામે છે. જ્યારે બીજા કેટલાક એ જિનધર્મના પક્ષપાતી બનીને સમ્યક્ત્વનું બીજ પ્રાપ્ત કરે છે.

सामान्येनापि नियमाद्वर्णवादोऽत्र शासने ।
कालान्तरेण सम्यक्त्वहेतुतां प्रतिपद्यते ॥५॥

રે ! સામાન્ય રીતે પણ જિનશાસનની પ્રશંસા કોઈ કરે તો અવશ્ય તે આત્મા–ભાવીમાં સમ્યક્ત્વ પ્રાપ્ત થાય તેની ભૂમિકા તૈયાર કરી લે છે.

चौरोदाहरणादेवं प्रतिपत्तव्यमित्यदः ।
कौशाम्ब्यां स वणिग्भूत्वा बुद्ध एकोऽपरो न तु ॥६॥

ઉપરોક્ત શ્લોકની વાત ચોરના ઉદાહરણથી પાકી કરવી. ચોરે જિનધર્મની પ્રશંસા કરી હતી માટે મરીને વણિગ્ થયા બાદ તે સમ્યક્ત્વ પામી ગયો અને તે પ્રશંસાવિહોણો તેનો મિત્ર–ચોર વણિગ્ થઈને સમ્યક્ત્વ પામી શક્યો નહિ.

इति सर्वप्रयत्नेनोपघातः शासनस्य तु ।
प्रेक्षावता न कर्त्तव्य आत्मनो हितमिच्छता ॥७॥

એટલે જે આત્મા પોતાનું કલ્યાણ ઇચ્છે છે તે બુદ્ધિમાન પુરુષે ગમે તેમ કરીને પણ જિનશાસનનો ઉપઘાત ન થાય તેની ખૂબ જ કાળજી કરવી.

कर्त्तव्या चोन्नतिः सत्यां शक्ताविह नियोगतः ।
प्रधानं कारणं ह्येषा तीर्थकृन्नामकर्मणः ॥८॥

એટલું જ નહિ, પરંતુ જે આત્મા પુણ્યશક્તિથી સંપન્ન હોય તેણે તો શાસનપ્રભાવના થાય તેવાં કાર્યો અવશ્ય કરવાં. કેમકે તીર્થંકર નામકર્મની શુભ પ્રકૃતિને નિકાચિત કરવા માટે શાસનોન્નતીકરણ તો અસાધારણ કારણ છે.

વિવેચના :

જિનશાસનની પ્રભાવના કરે તેવી ગૃહસ્થોની ખૂબ ઠાઠભરી પૂજા-ભક્તિને જોઈને જે જનેતર ભદ્રપરિણામી લોકો પુકારી ઊઠે છે, "અહો ! જગતમાં જૈન ધર્મ જ પ્રધાન ધર્મ છે, જેને પામેલા લોકો પોતાની સંપત્તિનો એની પાછળ ધરખમ વ્યય કરીને વિશિષ્ટ પુણ્યનો સંચય કરે છે !"

બીજા કેટલાક ભદ્રક જીવો એટલી હદ સુધીની મુક્તકંઠે પ્રશંસા ન કરે તો ય જૈન ધર્મના પક્ષપાતી તો બની જાય.

ધર્મપ્રશંસાથી બીજાધાન 'જૈન ધર્મ જ સર્વોપરી ધર્મ છે' એવી ઉત્કૃષ્ટ પ્રશંસા એ આત્માના ઉજ્જવળ સમ્યક્ત્વના પ્રગટીકરણને વ્યક્ત કરે છે.

'જૈન ધર્મ સુંદર છે, જૈન ધર્મ પણ સુંદર છે' એવી જૈન ધર્મ તરફના ઝુકાવવાળી પ્રશંસા એ આત્મામાં સમ્યક્ત્વનું બીજ પડી ગયાનું સૂચન કરી જાય છે. જે બીજ ટૂંક સમયમાં એને નિર્મળ સમ્યગ્દર્શનનું સ્વામિત્વ ભેટ ધરી દે છે. ટૂંકમાં, 'જૈન ધર્મ નિન્દ્ય ધર્મ છે' એ વિચાર મિથ્યાત્વનો અભિવ્યંજક છે.

'જૈન ધર્મ જ પ્રશંસ્ય ધર્મ છે' એ વિચાર સમ્યક્ત્વનો અભિવ્યંજક છે.

'જૈન ધર્મ પણ પ્રશંસ્ય છે એ વિચાર સમ્યક્ત્વના બીજાધાનનો અભિવ્યંજક છે. (૪)

જે આત્મામાં એ બીજ પણ પડી જાય છે એ આત્માને જો એ બીજને વિકસવા માટેની અનુકૂળ સામગ્રી પ્રાપ્ત થઈ જાય તો તે અવશ્ય સમ્યક્ત્વ પામી જાય છે.

એક વાર જિન ધર્મ પ્રત્યેનો સામાન્ય પણ રુચિભાવ મિથ્યાધર્મો પ્રત્યેના સ્વલ્પ પણ અરુચિભાવ વિના પ્રગટ થતો નથી. અનાદિકાલીન મિથ્યાધર્મોની અસ્થિમજ્જા-પ્રીતમાં સહેજ પણ તડ પડવી એ તો

આત્માના વિકાસ માટેની ખૂબ જ આશાસ્પદ ભૂમિકા બની રહે છે. જેમ જેમ મિથ્યાધર્મોની કદાગ્રહભરી પ્રીતની ધરતીમાં પડેલી એ તડ વધતી જાય છે, તડ મટીને ચીરાડ બને છે તેમ તેમ સમ્યગ્દર્શનના સમુજ્જવલગુણના સૂર્યોદયની અગણિત માંગલ્યોથી ખીચોખીચ ભરેલી પળો નજદીક આવતી જાય છે.

અને....પછી એક વાર કોઈ સદ્‌ગુરુનો યોગ થાય છે અને તૂટેલી એ ધરતીમાં કંપ થતાં કડાકો બોલે છે.

સમ્યક્‌ત્વનો બાલસૂર્ય આત્માના અંતરિક્ષમાં દેખા દે છે.

સત્યને ઇષ્ટ માનો, પરમેષ્ટ (પરમ-ઇષ્ટ) માનો એટલા માત્રથી સમ્યક્‌ત્વ પ્રગટ થતું નથી. "સત્ય પણ સારું અને અસત્યમય સંસાર પણ સારો." એ વિચાર ભલે સમ્યક્‌ત્વ રશ્મિના ઉદય પૂર્વનો અરુણોદય જરૂર છે. પરન્તુ સમ્યક્‌ત્વ-રશ્મિનો ઉદય તો 'સત્ય સારું ખૂબ સારું' એ વિચારની સાથે—'બાકીનું બધું જુલમગાર! સાવ જૂઠું' એ વિચાર ભળે તો જ થાય છે.

એક વાર જિનાજ્ઞા બાહ્ય તમામ હેયતત્ત્વોને હેય તરીકે અંતરથી-એક ધડાકે કબૂલવા-એ જ સમ્યક્‌ત્વ છે.- એ જ જિનાજ્ઞાશાસનને પામેલા આત્માઓની કુંડલિનીના ઉત્થાનની લોકોત્તર અવસ્થા છે. જે પળે, 'સેસે અનટ્ઠે'ના વિચારનો પ્રકાશ-ઝબૂકો અંતરમાં પ્રગટે તે પળે એ આત્મા કોઈ વર્ણનાતીત આનંદ પામે છે. એનામાં જ્ઞાનપ્રકાશનો સાગર ઊભરાય છે. એને સર્વત્ર પ્રકાશ-પ્રકાશ દેખાય છે. પ્રકાશના સાગરની ભરતીમાં અપૂર્વ મસ્તી માણવાનું પરમોચ્ચ સૌભાગ્ય એ આત્મા તે વખતે પ્રાપ્ત કરે છે.

જ્ઞાનપ્રકાશના આ સાક્ષાત્કારને આત્મસાક્ષાત્કાર કહો કે જ્ઞાનપ્રાપ્તિ કહો કે સમ્યગ્દર્શન કહો.

આ સ્થિતિ આવ્યા પછી એ આત્મામાં ઓછામાં ઓછું શું સંભવી શકે એ વિચાર કરતાં એમ લાગે છે કે એને જિનભક્તિ

અને જીવમૈત્રી તો અવશ્ય આત્મસાત્ થાય. 'એસ પરમટ્ઠે'નો વિચાર જિનભક્તિને પ્રગટ કરે, સેસે અનટ્ઠેનો વિચાર જીવમૈત્રી પ્રગટ કરે.

પરમાત્મને સારા માન્યા પછી એમના પ્રત્યે ભક્તિ જાગે જ.

જડવિરાગ અને જીવરાગ એક સિક્કાનાં બે પાસાં

જડ–જગતથી વિરાગ જાગ્યા પછી જીવમૈત્રી સહજ રીતે પ્રકટે.

જીવમાત્ર પ્રત્યે દ્વેષભાવની અમૈત્રીને જીવતી જાગતી રાખનાર જડ પ્રત્યેનો રાગભાવ છે. એ ટળતાં જ જીવમૈત્રી પ્રગટી જાય છે.

જગતનાં બે મહાપાપો : જડરાગ અને જીવદ્વેષ. જગતના બે મહાન ધર્મો : જડવિરાગ અને જીવમૈત્રી. સમ્યક્ત્વના સિક્કાની જ આ બે બાજુઓ છે. હા, એ વિરાગ અને એ મૈત્રીમાં ઓછા-વત્તા પણું જરૂર હોઈ શકે. કેમકે સમ્યક્ત્વના અસંખ્ય પ્રકારો ઠેઠ નીચેથી માંડીને ઠેઠ ટોચ સુધીના....પણ કહેવાય તો બધા જ સમ્યક્ત્વી જ. એક લાખ રૂપિયાથી માંડીને ૯૯ લાખ ૯૯ હજાર ૯૯૯ રૂ. સુધીની કોઈ પણ રકમની માલિકીવાળો માણસ લક્ષાધિપતિ જ કહેવાય. લક્ષાધિપતિના લાખો પ્રકારો છે.

જીવાત્માના મોક્ષ પ્રત્યેના મહાભિયાન પ્રત્યેના પ્રથમ પગલાસમા સમ્યક્ત્વને, રે! એની પણ પૂર્વભૂમિકાને શાસનપ્રભાવનાનાં કાર્યો તૈયાર કરે છે. તે શાસનપ્રભાવકો પોતે તો સ્વાત્માના સમ્યક્ત્વને કેટલું નિર્મળ બનાવી દેતા હશે? (૫)

એક વાર પણ ભવરાનમાં ભમતો, મિથ્યાત્વના ઘનઘોર અંધારમાં અથડાતો–કુટાતો આત્મા જિનધર્મની સામાન્ય પણ પ્રશંસા કરી જાય. રે! કમાલ થઈ ગઈ! એનાં તો ભાગ્યનાં તાળાં ઊઘડી ગયાં. ખબર છે ને, પેલાં બે ચોરની વાત! એમણે જિનધર્મની જરા અમથી પ્રશંસા કરી અને એનો વિકાસરથ મુક્તિપુરીના ધામ તરફ રોકેટ ગતિએ ધસવા લાગ્યો.

બે જીગરજાન આ રહી તે વાત,

દોસ્તો કૌશાંબી નગરી.

ધન અને યક્ષ નામના શ્રેષ્ઠીઓને ધનપાલ અને વસ્તુપાળ નામના બે પુત્રો. એક બીજા વિના જીવી ન શકે એવા જીગરજાન દોસ્તો. બંનેયમાં બધી જ વાતનું સામ્ય....બેયનો એક સરખો સ્વભાવ, એક સરખો વર્તાવ, એક સરખો વિચાર.

એ નગરીમાં એક વાર ભગવાન વીર પધાર્યા. તે બંને ય મિત્રો ભક્તિથી અને કૌતુકથી દેશના સાંભળવા ગયા.

દેશના ! અને તે ય વીરવિભુની ! એમના જ શ્રીમુખેથી વહી જતી ! શું બાકી રહે ? જગતનું વિકરાળ સ્વરૂપ સહુની આંખ સામે ખડું કરી દીધું ! મુક્તિના પરમસુખની પ્રાપ્તિ માટે શ્રોતાઓ ઊભા થઈ જાય એવી બલપૂરક વાતો કરી.

અનેક શ્રોતાઓનાં દિલ ડોલી ગયાં ! દિમાગ હલબલી ઊઠ્યાં ! બે મિત્રોમાંનો મોટી ઉંમરનો મિત્ર ત્યાં જ સામ્યકૃત્વ પામી ગયો ! પણ નાના મિત્રને કશું ન થયું. સાવ બુદ્ધુની જેમ એણે સાંભળ્યા કર્યું. એના મુખ ઉપરના જડભરતના ભાવ જોઈને જ્યેષ્ઠમિત્ર અચંબો પામી ગયો. "રે ! અમારામાં કદી કોઈ વાતે ભેદ પાડ્યો નથી, અને આજે આમ શું થયું ? કાંઈ નહિ. સર્વજ્ઞભગવંત સાક્ષાત્ અહીં બિરાજે છે. એમને જ પૂછી લઉં."

એણે ભગવંતને પોતાના અંતરમાં ઘોળાતી એ વાત પૂછી. ભગવંતે કહ્યું, "જન્માન્તરમાં તમે બે ય એક ગ્રામનાયકના દીકરાઓ હતા. પણ કુસંગે ચડીને ચોરીના પાપે પકોટાયા. એક વાર કોઈ ગોકુળમાં પેઠા અને ગાયો ઉપાડી. પણ રાજસૈનિકોએ તમારો પીછો પકડ્યો. જીવ લઈને નાસતા ભાગતાં તમે કોઈ પર્વતની ગુફામાં પેસી ગયા. ત્યાં એક મહાતપસ્વી મુનિવરને તમે જોયા. એમને જોતાની સાથે તને અપૂર્વ સંવેગ જાગ્યો. તું બોલી ઊઠ્યો, " અહો ! સાચે જ જન્મારો તો આ મહાપુરુષે સફળ કર્યો, જેણે જગતનાં તમામ સ્વજના-

દ્વિસુખોને લાત મારીને અનન્તસુખના ધામમાં ચાલ્યા જવા માટે ત્યાગ–તપનો સમુજ્વલ પંથ સ્વીકારી લીધો ! હું કેવો નીચ કે આ લોકના શુદ્રસુખો ખાતર ઊભયલોકને બગાડે તેવાં કાળાં કામ કરી રહ્યો છું !" આવી જાતની સ્વનિંદાપૂર્વક તેં સાધુપ્રશંસા કરી અને તારા આત્મામાં સમ્યકત્વનું બીજ પડ્યું.

જ્યારે તારા આ મિત્રે એથી સાવ જ ઊલટું વિચાર્યું. એને એ મહાત્માએ સ્વીકારેલા ત્યાગ-તપના માર્ગમાં મૂર્ખતા લાગી. સંસાર-સુખને ત્યાગીને એણે પોતાનો જન્મારો નિષ્ફળ બનાવ્યો છે એવું લાગ્યું. એથી એને એ મહાત્મા ઉપર ક્રોધ ચડ્યો. એમની ખૂબ નિંદા કરી. ધર્મનિંદાની એ આગ એના આત્માના ખેતરને બાળીને ખાખ કરી ગઈ. ન પામ્યો સમ્યકત્વ, ન પડ્યું આત્મામાં સમ્યકત્વનું બીજ ! રે ! મિથ્યાત્વનો દાવાનળ પ્રગટાવીને એણે તો એના આતમના ખેતરને દગ્ધ કરી દીધું. એથી જ મારી દેશના સાંભળીને તે કશું જ ન પામ્યો અને તું વાવેલા સમ્યકત્વના બીજને વિકસાવી ગયો !"

આ દૃષ્ટાન્ત આપણને કાનમાં કહી જાય છે. ધર્મપ્રશંસાના મીઠાં ફળની અને ધર્મનિન્દાના કટુફળની વાતો ! (૬)

ગ્રન્થકાર પરમર્ષિ ઉપસંહાર કરતાં આપણને જણાવે છે કે, "જેને પોતાના આત્માના હિતની ચિંતા હોય એ બુદ્ધિમાન આત્માએ પળે પળે કાળજી કરતા રહેવી કે, "ધર્મનિન્દા થઈ જાય તેવું કોઈ પણ કાર્ય મારાથી ન જ થવું જોઈએ !"

એટલું જ નહિ પણ પ્રાપ્ત થયેલી પુણ્યસંપત્તિનો સદુપયોગ કરીને ધર્મપ્રભાવનાના એવાં અપૂર્વ કાર્યો કરવાં જોઈએ કે જેથી લોકો એ જોઈને ધર્મપ્રશંસા કરે. અને એ પ્રશંસા દ્વારા સમ્યકત્વ પામે કે છેવટે સમ્યકત્વનું બીજ આત્માના ખેતરમાં વાવી દે.

ગ્રન્થકારશ્રી કહે છે કે ધર્મોન્નતિનાં પ્રભાવક કાર્યો કરનાર આત્માઓ તીર્થંકર નામકર્મ જેવા સર્વોત્કૃષ્ટ શુભકર્મનો બંધ કરે છે.

આ વિધાન કેટલું બધું બળવાન છે? સંપત્તિ જેવી તુચ્છ વસ્તુનો શાસનપ્રભાવક કાર્યોમાં વિનિયોગ કરી લઈને તીર્થંકર નામકર્મ જેવી સર્વોચ્ચ શુભપ્રકૃતિને નિકાચિત કરી લેવા જેવી વણિગ્બુદ્ધિ બીજી કયી હોઈ શકે? મુનિઓ પણ પોતાને પ્રાપ્ત થયેલી જ્ઞાનાદિ-શક્તિઓને શાસનપ્રભાવક કાર્યોમાં જોડી દે તો કેવા કુશળ પુણ્યકર્મનો બંધ કરવાનું સૌભાગ્ય પામી જાય?

જગતને આ ગણિત કોણ સમજાવશે? શાસનપ્રભાવનાનાં કાર્યો જેવાં રથયાત્રા, ઉદ્યાપન ઉપધાન, અષ્ટાહ્નિક મહોત્સવ, સાધર્મિક વાત્સલ્ય, ઉપકારી ગુરુના આડંબરપૂર્વકના નગરપ્રવેશ વગેરેમાં સંપત્તિના ધુમાડાની વાત કરનારાઓના કાન આમળવાની કરુણા કયી ખરી માતાઓ કરશે? ધર્મ પ્રત્યેની કારમી સૂગમાંથી ઉત્પન્ન થતી એ દુર્બુદ્ધિનું કોણ પરિમાર્જન કરશે?

ધુમાડા તો દસ દસ કોડ રૂપિયાની કચકડાની ફિલ્મો ઊતરે ત્યાં **આ કહેવાય!** પૈસાના ધુમાડા નથી!!!

સિત્તેર લાખ રૂપિયાના ખર્ચે કોંગ્રેસ અધિવેશન ભરાય ત્યાં પૈસાના ધુમાડા નથી!!!

એક-એક હજાર રૂપિયાની એકેકી ટિકિટ લઈને શંકર-જય-કિશન નાઈટની-એક રાતની અશ્લીલ મોજ માણવામાં પૈસાના ધુમાડા નથી!!!

એકેકા પ્રધાન પાછળ થતાં વાર્ષિક બે-બે લાખ રૂપિયાના રાચ-રચીલા વગેરેના ખર્ચામાં પૈસાના ધુમાડા નથી!!!

પ્રધાનોની પાર્ટીમાં એકેકી ડીશનો ખર્ચ ૮૦-૮૦ રૂપિયા આવે એ પૈસાનો ધુમાડો નથી!!!

વડાપ્રધાનના એક પ્રાન્તના એક જ દિનના પ્રવાસ પાછળ લાખ બે લાખ રૂપિયાનો ખર્ચ થાય એ તો નજીવી રકમ ગણાય!

શ્રીમંત નબીરાના લગ્નમાં મંડપ બનાવવાનો જ ખર્ચ પાંચ લાખ રૂપિયા આવે એ તો જાણે બહુ સામાન્ય રકમ ગણાય!

વિચારોના ગાકઝમાળ સાથે દોરાયેલી યોજનાના અમલમાં પાંચ-દસ કરોડની ગોલમાલ થાય એ રકમ તો વિસાતમાં જ ન ગણાય!

રે! કરુણાપાત્ર ધર્મદ્રોહીઓ! તમારી બૂરી ગા જગતમાં કયારે જન્મ પામશે! તમારી વિચિત્ર દુર્બુદ્ધિને કોણ નાથશે?

આત્માની ભારેકર્મિતા વિના મોહનાં સ્થાનોના નિર્માણ પાછળ ખર્ચાતા કરોડો રૂપિયામાં ધુમાડા ન લાગે અને મોહવિજેતાનાં સ્થાનોના નિર્માણ પાછળ ખર્ચાતા લાખો રૂપિયામાં ધુમાડા લાગે! કેવું આશ્ચર્ય છે કે સંપત્તિનો સન્માર્ગે વ્યય કરનાર વ્યક્તિ સ્વ-પર-હજારોનું કલ્યાણ કરે છે ત્યારે એનું જ નિમિત્ત પામીને કેટલાક ભારે કર્મીઓ બિચારા નિંદા કરીને પોતાનું કારમું અહિત કરી જાય છે.

ગ્રન્થકાર પરમર્ષિએ આપણને ખૂબ જ મહત્ત્વની બે વાત જણાવી કે અજાણતાં ય ધર્મનિન્દા થાય તેવું કાર્ય કરવું નહિ અને શક્તિ હોય તો ચોમેર ધર્મપ્રશંસા થાય તેવું કાર્ય કર્યા વિના રહેવું નહિ. આ બે ય વાતોને આપણે જીવનમાં આત્મસાત્ કરીએ અને ઇચ્છીએ કે એનાથી જે પુણ્યકર્મનો બંધ થાય. તેના પરિણામે ધર્મનિન્દકોને સન્મતિ પ્રાપ્ત થાય.

પુણ્યાનુબંધિપુણ્યાદિ વિવરણ અષ્ટક

[૨૪]

गेहाद्गेहान्तरं कश्चिच्छोभनादधिकं नरः ।
याति यद्वत्सुधर्म्मेण तद्वदेव भवान्भवम् ॥१॥

સારા ઘરમાંથી વધુ સારા ઘરમાં જેમ કોઈ માણુસ જાય છે તેમ પુણ્યાનુબંધી પુણ્યકર્મનો સ્વામી સુધર્મના આચરણ દ્વારા સારા ભવમાંથી વધુ સારા ભવને પ્રાપ્ત કરે છે.

गेहाद्गेहान्तरं कश्चिच्छोभनादितरन्नरः ।
याति यद्वदसद्धर्मात्तद्वदेव भवाद्भवम् ॥२॥

સારા ઘરમાંથી ખરાબ ઘરમાં જતાં માણુસ જેવો, પાપાનુબંધી પુણ્યકર્મનો સ્વામી આત્મા છે, જે અસદ્ધર્મના આચરણથી સારા ભવમાંથી દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

गेहाद्गेहान्तरं कश्चिदशुभादधिकं नरः ।
याति यद्वन्महापापात्तद्वदेव भवाद्भवम् ॥३॥

ખરાબ ઘરમાંથી વધુ ખરાબ ઘરમાં જતાં માણુસ જેવો પાપનુબંધી પાપકર્મનો બંધક આત્મા છે કે જે અસદ્ધર્મ કરીને દુઃખમાંથી વધુ દુઃખમાં પટકાય છે.

गेहाद्गेहान्तरं कश्चिदशुभादितरन्नरः ।
याति यद्वत्सुधर्मेण तद्वदेव भवाद्भवम् ॥४॥

ખરાબ ઘરમાંથી સારા ઘરમાં જતાં માણુસ જેવો પુણ્યાનુબંધી પાપકર્મનો સ્વામી આત્મા છે કે જે પાપ-મિશ્રિત સુધર્મ દ્વારા ખરાબ સ્થિતિમાથી સુંદર સ્થિતિ પામે છે.

शुभानुबन्ध्यतः पुण्यं कर्त्तव्यं सर्वथा नरैः ।
यत्प्रभावादपतिन्यो जायन्ते सर्वसंपदः ॥५॥

એટલે મનુષ્યજીવન જેવી સુંદર ગતિ પામેલા આત્મા-ઓએ તો સુંદર પુણ્યના અનુબંધવાળું જ પુણ્ય પ્રાપ્ત કરવું જોઈએ કે જેના પ્રભાવથી પ્રાપ્ત થયેલી સંપત્તિઓ,

પાપ કરાવીને એનું પતન ન કરાવતાં ધર્મ કરાવી ઉત્થાન જ કરાવે.

सदागमविशुद्धेन क्रियते तच्च चेतसा ।
एतच्च ज्ञानवृद्धेभ्यो जायते नान्यतः क्वचित् ॥६॥

(પણ યાદ રાખજો કે) એવું પુણ્યાનુબંધી પુણ્યકર્મ તો આગમમતિથી શુદ્ધ થયેલા ચિત્તનાં પરિણામ વડે જ પ્રાપ્ત કરી શકાય છે. અને આવો ચિત્ત-પરિણામ સુવિહિત ગીતાર્થ મુનિઓના સંપર્ક વિના પ્રાપ્ત થઈ શકતો જ નથી.

चित्तरत्नमसंक्लिष्टमान्तरं धनमुच्यते ।
यस्य तन्मुषितं दोषैस्तस्य शिष्टा विपत्तयः ॥७॥

નિર્મળ ચિત્તરત્ન એ જ આત્માનું આંતરધન ! એ ધન જેનું ચોરાયું એના જીવનમાં પછી તો માત્ર બાકી રહી ગઈ દરિદ્રતાઓ અને દીનતાઓ ! એના માટે સુખિતા અને અલીનતાનું તો સ્વપ્ન પણ અશક્ય બની ગયું !

प्रकृत्या मार्गगामित्वं सदपि व्यज्यते ध्रुवम् ।
ज्ञानवृद्धप्रसादेन वृद्धिं चाप्नोत्यनुत्तराम् ॥७॥

[પ્રત્યન્તર સંપન્ન શ્લોકો]

બેશક નિશ્ચયદૃષ્ટિથી તો પ્રત્યેક આત્માનું ચિત્તરત્ન માર્ગગામિતાત્મક વિશુદ્ધિથી સહજસંપન્ન હોય છે પરંતુ સુવિહિત ગીતાર્થ મુનિભગવંતોની કૃપાથી જ એ પ્રગટ થાય છે, પ્રગટ થયેલું એ ચિત્ત વધુ નિર્મળ થતું જાય છે.

दया भूतेषु वैराग्यं विधिवद्गुरूपूजनम् ।
विशुद्धा शीलवृत्तिश्च पुण्यानुबन्धिपुण्यदः ॥८॥

પુણ્યાનુબંધિ પુણ્યકર્મને ઉત્પન્ન કરનારા મુખ્યત્વે આ ચાર કારણો છે : (૧) જીવદયા (૨) વિરાગ (૩) વિધિમત્ ગુરુપૂજન (૪) જિનોક્ત અનુષ્ઠાનોનું નિરતિચાર પાલન.

વિવેચના :

ત્રેવીસમા અષ્ટકમાં આપણે જોયું કે જે આત્માઓ શાસન-પ્રભાવનાનાં કાર્ય કરે છે તે વિપુલ પુણ્યકર્મનો બંધ કરે છે; યાવત્ તીર્થંકર નામકર્મ જેવી સર્વોત્કૃષ્ટ સુંદર પુણ્યપ્રકૃતિનો પણ બંધ કરે છે.

આ અષ્ટકમાં આપણે બે પ્રકારનાં પુણ્યકર્મ અને બે પ્રકારના પાપકર્મોનો વિસ્તારથી વિચાર કરીશું.

મુખ્યત્વે કર્મ બે પ્રકારના છે: પુણ્યકર્મ અને પાપકર્મ.

વળી આ બન્નેયના બે બે પ્રકાર પડે છે: પુણ્યાનુબંધી પુણ્યકર્મ, પાપાનુબંધી પુણ્યકર્મ, પુણ્યાનુબંધી પાપકર્મ, પુણ્યાનુબંધી પાપકર્મ, પુણ્યાનુબંધી આ ચારે ય પ્રકારને ક્રમશઃ સમજાવવા માટે ગ્રન્થકાર પુણ્યકર્મ પરમર્ષિ દૃષ્ટાન્ત આપતા જણાવે છે કે એક શ્રીમંત માણસ પોતાના સુખસામગ્રી–સજ્જ ઘરમાંથી નીકળીને બીજા એવા જ અનુકૂળ ઘરમાં જાય તેના જેવું પુણ્યાનુબંધી પુણ્યકર્મ છે. જે આત્માઓ પોતાના ભૂતકાલીન જીવનમાં કૃપામૂલકધર્મની આરાધના કરીને એવું પુણ્યકર્મ બાંધે કે જેના ઉદયમાં વર્તમાનમાં તેઓ મનુષ્યભવ પામ્યા હોય અને સાંસારિક સુખસામગ્રીથી સંપન્ન પણ હોય. પરંતુ આ મનુષ્યભવમાં પણ ફરી તેઓ સુધર્મ કરીને ફરી એવું જ પુણ્યકર્મ બાંધે કે જે તેમને ભાવીમાં દેવગતિના વિપુલસુખોની દેન કરે.

આમ બનવાનું કારણ ભૂતકાળમાં કરેલો ધર્મ છે. એ ધર્મ એમણે એવી રીતે કર્યો કે જેથી પુણ્યકર્મ તો બંધાયુ જ પરંતુ તે પુણ્યકર્મ જ્યારે ઉદયમાં આવે ત્યારે પણ ફરી પુણ્યકર્મનો જ અનુબંધ પાડે. આથી જ ભૂતકાળમાં બાંધેલા એ કર્મને પુણ્યાનુબંધી પુણ્યકર્મ કહેવાય છે.

જે કોઈ આત્મા સરાગ ધર્મ કરે તે પુણ્ય બાંધે એવું શાસ્ત્રવચન છે. ભલે પછી તે ધર્મ ગમે તે સાંસારિક આશયથી કર્યો હોય, કે જગતમાં ધર્મી તરીકેની ખ્યાતિ મેળવવા માટે ધર્મ કર્યો હોય.

પરંતુ એ પુણ્ય પુણ્યાનુબંધી બને કે પાપાનુબંધી બને ? અર્થાત્ જ્યારે ધર્મજનિત પુણ્યકર્મનો ઉદય થાય ત્યારે તે કાળમાં તે આત્મા ફરી ધર્મ કરીને પુણ્યકર્મ બાંધશે કે પાપ કરીને પાપકર્મ બાંધશે ? તેનો આધાર તો ભૂતકાળમાં તેણે જે ધર્મ કર્યો હતો તેની પાછળ તેનો ભાવ શું હતો એની ઉપર છે.

ગ્રન્થકાર પરમર્ષિ જણાવે છે કે ધર્મ કરતી વખતે જો ધર્મની સાચી સૂઝ હોય તો એ માણસ એ ધર્મથી અર્થકામની ઇચ્છા ન રાખે. એટલું જ નહિ પરંતુ સુખમય સંસારની પણ અસારતાને જાણી લેનાર આત્મા ધર્મની પાછળ મોક્ષપ્રાપ્તિ સિવાય બીજી કોઈ જ ભાવના ન રાખે. આવો આત્મા ધર્મ કરીને જે પુણ્ય બાંધે તે અવશ્ય પુણ્યાનુબંધી પુણ્ય હોય. આ વિષયમાં ભરત મહારાજા વગેરેના અનેક દૃષ્ટાન્તો શાસ્ત્રમાં આપેલાં છે. એમણે પૂર્વજીવનમાં જે ધર્મ કરેલો એ કોઈ પણ જાતના સાંસારિક ફલેચ્છાના મલિન આશયથી મુક્ત હતો; માટે તેમણે જે પુણ્યકર્મનો બંધ કર્યો તે પુણ્યાનુબંધી બન્યું. એથી જ એમને ષટ્ખંડનું સામ્રાજ્ય મળ્યું તો ય તેના દ્વારા ઘોર પાપકર્મ ન કર્યાં પરંતુ તેમાં ય અનાસક્તિનો અપૂર્વ ધર્મ જ કરતા રહ્યા. વિપુલપુણ્ય કર્મ જ બાંધતા રહ્યા. રાજા ભરતની અનાસક્તિ કેવી હતી એ વાત તો આપણે વિવેચનાની શરૂઆતમાં જ જોઈ ગયા છીએ.

પાપાનુબંધી પાપાનુબંધી પુણ્યકર્મનું ગણિત તપાસીએ. સારા પુણ્યકર્મ ઘરમાંથી ખરાબ ઘરમાં જતા માણસ જેવી સ્થિતિ પાપાનુબંધી પુણ્યકર્મનો બંધ કરનાર આત્માની થાય છે. ભૂતકાળના એક જીવનમાં જે આત્મા દાનાદિધર્મ કરે છે પરંતુ તે ધર્મની પાછળ અર્થકામનો અભિલાષ ખડકાયો છે કિન્તુ તે આશયથી પણ તેણે ધર્મ કર્યો એટલે તે પુણ્યકર્મ જ બાંધે અને તે પુણ્યકર્મનો ઉદય થતાં મનુષ્યાદિ સદ્ગતિ જ પ્રાપ્ત કરે. પરંતુ એ ધર્મ કરવા પાછળ અર્થકામનો અભિલાષ હતો માટે મનુષ્યાદિ ગતિ મેળવીને એ આત્માને સદ્વૃત્તિઓ જાગે નહિ, એને જે સાંસારિક સુખસામગ્રી મળી હોય

તેનો પાપમાર્ગે જ ઉપભોગ કરે અને તેથી પાપકર્મનો બંધ કરીને દુર્ગતિમાં ચાલ્યો જાય.

ચક્રી બ્રહ્મદત્ત ચક્રવર્તી બ્રહ્મદત્તનું આવું જ થયું હતું ને?

એનો આત્મા પૂર્વજન્મમાં હીનકુળ પામ્યો હતો. ઘોર પાપકર્મના યોગે એને ગૃહવાસમાં ખૂબ દુઃખ પડયું હતું. ત્યાર બાદ સંસારથી વિરક્ત થઈને એણે સંયમ લીધું. મુનિજીવનનું એનું નામ સંભૂતિ મુનિ હતું. આ મુનિએ ઘોર તપની ઉગ્ર સાધના કરી હતી. એના તપનો મહિમા સાંભળીને ચક્રવર્તી રાજા સનત્કુમારની પટ્ટરાણી વંદના કરવા આવી. મુનિ ધ્યાનસ્થ હતા. વંદના કરતાં રાણીના વાળની લટ સંભૂતિ મુનિના પગને અડી ગઈ!

એ લટના સુકુમાર સ્પર્શે ધ્યાનસ્થ મુનિ બેધ્યાન થઈ ગયા. એમનું ચિત્ત ચલાયમાન થયું. એમણે નિયાણું કર્યું કે, "જો મારા તપનું કોઈ બળ હોય તો મને ચક્રવર્તીપદ મળો કે જેથી આવું સ્ત્રીરત્ન પામીને સ્પર્શનેન્દ્રિયનાં સુખોની મોજ માણું." એમની સાથે જ વિહરતાં ચિત્ર નામના મુનિએ સંભૂતિ મુનિને આવું નિયાણું ન કરવા ખૂબ સમજાવ્યા પણ એ સમજાવટ નિષ્ફળ ગઈ.

સંભૂતિ મુનિ મરીને ચક્રવર્તી બ્રહ્મદત્ત થયા. એની બાલ્યવયમાં જ પિતા બ્રહ્મ મૃત્યુ પામ્યા હતા. પાંચ મંત્રીઓને પોતાના રાજ્યનો વહીવટ કરવાનું અને બાળ બ્રહ્મદત્તની કાળજી કરવાનું કાર્ય સોંપતા ગયા હતા. એ પાંચ મંત્રીમાં દીર્ઘ નામનો એક દુષ્ટમંત્રી હતો. બ્રહ્મદત્તની માતા ચુલની સાથે તેનો અનિચ્છનીય સંબંધ હતો. ધીમે ધીમે એ સંબંધે માઝા મૂકી. કિશોર બનેલા બ્રહ્મદત્તે એની સામે વાંધો ઉઠાવ્યો. દીર્ઘમંત્રીએ ચુલનીને કહ્યું કે, 'તેણે તેના દીકરાનું કાટલું કાઢી નાંખવું જોઈએ, નહિ તો આપણા બેનું સ્વર્ગીય સુખ મરી પરવારશે.' મા જેવી માએ બ્રહ્મદત્તને મારી નાંખવાની યોજના ઘડવામાં પૂર્ણ સંમતિ આપી. પરંતુ બીજા વફાદાર મંત્રી ધનુની અગમચેતીના કારણે બ્રહ્મદત્ત ઊગરી ગયો.

ત્યાંથી નાસી જઈને બ્રહ્મદત્ત પિતૃમિત્ર કટકરાજના આશ્રયે ગયો. ત્યાર બાદ દીર્ઘમંત્રી વિરાટ સૈન્ય લઈને બ્રહ્મદત્તને પકડવા આવ્યો. ખૂનખાર જંગ ખેલાયો. એમાં દીર્ઘમંત્રી માર્યો ગયો. બીજી બાજુ માતા ચુલનીને પોતાનાં કુકર્મોનો ખૂબ પશ્ચાત્તાપ થયો. સંસારથી નિર્વેદ પામીને તેણીએ સંયમ ગ્રહણ કરીને આત્મકલ્યાણ સાધ્યું.

હવે બ્રહ્મદત્ત ખૂબ બળવાન બની ગયો હતો. એક પછી એક ખંડ ઉપર તે વિજય પ્રાપ્ત કરતો ગયો. અંતે ષટ્‌ખંડનું ચક્રવર્તીપદ તેણે પ્રાપ્ત કર્યું. સંસારના તમામ વિલાસોમાં એ ચકચૂર રહેતો હતો. એને બીજી કોઈ વાતની પડી ન હતી. મોક્ષને એ ઇચ્છતો ન હતો. સ્વર્ગ તો એણે પોતાને ત્યાં જ ઉતાર્યું હતું એટલે મૃત્યુ પછીના સ્વર્ગની પણ એને ચિંતા ન હતી.

એક દિવસની વાત છે. બ્રહ્મદત્તને એક બ્રાહ્મણમિત્ર હતો. તેને ચક્રવર્તીના માદક ભોજન કેવા હોય તે અનુભવવાની ઇચ્છા થઈ. તેણે ચક્રવર્તીને વાત કરી. ચક્રીએ કહ્યું કે, એવા માદક ભોજન કરવાનું તેનું કામ નહિ. એ ભોજન જે વિકાર ઉત્પન્ન કરશે એ શમાવ્યો કેમે નહિ શમે અને ભારે અનાચાર સેવાઈ જશે.

પણ બ્રાહ્મણમિત્રે તેની વાત ન માની. લાચારી સાથે ચક્રીએ તેને ભોજન માટે આમંત્રણ આપ્યું. બ્રાહ્મણે ભોજન કર્યું. પછી તો વિકારના વંટોળે ઉપાડ લીધો છે કાંઈ? એ વિપ્ર પોતાની પત્નીથી તૃપ્ત ન થયો ત્યારે એણે પોતાની દીકરી વગેરે સાથે પણ દુરાચાર સેવ્યો.

સવાર પડી. એ નશો ઊતરી જતાં વિપ્રના પશ્ચાત્તાપનો પાર ન રહ્યો. આ બધું ય પાપ કરાવનાર ચક્રવર્તી બ્રહ્મદત્ત જ છે એમ તેણે મનોમન નિશ્ચિત કર્યું.

બ્રહ્મદત્તનું વેર લેવાની એની ઇચ્છા ભભૂકી ઊઠી. એણે એક ગોવાળને સાધ્યો. એ અચ્છો ગોફણબાજ હતો. ધાર્યું નિશાન વીંધવાની કળા એણે આત્મસાત્ કરી હતી. વિપ્રે ગોવાળને કહ્યું કે તેને મોંમાગ્યા દામ મળશે પણ તેણે ગમે તેમ કરીને ચક્રવર્તીની બે ય આંખો ગોફણ-

થી ફોડી નાંખવી. ગોવાળે કબૂલ કર્યું. એક દિવસ રાજાની સવારી નીકળી હતી. પેલો ગોવાળ એક ઝાડ ઉપર ચડીને બેસી ગયેો. જેવો રાજહસ્તી એ વૃક્ષની નજદીકમાં આવ્યેો કે તેણે ગોફણ છોડી. તેથી રાજાની બે ય આંખોના ડોળા બહાર નીકળી ગયા. રાજા બ્રહ્મદત્ત સદા માટે અંધ થઈ ગયેો. આ બનાવથી રાજાનો ક્રોધ સીમા વટાવી ગયેો. તપાસ કરતાં પેલેા મિત્રબ્રાહ્મણ પકડાયેો. તરત જ એણે હુકમ છોડ્યેો. "સમગ્ર પૃથ્વીને વિપ્રવિહોણી કરી નાંખેા. એ પાપાત્માઓની આંખેા ફોડી નાંખીને એનેા થાળ ભરીને મારી સમક્ષ હાજર કરેા." કેટલેા ભયાનક કષાય ! મંત્રીગણ મુંઝાઈ ગયેા ! છેવટે ગુંદાના ઠળિયાંથી થાળ ભરીને રાજાને આપ્યેા. રાજા ચીંકણા ઠળિયા ચોળતેા જાય છે અને બેાલતેા જાય છે, "હાશ ! હવે શાન્તિ થઈ. ઠીક વેર વાળ્યું ! મને અંધ બનાવનાર વિપ્રની આખી જાતને મેં અંધ બનાવી ! આટલું ય ન કરું તેા મારું ચક્રવર્તી પદ શા કામનું ?"

સેાળ સેાળ વર્ષ સુધી આ જ ચેષ્ટા અને આ જ ક્રૂરલેશ્યામાં રાજા રમમાણ રહ્યેા. અંતે મરીને સીધેા સાતમી નારકના ૩૩ સાગરેાપમના ઘેાર સીતમનું જીવન પામવા મહાતમા પૃથ્વીમાં ચાલ્યેા ગયેા !

કયાં એ સંભૂતિ મુનિ ! કયાં એમનેા ઘેાર તપ ! પણ મુક્તિના અનંતસુખની ભેટ ધરી દેવાની અકાટ્ય તાકાત ધરાવતા એ તપની પાછળ અર્થકામનું નિયાણું કરવાની ભૂલ કરી અને વિકાસના પંથે ધમધમાટ ગતિ કરતેા ચાલ્યેા જતેા એ જીવન-રથ વિનાશના પંથે ધસી ગયેા. સિદ્ધશિલાના ઉચ્ચતમ સ્થાને પહેાંચવાને બદલે મહાતમા નારકના અધમતમ સ્થાને ચાલ્યેા ગયેા.

વિચારના એક પાપે ચૌદ રાજલેાકનું અંતર પાડી દીધું. હા, પેલા ઘેાર તપે તેા પુણ્યકર્મ જ બાંધી આપ્યું. પણ પેલા વિચારના પાપે એ પુણ્યકર્મને પાપાનુબંધી બનાવી કાઢ્યું.

ધર્મ-દૂધપાકના વાટકામાં પાપવિચારનેા એક વિષકણ પડી ગયેા ! દૂધપાકે તેા સુખનું જીવન જ આપ્યું, પણ પેલા વિષકણે એને સાતમી

નારકનું મોત આપ્યું ! ગુનેગાર કોણ ? દૂધપાક ? ના, જરા ય નહિ.... એ વિષકણ જ ગુનેગાર ! (૨)

પુણ્યકર્મના બે અનુબંધ ગ્રન્થકાર ભગવંતે જણાવ્યા. હવે તેઓ પાપકર્મના બે અનુબંધ આપણને બતાવે છે.

પાપાનુબંધી પાપકર્મ ખરાબ ઘરમાંથી ખૂબ જ ખરાબ ઘરમાં જતાં માણસ જેવો પાપાનુબંધી પાપકર્મનો ભોક્તા આત્મા છે. ઘોર પાપોદયવાળા ભૂતકાળના એક જીવનમાં જે આત્મા નીચ પાપકર્મો કરે છે અને તેમાં ય વળી ક્રારમી હાયવોય આદિના રૌદ્રધ્યાનાદિ સેવે છે તે આત્મા નીચ કર્મ કરીને તો પાપકર્મ બાંધે જ છે પરંતુ રૌદ્રધ્યાનાદિ કરીને તે પાપકર્મને પાપાનુબંધી બનાવે છે. એટલે જ્યારે તે પાપકર્મના ઉદયે તિર્યંચાદિ ગતિના બિલાડી વગેરેના જીવન મળે છે ત્યારે ફરી હિંસાદિ ઘોર પાપો જ કરીને તે આત્મા નારકાદિ દુર્ગતિમાં ચાલ્યો જાય છે.

પુણ્યાનુબંધી પાપકર્મ ખરાબ ઘરમાંથી સારા ઘરમાં જતા માણસ જેવો પુણ્યાનુબંધી પાપકર્મનો બંધક આત્મા છે. ભૂતકાળના જીવનમાં આત્મા ધર્મ તો એવો જ કરે કે જેમાં અર્થકામાદિના આશયનો અંશ પણ ન હોય પરંતુ એ ધર્મ કષાયાદિના કોઈ ભાવથી થોડો ઘણો ખરડાઈ જઈને શુદ્ધ ન રહેતાં શુદ્ધાશુદ્ધ બની જાય તો તેનાથી પાપકર્મનો બંધ થાય. એટલે તિર્યંચાદિ અશુભગતિ પ્રાપ્ત થાય. પરંતુ એ ગતિમાં એ આત્માને સદ્ધર્મની સુંદર પ્રાપ્તિ અવશ્ય થઈ જાય; કેમકે એણે જે શુદ્ધાશુદ્ધ ધર્મ કર્યો હતો તેની પાછળ અર્થકામાભિલાષ તો ન જ હતો એથી જ એ શુદ્ધાશુદ્ધ ધર્મથી પુણ્યાનુબંધી પાપકર્મનો બંધ પડ્યો હતો.

ચંડકૌશિક સર્પના પ્રપૂર્વ જીવનમાં એ આત્મા તપસ્વી સાધુ હતો. એનો તપ કોઈ પણ અર્થકામના આશયથી ખરડાયેલો ન હતો. પણ છતાં એનામાં જે ક્રોધની અતિ માત્રા હતી તેણે તેના ધર્મને બાજુ ઉપર હડસેલી દઈને પાપકર્મનો બંધ કરાવી દીધો. એથી તે

ચંડકૌશિક બન્યો. પરંતુ એ પાપકર્મ પુણ્યાનુબંધી હતું માટે જ તેવી ગતિમાં પણ તેને પરમાત્મા મહાવીર ભેટી ગયા અને તેનું જીવન ધન્ય બની ગયું.

પુણ્યાનુબંધી પાપકર્મના આ ભોગામાં ક્રોધાદિ પાપની જ પ્રધાનતા છે છતાં એ ક્રોધાદિ ભાવ સાથે ધર્મ વણાયેલો છે માટે ગ્રન્થકારે કહ્યું છે કે, એ આત્માઓ સુધર્મ કરીને પુણ્યાનુબંધી પાપકર્મનું ઉપાર્જન કરે છે. ઉપચારથી આ રીતે કહેવાય એમાં કશું ખોટું નથી. (૪)

ટીકાકાર મહર્ષિની સાથે ચાલવાનું મુલતવી રાખીને પ્રસંગતઃ આપણે કેટલીક જરૂરી વિચારણા કરી લઈએ.

ચાર પ્રકારની માખી ઉપર ભેદ ઘટના કર્મના જે ચાર પ્રકાર ગ્રન્થકારશ્રીએ કહ્યા અને તેને જે દૃષ્ટાન્તથી સમજાવ્યા તેમ બીજી રીતે પણ એ ચાર પ્રકાર સમજાવી શકાય. આપણે માખી ઉપર એ ઘટના કરીએ.

એક માખી એવી છે જે સાકરના ઢગલા ઉપર બેઠી છે. સાકરનો રસ લૂંટવો હોય એટલો મોજથી લૂંટે છે અને મોજથી ઊડી જાય છે.

બીજી માખી મધના કુંડમાં પડીને ચોંટી ગઈ છે. જે મોજથી મધરસ તો માણે છે પણ ચોંટી જવાથી તરફડીને મરે છે. ઊડી જવાની તો વાત જ ક્યાં રહી !

ત્રીજી માખી લીંટના ઢગલા ઉપર પડી છે જે ત્યાં ચોંટી ગઈ છે. નથી તેને મધુરરસ માણવાની મોજ; નથી તેની પાસે ઊડી જવાનું સદ્ભાગ્ય; બે ય રીતે ખતમ થઈ ગયા છે.

ચોથી માખી પથ્થરની શિલા ઉપર બેઠી છે, જે ભલે કોઈ મધરસની મોજ માણી શકતી નથી પરંતુ ઊડી જવાનું સૌભાગ્ય તો એની પાસે અકબંધ પડ્યું છે.

પૂર્વોક્ત ચાર પ્રકારના કર્મવાળા જીવો ચાર માખી જેવા છે.

(૧) પુણ્યાનુબંધી પુણ્યનો સ્વામી–સાકારના ઢગલે બેઠેલી માખી જેવો :

પુણ્યના ઉદયમાં મોજ, અને અનાસક્તિના કારણે સદ્ગતિમાં ઊડી જવાનું સૌભાગ્ય અબાધિત.

(૨) પાપાનુબંધી પુણ્યનો સ્વામી–મધના કુંડમાં પડેલી માખી જેવો :

પુણ્યના મધરસની મોજ જરૂર માણી શકે પણ સદ્ગતિમાં ઊડી જવાનું સૌભાગ્ય તો મરી પરવારેલું જ હોય.

(૩) પાપાનુબંધી પાપનો સ્વામી–શ્લેષ્મમાં પડેલી માખી જેવો :

પાપના ઉદયકાળમાં કોઈ સુખ નહિ અને હાયવોય કરવાના કારણે સદ્ગતિમાં જવાનું સૌભાગ્ય પણ નહિ.

(૪) પુણ્યાનુબંધી પાપનો સ્વામી : પથ્થરની શિલા ઉપર બેઠેલી માખી જેવો :

પાપના ઉદયમાં ભલે સાંસારિક સુખની અનુભૂતિ ન પામે પણ છતાં ચિત્તશાન્તિ રાખવાના કારણે સદ્ગતિમાં જવાનું સૌભાગ્ય તો અબાધિત જ રહે.

ભગવાન વીરના જ સમકાલીન આત્માઓમાંથી આપણે આ ચારે ય પ્રકારના આત્માઓ શોધી કાઢીએ.

પુણ્યાનુબંધી પુણ્યનો સ્વામી : શાલિભદ્ર.
પાપાનુબંધી પુણ્યનો સ્વામી : મમ્મણ શેઠ.
પાપાનુબંધી પાપનો સ્વામી : કાલસૌરિક કસાઈ
પુણ્યાનુબંધી પાપનો સ્વામી : ચંડકૌશિક સર્પ.

શાલિભદ્ર પૂર્વજીવનમાં એ સંગમક નામનો ગરીબ માતાનો દીકરો હતો. એક વાર રોઈ રોઈને માતા પાસે ખીર તૈયાર કરાવી. રડતાં બાળકની દયાથી પ્રેરાઈને પડોશીઓએ ભેગા થઈને ખીર માટેની બધી સામગ્રી એની માતાને આપી ત્યારે જ ખીર બની. કેવી હશે ગરીબી ! થાળીમાં ખીર નાંખી આપીને મા બહાર ગઈ! 'ખીર

જરા ઠરે કે ખાઉં ! ધરાઈ ધરાઈને ખાઉં !' એ વિચારમાં સંગમક મસ્તાન હતો. એ જ વખતે મહાતપસ્વી મુનિને એણે જોયા. એમને જોતાં જ સંગમકનું અંતર ઊંડા વિચારમાં ગરકાવ થઈ ગયું.

રે ! આવી અદ્‌ભુત ખીર ! મને વળી કયારે ફરી મળવાની ?

અને એથી ય અદ્‌ભુત આ મહાતપસ્વી મુનિરાજ ! ફરી કયાં મારા હાથમાં આવવાના છે ?

અને એથી ય અદ્‌ભુત તો મારા અંતરમાં જાગેલો ભાવ.... એમની ભક્તિ કરવાનો ! ફરી કયારે જાગવાનો છે ?

ત્રણેય અદ્‌ભુત ! બસ ત્યારે અદ્‌ભુતથી અદ્‌ભુત જ ભક્તિ થઈ જવા દે !' સંગમકે દોટ મૂકી. મુનિરાજને પોતાની ઝૂંપડીમાં લઇ આવ્યો. ઊછળતા ભાવે એણે આખી ય થાળી મુનિના પાત્રમાં ઊંધી વાળી દીધી ! બસ બસ કરતાં મુનિરાજ જોતાં જ રહ્યા, એ ગરીબ બાળકના અમીર મનને !

હવે રહી'તી થાળીને ચોંટી રહેલી ખીર માત્ર ! સંગમક એને ચાટવા લાગ્યો ! " અહા ! કેવી અદ્‌ભુત મીઠાશ ! " એ બોલી ઊઠ્યો.

" મેં કેટલું સુંદર કામ કર્યું ? આ જન્મારો સફળ થઈ ગયો આવી સુંદર ચીજ ! સુંદર પાત્ર ! સુંદર ભાવ ! અનોખો ત્રિવેણી સંગમ ! " પાત્રદાનનો ધર્મ તો સંગમકે કર્યો પણ એની ખૂબ ખૂબ અનુમોદના કરી. ધર્મે, પુણ્યકર્મ બાંધી આપ્યું. એ પ્રચંડ અનુમોદનાએ પુણ્યનો અનુબંધ પણ તૈયાર કરી આપ્યો.

માટે જ એ સંગમક પુણ્યના બંધે સંગમક મટીને શાલિભદ્ર થયો.

માતા ભદ્રાનો લાડકવાયો લાલ થયો. પિતા ગોભદ્રના દીર્ઘ સ્નેહનું પાત્ર બન્યો. દૈવી સુખોનો ભોકતા બન્યો. રૂપસુન્દરીઓનો સોહામણો પ્રિયતમ બન્યો ! મગધના નાથ શ્રેણિકના પણ પ્રેમનું પાત્ર બન્યો. હા, પુણ્યના બંધે તો આવા અનેક ચમકારા દાખવ્યા.

પણ પુણ્યના અનુબંધે તો એ વૈભવી ચમકારાઓને સાવ ઝાંખા પાડી દે એવો ઝબકારો કર્યો !

સાંસારિક સુખોની સામગ્રીના ખડકલા ઉપર બેઠેલા શાલિભદ્રને અનાસક્ત યોગી બનાવી દીધો ! વૈભવોના ચમકારા એની પાછળ ભમતાં રહ્યા તો પેલા અનાસક્તિના ઝબકારાએ એમને એકાએક લાત મરાવીને હડસેલી મૂક્યા. પુણ્યના બંધે સંગમકને ભોગી બનાવ્યો. પુણ્યના અનુબંધે સંગમકને અનાસક્ત યોગી બનાવ્યો !

લોકો એના ભોગોના ચમકારે અંજાય છે ! પણ અંજામણ તો એ ભોગો વચ્ચેની અસ્ખલિત અનાસક્તિના ઝબકારમાં જ કરવા જેવી છે.

મમ્મણ શેઠ જન્માન્તરમાં મમ્મણશેઠનો આત્મા શ્રાવક હતો. એક વખત એણે ઠીક ઠીક ધનવ્યય કરીને મહામૂલા સિંહકેસરીઆ મોદક તૈયાર કરાવ્યા.

મોદક ભરેલો થાળ પડ્યો હતો ત્યાં જ એક મહાતપસ્વી મુનિરાજ પધાર્યા. એ શ્રાવકને ભક્તિનો ભાવોલ્લાસ જાગી ગયો અને એણે આખો ય થાળ મુનિના પાત્રમાં ઊંધો વાળી દીધો ! મુનિરાજ 'ધર્મલાભ'ના આશીર્વાદ આપીને ચાલ્યા ગયા.

થાળમાં પડેલાં મોદકના કણિયા પેલા શ્રાવકે મોંમાં મૂક્યા. મોદક કેવાં તૈયાર થયા હતા તે જાણવા માટે જ. પણ એ મધરસનાં આસ્વાદમાં જ એ શ્રાવકની મતિ બગડી. "અરરર ! મેં આ શું કર્યું ! આવી સુંદર ચીજ મુનિને આપી દીધી ! બધી જ ! કશું ય બાકી ન રાખ્યું ! કાંઈ નહિ. આ જાય મુનિ ! હમણાં પકડી પાડું અને મોદક પાછા લઉં !"

શ્રાવક દોડ્યો. મુનિને પકડ્યા. ખૂબ જીદ કરી. 'મોદક પાછા આપો....જો નહિ આપો તો તમને તો નહિ જ જાવા દઉં."

મુનિ પરિસ્થિતિ પામી ગયા. એને સમજાવવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો. છેવટે એ બધા મોદક એના દેખતાં જ ધૂળમાં મેળવી દીધા. ભારે કલ્પાન્ત કરતો શ્રાવક ઘર ભણી પાછો ફર્યો.

શાલિભદ્રના અને મમ્મણના પૂર્વભવના પ્રસંગમાં કેટલું બધું સામ્ય છે ? પણ ફરક પડી ગયો ધર્મ કર્યા પછીની પળોમાં ! એકે ધન્યતા માની. બીજાએ ભારે ભૂલ થઈ ગયાનું માન્યું.

એક જ નગરના બે ય નાગરિકો બન્યા. એક બન્યો શાલિભદ્ર બીજો બન્યો મમ્મણ. સંભવ છે શાલિભદ્ર કરતાં મમ્મણની સંપત્તિ કદાચ વધુ પણ હોય.

હા, કદાચ તેમ હોઈ શકે કેમકે મમ્મણે મૂલ્યવાન્ સિંહકેસરિયા મોદકનું દાન કર્યું હતું ને ? શાલિભદ્રે તો માત્ર ખીરનું ! જેવું દ્રવ્ય તેવી સંપત્તિ મળી હોય તો તે અસંભવિત નથી. પરંતુ શાલિભદ્રના અનુમોદનાના ભાવે એને સંપત્તિનો અનાસક્ત ભોગી બનાવ્યો. જ્યારે મમ્મણના પશ્ચાત્તાપના તીવ્ર ભાવે તેલ ચોળા ફોકનારો અને મહા માસની કડકડતી ઠંડીમાં ય તણાઈ આવતાં લાંકડા લેવાં માટે નદીમાં ભૂસકો મારતો મમ્મણ બનાવ્યો.

પુણ્યાનુબંધી પુણ્યનો ભોક્તા શાલિભદ્ર હતો.

પાપાનુબંધી પુણ્યનો ભોક્તા મમ્મણ હતો. માટે જ પુણ્યના અનુબંધથી પ્રાપ્ત થયેલી અનાશક્તિએ શાલિભદ્રને સર્વાર્થસિદ્ધ વિમાન દેખાડી દીધું, જ્યારે પાપના અનુબંધથી પ્રાપ્ત થયેલી કારમી ધનાસક્તિએ મમ્મણને સાતમી નારક બતાવી દીધી !

શાલિભદ્ર અને ધન્નાજી–બેયની ભેગી સંપત્તિથી ય કદાચ વધુ સંપત્તિ હશે; એકલા મમ્મણશેઠની. છતાં પરાપૂર્વથી દિવાળીના દિવસે ચોપડામાં 'ધન્ના–શાલિભદ્રની જ ઋદ્ધિ હોજો' લખાય છે. મમ્મણની ઋદ્ધિને કોઈ ઇચ્છતું નથી. આ રિવાજ પણ ખૂબ બુદ્ધિપૂર્વકનો જણાય છે. જૂના જમાનાના ધર્માત્માઓ સમજતા હતા કે સંપત્તિ માંગવા જેવી વસ્તુ જ નથી છતાં માંગવી જ પડે તો ધન્ના–શાલિભદ્રની જ માગવી કે જે પાપો ન કરાવતાં એને પણ લાત મારીને ચાલી નીક-

ળવાની સમૃદ્ધિ આપે. મમ્મણની એ અતિ વિપુલ સમૃદ્ધિ પણ શા કામની કે જે ભોગવીય ન શકાય અને છોડી ય ન શકાય! જેના દર્શન માત્રથી ક્રૂર પાપકર્મોના બંધ થાય!

પુણ્યાનુબંધી પુણ્યકર્મ આધ્યાત્મિક વિકાસમાં ખૂબ જ જરૂરી છે. મોક્ષપદ પામવા માટે માનવજન્મ, આર્યકુળ, જૈન ધર્મ, ધર્મશ્રવણ, સદ્‌ગુરુ યોગ, તપ કરવા માટે સશક્ત શરીર વગેરે વગેરે; એટલી બધી વસ્તુઓની જરૂર પડે છે જે પુણ્યથી જ પ્રાપ્ત થાય છે. મોક્ષ માટેની સરાગ સાધના એવી વસ્તુ છે કે તેનાથી પાપકર્મનો ક્ષય થતો જાય અને પુણ્યકર્મનો બંધ થતો જ જાય. આથી જ એ પુણ્યના ક્ષય માટે દેવાદિ સદ્‌ગતિમાં સાધકે જવું પડે છે, ત્યાર પછી પણ તેનું પુણ્ય તેને મનુષ્ય ગતિ, મહાવિદેહક્ષેત્ર, દેવાદિયોગ વગેરે આપે છે. અને વળી પાછી અવશિષ્ટ પાપકર્મોના નાશની સાધનાનો હોમ શરૂ થાય છે. પાપનો હવન અને પુણ્યનો યજ્ઞ એ જ મોક્ષમાર્ગની સાધના છે.

હવે પ્રશ્ન એ થાય કે પાપ તો પુણ્યની સામગ્રી મેળવીને ખતમ કરવામાં આવે પણ તે વધતું જતું પુણ્ય શી રીતે ખતમ થાય?

આનું સમાધાન એ છે કે પુણ્ય આપમેળે દૂર થઈ જાય છે. છેલ્લે ક્ષપકશ્રેણીના દારુણ ધ્યાનાગ્નિમાં નિકાચિત કર્મોનો પણ દાહ થઈ જાય છે.

પુણ્યકર્મની ઉપમાઓ પુણ્યકર્મ વળાવા જેવું છે. વળાવો કરનાર માણસ બીજા માણસને વળાવીને ચાલ્યો જાય પછી એને વળાવવો ન પડે.

પુણ્યકર્મ દિવેલ જેવું છે. પાપકર્મ જેવી આટાતુલ્ય ચોંટનારી ચીજને એ ધક્કો મારીને કાઢે અને પછી પોતે આપમેળે સોંસરું નીકળી જાય. ચોંટનારી ચીજને કાઢવા બીજી ચીજની જરૂર પડે પણ તે બીજી ચીજ ચોંટનારી ન હોય તો તે આપોઆપ નીકળી જાય.

પુણ્યકર્મ ગાંડા બાવળિયા જેવું છે. ક્ષારવાળી થઈ ગયેલી સેંકડો એકર જમીનને ક્ષારવિહોણી કરીને ખેતીલાયક બનાવવા માટે ગાંડો

બાવળિયો વાવવામાં આવે છે. એ ગાંડો એટલા માટે કહેવાય છે કે આપમેળે તે સેંકડો માઈલમાં વ્યાપતો જાય છે. આ બાવળિયાનું કામ જમીનનો ખાર ચૂસી લેવાનું. જ્યાં એ બાવળિયો ફેલાય ત્યાંની જમીન ખારવિહોણી બનીને ખેતીલાયક બની જાય. પણ હવે પ્રશ્ન એ થાય કે ખેતી કરવી જ કયાં ? ખાર દૂર કરવા જતાં સર્વત્ર એ બાવળિયો જ વ્યાપી ગયો છે તેનું શું ? પણ આ પ્રશ્નનું સમાધાન રાજ્યકર્મચારી લોકોને શોધવા જવું પડતું નથી. એક જ ચિનગારી ચાંપતા બાવળિયાના ઝૂંડે ઝૂંડ બળીને ખાખ થવા લાગે છે. બધા ય બાવળિયા સાફ થઈ જાય છે. કેટલાક સમય બાદ એ જમીન ખેતીના ઉપયોગમાં આવી જાય છે.

આત્માના ખેતરમાં પાપવાસના અને પાપકર્મોના ક્ષાર ભર્યા છે. તેને સાફ કરવા પુણ્યકર્મના બાવળિયા ઉઘાડવા જ રહ્યા. પાપ સાફ થઈ જાય અને પુણ્યના બાવળિયા ભલે વધી જાય. ક્ષપકશ્રેણીની આગ ભભૂકી ઊઠતાં જ એ બાવળિયા બડથું થઈને રાખ થઈ જવાનાં છે. એની તો ચિંતા જ કરવી નહિ.

આમ પુણ્યકર્મ તો પાપના પગ તોડી નાંખવા માટે ખૂબ જરૂરી છે. આથીસ્તો મંત્રાધિરાજ નમસ્કારનું ફળ 'સર્વપાપકર્મનો નાશ' કહ્યો છે. સર્વ પુણ્ય–પાપકર્મનો નાશ નથી કહ્યો. એકવાર સર્વપાપકર્મનો નાશ થાય પછી પુણ્યનાશ તો બચ્ચાના ખેલ જેવી વાત છે.

પુણ્યાનુબંધી પુણ્યકર્મ ખરી–સગી–માતા જેવું છે. એની મોટામાં મોટી ખૂબી જ એ છે કે એના ઉદયકાળમાં સંસારની સર્વોત્કૃષ્ટ સામગ્રીઓ પ્રાપ્ત થવા છતાં એનો ભોક્તા આત્મા એમાં પાગલ ન બની જાય– લીન ન બની જાય. એ અનાસક્ત રહે, ઉદાસીન રહે, વિરાગી રહી જાય.

ખરી મા તે જ કહેવાય કે જે બાળકને પીપરમીંટ બતાવે અને પછી બાંસી વગરે ન થઈ જાય તેની પૂરી કાળજી કરે.

રે ! પાપનો પણ ઉદય કાં ન હોય ! જો તે પાપકર્મ પુણ્યાનુબંધી હોય તો પાપના ઉદયકાળમાં એ જીવને હાયવોય ન કરાવે, એને દીન-હીન ન બનાવે; બલકે પાપકર્મના ઉદયથી આવેલી આપત્તિઓને

હિંમતથી લડત આપવાની તાકાત આપે. એને ખૂબ જ શાન્ત, સ્વસ્થ અને પ્રસન્ન રાખે. જેવી પ્રસન્નતા કદાચ સુખી દેખાતા માણસમાં ય ન હોય.

દૂંકમાં, શું દુઃખમાં કે શું સુખમાં એ પુણ્યના અનુબંધ-વાળા આત્માઓ દુઃખી–સુખી હોવા છતાં એમાં દીન કે લીન હોતા નથી. તેઓ દુઃખી હોય તો દુષ્ટ નથી બનતા 'સારા' જ રહે છે. સુખી હોય તો ઉદ્દણ્ડ નથી બનતા પણ 'સારા' જ રહે છે.

દુઃખ કે સુખ તો પાપ કે પુણ્યકર્મના બંધથી પ્રાપ્ત થાય છે પરંતુ તેમાં સારાપણું–સૌજન્ય તો પુણ્યના અનુબંધથી જ પ્રાપ્ત થાય છે.

દુઃખી એવો સારો માણસો પુણ્યાનુબંધી પાપકર્મના ઉદયવાળો કહેવાય, જ્યારે સુખી એવો સારો માણસ પુણ્યાનુબંધી પુણ્યકર્મના ઉદયવાળો કહેવાય.

અનુબંધથી પાપાનુબંધી પુણ્યકર્મના ઉદયવાળો આત્મા ખરાબમાં **સારા–ખરાબપણું** ખરાબ બનીને પણ સુખી બનવાના પ્રયત્નમાં રચ્યો પચ્યો રહે છે; જ્યારે પુણ્યાનુબંધી પાપકર્મના ઉદયવાળો આત્મા સારો રહેવા જ પ્રયત્નશીલ બની રહીને દુઃખી રહેવાનું પસંદ કરી લે છે.

આજના જગતના લગભગ બધા સુખી જીવોની સુખી બનવાની જ એક તમન્ના જોતાં, અને તે માટે ગમે તેવા ખરાબ બનવાની પ્રવૃત્તિ જોતાં સખેદ જણાવવું પડે કે એ લોકો પાપાનુબંધી પુણ્યના ઉદયવાળા આત્મા જ કહી શકાય.

અન્યાય, અનીતિ આદિનો પડછાયો પણ ન લઈને સારા જ બની રહેનારા; અને એ માટે રોટલા–છાશના ભોજનનું દુઃખ પણ હસતે મોંએ વધાવી લેનારા માણસો આજની દુનિયામાં બહુ મુશ્કેલીએ જડે તેમ છે.

આ જ કારણે યોગશાસ્ત્રમાં શ્રાવકની ભાવના વર્ણવતાં કહ્યું છે ને કે, "જિનધર્મ મળતો હોય—સૌજન્ય મળતું હોય તો ઝૂંપડું ય મંજૂર છે! અને જિનધર્મ ન મળતો હોય તો ચક્રવર્તીનું સિંહાસન પણ નામંજૂર છે."

જો પુણ્યનો જ ઉદય પ્રાપ્ત થતો હોય તો તે પુણ્યના અનુબંધવાળો જ હોવો જરૂરી છે, નહિ તો પછી પાપનો જ ઉદય સારો કે જે પુણ્યના અનુબંધને લીધે દુઃખીજીવનમાં સદાચારી તો બનાવી રાખે.

જિનશાસનમાં સુખ, દુઃખનું મહત્ત્વ નથી, બંગલા કે ઝૂંપડાંનું મૂલ્ય નથી. ગમે તે પ્રાપ્ત થાઓ પણ તેમાં લીનતા-દીનતા વિનાનું 'સારાપણું' તો અવશ્ય પ્રાપ્ત થવું જરૂરી મનાયું છે.

સુખની સામગ્રીમાં પાગલ ન બનવું : લીન ન બનવું : સ્વાત્મા, પરાત્મા અને પરમાત્માનું દર્શન કરવામાં અંધ ન બની જવું એ જ મહત્ત્વની વસ્તુ છે. સુખ ભલે મળો, સુખસામગ્રી ભલે મળો, સુખી ભલે થાઓ; એનો હજી એટલો વાંધો નથી પરંતુ સુખમાં પાગલ બનીને એમાં લીન થઈ જાઓ એ પરિસ્થિતિને તો જિનશાસન ખૂબ જ હેય માને છે. મિથ્યાત્વનું એ જ નગ્ન નૃત્ય જણાવે છે. માટે જ સુખી માણસે લીનતામુક્ત બનવું જોઈએ. આવી લીનતામુક્તિ વિના સુખી માણસ સારો તો નહિ જ બની શકે. સુખમાં પાગલ બની જનારો સારો તો શું બને? પણ વધુમાં વધુ ખરાબ બને એ જ શક્ય છે. માટે જિનશાસનને 'સુખી' નામંજૂર નથી જો તે સારો હોય તો....હા....ખરાબ બનીને સુખીનું જીવન જીવનારો જરૂર નામંજૂર છે. જેવું સુખીઓની દુનિયા માટે આવું વિધાન છે તેવું દુઃખી (દુઃખસામગ્રીમાં રહેતા)ઓની દુનિયા માટે પણ એક વિધાન છે. દુઃખી માણસો દુઃખમાં હાયવોય કરે, દીનતા લાવી દે તે સ્થિતિ પણ મંજૂર કરી શકાય તેમ નથી. દુઃખ જરૂર મંજૂર બની શકે પરંતુ એની દીનતા તો જરાય મંજૂર કરી શકાય નહિ; કેમકે દુઃખમાં દીન

બની જનારો માણસ પોતાના જીવનને ગમે તેવા ખરાબ રસ્તે ચડાવી દેવા સુધીનું દુઃસાહસ કરી દે એ અત્યન્ત સંભવિત છે. દુઃખ ભલે હોય પણ તેથી માણસે દીન બનીને ખરાબ તો ન જ બની જવું જોઈએ.

ટૂંકમાં, માણસ દુઃખી ભલે હોય કે સુખી ભલે હોય પરંતુ તેણે કોઈ પણ સ્થિતિમાં ખરાબ તો ન જ બનવું જોઈએ.

આ સ્થિતિ આપમેળે આવી જતી નથી. બેશક ગમે તે સ્થિતિમાં 'સારા' બની રહેવા માટે સુંદર પુરુષાર્થની તો જરૂર છે જ; પરંતુ કોઈ પણ કાર્યમાં કર્મ વગેરેની પણ સમવાયી કારણતા હોય છે. એટલે અંતે પણ પુણ્યના અનુબંધની કારણતા જરૂરી રહે છે. પાપકર્મના બંધથી ઉદયકાળે માણસ દુઃખી થાય છે, પુણ્યકર્મના બંધથી ઉદયકાળે માણસ સુખી થાય છે. પરંતુ એ બન્ને ય સ્થિતિમાં સારાપણું પુણ્યના અનુબંધથી જ આવે છે અને ખરાબપણું પાપના અનુબંધથી પ્રાપ્ત થાય છે.

શાસ્ત્રબાધિત અશુભક્રિયાથી પાપકર્મનો જ બંધ પડે પરંતુ એ અશુભક્રિયાની પાછળ અંતરમાં વલોપાત હોય, ત્રાસ હોય તો અનુબંધ પુણ્યકર્મનો પડે. તેમ શાસ્ત્રોક્ત શુભક્રિયાથી સામાન્યતઃ પુણ્યકર્મનો બંધ પડે. પરંતુ તેની પાછળ જો સુંદર વીર્યોલ્લાસ હોય તો અનુબંધ પણ પુણ્યનો પડે, અને જો અંતરમાં કકળાટ હોય, પશ્ચાત્તાપ વગેરે અશુભ ભાવો હોય તો અનુબંધ પાપનો જ પડી જાય.

આમ પુણ્યપાપકર્મના બંધથી તો સુખદુઃખ જ આવે પરંતુ એમાં રહીને એ આત્મા સારો બની રહેશે કે ખરાબ બની જશે એ વાતનો આધાર તો એણે પૂર્વે તૈયાર કરેલા પુણ્યપાપના અનુબંધ ઉપર જ રહે છે.

અનુબંધે શાન્તિ કે અશાન્તિ

સુખમાં લીનતાનો અભાવ એ જ સુખી જીવનની શાન્તિ છે. દુઃખમાં દીનતાનો અભાવ એ જ દુઃખીજીવનની શાન્તિ છે. શાન્ત ગમે તે સ્થિતિમાં સુખી છે. અશાન્ત ગમે તે સ્થિતિમાં દુઃખી છે. શાન્ત દુઃખમાં ય સુખી, અશાન્ત સુખમાં

ય દુઃખી. મહત્ત્વનું સુખ નથી પણ શાન્તિ છે, ચિન્તાજનક દુઃખ નથી પણ અશાન્તિ છે.

આ વિચાર કરતાં એમ લાગે છે કે જો સુખ-દુઃખ મહત્ત્વના નથી તો એના સર્જક પુણ્ય કે પાપકર્મના બંધમાત્ર પણ મહત્ત્વના નથી.

જો શાન્તિ-અશાન્તિ જ વિચારણીય બાબતો છે તો એના સર્જક પુણ્ય-પાપના અનુબંધો જ વિચારણીય છે. ભલે કદાચ ન છૂટકે પાપકર્મ કરવું પડે પરંતુ એમાં ય મનને દુભાયેલું રાખીને અનુબંધ તો પુણ્યનો જ પાડવો જોઈએ. એ રીતે જે કાંઈ શુભકર્મ કરવામાં આવે તે અત્યન્ત ઉલ્લસિતભાવથી જ કરવું જોઈએ, નહિ તો પુણ્યનો અનુબંધ પડે નહિ. મુનીમ પાસે શેઠ ચોપડો ખોટો લખાવીને પાપકર્મનો બંધ કરવાની ફરજ પાડી શકે છે, પત્ની પાસે અભક્ષ્ય વસ્તુ બનાવરાવીને પતિ તેને પાપકર્મનો બંધ કરવાની ફરજ પાડી શકે છે પણ એ શેઠ કે પતિ પાપકર્મના અનુબંધ પાડવાની ફરજ પાડી શકતો જ નથી. એ એમ તો કહી શકે જ નહિ કે જે પાપકર્મ તમારી પાસે કરાવવામાં આવે છે તે મનની ખૂબ પ્રસન્નતા સાથે જ કરવું પડશે." ના, જરા ય નહિ.

મુનીમ રડતા અંતરથી પણ ખોટો ચોપડો લખી શકે છે અને પત્ની રોતી આંખે પણ અભક્ષ્ય વસ્તુ બનાવી શકે છે. જો આમ થાય તો બંધ પાપકર્મનો પડવા છતાં અનુબંધ પાપકર્મનો ન જ પડે.

વસ્તુતઃ ધર્મ મનના પરિણામ ઉપર છે. ભાવી સુખ દુઃખની સફળતા પણ તેની ઉપર જ છે. એટલે બંધ કરતાં અનુબંધની ચિંતા જ ખૂબ મહત્ત્વની બની રહે છે.

જે આત્માઓ પાપાનુબંધી પુણ્યકર્મનો બંધ કરે છે તેઓ ભલે કદાચ અનીતિ આદિ પાપો કરીને મોજથી જીવી જશે પરંતુ એમની પાસે અનુબંધ પુણ્યનો નથી એટલે મળેલી પુણ્યસામગ્રીમાં 'અલીન' ન રહી શકવાના કારણે મૃત્યુ તો મોજથી [સમાધિથી] પામી શકે જ નહિ.

મોજથી મરવા માટે મોજનું જીવન આવશ્યક નથી પરંતુ શાન્તિનું જીવન આવશ્યક છે. સુખી હોય તો તેણે સુખમાં અલીન બનવાની, શાન્તિ અને દુઃખી હોય તો તેણે દુઃખમાં અદીન બનવાની શાન્તિ પ્રાપ્ત કરવી જ રહી. પરંતુ આવી સ્થિતિનું નિર્માણ એણે જન્માન્તરમાં ઉપાર્જેલા પુણ્યપાપના બંધ સાથેના અનુબંધ ઉપર અવલંબે છે. જો અનુબંધ પુણ્યનો પાડયો હોય તો જ ગમે તે પ્રાપ્ત સ્થિતિમાં તે આત્મા અલીન–અદીન બનીને શાન્તિ પ્રાપ્ત કરી શકે.

આ રીતે જે આત્માઓ શાન્તિનું જીવન જીવે છે તે જ આત્માઓ પ્રાયઃ શાન્તિથી મરી પણ શકે છે.

મૃત્યુ સમયની શાન્તિનું મૂલ્ય પણ ઘણું મોટું છે; કેમકે એ સમાધિ ઉપર જ એની સદ્ગતિનું નિર્માણ થાય છે અને એવી અનેક સદ્ગતિઓ ઉપર જ મુક્તિનું નિર્માણ થાય છે.

આમ મુક્તિ માટે સદ્ગતિ, સદ્ગતિ માટે મૃત્યુ વખતની સમાધિ અને એ સમાધિ માટે જીવનમાં શાન્તિ અપરિહાર્ય કારણરૂપ બની રહે છે.

સુખદુઃખના જીવનની એ શાન્તિ [સ્થિતપ્રજ્ઞતા] પ્રાપ્ત થાય છે ક્રિયાત્મકધર્મ–જન્ય કર્મબંધથી નહિ પરંતુ ભાવાત્મક ધર્મજન્ય કર્માનુબંધથી જ.

આથી જ આધ્યાત્મિક વિકાસના વિરાટ વર્તુળનું અતિ સૂક્ષ્મ મધ્યબિન્દુ તો તે ભાવાત્મક શુભ મન જ છે કે જે ગમે તેવી પુણ્યપાપની બાહ્યક્રિયામાં અનુબંધ તો પુણ્યનો જ પાડી દઈને શાન્તિ, સમાધિ, સદ્ગતિ અને મુક્તિનું અમોઘ દાન કરે છે.

નિકાચિત કર્મના અનુબંધ નિકાચિત ન પણ હોય. વળી બીજી મહત્ત્વની વાત એ છે કે કયારેક આત્મા કર્મના નિકાચિત બંધ કરી નાંખે છે ત્યારે તે કર્મબંધો ઉદયમાં લાવ્યા વિના છૂટતા જ નથી. કેમકે નિકાચિત બંધ ઉપર આઠમાંથી કોઈ પણ કરણ લાગુ થઈ શકતું જ નથી.

પરંતુ અનુબંધની વાત આથી ઊલટી જ છે. આ વાત આપણે પૂર્વે પણ વિચારી ગયા છીએ કે નિકાચિત કર્મના બંધ ન તૂટવા છતાં કયારેક એના અનુબંધો તૂટી જાય છે એમ ઉપમિતિકારે કહ્યું છે. ત્રિપૃષ્ટ વાસુદેવના ભવમાં ભગવાન મહાવીરદેવના આત્માએ કાનમાં ધગધગતા સીસાનો રસ રેડાવીને પાપાનુબંધી પાપકર્મ નિકાચિત કર્યું હતું. તે નિકાચિત કર્મબંધ હતો માટે નંદન ઋષિના પચ્ચીસમા ભવની ઘોરતમ સાધનાના ઝપાટામાં ય ન આવ્યો અને એથી સત્તાવીસમા ભવે એ કર્મ પૂરા જોશથી ઉદયમાં આવ્યું અને કાનમાં ખીલ્લા ઠોકાઈ ગયા ! પરંતુ એ વખતે પરમાત્માએ દુર્ધ્યાન ન કર્યું ! વસ્તુતઃ એ પાપકર્મ પાપાનુબંધી હતું એટલે એના ઉદયમાં દુર્ધ્યાન થવું જોઈતું હતું પરંતુ પરમાત્માએ પૂર્વે જ તપત્યાગની ઘોરતમ સાધનાથી એ અનુબંધ તોડી નાંખ્યો હતો એટલે જ નિકાચિત પાપકર્મનો બંધ ઉદયમાં આવ્યો પણ એનો પાપાનુબંધ નિષ્ફળ ગયો.

આ પણ કેટલી બધી ઉત્સાહજનક વાત છે! જન્માન્તરમાં નિકાચિત પાપકર્મોના બંધ આ આત્માએ કેમ નહિ કર્યા હોય ? એ કર્મબંધો તો સામાન્ય રીતે હવે ઉદયમાં આવ્યા વિના રહેનાર ન હોય તો ય શું ? વર્તમાન જીવનમાં અપૂર્વ સાધના કરી લેવામાં આવે તો એની પાછળ જે પાપનો અનુબંધ પણ પડ્યો હશે તે તો તૂટી જ પડશે ને ? આ ય કાંઈ નાનીસૂની સિદ્ધિ નથી. જો અનુબંધ તૂટી જાય તો એ બંધ ઉદયમાં આવીને ભારે સમત્વ સાથે ભોગવાઈને નિષ્ફળ બની જાય. મુક્તિના પરમધામે ટકોરા લાગી જ જાય.

ટૂંકમાં, સઘળી ચર્ચાનો સાર એ છે કે બંધ કરતાં અનુબંધ ખૂબ મહત્ત્વની વસ્તુ છે. સુખની કે દુઃખની સ્થિતિ કરતાં શાન્તિ–અશાન્તિ [ધર્મ–અધર્મ] જ વિચારણીય બાબત છે.

પુણ્યાનુબંધી પુણ્યનો સૈદ્ધાંતિક રીતે તો આપણે વિચાર કર્યો પરંતુ હવે વજ્રબાહુ કુમારનું શાસ્ત્રીય દૃષ્ટાંત લઈને પુણ્યાનુબંધથી પ્રાપ્ત થતી અનાસક્તિના જીવંત ઝબકારાનું મંગલમય દર્શન કરીએ.

રાજકુમાર વજ્રબાહુ એ હતા; વજ્રબાહુ નામના રાજપુત્ર.

ઇભવાહન રાજાની મનોરમા નામની પુત્રીનું પાણિગ્રહણ કરીને પોતાની રાજધાની તરફ જવા રથમાં જઈ રહ્યા હતા. સાથે નવોઢા મનોરમા અને વજ્રબાહુના સાળા ઉદયબાહુ હતા. માર્ગમાં પસાર થતાં એક નાનકડી ટેકરી આવી. રાજકુમાર વજ્રબાહુની નજર એની ટોચ ઉપર પડી. ત્યાં એક મુનિને ધ્યાનસ્થ જોયા. મુનિના મુખ ઉપર ઊભરાઈ ઊઠેલી અધ્યાત્મની લાવણ્યિમાને જોઈને વજ્રબાહુનો અન્તરાત્મા સ્વગત બોલી ઊઠ્યો, "કયાં આ મુનિનું લાવણ્ય અને કયાં આ મનોરમાનું સૌન્દર્ય ? સાચે જ આત્માના નિર્મળ તેજપુંજ પાસે દેહના મલિન લાવણ્ય તો બિચારા જ બની જાય તેમાં નવાઈ પણ શી છે ? ....હું તે વળી આ મેલાં-રૂપમાં કયાં ફસાઈ પડયો ?"

વજ્રબાહુએ મોટેથી સાળા ઉદયસુંદરને કહ્યું : "ઉદયસુંદર ! જુઓ....જુઓ....આ ઊંચે જુઓ, આપણી દુનિયા જ્યારે મોહમયી નિદ્રા તાણી રહી છે ત્યારે....જુઓ....પેલા મહાત્મા જાગી જઈને મોહરાજ સાથે ખૂનખાર જંગે ચડયા છે ! અહો ! એમની વીરતાની સૌમ્યતા તો જુઓ; એમના મુખ ઉપર ! એમના ખૂનખાર જંગની સક્રિયતાની નિષ્ક્રિયતા તો જુઓ એમના દેહ ઉપર ! એ જંગના કષાયની ક્ષમા તો જુઓ એમના નયનો ઉપર ! એ જંગે ચડેલા એમની સશસ્ત્રતાની અશસ્ત્રતા તો જુઓ ! કેવો અભાગીઓ છું ! સંસારના રાગોમાં રગદોળાઈ ગયો ! રે ! આ મુનિનાં દર્શન પાછા ફરતા થયા એ કરતાં અહીંથી જતી વખતે જ થઈ ગયા હોત તો ?

તો મારી જાતનું મેં જે પ્રદર્શન કર્યું છે તે ન થાત. મુનિનાં દર્શને આવું પ્રદર્શન ? અસંભવ ! અરે ! એ તો સમ્યગ્દર્શન જ હોત કે જે સચ્ચારિત્રના નિર્મળપંથે જવા માટેના મંગળફેરા પરમ-કૃપાળુ પરમાત્માની વેદિકાની ચોમેર અપાવતું હોત !

બે ય મંગળફેરા ! પણ એક મંગળ કરનારા અને બીજા અમંગળ કરનારા ! એકમાં મનોરમ આ મહાત્મા મારા જીવનસાથી બનત !

બીજામાં મનોરમા–મારી જીવનસંગાથિની બની ! હાય!....” એક લાંબો નિસાસો નાંખીને વજ્રબાહુ મૌન થઈ ગયા. મોં બોલી રહ્યું છે, કયા આડા હાથે કરી નાંખેલા પુણ્યે ચિંતામણિસમુ આ દર્શન મને પ્રાપ્ત થયું હશે ? ઘોર પાપોદયે મોહઘેલો બનેલો હું મનોરમાનું દર્શન કરતો'તો ત્યાં આ તે વળી કયો પુણ્યોદય જાગી પડ્યો ?”

“વજ્રબાહુ !” ઊંડી મથામણમાં પડેલા વજ્રબાહુને ઉદયસુંદરે સંબોધ્યા.

“કુમાર, શું કાંઈ દીક્ષા લેવાનો વિચાર ઉદ્ભવ્યો છે ?”

ભારે સ્વસ્થતા સાથે વજ્રબાહુએ કહ્યું : “હા, એવું જ કોઈ તોફાન મગજમાં ચાલી રહ્યું છે. પરમકૃપાળુ પરમાત્માનો જે સેવક હોય–પછી તે ઘરબારી કાં ન હોય ?–પણ એની ભાવના તો ઘરબાર ત્યાગવાની જ હોય ને ?

રોગી માત્રની ભાવના તો નીરોગી બનવાની જ હોય ને ?”

“તો વિલંબ કાં કરો ? शुभस्य शीघ्रम्. અને તમને એકલા નહિ મોકલી દઉં, હું ય સાથે આવીશ. બોલો, હવે કાંઈ વાંધો છે ?” ધડાકાની ભાષામાં બોલ્યા. તેના ઉદયસુંદરના મુખ ઉપર એક આભાહ દાવ ફેંકયાનો આનંદ ઊભરાઈ ગયો હતો. એનું મન હસતું કહેતું હતું કે હજી તો મારીબહેનના છેડા બાંધેલા છે, અને આ ભાઈને વિરાગની વાતોના ફડાકા મારવા છે ? એટલો સસ્તો હશે વિરાગ; એમ ? કાંઈ નહિ. એના દંભને હમણાં જ ઉઘાડો પાડી દઉં !

વજ્રબાહુએ સસ્મિત ગાંભીર્ય સાથે કહ્યું, “સાળાજી ! બહુ સારી વાત કરી તમે....ભલે ત્યારે. હવે જે બોલ્યા છો તે પાળજો. સજ્જનો એક વાર ઊંઘમાં ય જે બોલે તે જાગીને ય ફેરવી તોળતા નથી. તમે એવા જ સજ્જન છો ને ?”

“હા, હા, જરૂર, જરૂર, થઈ જાઓ તૈયાર !” ઉદયસુંદરે બેધડક કહી દીધું. હજી એમ જ સમજતો હતો કે બનેવી મને

બનાવી રહ્યો છે. પણ જગતના સાળાઓ બનેવીથી બની જાય એવું કદી બન્યું નથી. ભલે એ મારી સામે એના દાવ ફેંકવાની રમત રમતો રહે પણ હું ક્યાં કાચો ખેલાડી છું?

મનોરમા હળવા મનથી સાળા-બનેવીની વાતો સાંભળી રહી હતી. રસ્તો જલદી કાપવા માટે આવો હળવો વાર્તાવિનોદ ચાલ્યા કરે એમ તે સમજતી હતી.

વજ્રબાહુએ રથ થંભાવી દીધો. સહુને કહ્યું, "ચાલો. એ વિશ્વવન્દ્ય મુનિના ચરણનો સ્પર્શ કરીને આ જન્મારો સફળ કરીએ."

સહુ રથમાંથી ઊતરી ગયા. ધીમા ડગે પર્વત ઉપર ચડવા લાગ્યા. વજ્રબાહુના મનઃસંકલ્પની નિશ્ચલતા એની ચાલમાં દેખાવા લાગી. ઉદયસુંદરને એવો આભાસ થયો કે આ મોહઘેલા વજ્રબાહુની ચાલ નથી. આખી ચાલ જ જાણે બદલાઈ ગઈ છે.

જોયો ને પુણ્યાનુબંધી પુણ્યકર્મનો મહાપ્રભાવ! એ આત્માઓ ભોગમાં રહે ખરા પણ રમી ન જાય. ભોગ સેવે ય ખરા પણ અવસર મળતાં ફેંકી દેતાં એમને વાર પણ ન લાગે. એમને વૈરાગ્ય શબ્દ સાંભળતા વિરાગ જાગી જાય.

ઉદયસુંદર સઘળી પરિસ્થિતિ પામી ગયો. એણે તરત જ ગંભીર બની જઈને કુમાર વજ્રબાહુને કહ્યું, "કુમાર! મેં તો માત્ર ઉપહાસરૂપે આ વાત કરી છે હોં! જો જો કોઈ પગલું ભરી ન બેસતા! હજી તો મારી બહેનના છેડા બાંધેલા છે."

તરત વજ્રબાહુએ ઉદયસુંદરની જડતી લેતાં કહ્યું, "ડાહ્યા માણસની મશ્કરી પણ ખોટી તો ન જ હોય ને? હા, સત્ય પણ રમૂજનું વસ્ત્ર પહેરે એમાં ના નહિ! પરંતુ જૂઠને તો ડાહ્યો રમૂજથી પણ ન જ શણગારે ને?"

"પણ મારી બહેનનું શું?" ઉદયસુંદરે પેટની વાત કહી દીધી.

સસ્મિતગાંભીર્ય સાથે વજ્રબાહુએ કહ્યું, "તારી બહેનનું તો વળી બીજું શું હોય? હું પૂછું છું કે તારી બહેન કુલીન છે કે

અકુલીન ? જો કુલીન હશે તો મને તેની ચિંતા નથી. એ મારા પગલે જ પગલું દાબશે અને જો અકુલીન હશે તો મારે તેની જરૂર નથી. એની સાથે સંસારમાં રહેવું એ ય પાપ છે."

વજ્રબાહુના તીખા તમતમતા શબ્દો મનોરમાના અંતરને વીંધી નાંખતા હતા. છતાં તે એક અક્ષર ન બોલી. હા. હજી તેને વિરાગ થયો ન હતો. પણ જ્યાં એણે પોતાના પ્રિયતમ પાસેથી કુલીનના–અકુલીનતાનું જે શાસ્ત્ર સાંભળ્યું ત્યાં એના અંતરમાં સાચો વિરાટ પ્રગટી ગયો.

વાત કરતાં સહુ મુનિ પાસે પહોંચી ગયા. ધ્યાનમુક્ત થતાં મુનિએ વિરાગ નીતરતી દેશના આપી. ઉદયસુંદર પણ સંસારથી વિરક્ત થયો.

મનોરમાનો વર હવે મુનિવર થયો. મનોરમાનો કંત મુક્તિપંથનો સંત બન્યો. ભાઈ અને બહેને એ સંતના પગલે પગ મૂક્યો. પાછળ બીજા ૨૫ રાજકુમાર મિત્રો પોતપોતાના રથમાં આવી ગયા.

ત્રણ વિરાગી સંતોને જોતાં જ એમનાં અંતર પણ વિરાગથી તરબોળ થઈ ગયા. બધાએ ત્યાં જ સંયમ લીધું.

રથિકોએ ખાલી રથ મારી મૂક્યા. કુમાર વજ્રબાહુના પિતાને સઘળી વાત કરી. વાત સાંભળતાં જ એ શરમાઈ ગયો ! "કોણ ખરો પુણ્યશાળી ? પિતા કે પુત્ર ? કોણ મહાન ? પિતા કે પુત્ર ? હજી સુધી હું સંસારને વળગી જ રહ્યો ! મોહનિદ્રામાં ઘોરતો જ રહ્યો ! ધિક્કાર હો મારી જાતને !"

બીજા પુત્રને તાજ પહેરાવીને પિતા પણ મુક્તિના પંથે ચાલી નીકળ્યા.

જોયા ને; પુણ્યાનુબંધી પુણ્યના ઝબકારા ? શાલિભદ્રને 'સ્વામી' શબ્દે વિરાગ જગાડી દીધો ! ધન્નાજીના ખેસના છેડે ચિંતામણિ રત્ન બંધાયેલું જ રહેતું. બાસ જોવાની ય કદી પરવાહ ન કરી. પેથડ-મંત્રીને ભરયુવાનીમાં સાધર્મિકની કંબલે વિરાગ જગાડીને આજીવન

બ્રહ્મચર્યવ્રત અપાવી દીધું ! રામચન્દ્રજીએ ૧૬ હજાર મુકુટબદ્ધ રાજાઓ અને ૩૭ હજાર સ્ત્રીઓ સાથે દીક્ષા લીધી. સીતાજીએ દિવ્ય કરીને તુરત દિક્ષા લીધી, વાત સાંભળતાં જ મૂર્ચ્છિત થયેલા રામચન્દ્રજીને પડતા મૂકીને !

લઘુ પિતા લક્ષ્મણજીના મૃત્યુથી રામપુત્રો લવણ અને અંકુશ સંસારથી ભયભીત થઈ ગયા. 'લક્ષ્મણ' 'લક્ષ્મણ' કરતાં શોકગ્રસ્ત રામચન્દ્રજી પાસે અંતરનો ભાવ રજૂ કરીને સંયમના પંથે ચાલી નીકળ્યા. પિતા રામચન્દ્રજીના એ શોકનો ય વિચાર ન કર્યો !

કેવા છે; પુણ્યાનુબંધી પુણ્યના ચમકારા ! તક મળે કે એ આત્માઓ સંસારમાંથી પગ કરી જાય.

પાપાનુબંધી પુણ્યની વાત આથી સાવ જ ઊલટી છે. એ આત્માઓને પત્ની લાતો મારે તો ય વિરાગ ન પામે, એમને છોકરા રંજાડે તો ય વિરાગ ન પામે. રે ! સાધુ ય વિરાગ ન પમાડી શકે તો પત્નીના મહેણાથી તે શી રીતે વિરાગ પામી જવાના ?

પ્રાય : દેહની કારમી મૂર્ચ્છા અથવા ધનની અતિ મૂર્ચ્છાપૂર્વકના કરેલા ધર્મોથી પાપાનુબંધી પુણ્ય ઉત્પન્ન થાય છે. આવા પુણ્યોદય ખૂબ જ તકલાદી હોય છે. ગમે તે પળે એકાએક એ પુણ્યોદય વિદાય પામી જાય તો ય નવાઈ નહિ. એનું સ્વરૂપ જ એવું વિલક્ષણ હોય છે. વંઠેલી સ્ત્રીની ઉપમા એને બરોબર લાગુ પડે. જે સ્ત્રી ખુશમાં હોય તો પતિની સો વાત માને પણ એકાએક નાખુશ થઈ જાય તો તે પછીની જ વાતમાં રિસાઈ પડીને પતિનો ઉઘાડેછોગ ઊધડો લેતાં જરા ય લાજે નહિ. ભરબજારે એકાએક દેવાળું કઢાવવાનું, પક્કા મિત્રને એકાએક દુશ્મન બનાવવાનું, સુખમય સંસારને એકાએક દુઃખમય બનાવી દેવાનું કામ આ કર્મનું છે.

અર્થકામનો ખતરનાક અભિલાષ

અર્થાદિના અભિલાષપૂર્વકના ધર્મોથી જે પુણ્ય ઉત્પન્ન થાય છે એ જરા પણ ઇચ્છવા જેવું નથી; કેમકે એની પાછળ અનુબંધ પાપકર્મનો છે. એવા પુણ્યના ઉદયથી એ

આત્માને મળે; જોરદાર સુખનું જીવન.... હા, જરૂર મળે. બ્રિટનની મહારાણી એલિઝાબેથના પ્રિયતમ કૂતરાનું જીવન મળે. ખુદ મહારાણી એના દેહની સંભાળ લે, એના રહેવા માટે હજારો પાઉંડનું મકાન બને; એના ફરવા માટે ખાસ મોટર પણ રાખવામાં આવે, દૂધ પાઉંના ભોજનની તો ત્યાં કમીના હોય જ નહિ ! રે ! પતિ કરતાં પણ વધુ મહોબ્બત એ ભાગ્યવાન (!) કૂતરાને મળે !

પાપનુબંધી પુણ્યના એ ઉદય શા કામના ? જ્યાં પશુના જીવનની સર્વોત્કૃષ્ટ સમૃદ્ધિ મળે છે. હા, શ્રીમંત માનવને પણ ન મળે એટલી બધી.

જ્યાં દેવલોક પણ મળે પરંતુ મરવાના વાંકે જ જીવવાનું. રે ! એથી તો માનવલોકના દુઃખ સારાં કે ન જીરવાય તો ઝેર ખવાય; એમે ય ન કરવું હોય તો દેશ બદલીને વિદેશ પણ ચાલી જવાય. જ્યારે દેવલોકમાં ? રત્નમાણિક્યનાં ઘર છતાં વધુ પુણ્યસંપન્ન દેવોની સમૃદ્ધિના ઝાકઝમાળને જોઈ જોઈને દાઝવા-બળવાનું; એ સમૃદ્ધિ મેળવવા લૂંટફાટ ચલાવવાની; પુણ્ય મંદ પડે એટલે ભયાનક પરાજય સાંપડે.... ત્યારે ત્યાં ને ત્યાં તે જ પળે મોતને ભેટવાની તીવ્ર ઇચ્છાઓ જોર પકડે....છતાં ન મરાય; ઝેર જ ન મળે ! કદાચ તો ય ન ફળે ! મળે.

અપમાન અને ક્રોધની જ્વાળાઓમાં રત્નમાણિક્યનાં ઘરોમાં રહીને એ દેવાત્માને જીવતો શેકાયા જ કરવાનું ! ન કયાં ય ભાગી જવાય મર્ત્યલોકમાં ! ન કયારે ય મરી શકાય ! લલાટે લખાયેલા એ લાંબાં લાંબાં હજારો વર્ષોના આયુષ્ય પૂર્ણ કર્યે જ છૂટકો !

પાપાનુબંધી પુણ્યના ઉદયવાળો મહારાણી એલિઝાબેથનો કૂતરો ય નકામો ! દેવલોકનો દેવ પણ નકામો ! અને મર્ત્યલોકનો માનવ પણ નકામો ! એને ય બિચારાને આવા કર્મના ઉદયે ત્રાસનો કાંઈ ઓછો પાર છે ?

કરોડપતિ શ્રીમંત બને અને એની શ્રીમંતાઈ જ એનું ખૂન કરે ! ખૂબ ભણેલી સ્ત્રીનો પતિ બને અને એ સ્ત્રી જ એની આબરૂને

ધૂળમાં મેળવે તેવા અનાચારના પંથે ચડે; ચાર છોકરાનો બાપ થાય પણ એકેકો છોકરો એની છાતી ઉપર બેસીને જીવ લે એવો જમના ભાઈ સમો હોય ! રૂપવતી દીકરીઓ મળે પણ કુમારિકા માતા બનીને બાપને બેઆબરૂ કરાવીને ઝેર ઘોળાવીને મરાવવાનું કામ કરે; રે ! એને સત્તાની ખુરશી મળે તો ય નકામી. એ ખુરશી જ એનું કાટલું કાઢે ! રે ! પાપાનુબંધી પુણ્યના ઉદયની ક્રૂરતાની તો શી વાત કરવી ! એના ઉદયમાં એ વ્યક્તિને સાધુવેશ પણ અપાવે, વિદ્વત્તાદિ અનેક શક્તિઓનો સ્વામી પણ બનાવે, પછી ખૂબ માનપાન, બાનપાન અને વિજાતીય પરિચયનાં ઝપાટામાં એવો લાવી દે કે ત્યાં મૃત્યુ પામ્યા પછી ભયાનક દુર્ગતિની જ ટિકિટ ફડાવી આપે.

પાપના અનુબંધોના આ છે; કારમા તોફાન ! મુખ્યત્વે ધન કે શરીરની મૂર્છા પાપના અનુબંધ ઉત્પન્ન કરે છે. એ અનુબંધોને તોડવા હોય તો દુષ્કૃતગર્હા, સુકૃતાનુમોદના અને ચતુઃશરણગમનની ત્રિપુટીના ધર્મનું અનન્ય અવલંબન લેવું જોઈએ.

અનુબંધ તોડવાની આ સાધનાને જ માનવજીવનનું મુખ્ય કર્તવ્ય ઉપદેશપદમાં આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજીએ જણાવ્યું છે. જન્માન્તરમાં જાણ્યે અજાણ્યે ઊભા કરેલા પાપના અનુબંધોને તોડો અને પુણ્યના અનુબંધોને જોડો. આ જોડ-તોડની સાધના જ આપણું જીવન બની રહેવું જોઈએ. પુણ્યાનુબંધ જોડવા માટે પૂર્વોક્ત ત્રિપુટીનું અવલંબન લઈએ અને પાપાનુબંધો તોડવા માટે મુખ્યત્વે ધન અને દેહની મૂર્છાને ત્યાગીએ.

અહીં આપણે પુણ્યાનુબંધી પુણ્ય અને પાપાનુબંધી પુણ્યની વિચારણાને પૂર્ણવિરામ મૂકીએ છીએ.

પાપાનુબંધી પાપકર્મ આ વિષયમાં કાલસૌરિક કસાઈ યાદ આવે છે કે જેણે પાપના ઉદયમાં કસાઈનું જીવન મેળવ્યું અને એ જીવનમાંય સેંકડો જીવોની રોજ હત્યા કરવાનું ઘોર પાપ બાંધવાનો પરિણામ જાગતો રાખ્યો. પાપના અનુબંધના પ્રભાવેસ્તો.

પુણ્યાનુબંધી પાપકર્મ પેલા મહાત્મા પુણિયા શ્રાવક ! પાપકર્મનો કેવો ઉદય કે મહાપરાણે જમા-ઉધારનું પાસું સરખું કરી શકે ! પણ પુણ્યનો એ તે કેવો અનુબંધ કે જેથી એવી દુઃખદ સ્થિતિમાં ય સાધર્મિકભક્તિ કરવાનો ભવ્ય પરિણામ જાગે, અને એ માટે વારાફરતી પતિ-પત્ની ઉપવાસ કરે ! ચંડકૌશિક તાપસના પૂર્વભવના શ્રમણ-જીવનમાં ક્રોધના પાપથી મિશ્રિત તપના ધર્મ જેવો જ કોઈ પ્રકારનો મિશ્રધર્મ પુણિયા શ્રાવકે જન્માન્તરમાં કર્યો હશે ત્યારે જ પાપનો ઉદય અને પુણ્યનો અનુબંધ એના જીવનમાં જોવા મળ્યો ! કેવું એનું સામાયિક ! ખુદ દેવાધિદેવ પરમાત્મા વીરે તેની પ્રશંસા કરી ! રાજા શ્રેણિક મગધનું સામ્રાજ્ય દઈને પણ એનું એક સામયિક ખરીદી ન શકે.

અનુબંધ મળવો હોય તો પુણ્યનો જ મળજો, ભલે પછી તે પુણ્યના ઉદય સાથેનો ન હોઈને પાપના ઉદય સાથેનો હોય !

પાપાનુબંધી પુણ્ય અને પુણ્યાનુબંધી પાપમાંથી જ જો પસંદગી કરવાની હોય તો સમજુ માણસ પુણ્યાનુબંધી પાપની જ પસંદગી કરે.

વર્તમાન જીવનમાં જેમને પુણ્યનો ઉદય દેખાય છે તેવા સુખી માણસોનું તે પુણ્ય પાપાનુબંધી હશે કે પુણ્યાનુબંધી ? તેનો જો નિર્ણય કરવો હોય તો તેની એક રીત છે.

તેમને પૂછો કે તમારા પુણ્યના ઉદયથી તમને દુકાન, મકાન, સ્વજનાદિ પરિવાર પણ મળ્યો છે અને દહેરાસર, ઉપાશ્રય, તીર્થસ્થાન વગેરે પણ મળ્યા છે. આ બેયમાં શું પ્રાપ્ત કર્યાનો તમે વધુ આનંદ અનુભવો છો ? શું પ્રાપ્ત કર્યાની તમે ખુમારી માણો છો ? તમારા મુખ ઉપરની ખુશાલી સુદેવાદિ મળ્યાના કારણે છે કે શ્રીમંતાઈ આદિ મળ્યાના કારણે છે ? ટૂંકમાં, બે ય સામગ્રીમાં રહેલા આનંદમાં ય વધુ ઝોક કઈ તરફ છે ?

જો સંસારની સામગ્રી તરફ આનંદનો વધુ ઝોક હોય તો તે પુણ્યનો ઉદય પાપાનુબંધી ગણાય, અને જો ધર્મસામગ્રી તરફ

આનંદનો વધુ ઝોક હોય તો તે પુણ્યોદય પુણ્યાનુબંધી ગણાય. (૪)

ગ્રન્થકાર ભગવંત ઉપદેશ દેતાં કહે છે કે આત્માએ એવું જ શુભ કર્મ કરવું જોઈએ જે પુણ્યાનુબંધી બને. કેમકે પુણ્યના અનુબંધવાળા પુણ્યોદયમાં જે સાંસારિક અશ્વર્યની પ્રાપ્તિ થાય છે એ મોક્ષમાર્ગની કૂચકદમમાં સ્ખલના ન પમાડતાં વધુ વેગ ઉત્પન્ન કરનારી બને છે. પુણ્યોદયથી સાંસારિક સમૃદ્ધિઓના ખડકલા પગમાં ખડકાય છતાં પુણ્યાનુબંધ એ પ્રતિ આત્માને તદ્દન અનાસક્ત રાખે. આથી જ એ સામગ્રીનો ભોગવટો કરવા છતાં મોક્ષમાર્ગની કૂચમાં લેશ પણ બાધા ઉત્પન્ન ન થાય. (૫)

આવો પુણ્યનો અનુબંધ તો તે જ ચિત્તથી શક્ય બને છે જે ચિત્ત શાસ્ત્રવચનના નિર્મળ જળથી ધોવાઈ ધોવાઈને નિર્મળ બની ગયું છે. આવી સાધના સ્વયં થઈ શકતી નથી. એ માટે તો જ્ઞાનવૃદ્ધ ગીતાર્થ ભગવંતોના શરણે જવું જ રહ્યું. બેશક, કાળ, કર્મ, નિયતિ વગેરે પણ અહીં કારણો જરૂર છે, છતાં ચિત્તરત્નને વિશુદ્ધ કરવાની સાધના માટે તો જ્ઞાનવૃદ્ધ સદ્ગુરુનો સત્સંગ એ જ મુખ્ય કારણ છે. સદ્ગુરુના યોગે જ ચિત્તશુદ્ધિ થઈ શકે છે, અન્યથા નહિ જ. 'એ વાત મેં ગુરુમાતા નામના પુસ્તકમાં જુદી જુદી રીતે ખૂબ જ દૃઢ કરી છે. વિશેષ જિજ્ઞાસુએ એ પુસ્તક જોઈ લેવું જરૂરી છે. (૬)

આમ આખી સાધના પુણ્યના અનુબંધ ઉપર આવી ! અને પુણ્યનો અનુબંધ ચિત્તરત્નની સુરક્ષામાં આવ્યો ! આ સુરક્ષા જો સદ્ગુરુના શરણથી જ સાધ્ય છે તો એ શરણું મુમુક્ષુ આત્માએ તો નિરપવાદ રીતે આંખ મીંચીને સ્વીકારી જ લેવું જોઈએ.

સમગ્ર સાધનાની મૂળ ચાવી જડી ગઈ; સદ્ગુરુની નિરપવાદ શરણાગતિ !

પાપના વિરાટ વૃક્ષના થડ ઉપર મારવા માટે અમોઘ કુઠાર મળી ગઈ; સદ્ગુરુની નિરપવાદ શરણાગતિ.

સાધના પંથની વિકટ ગૂંચ ઉકેલવા માટે જરૂરી એક છેડો મળી ગયો; સદ્‌ગુરુની નિરપવાદ શરણાગતિ !

મોક્ષમાર્ગના અધ્યયનનો પ્રથમ પાઠ મળી ગયો ! સદ્‌ગુરુની નિરપવાદ શરણાગતિ !

બસ ત્યારે, હવે એ શરણાગતિ દ્વારા ચિત્તરત્નનું સંપૂર્ણ જતન કરવું જ રહ્યું. આ વિષયમાં જો આત્મા ગાફેલ રહી જાય તો વિકારોથી દુષિત થતાં ચિત્તરત્નના એ સ્વામીને પછી તો માત્ર વિપત્તિઓના જ દર્શન કરવાના નસીબ ઉઘાડા રહી જવાના. પછી તો એ ભાગ્યમાં દુઃખો, દુર્ગતિઓ અને દીનતાઓ સિવાય બીજું કાંઈ જ બાકી રહી શકે જ નહિ. સુખ અને શાન્તિની તો ત્યાં સંપૂર્ણ બાદબાકી જ થઈ જાય. (૭)

સદ્‌ગુરુનો સંગ જ પ્રશ્નઃ તમે કહો છો કે આગમબોધ વિશુદ્ધ ચિત્ત જ્ઞાનવૃદ્ધ **જીવનની જડીબુટ્ટી** સદ્‌ગુરુના સંગથી જ ઉત્પન્ન થાય છે તો શું એવું ચિત્ત પૂર્વે હતું અને હવે એ સંગથી ઉત્પન્ન થયું કે પૂર્વે હતું જ નહિ અને સંગથી ઉત્પન્ન થયું ? પ્રથમ વિકલ્પ તો બરાબર નથી જ કેમકે જે સત્ હોય એને આકાશની જેમ ઉત્પન્ન શું થવાનું ? અને જો ઉત્પન્ન થએલું પણ ફરી ઉત્પન્ન થતું હોય તો તો એ ઉત્પાદ વારંવાર થયા કરશે, એનો અંત જ નહિ આવે ! બીજો વિકલ્પ પણ બરોબર નથી કેમકે અસત્નો વળી ઉત્પાદ શું ? જો અનુત્પન્ન વસ્તુ ઉત્પન્ન થતી હોય તો તો આકાશકુસુમ પણ ઉત્પન્ન થઈ જવાની આપત્તિ આવશે.

ઉ. આગમબોધથી વિશુદ્ધ ચિત્ત એકાન્તે સત્ નથી તેમ એકાંતે અસત્ પણ નથી. અપેક્ષાએ સત્ પણ છે તેમ અપેક્ષાએ અસત્ પણ છે. એ ચિત્તનો સ્વભાવ તો આગમબોધ વિશુદ્ધિ છે. એટલે સ્વભાવની દૃષ્ટિએ તો દરેક ચિત્ત આગમવિશુદ્ધ સત્ જ છે. ભલે વ્યક્તિગત રીતે એનો એ સ્વભાવ અભિવ્યક્ત ન થતો હોય. આવી અભિવ્યક્તિ નથી થતી માટે જ એમ પણ કહેવાય કે આગમવિશુદ્ધ ચિત્ અસત્ પણ છે. સ્વભાવથી આગમવિશુદ્ધ ચિત્તને અભિવ્યક્ત કરી દેવાનું કામ

જ્ઞાનવૃદ્ધ સદ્‌ગુરુનો સત્સંગ જ કરે છે. આ સંગ એ વિશુદ્ધચિત્તને પ્રગટ કરવામાં અસાધારણ કારણ બને છે.

તમે જ્ઞાનવૃદ્ધ, સંયમશુદ્ધ સદ્‌ગુરુનો સંગ કરો, એની કૃપા પ્રાપ્ત કરો; પછી તમારા ચિત્તની સ્વાભાવિક વિશુદ્ધિ પ્રગટ થયા વિના રહી જાય એ અશક્ય છે. તમારામાં જો પાત્રતા હોય તો ગુરુકૃપામાં એ પાત્રતાને ખીલવી દેવાનું સ્વયંભૂ સામર્થ્ય પડેલું છે.

સ્વાધ્યાયબળથી જેઓ જ્ઞાનપૂતાત્મા બન્યા, જિનાજ્ઞાપાલનથી જેઓ સંયમપૂતાત્મા થયા. મૈત્ર્યાદિભાવોથી ભાવિત બનીને જેઓ જગજ્જનની બન્યા. એવા મહાત્માઓની 'કૃપા'ના બળમાં શંકા કરવી એના જેવું બીજું પાપ કયું હોઈ શકે ? સાચે જ એવી શંકા કરનારો અભાગિયો જ હોઈ શકે.

તમારા ચિત્તને મલિનતાઓ અડી જાય છે ? વારંવાર ? બરેબર તમને તેનું દુઃખ છે ? તો તમે બીજે કયાંય ફાંફા ન મારો. ચિત્તની મલિનતાને દૂર કરવા માટે ધ્યાન-તપ-ત્યાગ વગેરે પણ તો જ સફળ બની શકશે જો તે સાધના પાછળ તમને કોઈ સંયમમયી, વાત્સલ્યમયી, જગજ્જનની માતાની કૃપા પ્રાપ્ત થઈ હશે. માટે જ કહું છું કે તમે બીજે કયાંય ફાંફા મારવા કરતા એ કૃપાને જ પામો. એની પ્રાપ્તિ માટે તમારું સઘળું જીવન ન્યોચ્છાવર કરી, તમારી ઇચ્છાઓનો હવન કરો, તમારી શક્તિઓનો યજ્ઞ કરો....બધું જ કરી છૂટો....કૃપા પામો... ચિત્તની વિશુદ્ધિને અભિવ્યક્ત થયે જ છૂટકો છે. અને જો તમે એવી વિશુદ્ધિ કૃપાબળે પામ્યા હશો તો પણ એ કૃપાનું ઝરણું સૂકવવા દેશો નહિ, વિશુદ્ધિમાં વૃદ્ધિની પણ હજી જરૂર છે. પૂર્ણવિશુદ્ધિ પામ્યા વિના અલ્પશુદ્ધિથી તોષ માણી લેવાય નહિ. માટે કૃપાથી શુદ્ધ થાઓ, વધુ કૃપા પામીને વિશુદ્ધ થાઓ, પૂર્ણ કૃપા પ્રાપ્ત કરીને બુદ્ધ થાઓ, મુક્ત થાઓ.

તમારે બીજું શું થવું છે ? સંયમીને આ સિવાય બીજું કાંઈ જ થવાની મહેચ્છા હોઈ શકે જ નહિ. વિદ્વત્તા વગેરે લબ્ધિઓ તો

આ કૃપાબીજનાં ફળ નથી એ તો ઘાસ છે; ઘાસ. આપમેળે, વગર ઇચ્છાએ પણ એ પ્રાપ્ત થાય છે.... શુદ્ધિ, બુદ્ધિ અને મુક્તિ મળતાં પહેલાં તો એ ઘાસ જેવી પુણ્યશક્તિઓ પ્રગટ થઈ જાય છે. છતાં ય જે ચિત્તશુદ્ધિને, આત્મવિશુદ્ધિને અને કર્મમુક્તિને જ ઝંખતો રહે છે એ જ એ પુણ્યશક્તિઓના ચમકારે અંજાઈ જતો નથી. રે ! એમાંથી સોંસરો પાર ઊતરી જઈ ને અનેકોને પોતાની બાથમાં લઈ ને મુક્તિના ધામે પહોંચી જાય છે.

ચિત્તશુદ્ધિના અભિલાષપૂર્વકના ધર્મમાં જ આવા અનાસક્તિ-પૂર્વકના પુણ્યના બંધ કરવાની તાકાત છે, માટે જ આપણે ચિત્તશુદ્ધિને જ જીવનનું લક્ષ બનાવવું રહ્યું. એ ખાતર સદ્‌ગુરુકૃપાને પામવા બધું જ કરી છૂટવું રહ્યું. (૭)

પુણ્યાનુબંધી પુણ્ય- કર્મનાં ચાર કારણો પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ થવામાં ગ્રન્થકારશ્રી ચાર કારણો જણાવે છે.

(૧) સામાન્યતઃ સર્વ જીવો પ્રતિ દયાભાવ. (૨) જગત ઉપર વિરાગભાવ. જડનો રાગ મટે તો જીવનો પ્રેમ પ્રગટે; જીવ પ્રત્યે પ્રેમ પ્રગટે તો જડ પ્રત્યે વિરાગ જન્મે. કોઈ ને જડવિરાગ દ્વારા જીવરાગ જન્મે, કોઈ ને જીવરાગ દ્વારા જડવિરાગ પ્રગટે. (૩) જ્યાં ભૂતદયાની અને વિરાગની જ્યોત પ્રગટે ત્યાં એ જ્યોતને પ્રગટાવનાર સદ્‌ગુરુઓનું વિધિવત્‌પૂજન અવશ્ય પ્રાપ્ત થાય. વિધિ એટલે શાસ્ત્રોક્ત ગુરુપૂજનની નીતિરીતિ. ગુરુ પ્રત્યેની શ્રદ્ધા, એમના સત્કાર, બહુમાન વગેરે. (સામાન્યતઃ વ્યાકરણસૂત્રથી વિધિમત્‌ શબ્દ બને છતાં ગ્રન્થકારશ્રીએ વિધિવત્‌ શબ્દનો પ્રયોગ કર્યો છે તે અન્ય કોઈ વ્યાકરણથી સિદ્ધ થતો હશે માટે જ નવો પ્રયોગ કર્યો હશે એમ માનવું રહ્યું.) (૪) જે વિધિમત્‌ ગુરુપૂજન કરતો હોય તેને અવશ્ય ગુરુકૃપા પ્રાપ્ત થાય. એ ગુરુકૃપાથી શાસ્ત્રોક્તાનુષ્ઠાનનું નિર્મળ (નિરતિચાર) આસેવન કરવાનો પુરુષાર્થ પણ પ્રગટ થાય.

જે આત્માઓ એ પનોતા પુરુષાર્થને પ્રાપ્ત કરે તેમને અવશ્ય પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ થાય.

દયા, વૈરાગ્ય, વિધિમત્ ગુરુપૂજન અને જિનાજ્ઞાપાલન આ ચારેય કારણો સાથે હોય ત્યારે જ પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ થાય એમ ન સમજવું. માત્ર દયાના–નિઃસ્વાર્થભાવની નિર્મળ દયાના પરિણામથી પણ પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ થઈ શકે છે. જેનામાં નિઃસ્વાર્થભાવ પૂર્વકનો દયાગુણ પ્રગટે છે તેનામાં ક્રમશઃ જડવિરાગ વગેરે પ્રગટતાં જ જાય છે. નિઃસ્વાર્થભાવની દયાનું પુણ્યકર્મ જ એને ઉત્તરોતર એવી સામગ્રીની ભેટ ધરતું જાય છે. જેથી એ આત્મામાં જડવિરાગ વગેરે ગુણો પ્રગટ્યા વિના રહી શકતા નથી.

સામાન્ય રીતે તો એમ કહેવાય છે કે મોક્ષના અભિલાષપૂર્વકની દયાદિક્રિયાથી જ પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ થાય છે. આ વાત તદ્દન યથાર્થ છે પરંતુ મોક્ષાભિલાષનો અર્થ માત્ર મોક્ષનો અભિલાષ એવો વિધેયાત્મક–ન લેતાં સાંસારિક સ્વાર્થનો અનભિલાષ–એવો નિષેધાત્મક અર્થ પણ લેવો જોઈશે. જો તેમ નહિ કરીએ તો શાસ્ત્રપદાર્થમાં અસંગતિ ઊભી થશે.

મગધનરેશ્વરના પુત્ર મેઘનું પુણ્ય, બેશક પુણ્યાનુબંધી પુણ્ય-સ્વરૂપ હતું. એ વાતનો ઇન્કાર કોઇથી થઈ શકે તેમ નથી. કેમકે પુણ્યાનુબંધ વિના રાજવૈભવને ભરયૌવનમાં લાત મારીને નીકળી જવાની પ્રચંડ તાકાત પ્રગટ થઈ શકતી જ નથી.

આવું સાનુબંધ પુણ્યકર્મ તેના જીવે હસ્તીના ભવમાં એક સસલાની નિઃસ્વાર્થ દયા કરીને પ્રગટ કર્યું હતું એવું શાસ્ત્રવચન છે. સસલાની દયા કરતી વખતે એ હાથીના જીવને કાંઈ વિધેયાર્થક મોક્ષાભિલાષ તો હતો જ નહિ. છતાં જો પુણ્યાનુબંધી પુણ્ય ઉત્પન્ન થયાનું જિનવચન છે જ તો એમ જ કહેવું પડશે કે સાંસારિક સ્વાર્થના અનભિલાષ પૂર્વકના–પરાર્થકરણના દયાદિ કોઈ પણ ધર્મથી પુણ્યાનુબંધી પુણ્ય-કર્મનો બંધ થઈ શકે છે. આ વાત ખૂબ જ યુક્તિસંગત લાગે છે,

કેમકે પશુના કે જૈનેતર માનવના જીવનમાં વિધેયાર્થક વાસ્તવિક મોક્ષાભિલાષ ન પણ હોય તેવું ય સંભવિત છે. છતાં જો તે આત્માઓ પણ શુદ્ધનિઃસ્વાર્થભાવથી દયાદિધર્મો કરે તો એવું સુંદર સાનુબંધ કર્મ પ્રાપ્ત કરે; જેના ઉદયથી પશુ કે જૈનેતર માનવ મટી જઈને જૈનકુળમાં જન્મ પામીને, વિપુલ વૈભવ વચ્ચે અનાસક્ત રહીને, સંસારનો પરિત્યાગ કરીને આત્મકલ્યાણ સાધી લે.

એટલે આ વાત ખૂબ જ સ્થિર બની જાય છે કે જૈનેતર ધર્મનો પાલક પણ જો સચ્ચિદાનંદસ્વરૂપ મોક્ષની અભિલાષાથી જ દયાદિધર્મો આચરતો હોય તો તે સાનુબંધ સુંદર પુણ્યકર્મનો જ બંધ કરે, કદાચ એવું ય ન હોય અને વિશુદ્ધ નિઃસ્વાર્થભાવથી જ દયાદિધર્મોનું પાલન કરતો હોય – માનવ કે પશુ ગમે તે–તો તે ય પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ કરે. અને એ કર્મના ઉદયથી ઉત્તરોત્તર જૈનકુળાદિ સામગ્રી પામીને મુક્તિની મંગળમાળા પ્રાપ્ત કરી લે.

પ્ર. ગ્રન્થકારશ્રીએ **दया भूतेषु** કેમ કહ્યું ? શું દયા જડ ઉપર પણ હોય છે ? કે જેથી તેનો વ્યવચ્છેદ કરવા–જડદયા નહિ પણ જીવદયા–એમ કહેવા भूतेषु પદનો પ્રયોગ કર્યો ?

ઉ.–ના. જડ ઉપર તે વળી દયા શી ? એટલે જડદયાના વ્યવચ્છેદ માટે भूतेषु પદનો પ્રયોગ કરવામાં આવ્યો નથી, કિન્તુ **दया** કેટલાક જ જીવો ઉપર ન લેતાં સર્વ જીવો ઉપર–ભૂતમાત્ર ઉપર કહેવા માટે भूतेषु પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે.

દયા કાંઈ પોતાના સ્વજનો પૂરતી, નાત–જાત પૂરતી, ગામ, પ્રાન્ત કે દેશ પૂરતી મર્યાદિત નથી. રે ! માનવમાત્ર પૂરતી પણ સીમિત નથી; કિન્તુ સર્વજીવને અનુલક્ષીને દયા હોવી જોઈએ.

જેને જગતનું દર્શન થાય છે; એ જગતમાં દુઃખોથી અને છેવટે પાપોથી સબડતા જીવો દેખાય છે એને એ દુઃખમય અને પાપમય સંસાર જોતાં ત્રાસ થઈ જાય છે. એથી જ એ આત્માઓ દુઃખીઓના

દુઃખ દૂર કરવા માટેની દ્રવ્યદયા અને પાપીઓના પાપ ટાળવા માટેની ભાવદયા—એમ બે ય પ્રકારની અનુકંપા કરતા હોય છે. આ અનુકંપાના વર્તુળમાં સર્વ જીવરાશિ આવી જાય છે. હિન્દુ, મુસલમાન, ચીનો, માનવ, પશુ, સર્વ જીવો આ અનુકંપાનું પાત્ર બનવા જ જોઈએ એમ શ્રી જિનશાસન કહે છે. જે આત્માઓ શાસ્ત્રોક્ત નીતિથી જે અનુકંપા જે સમયે કરી શકે તેમ હોય તે આત્માઓએ તે અનુકંપા કોઈ પણ ભેદભાવ વિના અવશ્ય કરવી જોઈએ.

નમસ્કાર નમસ્કાર્યને જ કરી શકાય. ભક્તિ, એના પાત્રને જ કરી શકાય. સાધુવેશ સહુને ન આપી શકાય પરંતુ શાસ્ત્રોક્ત અનુકંપા સર્વવ્યાપી છે, સર્વકાળમાં સર્વ માટે અબાધિત છે.

પુણ્યાનુબંધિપુણ્યપ્રધાનફલ-અષ્ટક

[૨૫]

अतः प्रकर्षसम्प्राप्ताद्विज्ञेयं फलमुत्तमम् ।
तीर्थकृत्त्वं सदौचित्यप्रवृत्त्या मोक्षसाधकम् ॥ १ ॥

પુણ્યાનુબંધી પુણ્ય કર્મ જ્યારે પ્રકર્ષ પામે છે ત્યારે તે આત્માને તીર્થંકરત્વની વિભૂતિ પ્રાપ્ત થાય છે. જેમાં મુખ્યત્વે સર્વત્ર ઔચિત્યસેવન જોવા મળે છે. જે ઔચિત્યસેવન એ આત્માઓના મોક્ષનું સાધક બની જાય છે.

सदौचित्यप्रवृत्तिश्च गर्भादारभ्य यस्य तत् ।
तत्रापि अभिग्रहो न्याय्यः श्रूयते हि जगद्गुरोः ॥ २ ॥

સુંદર ઔચિત્યનું આસેવન એ તારકોના આત્માઓને ગર્ભાવસ્થાથી આરંભીને જ હોય છે. ચરમ શાસનપતિએ ગર્ભમાં રહીને એથી જ ન્યાયી અભિગ્રહ કર્યો હતો ને ?

पित्रुद्वेगनिरासाय महतां स्थितिसिद्धये ।
इष्टकार्यसमृद्ध्यर्थमेवम्भुतो जिनागमे ॥ ३ ॥

(૧) માતાપિતાના ઉદ્વેગને દૂર કરવા (૨) બીજાઓ પણ એ પ્રમાણે વર્તે તેવો આદર્શ રજૂ કરવા (૩) તથા પોતાને ઇષ્ટ મોક્ષની સિદ્ધિ મેળવવા શાસનપતિએ કરેલો અભિગ્રહ જિનાગમોમાં જોવા મળે છે.

जोवतो गृहवासेऽस्मिन्यावन्मे पितराविमौ ।
तावदेवाधिवत्स्यामि गृहानहमपीष्टतः ॥ ४ ॥

જ્યાં સુધી મારા માતાપિતા ગૃહવાસમાં જીવિત રહેશે ત્યાં સુધી જ હું પણ સ્વેચ્છાથી ગૃહમાં રહીશ. શાસનપતિના આત્માએ આવો અભિગ્રહ કર્યો હતો.

इमौ शुश्रूषमाणस्य गृहानावसतो गुरू ।
प्रव्रज्याप्यानुपूर्व्येण न्याय्यान्ते मे भविष्यति ॥ ५ ॥

શાસનપતિનો આત્મા વિચારે છે કે, "ગૃહવાસમાં રહેલા મારાં ગુરુસ્વરૂપ માતાપિતાની સેવા કર્યા પછી થતી મારી ભાવી પ્રવ્રજ્યા પણ ખૂબ જ ન્યાયી ગણાશે. એટલે કે તે પ્રવ્રજ્યા મને અવશ્ય મોક્ષ ફલદાત્રી બનશે."

सर्वपापनिवृत्तिर्यत् सर्वथैषा सतां मता ।
गुरूद्वेगकृतोऽत्यन्तं नेयं न्याय्योपपद्यते ॥ ६ ॥

દીક્ષાને સજ્જનોએ સર્વથા સર્વ પાપનિવૃત્તિની આરાધના સ્વરૂપ કહી છે. આવી કઠોર આરાધના તેને સફળતા બક્ષે જ નહિ, જે મુમુક્ષુ પોતાનાં લૌકિકગુરુ–માતાપિતાને અત્યન્ત ઉદ્વેગ પમાડવાનું અમંગળ કરે છે.

प्रारम्भमङ्गलं ह्यस्या गुरुशुश्रूषणं परम् ।
एतौ धर्मप्रवृत्तानां नृणां पूजास्पदं महत् ॥ ७ ॥

પ્રવ્રજ્યાનું પ્રારંભ મંગળ જ માતાપિતા–ગુરુની ઉત્કૃષ્ટ ભક્તિ છે. જેઓ ધર્મમાં પ્રવૃત્ત થયા છે એવા સંસારસ્થ આત્માઓને તો માતાપિતા એ પૂજાનું મહાન આલંબન છે.

स कृतज्ञः पुमान् लोके स धर्मगुरूपूजकः ।
स शुद्धधर्मभाक् चैव य एतौ प्रतिपद्यते ॥ ८ ॥

તે જ મુમુક્ષુ લોકમાં કૃતજ્ઞ છે, સંયમદાતા ધર્મગુરુની સાચી ભક્તિ તે જ કરી શકે છે, તે જ શુદ્ધધર્મનું આરાધન કરી શકે છે; જે પોતાનાં લૌકિક માતાપિતાની ભક્તિ કરે છે.

વિવેચના

પુણ્યાનુબંધી પુણ્યનું મૂળ કારણ જીવમાત્ર પ્રત્યેની નિઃસ્વાર્થ-ભાવની વિશુદ્ધ દયા છે એ વાત ચોવીશમા અષ્ટકોના ઉપસંહારમાં આપણે વિચારી ગયા.

આ અષ્ટકના પ્રથમ શ્લોકમાં જ એ જ વાતને જોડતાં ગ્રન્થકાર ભગવંત જણાવે છે કે જ્યારે પુણ્યાનુબંધી પુણ્યકર્મનો અતિ પ્રકૃષ્ટ બંધ થાય છે ત્યારે આ આત્મા તીર્થંકરત્વની બાહ્ય અને અભ્યન્તર સમૃદ્ધિનો સ્વામી થાય છે.

કરુણા : સર્વ જિન-માતા અન્યત્ર શાસ્ત્રોમાં કહ્યું છે કે તીર્થંકરનામકર્મનો બંધ વીશસ્થાનકના એક કે તેથી અધિક પદની સુંદર આરાધનાથી થાય છે. ગમે તે પદની આરાધનાથી જિનનામકર્મની નિકાચના થઈ શકે પરંતુ કોઈ પણ પદની આરાધના સાથે, "સર્વજીવોને હું જગતમાંથી તારી દઉં ! શાસનરસી બનાવી દઉં !" એ ભાવ તો દરેક તીર્થંકરના આત્માને હોય જ.

આમ, વીશસ્થાનકનું અમુક જ પદ તીર્થંકરત્વની વિભૂતિ આપે એવો નિયમ નથી. ગમે તે પદના આરાધનથી એ વિભૂતિ પામી શકાય; પરંતુ 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના વિના તો કોઈ પણ આત્મા તીર્થંકરનામકર્મની નિકાચના કરી શકે નહિ.

ગ્રન્થકારશ્રી પણ આ જ વાતને અહીં પુષ્ટિ આપતા જણાવે છે કે સર્વ જીવ પ્રત્યેનો એ ભાવ અનુકમ્પાનો દયાભાવ જ્યારે ટોચને પામે છે ત્યારે જે પુણ્યાનુબંધી પુણ્યકર્મનો બંધ થાય છે એના પરિણામે એ આત્માઓ તીર્થંકરનામકર્મની જ નિકાચના કરે છે. સર્વ જીવદયાનો એ ટોચ ભાવ જ એમને એ દયાના બાધક જડરાગથી દૂર ધકેલી મૂકે છે; એમને જગતથી વિરક્ત બનાવે છે. પછી એ વિરાગ જ એમનામાં શાસ્ત્રોક્ત વિધિના પ્રેમ સાથે ઉપકારી ગુરુની પૂજા પમાડીને એની સીમાતીત કૃપાનું પાત્ર બનાવે છે. એ કૃપા જ એમના સંયમી જીવનને નિરતિચાર બનાવે છે.

સર્વ જીવ પ્રત્યેની ભાવાનુકમ્પા એમને જગતમાં રહેવા દઈ શકતી નથી. સર્વજીવોનાં દુઃખોના નાશ માટે એમનો પાપનાશ જ અનિવાર્ય દેખાય છે. એમના પાપનાશ માટે સ્વનો પાપનાશ આવશ્યક દેખાય છે. એથી સર્વજીવોની એ ટોચદયાથી પ્રેરાયેલા મહાત્માઓ જગતને પીઠ કરીને પાપનાશની સાધના કરવા માટે એકાન્તમાં ચાલ્યા જાય છે. આ કડીઓ બરોબર સમજાઈ જશે તો એ પ્રશ્ન જાગવા પણ નહિ પામે કે સર્વજીવનાં દુઃખોનો નાશ કરવાની ટોચ-ભાવનાવાળો આત્મા એ જીવોથી ઊભરાયેલા જગતનો ત્યાગ કેમ કરી ગયો ? એ તો એમના દુઃખનાશ માટે રાજમહેલમાં રહીને દેવોને આદેશ કરી અઢળક સંપત્તિ આદિ મંગાવીને સમગ્ર જગતના માનવોનું દારિદ્ર ફેડી નાંખવાનું કાર્ય શા માટે એમણે પસંદ ન કર્યું ?

બેશક, એ આત્માઓ માત્ર ભાવદયાને જ ધર્મ માનતા ન હતા. દ્રવ્યદયા પણ અમુક કક્ષામાં જીવો માટે ઉપાદેય માનતા હતા અને તેથી જ એક વર્ષ સુધી વર્ષીદાન દઈને એમણે દ્રવ્યદયાના ધર્મની સ્થાપના કરી જ હતી. પરંતુ એ દ્રવ્યદયાથી જ જગતના સર્વજીવો તો શું, જગતના સર્વમાનવો ય દુઃખમુક્ત થઈ શકતા નથી એ હકીકત એમની નજર બહાર ન હતી.

તેઓ બરોબર જાણતા હતા કે જીવોને દુઃખમુક્ત કરવા-કરાવવા હોય તો એમને પાપ વાસનાઓથી જ મુક્ત કરવા જોઈએ. એક પણ આત્મા જો પાપમુક્ત થાય તો પોતે તો દુઃખમુક્ત થાય જ, પણ સર્વ-જીવ રાશિ એના નિમિત્તે સંભવિત દુઃખોમાંથી સર્વદા-સર્વથા મુક્ત થઈ જાય છે. આ જ વિચારણાથી એ તારકોના આત્માઓએ સર્વને દુઃખમુક્ત કરવા પોતે પાપમુક્ત થવાનું અને પછી શકય એટલા વધુ આત્માઓને પાપમુક્ત કરવાનું કાર્ય કર્યું હતું. અસ્તુ.

ગ્રન્થકારશ્રી આપણને જણાવે છે કે પુણ્યાનુબંધી પુણ્યકર્મનો ટોચ-બંધ થાય ત્યારે તીર્થંકરત્વની બાહ્ય અભ્યન્તર વિભૂતિની પ્રાપ્તિ થાય એ એક વાત છે.

બીજી મહત્ત્વની વાત એ છે કે એવા કર્મના સ્વામીઓ ઠેઠ ગર્ભાવસ્થાથી માંડીને–તે તે અવસ્થામાં જે જે 'ઉચિત' ગણાતું હોય તે તે ઉચિત કર્મનું અવશ્ય સેવન કરતા હોય. કેમકે તે તે સ્થાનની તે તે ઉચિત પ્રવૃત્તિનું સેવન પરંપરાએ મોક્ષપદને પમાડવામાં અસાધારણ કારણ બનતું હોય છે. (૧)

પુણ્યાનુબંધી પુણ્ય-કર્મના સ્વામીનું ઉત્કૃષ્ટ ઔચિત્ય સેવન

પુણ્યાનુબંધી પુણ્યકર્મના સ્વામીનું અસાધારણ લક્ષણ છે; ઔચિત્યનું સેવન. જગતના વ્યવહારમાં પણ જે ઉચિત હોય તેને પણ તે ન ચૂકે.

એમાં ય ઉત્કૃષ્ટ પુણ્યાનુબંધી પુણ્યકર્મના સ્વામી–તીર્થંકરદેવનો આત્મા તો ગર્ભાવસ્થામાં હોય ત્યાં પણ જે કાળે જે ઉચિત હોય તેનું આસેવન કરે.

આ વાત ભગવાન મહાવીરદેવના જીવનમાં આપણને જોવા મળે છે. જ્યારે એ કૃપાળુનો આત્મા ગર્ભાવસ્થામાં હતો ત્યારે તેમણે ઔચિત્યના સેવનસ્વરૂપ એવો અભિગ્રહ કર્યો હતો કે જે ત્રણે ય લોકના જીવોનું ગૌરવ વધારે. (૨)

પ્રભુનો ગર્ભાવસ્થામાં અભિગ્રહ

જિનાગમોમાં કહ્યું છે કે ભગવાન મહાવીરના આત્માએ ગર્ભાવસ્થામાં જે અભિગ્રહ કર્યો હતો તેનાં ત્રણ પ્રયોજનો હતાં.

(૧) માતાપિતાના ઉદ્વેગનું નિવારણ.

(૨) બીજા મહાત્માઓ પણ એ જ પગલે ચાલે.

(૩) પોતાને ઇષ્ટ એવા મોક્ષકાર્યની સિદ્ધિ.

(૧) માતાપિતાના ઉદ્વેગનું નિવારણ : મહાપુરુષો તો જગત માત્રના ઉદ્વેગને નિવારવાની મહત્ત્વાકાંક્ષા ધરાવતા હોય છે. એટલે તેઓ માતા-પિતાને ઉદ્વેગ ન થાય તે માટે સચિંત હોય તેમાં શી નવાઈ? પરપીડાનો પરિહાર કરવાની વાત એમના સ્વભાવમાં જ ઓતપ્રોત થઈ

ગઈ હોય છે. એમાં ય માતાપિતાનો ઉપકાર તો સીમાતીત છે. એ ઉપકારનો બદલો વાળવાનું કાર્ય તો અતીવ દુષ્કર છે.

જે માતાએ નવ નવ માસ સુધી બાળકનું ગર્ભમાં જતન કર્યું, એ ગર્ભને લેશ પણ દુઃખ, ત્રાસ, અંગમાં વિકલતા વગેરે ન થઈ જાય તે માટે પોતે ખાનપાન આદિ સઘળી બાબતમાં ખૂબ સાવધગીરી રાખી. પ્રસૂતિ થયા પછી પણ એ બાળકના તંદુરસ્ત ઉછેર માટે માતાએ તનતોડ કાળજી કરી. પિતાએ એના અધ્યયન વગેરેની કાળજી કરી. એને વ્યાવહારિક શિક્ષણ અપાવ્યું. જો આ બધું ય એમણે ન કર્યું હોત તો બાળકનું ગર્ભમાં જ મૃત્યુ થઈ જાત, જન્મ્યા બાદ ગમે ત્યારે મૃત્યુ થઈ જાત અથવા તો પિતાની બેકાળજીને કારણે એ વ્યવહારિક શિક્ષણ આદિમાં પાવરધો ન બનવાના કારણે સંસારમાં રખડી મરત. એથી પણ વિશેષ તો એ વાત કે એ બાળકને જો બાલ્યવયમાં જ ધર્મના સંસ્કાર નાંખવામાં ન આવત તો એના ભવોભવ બરબાદ થઈ જાત.

"પુરુષ-સ્ત્રીના વૈષયિક સુખના આનંદમાંથી સંતાનનો જન્મ થઈ જાય છે. એમાં વળી માતાપિતાનો ઉપકાર શો?" એવું પૂછનારા આજના નબીરાઓ એમના ગર્ભકાળના જતનને, શૈશવકાળના રક્ષણને, તથા બાહ્ય આભ્યન્તર શિક્ષણના ઘડતર વગેરેને કેમ ભૂલી જતા હશે?

પુણ્યાનુબંધી પુણ્યકર્મના સ્વામીઓને તો આવી ભયાનક કૃતઘ્નતાનો વિચાર ય ન આવે. ભગવાન વીરનો આત્મા તો એ કર્મની ટોચને પામેલો હતો એટલે એમનામાં તો પૂજ્ય માતાપિતાની ભક્તિની સીમા જ જોવા ન મળે. આથી જ ગર્ભમાં રહીને પણ એમણે એ ભક્તિથી પ્રેરાઈને જ અભિગ્રહ કર્યો હતો.

(૨) બીજા મહાત્માઓ એ અભિગ્રહની પાછળ બીજો ઉદ્દેશ એ પણ એ જ પગલે ચાલે : હતો કે એ તારકની જેમ બીજા પણ લોકો

એ વાત સમજે કે આપણે પણ માતાપિતાને ઉદ્વેગ પમાડનારા બનવું જોઈએ નહિ. શિષ્ટ લોકો તો મહાન આત્માઓના પગલે જ પગલું દાબે. એમની શિષ્ટતા પણ એ જ વસ્તુ છે.

(3) ઈષ્ટકાર્ય ભગવાન વીરના આત્માને ગર્ભાવસ્થામાં પણ ઈષ્ટ હતો;

સિદ્ધિ : માત્ર મોક્ષ. એ મોક્ષની સિદ્ધિ માટે પણ તેમણે ગર્ભાવસ્થામાં અભિગ્રહ કર્યો હતો.

કોઈ પણ સુંદર કાર્ય તે તે ઉચિત પ્રવૃત્તિથી જ સિદ્ધ થાય છે. ઔચિત્યનું સેવન એ તો સર્વકાર્યવ્યાપી મંગલ છે. અનુચિતનું આસેવન તો પ્રત્યેક કાર્યનું અમંગળ છે. એક સજ્જનને ત્યાં મહેમાન આવવાના હોય, સ્ટેશનેથી ગાડીમાં બેસીને ઘરે પણ આવી જવાના હોય તો ય સજ્જન યજમાન એવો વિચાર કદી ન કરે કે, "મારે સામે લેવા જવાની શી જરૂર છે? એ એની મેળે ચાલ્યા જ આવવાના છે!" ના, એ તો સામે જવાનું ઔચિત્ય અવશ્ય આચરે.

આ જ વાત સાધર્મિક બંધુ કે ઉપકારી ગુરુ વગેરેના સંબંધમાં પણ સમજવી જોઈએ.

કાર્ય મહાન હોવાથી સિદ્ધિ મહાન બનતી નથી. મુનિરાજને સારામાં સારી વાનગીની ભક્તિ કરવામાં આવી પરંતુ જો તે ભક્તિ નોકર દ્વારા કરાવી, શેઠ કે શેઠાણીએ તો દૂર બેઠાં જ નોકરને તેમ કરવાનું કહી દીધું તો તે નોકરની ભક્તિ શેઠની વેઠ બનીને સાવ નિષ્ફળ જાય છે. જ્યાં ઔચિત્યનું સેવન નથી ત્યાં ધર્મ એ ધર્મનું વાસ્તવિક સ્વરૂપ પકડી શકતો નથી.

આવશ્યક નિર્યુક્તિમાં કહ્યું છે કે "ભગવંતના એ તારક આત્માએ ગર્ભાવસ્થામાં જ અભિગ્રહ કર્યો હતો કે, 'એ તારકના આત્માને ગર્ભાવસ્થાનો સાતમો માસ ચાલતો હતો ત્યારે તેમણે ત્યાં જ અભિગ્રહ કર્યો કે, "જ્યાં સુધી માતાપિતા જીવતા હશે, ત્યાં સુધી હું શ્રમણ થઈશ નહિ." **પ્રતિજ્ઞા સાવદ્યની** બેશક, આ તો લોકોત્તર પુરુષ હતા એટલે તેઓ કે **નિરવદ્યની?** આવો દીક્ષા નહિ લેવાનો—નિરવદ્ય પ્રવૃત્તિ—નો

પણ અભિગ્રહ કરી શકે છે. પરંતુ અહીં એમ પ્રશ્ન થઈ ન શકે કે શું નિરવદ્ય પ્રવૃત્તિનો અભિગ્રહ થાય ખરો ?"

આ પ્રશ્ન લોકોત્તર પુરુષના વિષયમાં ન થઈ શકે. અન્યથા સામાન્ય રીતે તો અભિગ્રહ સાવદ્યનો જ થાય, નિરવદ્યનો નહિ.

અથવા તો એમ પણ કહી શકાય કે 'માતાપિતા જીવતાં હશે ત્યાં સુધી હું દીક્ષા લઈશ નહિ' એ શબ્દનો યથાશ્રુત અર્થ ન લેવો. ગ્રન્થકારશ્રી પોતે જ એ અર્થને શબ્દસ્થ કરતાં કહે છે કે ભગવંતે એવો અભિગ્રહ કર્યો હતો કે જ્યાં સુધી માતાપિતા ગૃહવાસમાં રહેશે ત્યાં સુધી જ હું મારી ઇચ્છાથી ગૃહવાસમાં રહીશ. અર્થાત્ તેમના દેહવિલય બાદ હું ગૃહવાસમાં નહિ રહું. "અભિગ્રહના આ આકારમાં નિરવદ્યની પ્રતિજ્ઞા-દીક્ષા નહિ લેવા સ્વરૂપ-જોવા નથી મળતી; પરંતુ સાવદ્યની પ્રતિજ્ઞા—ગૃહવાસમાં પછી નહિ રહેવા સ્વરૂપ—જોવા મળે છે.

અસ્તુ. એક વાત ચોક્કસ છે કે નિરવદ્ય પ્રવૃત્તિ પણ જો પરંપરયા સાવદ્યમાં રૂપાન્તર પામી જ જવાની હોય તો નિરવદ્યની પણ પ્રતિજ્ઞા થાય તેમાં વાંધો જણાતો નથી કેમકે વસ્તુતઃ તો એ પ્રતિજ્ઞા સાવદ્યની જ બની જાય છે.

જેમકે કોઈ સાધુ વ્યાખ્યાન વાંચવાની સ્વપરોપકારક નિરવદ્ય પ્રવૃત્તિ કરતો હોય અને તે બહેતર પ્રવૃત્તિથી વિજાતીયનું આકર્ષણ તેની તરફ વધી જતું હોય તો બહેતર છે કે તે સાધુએ વ્યાખ્યાન વાંચવાની નિરવદ્ય પ્રવૃત્તિનો અભિગ્રહ કરી લેવો. એવું જ શિષ્ય કરવાની નિરવદ્ય પ્રવૃત્તિના અભિગ્રહ માટે પણ સમજવું.

ટૂંકમાં, જિનશાસન કોઈ-પણ વાતનો (સિવાય ચતુર્થવ્રત) એકાન્તે નિષેધ કે એકાન્તે આગ્રહ કરવું જ નથી. દરેક સ્થાને ગૌરવ-લાઘવાદિનો વિચાર કરવો જ જોઈએ. એમ કરવામાં કયારેક દેખાતો ધર્મ પણ કોઈ માટે અધર્મ બની જાય અને કયારેક અધર્મ પણ કોઈ માટે ધર્મ બની જાય.

આથી જ આધાકર્માદિ દોષ–દુષ્ટ ભિક્ષા વ્યક્તિ વિશેષે કલ્પ્ય બની જાય છે. રે! એવી ભિક્ષા લે તો જ તેની આરાધના બને છે, ન લે તો આજ્ઞા–વિરાધનાનું પાપ લાગે છે; અને બીજી કોઈ વ્યક્તિ માટે એ જ આધાકર્મી ભિક્ષા લેવામાં જ વિરાધનાનું પાપ લાગે છે. ન લેવામાં જ આરાધનાના ધર્મનું આસેવન થાય છે.

ગર્ભાપહાર અને અભિગ્રહ

શ્રીવીરના એ તારક આત્માએ ગર્ભાવસ્થાની કયી સ્થિતિમાં અભિગ્રહ કર્યો હતો તે હવે જોઈએ. ભગવાન વીરના એ આત્માએ મરીચિ તરીકેના ત્રીજા ભવમાં કુળમદ કરીને નીચગોત્ર કર્મની નિકાચના કરી હતી. આ નિકાચિત કર્મ અંતિમ–સત્તાવીસમાં–ભવમાં જ ઉદય પામ્યું. આ પાપકર્મના ઉદયે બ્રાહ્મણ કુંડગ્રામ નગર નિવાસી ઋષભદત્ત બ્રાહ્મણની દેવાનન્દા નામની પત્નીની કુક્ષિમાં અવતર્યો.

૮૨ દિવસ તો ત્યાં જ–ગર્ભમાં–પસાર થઈ ગયા. નીચ ગોત્રકર્મ ક્ષીણ થતાં ૮૨મા દિવસે ઇન્દ્રનું સિંહાસન ચલાયમાન થયું. ઇન્દ્રે અવધિજ્ઞાનથી એ આશ્ચર્યકારક ઘટના બનેલી જાણી. તરત જ હરિણૈગમેષી નામના દેવ દ્વારા ઇન્દ્રે ક્ષત્રિયકુંડગ્રામ નગરના રાજા સિદ્ધાર્થની રાણી ત્રિશલાની કુક્ષિમાં એ તારકના આત્માનો સંક્રમ કરાવ્યો. એ વખતે બ્રાહ્મણી દેવાનંદાએ પૂર્વે જોએલાં ચૌદે ય સ્વપ્નો કોઈ હરી જાય છે એવું સ્વપ્નમાં જોયું અને તે છળી ઊઠી. તેણે નિશ્ચિત માની લીધું કે એનો ગર્ભ હરાઈ ગયો છે. આથી એના શોકનો પાર ન રહ્યો.

બ્રાહ્મણી દેવાનન્દાની આ સ્થિતિને રાણી ત્રિશલાની કુક્ષિમાં રહેલા પરમાત્મા વીરના આત્માએ અવધિજ્ઞાનના બળથી જાણી. તેમણે મનમાં વિચાર કર્યો કે, "અહો! મારા જ નિમિત્તે દેવાનન્દા બ્રાહ્મણી અવર્ણનીય દુઃખ પામી ગઈ! હવે આ ત્રિશલા ક્ષત્રિયાણી પણ મારા હલનચલનથી દુઃખ પામશે તો? ના. ના, માતાને દુઃખ કેમ દેવાય? કાંઈ નહિ. હું હવે જરા પણ હલનચલન કરીશ જ નહિ." આમ વિચારીને તારકનો એ આત્માએ ગર્ભાવાસના આગળ વધતાં દિવસોમાં

એકદા અલ્પવિકસિત પોતાના અંગને એકદમ નિશ્ચલ કરી દીધું! પરંતુ વાત તો આખી અવળી જ બની. તારકનો એ આત્મા કરવા ગયા સારું પણ એ તો અવળું જ પડ્યું!!!

ગર્ભની હલનચલનની ક્રિયા બંધ પડતાં માતા ત્રિશલાને શંકા જાગી કે, "શું ગર્ભ ગળી ગયો? હરાઈ ગયો? થયું શું?" એમણે તો મોટેથી રુદન શરૂ કર્યું. દાસીઓ દોડી આવી. આખા નગરમાં વાત ફેલાઈ ગઈ. રાજમાતા પ્રત્યે બહુમાન ધરાવતાં નાગરિકોના મુખ ઉદાસ થઈ ગયા. સર્વત્ર શોકની વાદળી છાઈ ગઈ.

ફરી ભગવંતના આત્માએ અવધિજ્ઞાનનો ઉપયોગ મૂક્યો....એ જોવા માટે જ કે માતા કેટલા સ્વસ્થ છે?

પરંતુ પરિસ્થિતિ તો સાવ ઊલટી બની ગયેલી જોઈ. વિરાગી આત્મા ક્રૂજી ઊઠ્યો, "અહો! મોહરાજની કેવી અકળ ગતિ! હજી તો આ માતાપિતાએ મારું મુખ પણ જોયું નથી તો ય બંને આટલો બધો સ્નેહરાગ દાખવે છે તો મારા જન્મ પછી, મારા દેહના લાવણ્ય વગેરેને જોઈને તો એ કેવા ગાંડાઘેલાં બની જશે? મારા લેશ પણ દુઃખને આ લોકો શી રીતે ખમી શકશે? અરે! હું તો સંસારનો પરિત્યાગ કરવા માંગુ છું. મારા એ વિયોગને તો આ માતાપિતા શી રીતે જીરવી શકશે? તો શું કરવું? દીક્ષા જ ન લેવી?"

ગર્ભકાળનો સાતમો માસ બેસી ગયો હતો. એમણે નિર્ણય કરી લીધો અને ત્યાં જ અભિગ્રહ કર્યો કે, "જ્યાં સુધી માતા ત્રિશલા અને પિતા સિદ્ધાર્થ ગૃહવાસમાં જીવિત હશે ત્યાં સુધી હું પણ સ્વેચ્છાએ ગૃહવાસમાં જ રહીશ. એટલે કે એમના દેહાન્ત સુધી જ હું પણ ગૃહવાસમાં રહીશ. પછી ગમે તે પળે એ ગૃહવાસને ત્યાગી દઈશ."

પ્રશ્ન: પ્રભુના એ આત્માએ આવો અભિગ્રહ શા માટે કર્યો? આવા અભિગ્રહ સાથે પ્રભુ જે ગૃહવાસમાં રહેવાના છે તે ગૃહવાસ ચારિત્ર-

મોહનીયકર્મના ઉદયથી સંભવે કે ચારિત્રમોહનીયકર્મના ઉદય વિના પણ સંભવે? જો પ્રથમ વિકલ્પ મંજૂર કરીને કહો કે ચારિત્ર-મોહનીયકર્મોદયે ગૃહવાસ સંભવે; તો અમારો પ્રશ્ન છે કે એ તારકના આત્માને અભિગ્રહ કરવાની શી જરૂર હતી? એ મોહનીયકર્મોદય એમને ગૃહવાસમાં જકડી જ રાખવાનો હતો?

અને જો બીજો વિકલ્પ લઈને કહો કે એ તારકને ચારિત્રમોહ-નીયકર્મોદયનો અભાવ હતો છતાં માતાપિતાને વિયોગનું દુઃખ ન આપવા ગૃહવાસનો અભિગ્રહ કર્યો હતો....તો તે વાત તદ્દન અસંગત છે; કેમકે મોહકર્મનો ઉદય ન હોય તો આત્મા ગૃહવાસ કરી શકે જ નહિ, એને તો સર્વવિરતિ જ ઉદયમાં આવી જાય; એને રોકવા ચાહે તેટલા તે અભિગ્રહ કરે તો ય સર્વવિરતિ ન રોકાય.

આમ, બે ય રીતે અમને તો લાગે છે કે એ તારકના આત્માને અભિગ્રહ કરવાની કશી જરૂર ન હતી.

ઉ. કર્મનું તત્ત્વજ્ઞાન બરોબર સમજનારને આવા વિકલ્પો જાગતા નથી. તમે આ વિષયને બરોબર સમજ્યા નથી.

હકીકત એ છે કે ગૃહવાસ તો ચારિત્રમોહનીયકર્મના ઉદયથી જ સંભવે. પ્રભુના આત્માએ પણ ત્રીસ વર્ષ સુધી જે ગૃહવાસ કર્યો તે ચારિત્રમોહનીયકર્મના ઉદયથી જ સાધ્ય હતો. છતાં એમણે ગૃહવાસ કરવાનો ગર્ભકાળમાં જે અભિગ્રહ કર્યો તેનું કારણ કર્મની સોપક્રમતા છે.

આયુષ્યકર્મના બે પ્રકાર

આયુષ્યકર્મ બે જાતના હોય છે સોપક્રમ અને નિરુપક્રમ.

સોપક્રમ કર્મ તેને કહેવાય કે જે તીવ્ર અધ્યવસાય, નિમિત્ત, અતિ વધુ કે અતિ અલ્પ આહારકરણ, વેદના, પરાઘાત આદિ શાસ્ત્રોક્ત સાત હેતુઓ ટકરાતાં તૂટી પડી શકે.

જ્યારે નિરુપક્રમ કર્મ તો કોઈ પણ હેતુ ટકરાતાં ય ન તૂટે.

આપણા જેવા મનુષ્યનું કે તિર્યંચનું આયુષ્ય સામાન્યતઃ સોપક્રમ કહેવાય. તીવ્ર મનશ્ચિન્તાદિ કારણોથી આયુષ્યકર્મના જે દલિકો ધારો કે ૧૦૦ વર્ષે ખલાસ થવાના હતા તે માત્ર ૪૦ વર્ષની ઉંમર થતાં ખલાસ થઈ જાય.

ક્રમશઃ ૮ કલાકે બધું પાણી છોડતી નળની ચકલીને એકદમ ખુલ્લી મૂકવામાં આવી તો ત્રણ જ કલાકમાં બધું પાણી છોડી દીધું!

કાથીની દોરી લાંબી સીધી મૂકીને એક બાજુથી સળગાવી તો બે કલાકે પૂર્ણ સળગી ચૂકી. પણ તેનું ગૂંચળું વાળીને કોઈ સળગાવે તો ૧૦ જ મિનિટમાં બળીને ખાખ થઈ જાય.

અહીં પાણી કે દોરીમાં કશું જ ઓછું થતું નથી, માત્ર એનો ભોગકાળ ઘટી જાય છે.

આવું જ કેટલાક મનુષ્ય–તિર્યંચના આયુષ્યકર્મમાં બને છે. જ્યારે કોઈ પણ દેવ કે નારકના આયુષ્યને ગમે તેવી ટક્કરો લાગે તો ય તે વહેલું તૂટી પડતું નથી કેમકે તે કર્મ નિરુપક્રમ હોય છે.

દરેક કર્મની બાબતમાં આ પ્રમાણે સમજવાનું છે.

ભગવાન વીરના આત્માનું જે ચારિત્રમોહનીયકર્મ હતું તે પણ સોપક્રમ હતું. જો વીરનો વિરાગી આત્મા જરાક પુરુષાર્થ કરે તો એ મોહનીયકર્મ તૂટી પડે તેમ હતું. એમ થતાં સર્વવિરતિ ઉદયમાં આવી જાય તેમ હતું.

આટલું જ હોત, તો ય એ તારકના આત્માને ગૃહવાસનો અભિગ્રહ કરવાની જરૂર ન રહેત; જો માતાપિતાનું આયુષ્યકર્મ નિરુપક્રમ હોત તો.

કેમકે કુમાર વર્ધમાન પ્રયત્ન કરીને કર્મને તોડી પાડીને સર્વવિરતિ લે તો પણ....માતાપિતાનું નિરુપક્રમ આયુષ્યકર્મ એ આઘાતથી તૂટી ન પડત. પરંતુ તારકના એ આત્માએ ગર્ભમાં રહીને માતાપિતાના આયુષ્યકર્મની સ્થિતિ પણ અવધિજ્ઞાનના બળથી નિહાળી. ત્યાં જોયું તો એ આયુષ્યકર્મ પણ સોપક્રમ જોવા મળ્યું! હવે શું થાય?

પોતાના પ્રયત્ને પોતાનું ચારિત્રમોહનીયકર્મ તૂટી પડે તેમ હતું. અને એ નિમિત્તને પામીને માતાપિતાનું આયુષ્યકર્મ પણ તૂટી પડે તેમ હતું.

બેમાંથી એક પણ કર્મ નિરુપક્રમ હોત તો ગૃહવાસનો અભિગ્રહ કરવાની આવશ્યકતા ન હતી. પરંતુ જ્યારે બે ય કર્મો સોપક્રમ જોયા અને જાણ્યા ત્યારે જ એ તારકના આત્માને ગૃહવાસનો અભિગ્રહ કરવાની ફરજ પડી.

જો આવો અભિગ્રહ તેઓ ન કરત તો એમના અંતરમાં ધખી રહેલી વિરાગની ધૂણી ગમે તે પળે આગ બનીને ભભૂકી ગયા વિના રહે તેમ ન હતી, એનું વીજળીક દબાણ એટલું બધું પ્રચંડ હતું કે ઉક્ત અભિગ્રહ કર્યા વિના એ કાબૂમાં રહી શકે તેમ ન હતું. અને જો એ દબાણ બેકાબૂ બની જાય તો ચારિત્રમોહનીયકર્મના કુરચેકુરચા ઊડી જાય; સર્વવિરતિધર્મ હાથમાં આવીને જ પડે. પણ આટલું થતાંની સાથે માતાપિતાના આયુષ્યકર્મોની ધરતીમાં ય ભયંકર કડાકો બોલી જાય અને એ આઘાતથી બેયનો દેહવિલય થઈ જાય.

માતાપિતાને મનથી પણ ઉદ્વેગ નહિ પમાડવાના ઉત્કૃષ્ટ લૌકિક ધર્મને—પુત્ર તરીકેના એ ઔચિત્યને અવગણવા—એ તારકનો આત્મા લાચાર હતો તો એમના દેહવિલયમાં તો એ નિમિત્ત કેમ જ બની શકે ? આથી જ પોતાનો એ પ્રચંડ વિરાગનો આખલો મોહરાજના ભુક્કા ઉડાવી ન દે એ દ્વારા માતાપિતાના દેહવિલયની અપરિહાર્ય હોનારત સર્જી ન દે, માટે જ તે વિરાગના આખલાને અભિગ્રહના દોરડાથી નાથી લીધો ! એને સખ્ત રીતે બાંધીને જકડી લીધો !

આમ ઉક્ત અભિગ્રહનો ભાવ પોતાના ચારિત્રમોહનીયકર્મનો ઉદય જાળવી રાખીને માતાપિતાને આઘાત ન પમાડવાની અનુપમ ભક્તિમાં પરિણમતો હતો; જો તે અભિગ્રહનો ભાવ ન સ્વીકારે તો પોતાના ચારિત્રમોહનીયકર્મનો ક્ષયોપશમ થઈ જઈને માતાપિતાને

આઘાત પહોંચાડીને તેમનો દેહાન્ત કરવાના ઘોરપાપમાં એ તારકનો આત્મા નિમિત્ત બની જતો હતો. માટે જ તારકના એ આત્માએ માતા-પિતાની નિરુપમ ભક્તિથી પ્રેરાઈને જે અભિગ્રહ કર્યો એ જરા ય નકામો ન હતો એટલું જ નહિ પણ અત્યન્ત ઉચિત હતો.

વળી આ અભિગ્રહથી બીજું પણ એક કાર્ય સિદ્ધ થતું હતું કે ભાવી શાસનની સંતતિ પણ આ જ રીતે પોતાનાં માતાપિતાની ભક્તિમાં તત્પર રહે એવો આદર્શ ખડો કરી દેવો.

બાળજીવો કોઈના ઉપદેશમાત્રથી પોતાનું જીવનપરિવર્તન કરી શકતા નથી. એ માટે તો ઉપદેશકનો આચાર જ મૂક ઉપદેશ બની રહેવો જરૂરી છે.

મૂક આચારના ઉપદેશનું જે વિરાટ બળ છે એની તુલનામાં વાણીથી અપાતા ઉપદેશનું બળ તો ખૂબ જ વામણું અને અત્યન્ત માંદલું ગણાય.

ભગવાન વીર તો જગતમાત્રને તારી દેવાની ભાવનાની આગથી ધગધગતો લોખંડી આત્મા હતો. એ ભાવનાને મહદંશે બર લાવવા માટે માત્ર વાણીનું સ્થૂલબળ કારગત નીવડી શકે તેમ ન હતું. આચારના સૂક્ષ્મબળો જ એ ભાવના મહદંશે ફલવતી બને તેમ હતી.

આથી જ જગતના જીવોને પોતાનાં માતાપિતા પ્રત્યે ભક્તિ ભરપૂર બનાવવા માટે એ પરમાત્માએ જાતે ગૃહવાસ દરમિયાન પોતાનાં માતાપિતાના અનન્ય ભક્ત બનવું આવશ્યક હતું.

અંતરની ભક્તિની વાતો પણ ત્યાં ન ચાલે. એ તો આચારમાં વ્યક્ત કરવી જ રહી. રે ! અંતરનો કોઈ પણ પ્રકર્ષ પામતો ભાવ સામાન્યતઃ આચારમાં આપમેળે ધસી આવીને જ જંપે છે. એને કાંઈ આચારમાં વ્યક્ત કરવાનો પ્રયત્ન કરવો ન પડે.

સખ્ત ભૂખ લાગી હોય, ખાવાની ઇચ્છા મનમાં ઉત્કટ બની ચૂકી હોય અને ભોજન-પીરસી થાળી સામે જ પડી હોય, ખાવા

માટેની બધી અનુકૂળતા હોય તો એ મનની ખાવાની ઉત્કટ ઇચ્છા આપમેળે અભિવ્યક્ત થઈ ગયા વિના રહે ખરી?

જેનું અંતર અનાસક્ત બની ચૂક્યું હોય એવો આત્મા આસક્તિના સાધનોમાં બેસી રહેવાનું પસંદ કરે? નિષ્કારણ બેસી પણ રહે ખરો?

સંસારમાં રહીને જ ધર્મ કરવાની, મોક્ષ પામવાની વાતો કરનારા 'માતા મે વન્ધ્યા'ના ન્યાયને યાદ દેવડાવી રહ્યા નથી?

તારકનો આત્મા માતૃભક્ત હતો માટે જ એ ભક્તિનો ભાવ અભિગ્રહના આચારમાં અભિવ્યક્ત થઈ ગયો.

પ્ર. પ્રભુના આત્માએ કરેલા ગૃહવાસના અભિગ્રહથી માતાપિતાના ઉદ્વેગને ટાળવાનું કાર્ય અને બીજાઓ માટે આદર્શ ખડો કરવાનું કાર્ય—એ બે કાર્યો તો સિદ્ધ થયા. પરંતુ પૂર્વે તમે ત્રીજું પણ કાર્ય નિષ્પન્ન થતું કહ્યું હતું કે, "એથી તારકના એ આત્માને જે મોક્ષપદ ઇષ્ટ હતું તેની પણ સિદ્ધિ થઈ." આ એક વાત અમારા મગજમાં બેસતી નથી. માતાપિતાની ભક્તિ માટે પણ સંસારમાં રહેવું પડે અને એથી મોક્ષપદની ઇષ્ટસિદ્ધિ થઈ જાય એ તો અત્યન્ત વિરોધી વાતો લાગે છે. મોક્ષપદની ઇષ્ટસિદ્ધિ તો સંસારનો પરિત્યાગ કર્યા વિના શક્ય જ નથી. એમ અમે માનીએ છીએ. (૪)

ઉ. જિનશાસનની મર્મભરી, ખૂબીઓભરી, રહસ્યમયી વાતોનો તાગ પામવાનું કામ જેના તેના માટે સરળ નથી. એ માટે તો ગુરુકુલવાસ અત્યન્ત અનિવાર્ય રીતે આવશ્યક છે. અસ્તુ.

જિનશાસનનું એ વિશદ વચન છે કે જ્યારે એક આત્મા સંસાર-પરિત્યાગ કરે છે ત્યારે એ સંસારપરિત્યાગ કરાવનારા ગીતાર્થ મહાત્મા તેના ગુરુ બને છે, પરંતુ જ્યાં સુધી એ આત્માએ સંસારત્યાગ કર્યો નથી ત્યાં સુધી તો તેના જન્મદાતા માતાપિતા જ ગુરુસ્થાને હોય છે. સંસારનો પરિત્યાગ કર્યા બાદ સંયમદાતા ઉપકારી ગુરુની જેવી સુંદર સેવા કરવાનું શાસ્ત્રવચન છે તેવી જ સુંદર સેવા સંસાર પર્યાયમાં શિષ્ટ માતાપિતા—જન્મદાતા ગુરુની—કરવાનું શાસ્ત્રવચન છે.

તારકનો આત્મા આ વિચારથી ભાવિત જ હતો એટલે જ એમણે વિચાર્યું હતું કે આ અભિગ્રહથી માતાપિતાના ઉદ્વેગનું નિવારણ તો થશે જ પરંતુ ગૃહવાસમાં રહીને એમની ભક્તિ કરવાથી મારો ભાવી સંસારપરિત્યાગ પણ ખૂબ જ ન્યાયયુક્ત ગણાશે. માતાપિતાની હાજરી છતાં એમની ભક્તિ કર્યા વિના એમને ઉદ્વેગ પમાડીને જો સંસાર પરિત્યાગ કરવામાં આવે તો તે ધર્મકાર્ય પણ ન્યાયસંગત ન ગણાય. (૫)

આ વિચાર ખૂબ જ ઊંડાણ માંગે છે એટલે જ્યાં સુધી આપણે એના ઊંડાણનો તાગ ન પકડીએ–એટલે કે આ અષ્ટકની વિવેચનાના છેડે ન પહોંચીએ ત્યાં સુધી કોઈ પણ અભિપ્રાય બાંધી લઈશું તો તે અધૂરો–નુકસાન કરનારો—અભિપ્રાય ગણાશે. આ લાલબત્તી બરોબર નજરમાં રાખવી.

ગૃહસ્થપર્યાયમાં જન્મદાતા માતાપિતા–ગુરુ–ની ભક્તિ ઉપર આટલું બધું વજન કેમ આપવામાં આવ્યું હશે? એમાં ય જેને સંસાર જ ત્યાગવો છે એની ઉપર સંસારી માતાપિતાની ભક્તિની ફરજ લાદવાનું શું પ્રયોજન હશે? હા, જે આત્મા સંસારમાં જ રહેવાનો હોય તે ભલે તેવો માતૃપિતૃભક્ત બને; પરંતુ સંસારપરિત્યાગની ભાવનાથી ઓળઘોળ બની ગએલા આત્માને આવા લૌકિક ગુરુસ્થાનીય માતાપિતાની ભક્તિનું મહત્ત્વ કે લોકોત્તર દીક્ષાદાતા ગુરુની ભક્તિનું મહત્ત્વ?

આવા અનેક પ્રશ્નો મનમાં ઊઠી શકે છે. ગ્રન્થકાર ભગવંત આ બધા પ્રશ્નોનો ઉત્તર આપતાં જણાવે છે કે સંસારમાં જ સદા માટે રહેનારને લૌકિક ગુરુ (માતાપિતા)ની ભક્તિ કરવાની જેટલી ફરજ છે તેથી પણ અધિક ફરજ ભાવીમાં સંસારપરિત્યાગ કરવાની ભાવનાવાળા પુત્રપુત્રીઓની થઈ પડે છે.

તેઓ કહે છે કે દીક્ષા એટલે શું? સર્વપાપની નિવૃત્તિ જ ને?

અનાદિકાળના સર્વપાપમાં પ્રવૃત્ત થવાના ગાઢ સંસ્કારોને ઊખેડીને ફેંકી દેવા અને ધર્મસંસ્કારોને અસ્થિમજ્જા કરવાનું દીક્ષા-કાર્ય શું સ્વપુરુષાર્થમાત્રથી સાધ્ય છે? રે! શાસ્ત્રમાં તો કહ્યું છે કે લોહચણા ચાવી જવાનું ય હજી કદાચ સહેલ છે, અસિધારા ઉપર ચાલી જવું ય સહેલ છે; પણ અનાદિના કાળાં પાપ-સંસ્કારોની જડ ઊખેડી નાંખવાનું કાર્ય તો અતિ અતિ દુષ્કર છે. લગભગ દુઃસાધ્ય છે.

દીક્ષા એટલે માત્ર શ્વેત વસ્ત્રોનું પરિધાન નથી. દીક્ષા એટલે એ કાળા પાપસંસ્કારોનો હવન કરવાની સાધના છે.

આવી કઠોર સાધના રખે કોઈ માનતા કે સ્વપુરુષાર્થના શસ્ત્રથી સાધ્ય બની જાય છે? ના, જરા ય નહિ.

માત્ર તલવાર સાથે યુદ્ધભૂમિ ઉપર દોડી જનારો એક રણવીર જો એકલી તલવારથી વિજય પામી જવાનો એ ફાંકો રાખતો હોય તો ખાંડ ખાય છે.

તલવારથી પણ વધુ બળવાન છે આશિષ.... માતાની.

તલવારથી પણ બળવાન છે; માતાએ કરેલો કુમકુમનો ચાંલ્લો.... અક્ષતે મઢેલો....

પૂજ્યોની જ્યાં દુઆ નથી ત્યાં દવાના ફાકડાઓથી પણ આરોગ્યની સિદ્ધિ સુશક્ય નથી.

દીક્ષા જેવા મહામંગલ જો લૌકિક કાર્યોની સિદ્ધિ માટે પણ આશીર્વાદની કારી કાર્યમાં વડીલોના આવશ્યકતા હોય તો સર્વપાપોથી વિરામ આશીર્વાદ ખૂબ જરૂરી પામીને જ જીવનનું પૂર્ણવિરામ થવા દેવાની ભવ્યતમ ભાવનાને વરેલા આત્માને પોતાની એ ઇષ્ટસિદ્ધિ માટે માતાપિતાના આશીર્વાદની કેટલી જરૂર ગણાય?

માતાપિતાના ચિત્તને ત્રાસ આપનારો, એમની આંતરડીને કકળાવીને દીક્ષા લેનારો આત્મા પાપસંસ્કારોનો હવન કરવાના ઇષ્ટકાર્યની સિદ્ધિ પામે એ વાત તો અસંભવિત લાગે છે.

બેશક, મોહના ગાઢ સંસ્કારોને વશ થયેલાં માતાપિતા પુત્ર-પુત્રીને સંસારત્યાગ કરવાની ઝટ સંમતિ ન આપે એ જ એમના માટે સહજ છે. પણ તેટલા માત્રથી મોહવિજેતા બનવાની સાધનાના મંગળ-પંથે કૂચ કરનાર આત્મા એમને ત્રાસ આપીને એ પંથે તો ન જ જઈ શકે. જેને જીવમાત્ર ઉપર કરુણા છે એને પોતાના જન્મદાતા માતાપિતા ઉપર કરુણા કેમ ન હોય? શું એમનો મોહ ઉછાળા મારે છે એટલે તેઓ કરુણાનું અપાત્ર બની જાય? નહિ, નહિ. આ તો કેટલી ભયંકર વાત છે? પુત્રાદિના હૃદયની નિષ્ઠુરતાને ઓકતું આ વચન સાંભળ્યું ન જાય તેટલું કઠોર છે.

જન્મદાતા માતાપિતાને પુત્રાદિ ઉપર મોહ ન હોય એ તો લગભગ અશક્ય છે. તીર્થંકરના અત્યન્ત સંસ્કારી માતાપિતાઓને પણ જો મોહ પજવતો હોય તો સાધારણ માણસનાં માતાપિતાને તે પજવે તેમાં નવાઈ શી છે? હા, એવા પણ કોઈ માતાપિતા ક્વચિત્ મળી આવે જેમને એ મોહ પજવતો ન હોય. પરંતુ એ તો આ સંસારનું સુખદ આશ્ચર્ય ગણાય. સામાન્યતઃ તો એવી સ્થિતિ જોવા ન જ મળે.

માટે એવી ક્રૂર દલીલ કરીને માતાપિતાને મોહાન્ધ કહેવા, દીક્ષા-દ્વેષી કહેવા....એ વિધાન તો હીણું કહી શકાય.

માતાપિતાના મોહના ઝેરને તો શાસ્ત્રોક્ત વિધિ-મંત્રોથી ધીમે ધીમે ઉતારવું જ રહ્યું. એવી કોઈ પણ વિધિ કર્યા વિના ઘરમાં ધમા-ચકડી મચાવવાની, માતાપિતાના હૈયાનાં ઊના નિસાસા લેવાની, એમને ધિક્કારવાની, મોહાંધ કહેવાની 'અવિધિ'નું ભયાનક અમંગળ જે આત્માઓ કરે છે તે આત્માઓ સર્વ પાપસંસ્કારોના વિનાશની સાધનામાં સફળતા મેળવી શકતા નથી. એટલું જ નહિ પરંતુ ગમે તે પળે એ સાધનાપંથથી તેઓ ભયંકર રીતે ઉછળીને ફેંકાઈ જાય છે અથવા એમનું શારીરિક આરોગ્ય હણાઈ જાય છે, અથવા એમને કોઈ પણ કાર્યમાં ઝળહળતી સિદ્ધિ પ્રાપ્ત થતી નથી....ટૂંકમાં, એ અમંગળકારી દીક્ષિતો દીક્ષાજીવનથી શાન્તિ પામી શકતા નથી....તેઓ વધુ ભયાનક વિનિપાત પામે તો તેમાં આશ્ચર્ય પણ ન હોઈ શકે.

માતાપિતાના આશીર્વાદના મંગળ વિનાનું—એમના અંતરના નિસાસાના અમંગળ પૂર્વકનું–મહાપંથનું કઠોર પ્રયાણ—સફળ ન બને–માત્ર અસફળ રહે તો ય સારું.... પણ એ તો અત્યન્ત વિફળ કટુ ફળ દઈને જ વિરામ પામવા સર્જાયેલું હોય છે.

ગમે તે ઉપાય કરીને માતાપિતાના એ મોહને, મોહજનિત એ ચિત્તસન્તાપને શાન્ત પાડવો જ રહ્યો. એ માટે જે કોઈ શાસ્ત્રવિધિ હોય તેમાંથી પસાર થવું જ રહ્યું.

આ રહી તે ક્રમિક શાસ્ત્રવિધિ :

માતપિતા પાસેથી દીક્ષાની રજા લેવા માટેની શાસ્ત્રવિધિ

(૧) વિનીત ભાવે સમજાવટ કરવી : તેમને પણ સંયમ લેવા તૈયાર કરવા :

દીક્ષાગ્રહણની રજા જેને સંયમ લેવાનો પરિણામ જાગ્યો છે તેના લેવા માટેની વિધિઓ જીવનમાં સંસાર પ્રત્યેનો વિરાગભાવ તો સર્વત્ર ધબકતો હોય. એની કોઈ પણ સાંસારિકપ્રવૃત્તિ પણ વિરાગ નીતરતી હોય જ. આવતી કાલે સંયમ લેનારો આજે રાગથી ઊભરાતા અસંયમને પોષે એ કેમ બને? જેનું જીવન વિરાગમય હોય એને જોઈને જ એનાં માતાપિતાનો મોહ માંદો પડીને મરવા માંડે એ સંભવિત છે. પણ એટલાથી કદાચ એમના મોહના ઉછાળા શાન્ત ન થાય તો પુત્ર–પુત્રીની ફરજ છે કે તેણે એ ઉપકારી માતાપિતાની આંખ સામે જગતનું વિષમ અને વિનાશી સ્વરૂપ ખડું કરી દેવું. વાતે વાતે એમને એ જગતની પાપમયતા સમજાવ્યા જ કરવી.

માતાપિતાનો ઉપકાર કોઈ રીતે વળી શકતો નથી, સિવાય એમને પ્રવ્રજ્યાના પંથે વાળવાનો સફળ પ્રયત્ન.

આ વાતને ધ્યાનમાં લઈને થોડો વધુ સમય સંસારમાં રહેવું પડે તો રહીને પણ ઉપકારી માતાપિતાને પુત્ર–પુત્રીએ તેમને સંસારથી વિરક્ત બનાવવાનો સઘળો પ્રયત્ન કરી છૂટવો જોઈએ. આ રીતે જો

માતાપિતા પણ વિરાગ પામે તો સહુ સાથે જ સંયમધર્મનો અંગીકાર કરે. એથી એ ભાગ્યવાન્ સુપુત્રોને જન્મદાતા માતાપિતાની આજીવન સેવા કરવાનો અમોઘ લાભ પ્રાપ્ત થાય.

કયા વિરાગી પુત્રની આ ભાવના ન હોય? કયો સજ્જન એકલો જ પેટ ભરવાની પ્રવૃત્તિ કરે?

જો આ પ્રયત્નમાં સફળતા મળી જાય તો કોઈ પ્રશ્ન જ રહેતો નથી. પરંતુ માતાપિતાના મોહકર્મના વધુ જોરના કારણે એમને વિરક્ત બનાવવાના પ્રયત્નમાં પુત્રને સફળતા ન મળે, અથવા તો માતાપિતાનાં વૃદ્ધત્વાદિ કારણોથી તેઓ દીક્ષા લેવા માટે યોગ્ય રહ્યા ન હોય તો તે પુત્રે પોતાને સંયમજીવનનો અંગીકાર કરવા માટે આશીર્વાદ મેળવવાનો પ્રયત્ન કરવો. એ માટે પણ એણે સઘળી શક્ય સમજાવટ કરવી.

આમ કરવામાં ય સફળતા ન મળે, પુત્રને પણ એ માતાપિતા પ્રેમથી રજા ન આપે તો શું કરવું?

તો હવે આશીર્વાદ મેળવવાના કાર્યના બીજા તબક્કામાં પ્રવેશ કરવો.

(૨) આજીવિકાનું સાધન કરી આપવું:

જો એમ લાગતું હોય કે માતાપિતા પોતાના ભાવી નિર્વાહની ચિંતાને કારણે દીક્ષા લેવાની વાતમાં સંમતિ આપતા નથી તો એ પુત્રે એમની એ ચિંતા દૂર કરવી. એ માટે કદાચ થોડો સમય રહીને, વ્યાપાર આદિ કરીને પણ ઠીક ઠીક સંપત્તિ પ્રાપ્ત કરી શકાતી હોય તો જરૂર તેમ કરવું. એ સંપત્તિ એમના હાથમાં મૂકી દેવી અને પછી એમની આશિષ મેળવીને દીક્ષા લેવી.

પણ કયારેક એવું બને છે કે આજીવિકા—સાધનસંપન્ન માતાપિતા હોય તો પણ પુત્રને દીક્ષા લેવાની સંમતિ આપતા નથી. બેશક, એમાં કોઈ આશ્ચર્ય નથી. મોહનું તોફાન ખૂબ જ વિચિત્ર હોય છે. એ આવું જ કરે....આમ ન કરે તેમાં જ આશ્ચર્ય!

તો શું કરવું ? સાધનસંપન્ન માતાપિતા પણ 'આશિષ' આપવા લાચાર બને તો શાસ્ત્રોક્ત વિધિના ત્રીજા તબક્કામાં પ્રવેશ કરવો.

(૩) ધર્મમાયા કરવી :

ધર્મમાયા એટલે ધર્મ કરવા માટેની માયા.

હૃદયમાં બીજો કોઈ સ્વાર્થ ન હોય, એટલું જ નહિ પણ સ્વ પરના હિતનો જ વિચાર હોય પરંતુ એ વિચાર કોઈ રીતે બર ન આવવાના કારણે અધર્મનું સેવન કરવાની ફરજ પડતી હોય અને તેથી દિલ ખૂબ જ દુભાયા કરતું હોય તો એ અધર્મસેવનથી મુક્ત થવા માટે અને ધર્મસેવનથી સંપન્ન બનવા માટે માયા પ્રયોગ પણ કરવો પડે.

પ્રસ્તુત વિષયમાં માતાપિતાને એમ કહેવું કે, "મને જોષી કહે છે (હકીકતમાં કહ્યું ન હોય.) કે મારું આયુષ્ય ઘણું અલ્પ છે. તો હે પૂજ્યો ! મને તમે દીક્ષા લેવા માટે સંમતિ આપો. હું ભાવીમાં દીક્ષા લેવાના વિચારે બેસી રહીશ તો મારું આયુષ્ય પૂર્ણ થઈ જતાં રખડી પડીશ. અલ્પ આયુષ્યવાળો હું આપના કામમાં ય કદાચ ન આવું. આપના વાર્ધક્યમાં આપની સેવા કરવાનો લાભ પામવા પહેલાં જ મારું મૃત્યુ થઈ જશે એમ જોષી કહે છે...." ઇત્યાદિ.

અથવા તો અશુભ સ્વપ્ન ન આવવા છતાં માતાપિતાને કહેવું કે, "મને અમંગળ–પૂર્ણ સ્વપ્ન આવ્યું જેમાં 'હું મરી ગયો' એવું મેં જોયું....ઇત્યાદિ.

આમ અનેક રીતે માયા-મૃષા સેવીને પણ માતાપિતાને સંક્ષુબ્ધ કરવા અને તેમની પાસેથી આશીર્વાદપૂર્વક–દીક્ષા લેવાની સંમતિ મેળવવી.

આપણે પૂર્વે જોઈ ગયા છીએ કે નિઃસ્વાર્થભાવના, સ્વ–પરના હિતમાં પરિણમતા ધર્મમાં અધર્મ એ ય વસ્તુતઃ ઉપાદેય બને છે. જ્યારે સ્વાર્થભાવના, સ્વ-પરના અહિતમાં પરિણમતાં અધર્મમાં ધર્મ પણ વસ્તુતઃ હેય બને છે.

જીવોની દયાથી પ્રેરાઈને પારધિને જૂઠું કહેવું કે 'હરણિયાં આ રસ્તે ગયા છે' એ ધર્મ છે.

જીવોની કત્લેઆમ ચલાવીને આજીવિકા ચલાવતાં નિર્દય કસાઈની એ ધંધાની 'નીતિ' પણ અધર્મ છે.

પ્રસ્તુત વિષયમાં જે માયા–મૃષાનું સેવન થાય છે તે ન છૂટકે કરવું પડતું આચરણ છે માટે જ ઉપાદેય છે. વળી, એમાં કોઈના પણ અહિતના આશયનો અંશ પણ નથી માટે જ ઉપાદેય છે. આમ કરતાં ય જો માતાપિતાનો મોહ નરમ પડે તો તેમની તે મંગળ આશિષો પ્રાપ્ત થઈ જાય, કે જે આશિષના બળ ઉપર કાંટાળો એ સંયમનો પંથ સહેલાઈથી કપાઈ જાય.

આ વિષયમાં આટલી પણ માયા-મૃષાને જેઓ ચલાવી લેવાનો ઇન્કાર કરે છે તેઓ એ વાત સમજતા નથી કે જો આમ ન કરે તો માતાપિતાના નિસાસા લઈને દીક્ષા લેવાની વાત તો એથી ય વધુ કેટલી બધી અનર્થકર છે? એના કરતાં આટલા નાનકડા માયાના અનર્થથી મંગળમયી આશિષની પ્રાપ્તિનો અને એ દ્વારા કઠોરપંથના સફળ પ્રયાણની સિદ્ધિનો જે મહાન અર્થ હાંસલ થઈ જતો હોય તો તે નાનકડો-માયા કરવાનો અનર્થ શું ક્ષન્તવ્ય નથી? આ તો વણિગ્વૃત્તિપૂર્વકનો ક્ષત્રિયધર્મ છે. અહીં, 'થોડું નુકસાન ઘણો લાભ' એ લગભગ સર્વસિદ્ધાન્તવ્યાપી સૂત્ર ઉપર જ મુક્તિપંથે કૂચકદમ કરવાની છે. જગતના લોકો પણ શું આ સૂત્રને લગભગ જીવનસાત્ કરીને જ નથી ચાલતા? છતાં ત્યાં તો મહાસ્વાર્થભાવ પાયો છે માટે એ સૂત્રની પ્રશસ્તિ ગાઈ શકાય નહિ. જ્યારે મુક્તિના મંગળપંથે તો આ સૂત્ર અત્યન્ત પ્રશસ્ય બની રહે છે.

પણ ધારો કે આવી માયા કરવા છતાં પણ માતાપિતાનો મોહભાવ જરા ય માંદો પડતો ન હોય તો શું કરવું? શું દીકરાએ એમના મોહના પોષણમાં જ પરિણમે એવા સંસારને સ્વીકારી લેવો? પોતાની ભાવનાને મનમાં જ રાખવી? આ બધા શાસ્ત્રીયવિધિના તબક્કામાંથી

પસાર થઈ ગયા પછી પણ જો માતાપિતનો મોહ માંદો ન પડે અને જો દીકરો એમના મોહની ખાતર સંસારમાં રહી પડે, લગ્નાદિ કરે તો એ મોહ વધુ તગડો જ બને ને ? તો કરવું શું ? જો આ રીતે મોહને તગડો બનાવવાની વાત ઉપર ઢળી પડવાનું મંજૂર હોય તો તે ઉચિત લાગતું નથી. કેમકે માતાપિતા ઉપરનો સાચો ઉપકાર તો તેમના મોહને માંદો પાડીને મારવાથી જ વળે છે એવું શાસ્ત્રવચન છે....! તો કરવું શું ?

બરોબર, અહીં આપણને જબરી ગૂંચ ઊભી થતી લાગે છે. પરંતુ સર્વજ્ઞ સર્વદર્શી ભગવંતોનાં જ્ઞાનમાં કોઈ ગૂંચ હોતી જ નથી. આ પ્રશ્નનું તેમણે ખૂબ જ અસંદિગ્ધ સમાધાન કર્યું છે. ચાલો આપણે ગ્રન્થકાર ભગવંતનું સમાધાન સાંભળીએ.

તરછોડ્યા વિના માબાપને છોડવા એ તેમનો ત્યાગ નથી.

શાસ્ત્રોક્ત તબક્કામાંથી પસાર થયા પછી પણ માતાપિતા પુત્રને દીક્ષા લેવા માટે સંમતિ ન જ આપતા હોય તો તે પુત્રે છેવટે એમની સંમતિ વિના પણ દીક્ષા લેવી જોઈએ.

હવે એણે સમજી જ લેવું જોઈએ કે પૂજ્યોનો મોહભાવ હદ વટાવી ગયો છે. મોહના એ વિષને ઉતારવાના વિધિ-મંત્રોના બધા તબક્કાઓ પણ નિષ્ફળ ગયા ! કેવો ગાઢ હશે એ મોહ !

આ પરિસ્થિતિમાં વિરાગી પુત્રને વિરાટકાય મોહ પિશાચ અટ્ટહાસ કરતો દેખાય ! એની સાતતાળ વિરાટ કાયા સામે પોતાની વહેંતિયા જેવડી કાયા દેખાય ! એની હથેળીમાં ઊભા રહેલા વહેંતિયા જેવાં માતાપિતા દેખાય ! એનો આત્મા બોલી ઊઠે, "હાય ! હું તો કૂદી પડ્યો એની આ મૂઠી વળે તે પહેલાં જ....પરંતુ મારા આ માતા-પિતાનું શું થશે ? મૂઠી બંધ થતાં એની કેવી જીવલેણ ભીંસમાં એ દબાઈ જશે ! અહા ! આ પિશાચ એમના જીવ લઈને જ જંપશે શું ? રે ! કેવા એણે માતાપિતાને વશીકૃત કર્યા છે કે માતાપિતાને એ જ જીવનદાતા લાગે છે, અને હું જ અયોગ્ય કરનારો

દેખાઉં છું ! કાંઈ નહિ, હવે તો પુત્ર તરીકેની મારી સાચી અને પ્રથમ ફરજ એ જ થઈ પડે છે કે મારે ગમે તે રીતે મારા ઉપકારી માતાપિતાને એ મોહ—પિશાચની ચુંગાલમાંથી મુક્ત કરવા. મેં ખૂબ જ પ્રયત્ન કર્યો. સમજાવવાનો....પણ મારી સમજાવટ કાચી પડી. હજી મારે વધુ સારા વિરાગી બનવું જોઈએ, જીવન વિરાગ નીતરતું બનાવવું જોઈએ, શાસ્ત્રરૂપ મંત્રોનો બોધ પણ ખૂબ સારો મેળવી લેવો જોઈએ.... પછી જો હું મારા માતાપિતાને સમજાવીશ તો જરૂર સમજશે.

"અને જો તેઓ સમજશે તો મારી ઉપરનો એમના વર્ણનાતીત ઉપકારનો અંશતઃ પણ બદલો વળશે.

"બસ....તો હવે પળનો ય વિલંબ કરવાની જરૂર નથી. એ વિરાગમય જીવન અને વિરાગ નીતરતું જ્ઞાન પામવા માટે મારે દીક્ષાદાતા ગુરુની પાસે ચાલ્યા જ જવું જોઈએ. દીક્ષા લઈને એ જ્ઞાન-વિરાગ પામીને શીઘ્ર મારા ઉપકારીઓને એ હિતશત્રુની ચુંગાલમાંથી મુક્ત કરી દેવા જોઈએ."

આવો વિચાર કરીને એ મુમુક્ષુ દીક્ષા લે. બેશક, આ વખતે માતાપિતાનો મોહ તો ઓછળવાનો છે, તેથી તેમના ચિત્તને ઉદ્વેગ થવાનો છે, અંતર નિસાસા પણ નાખવાનું છે. પરંતુ એવું કાંઈ જ ન બને એ માટે બધી વિધિ થઈ ગઈ. હવે એમાં પુત્રને કોઈ જ દોષ લાગતો નથી. એનું ચિત્ત વિશુદ્ધ છે, હજી પણ એ જાય છે તે એ માતાપિતાના ઉપકારને સ્મરતો, એમની જ ચિંતા કરતો જાય છે. એટલે માતાપિતાના એ રુદન, નિસાસામાં નિમિત્ત બનવાનું અમંગળ હવે તેને લાગી શકતું નથી.

જ્ઞાનૌષધ ન્યાય મૃત્યુની પથારીએ પડેલી માતાને ઉગારી લેવા જો પુત્ર વૈદ્યને બોલાવવાની, ઔષધ આપવાની વિધિઓ જ ન કરે અને માતા મૃત્યુ પામે તો જરૂર એ મૃત્યુમાં પુત્ર નિમિત્ત બન્યો તેમ કહી

શકાય. પરંતુ એ બધી વિધિ સંપૂર્ણતઃ કર્યા પછી પણ તે મૃત્યુ પામે તો એ વખતે એમાં પુત્રની નિમિત્તતા અલ્પાંશે પણ રહેતી નથી.

મોહવિરક્ત પુત્રને દીક્ષા તો લેવી જ હતી. પણ વિધિમાંથી પસાર ન થવામાં એને એ માતાપિતાઓની આંતરડી કકળાવવામાં નિમિત્ત બની જવા રૂપ અમંગળનું અપશુકન આડું આવતું હતું. માટે જ તે બધા તબક્કામાંથી પસાર થયો. પોતાનાથી થાય તે કરી છૂટ્યો. છતાં ય જ્યારે પૂજ્યો અનુકૂળ ન થાય ત્યારે જ એની ફરજ થઈ પડી કે એણે જલદીથી સંયમમાર્ગે જવું અને સુબોધ પ્રાપ્ત કરીને જલદીથી એ માતાપિતાને મોહમુક્ત કરવા.

પ્ર.—આ મુદ્દો તો પહેલાં ઊભો જ હતો. તે વખતે તમે એનો પ્રતીકાર કરીને માતાપિતાની સમજાવટની જ વાત કરી.... હવે એ વિધિઓ પતાવ્યા પછી ફરી એમના દુઃખનો મુદ્દો ઉપસ્થિત થયો ત્યારે તમે દીક્ષા લઈ લેવાની વાત કરો છો? જો આમ અન્તે પણ દીક્ષા લેવાની જ વાત છે તો પહેલાં જ કેમ ન લેવી?

ઉ.—આ તો તમે ગજબની વાત કરી! દેખાવમાં આકર્ષક! ભીતરમાં સાવ પોલી!

ભોજનના ભાણાં ઉપર બેઠા પછી બે કામ કરવાનાં હોય છે—ખાવું અને મોં ધોવું. તો શું એમ કરી શકાય ખરું કે મોં પછી ધોવાનું તો છે જ માટે પહેલાં જ ધોઈ લેવું અને પછી ખાવું?

એ જ રીતે પહેલાં શૌચનું કામ પતાવીને પછી મળવિસર્જન કરવું?

કપડાં પહેર્યા પછી મેલાં થાય અને પછી ધોવા તો પડે જ; તો પહેલાં જ ધોઈ લેવા અને પછી પહેરવા.

પુણ્યવાન્! જે વિધિ પહેલી હોય તે પહેલી જ થાય. એ વખતે પાછળની વિધિ કોઈ કરતો હોય તો નિષેધ જ થાય. પાછળની વિધિનો સમય આવી લાગે ત્યારે પાછળની વિધિ અવશ્ય થાય.

આ અંશમાં પ્રસ્તુત વિચારની પણ યોજના કરવી.

વળી બીજી વાત એ છે કે માતાપિતાને સમજાવટ કરવાના તબક્કાઓમાં ઘણું કરીને તો માતાપિતાનો મોહ શાન્ત થાય તેવી મોટી શક્યતા હોય છે. એવા તો થોડા પૂજ્યો હોય જેમનો મોહ બધા ય તબક્કામાંથી પસાર થયા બાદ પણ ઊભો રહ્યો હોય!

રે! તેમાં ય એ મોહને ધક્કો તો લાગ્યો જ હોય! જે અવિચલતા પૂર્વમાં હતી તેમાં તો ઘણો જ ફેરફાર થાય. એમ થતાં-હવે જો પુત્ર દીક્ષા લે તો-એટલો સખ્ત આઘાત ન જ આવે કે જે વિધિઓ કર્યા વિના દીક્ષા લેતાં શક્ય હતો.

પ્ર.-ગમે તેમ હોય, પણ અન્તે ય માતાપિતાની આશિષ પામ્યા વિના ત્યાગ તો કર્યો ને?

ઉ. - વસ્તુતઃ એ ત્યાગ જ નથી.

ભર જંગલમાં માતાપિતા તૃષાથી તરફડતાં હોય : એમના બે પુત્રોને એ કહે છે કે, "જલદી પાણી લાવો....નહિ તો અમે થોડી જ વારમાં મરી જઈશું." એક પુત્ર વિચાર કરે છે કે આવી ગંભીર સ્થિતિમાં-મોતના મુખમાં પ્રવેશી ચૂકેલાં-માતાપિતાને મૂકીને મારાથી કેમ દૂર જવાય? હું દૂર જાઉં અને તેઓ તરફડી તરફડીને મરી જાય તો?" આમ વિચારીને એ પુત્ર માતાપિતાનો ત્યાગ ન કરીને ત્યાં જ બેસી રહે છે.

બીજો પુત્ર વિચારે છે કે મૃત્યુ પામી રહેલા માતાપિતાને જીવન આપવું હોય તો તે કાંઈ મારા અહીં બેસી રહેવાથી શક્ય બનવાનું જ નથી. હું જો એમને છોડીને થોડે દૂર જઈશ તો જ કયાંકથી પાણી મેળવી શકીશ. અને તો જ પાણી લાવીને, તેમને પાઈને જીવાડીશ.

આમ વિચારીને નિસાસા નાંખતા, તરફડિયાં મારતા પૂજ્યોને ત્યાં જ મૂકીને તે પુત્ર પાણી શોધવા ચાલ્યો જાય છે.

હવે કહો, આ બે પુત્રોમાં ખરો માતૃપિતૃભક્ત પુત્ર કયો ? એમનો ત્યાગ નહિ કરતો કે એમનો ત્યાગ કરતો ?

ત્યાગ કરવા છતાં બીજો પુત્ર વસ્તુતઃ ત્યાગ નહિ કરનાર કહેવાય. જ્યારે પ્રથમ પુત્ર ત્યાગ નહિ કરનારો દેખાવા છતાં ત્યાગ કરનારો કહેવાય.

માત્ર પાસે બેસી રહેવાથી જો મોત વધુ નજીક આવતું હોય અને દૂર થવાથી જીવન પ્રાપ્ત થવાની શક્યતાઓ ઊજળી દેખાતી હોય તો પાસે બેસી રહેવામાં પુત્રભક્તિ ન જ કહેવાય.

પ્રસ્તુતમાં પણ આ વાત સમજવાની છે. માતાપિતાના તીવ્ર મોહભાવના કારણે તેમની સાથે સંસારમાં રહી જવાથી તો માતા-પિતા મોહની વારંવાર પછડાટો ખાઈને લાખો ભાવમૃત્યુ પામ્યા વિના રહેવાના જ નથી. જ્યારે એમની ઇચ્છાવિરુદ્ધ થઈને પણ જ્ઞાનનું નિર્મળ જળ લેવા દીક્ષા-નદીએ દોડી જવામાં તો મોહથી થનારાં વારંવારના માતાપિતાના ભાવમૃત્યુને નિવારી દેવાની ખૂબ જ આશાસ્પદ ઊજળી બાજુ પડેલી છે.

જેના દિલમાં એક માત્ર ભાવના છે; મોહથી મરતાં માતાપિતાને જીવાડી દેવાની....અને એ માટે જ છેવટે જો એમનો દેખીતો ત્યાગ કરે છે એને ત્યાગ જ કેમ કહેવાય ?

અને આવા સમયે પણ તૃષાથી તરફડતા જંગલમાં રહેલાં માતા-પિતા જો પુત્રમોહના કારણે પાણી શોધવા જતાં પુત્રને રોકી પાડે, દૂર ન જવા માટે કાકલુદીભરી આજીજી કરે, છતાં સમજદાર પુત્ર પાણી શોધવા માટે ડગ ઉપાડે અને તે વખતે એ મોહમૂઢ માતાપિતા પોક મૂકે કે ગમે તે કરે....તો તેથી કાંઈ એ પુત્ર એમના દુઃખનો સર્જક ન ગણાઈ જાય. જેના અંતરમાં એમને દુઃખી કરવાની ભાવનાનું સ્વપ્ન પણ ઊગતું નથી એ શી રીતે એમના અજ્ઞાનજનિત દુઃખમાં નિમિત્ત બનતો કહેવાય ?

પંચવસ્તુક પ્રકરણમાં આ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે માતા-પિતાના આ રુદનાદિમાં દીક્ષા લેતા પુત્રને નિમિત્ત બનવાનું પાપ લાગે કે, નહિ? આ પ્રશ્નનું ત્યાં સમાધાન કરતાં સાફ શબ્દોમાં કહ્યું છે કે ના. જરા ય એ પાપ ન લાગે.

મૃત્યુ પામતો માણસ જો ન ઇચ્છે કે, "એની પાછળ કોઈએ રડવું નહિ" છતાં જો સ્વજનો પોક મૂકે અને કારમું આર્તધ્યાન કરે તો તેમાં તે મૃત્યુ પામનાર વ્યક્તિ નિમિત્ત બનતી જ નથી.

ટૂંકમાં, જ્યાં આશય એવો નથી ત્યાં એ કાર્યની પાછળ તે વ્યક્તિની નિમિત્તતા લાગતી નથી.

પ્રસ્તુતમાં પણ બધી શાસ્ત્રોક્ત વિધિમાંથી પસાર થઈને જે આત્મા માતાપિતાનો ત્યાગ કરે છે તે વિધિત્યાગ તે માતાપિતાના રુદનાદિમાં નિમિત્તભાવ પામી શકતો નથી.

ચિત્તના આશય વિના નિમિત્તતા લાગુ થતી નથી એ વાત આપણે જિનપૂજાની હિંસાના વિચારમાં ખૂબ વિસ્તારથી વિચારી ગયા છીએ.

આમ માતાપિતાનો વિધિત્યાગ કરનાર આત્મા વસ્તુતઃ એમનો ત્યાગ જ કરતો નથી એ વાત સ્થિર થઈ જાય છે. એટલું જ નહિ પણ એનાં અંતરમાં એ જ માતાપિતાને મોહની જીવલેણ ચુંગાલમાંથી મુક્ત કરવાની જે ભાવના રમી રહી છે એ ભાવના અને એ વિધિ જ મહામંગળ બની રહે છે. આ મહામંગળના બળની સામે માતાપિતાના રુદનનું બળ તૂટી પડે છે. એની કોઈ વિઘાતક અસર એ મુમુક્ષુના જીવન ઉપર થઈ શકતી નથી.

રે! જે મુમુક્ષુની રગેરગમાં માતાપિતાને મોહમુક્ત કરવા માટેની ભાવનાની આગ ધખી રહી છે એ મુમુક્ષુને માતાપિતાને ધિક્કારીને દીક્ષા લેનારો કેમ કહી જ શકાય?

પ્ર.–તો પછી ભગવાન વીરના આત્માએ ગર્ભમાં રહીને પૂર્વોક્ત અભિગ્રહ કેમ કર્યો?

ઉ.–એનું સમાધાન તો પૂર્વે જ થઈ ગયું છે કે એ તારકના આત્માએ પ્રવ્રજ્યાના નિમિત્તો માતાપિતાનું સંભવિત મૃત્યુ જોયું હતું માટે તેવો અભિગ્રહ કર્યો. જો એ મૃત્યુની શક્યતા ન જોઈ હોત તો તેઓ આવો અભિગ્રહ ન કરત એમ કહીએ તો ખોટું ન ગણાય.

ભગવાન આદિનાથનો આત્મા પણ તીર્થંકરનો જ આત્મા હતો ને? છતાં એમણે માતા મરુદેવાને રડતાં મૂકીને દીક્ષા લીધી જ હતી ને?

ખરી વાત એ છે કે એ તારકો જે કાંઈ કરે તે જ્ઞાનપૂર્વક કરતાં હોય છે તે જ્ઞાનમાં એમને જે ઉચિત લાગતું હોય તે જ તેઓ કરે. માતા મરુદેવાના રુદન દ્વારા પણ જો મોક્ષપદ દેખાતું હોય તો ભગવાન આદિનાથનો આત્મા એમને રડતાં મૂકીને પણ દીક્ષા કેમ ન લે? અને ભગવાન વીરનો આત્મા માતાપિતાના આર્ત્તધ્યાનપૂર્વકના મૃત્યુ દ્વારા એમની દુર્ગતિ જોતો હોય તો એ દીક્ષા શા માટે લે?

જ્ઞાની ભગવંતો માત્ર તત્કાળની વસ્તુસ્થિતિ જોતાં નથી, એમના જ્ઞાનમાં એનાં દૂરગામી પરિણામો પણ દેખાતાં જ હોય છે.

નિકાચિત કર્મની જ મુખ્યતા મુખ્યત્વે તો તે આત્માઓના નિકાચિત ભોગાવલિ કર્મ તેમને તે તે કાર્ય કરવાની ફરજ પાડતાં હોય છે. ભગવાન નમિનાથનો આત્મા લગ્નના વરઘોડે ચડ્યો. અને અડધે પહોંચતાં જ જ્યાં નિકાચિત ભોગાવલિ કર્મનો ભુક્કો બોલાયો કે એ પાછા ફર્યા! માતા આડા પડીને સૂતા! કરુણ રુદન કર્યું! કુમાર નેમિનાથને સમજાવવામાં બાકી ન રાખી! પણ નેમનાથ ન સમજ્યા તે ન જ સમજ્યા. માતાને રડતા મૂકીને પણ એમણે દીક્ષા લીધી.

ખેર, આ વાતો મહાજ્ઞાનીઓના જ્ઞાનબળથી કરેલા ખૂબ જ ચોક્કસ ગણિતપૂર્વકની હોય છે. એની સાથે આપણા જેવા અજ્ઞાનીઓને એ

દૂરગામી પરિણામના ગણિતનો એકડો ય ન આવડતો હોય ત્યાં આપણને એ દૃષ્ટાન્તોમાંથી એકે ય-અનુકૂળ કે પ્રતિકૂળ-લેવાનો અધિકાર નથી. આપણે તો એ તારકોના આત્માઓએ શું ફરમાવ્યું છે? તે જ જોવાનું....અને આચરવાનું.

પ્રસ્તુત વિષયમાં એ તારકોએ માતાપિતાનો ઉપકાર વર્ણવ્યો અને એથી દીક્ષા લેવાની ભાવનાવાળા મુમુક્ષુએ એમને ત્રાસ નહિ આપવાનું ફરમાવ્યું. પ્રારંભના જે તબક્કાઓમાંથી પસાર થવાનું જણાવ્યું, અને છતાં માતાપિતાનો મોહ શાન્ત જ ન થતો હોય તો એમને મોહની એ નાગચૂડમાંથી મુક્ત કરવા માટે જ મુમુક્ષુએ એમનો ત્યાગ કરવો એમ પણ જણાવ્યું.... આપણે આ જ માર્ગે ચાલવાનું.... આ જ માર્ગને નમસ્કાર કરીને આરાધવાનો.

બધી વાતનો સાર એટલો જ છે કે અસિધારાચલનથી પણ કઠોર મહાવ્રતના કાંટાળા પંથે પ્રયાણ કરવા પૂર્વે મંગળની આવશ્યકતા છે. અને તે મંગળ માતાપિતાની સેવા-શુશ્રૂષા છે, છેલ્લે વિધિપૂર્વકનો ત્યાગ છે અને અંતરમાં માતાપિતાને મોહમુક્ત કરવાની ભાવના છે.

આ ત્રણે ય મંગળો એકેકથી ચડિયાતા છે. ગ્રન્થકારશ્રી કહે છે કે લૌકિક માતાપિતા સ્વરૂપ ગુરુની સેવા એ તો મોક્ષમાર્ગનું પ્રારંભ મંગળ છે. જે આત્માઓ ધર્મપુરુષાર્થમાં પ્રવૃત્ત થાય છે તેમને સંસાર-પર્યાયમાં તો એ લૌકિકગુરુઓ ખૂબ જ સુંદર પૂજાનું પાત્ર બને છે. (૭)

રે! જગતમાં તે જ આત્મા કૃતજ્ઞ છે જે સંસાર-અવસ્થામાં રહે ત્યાં સુધી પોતાના ઉપકારી માતાપિતાની સેવા કરે છે. રે! પ્રવ્રજ્યાના પંથે ગયા પછી પોતાના ધર્મગુરુની સાચી સેવા પણ તે જ કરી શકે છે, જેણે સંસારમાં રહેવાના કાળમાં પોતાના માતાપિતાની સેવા કરી હોય છે. લૌકિકગુરુઓની પૂજા નહિ કરનારો લોકોત્તર-ધર્મગુરુની પૂજા શી રીતે કરી શકવાનો છે? અને એમની પૂજા વિના

તે કૃપા શી રીતે પામશે ? કૃપા વિના શુદ્ધધર્મની સાધના શી રીતે કરશે ? શુદ્ધ ધર્મના આરાધન વિના મુક્તિપદ કેવું ?

આમ, મુક્તિપદની પ્રાપ્તિમાં મૂળ કારણ તો લૌકિકગુરુ–માતા-પિતાની સેવા જ છે એ વાત સિદ્ધ થઈ જાય છે. આથી જ ભગવાન વીરના આત્માએ ગર્ભવાસમાં કરેલા અભિગ્રહનું ત્રીજું પ્રયોજન મોક્ષાત્મક ઇષ્ટકાર્યની સિદ્ધિ કહ્યું છે ને ? હવે એ વાત એકદમ સ્થિર થઈ જાય છે.

વહીલોનો અપ્રતિકાર્ય ઉપકાર નીતિસૂત્ર કહે છે કે માતાપિતા, વિદ્યાગુરુ અને સંયમદાતા ધર્મગુરુ એ ત્રણનાં ઉપકારનો બદલો વાળવો જ મુશ્કેલ છે. તેમાં ય હજી માતાપિતા કે વિદ્યાગુરુના ઉપકારનો બદલો—એમને સંયમભિમુખ કરીને વાળી શકાય, પરંતુ સંયમદાતા ધર્મગુરુના ઉપકારનો બદલો તો કેમે ય વાળી શકાય તેમ નથી. (હા, તેઓ સંયમધર્મથી વિમુખ થાય તો સંયમાભિમુખ કરીને ઉપકારનો બદલો વાળી શકાય. પરંતુ તેવું તો પ્રાયઃ ન જ બને ને?)

મોક્ષમાર્ગની આરાધનાની સફળતાની આ ગુરુચાવી—જ્યાં સુધી મુમુક્ષુ આત્મા સંસારસ્થ હોય ત્યાં સુધી માતાપિતાની અનન્યભાવે ભક્તિ કરવી તે—આ કાળમાં સહુ મુમુક્ષુઓએ અવશ્ય ધ્યાનમાં લેવા જેવી છે. જે અવિધિઓના ભયંકર અમંગળ થાય છે તેને દૂર કરાવવાના ઉપદેશની પણ એટલી જ આવશ્યકતા છે અને વિધિત્યાગનું સૂત્ર પ્રકાશમાં લાવીને મોહપ્રચુર માતાપિતાની સાચી સેવા એમને મોહ-મુક્ત કરવા માટે પુત્રે સંયમધર્મ સ્વીકારવો જરૂરી છે એ વાત પણ હતાશ બનીને ઘરમાં જ બેસી રહેવાનું પસંદ કરતાં મુમુક્ષુને ચીમકી આપીને સમજાવવી જોઈશે. એકે ય વાતની ઉપેક્ષા કરી શકાય નહિ. સર્વ વાતનું શાસ્ત્રપદ્ધતિએ નિરુપણ કરવું જોઈએ. જેથી ભુલાવામાં પડેલા ભદ્રક પરિણામી જીવો ઉગરી જાય અને આત્મકલ્યાણ સાધે.

માતાપિતાની આશિષનું અને છેવટે વિધિત્યાગ સાથે અંતરમાં

એમને મોહમુક્ત કરવાની ભાવનાનું મંગળ મુનિજીવનમાં કેવી સફળતાઓ બક્ષે છે, એ તો વર્તમાનકાળના તે સંયમી મહાત્માઓના એ મંગળપૂર્વકના વિશુદ્ધ સંયમજીવન, નીરોગી શરીર વગેરેથી સમજી શકાય છે, પરંતુ એ આશિષનું કે વિધિત્યાગનું જેણે મંગળ કર્યું નથી, લીધી છે માત્ર માતાપિતાના અંતરની આહ, અને જોયા છે દડદડ વહી જતાં આંખનાં આંસુ....એ અમંગળ શું કરે છે? એ તો એના અનુભવીને જ સમજાય તેવી બાબત છે.

એ અમંગળના કારકોમાંથી કેટલાકે સંયમની વિશુદ્ધિ ગુમાવી છે, કેટલાકોએ ગુરુની કૃપા ગુમાવી છે તો આ વિવેચક જેવાએ શરીરનું આરોગ્ય ગુમાવ્યું છે.

અંતરથી વિનવું છું કે સહુ મુમુક્ષુઓને....આશિષનું કે વિધિત્યાગનું મંગળ અવશ્ય કરજો....મોહમુક્ત માતાપિતાની આશિષનું મંગળ કરીને જાતે મોહમુક્ત બની જશો, અને વિધિત્યાગનું મંગળ કરીને નિઃસીમ ઉપકારી માતાપિતાને મોહમુક્ત કરવાની સાધનાનું વિરાટ બળ પામી શકશો. આ બે સિવાય ત્રીજું કાંઈ કદી કરજો મા! કોઈ મુમુક્ષુ કદી ન કકળાવશો ઉપકારીઓની આંતરડી! કદી ન પામશો અંતરની આહ! આંખમાંથી દડદડ વહી જતી અશ્રુની ધારા!

વિધિપૂર્વક છોડવા એ અમંગળ નથી; તરછોડવા એ જ અમંગળ છે. વિધિપૂર્વક વડીલોને છોડનાર મુમુક્ષુ તેમને તરછોડનાર તો ન જ બનવો જોઈએ.

તીર્થકૃદ્દાનમહત્ત્વસિદ્ધિ–અષ્ટક

[૨૬]

जगद्गुरोर्महादानं संख्यावच्चेत्यसङ्गतम् ।
शतानि त्रीणि कोटीनां सूत्रमित्यादि चोदितम् ॥१॥

બૌદ્ધ–જગદ્ગુરુ વીરનું દાન મહાદાન હતું એમ તમે કહો છો અને સાથે તે દાન ૩૮૮ કોડ ૮૦ લાખની પરિમિત સંખ્યાનું હતું એમ પણ સૂત્રથી કહો છો....આ બે વાત પરસ્પર વિરોધી છે. મહાદાન તે પરિમિત હોતું હશે ?

अन्यैस्त्वसङ्ख्यमन्येषां स्वतन्त्रेषूपवर्ण्यते ।
तत्तदेवेह तद्युक्तं महच्छब्दोपपत्तितः ॥२॥

બીજાઓ (એટલે બૌદ્ધો) કહે છે કે અમારા ત્રિપિટકોમાં તો ભગવાન બુદ્ધનું અસંખ્યદાન કહ્યું છે. જે દાન અસંખ્ય હોય તે જ મહાદાન કહેવાય. 'મહત્' શબ્દ તો જ સાર્થક ગણાય.

ततो महानुभावत्वात्तेषामेवेह युक्तिमत् ।
जगद्गुरुत्वमखिलं सर्वं हि महतां महत् ॥३॥

મહાદાનના કારણે તે ભગવાન બુદ્ધ જ મહાનુભાવ કહેવાય અને મહાનુભાવ હોવાથી તેઓ જ જગદ્ગુરુ કહેવાય. મહાન પુરુષોની દાનાદિ સઘળી ક્રિયા મહાન જ હોય.

एवमाहेह सूत्रार्थं न्यायतोऽनवधारयन् ।
कश्चिन्मोहात्ततस्तस्य न्यायलेशोऽत्र दर्श्यते ॥४॥

ભગવાન વીરે કરેલા દાન અંગેના સૂત્રનો ગૂઢાર્થ જાણ્યા વિના જે માણસ અજ્ઞાનને વશ થઈને આવી વાતો કરે છે તેને અહીં થોડી યુક્તિની વાત સમજાવવામાં આવશે.

महादानं हि संख्यावदर्थ्यभावाज्जगद्गुरोः ।
सिद्धं वरवरिकातस्तस्याः सूत्रे विधानतः ॥५॥

જગદ્‌ગુરુનું મહાદાન પરિમિત હતું તેનું કારણ યાચકોનો અભાવ હતો, નહિ કે જગદ્‌ગુરુની કૃપણતા હતી.

સૂત્રમાં કહ્યું છે કે જગદ્‌ગુરુના તારક આત્માએ સર્વત્ર ઉદ્‌ઘોષણા કરાવી હતી કે, જેને જે જોઈએ તે માંગે ! આ ઉદ્‌ઘોષણાથી જ એ દાન મહાદાન હતું એ વાત સિદ્ધ થઈ જાય છે.

तया सह कथं संख्या युज्यते व्यभिचारतः ।
तस्माद्यथोदितार्थं तु संख्याग्रहणमिष्यताम् ॥६॥

આવી ઉદ્‌ઘોષણા સાથે દાનમાં પરિમિત સંખ્યાનો વિસંવાદ જરૂર આવે છે પણ તેને ટાળવા માટે પૂર્વોક્ત રીતે 'યાચકોનો અભાવ' જ કારણ કહેવું પડશે.

महानुभावताऽप्येषा तद्भावे न यदर्थिनः ।
विशिष्टसुखयुक्तत्वात्सन्ति प्रायेण देहिनः ॥७॥

રે ! એ તારકના જગદ્‌ગુરુત્વના સદ્‌ભાવમાં આ જ તેમની મહાનુભાવતા છે કે તે વખતે યાચકોની ઇચ્છા જ શાન્ત થઈ જતી હતી અને સંતોષના વિશિષ્ટ સુખને પ્રાયઃ બધા જ યાચકો પામી જતા હતા.

धर्मोद्यताश्च तद्योगात्ते तदा तत्त्वदर्शिनः ।
महन्महत्त्वमस्यैवमयमेव जगद्‌गुरुः ॥८॥

એટલું જ નહિ પણ સંતોષ પામતાં જ તેઓ ધર્મોદ્યત થતા, લક્ષ્મીની અસારતાનું તત્ત્વ પામતા.

રે ! મહાન પુરુષોનું મહત્ત્વ તો આ રીતે જ ઘટે. આવા મહત્ત્વવાળા મહાત્મા જ જગદ્‌ગુરુપદ પામી શકે છે.

વિવેચના

આ અષ્ટકમાં મુખ્યત્વે 'દાન' કોને કહેવાય ? દાતા કેવો હોય ? એ વિચારનો સાર ગ્રન્થકાર ભગવંત શાસનપતિના વર્ષીદાનની 'પરિમિત સંખ્યા'ના વિચારમાંથી ખૂબ સુંદર રીતે ખેંચે છે.

વાત એ છે કે પુણ્યાનુબંધી પુણ્યકર્મનો ટોચ-બંધ જે આત્માઓ કરે છે તેઓ તીર્થંકરત્વની બાહ્ય-અભ્યન્તર વિભૂતિ પ્રાપ્ત કરે છે એ વાત આપણે પૂર્વાષ્ટકમાં જોઈ ગયા.

હવે અહીં એ વાત કરવી છે કે જેને પુણ્યાનુબંધી પુણ્યકર્મનો ટોચ-ઉદય પ્રાપ્ત થાય એ અવશ્ય જગદ્ગુરુ બને.

પુણ્યનો ટોચ અનુબંધ એ આત્માઓના જીવનને ફાટફાટ વૈભવોની વચ્ચે પણ અત્યન્ત અનાસક્ત રાખે, એ અનાસક્તિનું બળ એમની પાસે એ વૈભવોનો પરિત્યાગ કરાવે. જગતના વૈભવપ્રિય જીવો એ અનાસક્તિ અને એ પરિત્યાગને જોઈને અચંબો પામી જાય. એ આત્મા તરફ એમના શિર ઝૂકી પડે. સાચો ઉપદેશ શુદ્ધાચાર છે. આ આત્માઓ એ શુદ્ધાચારને આત્મસાત્ કરી ચૂકેલા હોય છે એટલે જ તેઓ જગદ્ગુરુનું પદ પ્રાપ્ત કરે છે.

જીવનની વિશુદ્ધિ સાથે જ જગદ્ગુરુતા વસ્તુતઃ સંકળાયેલી છે. પરંતુ બૌદ્ધોનું મંતવ્ય એ છે કે, 'એ વાત સાથે એમને કશો વાંધો નથી. પરંતુ એની સાથે સાથે જગદ્ગુરુની એ જગદ્ગુરુતા તો જ સાચી કહેવાય, જો તેમણે જગતના વૈભવોનો પરિત્યાગ કરતી વખતે 'મહાદાન' કર્યું હોય.

ગૌતમ બુદ્ધનું અસંખ્યદાન મહાદાન એટલે અસંખ્ય સોનૈયા વગેરેનું દાન. જગદ્ગુરુ પદ માટેની આ શરત મૂકીને તેઓ એમ કહેવા માંગે છે કે આ હિસાબે વિચાર કરતાં ભગવાન બુદ્ધ જ જગદ્ગુરુ બની શકે તેમ છે, કેમકે તેમણે જ અસંખ્ય સોનૈયાદિનું દાન કર્યું હતું. ભગવાન મહાવીર જગદ્ગુરુ બની શકે નહિ કેમકે તેમણે તો અમુક જ સંખ્યાનું દાન કર્યું હતું. સંખ્યાનું દાન એ

મહાદાન તો ન જ કહી શકાય. મહાદાની ન હોય તે જગદ્‌ગુરુ કેમ કહી શકાય ? બૌદ્ધોના આ મંતવ્યને આપણે જરા વિસ્તારીને જોઈએ.

જો ભગવાન મહાવીરે મહાદાન કર્યું હોય તો તે મર્યાદિત સંખ્યાનું જ કેમ હોઈ શકે ? મહાદાન કરનાર આત્મા પોતાના સેવકો પાસે ઉદ્‌ઘોષણા કરાવે છે કે "જેને જે માંગવું હોય તે લેવા આવજો.... અમારા સ્વામી તમે માગશો તેટલું આપશે. માગતો ભૂલશે પણ દેનારો નહિ ભૂલે."

હવે જ્યારે આવી વરવરિકાપૂર્વક મહાદાન કરાતું હોય ત્યારે તે દાન પરિમિત સંખ્યાનું તો કેમ સંભવી શકે ? કેવો વિરોધી અભિપ્રાય ? મહાદાન અને તે પરિમિત સંખ્યાનું !!! પરિમિત સંખ્યાનું દાન અને તેને મહાદાન કહેવું છે ?

જિનાગમોમાં જ સ્પષ્ટ કહ્યું છે કે, "ભગવાન મહાવીરે સંસાર પરિત્યાગ કરવા પૂર્વે એક વર્ષ સુધી રોજ સવારે સૂર્યોદયથી માંડીને ૪૮ ક્ષણ સુધી વરવરિકાની ઉદ્‌ઘોષણાપૂર્વક દાન કર્યું હતું. એમણે કરેલા દાનની કુલ સંખ્યા ૩૮૮ કોડ ૮૦ લાખની હતી."

આ જિનાગમના વચનથી સિદ્ધ થાય છે કે ભગવાન મહાવીરે પરિમિત દાન કર્યું હતું. જો આ વસ્તુસ્થિતિ છે તો પરિમિત દાન કરનારના દાનને મહાદાન ન જ કહેવાય. જે મહાદાની ન હોય તે જગદ્‌ગુરુ ન કહેવાય. (૧).

હવે ભગવાન બુદ્ધની વાત લઈએ. એમણે ખરેખર મહાદાન કર્યું હતું; કેમકે એમના દાનની કોઈ પરિમિતતા જ ન હતી. ત્રિપિટકોમાં એમણે કરેલા દાનનું વર્ણન કરતાં કહ્યું છે, "ઊંચાઈથી પર્વતોને પણ શરમાવી દે તેવા મોટાં રત્નોના ઢગલાઓ ખડકાયા હતા. સૂર્યના તેજને પણ ઝાંખું પાડી દે એવું તો એ રત્નોનું તેજ હતું. આવા તો વિરાટકાટ પહાડો ખડકાયા હતા. તારાઓની શ્રેણીની જેમ પ્રકાશ ફેંકતા મોટા મોટા મોતીના હારોના ય ત્યાં બેહદ ઢગલા પડ્યા હતા. આવી રીતે તમામ દેવા યોગ્ય વસ્તુઓના ઢેર ખુલ્લંખુલ્લા

ખડકી દેવામાં આવ્યા હતા. લોકોને જણાવી દેવામાં આવ્યું હતું કે, "જેને જે જોઈએ, જેટલું જોઈએ તેટલું તમારી મેળે તમે લઈ જાઓ." અને ખરેખર લોકો જાણે પોતાનું જ છે એમ સમજીને જેટલું લેવાય તેટલું ઉઠાવીને પૂરી સ્વતંત્રતા સાથે પોતાના ઘરમાં જતા હતા."

દાન તો આવું હોવું જોઈએ! આવા દાનને જ મહાદાન કહેવાય કેમકે આ દાનની સંખ્યાની કોઈ ગણતરી જ થઈ શકે તેમ નથી.

ભગવાન મહાવીરના પરિમિત દાનને પણ મહાદાન કહેવું હોય તો ઉપચારથી જ કહી શકાય. જ્યારે ભગવાન બુદ્ધના અપરિમિત દાનને તો કશાય ઉપચાર વિના મહાદાન કહી શકાય છે. માટે ઉપચારથી ભલે ભગવાન મહાવીરને જગદ્ગુરુ કહેવામાં આવે પણ વસ્તુતઃ જગદ્ગુરુ પદ તો ભગવાન બુદ્ધને જ પ્રાપ્ત થાય છે. (૨)

આમ મહાદાની બુદ્ધ હતા માટે જ તેમને મહાનુભાવ કહેવાય. જે મહાનુભાવ હોય તે જ જગદ્ગુરુ કહેવાય.

ટૂંકમાં અસંખ્યદાન દેવાથી બુદ્ધ જ મહાદાની કહેવાય.

મહાદાની હોવાથી બુદ્ધ જ મહાનુભાવ કહેવાય. મહાનુભાવ હોવાથી બુદ્ધ જ જગદ્ગુરુ કહેવાય. મહાન પુરુષોનું બધું ય મહાન જ હોય. કેમકે જગદ્ગુરુનું કોઈ પણ કાર્ય એવું હોઈ શકે નહિ જેમાં ગુરુતા ન હોય. એમની દાન વગેરે તમામ ક્રિયા મહાન જ હોય.

એટલે મહાદાની બુદ્ધ જ મહાનુભાવ હોવાથી જગદ્ગુરુ કહેવાય.

આમ અનુમાનનો આકાર આવો થાય.

બુદ્ધ જગદ્ગુરુત્ववાળા છે, મહાનુભાવત્ववાળા હોવાથી.
(પક્ષ) (સાધ્ય) (હેતુ)

અહીં કોઈ એમ કહે કે બુદ્ધમાં મહાનુભાવતા છે જ નહિ માટે હેતુ જ અસિદ્ધ છે તો તેના પરિહાર માટે અમે બૌદ્ધો કહીશું કે નહિ, મહાનનું બધું ય મહાન જ હોય. માટે બુદ્ધની મહાનુભાવતા અસિદ્ધ નથી. (૩)

બુદ્ધદાન રહસ્યસ્ફોટ ગ્રંથકાર ભાવંત કહે છે કે બૌદ્ધોની આ વાત સાવ જ વિચાર વિનાની છે. ભગવાન વીરના દાનની પરિમિત સંખ્યાને જણાવતાં સૂત્રનો માત્ર અર્થ જ પકડી લઈને તેઓ આવો નિર્ણય કરી દેવાનું દુઃસાહસ કરી ચૂકયા છે. જો તેમણે એ સૂત્ર ઉપર ઊંડો પરામર્શ કર્યો હોત તો સૂત્રનો અર્થાપત્તિથી પ્રાપ્ત થતો ગંભીર ભાવ એમની નજરમાં આવી ગયો હોત. પણ તેમણે આવું કાંઈ કર્યું નથી માટે જ એ સૂત્રનો શબ્દાર્થ પકડી લઈને અસંબદ્ધ વચન ઉચ્ચારી નાખ્યું છે. ખેર, અજ્ઞાનનો આવો જ મહિમા હોય છે. પણ હવે હું તેમને સાચો તર્ક બતાવીને એ વાત સમજાવીશ કે મહાદાન કોને કહેવાય? તેવું મહાદાન ખરેખર કોને ઘટે છે? કોણ જગદ્‌ગુરુપદ પામી શકે છે? બુદ્ધ કે મહાવીર? (૪)

વીરનું અલ્પદાન તે જ શ્રેષ્ઠદાન વાત એ છે કે ભગવાન મહાવીરે મહાદાન જ કર્યું હતું. કેમકે તેમણે એવી ઉદ્‌ઘોષણા કરાવી જ હતી કે, "જેને જે જોઈતું હશે તે આપવામાં આવશે." હવે બૌદ્ધોનો પ્રશ્ન એ છે કે જો આવી ઉદ્‌ઘોષણાપૂર્વક ભગવાન મહાવીરના આત્માએ દાન કર્યું હોય તો તેની સંખ્યા પરિમિત કેમ સંભવે? આથી એમ લાગે છે કે કાં તો ભગવાન વીરના એ આત્મામાં ઔદાર્યભાવ–પૂર્ણવિકસિત નહિ હોય અથવા તો એમની પાસે અસંખ્ય દ્રવ્ય નહિ હોય. આ બે કારણમાંથી કોઈ પણ એક કારણ ઉપસ્થિત થવાથી જ તેઓ અસંખ્ય દાન કરી શકયા નહિ હોય.

ગ્રંથકારશ્રી કહે છે કે આ બે ય કારણો ઉપસ્થિત ન હતાં. ભગવાન વીરનો આત્મા ઉદાર ન હતો, એ વાત તદ્દન અસંગત છે. એની સાથે કુમાર વર્ધમાન પાસે અસંખ્ય દ્રવ્ય ન હતું, એ વાત પણ અસંગત છે.

પુણ્યના ટોચ અનુબંધનાં કારણે એમનામાં અપાર ઔદાર્ય હતું જ અને પુણ્યના ટોચ–બંધના કારણે દાન દેવા માટે એમની પાસે

અપાર દ્રવ્ય પણ હતું જ; પરંતુ 'અસંખ્ય દાન' માટે જે ત્રીજી પણ એક વસ્તુની જરૂર રહે છે તે ત્યાં ન હતી. એ છે; અઢળક યાચકો અને તેમની તીવ્ર ભોગેચ્છા. કુમાર વર્ધમાન ગમે તેટલા ઉદાર હોય, એમની પાસે અપરિમિત દેય દ્રવ્ય પણ હોય પરંતુ અઢળક સંપત્તિ માગવાની ઇચ્છા સહિતના યાચકો જ એમને ન મળે તો એ શી રીતે અસંખ્ય-દાન દઈ શકે ?

કુમાર વર્ધમાને સમગ્ર નગરના ચોરે, ચોટે, ત્રિભેટે, મહાપથોના મિલન માર્ગે સેવકોને મોકલીને એવી ઉદ્‌ઘોષણા કરાવી હતી કે જેને જે જોઈશે તે બધું ય કુમાર વર્ધમાનના દેવાદિથી કરાતા મહાભિનિષ્ક્રમણના મહોત્સવ પૂર્વે મળશે—એ ઉદ્‌ઘોષણા તો આગમસિદ્ધ છે. એટલે એમાં કોઈ શંકા કરવાની જરૂર નથી. (૫)

બૌદ્ધ—જો આવી ઉદ્‌ઘોષણા હોય તો પછી પરિમિતદાન શી રીતે સંગત થાય ? આવી ઉદ્‌ઘોષણા સાથે પરિમિત સંખ્યાના દાનનો મેળ જ બેસતો નથી. (અનેકાન્ત દોષ આવે છે.)

ગ્રંથકારશ્રી—માટે જ કહેવું જોઈશે કે ખૂબ માંગી લેવાની ઇચ્છાવાળા યાચકો જ ત્યાં ન હતા, માટે પરિમિત દાન થયું હતું.

બૌદ્ધ—રે ! જગતમાં યાચકોનો તે કાંઈ તોટો છે ? અને યાચકોને માગવાની તીવ્ર ઇચ્છા ન થાય એવું તે શી રીતે બને ? જગતમાં દેનારાઓ હજી કદાચ નહિ મળે પણ યાચકો ન મળે એ તો કેમ બને ? દેનારાઓ હોવા છતાં દેવાની તીવ્ર ઇચ્છા હજી કદાચ નહિ મળે પરંતુ યાચકોને માગવાની ઇચ્છા ન થાય એ તો શી રીતે બને ? શા માટે એ વખતના યાચકો યાચનાવિહોણા બનીને યાચક જ મટી ગયા હતા એ અમને સમજાવશો ?

ગ્રન્થકારશ્રી—એ જ તો કુમાર વર્ધમાનના તારક આત્માની મહાનુભાવતા છે ને ? જે લોકોએ એ ઉદ્‌ઘોષણા સાંભળી એ લોકો પોતાનાં કુટુંબીજનો સાથે રાત્રે વિચારણા કરવા બેઠા.—" કેટલું માગીએ

તો આપણું કામ ચાલે ?" ભોગરસિક આત્માને તો જેટલું માંગવાનું નક્કી કરે તે ય ઓછું જ લાગ્યા કરે ને ? એટલે ભારે મથામણો– અનેક કલાકો સુધી ચાલતી અને છેવટે ન છૂટકે ખરડો તૈયાર થતો.

સવાર પડતું. ગામેગામથી, ઘર–ઘરથી મુખ્ય કુટુંબીજન વગેરે સાતે ઉજાગરા કરીને નક્કી કરેલું ધન લેવા કુમાર વર્ધમાનના રાજભવને પહોંચતા પણ ત્યાં જતાં જ તેમની એ યાચનાના તીવ્રતમ ભાવને ધક્કો લાગી જતો. કુમાર વર્ધમાનની એ ભવ્ય મુખાકૃતિ જોતાં જ તેમનું હૈયું નમી જતું. એમની દેવાની રીત જોતાં જ તેમનું મુખ શરમાઈ જતું. દરેક યાચકના મનમાં એક વિચાર ધસી આવતો કે શું સંપત્તિ વગેરે ખરેખર માંગવા જેવી વસ્તુ છે ? શું ખરેખર તેના વિના સુખ સંભવતું જ નથી ? શું એને ઘરમાં વસાવીએ તો જ જીવનવ્યવહાર ચાલે તેવું છે ? રે ! આ બધી માન્યતાઓ ભ્રામક તો નથી ને ? કેમકે જે ચીજને અમે માંગવા આવ્યા છીએ એ ચીજને આ કુમાર વર્ધમાન તો જોઈએ તેટલી આપી રહ્યા છે, ત્યાગી રહ્યા છે.

અરે ! જુઓ જુઓ....એમની દેવાની રીત પણ કેવી છે ? જાણે અમારી ઘરની સ્ત્રીઓ વાસીદુ વાળીને ધૂળનું છાબડું ઝરૂખામાંથી બહાર ફેંકી દે તેવી રીતે કુમાર વર્ધમાન છૂટે હાથે સંપત્તિ ફેંકી રહ્યા છે !

ઓહ ! તો શું સંપત્તિ ત્યાગવા જેવી વસ્તુ છે ? ભોગવવા જેવી, અને યાચવા જેવી એ વસ્તુ નથી ?

શું સમજવું ? અમે જેને માંગવા જેવી ચીજ માની તેને કુમાર વર્ધમાન તો ફેંકી દેવા જેવી ચીજ માની રહ્યા છે !

આમાં સાચું કોણ ? કયાં ભૂલ્યા ? કયાં મહાજ્ઞાની કુમાર અને કયાં અજ્ઞાન શિરોમણિ અમે ?

કયાં એમનું નિર્મળ જ્ઞાન ? કયાં અમારું ભ્રાન્તિભરપૂર જ્ઞાન ?

સાચા તો એ જ હોય ને ? મહાજ્ઞાનીનો જે વિચાર તે જ સાચો વિચાર ! અજ્ઞાનીનો વિચાર એમની વિરુદ્ધમાં પડે તેમાં નવાઈ શી ? અમે જરૂર ભૂલ્યા—સંપત્તિને માગવા જેવી ચીજ માનીને...."

કુમાર વર્ધમાનની દાન દેવાની રીત માત્ર જોઈને યાચકો શરમાઈ જતા. એમની યાચનાની વાસના નષ્ટ થઈ જતી. યાચક, યાચક મટી જતો.

યાચક સંતોષ પામી જતો.

પ્ર.—જો આ રીતે કુમાર વર્ધમાનની દાન દેવાની રીતથી જ યાચકની વાસના નષ્ટ થઈ જતી તો પછી કોઈ કશું ય માંગે જ નહિ ને? તો પછી ૩૮૮ કોડ અને ૮૦ લાખનું દાન પણ શી રીતે સંભવે? સંતોષ પામી જતાં યાચકોને કશું ય લેવાનું જ કયાં રહ્યું?

ઉ.—પ્રશ્ન ખૂબ સુંદર છે. એનું સમાધાન એ છે કે કુમાર વર્ધમાનની દાન દેવાની રીતથી લક્ષ્મીની હેયતાને સમજી લેતાં યાચકો સંતોષ જરૂર પામી જતાં. પરંતુ આર્યસંસ્કૃતિની એ પ્રણાલિ છે કે મહાપુરુષોના હાથેથી શેષરૂપે પણ કાંઇકિ મેળવવું. એમના મહાપવિત્ર હસ્તને સ્પર્શીને પ્રાપ્ત થયેલી વસ્તુની ગુણવત્તા ઘણી વધી જાય છે. ભલે પછી તે વસ્તુ સંખ્યામાં કાંઈ જ ન હોય.

આ સંસ્કારથી જ તે યાચકો કુમાર વર્ધમાનના હાથેથી 'શેષ' જેવું કાંઇકિ મેળવીને પોતાની જાતને ધન્ય માનીને ચાલ્યા જતા.

એક વર્ષના લગાતાર દાનને લેવા માટે દૂરદૂરના દેશોમાંથી લાખો યાચકો દોડી આવ્યા હતા. એમાંનાં નિકાચિત કર્મોદયવાળી ધનેચ્છાવાળાએ જ સંતોષ ન પામતાં મનમાંગ્યું મેળવ્યું હતું. પણ તેવા તો ખૂબ જ થોડા હતા. બાકીના બધા ય અનિકાચિત કર્મજનિત ધનાભિલાષુકોની તો એ અભિલાષા જ શાન્ત થઈ ગઈ હતી. છતાં એમની પણ સંખ્યા ઘણી મોટી હતી. એ બધા ય દેવતાની શેષની જેમ થોડું થોડું પણ કુમાર વર્ધમાનના હાથે લઈ જાય તો ય કેટલું થઈ જાય? આમ 'શેષ'ના રૂપમાં જે દાન કરાયું તે ય ૩૮૮ કોડ અને ૮૦ લાખનું થઈ ગયું!

આ ઉપરથી હવે સમજી શકાશે કે મહાદાન અસંખ્ય સંખ્યાનું

જ હોવું જોઈએ એમ નહિ; પરંતુ મર્યાદિત સંખ્યાનું પણ મહાદાન હોઈ શકે. (૬)

રે ! દાતાની મહાનુભાવતા એ આ જ વસ્તુ છે કે તેના મુખ-દર્શનમાત્રથી, તેની દાન કરવાની રીત જોવા માત્રથી, યાચકોની યાચનાનો કાતિલ ભાવ સાવ જ શાન્ત થઈ જાય. એટલું જ નહિ પણ પોતાની પાસે જે તુચ્છ કે અલ્પ ઐશ્વર્ય છે તે ય ઘણું છે એવા વિચારપૂર્વકનો અપૂર્વ સંતોષ એમના મનમાં વ્યાપી જાય. એ સંતોષના આધ્યાત્મિક આનંદના સાગરમાં એમનો આત્મા ડૂબકીઓ મારીને અભૂતપૂર્વ આનંદ અનુભવવા લાગી જાય.

જે જગદ્‌ગુરુ હોય તેનું મહાદાન પરિમિત સંખ્યાવાળું હોઈને યાચકોને સંતુષ્ટ બનાવી દે એટલું જ બસ નથી. એ યાચકો અંતરના કોઈ અપૂર્વ આનંદની મસ્તી પણ માણી જાય એ જ એ જગદ્‌ગુરુની મહાનુભાવતા છે.

સંતોષ એ જ સાચું સુખ સુખ અને તે ય સંતોષનું ! સંતોષજનિત સુખ એ જ સાચું સુખ !

ભોગતૃપ્તિ જનિત સુખ તો વધુ અતૃપ્તિજનક સુખ. એ તો ભ્રાન્ત સુખ !

એવા ભ્રાન્તસુખની યાચના એ તો મહાભ્રમ ! જગદ્‌ગુરુનું મહાદાન અને એમની મહાનુભાવતા તો આવા બધા ય મહાભ્રમોનો ભાંગીને ભુક્કો બોલાવી દે છે. બેશક, અભવી, દુર્ભવી કે ભારે કર્મી-ભવી જેવા જીવો માટે એ પણ કાંઈ જ કરી શકતાં નથી. પણ તેમાં તેમનો શો દોષ ? ભૂમિ જ ઉખર હોય અને સુંદરમાં સુંદર બીજ-માંથી ય અંકુર ન પ્રગટે તેમાં બીજનો શો દોષ ? પૂરબહારમાં સૂર્ય પ્રકાશી ઊઠ્યો હોય પણ ચન્દ્રવિકાસી કમળ ખીલે જ નહિ તેમાં સૂર્યનો શો દોષ ? ટૂંકમાં, કુમાર વર્ધમાનની દાનની પરિમિત સંખ્યા જ એમના દાનને મહાદાન તરીકે અને એમના આત્માને મહાનુભાવ તરીકે સાબિત કરી જાય છે.

ભગવાન બુદ્ધે જો અસંખ્યદાન કર્યું હોય તો તેથી તો તેમની મહાનુભાવતાનો સંપૂર્ણ છેદ ઊડી જાય છે. એમની દાન દેવાની રીત એવી નહિ હોય કે જેથી દાન લેનારની યાચનાવૃત્તિનો સમૂળો નાશ થઈ જતો હોય. સાચું દાન તો તે કહેવાય કે જે માગનાર અજ્ઞાન માણસનો હાથ ભરી દેવા કરતાં એનું અંતર સંતોષથી ભરી દે! એને લક્ષ્મીની અસારતાનું ભાન કરાવી દે! પોતે લક્ષ્મીને સાર માનીને માંગવા આવ્યો એ વિચાર એને હવે શરમમાં નાંખી દે!

ભગવાન બુદ્ધના દાનની એવી રીત નહિ હોય માટે જ માંગણોએ ખૂબ માંગ્યું...ખૂબ માંગ્યું....તો ય ન ધરાયા...એટલે ઘરના દરેક સભ્યને માંગવા મોકલ્યો !....આમ થાય તો અસંખ્ય દાન થાય તેમાં શી નવાઈ? મંજૂર છે. એવું એમનું અસંખ્ય દાન! પરંતુ તેથી તે મહાદાન સિદ્ધ નહિ થઈ શકે અને અસંખ્ય દાનના કરનાર ભગવાન બુદ્ધ મહાનુભાવ પણ સિદ્ધ નહિ થઈ શકે.

જો બુદ્ધમાં મહાનુભાવત્વ હેતુ સિદ્ધ નહિ થાય તો એમનામાં જગદ્ગુરુતા પણ સિદ્ધ નહિ જ થાય.

મહાનુભાવતા તો તે કુમાર વર્ધમાનની જ સાબિત થઈ જાય છે કે જેમના દર્શનમાત્રથી, જેમની દાન દેવાની રીતિના દર્શનમાત્રથી સંબંધમાં આવેલા યાચકો લક્ષ્મીની અસારતાના મહામૂલા તત્ત્વને પામી જતા હતા. ભવોભવની એ જીવલેણ ભૂલના વિષને ત્યાં ને ત્યાં વમી નાખતા હતા.

ધર્મમાર્ગે ગમન કરવામાં પ્રતિબંધક કોઈ મોટો પથ્થર આડો પડ્યો હોય તો તે મુખ્યત્વે લક્ષ્મીનું મમત્વ છે. કામપુરુષાર્થ જો અધમપુરુષાર્થ છે તો અર્થપુરુષાર્થ અધમાધમ પુરુષાર્થ છે. જેમ જેમ માણસના અંતરમાં લક્ષ્મીનું મમત્વ ગાઢ બનતું જાય છે તેમ તેમ તે ધર્મસન્મુખ બનવા માટે વધુ ને વધુ નાલાયક બનતો જાય છે. એની સાથે સાથે ધનમૂર્છાનો ગાઢ પરિણામ એના જીવનમાં કારમી

અશાન્તિ, કૌટુમ્બિક કલેશ વગેરે ઉત્પન્ન કરી દઈને એના ઉભયલોકના સુખને બરબાદ કરી નાંખે છે.

તીર્થંકરદેવોની આથી જ ધર્મસન્મુખ થવા માટે ધનનું ગાઢ મમત્વ મહાનુભાવતા હઠાવવું જરૂરી બને છે.

તીર્થંકરોના તારક આત્માઓની દાન દેવાની રીતમાત્રથી યાચકોની લક્ષ્મી પ્રત્યેની ગાઢ મમતાના ગઢ તૂટી પડીને વેરણછેરણ થઈ જતા. એથી તેઓ ધર્મસન્મુખ બનતા. સંતોષી જીવન જીવવાનો સંકલ્પ કરીને અનીતિ આદિનાં ઘોર પાપોથી ફારગતી લેતા.

લાખો આત્માઓને આવી ધન્યાતિધન્ય સ્થિતિમાં મૂકી દેનાર એ તારકોની મહાનુભાવતામાં હવે શંકાને કોઈ સ્થાન હોઈ શકે ખરું ? મોટામાં મોટી મહાનુભાવતા ભગવાન તીર્થંકરોની જ હોઈ શકે એ વાત હવે અસંદિગ્ધ રીતે સ્થિર થઈ જાય છે.

એમની એ મહાનુભાવતાને એમનું પરિમિતદાન જ સિદ્ધ કરી આપે છે.

એ પરિમિત દાનમાં જ મહાદાનનું દર્શન સુસ્પષ્ટ થઈ જાય છે.

હવે ભગવાન જિન જ જગદ્ગુરુ તરીકે દૃશ્યમાન થાય છે.

અસંખ્યદાનમાં મહાદાનતા કેવી ? અસંખ્યદાન કરનારમાં મહાનુભાવતા કેવી ? મહાનુભાવતા વિના જગદ્ગુરુપદ કેવું ? (૮)

અહીં પ્રસ્તુત અષ્ટકની ટીકાના આધારે ચાલતી વિવેચના પૂર્ણ થાય છે.

હવે પ્રસંગતઃ આપણે 'દાન' ઉપર કાંઈક વિચાર કરીશું.

સાચા દાનમાં દાનની પ્રતિષ્ઠા, બીજે લક્ષ્મીની પ્રતિષ્ઠા

આ અષ્ટકમાં તીર્થંકર ભગવંતોના આત્માઓની દાન દેવાની રીતિ કેવી હોય એ બતાવીને ગ્રન્થકારશ્રીએ 'દાન'નું વાસ્તવિક સ્વરૂપ આપણી સમક્ષ ખડું કરી દીધું છે. ગ્રન્થકારશ્રીના હૃદયમાં રહેલું મોક્ષપ્રાપક દાનનું સ્વરૂપ જો એક જ વાક્યમાં

કહેવાનું સાહસ કરવું હોય તો એમ કહી શકાય કે દાન તો તે જ કહેવાય કે જે દાતા અને યાચકની સંપત્તિની મૂર્છાને ઉતારવાનું કાર્ય કરતું હોય.

શ્રી જિનશાસનમાં લક્ષ્મીનું દાન એ એટલા જ માટે ધર્મ કહ્યો છે કે એના દ્વારા લક્ષ્મી પ્રત્યેની મૂર્છાનું ગાઢ પાપ ઉતારી શકાય છે. જો લક્ષ્મી દાનના માર્ગે ન વળે તો કાં તો ભોગ કે નાશના માર્ગે અવશ્ય ચાલી જવાની. આ બે ય માર્ગો લક્ષ્મીની મૂર્છાવાળાઓને તો કૂરકર્મનો બંધ કરાવનારા જ બને છે. પુણ્યના ઉદયથી લક્ષ્મી મળ્યા વિના જો રહેતી નથી તો તેની ઉપર મૂર્છા ન થઈ જાય તે માટે લક્ષ્મીનું દાન અત્યન્ત આવશ્યક માનવામાં આવ્યું છે.

ઘસારામાં જ ધર્મ લક્ષ્મીની મૂર્છા ઉતારનાર દાન એ ધર્મ છે એથી એમ નહિ સમજવું કે, "દાન એ લક્ષ્મી વિના પ્રાપ્ત થતું નથી માટે લક્ષ્મીની પ્રાપ્તિ એ પણ ધર્મ છે. "જો એમ કહેશો તો હજી આગળ વધીને એમ પણ કોઈ કહેશે કે," એ ધનપ્રાપ્તિ અનીતિથી થતી હોય તો એ અનીતિ પણ ધર્મ છે." ના, નહિ. અનીતિને કોઈ ધર્મ કહી શકે નહિ, નીતિને જ ધર્મ કહેવાય. નીતિથી પ્રાપ્ત થતી લક્ષ્મી પ્રાપ્તિને નીતિના કારણે જ ધર્મ કહી શકાય અને એવી સંપત્તિથી થતા દાનને પણ ધર્મ કહેવાય. જો તે દાન દ્વારા લક્ષ્મીમૂર્છા ઊતરતી હોય તો.

જે દાનમાં ધનમૂર્છા ઉતારવાનો ભાવ નથી તે દાન મોક્ષપ્રાપક નથી; એ દાન જ નથી.

જે શીલમાં દેહમૂર્છા ઉતારવાનો ભાવ નથી તે શીલ એ મોક્ષપ્રાપક શીલ નથી; એ શીલ જ નથી.

જે તપમાં આહારમૂર્છા ઉતારવાનો ભાવ નથી તે તપ એ મોક્ષપ્રાપક તપ નથી; એ તપ જ નથી.

જિનશાસનમાં દાન-શીલ, તપ તે જ મંજૂર છે જેમાં ધન-દેહ

કે આહારને ઘસારો વેઠવો પડે છે. જે મૂર્છા ઉતારવાના ભાવથી ભાવિત થયેલાં છે.

એક લક્ષાધિપતિ ભલે ૯૦ હજાર રૂપિયાનું ધર્મક્ષેત્રમાં દાન કરી દે પરંતુ જો તેની તિજોરીમાં હજી રહી ગએલા ૧૦ હજાર રૂપિયા 'ન દેવાયા'ની વાત ખટકે નહિ તો તેનું ૯૦ હજારનું દાન નિષ્ફળ જાય; મોક્ષપ્રાપક ન બની શકે.

બીજા લક્ષાધિપતિ ભલે પાંચ હજારનું ધર્મક્ષેત્રે દાન કરે પરંતુ બાકી રહેલા ૯૫ હજાર રૂપિયાનું દાન ન કર્યા બદલ તેને ભારે રંજ હોય તો તેનું નાનકડું પણ દાન સફળ બની જાય.

ટૂંકમાં, ઘરમાં રહી જતી રકમના ખટકાપૂર્વકનું દાન એ જ સાચું દાન છે. પછી તેની સંખ્યા ગમે તેટલી નાની પણ કાં ન હોય!

બીજી વાત એ છે કે દાતાની દાન દેવાની રીત એવી હોવી જોઇએ કે જે જોઈને યાચકના અંતરમાં દાનનો મહિમા વધે.

કોઈ સાધર્મિકને કે દીનદુઃખિતને પચીસ રૂપિયાનું દાન કરતો દાતા જો ભારે રુઆબ કે મિજાજ સાથે એ દાન કરતો હોય તો લેનારના મનમાં એ ભાવ જાગ્યા વિના ન રહે કે, "સંપત્તિ હોય તો જ આવો 'રુઆબ' કરી શકાય. આપણને ય આવી સંપત્તિ મળે તો કેવું સુંદર!" આ વિચાર દાતાની દાન દેવાની વિપરીત રીતિથી ઉદ્ભવે છે. આમ લક્ષ્મીનું મહત્ત્વ વધારતું દાન એ પણ હકીકતમાં મોક્ષ-પ્રાપક દાન બની શકતું નથી.

વર્તમાનકાળના 'દાન' લગભગ આવા પ્રકારના છે એમ કહીએ તો કદાચ ખોટું નહિ ગણાય. દાતાઓનાં નામોની રાક્ષસી તકતીઓ, થોડી રકમના દાનથી ભારે રકમના બંધાયેલા મકાન સાથે ગોઠવાતાં પોતાનાં નામો, દાન કર્યા પછી દાતાઓના ગોઠવાતા સન્માન-સમારંભો, એમને મળતી મોટી જાહેરાતો, એમને પ્રાપ્ત થતા માનચાંદો....વગેરે જોતાં એમ લાગે છે કે આ બધું જોનાર લોકોના અંતરમાં દાનનો મહિમા ન વધતાં લક્ષ્મીનો જ મહિમા વધે. એમને એમ જરૂર થઈ

આવે કે, "આપણી પાસે લક્ષ્મી હોત તો આપણી પણ આવી જ ઓલબાલા થતી હોત."

ક્યાં એ જગડૂશાના જમાના કે જેમાં આડો પડદો રાખીને ડાબો હાથ દાન દેતો અને જમણો હાથ લઈ લેતો. દેનારને પણ ખબર ન પડતી કે તેણે કોને દીધું છે? દાતાને એ જાણવાની ઇચ્છા પણ ન થતી. રખે! પોતાના અહેસાનમાં યાચક દબાઈ જાય! અરે! યાચકના મુખ ઉપરનો યાચનાજનિત શરમનો ભાવ પણ દાતા જોવા તૈયાર ન હતો.

અને આજે....ભારે રુઆબથી સો રૂપિયા એક સાધર્મિકને આપવામાં આવે અને એને શરમાવી દેવામાં આવે એટલું જ નહિ પણ પછી જ્યારે જ્યારે કામ પડે ત્યારે રૂપિયા સોના બદલામાં પેલા સાધર્મિક પાસેથી કામ લેવામાં આવે; કેમ જાણે સો રૂપિયામાં એણે એ સાધર્મિકને 'આજીવન ગુલામ' તરીકે ખરીદી લીધો ન હોય!

કેટલું ભયંકર કહેવાય આવું દાન? આને સાધર્મિકભક્તિ ન કહેવાય; દાન પણ ન કહેવાય. આ તો સખાવત જ કહેવાય!

મહાહિંસક મહાસ્વાર્થના વર્તુળમાં ગોઠવાતી મહાહિંસામાંથી વિસ્તરતી આજની હોસ્પિટલો, આત્માના અધઃપતનનું શિક્ષણ દેતી આજની શિક્ષણસંસ્થાઓમાં જે દાન કરવામાં આવે છે તેને દાન ન કહેતાં સખાવત જ કહેવી જોઈએ.

જે દાનથી ભયાનક સંસાર વધે તે દાનનું નામ સખાવત.

જે દાનથી ભયાનક સંસાર કપાય તે દાનનું નામ દાન.

સખાવત એટલે સંસારનો નાચ.

દાન એટલે મૂર્ચ્છાનો વિનાશ.

હોસ્પિટલો વગેરેમાં અપાતા પૈસાઓ તથા ધર્મસ્થાનોમાં પણ નામના-કામનાના માત્ર મોહથી અપાતી રકમો—કે જેનાથી લક્ષ્મીનું જ મૂલ્યાંકન વધતું જાય છે—તે બધી સખાવતો જ કહેવાય.

દાન તો તે જ કહેવાય જેનાથી ધનની કારમી મૂર્ચ્છા ઘટવા સાથે સ્વપરનું આત્મહિત જ સધાતું હોય.

કેટલાક લોકો પ્રશ્ન કરે છે કે અનીતિથી ઊપાર્જેલા ધનથી દાન-ધર્મ થઈ શકે કે નહિ? આનો ઉત્તર હકારમાં છે તેમ નકારમાં પણ છે.

જો એ માણસે ધર્મ પામ્યા પૂર્વે અનીતિ કરીને ધન મેળવ્યું હોય અને હવે સદ્‌ગુરુનો યોગ પામીને તેને સમજાયું કે તેણે ભૂત-કાળમાં અનીતિનું ઘોર પાપ કરી નાંખ્યું તે ખૂબ જ ખોટું થયું છે.... "હવે ભાવીમાં એ અનીતિના પાપનો પડછાયો પણ નહિ લઉં." તો આ માણસ અનીતિથી મેળવેલા ધનથી પણ મોક્ષપ્રાપક દાનધર્મને આરાધી શકે છે. કેમકે જો તે એ ધનનો ધર્મક્ષેત્રમાં ઉપયોગ નહિ કરે તો એ ધન ભોગમાર્ગે જશે જ, એથી તો બેવડું પાપ થશે— અનીતિનું અને ભોગનું. એ કરતાં અનીતિનો પશ્ચાત્તાપ કરીને અની-તિનું પાપ ધોવું, ભાવીમાં એ અનીતિ નહિ કરવાની પ્રતિજ્ઞા કરવી અને અનીતિથી મેળવેલા ધનનું વર્તમાનમાં ધર્મક્ષેત્રે દાન કરી દેવું એ જ ઉત્તમ રસ્તો ગણાય.

પણ જે લોકો એક બાજુથી અનીતિનું ધન કમાતા જ જતા હોય અને બીજી બાજુએ દાનધર્મ કરતાં હોય, એમને પેલી અનીતિ ખટકતી પણ ન હોય, એટલું જ નહિ પણ એ અનીતિને ય સારી જ માનતા હોય, કેમકે તેથી જ તેઓ દાનધર્મ કરી શકે છે....તો તે અનીતિથી મેળવેલા ધનનું દાન એ દાન ન કહેવાય.

ખૂબ જ અફસોસની એ વાત છે કે આજ તો કેટલાક ધનવાનોના દાન પ્રાયઃ એ અનીતિ આદિથી ભરેલા જીવનના અસદાચારોની બદબૂ-ઓને ઢાંકવા માટેના ગટરના ઢાંકણનું કામ કરતાં હોય છે. અનીતિથી મેળવેલું ધન; મન, તન અને જીવનને બરબાદ કર્યા વિના રહી જાય એ સંભવિત નથી. આ બરબાદી ઉઘાડી ન પડે તે માટે કોઈ રસ્તો કાઢ્યા વિના સમાજમાં જીવી શકાતું નથી. એટલે પછી એવા કેટલાક લોકો ધર્મનાં સ્થાનોમાં જઈને દાનધર્મનું આસેવન કરવા ઉત્સુક થતાં હોય છે. સારી એવી રકમ આપીને ગામનાં મુખ્ય કેન્દ્રો સાથે પોતાનું

નામ સાંકળી લેતાં હોય છે. આમ થવાથી એમની કોઈ પણ વાત કરવા માટે લોકોનાં મોં ઉપર પોલાદી તાળાં લાગી જાય છે.

સમાજનું ધર્મક્ષેત્ર પણ વિકૃત બનતું જતું હોય તો તેમાંનાં અનેક કારણોમાં આ પણ એક કારણ છે.

જે કાળમાં, જે દેશમાં, જે માનવમાં લક્ષ્મીનું મૂલ્યાંકન વધે છે...દાન દ્વારા પણ લક્ષ્મીનું જ મૂલ્યાંકન વધારવામાં આવે છે તે કાળ, તે દેશ, તે માનવનો આધ્યાત્મિક પ્રાણ સંપૂર્ણ રીતે રહેંસી નાંખે જાય છે. એ દેશ અને એ કાળ ધર્મગુરુઓના અવાજને પણ લક્ષ્મીના જ બળે ગૂંગળાવે છે.

હાય! જે દેશ–કાળમાં ધર્મગુરુઓ પણ બજારની વસ્તુની જેમ લક્ષ્મીથી ખરીદાઈ જતા હોય એ દેશ–કાળ કયા પાપથી ન ઊભરાઈ જાય એ જ પ્રશ્ન છે!

વર્તમાન દેશ–કાળ શું આવા જ નથી આવી લાગ્યા? કોઈ પણ સાચી રીતે આજે ધર્મસંસ્થા ઊભી થઈ શકતી નથી, ગમે તે રીતે ઊભી થયેલી ધર્મસંસ્થા ટકી શકતી નથી. કેમકે સાચા દાતાઓ મરી પરવાર્યા છે અને નામના ભૂખ્યાઓની જમાતનો રાફડો ફાટ્યો છે. એમની એ નામનાભૂખને સંતોષ્યા વિના જો કોઈ ધર્મસંસ્થા આજે ચાલી શકતી હોય તો તેને આ કાળનું આશ્ચર્ય જ સમજવું રહ્યું.

સંસ્થાને ઊભી કરવા કે એનું નિભાવ ફંડ કરવા માટે સંસ્થાના મકાનને, સંસ્થાના હોલને, રૂમને, રસોડાને તકતીઓ મારવાની આકર્ષક યોજનાઓ વિના કોઈ પણ સંસ્થા દાન મેળવી શકે એ લગભગ અશક્ય થઈ ગયું છે.

હવે તો વાત એથી ય આગળ વધી છે. કેટલાક અતિ ધનાઢ્ય લોકોને જાણે તકતીનો પણ મોહ નથી. એમને તો પૈસા જ આપવા નથી. હવે શું કરવું? એમની પાસેથી રકમ શી રીતે મેળવવી? આ પ્રશ્નનું સમાધાન વિચારતાં સંસ્થાના કાર્યવાહકોને એક માર્ગ સૂઝી આવ્યો છે કે સંસ્થાને જૈનસંસ્થા ન રાખતાં સાર્વજનિક સંસ્થા બનાવી

દેવી ! ! ! એ ખાતર ભલે એમાં જૈનધર્મને ગૌણ કરવો પડે, જૈનેતરોને સ્વીકારવા પડે. પણ જો સાર્વજનિક સંસ્થા બની જાય તો તેમાં દાન કરનારને સરકાર કરવેરાથી મુક્ત કરે છે. આ કારણે દાન અને કરમુક્તિના બે લાભ મળે એટલે કેટલાક શ્રીમંતો દાન દેવા તૈયાર થતા હોય છે.

આવા પ્રકારોના દાનને કદી પણ દાન કહી શકાય ખરા ? ફરી સમજી રાખો કે જ્યાં ધનની મૂર્ચ્છા ઉતારવાનો પ્રયત્ન નથી, જ્યાં સ્વ-પરના આત્મહિતની ચિંતા નથી, તે દાન એ જિનશાસનને માન્ય દાન જ નથી. એને સખાવત કહેવી હોય તો કહો કે જે સંસાર વધારવા સિવાય કશું જ કરતી નથી. અનીતિની કમાણીએ માણસનું જીવન આબાદ બનાવ્યું હશે. પણ માણસાઈને બરબાદ કરી છે.

અનીતિની કમાણીના પૈસાના દાનથી ધર્મસ્થાનો આબાદ થયાં હશે; પણ ધાર્મિકતા નષ્ટ થઈ ગઈ છે.

અનીતિના પાપે ઉપાર્જેલી લક્ષ્મીના દાને લક્ષ્મીનો જ મહિમા વધાર્યો છે. દાનનો મહિમા મારી નાંખ્યો છે.

સાચું દાન કરવું હોય, દાનથી ધનમૂર્ચ્છાને કાપવી હોય તો એક જ રસ્તો છે—ન્યાયનીતિના પ્રેમી બનવાનો, કટ્ટર પક્ષપાતી બનવાનો. એની ખાતર રોટલા-છાશે ચલાવવું પડે તો ચલાવી લેવાની તૈયારી સાથે દૂધપાક-પૂરીને લાત મારવાની હિંમત કેળવવાનો !

તીર્થંકરોના તારક આત્માઓથી યાચકોની પણ મૂર્ચ્છા મરી પરવારી ! આપણા દાન આપણી પણ મૂર્ચ્છાને નહિ મારે ! રે ! વધારવાનું જ કામ કરશે !

હાય ! સંપત્તિ ! તારી કરુણતા !



તીર્થકૃદ્દાનનિષ્ફલતાપરિહાર–અષ્ટક

[૨૭]

'कश्चिदाहास्य दानेन क स्वार्थः प्रसिद्ध्यति ।
मोक्षगामी ध्रुवं ह्येष यतस्तेनैव जन्मना ॥१॥

કોઈ પૂછે છે કે તીર્થંકરનો તારક આત્મા વર્ષીદાન શા માટે દે છે? એ જ જન્મમાં એ અવશ્ય મોક્ષે જવાના છે પછી દાનથી પુણ્યબંધ કરવાની શી જરૂર?

उच्यते कल्प एवास्य तीर्थकृन्नामकर्मणः ।
उदयात्सर्वसत्त्वानां हित एव प्रवर्त्तते ॥२॥

ઉત્તર : તીર્થંકરનામકર્મના ઉદયથી સર્વસત્ત્વના હિતમાં જ પ્રવૃત્તિ કરવાનો એ તારકોનો એવો આચાર જ છે.

धर्माङ्गख्यापनार्थं च दानस्यापि महामतिः ।
अवस्थौचित्ययोगेन सर्वस्यैवानुकम्पया ॥३॥

વળી શું ગૃહસ્થ કે શું સાધુ–સર્વ–ને અમુક અવસ્થાના ઔચિત્યને આશ્રયીને અનુકમ્પા–દાન આદરણીય છે એ રીતે દાન પણ ધર્મનું અંગ છે એ વાત જણાવવા એ તારકોએ અનુકમ્પા દાન કર્યું હતું એમ પણ કહી શકાય.

शुभाशयकरं ह्येतदाग्रहच्छेदकारि च ।
सदभ्युदयसाराङ्गमनुकम्पाप्रसूति च ॥४॥

(૧) શુભાશય કરનારું (૨) મમતાને કાપનારું (૩) સુંદર અભ્યુદયનું પ્રધાન કારણ (૪) અનુકમ્પાબુદ્ધિમાંથી ઉદ્ભવેલું દાન જરૂર ધર્માંગ કહેવાય.

ज्ञापकञ्चात्र भगवान् निष्क्रान्तोऽपि द्विजन्मने ।
देवदूष्यं ददद्धीमाननुकम्पाविशेषतः ॥५॥

સાક્ષાત્ ભગવંતનું સાધુ અવસ્થાનું ચરિત જ આ વિષયમાં દૃષ્ટાન્તરૂપ છે. તેમણે વિશિષ્ટ અનુકમ્પાથી પ્રેરાઈને બ્રાહ્મણને દેવદૂષ્ય આપી દીધું હતું.

इत्थमाशयभेदेन नातोऽधिकरणं मतम् ।
अपि त्वन्यद्गुणस्थानं गुणान्तरनिबन्धनम् ॥६॥

આમ વિશિષ્ટ આશયપૂર્વકનું અનુકમ્પા દાન દુર્ગતિનું કારણ બનતું નથી એટલું જ નહિ પણ ઉપર ઉપરના ગુણસ્થાનોની પ્રાપ્તિનું કારણ બને છે.

ये तु दानं प्रशंसन्तीत्यादिसूत्रं तु यत्स्मृतम् ।
अवस्थाभेदविषयं द्रष्टव्यं तन्महात्मभिः ॥७॥

'જેઓ અનુકમ્પાદાનની પ્રશંસા કરે છે તેઓ તેમાં થતી જીવહત્યાની અનુમોદના કરે છે' એવું સૂયગડાંગ–આગમનું જે વચન છે તે તો અપુષ્ટાલંનના–નિષ્કારણ દાનને જ અનુલક્ષીને સમજવાનું છે.

एवं न कश्चिदस्यार्थस्तत्त्वतोऽस्मात्प्रसिद्धयति ।
अपूर्वः किन्तु तत्पूर्वमेवं कर्म प्रहीयते ॥८॥

તારકોના આત્માઓ જે વર્ષીદાન દે છે તેનાથી વસ્તુતઃ તેમનો કોઈ અપૂર્વ પુરુષાર્થ સિદ્ધ કરવાનો હોતો નથી. એ પ્રવૃત્તિથી નિકાચિત–શુભકર્મનો ક્ષય થાય છે એટલું જ એનું ફળ સમજવું.

વિવેચના

૨૬મા અષ્ટકમાં જગદ્‌ગુરુ ભગવાન તીર્થંકરોના દાનને જ મહાદાન કહેવાય એ વાત સ્થિર કરીને જગદ્‌ગુરુના મહાદાનનું સ્વરૂપ જણાવ્યું.

પ્રસ્તુત અષ્ટકમાં હવે એ પ્રશ્ન ઉઠાવવામાં આવ્યો છે કે જગદ્‌ગુરુને એવું મહાદાન કરવાનું પ્રયોજન જ શું હતું?

આ પ્રશ્નના સમાધાન રૂપે આ અષ્ટકનું ગ્રન્થકારશ્રીએ અવતરણ કર્યું છે.

પ્રશ્નકારનું કહેવું એ છે કે ધર્મ, અર્થ, કામ અને મોક્ષ એ ચાર પુરુષાર્થ કહેવાય છે. કોઈ પણ શિષ્ટ પુરુષ કોઈને કોઈ પુરુષાર્થને સિદ્ધ કરવા માટે જ કોઈને કોઈ પ્રવૃત્તિ કરે. તે કદી નિષ્પ્રયોજન પ્રવૃત્તિ કરે નહિ.

હવે પ્રશ્ન એ થાય છે કે જગદ્‌ગુરુએ મહાદાનની જે પ્રવૃત્તિ કરી તે શા માટે કરી? અર્થ અને કામ પુરુષાર્થથી તો તેઓ સાવ જ નિરપેક્ષ હતા. દાનધર્મ તો એ અર્થકામ પુરુષાર્થનું કારણ છે. પણ જેને અર્થકામની જરૂર જ નથી, તે દાનધર્મ શા માટે કરે? કદાચ કહો કે, 'મોક્ષપુરુષાર્થ સિદ્ધ કરવા માટે તેમણે મહાદાનધર્મ સેવ્યો હતો' તો તે પણ બરોબર નથી કેમકે એ જગદ્‌ગુરુ તો તે જ ભવે અવશ્ય મોક્ષપદ પામવાના હતા. એટલે મોક્ષ માટે પણ તેમને મહાદાન કરવાનું પ્રયોજન રહેતું નથી. હા, જો એ જ ભવમાં જેનો મોક્ષ સંભવિત ન હોય તેને જન્માન્તરમાં થનાર મોક્ષ માટે દાનધર્મના આસેવનની જરૂર રહે. કેમકે દાનધર્મથી ઉત્પન્ન થએલા પુણ્ય દ્વારા જન્માન્તરમાં સુંદર ધર્મસામગ્રી પ્રાપ્ત થાય, જેના સેવનથી મોક્ષપદ પામી શકાય. પરંતુ જગદ્‌ગુરુને તો હવે જન્માન્તર પામવાનો જ નથી તો પછી શા માટે તેમણે મહાદાન કર્યું? (૧)

દાન એ જગદ્‌ગુરુનો ગ્રન્થકાર ભગવંત આ પ્રશ્નનું બે રીતે સમાધાન આધાર છે; ધર્મનું આપે છે:

અંગ છે.

(૧) જગદ્ગુરુનો એ આચાર જ છે.

(૨) દાન એ પણ ધર્મનું અંગ છે એવું જગત જાણે.

ઉક્ત પ્રશ્નનું પહેલું સમાધાન એ છે કે જગદ્ગુરુ તીર્થંકર દેવોના તારક આત્માઓનો એ કલ્પ જ છે કે તેમણે સંસારપરિત્યાગ કરવા પૂર્વે એક વર્ષ સુધી મહાદાન કરવું.

અનેક અર્થોમાં 'કલ્પ' શબ્દનો પ્રયોગ થાય છે. એમાં 'કરણ' અર્થમાં અહીં એ શબ્દ વપરાયો છે.

કલ્પ એટલે ક્રિયાત્મક આચાર. શાસ્ત્રીય પરિભાષામાં કલ્પને 'જીત' શબ્દથી પણ સંબોધવામાં આવે છે.

માત્ર મહાદાન કરવું એ જ જગદ્ગુરુનો આચાર છે એમ નહિ, પરંતુ સર્વસત્ત્વના હિતમાં જ પોતાની મન, વચન, કાયાની વૃત્તિ-પ્રવૃત્તિઓ પરિણમાવવી એ તેમનો આચાર છે. તેઓ જે કાંઈ વિચારે, બોલે કે આચરે....એ સઘળું ય સર્વસત્ત્વહિતમાં જ પરિણમે. એટલે મહાદાન પણ સર્વસત્ત્વહિતમાં જ પરિણમતો પદાર્થ છે; માટે તેઓ મહાદાન કરે છે.

સર્વસત્ત્વના હિતમાં જ પ્રવર્તવાનો તેમનો આચાર એટલો બધો જાણે આત્મસાત્ થઈ ગયો હોય છે કે આપણે તેને 'સ્વભાવ' કહીએ તો ય ખોટું નહિ ગણાય.

જેમ અધમાત્માઓનો કોઈનું અહિત કરવાનો જ સ્વભાવ પડી જાય છે. એ જે કાંઈ કરે એ પરના અહિતમાં જ પરિણમતું રહે છે તેમ તારક પરમાત્માઓનો સ્વભાવ જ એવો થઈ જાય છે કે એ જે કાંઈ કરે તે સર્વસત્ત્વના હિતમાં જ પરિણમતું રહે.

આવો સ્વભાવ બની જવામાં મુખ્ય કારણ તો પૂર્વના ત્રીજા ભવમાં એમણે નિકાચિત કરેલું તીર્થંકરનામકર્મ છે.

કર્મ એ તો માત્ર માધ્યમ છે. બે દૂર દૂરના કારણ-કાર્યના છેડાઓને જોડી આપવા માટેનું.

વસ્તુતઃ તો એ તીર્થંકરનામકર્મને નિકાચિત કરી દેનાર 'સવિ-જીવ કરું શાસનરસી'ની કરુણા ભાવના જ છે.

એ ભાવના જ્યારે એની ટોચને પામે છે ત્યારે જ કોઈ પણ આત્મા તીર્થંકરનામકર્મની નિકાચના કરે છે. એ નામકર્મની નિકાચના કરતી વખતે બીજી બધી અનુકૂળ શુભપ્રકૃતિઓ પણ ટોચ-બંધને પામતી હોય છે. દરેક શુભપ્રકૃતિના સ્થિતિ અને રસ ઉત્કૃષ્ટ કક્ષાના બંધાય છે. આમ, તીર્થંકરનામકર્મની નિકાચનાની સાથે સાથે અઢળક શુભપ્રકૃતિઓના સ્થિતિ-રસનાં ટોચ-બંધનો ભવ્ય રસાલો પણ તૈયાર થઈ જતો હોય છે.

તીર્થંકરનામકર્મનો વિપાકોદય અને પ્રદેશોદય

પછી તો જ્યાં સુધી તીર્થંકરનામકર્મનો વિપાકોદય થાય નહિ ત્યાં સુધી તે કર્મનો પ્રદેશોદય ચાલુ થઈ જાય છે. એની સાથે સાથે બીજી અઢળક શુભપ્રકૃતિઓના વિપાકોદય પણ તે તે કાળે થતાં રહે છે જેના પરિણામે ચ્યવન, જન્મ અને દીક્ષા કલ્યાણક વગેરેની ઉજવણીઓના ઐશ્વર્યને તે તારકાત્માઓ પામે છે.

તીર્થંકરનામકર્મનો વિપાકોદય તો એ તારકો જ્યારે કેવળજ્ઞાન પામે ત્યારે જ થાય છે. તે પૂર્વની તમામ અવસ્થામાં તો તે નામકર્મનો પ્રદેશોદય જ હોય છે.

પ્રદેશોદય એટલે પ્રદેશોદય. એની કાંઈ તીર્થંકરના આત્માઓના ચ્યવનાદિ કલ્યાણકો વગેરેની ઉજવણીના ઐશ્વર્યોનો વિપાક દેખાડવા જેટલી રસ-સમૃદ્ધિ હોઈ શકે જ નહિ. પરંતુ જિનનામની નિકાચના વખતે એમણે બીજી પણ જે શુભકર્મોની ટોચ-સ્થિતિ, એમનો ટોચ-રસ વગેરે પ્રાપ્ત કર્યા એના વિપાકોદયને કારણે જ એ ચ્યવનાદિ ત્રણ કલ્યાણકાદિની ઉજવણી થાય છે.

હા, બીજા જીવોનાં અન્યકર્મોના પ્રદેશોદય કરતાં જિનનામકર્મનો પ્રદેશોદય મહિમાવંતો તો ખરો જ. પણ તે પ્રદેશોદય માત્રથી ચ્યવનાદિ

કલ્યાણકોની ભવ્યતમ ઉજવણીઓનું ઐશ્વર્ય પ્રાપ્ત થાય છે તેમ ન કહેવાય. ત્યાં એમ જ કહેવું પડે કે એ જિનનામકર્મની સાથે જ નિકાચિત થઈ શકતી શુભનામકર્મની ટોચ રસ-સ્થિતિના વિપાકોદયનો જ એ બધો મહિમા છે.

જે મહાસાધક આત્માઓ તીર્થંકરનામકર્મની નિકાચના ન કરી શકે તેઓ પણ બીજી શુભપ્રકૃતિના શુભરસાદિનો બંધ જરૂર કરી શકે, પણ એ એટલો ઉત્કૃષ્ટ બંધ તો ન જ હોય કે જે ચ્યવનાદિ કલ્યાણકોની ઉજવણીના ઐશ્વર્યને પમાડતો હોય. એવો ટોચ-રસબંધ તો જિનનામકર્મની નિકાચનાની સાથે જ બંધાતી શુભપ્રકૃતિમાં સંભવે. માટે જ તીર્થંકરોના એ તારક આત્માઓના જ ચ્યવનાદિ કલ્યાણકોની ઉજવણી થાય છે. બીજા સામાન્ય કેવલી આત્માઓના કલ્યાણકો હોતાં જ નથી.

મુખ્ય વાત એ છે કે જિનનામકર્મની અને એની સાથે સાથે શુભકર્મપ્રકૃતિઓની નિકાચના કરનારી ચીજ તો સર્વ જીવોને ધર્મરસિક બનાવી દેવાની, પાપ-મુક્ત બનાવીને દુઃખમુક્ત બનાવી દેવાની કરુણા-ભાવના જ છે.

એટલે જગતના સર્વ જીવોની માતા જો તીર્થંકર ભગવંતને (તીર્થંકરનામકર્મ) કહીએ તો એ માતાની પણ માતા-દાદી તરીકે—તો પૂર્વોક્ત કરુણાભાવનાને જ કહેવી પડે. એણે જ તીર્થંકરને-જગતની માતાને-જન્મ આપ્યો છે.

મૈત્ર્યાદિ કોઈ પણ ભાવના જીવો પ્રત્યેના રાગભાવસ્વરૂપ છે એમ ષોડશક પ્રકરણમાં ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજાએ કહ્યું છે. એટલે તીર્થંકરદેવના આત્માની પૂર્વ ત્રીજા ભવની કરુણા-ભાવના પણ બેશક જીવો પ્રત્યેના રાગસ્વરૂપ જ કહેવાય. રાગાત્મક ભાવનાનો આ સાગર ત્યાં સુધી જ ઊછળતો રહે છે જ્યાં સુધી એ તારકાત્માઓ તીર્થંકર-નામકર્મનો વિપાક-ઉદય પામતા નથી; વીતરાગ-સર્વજ્ઞ બનતા નથી. જેવી તેમનામાં વીતરાગતા પ્રગટે છે તેવી જ પ્રકર્ષને પામેલી આ કરુણાભાવના

પોતાનું રાગાત્મક સ્વરૂપ ત્યાગી દઈને સ્વભાવગત બની જાય છે. ક્ષયોપશમભાવના એ ગુણો સદ્‌ભાવાત્મક કે અભાવાત્મક ક્ષાયિકભાવના બની જાય છે. એટલે ભલે વીતરાગમાં રાગાત્મક કરુણા ન હોય, છતાં વીતરાગ અવસ્થામાં એમની જે કાંઈ સહજ પ્રવૃત્તિ થતી રહે છે એ સઘળી સર્વજીવોના હિતમાં જ સદા પરિણમતી રહે છે. એ હિત પણ એવું ઉત્કૃષ્ટ વૈશિષ્ટ્ય ધરાવતું હોય છે કે જેનો વિચાર કરતાં એમ લાગે કે પુત્ર પ્રત્યેના રાગથી પ્રેરાઈને એની માતા એનું જે હિત કરતી હોય છે એ હિત તો તીર્થંકરોના હિતકરણ પાસે આબોચિયા જેવડું લાગે. **સર્વસત્ત્વહિતાશય** તીર્થંકર ભગવંતોનો આત્મા આ જન્મ વિરાગી હોય છે. કેવળજ્ઞાન પામતાં વિરાગી મટીને વીતરાગ બને છે. છતાં આ બધી જ અવસ્થામાં તેમની તમામ પ્રવૃત્તિ જાણે કે સર્વજીવ પ્રત્યેના મહાપ્રેમ (રાગ)માંથી જ નિષ્પન્ન થતી હોય તેમ લાગ્યા કરે. બેશક, વસ્તુસ્થિતિ તેવી નથી જ પરંતુ તેમનું ઉત્કૃષ્ટ હિતકરણ રાગી આત્માઓને આવી કલ્પના કરવા પ્રેરે તો તેમાં જરા ય નવાઈ નથી.

વીતરાગ દશામાં ય આવું વિરાટ હિતકરણ સહજ રીતે થતું રહેવાનું કારણ એ જ પૂર્વના ત્રીજા ભવની રાગમયી કરુણા–ભાવના જ છે.

ભલે વીતરાગ દશામાં એ નષ્ટ થઈ ગઈ. પરંતુ એ કરુણાએ જે જિનનામકર્મની નિકાચના કરી હતી તે નામકર્મનો વિપાકોદય થઈ ગયો. એટલે કરુણાનું ફરજંદ એ નામકર્મ પણ કરુણાનું જ કાર્ય સહજ રીતે કરતું જ રહે છે. આથી જ તેવી કરુણાના અભાવમાં પણ જિનનામકર્મના વિપાકોદયના બળથી સહજ રીતે જ સર્વજીવોના હિતનું કાર્ય તદ્દન સહજ રીતે થતું જ જાય છે.

વીતરાગ અવસ્થામાં મુખ્યત્વે જિનનામકર્મનો વિપાકોદય સર્વસત્ત્વના હિતમાં જ પ્રત્યેક પ્રવૃત્તિને પરિણમાવતો રહે છે. જ્યારે છદ્મસ્થ જીવનમાં કરુણા–ભાવનાના કારણે જ બંધાયેલી બીજી શુભપ્રકૃતિના ટોચ–સ્થિતિ રસબંધના વિપાકોદય સર્વસત્ત્વના હિતમાં જ પ્રત્યેક પ્રવૃત્તિને પરિણુમાવતાં રહે છે.

આમ, માતા કરુણાના બે ફરજંદ-જિનનામકર્મ અને શુભપ્રકૃતિઓ–અનુક્રમે વીતરાગતાની અને વિરાગની અવસ્થામાં થતી સર્વ પ્રવૃત્તિને સર્વસત્ત્વના હિતમાં પરિણમાવતાં રહે છે.

જ્યાં સુધી તીર્થંકરોનો આત્મા કેવળજ્ઞાન પામતો નથી ત્યાં સુધી તીર્થંકરનામકર્મનો ઉદય થતો નથી. છતાં ગ્રંથકારભગવંતે એમ કહ્યું છે કે તીર્થંકરનામકર્મના ઉદયથી એ તારકોના આત્મા સર્વ-સત્ત્વના હિતમાં પરિણમની મહાદાન વગેરે પ્રવૃત્તિઓ સહજ રીતે કરતા જ રહે છે.

જો કે મહાદાનની પ્રવૃત્તિ તો એ તારકોના છદ્મસ્થ જીવનના ગૃહસ્થ-પર્યાયમાં થઈ છે, ત્યાં તીર્થંકરનામકર્મનો ઉદય સંભવિત જ નથી પરંતુ તે વિપાક–ઉદય સંભવિત નથી. પ્રદેશ ઉદય તો તીર્થંકરનામકર્મની નિકાચના થતાંની સાથે જ પૂર્વીય ત્રીજા ભવથી ચાલુ થઈ જ ગયો છે. એટલે અહીં તીર્થંકરનામકર્મનો પ્રદેશોદય જ લેવો રહ્યો.

પરંતુ એટલા અર્થમાત્રથી પણ ન ચાલે. કેમકે માત્ર પ્રદેશોદયથી મહાદાનાદિની સર્વસત્ત્વહિતની વિશિષ્ટપ્રવૃત્તિ સંભવે નહિ. એટલે પૂર્વે કહ્યા મુજબ કરુણા–ભાવના જનિત શુભપ્રકૃતિના ટોચ–સ્થિતિ રસ-બંધના વિપાકોદયનો પણ સહકાર લેવો પડે. વસ્તુતઃ એ શુભપ્રકૃતિના જ વિપાકોદયથી મહાદાનાદિની સર્વસત્ત્વહિતમાં પરિણમતી પ્રવૃત્તિઓ થાય છે. પરંતુ એવો શુભપ્રકૃતિનો ટોચબંધ તીર્થંકરનામકર્મના બંધને કારણે જ થયો છે માટે અહીં ગ્રંથકાર ભગવંતે તીર્થંકરનામકર્મના પ્રદેશોદયને મુખ્ય કર્યો છે. સ્પષ્ટ શબ્દોમાં આ વાત રજૂ કરવી હોય તો એમ કહી શકાય કે કરુણા–ભાવના જન્ય શુભપ્રકૃતિ વિપાકોદયાનુવિદ્ધ તીર્થંકરનામકર્મના પ્રદેશોદયને કારણે તારકોના આત્માઓ છદ્મસ્થ-પણામાં રહીને પણ સર્વસત્ત્વના હિતમાં પરિણમી જતી મહાદાનાદિ પ્રવૃત્તિઓ સહજ રીતે કરતા હોય છે.

પ્રદેશોદય પણ જિનનામકર્મનો ને ? બચ્ચુ પણ સિંહનું ને ? ભલે ભડવીર શિયાળ કરતાં નબળું હોય પણ કાલે વનકેસરી તો એ જ થવાનું, માટે એની જ મહત્તા હોય ને ?

હવે ફરી પૂછશો નહિ કે આવી પ્રવૃત્તિ કેમ કરતાં હોય છે? એક જ જવાબ છે કે, એવો એમનો આચાર છે....એવો એમનો સ્વભાવ બની ગયો છે માટે.

હવે એ ય પૂછશો નહિ કે આવો આચાર કે સ્વભાવ બની જવાનું કારણ શું? કેમકે એક જ જવાબ છે કે એની પાછળ તીર્થંકરનામકર્મ અને એ નામકર્મની પણ જનેતા સત્ત્વજીવો પ્રત્યેની કરુણાભાવના એ જ કારણ છે.

એ ભાવના જ કર્મોના માધ્યમ દ્વારા પોતાની હાજરીમાં (છદ્મસ્થ અવસ્થામાં) કે પોતાની ગેરહાજરીમાં (વીતરાગ અવસ્થામાં) એ આચારને આત્મસાત્ બનાવતી હોય છે. (૨)

મહાદાનની પ્રવૃત્તિ પાછળ બીજો હેતુ તીર્થંકર ભગવંતનો આત્મા મહાદાન એટલા માટે કરે છે કે બીજાઓ પણ દાનને ધર્મનું જ એક અંગ સમજે. ધર્મ કરવાની ભાવનાવાળા ભવ્યાત્માઓ દાનધર્મને પણ આચરે.

ધર્મ એટલે આત્માનો કુશળ પરિણામ. જડભાવોની મૂર્ચ્છાથી નિવૃત્ત થઈને ચૈતન્યભાવમાં પરિણમવું એ જ આત્માનો કુશળ પરિણામ છે.

પરઘરમાંથી ખસીને સ્વઘરમાં સ્થિર થવું એ જ આત્માનો ધર્મ છે.

આ ધર્મ જે જે પ્રવૃત્તિઓથી સિદ્ધ થતો હોય તે બધી પ્રવૃત્તિઓને પણ ધર્મ જ કહેવાય છે.

પૂર્વે કહ્યા મુજબ દાન એ એટલા જ માટે ધર્મ છે કે ધનમૂર્ચ્છાના બાહ્યઘરમાં ઘૂસી ગએલા આત્માને ત્યાંથી ખેંચીને આત્મરમણતાના ઘરમાં લાવે છે; કાયિક શીલ પણ દેહમૂર્ચ્છા (પંચેન્દ્રિયવિષયમૂર્ચ્છા)થી આત્માને ખસેડીને ચૈતન્યભાવમાં પાછો લાવે છે માટે જ ધર્મ છે.

કાયિક તપ પણ આહારમૂર્ચ્છાથી નિવૃત્તિ કરીને આત્માને સ્વઘરમાં બેસાડે છે માટે જ ધર્મ છે.

પરઘરમાંથી સ્વઘરમાં ન લાવી શકે તે દાનાદિ પ્રવૃત્તિને ધર્મ જ ન કહેવાય.

પરઘરમાંથી સ્વઘરમાં આવવાની ભાવનાપૂર્વકનાં દાનાદિ-કાર્યો તે તે મૂર્છાઓનો વિનાશ કરે જ છે માટે જ તેવા ભાવપૂર્વકના દાનાદિ-કાર્યોને પણ ધર્મ કહેવાય છે.

હકીકતમાં તો ૧૩મા ગુણસ્થાનનો આત્માનો પરિણામ એ જ ધર્મ છે. એવમ્ભૂતનયથી બીજા કોઈ પણ ગુણસ્થાનના શુભાત્મપરિણામને ધર્મ કહેવાતો નથી. પરંતુ અન્ય નયોથી ૧૩મા ગુણસ્થાનના એ શુદ્ધધર્મને લાવી આપનારા નીચેના ગુણસ્થાનોના મનોભાવો, વાગ્ભાવો, કે કાયિકભાવો એ પણ ધર્મ જ કહેવાય છે.

શુભધર્મ અને શુદ્ધધર્મ ધર્મને લાવી આપે તે બધા ધર્મ.

અધર્મને તાણી લાવે તે બધા અધર્મ.

આત્માના શુદ્ધ પરિણામને લાવી આપનારા બધા જ શુભધર્મો ધર્મ કહેવાય.

આત્માના શુદ્ધ પરિણામને સાક્ષાત્ કે પરંપરયા પ્રગટ થવા ન દેનાર બધા જ યોગો અધર્મ કહેવાય.

ધનાદિની મૂર્છાને દાનાદિભાવો ઉતારે છે. મૂર્છામુક્ત આત્મા કુશલાત્મપરિણતિમાં રમે છે....માટે કુશલાત્મપરિણતિમાં બાધક બનતી મૂર્છાઓને દૂર કરનારા દાનાદિભાવો ધર્મ કહેવાય; અને એ બાધક મૂર્છાઓને વધારનારા હિંસાદિભાવો પાપ કહેવાય.

વ્યવહારનયના ધર્મને ધર્મ તરીકે જોરદાર રીતે પુષ્ટ કરતા ગ્રન્થકાર ભગવંત કહે છે કે તીર્થંકરોના આત્માઓ મહાદાન કરીને જગતને એ વાત જણાવે છે કે શુદ્ધાત્મધર્મને પ્રગટ કરવામાં જે સાધન બને તે બધા જ દાનાદિભાવો ધર્મનું જ એક અંગ હોઈને ધર્મ-સ્વરૂપ જ છે.

આની સાથે સાથે બીજી પણ એક વાત રજૂ કરે છે કે ધર્મ પણ તે તે અવસ્થાના ઔચિત્યયોગથી ધર્મ બને. અમુક કક્ષામાં ગણાતો

ધર્મ બીજી કક્ષામાં કદાચ અધર્મ પણ બની જાય.

વિદ્યાર્થીની કક્ષામાં શિક્ષકને નમસ્કાર એ ધર્મ છે, પણ વિદ્યાર્થીને શિક્ષકનો નમસ્કાર એ અધર્મ છે.

સાધુને ભિક્ષા લેવી તે ધર્મ છે; ગૃહસ્થને ભિક્ષા લેવી તે અધર્મ છે.

એમ તે તે અવસ્થામાં જે જે ઔચિત્ય હોય તેને સંભાળીને કરાતું દાન એ ધર્મ છે. અન્યથા દાન અધર્મ થઈ જાય.

પ્ર.—અનુકમ્પાસ્વરૂપ દાન તમે દાનધર્મ માત્ર ગૃહસ્થો માટે ધર્મ છે એમ કહેવા માંગો છો કે ગૃહસ્થો અને સાધુઓ બધા માટે તે તે અવસ્થાના ઔચિત્યયોગ સાથે ધર્મ કહેવા માંગો છો ?

ઉ.—અહીં અનુકમ્પા સ્વરૂપ દાન લઈને અમે કહીશું કે સર્વ માટે તે તે અવસ્થામાં આ દાનધર્મનું સેવન જિનાજ્ઞાવિહિત છે.

જિનાગમોમાં બે પ્રકારના દાન કહ્યાં છે.

(૧) અનુકમ્પા-દાન

(૨) ભક્તિ-દાન.

અનુકમ્પાની (દયાની) બુદ્ધિથી દીન દુઃખિતોને કરાતું અન્ન-વસ્ત્ર-ધનાદિનું દાન તે અનુકમ્પા દાન કહેવાય છે.

પૂજ્યતાની બુદ્ધિથી પૂજ્ય વ્યક્તિ—સાધર્મિકબંધુ, સંયમી સાધુ-વગેરેને કરાતું અન્નાદિનું દાન તે ભક્તિદાન અથવા તો સુપાત્રદાન કહેવાય છે.

દીનદુઃખિત વ્યક્તિ અનુકમ્પા-પાત્ર જરૂર છે, પણ પૂજ્ય (પૂજા-ભક્તિ-પાત્ર) નથી જ; તેમ પૂજ્ય વ્યક્તિ ભક્તિ-પાત્ર જરૂર છે પણ અનુકમ્પ્ય તો નથી જ.

અનુકમ્પ્યને અનુકમ્પાની બુદ્ધિથી જે દાન કરાય તે ધર્મ કહેવાય, પૂજ્યને ભક્તિની બુદ્ધિથી જે દાન કરાય તે ધર્મ કહેવાય.

અનુકમ્પ્યને પૂજ્ય સુપાત્ર-માનીને કરાતું દાન ધર્મ નથી, પાપ છે.

પૂજ્યને અનુકમ્પ્ય માનીને કરાતું દાન એ પણ ધર્મ નથી પાપ છે.

ભક્તિથી થતું સુપાત્રદાન તો માત્ર પૂજ્ય–ચતુર્વિધસંઘની વ્યક્તિ–નું જ હોઈ શકે. પરંતુ અહીં તો આપણે હમણાં અનુકમ્પા-દાનનો વિચાર કરીએ છીએ માટે આ પ્રકારનું દાન તો દીનદુઃખિત સર્વ-જીવોને પણ હોઈ શકે. એટલું જ નહિ પણ અનુકમ્પાદાન સાધુ-સંસારી-સર્વ કોઈ કરી શકે.

પ્ર—સંસારી માણસ દીનદુઃખિતોની અનુકમ્પાબુદ્ધિથી તેમને અન્નાદિનું દાન કરે એ વાત તો બરોબર સમજાય છે. પરંતુ જેણે સંસાર ત્યાગ્યો છે એ સાધુ સાધ્વી ભગવંતો દીનદુઃખિતોની અનુકમ્પા શી રીતે કરી શકે ? હા, એક સાધુ કે એક સાધ્વી બીજા એક સાધુ કે બીજી એક સાધ્વીને અન્નાદિનું દાન કરી શકે છે. પરંતુ આ દાનને અનુકમ્પાદાન કહેવાતું નથી, કિન્તુ સુપાત્ર દાન કહેવાય છે. સાધુનું અનુકમ્પાદાન તો તે જ કહેવાય કે સાધુ અસાધુ–અસંયતિ–સંસારી–આત્માને કાંઇક દેતા હોય. શું અસંયતને સાધુથી દાન દેવાય ખરું ? દશવૈકાલિક શાસ્ત્રમાં તો સ્પષ્ટ કહ્યું છે કે, "સાધુએ ગૃહસ્થની વૈયાવૃત્ય (સેવા) ન કરવી, એના આદર-સત્કારાદિ પણ ન કરવા." એટલે અમને તો એમ લાગે છે કે અસંયતિની અનુકમ્પા તો માત્ર ગૃહસ્થો જ કરી શકે એમ જ તમારે કહેવું જોઈએ. જેણે સંસાર ત્યાગ્યો છે તે સાધુ કોઈ પણ સંયોગમાં સંસારી માણસની અનુકમ્પા કેમ કરી શકે ?

ઉ— : એક વાત બરોબર ધ્યાનમાં રાખો કે ગ્રન્થકાર ભગવંતે 'अवस्थौचित्ययोगेन' પદ મૂકીને કહ્યું છે કે અમુક અવસ્થા એવી જ આવી રહે કે તે વખતે અનુકમ્પા કરવાનું જ ઉચિત હોય તો–સાધુ પણ તેવી અનુકમ્પા કરી શકે છે. હા, સામાન્યતઃ એ અનુકમ્પા ધર્મ સાધુથી થાય નહિ. સામાન્ય કારણ ઉપસ્થિત થતાં પણ એ અનુકમ્પા થાય નહિ પરંતુ પુષ્ટ–કારણ ઉપસ્થિત થાય તો સાધુથી પણ અસંયતિની

અનુકમ્પા થઈ શકે છે. એ વખતે એમાં કોઈ દોષ સંભવતો નથી.

આ વાતને ખુદ ગ્રન્થકાર ભગવંત જ આગળ જતાં આ અષ્ટકમાં સ્પષ્ટ કરવાના છે એટલે આપણે તે વખતે જ આ વાતને સ્પર્શીશું. શાસ્ત્રમાં કહ્યું છે કે, "જે આત્મા આચાર્યની અનુકમ્પા કરે છે તે આત્મા આખા ગચ્છની અનુકમ્પા કરે છે." જો કે અહીં અનુકમ્પા શબ્દ ભક્તિવાચક લેવાનો છે પરંતુ એવી ભક્તિવાચક અનુકમ્પા ન હોય, શુદ્ધ અનુકમ્પા હોય તો પણ વિશિષ્ટ કારણે તે પણ થઈ શકે છે એ વાત આર્યસુહસ્તિ મહારાજે ભિખારી ઉપર કરેલી અનુકમ્પાથી સ્પષ્ટ થઈ જાય છે. એ ભિખારીએ સાધુની ભિક્ષામાંથી ખાવાનું આપવાની હઠ લીધી હતી. એને ખાવાનું તો જ આપી શકાય જો તે ભિખારી સાધુભાવ સ્વીકારે. ભિખારીને ખાવાનું મળતું હોય તો તે બધું ય મંજૂર હતું. એટલે એણે ખાવાનું મેળવવા માટે જ સાધુવેષ સ્વીકાર્યો.

ભગવાન આર્યસુહસ્તિ મહારાજ એના અંતરના આ પરિણામથી સારી રીતે વાકેફ હતા. એ જાણતા હતા કે એ દ્રમક સાધુભાવને પામ્યો જ નથી. એનો વૈરાગ્ય દુઃખગર્ભિત જ છે. એ ખાવાનું પામવા માટે જ સાધુવેષ માંગે છે. છતાં એ મહાજ્ઞાની ભગવંતે જન્માન્તરમાં એના જ દ્વારા થનારી અતિ ભવ્ય શાસનપ્રભાવના જાણીને એની ઉપર અનુકમ્પા કરી. એને ખાવા માટે સાધુવેષ આપ્યો અને પછી ખાવાનું પણ આપ્યું.

આ શાસ્ત્ર દૃષ્ટાન્ત એમ કહી જાય છે કે મહાજ્ઞાની ભગવંતોને ભારે વિશિષ્ટ હિત થતું દેખાતું હોય તો અસંયતભાવમાં રમતા આત્માની પણ તેઓ અનુકમ્પા કરી શકે છે.

પ્ર—આ દૃષ્ટાન્તમાં પણ એક વાત તો સ્પષ્ટ થાય છે કે આર્યસુહસ્તિ મહારાજાએ પેલા ભિખારીને સાધુવેષ પહેરાવીને ખાવાનું આપ્યું છે. ભલે નિશ્ચયનયથી એ ભિખારીનો જીવ અસંયતિ હતો પરંતુ વ્યવહારનયથી તો તેને આર્યસુહસ્તિ ભગવંતે સંયતિ બનાવ્યો હતો અને પછી જ ખાવાનું આપ્યું હતું. જિનશાસનની પરંપરા

મુખ્યત્વે વ્યવહારનય ઉપર આધારિત છે. એટલે એ હિસાબે તો આર્યસુહસ્તિ મહારાજાએ સંયતિ બનેલા ભિખારીની અનુકમ્પા કરી એમ કેમ કહેવાય? સંયતિની તો ભક્તિ જ કહેવાય ને?

એટલે અમારે તો એવું દૃષ્ટાન્ત જોઈએ છે કે નિશ્ચયથી અને વ્યવહારથી ઉભયથા–જે અસંયતિ હોય તેની પણ વિશિષ્ટ પુણ્યાલંબને સાધુથી અનુકમ્પા થઈ શકતી હોય.

ઉ—હા, એવાં પણ દૃષ્ટાન્તો, અને એ વાતને ખૂબ સારી રીતે સિદ્ધ કરે તેવા તર્કો આગળ જતાં ગ્રન્થકાર ભગવંત જ આપવાના છે; એટલે એ વખતે જ તે વાત વિચારીશું. હમણાં તો ગ્રન્થકાર ભગવંતની સાથે જ ચાલીએ. (૩)

દાન એ ધર્મનું અંગ કેમ છે? પહેલાં તો ગ્રન્થકાર ભગવંત એ વાત આપણી સમક્ષ સ્થિર કરવા માંગે છે કે દાન એ ધર્મનું અંગ શાથી છે?

આ બાબતમાં તેઓ ચાર કારણો રજૂ કરે છે. દાન:

(૧) શુભાશયકર
(૨) આગ્રહચ્છેદકારી
(૩) સદભ્યુદયસારાંગ
(૪) અનુકમ્પા–પ્રસૂતિ–છે માટે એ ધર્મ છે.

(૧) દાન શુભાશયકર છે. અનાદિકાલથી રૂઢ થએલા ચિત્તના સ્વાર્થાન્ધતા-દિના મલિનભાવોને ધોઈને ચિત્તને પ્રશસ્ત–ઉદાર–બનાવવાનું કાર્ય દાન કરવાથી જલદી સિદ્ધ થાય છે.

કોઈ પણ વસ્તુ બીજાને આપવી એટલે પોતાનો તેના ઉપરનો અધિકાર જતો કરવો. આ ખૂબ જ કઠોર સાધના છે. દાન જ આ સાધનાને સરળતાથી સિદ્ધ કરી આપે છે માટે એને ધર્મનું અંગ કહેવામાં આવે છે. શુદ્ધ ધર્મની આરાધના માટે ચિત્તનો શુભાશય અત્યન્ત જરૂરી બાબત છે.

(૨) દાન આગ્રહ કરે છે. છેદ ચોગશાસ્ત્રમાં કામપુરુષાર્થને અધમપુરુષાર્થ કહ્યો છે, જ્યારે અર્થપુરુષાર્થને અધમાધમ પુરુષાર્થ કહ્યો છે. તમામ આર્યસંસ્કૃતિ જ ધનપુરુષાર્થને ક્ષુદ્રપુરુષાર્થ કહે છે એમ નથી. ઈસુખ્રિસ્ત જેવા માનવો પણ ધનપુરુષાર્થને તુચ્છ-પુરુષાર્થ કહે છે. તે લોકોએ બાઇબલમાં એક સ્થાને કહ્યું છે કે, "હજી સોયના કાણાંમાંથી ઊંટ પસાર થઈ જશે એ બનશે પરંતુ ધનવાન માણસ સ્વર્ગે જાય તે નહિ બને." બેશક આવું એકાન્તિક વિધાન થઈ શકે નહિ. પરંતુ એટલું ચોક્કસ છે કે સંપત્તિ એ એવી વસ્તુ છે કે જો તેની મૂર્છા ઉતારવા માટે કોઈ પ્રયત્ન કરવામાં ન આવે તો એ સંપત્તિના માલિકનું જીવન પાપમય બનાવીને દુઃખમય બનાવ્યા વિના રહે નહિ.

જ્યાં ધનની મમતા હોય ત્યાં ચિત્તની સમતા સંભવિત જ નથી. એથી તો ધનની અતિ મમતાવાળા કૃપણ માણસને ચોગશાસ્ત્રમાં કલિ-કાલસર્વજ્ઞ ભગવંતે દીક્ષા લેવા માટે નાલાયક ઠરાવ્યો છે!

દાન એ એક જ એવો ગુણ છે જે ધન ઉપરની કારમી મમતાની ધરતીમાં સુરંગ બનીને વિસ્ફોટક ધડાકો કરે છે.

આ તાકાત શીલ કે તપના ગુણમાં નથી જ. આથી જ તો ધનવાન આત્માઓ માટે શીલ કે તપના ગુણના પાલન કરતાં પણ વધુ લાભ દાનગુણના પાલનમાં કહ્યો છે. કેમકે એમનો દાનધર્મ અનેક આત્માઓનો મુખમાં ધર્મપ્રશંસા મૂકી દેવા માટે સમર્થ બને છે.

ધનપ્રેમી માણસો ધનત્યાગીના ધનત્યાગને જોઈને જેટલા અંજાઈ જતા હોય છે અને એ ત્યાગની જેવી પ્રશંસા કરતા હોય છે, એ અંજામણ અને એ પ્રશંસા કદાચ શીલવાન કે તપસ્વીને જોવાથી તેમનાં અંતરમાં ન પણ ઉદ્ભવે.

આથી જ દાનને પ્રથમ ગુણ તરીકે મૂક્યો છે. શીલાદિને તે પછી સ્થાન આપ્યું છે.

(૩) સુંદર અભ્યુદયનું સારભૂત અંગ છે.

અભ્યુદય = પુણ્યજનિત ઐશ્વર્ય.
નિઃશ્રેયસ = સર્વકર્મક્ષયજનિત નિર્વાણપદ.

દાનધર્મ સાક્ષાત્ અભ્યુદયનું કારણ છે; પરંપરયા નિઃશ્રેયસનું સાધન બને છે. જે દાનની પાછળ વિશુદ્ધ મોક્ષાભિલાષનો ભાવ રમે છે અથવા તો નિર્મળ નિઃસ્વાર્થભાવ રમે છે તે દાન અભ્યુદય તો આપે જ પરંતુ તેના દ્વારા સાંસારિક ભોગોની વાસનાને બહેકાવી મૂકીને એ આત્માનો સંસાર વધારવાનું કામ ન કરે કિન્તુ એ ઐશ્વર્યની વચ્ચે પણ અનાસક્ત રખાવીને નિર્વાણપદની મંજિલ તરફ જ એ આત્માને ધક્કો મારતું રહે છે. જે દાનની પાછળ નિર્મળ નિઃસ્વાર્થ-ભાવ નથી તે દાન અભ્યુદય તો આપે જ પણ એ અભ્યુદય ખૂબ જોખમી બની રહે બરોબર. બેશક, દાનધર્મ એ અભ્યુદયને જોખમી નથી બનાવતો પરંતુ એની પાછળ જે સ્વાર્થભાવ રમે છે તે જ અભ્યુદયને જોખમી બનાવે છે. દાનધર્મના પુણ્યથી પ્રાપ્ત થતા ઐશ્વર્યમાં એ આત્માને લપટાવી દઈને સંસારભાવની ઊંડી–અગાધ ખીણોમાં ઝીંકી દે છે!

ગ્રન્થકાર ભગવંતને આ વાત સ્પષ્ટ કરવી છે માટે જ તેઓશ્રી, દાનધર્મથી અભ્યુદય પ્રાપ્ત થાય છે એમ ન કહેતાં સદ્–અભ્યુદયની પ્રાપ્તિ થવાનું કહ્યું છે. આ 'સત્' શબ્દનો અર્થ શાસ્ત્રોક્ત દાનને સૂચવવા માટે જ યોજાયો છે. નિઃસ્વાર્થભાવનું દાન એ જ સદ્–અભ્યુદયને આપનારું બને છે.

જે ધર્મ સીધો કે આડકતરો પણ મોક્ષપ્રાપક બને નહિ, તે ધર્મને જિનશાસનમાં ધર્મ જ કહેવામાં આવતો નથી. એથી જ અર્થ–કામાદિના અભિલાષપૂર્વક કરાતાં ધર્મોને જિનશાસન વખાણતું નથી એટલું જ નહિ પરંતુ મોક્ષપ્રાપક ધર્મને અર્થકામપ્રાપક બનાવવાનો તંદુરસ્ત પ્રયત્ન કરનારાઓને તો મહામૃષાવાદી કહ્યા છે. અસ્તુ.

ગ્રંથકાર ભગવંત દાન–ધર્મને જ નજરમાં રાખીને સઘળાં વિધાન કરે છે. અર્થાદિના અભિલાષપૂર્વકના દાનાદિને તો તેઓ ધર્મ તરીકે અહીં કહેતા જ નથી.

દાનની શીલાદિ ધર્મોથી સર્વોપરિતા ગ્રંથકારશ્રી તો આગળ વધીને શીલાદિધર્મથી પણ દાનને મોક્ષપ્રાપકતામાં પ્રધાનકારણ જણાવતા કહે છે કે દાનધર્મ સદભ્યુદયજનક તો છે જ, પરંતુ મોક્ષાભિલાષપૂર્વકના કે નિઃસ્વાર્થભાવ પૂર્વકના શીલાદિધર્મો પણ સદભ્યુદયના જ જનક છે; છતાં આ દાન-ધર્મ તો શીલાદિધર્મના સદભ્યુદયની જનકતા કરતાં ય થોડું વધુ વૈશિષ્ટય ધરાવે છે. માટે જ એને સદભ્યુદયોનું પ્રધાનકારણ (સારભૂત અંગ) કહેવું જોઈએ.

કેટલી તર્કસંગત છે. ગ્રન્થકારશ્રીજીની વાત !

આપણે જોઈ ગયા કે કામપુરુષાર્થને અધમ પુરુષાર્થ કહ્યો છે તો અર્થ પુરુષાર્થને અધમાધમ પુરુષાર્થ કહ્યો છે. અધમપુરુષાર્થની સામે થવા સ્વરૂપ શીલાદિધર્મના સેવનમાં જે બળની જરૂર છે તેથી ઘણા વધુ બળની આવશ્યકતા અધમાધમપુરુષાર્થની સામે થવા સ્વરૂપ દાનધર્મના સેવનમાં પડે છે.

જ્યાં પાપસંસ્કારો સામે વધુ કૌવત દાખવવાનું હોય ત્યાં લાભ પણ વધુ હોય. મોક્ષ પ્રત્યેની પ્રધાનકારણતા પણ એની જ હોય.

વળી શીલાદિ ધર્મોના સેવનમાં દેહ, આહાર વગેરે અમુક પદાર્થ સંબંધિત પાપોને જતારો દેવાનો હોય છે. જ્યારે દાનધર્મમાં તો તમામ પાપભોગોને ધક્કો મારવો પડે છે કેમકે ધન વિના પાપભોગોના ચકચૂર આસેવનની સામગ્રી સાંપડતી નથી. ધન છે તો જ સઘળો સંસાર છે, મકાન છે; સારી આબરૂ છે; સારો જમાઈ મળે છે....બધું ય ધનથી સુપ્રાપ્ય બને છે.

જે આત્માઓ ધનમૂર્છા ઉતારીને દાનધર્મનું આસેવન કરે છે તેઓને સહજ રીતે જ એ ધનથી પ્રાપ્ત થતી અશીલાદિની ભોગસામગ્રીની મૂર્છા ઊતરી જાય છે. ભોગમૂર્છા ઊતર્યા વિના ધનમૂર્છા ઊતરી જતી નથી. અને ધનમૂર્છા ઉતાર્યા વિના દાન થઈ શકે પરંતુ દાનધર્મ તો ન જ થઈ શકે. આપણે અહીં દાનધર્મની વાત કરીએ છીએ; ગમે તે સ્વાર્થભાવ સાથેના દાનની (સખાવતની) વાત કરતા નથી.

આમ ધર્મસ્વરૂપ બનતાં દાન શીલ કે તપથી સદ્દભ્યુદય તો એ આત્મા જ્યાં જ્યાં સંસારમાં જન્મ લે ત્યાં મળવાનો જ અને પરંપરયા એ અભ્યુદયોને લાત મારવાની કળાને આત્મસાત્ કરતો એ મહાત્મા મોક્ષપદ પણ પામવાનો જ. પરંતુ એ મોક્ષપદ પ્રાપક સદ્દભ્યુદયને પ્રાપ્ત કરવાની અસાધારણ કારણતા તો શીલધર્મ કે તપધર્મમાં નથી પરંતુ દાનધર્મમાં જ છે.

વર્તમાનકાલીન જગતના જીવોને જ નજરમાં કાં ન લઈએ? જેમને કાંઈક સંપત્તિ મળી છે એમની ભોગવાસના જુઓ; એમની ધનમૂર્ચ્છા જુઓ; જીવો પ્રત્યેની હમદર્દીનો સરિયામ શૂન્યાવકાશ એમનાં અંતરમાં જુઓ....સદ્દગુરુના યોગમાં આવેલી એ શ્રીમંતોની આલમમાં નજર નાંખો.... તમને જોવા મળશે કે ધનની મૂર્ચ્છાના કારમા પાપથી જેમનાં અંતર સદંતર કાળાં કોયલાં બની ગયાં છે, તેઓ જીવમાત્રને તો નહિ જ, પરંતુ માનવમાત્રને પણ ચાહી શકવાની તાકાત હારી ગયા છે! રે! એમના પડોશીના ય દુઃખમાં ભાગીદાર થવા લાચાર બન્યા છે. અરે! સગા દીકરાને પણ ભરબપોરે ધક્કો મારીને ઘર બહાર ચાલ્યા જવાનું કહી દેવાની તામસી શક્તિઓના એ સ્વામી થઈ બેઠા છે.

એક જ ધનમૂર્ચ્છાનું પાપ જો સર્વપાપનું અમોઘ સર્જક બનતું હોય તો એ ધનમૂર્ચ્છાના ઝેરને ઉતારવાનું કામ કરતો દાન-ગારૂડી સર્વપાપોની વાસનાનો વિસર્જક બનીને કેટલો મહાન બની જાય છે એ વાત સુપેરે સમજાય તેવી છે.

(૪) અનુકમ્પાના ભાવમાંથી દાનધર્મ દાનધર્મ અનુકમ્પાજનિત અને ભક્તિપ્રેરિત એમ બે પ્રકારનો હોય છે. આ અષ્ટકનો વિષય **ઉત્પન્ન થાય છે.** અનુકમ્પાજનિત દાનધર્મ છે. એટલે આ અષ્ટકમાં જ્યાં દાનધર્મ શબ્દ આવે ત્યાં આપણે અનુકમ્પાજનિત દાનધર્મ જ સમજવાનો છે.

આથી જ ગ્રન્થકારશ્રી દાનધર્મની ચોથી વાત અહીં રજૂ કરતાં જણાવે છે કે દાન એ ધર્મનું અંગ છે કેમકે દાનની ક્રિયા અનુકમ્પાની બુદ્ધિમાંથી ઉત્પન્ન થઈ છે.

અનુકમ્પા એટલે દીનદુઃખિતો પ્રત્યેની દયા.

આર્ય સંસ્કૃતિના તમામ ધર્મો એકી અવાજે કહે છે કે ધર્મનું મૂલ દયા છે—દયા ધર્મકા મૂલ હૈ.

શાસ્ત્રમર્મ પારગામી ભગવાન હેમચન્દ્રસૂરિજી મહારાજા પણ કૃપામૂલો ધર્મઃ કહે છે.

ધર્મનો પ્રાણ મમત્વત્યાગ છે. પરંતુ મમત્વત્યાગના પ્રાણનો ય પ્રાણ અનુકમ્પા છે. આ અનુકમ્પામાંથી ઘણો મુશ્કેલ ગણાય તેવો ધનમમત્વ—ત્યાગભાવ ઉત્પન્ન થાય છે અને ત્યાગના એ અભ્યન્તર ભાવની બાહ્ય અભિવ્યક્તિસ્વરૂપ દાનક્રિયા પ્રગટ થાય છે.

એટલે બધાયના મૂળમાં તો સર્વ જીવ પ્રત્યેનો જે અનુકમ્પાભાવ છે તેમાંથી દાનક્રિયા પ્રગટ થતી હોવાથી એ દાનક્રિયા જ ધર્મનું પ્રધાન અંગ બની જાય છે.

અહીં એક વાતનું સૂચન કરવાની લાલચ રોકી શકાતી નથી કે અનુકમ્પા બે પ્રકારની છે—સ્વની અને પરની.

પરજીવોની અનુકમ્પા કયારેક ભ્રાન્ત અનુકમ્પા બનતી હોય છે. જિનશાસનને તો પરાનુકમ્પા તે જ માન્ય છે જે સ્વાનુકમ્પાના ભાવમાંથી ઉત્પન્ન થએલી છે. એટલે કે જ્યાં અગણિત પૃથ્વ્યાદિકાય જીવોની ઘોર હિંસા થતી હોય અને તેવી હિંસાપૂર્વક કેટલાક માનવોની અનુકમ્પા થતી હોય તો તે અનુકમ્પા કરનાર આત્માને પોતાનું તો અહિત જ થાય છે કેમકે એણે બહુ થોડા માનવો કે બહુ થોડાં પશુઓની દયા ખાતર અગણિત પૃથ્વ્યાદિ જીવોનો વિનાશ મંજૂર કરી લીધો છે.

આવું કરનાર આત્મા પોતાની અનુકમ્પાનો લેશ પણ વિચાર કેમ ન કરે ? અગણિત જીવોના કચ્ચરઘાણથી ઉત્પન્ન થતું પાપકર્મ એના ભાવીને કેટલું બધું પાપમય અને દુઃખમય બનાવી મૂકશે એ વિચાર એને કેમ ન આવે ?

વળી જે આત્મા આ રીતે ભાવીમાં દુઃખમય અને પાપમય સ્થિતિમાં ફસડાઈ પડવાનો છે એ આત્મા તે સ્થિતિમાં કેટકેટલા જીવોનો સંહાર વેરવાનાં ઘોર પાપો કરશે ? એવાં ઘોર પાપોની ભાવનાઓ ભાવશે ? એક માત્ર પોતાની ઉપર ત્રાટકેલા સિતમગાર દુઃખમાંથી ઊગરી જવા માટે....

આમ જાતની અનુકમ્પા ન કરનાર માણસ ભલે તત્કાળ થોડા માનવો કે થોડાં પશુઓની અનુકમ્પા કરતો હોય પરંતુ એની સાથે સાથે અગણિત પૃથ્વ્યાદિજીવોની જે ઘોર હિંસા થાય છે અને ભાવીમાં પણ પોતાનાં દુઃખોનો વિનાશ કરવા માટે આંધળુકિયા કરીને થનારાં પાપો વખતે થનારી નાના-મોટા કોઈ પણ જીવોની અગણિત હિંસા થવાની છે એ જોતાં એમ સ્પષ્ટપણે કહી શકાય કે એ આત્માની થોડા જીવો ખાતરની અનુકમ્પા એ વસ્તુતઃ અનુકમ્પા જ નથી.

ટૂંકમાં, જ્યાં સ્વાનુકમ્પા સિદ્ધ થતી નથી ત્યાંની પરાનુકમ્પા એ વસ્તુતઃ અનુકમ્પા જ નથી. એવી સંકુચિત અનુકમ્પાથી પ્રેરાઈને જે દાનાદિકાર્યો થાય છે તે દાનાદિકાર્યોને જિનાગમો દાનધર્મ તરીકે કદી પણ મંજૂર કરતાં નથી.

દ્વાત્રિંશદ્ દ્વાત્રિંશિકાની પ્રથમ દ્વાત્રિંશિકામાં ઉપાધ્યાયજી ભગવંતે આ વાત ખૂબ જ સ્પષ્ટ શબ્દોમાં કહી દીધી છે અને સાથે સાથે ત્યાં કહ્યું છે કે વાવ, કૂવા, તળાવ વગેરે ખોદાવવાની ક્રિયાઓ જે સંકુચિત અનુકમ્પામાંથી ઉત્પન્ન થાય છે તે સંકુચિત અનુકમ્પાને અમે અનુકમ્પા જ કહેતા નથી.

આજની ગરીબો માટેની હોસ્પિટલો, ગરીબો માટેની શિક્ષણ સંસ્થાઓ વગેરે પણ માત્ર ગરીબ માનવો વગેરે તરફની અત્યંત સંકુચિત અનુકમ્પામાંથી ઉત્પન્ન થતી દાનક્રિયાનાં પરિણામો છે, માટે તે દાનક્રિયાને દાનધર્મ કહેવાતો નથી. તે સંકુચિત અનુકમ્પાને અનુકમ્પા કહેવાતી નથી.

મહાઆરંભ સમારંભ જનક અનુકમ્પા નિષિદ્ધ છે. જ્યાં લાખો નિર્દોષ મૂંગાં–સસલાં, વાંદા, દેડકાં, વાંદરા, સર્પ, કૂતરાં વગેરે જીવોની ઉપર જીવલેણ અખતરાઓ કરવામાં આવતાં હોય, એમની કરુણ ચિચિયારીઓમાંથી માનવને એ ઔષધ કેટલું માફક આવશે એની નોંધો થતી હોય, એમના શરીરમાં વિષના ઇંજેકશન આપીને એમને રિબાવી રિબાવીને માર્યા બાદ એ વિષની કેટલી માત્રા માનવીય શરીરના રોગોને દબાવી શકશે એના અહેવાલો તૈયાર થતાં હોય, એવા ક્રૂર–ઘાતકી અને પિશાચી કૃત્યોપૂર્વક લાખો જીવોની હિંસામાંથી તૈયાર થતાં ઔષધોની પ્રયોગશાળાઓમાં, એ ઔષધોથી જ ચાલતી હોસ્પિટલો કે દવાખાનાંઓમાં, એવી સંકુચિત માનવદયાનું શિક્ષણ દેતી શિક્ષણ સંસ્થાઓમાં, સ્વાનુકમ્પાની દૃષ્ટિનું તેજ સંપૂર્ણ રીતે નષ્ટ કરતાં પુસ્તકો ભણાવતી નિશાળોમાં—ગરીબોના, જ્ઞાતિના, ગામના, ભારતીયજનના રોટલાની પૂર્તિની ભ્રાન્ત ભાવનાથી આરોગ્યની પ્રાપ્તિની ભાવનાથી પ્રેરાઈને જે લોકો દાન કરે છે એને જિનશાસન અનુકમ્પાદાન કહેવા તૈયાર નથી. રે! અનંત જીવોના વિનાશમાં તે ધર્મ કેવો? શું અનંત જીવોની હત્યામાં અનુકમ્પા ધર્મ કહેવો છે? અસંભવ.

જિનશાસનના મર્મને પામેલો, ગુરુભક્ત સાધુ જીભ કચરીને મરવાનું પસંદ કરશે પરંતુ ક્રૂરતાપૂર્વકના અનંત જીવોના હત્યાકાંડની તરફ આંખ-મીંચામણા કરવા સાથે ઉત્પન્ન થએલા ખૂબ જ સંકુચિત અનુકમ્પાના ભાવને કદી પણ અનુકમ્પા ધર્મ નહિ કહે, નહિ જ કહે. એવી અનુકમ્પામાંથી ઉત્પન્ન થએલી દાનક્રિયાઓને દાનધર્મ નહિ કહે; નહિ જ કહે.

ગ્રન્થકાર ભગવંત કહે છે કે અનુકમ્પાના ભાવમાંથી દાનક્રિયા ઉત્પન્ન થાય છે માટે તે દાનક્રિયા ધર્માત્મક બને છેઃ ધર્મનું એક અવિભાજ્ય અંગ બને છે....આ વિધાનથી કોઈ ગેરફાયદો ન ઉઠાવી જાય, માત્ર અનુકંપા શબ્દને પકડી લઈને કોઈ હોસ્પિટલ આદિની

અનુકમ્પાને ધર્મસ્વરૂપ માની લેવાની ભૂલ ન કરી બેસે એ માટે જ આટલું સ્પષ્ટીકરણ જરૂરી માન્યું છે.

આજનો કેટલોક શ્રીમંતવર્ગ હોસ્પિટલો, દવાખાનાંઓ અને શિક્ષણ સંસ્થાઓમાં અઢળક સખાવત કરી રહ્યો છે. ધર્મસ્થાનો તરફના ભક્તિભાવપ્રેરિત દાનના અને દીનદુઃખિતો તરફના અનુકમ્પાપ્રેરિત દાનના ઝરણાં લગભગ સુકાયાં છે; કેમકે દાનનાં એ નીરનો પ્રવાહ બીજી તરફ ફંટાઈ ગયો છે. બેશક....આ ખૂબ જ અફસોસની વાત છે. પરંતુ કોઈ સખાવત કરનાર શ્રીમંત એવી અનુકમ્પામાં અને એવી સખાવતોમાં ધર્મ માની લેતો હોય તો સબૂર ! એ થોભી જાય અને જિનશાસનની એ સાફ સાફ વાતને સમજી લે કે અનેક પંચેન્દ્રિય નિર્દોષ જીવોની કારમી હત્યાની ઉપેક્ષા સાથે ઉત્પન્ન થતી અનુકમ્પા એ ધર્મ નથી, એનાથી પ્રેરિત દાનક્રિયા એ દાનધર્મ નથી.

આજે તો એ વાત પણ સુવિદિત થઈ ચૂકી છે કે એ દાનોની પાછળ સંકુચિત માનવદયાનો ભાવ જેટલી પ્રેરણા આપે છે તેના કરતાં વધુ પ્રેરણા તો 'નામના'નો કારમો મોહનો શેતાન-ભાવ જ આપતો હોય છે.

પૂર્વે કહ્યું તેમ એક બાજુ સરકાર પાસેથી કરમુક્તિ મેળવવા માટે અને બીજી બાજુ સસ્તી નામના મેળવી લેવા માટે જ આવા દાન થતાં હોય છે.

ભલે....એવી ઉઘાડી વાત-ઉઘાડા મનના ખુલાસા સાથે તેઓ કરે તો હજી સારી વાત છે. પરંતુ એ સંસ્થાઓ સાથે પોતાનાં નામો જોડાવનારાઓ એમાં અનુકમ્પા ધર્મ કર્યાનું પુણ્ય માનતાં હોય તો એમનો એ ભ્રમ સત્વર દૂર કરી દે, એવી જાહેરાતને બંધ કરી દે તો હજી ઓછા પાપમાં પડશે.

ટૂંકમાં, આ વિચારણાનો સર્વગ્રાહી સાર એ છે કે જ્યાં સ્વાનુકમ્પાની સિદ્ધિ થતી નથી ત્યાં જે કાંઈ પરાનુકમ્પા થાય, એવી પરાનુકમ્પાથી પ્રેરાઈને જે કાંઈ દાનાદિ થાય તેમાં જિનશાસન ધર્મનો

લેશ પણ માનતું નથી. કેમકે સૌથી મુખ્ય છે; સ્વાનુકમ્પા.

આ સ્વાનુકમ્પાને લેશ પણ બાધ આવવો ન જોઈએ એટલી જ વાત મહત્ત્વની છે. માટે જ સ્વાનુકમ્પાપૂર્વક પરની અનુકમ્પા પણ જિનશાસનને ધર્મ તરીકે મંજૂર છે. અને સ્વાનુકમ્પાવિહોણી સર્વજીવોની અનુકમ્પા પણ જિનશાસનને ધર્મ તરીકે નામંજૂર છે. આથી જ અભવ્યાત્માઓની સંયમી જીવનની સર્વ જીવોની અનુકમ્પા પણ મોક્ષનું સુંદર ફળ દેતી નથી ને? અને શ્રાવકની જિનપૂજામાં પરાનનુકમ્પા થઈ જતી જોવા મળવા છતાં સ્વાનુકમ્પાપૂર્વકની એ પરાનનુકમ્પા છે માટે જ એ જિનપૂજા મોક્ષપ્રાપક બને છે ને?

સ્વાનુકમ્પાનું સર્વોપરિત્વ

આથી જ જૈન-સાધુ—શ્વેતામ્બર, દિગંબર કે જિનપૂજાની હિંસાને ધિક્કારતો સ્થાનકવાસી—કોઈ પણ એમ માને છે કે નદી ઊતરવાની સાધુક્રિયામાં પરાનનુકમ્પા થઈ જતી હોવા છતાં ત્યાં શાસ્ત્રોક્ત સ્વાનુકમ્પા જીવતી રહે છે; માટે તે ક્રિયા પણ અપવાદ માર્ગસ્વરૂપ ધર્મનું સ્વરૂપ પકડે છે.

એક જ વાત નજરમાં રાખો કે ધર્મ તે જ છે સ્વાનુકમ્પાનો.... પછી ત્યાં પરાનુકમ્પા હોય, કે કદાચ ન પણ દેખાતી હોય; એની સાથે બહુ નિસ્બત નથી.

સ્વાનુકમ્પા એટલે સ્વના હિતમાં પરિણમતો આત્માનો પ્રશસ્ત ભાવ.

જો આત્માનું હિત જીવતું હશે તો કોઈ જીવનું દેખીતું અહિત પણ અંતે તો સર્વજીવના હિતમાં જ પરિણમશે; અને જો આત્મામાં નિષ્ઠુરતા ઉત્પન્ન થઈને સ્વનું અહિત કરશે તો પરામાત્માનું દેખીતું હિત પણ સર્વ જીવોના અહિતમાં જ પરિણમશે.

આ વાત આપણે આગળ ઉપર વિચારવાના છીએ માટે એને અહીં નહિ વિસ્તારીએ.

અહીં તો ફરી એ વાતને મગજમાં સ્થિર કરી દઈએ કે સ્વાત્મહિત સ્વાનુકમ્પાના ભાવથી જ શક્ય છે.

સ્વાનુકમ્પાનો ભાવ એ જ સાચી અનુકમ્પા છે. સ્વાનુકમ્પાના ભાવના જતન સાથે ઉત્પન્ન થએલી પરાનુકમ્પા કે પરાનનુકમ્પા બે ય ધર્મ છે અને સ્વાનુકમ્પાની અવગણનામાંથી ઉત્પન્ન થએલી પરાનુકમ્પા પણ અધર્મ છે.

નિશ્ચયનયની વ્યવહાર સાપેક્ષ આ વિચારણામાંથી જેઓ ચૂકયા છે એમણે કુધર્મો ચલાવ્યા છે. દયા અને દાનને પાપ કહેવા સુધીના ભયાનક ઉત્સૂત્ર ભાષણો જગતમાં ફેલાવીને અનેક મુગ્ધાત્માઓના કારમા અહિત કરી નાંખ્યા છે. અસ્તુ. એ વાત આપણે આ અષ્ટકની વિવેચના પૂર્ણ થયા બાદ પ્રાસંગિક સમાલોચના તરીકે કરીશું.

ગ્રન્થકાર ભગવાન હરિભદ્રસૂરિજીએ કહ્યું કે દાન એ અનુકમ્પાના ભાવમાંથી ઉત્પન્ન થવાના કારણે ધર્મનું અંગ છે. એમાં અનુકમ્પા શબ્દથી કોઈ ગેરસમજ ઊભી થવા ન પામે એટલા માટે આપણે અહીં એટલું જ સમજી રાખવાનું કે સ્વાનુકમ્પાના લક્ષવાળી પરાનુકમ્પાના ભાવમાંથી જે દાનક્રિયા ઉત્પન્ન થાય છે તે જ દાનક્રિયા ધર્મનું અંગ બને. આમ કહેવાથી સ્વાનુકમ્પાને ધક્કો દેનારા નામના–કામનાનાં કારમાં પાપોથી પ્રેરિત દાન, અગણિત જીવોના કચ્ચરઘાણની ઉપેક્ષાપૂર્વકની સંકુચિત અનુકમ્પાથી પ્રેરિત દાન....ધર્મના અંગ તરીકે સાબિત થતાં સંપૂર્ણ રીતે નિષ્ફળ જાય છે.

અનુકમ્પા દાન એ ધર્મનું અંગ શા માટે છે? એ વિચારને એક જ શ્લોકમાં ચાર બાબતો મૂકીને ગ્રન્થકારશ્રીએ રજૂ કર્યો. (૪)

હવે જે વાત આપણે પૂર્વે બાજુ ઉપર મૂકી હતી કે સાધુથી કોઈ પણ સંયોગમાં અસંયતિને અનુકમ્પાદાન થઈ શકે કે નહિ? એ વાતને હાથ ઉપર લઈએ.

ત્રિલોકગુરુ મહાવીર- દેવનું દષ્ટાંત ગ્રન્થકાર ભગવંત સદર અષ્ટકના પાંચમા શ્લોકમાં શાસનસપતિ પરમાત્મા મહાવીરદેવના કરુણાસાગર આત્માનું જ દૃષ્ટાન્ત આપતાં આપણને જણાવે છે કે એ તારકના આત્માએ છદ્મસ્થ અવસ્થાના સાધુ જીવનમાં ગરીબ બ્રાહ્મણ ઉપર અનુ-

કમ્પાથી જ પ્રેરાઈને પોતાને બલા ઉપર ઇન્દ્રે નાંખેલું દેવદૂષ્ય આપી દીધું હતું.

પરમાત્માના એ અંતિમ જીવનને ત્રણ વિભાગમાં વહેંચી શકાયઃ છદ્મસ્થપર્યાયનું ૩૦ વર્ષનું ગૃહસ્થજીવન, છદ્મસ્થપર્યાયનું ૧૨ વર્ષનું સાધુજીવન અને વીતરાગપર્યાયનું ૩૦ વર્ષનું અંતિમ જીવન.

ગૃહસ્થજીવનના પ્રથમ તબક્કામાં એ તારકભગવંતે આવી અનુકમ્પા કરી હોત તો એ ઉદાહરણીય ન બની હોત. કેમકે અસંયતિ તો અસંયતિની અનુકમ્પા કરી જ શકે છે એ વાતમાં કોઈ સંદેહ જ નથી. વાત તો એ છે કે સંયતિ પણ સામાન્ય રીતે તો ભલે અસંયતિની અનુકમ્પા ન કરી શકે પરંતુ વિશિષ્ટ-પુષ્ટ કારણે પણ એ અનુકમ્પા કરી શકે બરા ?

શાસનપતિનો એ આત્મા બીજા તબક્કાના મુનિજીવનમાં હતો ત્યારે જ અસંયતિની અનુકમ્પા કર્યાનો બનાવ બન્યો છે.

પ્ર—ભગવાનનો એ આત્મા તો લોકોત્તર આત્મા હતો એટલે એમનું દૃષ્ટાન્ત કેમ લઈ શકાય ?

ઉ—આ વિધાન બરોબર નથી. સઘળી બાબતોમાં આવું એકાન્તિક વિધાન થઈ શકે નહિ.

શેઠ ગાદી ઉપર બેસે માટે નોકરે પણ બેસવું જોઈએ એ વાત બેશક બરોબર નથી; પરંતુ શેઠ કોઈ ગરીબને નયા પૈસાનું દે માટે નોકરે પણ તે દેવું એવું કેમ કહેવાય ?

તીર્થંકરદેવનો આત્મા એમના પોતાના અખૂટ બળથી જે વિશિષ્ટકોટિની સાધનાઓ કરે તેને આપણે દુર્બળ માણસો દૃષ્ટાન્તરૂપ ન બનાવીએ. પરંતુ જે સાધનાઓ આપણા માટે ય આલંબનીય બને તેને તો અવશ્ય ઉદાહરણીય બનાવવી જોઈએ.

માટે જ તો તારકોના એ આત્માનો એ જ ભવે મોક્ષ અફર હોવા છતાં-ઘરમાં રહ્યા હોત તો ઘરમાં રહીને ય મોક્ષ અફર હોવા છતાં—એમણે રાજભવનનો ત્યાગ કર્યો હતો; માટે જ ગર્ભાવસ્થામાં

પેલો અભિગ્રહ કર્યો હતો માટે જ રેવતી શ્રાવિકાને ત્યાંથી આધાકર્મી વસ્તુ લાવવાનો નિષેધ કર્યો હતો, માટે જ સાધુઓને સમાધિપૂર્વક સદ્ગતિમાં મોકલ્યા હતા પરંતુ એમની કારમી તૃષા છીપાવવા તળાવના અચિત્ત જણાએલા પાણીનો ઉપભોગ કરવાની છૂટ આપી ન હતી.

માટે જ તો વીતરાગ છતાં એ તારકો સ્ત્રીનો સ્પર્શ કરતા નહિ અને કરવા દેતાં પણ નહિ; માટે જ ભગવાન મલ્લિનાથ પુરુષ ગણધરોથી જુદા થઈને રાત્રિના સમયે સાધ્વીઓની સાથે આરામ કરતા હતા.

અરે ! આપણે એમના ઉપદેશને અમલમાં મૂકીએ એ માટે તો એમણે આખું જીવન ઉપદેશ નીતારતું બનાવ્યું હતું. છતાં એમ કહેવું કે એમનું દૃષ્ટાન્ત કેમ લેવાય ? એ વાત તો ખૂબ જ અસંગત લાગે છે. હા, અનધિકૃત ચેષ્ટા બની જતી હોય ત્યાં એમનું દૃષ્ટાન્ત ન લેવાય. એમની જેમ અતિશયવિહોણા એવા આપણાથી નગ્ન ન ફરાય; એમની જેમ કૈવલ્ય ન પામીએ ત્યાં સુધી મૌન ન રહેવાય; એમની જેમ સુવર્ણકમળ ઉપર ન ચલાય કે રત્નજડિત સિંહાસનો ઉપર ન બેસાય, સર્વથા અકૃતકૃત્ય આપણાથી એ કૃતકૃત્યની જેમ જિનપૂજાદિ વિધિથી નિવૃત્તિ ન લેવાય. સર્વથા નિષ્પાપ પરમાત્મા આવશ્યકક્રિયા ન કરે એટલે સદા અતિચારાદિના પાપયુક્ત આપણાથી આવશ્યકક્રિયાનો ત્યાગ ન કરાય.

જો આમ કરીએ તો આપણું ભારે અહિત થાય. એક સ્ત્રીએ જમી લીધું માટે તેણે કોલસા હોલવી નાંખ્યા. એ જોઈને એક બીજી સ્ત્રી કે જેણે ભોજન બનાવવા માટે કોલસા ચેતવ્યા છે તે ય હોલવી નાંખે તો ? અને એમ કહે કે, "તેં હોલવી નાંખ્યા માટે હું કેમ ન હોલવી નાંખું ?" તો શું થાય ? ભૂખી જ મરે ને ?

આ ભેદરેખા સમજ્યા વિના એક લાકડીએ જો બધી વાતો

હાંકીશું અને, 'ભગવાનનું દૃષ્ટાન્ત લેવાય જ નહિ એમ કહીશું તો તે ક્ષણે આત્મહત્યા કરનારું નીવડશે.

અષ્ટક પ્રકરણના ટીકાકાર ભગવાન જિનેશ્વરસૂરિજી કહે છે કે જ્ઞાનવાન પુરુષોએ જે માર્ગનું અવલંબન લીધું હોય તે માર્ગનું આપણે (આપણા અધિકાર મુજબ) અવલંબન લેવું જોઈએ.

ચાર જ્ઞાનના સ્વામી ભગવાન મહાવીરદેવે યતિ-જીવનમાં દયાથી આર્દ્ર થઈ જઈને એક દુઃખિયારા બ્રાહ્મણને પોતાનું દેવદૂષ્ય આપ્યું હતું માટે જ્ઞાની યતિ વિશિષ્ટ-પુષ્ટાલંબનમાં અસંયતિની પણ દયા કરે એ તદ્દન વાજબી છે. જે કોઈ પ્રવૃત્તિ અંતરમાં વહેતા અનુકમ્પાનાં ઝરણાંને પુષ્ટ કરનારી બને તે યતિએ પણ આચરવી જોઈએ એમાં કોઈ દોષ નથી.

ભગવંતે શીલધર્મનું સેવન કર્યું હતું તો શીલધર્મનું સેવન યતિ માટે પણ જેમ અદુષ્ટ છે તેમ ભગવંતે અનુકમ્પા ધર્મનું સેવન કર્યું હતું માટે યતિ પણ પુષ્ટ-કારણે એવા પ્રકારની અનુકમ્પા કરી શકે છે.

ભગવંતના વિષયમાં વાત એમ બની હતી કે એ તારકના આત્માએ વર્ષીદાન આપીને પ્રવ્રજ્યા સ્વીકારી હતી.

ભગવંતના પિતા સિદ્ધાર્થનો એક બ્રાહ્મણમિત્ર હતો. કર્મવશાત્ એ અત્યન્ત ગરીબી પામ્યો. એટલું જ નહિ પણ જ્યારે કુમાર વર્ધમાન વર્ષીદાન દઈ રહ્યા હતા એ જ સમયમાં એ બહારગામ રહ્યો. કુમારની દીક્ષા થઈ ગયા બાદ તે ઘરે આવ્યો ત્યારે તેની પત્નીએ તેની દુર્ભાગ્યતાને અનુલક્ષીને તેને ખૂબ ઠપકો આપ્યો. પછી તેને કહ્યું કે, "હજી કાંઈ બગડ્યું નથી, હજી જો એ મહાદાનેશ્વરી પાસે જવામાં આવે તો કાંઈને કાંઈ તો જરૂર મળી જાય."

પત્નીની પ્રેરણાથી તે બ્રાહ્મણ એ તારક પાસે ગયો અને તેણે તેની પાસે યાચના કરી. એ વખતે ભગવંતના શરીર ઉપર બીજું કાંઈ જ ન હતું; સિવાય 'કલ્પ' સમજીને સ્વીકારેલું-ઇન્દ્રે આપેલું દેવદૂષ્ય.

પ્રભુનો આત્મા દયાર્દ્ર થઈ ગયો. બ્રાહ્મણની કાકલૂદીભરી આજીજીને અવગણી નાંખવાની નિષ્ઠુરતા એ કરી શક્યા નહિ. તરત જ એમણે એ બ્રાહ્મણને અડધું દેવદુષ્ય ફાડીને આપી દીધું.

આ પરિસ્થિતિ જ એવી ઉપસ્થિત થઈ હતી કે મહાકરુણાના પંથે વિચરતા એ મહાત્મા પેલા બ્રાહ્મણની કરુણાર્ત વાણીને ઠુકરાવી શકય નહિ. બેશક, એ બ્રાહ્મણના દુઃખે એમને દુઃખી કરી મૂક્યાં.

બ્રાહ્મણ પણ દુઃખી હતો, તારકનો એ આત્મા પણ દુભાઈ ગયો હતો. હવે શું કરવું ?

બેયનો આત્મા હવે અનુકમ્પા કરવા યોગ્ય બન્યો હતો. સ્વનો અને પરનો.

સ્વની અનુકમ્પા તો જ થાય તેમ હતું જો તે બ્રાહ્મણને વસ્ત્ર આપી દેવામાં આવે. એમ થતાં પેલો બ્રાહ્મણ સુખી થાય એટલે પોતે પણ સુખી થાય. અને બ્રાહ્મણને વસ્ત્ર ન આપ્યાની નિષ્ઠુરતા પોતાના આત્માનું અહિત ન કરે.

જ્યાં સ્વાનુકમ્પા જોખમાય ત્યાં એને બચાવી લેવા માટે બધા જ શાસ્ત્રોક્ત કાયદાકાનુનો ગૌણ બની જાય છે. શાસ્ત્રકાર ભગવંતો જ તેમ કહે છે કે, "એવા કટોકટીના તબક્કામાં તમારા અંતરને નિષ્ઠુર બનાવી દેવા સુધી કાયદાને વળગી રહેશો નહિ. પણ હા.... આવો 'વીટો' વાપરવાનો અધિકાર તો કટોકટીની પરિસ્થિતિમાં જ મળે. અન્યથા તો નહિ જ. એવું જ કોઈ ગાઢ પુષ્ટાલંબન આવીને ઊભું રહે તો તે વખતે ઉત્સર્ગમાર્ગના કાયદાઓ ગૌણ બની જાય છે અને અપવાદમાર્ગના વટહુકમથી જ કામ ચલાવવાનું જરૂરી બની જાય છે.

ઉત્સર્ગમાર્ગના કાયદાઓ પણ સ્વાત્મહિત અને તે દ્વારા જ થતાં સર્વહિત માટે બનાવવામાં આવ્યા છે ને ? પણ જ્યારે સ્વાત્મહિત જ જોખમાતું હોય ત્યારે ? એ વખતે તો ઉત્સર્ગમાર્ગનો કાયદો ગૌણ બની

જાય.... એ વખતે અપવાદમાર્ગના વટહુકમથી જ કામ લેવું જોઈએ.

ગમે તે ભોગે સ્વાત્મહિતને જાળવી રાખો. એની સુરક્ષા કરવા જતા જે કાંઈ કરવું પડે એને શાસ્ત્રમાર્ગ જ સમજી લો. ભલે પછી તે કદાચ ઔત્સર્ગિક શાસ્ત્રમાર્ગથી વિપરીત જતો માર્ગ દેખાતો હોય.

સ્વાત્મહિતની રક્ષા કરતો માર્ગ શાસ્ત્રવિપરીત ભલે દેખાય પણ હકીકતમાં તે શાસ્ત્રસંમત જ માર્ગ છે. અપવાદ એ માર્ગ જ છે. ઉન્માર્ગ નથી; ભલે પછી તે ઉત્સર્ગમાર્ગની આચરણથી પ્રતિકૂળ જતો દેખાય.

ઉત્સર્ગમાર્ગે મુનિથી આધાકર્મી ભોજન કરાય નહિ; પરંતુ વિશિષ્ટ પુષ્ટાલંબને અપવાદમાર્ગે તેણે આધાકર્મી ભોજન કરવું ય પડે. જો એ વખતે એ ભોજન ન લે તો વિરાધક ગણાય.

આધાકર્મી ભોજન નહિ લેવું એ જેટલો શાસ્ત્રસંમત માર્ગ છે એટલો જ પુષ્ટાલંબને આધાકર્મી ભોજન લેવાનો માર્ગ શાસ્ત્રસંમત છે.

પ્રસ્તુતમાં પણ આ વિધાન લગાડીને સમજી લેવું કે યતિને અસંયતિની અનુકમ્પા નહિ કરવાનો ઉત્સર્ગમાર્ગ જેટલો શાસ્ત્રસંમત છે એટલો જ—એથી જરા ય ઓછો નહિ–વિશિષ્ટ પુષ્ટાલંબનમાં અસંયતિની અનુકમ્પા કરવાનો અપવાદમાર્ગ પણ શાસ્ત્રસંમત છે.

હા, જો અસંયતિના દુઃખને જોવા છતાં યતિના આત્મામાં પરિપૂર્ણ માધ્યસ્થ્યભાવ જળવાઈ રહેતો હોય, એ દુઃખ દૂર નહિ કર્યાની નિષ્ઠુરતા એના અંતરને અડી જઈને પછી પણ હચમચાવનારી ન જ બનવાની હોય....તો એવા વિલક્ષણ આત્મદળવાળા યતિની વાત તદ્દન જુદી છે. પરંતુ જેના અંતરમાં એકલી દયા જ ઊભરાઈ છે, પરદુઃખને જે જોઈ શકતો નથી, એવું કોઈ દુઃખ જોયા પછી જે તટસ્થ રહે તો એવી તટસ્થતામાં જેને ભારે નિર્દયતા લાગે છે; તેવા યતિએ નિષ્ઠુરતાને પોષીને સ્વાનુકમ્પાના પ્રાણધર્મને ગૂંગળાવવાનું બરોબર નથી. એ વખતે તો પોતાનામાં તેવી નિષ્ઠુરતાનું સ્વાત્મ-અહિત ન પેસી જાય

તે માટે તેણે પરજીવની અનુકમ્પા કર્યે જ છૂટકો છે. હા, જો બીજી કોઈ પણ રીતે તે પરકીય દુઃખી વ્યક્તિની અનુકમ્પા થઈ શકતી હોય, તો તે યતિ પોતે સીધા જ તે અનુકમ્પાના કાર્યમાં ન ઊતરે. પરંતુ બીજો કોઈ જ વિકલ્પ ન જડે તો તે વખતે અપવાદમાર્ગે—સ્વાનુકમ્પાને નિષ્ઠુરતાથી હણાઈ ન જવા દેવા માટે—તે યતિએ સીધી પણ પરાનુકમ્પા કરવી જ રહી.

પ્ર.—આ જ અષ્ટક પ્રકરણના સાતમા અષ્ટકમાં તો એમ જણાવવામાં આવ્યું છે કે, "યતિ જો પોતાની ભિક્ષા, દયાથી પ્રેરાઈને યાચકોને આપે તો તેને પુણ્યબંધ થાય....માટે યતિએ યાચકોની અનુકમ્પા કરવી નહિ."

મુનિને અવસ્થાવિશેષમાં પુણ્યબંધની ઉપાદેયતા

વળી દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે યતિએ ગૃહસ્થની વૈયાવૃત્ય (સેવા-અનુકમ્પા) કરવી નહિ.

હવે એ જ અષ્ટકકાર અહીં તો એથી સાવ વિરુદ્ધ વિધાન કરે છે કે યતિ અસંયતિની પણ અનુકમ્પા કરી શકે છે. આમ કેમ?

ઉ.—બે ય વાત બરોબર છે. સામાન્ય રીતે તો યતિથી અસંયતીની અનુકમ્પા ન થાય. પરંતુ કેટલાક એવા આગાઢ સંયોગમાં—અપવાદમાર્ગે—તે અનુકમ્પા અવશ્ય થાય.

પ્ર.—તો પછી તે વખતે પુણ્યકર્મનો બંધ થઈ જશે તેનું શું? તમે તો યતિને નિર્જરાકારક તરીકે જ ઇષ્ટ માનો છો ને? પુણ્યબંધક તો તે ન જ હોવો જોઈએ ને?

ઉ.—એવાં આગાઢ કારણોમાં ભલે પુણ્યબંધ થઈ જતો. સામાન્યતઃ એમ કહી શકાય કે યતિ સંવર અને નિર્જરા માર્ગનો જ આરાધક હોય છે. એને પાપબંધની જેમ પુણ્યબંધ પણ અનિષ્ટ જ હોય છે. પરંતુ જ્યારે સ્વાનુકમ્પાની રક્ષા કરવાની કટોકટી જાહેર થાય છે ત્યારે એ કટોકટીમાં અસંયતિની અનુકમ્પા થઈ શકે એટલું જ

નહિ પણ એથી પુણ્યબંધ થઈ જાય તો તે ય એ કટોકટીને કારણે મંજૂર જ થઈ જાય.

રાષ્ટ્ર ઉપર જ્યારે કટોકટી આવે છે ત્યારે વટહુકમ દ્વારા જે જે કાંઈ કરવા જેવું લાગે તે બધું ય—સામાન્યતઃ અનિચ્છનીય ગણાતું-પણ અમલમાં મૂકી દેવું પડે છે.

વળી, સંવરનિર્જરાના વિશિષ્ટતમ્ આરાધનની દૃષ્ટિએ પુણ્યબંધ હેાય છે. પરંતુ એકાન્તે હેય તો નથી જ. મોક્ષના વિશુદ્ધ-આશયપૂર્વક, નિઃસ્વાર્થભાવપૂર્વક કરાતી ક્રિયાથી જે પુણ્યબંધ થાય છે એ તો ખૂબ ઉપાદેય છે. પાપના ચીકણા મળને કાઢવા માટે જરૂરી દિવેલની એ ગરજ સારે છે. એ દિવેલ તો પછી આપોઆપ નીકળી જાય છે.

ઇન્ધનને સળગાવી નાંખવા વહ્નિનો ભડકો ઊભો કરવો પડે છે. પણ પછી વહ્નિના ભડકાને શાન્ત કરવા કાંઈ પાણીનો બંબો લાવવો પડતો નથી. જેવું ઇન્ધન બળીને ખાખ થઈ જાય કે વહ્નિ પણ આપો-આપ શાન્ત થઈ જાય.

પુણ્યાનુબંધી પુણ્યકર્મનો વહ્નિ પાપકર્મોના ઇન્ધનોને બાળી નાંખીને આપમેળે શાન્ત થઈ જાય છે.

એટલે સંસાર અવસ્થાની અમુક સ્થિતિમાં તો એ પુણ્યાનુબંધી પુણ્ય પણ પાપકર્મોની નિર્જરા માટે જ ખૂબ ઉપયોગી બની જાય છે. હા, જે પુણ્યબંધ પાપાનુબંધી હેાય છે એ પાપકર્મ નિર્જરા ન કરતાં પાપકર્મનો બંધ કરાવતો હેાય છે માટે તે જરૂર હેય છે. પરંતુ નિર્જરાનું જનક પુણ્યાનુબંધી પુણ્યકર્મ તો અવશ્ય ઉપાદેય છે.

પણ હા, મુનિને તેની પણ ઇચ્છા ન હેાય કેમકે ઇચ્છામાં તો ઉચ્ચતમ આદર્શ જ હેાય. પાપકર્મ નહિ અને પુણ્યકર્મ પણ નહિ. ઊભયક્ષયથી મુક્તિ જ....

એટલે જ સામાન્ય રીતે તો મુનિ પૂર્વના સર્વ-કર્મની નિર્જરાનો અને નવા સર્વ કર્મોના સંવરનો જ અભિલાષુક હેાય. તેમ છતાં તેવી

અભિલાષાપૂર્વક થતાં તેના ધર્મમાં જે ઉપયોગભાવ છે તે જરૂર સંવર-નિર્જરાને જન્મ આપે પરંતુ જે યોગત્રયની યોગદશા છે....તેનાથી તો તેને પુણ્યબંધ પણ થઈ જ જવાનો. સંયમની સરાગતાનો જ એ મહિમા છે કે સંયમી આત્મા પુણ્યબંધ ન ઇચ્છે તો ય એ બંધ થયા જ કરે.

પરંતુ આવો પુણ્યબંધ એને કનડી શકતો નથી. એ પુણ્યોદયથી એને દોમ દોમ ટૈા ભોગસામગ્રી મળી જાય તો ય એના અંતરમાં એના ભોગનાં પરિણામોની મલિનધારા ઉછળવાને બદલે અભોગપરિણામ જ રમતો રહે.

એથી જ ભોગસામગ્રીમાં એ રહે ખરો પણ રમે જરા ય નહિ.

જો પુણ્યોદયને પાણીની તુચ્છ ઉપમા આપીએ તો અભોગપરિણામ-અનાસક્તિના પરિણામ—ને મંત્રની ઉપમા આપી શકાય. આ મંત્રના આંદોલનના પુનઃ પુનઃ આસ્ફાલન થતાં તે પુણ્યોદયનું પાણી, પાણી મટીને અમૃત બની જાય છે. જે અમૃતનું આસ્વાદન આત્માને અમરત્વના પંથની આગેકૂચમાં એકાન્તે મદદગાર બને છે.

એટલે અવસ્થાવિશેષમાં નિષ્ઠુરતાના પરિણામનો જન્મ ન થવા દેવા માટે, સ્વાનુકમ્પાની રક્ષા માટે સંયતિ પણ અસંયતિ આત્માની અનુકમ્પા કરે અને તેથી તેને પુણ્યબંધ થઈ જાય તો તેમાં કશું જ ખોટું નથી.

વટહુકમ એટલે વટહુકમ! ત્યાં ચાલુ કાયદાકાનૂનો કે ચાલુ વ્યવહારોને કામચલાઉ સ્થાન મળતું બંધ થઈ જાય છે.

ચાલુ કાયદો અને વટહુકમ એ બેનો મેળ ન કરાય, એ બેયના વિરોધાભાસ સામે પ્રશ્ન પણ ન ઉઠાવાય.

ઊંડાણથી વિચારીએ તો સુપેરે સમજાય તેવી આ વાત છે કે વટહુકમ એ તો કટોકટીની અવ્યવસ્થા ટાળવા માટેનો ઉપાયમાત્ર છે; ફરી ચાલુ કાયદાઓને અમલી બનાવવા માટેનું જ સાધન છે. પણ તેથી તેનું મૂલ્ય જરા ય ઘટી ન જાય. રાબેતા મુજબનો વ્યવહાર ફરી લાવી

દેનાર વટહુકમનું તો ઘણું ઘણું મૂલ્ય છે. જો એની અવગણના કરવામાં આવે તો એવી ભારે મોટી અંધાધૂંધી ફેલાઈ જાય કે રાબેતા મુજબનો વ્યવહાર સદા માટે મરી પરવારે.

હવે બીજી વાત કરીએ. દશવૈકાલિક શાસ્ત્રમાં જરૂર કહ્યું છે કે, "સાધુથી ગૃહસ્થની વૈયાવૃત્ય થાય નહિ." પરંતુ આ વિધાન પણ રાબેતા મુજબની પરિસ્થિતિના ઔત્સર્ગિક માર્ગનું છે. પૂર્વોક્ત રીતે જ્યારે આત્મા પોતાનું હિત જ ભોખમાવતો હોય ત્યારે એ કટોકટીમાં તો અપવાદમાર્ગ સ્વરૂપ વટહુકમ બહાર પાડવો જ રહ્યો.

કોઈ પણ રાષ્ટ્ર એવું નથી કે જેના રાષ્ટ્રપતિને કે જેના રાષ્ટ્ર-પ્રમુખને કટોકટીના તબક્કામાં વટહુકમની બજવણી કરવાની સત્તા ન હોય. રાબેતા મુજબનો વ્યવહાર સ્થાપવા માટે એમ કર્યે જ છૂટકો છે.

પ્રજા માટેનો ન્યાય તો એ જ છે કે પ્રજાને રાજમાર્ગો ઉપર મુક્ત રીતે હેરફેર કરવા દેવી. પણ આ તો રાબેતા મુજબના પ્રજકીય જીવનવ્યવહાર વખતની વાત થઈ. પરંતુ જ્યારે કોઈ કોમી રમખાણ વગેરે ફાટી નીકળે ત્યારે તો તમામ રાજમાર્ગો ઉપર ૧૪૪મી કલમનો કરફ્યુ ઓર્ડર 'વટહુકમથી' બહાર પાડવો જ રહ્યો.

બેશક, વટહુકમ તે જ કહેવાય જે રાબેતા મુજબની પરિસ્થિતિને પુનઃ સ્થિર કરવાના રસ્તે જ કદમ માંડતો હોય.

એમ ક્વચિત્ વિશિષ્ટ ગાઢ સંયોગમાં ગૃહસ્થની પણ વૈયાવૃત્ય —અનુકંપા કરવી પણ પડે.

ધારો કે કોઈ ગૃહસ્થ–મુમુક્ષુ સાધુની સાથે વિહારમાં ચાલે છે અને માર્ગમાં એકાએક પેટમાં ભયાનક શૂળ ઊપડે છે. આસપાસમાં કોઈ ગામ નથી, વસતી નથી, ઝૂંપડું ય નથી. સાધુ પાસે તે અંગેની ઔષધિ જરૂર છે. તો હવે તે સાધુએ શું કરવું ? એ ઔષધિ ગૃહસ્થને આપવાની અનુકમ્પા તેણે કરવી ? કે એને આંખ સામે મરવા દેવો અને એટલી હદ સુધીની નિષ્ઠુરતા તેને જોતાં રહીને કેળવવી ?"

બેશક, શું કરવું ? શું ન કરવું ? એ કાર્ય માત્ર ગીતાર્થમુનિનું છે. જેને તેને એવા સમયના વટહુકમ બજાવવાનો કોઈ અધિકાર ન જ હોઈ શકે. પરંતુ જો તે ગીતાર્થ મુનિને સ્વાનુકમ્પા જોખમાતી લાગતી હોય તો તે વખતે અપવાદમાર્ગના વટહુકમની બજવણી કરી લઈને તેણે તે મુમુક્ષુ ગૃહસ્થને ઔષધદાનની અનુકમ્પા કરવી જ રહી.

ટૂંકમાં એટલું જ કહેવાનું કે સાધુથી ગૃહસ્થની અનુકમ્પા ન થાય "એ ઔત્સર્ગિક વિધાન છે. પણ અપવાદમાર્ગે–વિશિષ્ટ પુષ્ટાલંબને તે અનુકમ્પા પણ થઈ શકે છે.

અકર્તવ્ય પણ કચારેક અપવાદ ઉત્સર્ગને બાધિત કરી શકે છે, ઉત્સર્ગ કર્તવ્ય બને. અપવાદને બાધિત કરી શકતો નથી.

રે ! લૌકિક શાસ્ત્રોનો ન્યાય પણ આવો જ છે ને ? અમુક દેશ-કાળ કે રોગમાં એવી જ એક સ્થિતિ ઉપસ્થિત થાય છે જે વખતે પૂર્વે જણાતું અકર્તવ્ય, કર્તવ્યરૂપ બની જાય છે અને કર્તવ્ય, અકર્તવ્યરૂપ બની જાય છે.

વૈશાખ માસમાં ભારતમાં ટેરીવૂલનના સૂટ પહેરવા તે મૂર્ખાઈ ગણાય છે, પણ એ જ કાળમાં લંડનમાં એ પરિધાન ખૂબ જ ડહાપણ-ભર્યું ગણાય છે.

માત્ર ભારતમાં ય ગ્રીષ્મઋતુમાં ઊનનાં વસ્ત્રોનું જે પરિધાન ગાંડપણ ગણાય છે તે જ શિશિરમાં ડહાપણભર્યું ગણાય છે.

જે દૂધ નિરોગી માટે અમૃત ગણાય છે તે જ દૂધ સંગ્રહણીના દર્દી માટે ઝેર ગણાય છે. તાત્પર્ય એ છે કે કોઈ પણ બે દેશમાં એક કાળે કે કોઈ પણ એક દેશમાં વિભિન્ન કાળે કે સર્વ લોકો માટે એકસરખું–કોઈ પણ વિધાન સામાન્યતઃ સંભવી શકતું નથી.

પ્રસ્તુતમાં પણ સામાન્યતઃ સંયતિ, અસંયતિની અનુકમ્પા ન કરી શકે એ હકીકત હોવા છતાં કોઈ એવા જ તબક્કામાં–વિશિષ્ટ પુષ્ટ આલંબને–ગીતાર્થમુનિ અસંયતિની પણ અનુકમ્પા અવશ્ય કરી શકે એ વાત આપણે હૃદયથી સ્વીકારવી જોઈએ. (૫)

કેમકે અહીં બહુ જ મહત્ત્વનો મુદ્દો આરાધકનાથી ચિત્તની આરાધનાનો છે.

કુશલકર્મના અનુબંધનો સ્વામી ઔચિત્યની આરાધના કદી પણ વેગળો રહે નહિ. આ વિધાન તો શાસનપતિ મહાવીરદેવના તારક આત્માએ ગર્ભાવસ્થામાં રહીને અભિગ્રહકરણ દ્વારા ખુલ્લંખુલ્લા સ્થિર કરી દીધું છે.

સારો માનવ પણ ઔચિત્યનો આરાધક હોય તો માનવોને પણ પૂજ્ય બનેલો સંત ઔચિત્યની ઉપેક્ષા કરે એ બને ખરું? બેશક, માનવના ઔચિત્યસેવન એના ઐહિક સ્વાર્થો ઉપર આધારિત હોય, જ્યારે પૂજનીય સંતનું ઔચિત્યસેવન સ્વ-પરની ભાવકરુણા ઉપર આધારિત હોય. જ્યાં કયાંય પણ, જ્યારે કયારે પણ ગીતાર્થ સંતના આત્માને એમ લાગે કે તેની અમુક પ્રવૃત્તિથી સ્વનું હિત અફર છે અને એ સ્વ-હિત, પરમુખી ઔચિત્યની આરાધનાથી જ થઈ શકે તેમ છે તો તે સંત તે ઔચિત્યથી વેગળા રહેવાની કલ્પના પણ કરી શકે નહિ. હા, એનાથી એનો અમલ કેટલો થાય એ પ્રશ્ન છે કેમકે અમલની બાબત તો પોતાના પુણ્યાદિ ઉપર આધારિત હોય છે. પરંતુ એવા ઉજ્જવળ આશયથી સંપન્ન સાધુ અનૌચિત્યનું આરાધન નહિ કરવાની નિષેધાત્મક પ્રવૃત્તિને તો અવશ્ય અમલમાં લાવી મૂકે.

પ્રસ્તુત વિષય અનુકમ્પાપ્રેરિત દાનનો ચાલે છે. તે પણ સંયમી આત્માથી અસંયમી આત્માને તેનું દાન કરી શકાય કે નહિ? તે પ્રશ્નના મધ્યબિંદુને પકડીને જ વિવિધ પરામર્શનાં વર્તુળો દોરાઈ રહ્યાં છે. ગ્રન્થકાર ભગવંત કહે છે કે અમુક સંયોગોમાં તેવું દાન સંયમી આત્મા જરૂર કરી શકે છે કેમકે એવી કટોકટીની અવસ્થામાં તે ગીતાર્થ સંયમી આત્મા માટે તેમ જ કરવાનું ઉચિત જણાતું હોય તો તેમ કરવામાં તે જરા ય પીછેહઠ કરી શકે નહિ.

આરાધના સાથે ગાઢ સંકળાયેલું ઔચિત્યસેવન

આરાધનાનો કોઈ પણ ધર્મ ગમે તેટલો મહાન હોય પરંતુ તેની સાથે ઔચિત્યનું આસેવન તો હોવું જ જોઈએ. તે તે સમયને યોગ્ય ઔચિત્યને ઉપેક્ષીને કોઈ ગમે તેટલી સુંદર ધર્મારાધના કરતો હોય તો તે ફલવતી બની શકતી નથી.

જે વખતે ઉપકારી ગુરુદેવ કે કોઈ પણ સહવર્ત્તી સાધુ બીમાર હોય તે વખતે શિષ્યની ફરજ એમની સેવા કરવાની જ થઈ પડે છે. આવા સમયે આ ઉચિત-આરાધનાની અવગણના કરીને એ શિષ્ય નમસ્કાર મંત્રના જાપ જપ્યા કરે કે વ્યાકરણનાં સૂત્રોનો પાઠ કર્યા કરે તો તેના તે જાપ અને પાઠ સરિયામ નિષ્ફળ જાય છે એટલું જ નહિ પરંતુ ઔચિત્યસેવનની જે વિરાધના કરી તેના પરિણામે એના કપાળે દુર્ભાગ્યની કાળી ટીલી દેવાઈ જાય છે.

આ વાત આપણે બરોબર સમજી લેવી જોઈએ. પછી ઔચિત્યભંગનું પાપ કરીને કરાતાં કોઈ પણ ધર્મને આપણે મંજૂર નહિ કરીએ.

ફરી એ વાત યાદ કરો કે તે તે દેશ-કાળના ઔચિત્યની આરાધનાને ઉપેક્ષીને જળવાતા કોઈ પણ સામાન્ય ધર્મનિયમો (ઔત્સર્ગિકમાર્ગો) એ ધર્મ જ બનતા નથી.

ઉપરોક્ત પરિસ્થિતિમાં પરમાત્માની દ્રવ્યદયા-(અનુકમ્પા) દ્વારા અસાધારણ ભાવદયાની પ્રભાવનાની મોટામાં મોટી શકયતા જીવતી થતી દેખાતી હોય તો તે વખતે ઉચિત તે જ ગણાય કે જેનાથી તે આત્માનું આત્મિક હિત થતું હોય. ભલે પછી તે ઔચિત્યનું આરાધન કરવા જતાં સામાન્યનિયમને બાધ આવતો હોય. વસ્તુતઃ એ બાધ જ નથી. કેમકે અવસ્થા વિશેષમાં સામાન્ય નિયમ સ્વયં બાધિત થઈ જાય છે. જો આ વાત આપણે ન માનીએ તો અપવાદ જેવા શાસ્ત્રોક્ત માર્ગને કોઈ જગાએ સ્થાન જ નહિ રહે.

હા, એ વાત ચોક્કસ છે કે કયો સામાન્ય નિયમ કયા સંયોગોમાં કેવી રીતે બાધિત થઈ શકે તે જોવાનું કામ માત્ર ગીતાર્થ મુનિવરોનું છે, ગમે તેનું નહિ. પરંતુ એ કામ ગીતાર્થ મુનિવરોનું છે જ એ વાતનો લેશ ઇન્કાર થઈ શકે તેમ નથી.

કોઈ પણ સાધુનો જો એક જ ધર્મ હોય તો તે સ્વાનુકમ્પાનો છે : સ્વહિતનો છે.

એ સ્વહિત જો પરની ઉપરોક્ત અનુકમ્પાથી શાસ્ત્રમર્યાદામાં રહીને પણ થઈ શકતું હોય તો તે સાધુએ તે પરાનુકમ્પા અવશ્ય કરવી જોઈએ.

એક પણ પરાત્મા આત્મહિત પામતો હોય, આત્મહિત સાધવાનું બીજ પણ પ્રાપ્ત કરતો હોય તો તેના જેવો ઉત્તમોત્તમ બીજો ધર્મ કયો હોઈ શકે ? એવા સર્વોચ્ચ ધર્મમાં પ્રેરક બનનારો સાધુ એના કરતાં બીજી કયી રીતે સર્વોચ્ચ સ્વહિત કરી શકે તેમ છે ?

પાપ વાસનાઓના ભડભડ બળતા અગ્નિમાં ઉઘાડી આંખે કૂદી પડીને નાશ પામતાં જીવ—પતંગિયાઓને બચાવી લેવાના પરહિતથી જે સ્વહિત (સ્વાનુકમ્પા) થાય છે એ તો સ્વહિત માટેનો અતિ સુંદર ઉપાય ગણાયો છે. જે મુનિવરોમાં પરાર્થકરણ દ્વારા સ્વહિત કરવાની શાસ્ત્રબદ્ધ તાકાત હોય તે મુનિવરોને બીજા કોઈ રસ્તે સ્વહિત કરવાનું કોઈ સંયોગમાં ગૌણ બનતું હોય તો તેમાં વાંધો નહિ એમ શાસ્ત્રકારો કહે છે. એથી જ તો એવા આત્માઓને જિનકલ્પ સ્વીકારવાની સંયોગ-વિશેષમાં મનાઈ ફરમાવવામાં આવી છે.

એટલે પાણી વિના મરી જતાં અસંયતિનું આત્મહિત જો કરી શકાતું હોય તો સ્વહિતના પ્રેમી ગીતાર્થ મુનિને તેવા સંયોગોમાં તેમ કરવાનું જરા ય અનુચિત નથી. એટલું જ નહિ પણ એણે એક આત્માના હિતનું એ ઔચિત્યકરણ સેવવું જ જોઈએ. અને એ માટે સામાન્ય નિયમ ગૌણ કરવો જોઈએ.

એની સાથે સાથે એ વાત પણ વિસરવા જેવી નથી કે અપવાદ-માર્ગને જરા-તરામાં–ગાઢ કારણ વિના જ–પકડી લેનારાઓને શાસ્ત્રકારોએ 'અતિપરિણત' કહીને વખોડી નાંખ્યા છે.

શાસ્ત્રકારોને તો પરિણત ગીતાર્થ માન્ય છે. અપરિણત કે અતિપરિણત સાધુમાંનો તો એક પણ નહિ.

હવે પ્રશ્ન એક જ ઊભો રહે છે કે અસંયતિની અનુકમ્પા કરનાર સાધુ, એ અસંયતિના સામર્થ્યનું પોષણ કરીને એનાથી થનારા આરંભાદિના પાપોની અનુમોદનાનું પાપ ન બાંધે ?

ચિત્તના આશય ઉપર કર્મબંધ આ પ્રશ્નનો ઉત્તર જિનપૂજાની હિંસાનો વિચાર કરતાં અપાઈ ગયો છે. જે ચિત્તમાં જેની અનુમોદના કરવાનો આશય જ નથી તે ચિત્તને તે અનુમોદનાનું પાપ લાગતું જ નથી. (ફરી એ વિચાર હમણાં જ ત્યાં જોઈ લેવો જરૂરી છે.) જો આ વાત મંજૂર કરવામાં ન આવે તો કસાઈને ત્યાંથી જીવો છોડાવવાની દયાનો ધર્મ પણ નહિ કરાય કેમકે કસાઈને જે પૈસા આપ્યા તે પૈસા તો તેના ભોજનાદિ પાપની પુષ્ટિમાં જ ખતવાઈ જવાના છે. શું આ વાત કોઈને પણ મંજૂર છે ? હા. આજે પણ એક એવો સમાજ છે જેને આવી નિર્દયતાભરી વાતો પણ મંજૂર છે. પણ એમના આવા સિદ્ધાન્તો એમનું જ ગળું પકડે છે તેનું શું ? ભાવીની અનુમોદનાના પાપને માનનાર સમાજ કોઈ પણ વ્યક્તિને દીક્ષા શી રીતે આપી શકે ? કેમકે જો દીક્ષા આપવામાં આવે તો એમની માન્યતા મુજબ દીક્ષિત વ્યક્તિ મરીને સ્વર્ગમાં જ જાય. સ્વર્ગમાં જનાર 'અવિરતિ' બની જાય છે એ સુનિશ્ચિત હકીકત છે. સ્વર્ગમાં ગએલો આત્મા ભોગાદિનો યોગ પણ પામે છે, એય નિર્વિવાદ હકીકત છે. તો આ બધું ય પાપ દીક્ષા આપનાર વ્યક્તિને લાગ્યું કે નહિ ? દીક્ષા આપી માટે એ આત્મા સ્વર્ગમાં ગયો ને ?

જો અહીં એમ કહેવામાં આવે કે દીક્ષા આપતાં અમારો એ આશય હતો જ નહિ કે એ આત્મા અવિરતિ બનીને સ્વર્ગસુખો

પામે, માટે અમને એની અનુમોદનાનું કોઈ પાપ ન લાગે." તો પ્રસ્તુતમાં પણ એ જ સમાધાન છે કે દીનદુઃખિતોની અનુકમ્પા કરનાર સાધુનો પણ એ આશય નથી જ કે તે દીનદુઃખિત માણસ શક્તિ પામીને કે જીવન પામીને પાપો આચરે...પછી શા માટે એના પાપ-પ્રવર્ત્તનમાં સાધુને અનુમોદનાનું પાપ લાગે ?

આ વિષય આપણે આગળ ઉપર ચર્ચવાના છીએ એટલે અહીં એના વિચારનો તાર ન ખેંચતા એટલું જ સમજી રાખીએ કે કટોકટીના તબક્કામાં, પરાત્માની ભાવદયાસ્વરૂપ અનુકમ્પાની બુદ્ધિથી ગીતાર્થ-સંયતિ-અસંયતિની દ્રવ્યાનુકમ્પા કરી શકે છે. એમ કરવામાં એને ભાવી સંભવિત પાપોની અનુમોદનાનું કોઈ પાપ લાગતું નથી.

અરે ! પાપની તો વાત દૂર રહી પરંતુ એ વખતે યતિને તો વિપુલ ધર્મની જ પ્રાપ્તિ થાય છે. જે દ્રવ્યાનુકમ્પાથી એક આત્મા સમ્યક્ત્વના અવન્ધ્ય બીજરૂપ ધર્મપ્રશંસા કરી દે અને ત્યારથી જ તે આત્મા મોક્ષમાર્ગ ઉપર હરણફાળ ભરતો દોડવા લાગી જાય. બીજા અનેકો પાસે, મોક્ષાભિમુખ બનાવતી જૈનધર્મની પ્રશંસા કરાવે તે દ્રવ્યાનુકમ્પા અધિકરણ તો કેમ જ બની શકે ? અધિકરણ તો દુર્ગતિનાં કારણને કહેવાય.

પરાત્માના એકાન્ત કલ્યાણને જન્મ દેતી દ્રવ્યાનુકમ્પા કરનાર તો સદ્ગતિ જ પામે. પછી એ દ્રવ્યાનુકમ્પાને 'અધિકરણ' તરીકે કલ્પી પણ કેમ શકાય ?

અનુકમ્પાથી મળતી વિશિષ્ટ સિદ્ધિઓ ગ્રન્થકાર ભગવંત તો આગળ વધીને કહે છે કે શાસ્ત્રોક્ત દ્રવ્યાનુકમ્પાથી દુર્ગતિના અભાવની નિષેધાત્મક સિદ્ધિ જ મળે છે એમ નથી. પરંતુ ઉત્તરોત્તર વિશિષ્ટ ગુણસ્થાનોની પ્રાપ્તિરૂપ વિધેયાત્મક સિદ્ધિ પણ અવશ્ય પ્રાપ્ત થાય છે.

ઔચિત્યની આરાધના સાથે જે આત્માઓ દ્રવ્યાનુકમ્પા કરે છે,

તે આત્માઓ જો મંદમિથ્યાદૃષ્ટિ હોય તો ચરમ યથાપ્રવૃત્તિકરણને પ્રાપ્ત કરે છે.

જો ચરમ યથાપ્રવૃત્તિકરણને પામેલા હોય તો સમ્યક્ત્વ પામે છે.

જો સમ્યક્ત્વ પામેલા હોય તો દેશવિરતિ ગુણને પ્રાપ્ત કરે છે.

જો દેશવિરત હોય તો છઠ્ઠા ગુણસ્થાનનું સર્વવિરતિનું મંગળ-જીવન વરે છે.

જો છઠ્ઠા ગુણસ્થાનની માંગલ્યતાને સ્પર્શી ચૂકયા હોય તો સાતમા ગુણસ્થાનની મહામાંગલિકતાને આલિંગે છે.

રે ! પરાત્માની ભાવાનુકમ્પાનો ભાવ જો માઝા મૂકે અને પ્રકર્ષ પામતો જાય, તો દ્રવ્યાનુકમ્પાની ક્રિયા કરતો અપ્રમત્ત સાધુ ક્ષપકશ્રેણિ ઉપર પણ આરૂઢ થઈ જાય અને વીતરાગપણું પામીને એક જ અન્ત-મુર્હૂર્ત્તમાં કેવળજ્ઞાન પણ પામી જાય.

જે કોઈ મુમુક્ષુ; જે કોઈ ગુણસ્થાન ઉપર આવેલા હોય, તે ગુણ-સ્થાનેથી વધુ ને વધુ ઉપર જવા માટેનો પ્રયત્ન તેમણે જારી જ રાખવો જોઈએ. જો તેમ ન કરે તો સંભવ છે કે પ્રાપ્ત ગુણસ્થાનેથી પણ તે નીચે પડી જાય.

આથી જ શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે દરેક મુમુક્ષુએ પોતાની શક્તિથી કાંઈક પણ વધુ પુરુષાર્થ કરતા રહેવો જોઈએ. 'યથાશક્તિ'નો વાસ્તવિક અર્થ જ આ છે.

કટોકટીના તબક્કાની સાધુથી થતી અસંયતિની દ્રવ્યાનુકમ્પા, ઉપર ઉપરના ગુણસ્થાનો ઉપર ચડવા માટેની હરણફાળસમી બને છે. માટે તેવા સમયમાં તેવી દ્રવ્યાનુકમ્પા ગીતાર્થ સાધુને માટે અવશ્ય શાસ્ત્ર-વિહિત છે એ જ પ્રસ્તુત વિચારણાનો સાર છે.

પ્ર.—જો આ રીતે સંયતિ, અસંયતિની દ્રવ્યાનુકમ્પા કરે અને તે દ્રવ્યાનુકમ્પા સાધુની દુર્ગતિનું કારણ (અધિકરણ) ન બનતી હોય, તો એ સાધુએ કરેલી દ્રવ્યાનુકમ્પાની પ્રશંસા કરી શકાય ને ? જે કોઈ

પ્રવૃત્તિ સુંદર સદ્ગતિનું કારણ બનતી હોય, તે પ્રવૃત્તિની પ્રશંસા કરવામાં દોષ ન જ હોય ને?

સૂયગડાંગ સૂત્રના પાઠનો ખુલાસો હવે પ્રશ્ન થાય છે કે શ્રી સૂયગડાંગ સૂત્રના પ્રથમ શ્રુતસ્કન્ધના અગિયારમાં અધિકારમાં એમ કેમ કહ્યું છે કે, "જે લોકો જીવહિંસાવાળી દયાથી પ્રેરાઈને કરાતા દાનની પ્રશંસા કરે છે તે લોકો તે દાનમાં થતી જીવહિંસાની અનુમોદનાનું પાપ બાંધે છે." એ સૂત્રની ટીકા કરતાં ભગવાન શીલાંકાચાર્યજીએ કહ્યું છે કે જે લોકો વાવ-કૂવા તળાવનાં કાર્યોના દાનની એમ સમજીને પ્રશંસા કરે છે કે, એ વાવ વગેરેથી અનેક માનવો, પશુઓને લાભ થશે—તે લોકો વસ્તુસ્થિતિના અજ્ઞાણ છે. કેમકે કેટલાંક પ્રાણીને લાભ થવા છતાં તે પ્રવૃત્તિથી અતિ ઘણા જીવોની હત્યા થઈ જાય છે તેનો તેમણે જરા ય વિચાર કર્યો નથી. તે હત્યા વિના થોડા જીવોને જલપાનાદિનો લાભ સંભવિત જ નથી, માટે આવી પ્રવૃત્તિમાં દાન કરનારાઓની પ્રશંસા કરનારા સાધુઓ તેમાં થનારી અનિવાર્ય હિંસાની અનુમોદનાનું પાપ બાંધે છે.

તો શું તેવા વાવ-તળાવની પ્રવૃત્તિમાં દાનાદિ કરવાનો સાધુએ નિષેધ કરી દેવો? એ પ્રશ્નનો ઉત્તર આપતાં ત્યાં કહ્યું છે કે, 'ના તેમ પણ કરવું નહિ. કેમકે જો નિષેધ કરે તો તે વાવ-તળાવ આદિથી જે જીવોને જે કાંઈ જલપાનાદિનો લાભ થવાનો છે, જેમની આજીવિકા(વૃત્તિ) ચાલવાની છે તેનો છેદ થઈ જવાના પાપની અનુમોદના લાગી જાય.

ટીકાકાર ભગવંતે આ વાતને સ્પષ્ટ કરતાં કહ્યું છે કે વાવ-તળાવ બાંધવામાં એક લાભ છે કે તેથી લોકો પોતાની તૃષાદિ દૂર કરે છે. પરંતુ એ જ વાવ-તળાવ ગ્રીષ્મઋતુમાં સૂર્યના ભયાનક તાપથી જ્યારે સુકાઈ જાય ત્યારે તેમાં ઉત્પન્ન થએલાં હજારો માછલાં વગેરે જીવોનો નાશ થઈ જાય.

એટલે એવી પ્રવૃત્તિમાં મુનિથી ન તો 'હા' બોલાય કે ન તો 'ના' બોલાય. હા બોલે તો હાથ કપાય છે; ના બોલે તો નાક કપાય છે.

એટલે જ સૂયગડાંગ સૂત્રમાં કહ્યું છે કે આવા સંયોગમાં મુનિએ મૌન રહેવું.

હવે તમે આ વિષયમાં તો સાવ જુદી જ વાત કરો છો. તમારા કહેવા મુજબ તો એવી દ્રવ્યાનુકમ્પા પણ સદ્ગતિનું કારણ બને છે માટે પ્રશંસાને પાત્ર બની જાય છે.

આ વચન તો પૂર્વોક્ત આગમ વચનથી વિરુદ્ધ જતું દેખાય છે.

ઉ.—ઉપરોક્ત આગમ–વચન નિષ્કારણ–અપુષ્ટાલંબનની–દ્રવ્યાનુકમ્પાને અનુલક્ષીને સમજવાનું છે.

વિશિષ્ટ–ગાઢ પુષ્ટાલંબનને અનુલક્ષીને કરાતી દ્રવ્યાનુકમ્પાનો તે આગમવચન નિષેધ કરતું નથી.

સામાન્ય રીતે વાવ–તળાવ આદિની દ્રવ્યાનુકમ્પા અને તે અનુકમ્પાથી પ્રેરાઈને થતું દાન બેશક અપ્રશસ્ય છે પરંતુ જ્યારે એવો કોઈ ભયાનક દુકાળ પડ્યો હોય, અઢળક માનવોની લાશ ખડકાતી હોય એવા વખતે પણ શ્રીમંત ગૃહસ્થો પોતાની સંપત્તિના બળથી વાવ–કૂવા–તળાવ વગેરે ખોદાવે નહિ તો એ શ્રીમંતોની અને એમના જૈનધર્મની સર્વત્ર નિન્દા થવા લાગે; એટલું જ નહિ પરંતુ એ શ્રીમંતોના દેવ અને ગુરુની પણ તે લોકો નિન્દા કરે.

આ ધર્મનિન્દા એ અજ્ઞાન જીવોને ભયંકર સંસારમાં પટકી નાંખનારી, ક્રૂર દુઃખોમાં પટકનારી, દારુણ પાપો કરાવનારી બન્યા વિના રહેતી નથી.

અલ્પ પણ ધર્મનિન્દાના ગાગરમાં ક્રૂર દુઃખો અને સીતમગાર પાપોના સાગરો હિલોળે ચડીને જે માઝા મૂકે છે એ હોનારત અત્યન્ત વ્યાપક અને અત્યન્ત અસહ્ય હોય છે. આવી ભયાનક આપત્તિમાંથી

બચવાનો ઉપાય એક જ છે કે તે જન શ્રીમંતોએ વાવ–કૂવા વગેરે બનાવવા, તેની પાછળ દાન કરવું. સાધુએ પણ શાસ્ત્રમર્યાદામાં રહીને તેના અંગે ઉચિત પ્રેરણા કરવી.

બેશક, ફરી એ માછલાં વગેરેની હત્યાનો પ્રશ્ન ઊભો થાય છે. પણ હવે બે જ વિકલ્પમાંથી પસંદગી કરવાની છે—(૧) માછલાં વગેરે જીવોની દ્રવ્યહત્યા (૨) ધર્મનિંદકોની દ્રવ્યહત્યા અને ભાવહત્યા, અને પરંપરયા અનેક જીવોને સ્પર્શી જતાં દુઃખ અને પાપોથી થનારી દોનારત : કદી ન ખુઝાવી શકાય તેટલી ભયાનક.

જ્યારે આ બે જ વિકલ્પમાંથી પસંદગી કરવાનું આવી લાગે છે ત્યારે દ્વિતીય વિકલ્પની નાપસંદગી જ કરવાની રહે છે.

સામાન્ય સ્થિતિમાં સાધુ એક પણ જીવની હત્યાના પ્રશ્નમાં ઊભો જ ન રહે. પરંતુ આવા કટોકટીના તબક્કાઓમાં જ્યારે બે વિકલ્પ ઊભા થાય ત્યારે બેયમાં હિંસા હોવા છતાં અતિ ભયાનક ગણાતી હિંસાથી દૂર રહેવાના લક્ષ સાથે ગૃહસ્થને અલ્પહિંસાનો વિકલ્પ પસંદ કર્યે જ છૂટકો થાય છે.

એટલે પૂર્વોક્ત આગમવચન ઔત્સર્ગિક ન્યાય દર્શાવે છે માટે ઉત્સર્ગ-દૃષ્ટિથી એ વચન બિલકુલ માન્ય છે. પરંતુ એ જ આગમોમાં કહ્યું છે કે, "જેટલાં ઉત્સર્ગ વાક્યો છે એટલાં જ અપવાદ વાક્યો છે. પહાડ ચડતાં જેટલાં પગથિયાં ચડવાનાં હોય છે એટલાં જ પગથિયાં ઊતરતી વખતે ઊતરવાના હોય છે." માટે પ્રસ્તુત ઔત્સર્ગિક આગમ-વચનની સામે આપવાદિક આગમવચન પણ છે જ. તેનો અર્થ એ જ છે કે પૂર્વોક્ત પ્રકારની કટોકટીના તબક્કામાં વાવ–કૂવા વગેરે દ્રવ્યાનુ-કમ્પાના કાર્ય જૈન–ગૃહસ્થ કરી શકે છે, અને ગીતાર્થ સાધુને ઉપદેશ દેવાનું યોગ્ય લાગે તો તે નિષેધમુખી બનીને તેમ પણ કરી શકે છે.

એ જ રીતે કટોકટીના તબક્કામાં સાધુ પોતે અસંયતિની દ્રવ્યા-નુકમ્પા પણ કરી શકે છે.

ફરી એક વાત આપણે ધ્યાનમાં રાખીએ કે આ બધો અપવાદ-માર્ગ છે. એટલે જરા-તરામાં એનું આલંબન લેવાનું હોય જ નહિ. પણ જ્યારે એમ લાગે કે ઉત્સર્ગ માર્ગના પંથે ચાલતાં એ આલંબન ન લેવાય તો પડી જવાય તેમ છે, તો જ તે અપવાદમાર્ગનું આલંબન લેવું જોઈએ. કોઈ પણ અપવાદમાર્ગ, ઉત્સર્ગમાર્ગે ચાલતાં પડી જવાના ભય વખતે ટેકો લેવાસ્વરૂપ જ હોય છે.

એ ઉત્સર્ગમાર્ગ ઉપરથી સાવ ખસી જવાની સંભાવના ઉપસ્થિત કરવા કરતાં ટેકો લઈને પણ તે માર્ગે જ ચાલવું અને જ્યારે ફરી આત્મબળ આવી જાય તો ટેકો છોડી પણ દેવો....

અસંયતિની દ્રવ્યાનુકમ્પાના અનિવાર્ય પ્રસંગે જો એ દ્રવ્યાનુકમ્પા કરવામાં ન આવે તો તે સાધુનો આત્મપરિણામ કદાચ નિષ્ઠુર બને; અને ધર્મનિન્દાના ઘોરાતિઘોર પાપ દ્વારા અગણિત આત્માઓ ધર્મ-વિમુખ બની જાય. આ સ્થિતિ એટલે મુનિનું ઉત્સર્ગ માર્ગથી ઉન્માર્ગે પતન....એને અટકાવવા માટે એ મુનિએ અસંયતિની દ્રવ્યાનુકમ્પાના અપવાદમાર્ગનો ટેકો લઈ લેવો જ રહ્યો.

હા, જો ઉક્ત સ્વ-પરની ભાવહિંસા થવાની કોઈ શકયતા જ ન હોય તો સાધુ ઉત્સર્ગમાર્ગને પકડીને જરૂર આગળ ધપી શકે છે. ધર્મનિંદાનું પાપ નહિ ફેલાવવાના હેતુથી જ વસ્તુપાળ-તેજપાળે મુસલમાનોની મસ્જિદ, બ્રાહ્મણોનાં મંદિરો વગેરે બનાવ્યા હતા ને? એની પાછળ એ ધર્મોની પુષ્ટિનો આશય જરા ય ન હતો. પરંતુ સ્વધર્મ-નિન્દાનો પરિત્યાગ કરાવવાનો આશય હતો.

ઉત્સર્ગ-અપવાદ ઉભયસ્વરૂપ જિનશાસન

જિનશાસન ઉત્સર્ગ-અપવાદના બે માર્ગોથી બનેલું છે; કેવળ ઉત્સર્ગથી નહિ....એ વાત જો હૃદયમાં જચી જશે અને કોઈ સુવિહિત ગીતાર્થના શરણે રહીને ઉત્સર્ગ, અપવાદનું તત્ત્વજ્ઞાન સમજવાનો પ્રયત્ન કરવામાં આવશે તો મુમુક્ષુ જીવનમાં કોઈ હોનારત ઊભી નહિ થાય; અન્યથા એ

જીવનમાં એવા અકસ્માતો થયા વિના રહેવાના નથી કે જે કાં તો આચારના જીવનની ઇમારતને ધ્રુજાવી નાંખશે; કાં તો શ્રદ્ધાના જીવનના પાયા હચમચાવી નાંખશે.

પ્ર.—ગ્રન્થકાર ભગવાન હરિભદ્રસૂરિજીએ યતિની દ્રવ્યાનુકમ્પાને ગાઢ–પુષ્ટાલંબનની સ્થિતિમાં વિહિત ગણાવી છે, તેનું અમને કાંઈક આશ્ચર્ય થાય છે. અમને તો મનમાં એવી શંકા પડી જાય છે કે એ આચાર્ય ભગવંત જ્યારે ગોચરી કરવા બેસતાં ત્યારે ગૃહસ્થ પાસે શંખ વગડાવીને યાચકોને ઉપાશ્રય પાસે ભેગા કરતાં અને પછી પોતાના શ્રીમંત ભક્તો દ્વારા એ યાચકોને ભોજન અપાવવાની દ્રવ્યાનુકમ્પા કરતા.

પોતે આવી પ્રવૃત્તિ કરતા હતા માટે જ તેનું સમર્થન કરવા માટે તેમણે આ અષ્ટક પ્રકરણમાં ગાઢ પુષ્ટાલંબને યતિને પણ દ્રવ્યાનુકમ્પાની સંમતિ આપી દીધી લાગે છે. આ તો ઠીક ન જ કહેવાય. પોતે શિથિલતા ભલે આચરી પણ તેથી કાંઈ તેને માર્ગ કેમ બનાવી દેવાય ?

ઉ.—આ વાત તદ્દન ઉપજાવી કાઢેલી છે. ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજા જેવા આગમવિરુદ્ધ ઉપદેશ આપે એ શકયતા તો ત્રિકાળમાં વિચારી શકાય તેવી નથી.

હરિભદ્રસૂરિજી મહારાજા આવા મહાત્માઓ ગોચરીના સમય વખતે શંખ વગાડીને યાચકોને ભોજનાદિનું દાન કરવાની અનુકમ્પાદિ કરતા હોય....સાવ નિષ્કારણ; માત્ર મનના એક વિચાર ખાતર... એ જરા ય સંભવિત નથી.

જો સંવિગ્નપાક્ષિક આત્મા પણ આવી પણ અનાગમિક પ્રવૃત્તિ કરે તો તેનામાં સંવિગ્નપાક્ષિકત્વ પણ ન રહે. વળી શાસ્ત્રમાં કહ્યું છે કે સંવિગ્નપાક્ષિક આત્મા કટુવિપાકોને આપતો ઉત્સૂત્ર ઉપદેશ પણ ન દે.

એટલે ભગવાન હરિભદ્રસૂરિજી જેવા ઉપર નિષ્કારણ અસંયતિની દ્રવ્યાનુકમ્પા કર્યાનો આક્ષેપ મૂકવો અને વળી તેથી જ તે દ્રવ્યાનુકમ્પાને શાસ્ત્રમાન્ય ઠરાવવાના પ્રયત્નવાળા કહીને ઉત્સૂત્રભાષી ઠરાવવા એ તો હડહડતું જૂઠ કહેવાય.

એ બધું ય માની પણ કેમ લેવાય ? કેમકે જો એવું જ હોત તો તેઓ 'અવસ્થૌચિત્યયોગેન' પદનો પ્રયોગ શા માટે કરત ? આ શબ્દનો તાત્પર્યાર્થ તો એ જ નીકળે છે કે ગાઢ–પુષ્ટાલંબને જ સંયમી આત્મા અસંયતિની દ્રવ્યાનુકમ્પા કરી શકે.

જો એ મહાત્મા અપુષ્ટાલંબને પણ એવી દ્રવ્યાનુકમ્પા કરતાં હતા અને જો તેમને તેવી દ્રવ્યાનુકમ્પાને શાસ્ત્રમાન્ય ઠરાવવી હતી તો 'અવસ્થૌચિત્યયોગેન' પદનો પ્રયોગ કરવાની શી જરૂર હતી ? આ પદના પ્રયોગથી અને બીજી કેટલીક બાબતોથી તો તેઓ 'એ દ્રવ્યાનુકમ્પા રાજમાર્ગ નથી' એમ જ સાબિત કરે છે અને ખાસ કોઈ કારણમાં જ એવી દ્રવ્યાનુકમ્પાને વિહિત ગણાવે છે.

એટલે એમની ઉપર જે આક્ષેપો છે તે બિલકુલ પાયા વિનાના સાબિત થાય છે અને એ પદાર્થ શાસ્ત્રોક્ત રીતે ખૂબ સ્પષ્ટ રીતે સ્થિર થાય છે કે ગાઢ–પુષ્ટાલંબને યતિ પણ અસંયતિની દ્રવ્યાનુકમ્પા કરી શકે છે. (૭)

આ સઘળો વિચાર તીર્થંકરોના આત્માઓ સંસારનો પરિત્યાગ કરવા પૂર્વે જે વર્ષીદાન દે છે તેની વિચારણામાંથી પરંપરયા નીકળ્યો.

વર્ષીદાનની એ પ્રવૃત્તિનું ગૌણ પ્રયોજન લોકોને એ જણાવવાનું હતું કે, "દાન એ પણ શીલ આદિની જેમ ધર્મનું અંગ છે."

પરંતુ મુખ્ય પ્રયોજન તો એ તારકોનો એવો કલ્પ જ સમજી શકાય. કેમકે જેમને એ જ ભવમાં મુક્તિપદ સુનિશ્ચિત થઈ ચૂકયું છે તેમને દાનથી જન્માન્તરમાં પુણ્યજનિત ધર્મસામગ્રી પામીને મોક્ષ

પામવાનો મુદ્દો ઉપસ્થિત જ થતો નથી અને મોક્ષપુરુષાર્થની સિદ્ધિ તો એમના એ જ ભવમાં અબાધિત થઈ ચૂકી છે.

એટલે વસ્તુતઃ એ દાનથી એમને તો કોઈ પણ અપૂર્વ સિદ્ધિ પ્રાપ્ત થતી જ નથી કે જે બીજી કોઈ પણ રીતે અશક્ય હતી.

છતાં એ દાનપ્રવૃત્તિને સાવ જ નિષ્ફળ ન કહી શકાય. પૂર્વના ત્રીજા ભવમાં એમણે જે તીર્થંકરનામકર્મનો બંધ કર્યો છે એ તીર્થંકરનામકર્મના બંધની સાથે સાથે બીજી જે વિશિષ્ટ શુભપ્રકૃતિઓ બાંધી છે એ ઉદયમાં આવેલી પ્રકૃતિઓને દાનાદિપ્રવૃત્તિથી ભોગવી ભોગવીને ક્ષીણ કરવાનું કાર્ય તો જરૂર થઈ રહ્યું છે. આવી દાનાદિપ્રવૃત્તિથી જ તે શુભતમ પ્રકૃતિના દલિકો ભોગવાઈને નાશ પામતાં જાય છે અને તીર્થંકરનામકર્મનો ઉદય પણ વિપાકભાવની સન્મુખ આવતો જાય છે.

જ્યાં સુધી એક પણ કર્માંશ આત્મા ઉપર ચીટકી રહે ત્યાં સુધી એનો મોક્ષ અશક્ય છે. તીર્થંકરોના એ આત્માઓ નિકાચિત કર્માંશોને ભોગવીને પણ નાશ કરવાની જે સાધના કરી રહ્યા છે તે સાધના ય વસ્તુતઃ તો એમના જેવા વિરક્ત આત્માઓ માટે મોક્ષમાર્ગની જ સાધના બની રહે છે. કેમકે તેઓ વિરક્તિની એટલી બધી શુદ્ધ અવસ્થાને પામ્યા હોય છે કે તેની સાથેની કેટલીક કાયિક ભોગક્રિયાઓ રાગજનિત હોવા છતાં રાગની અતિશય દુર્બળતાને કારણે ખૂબ જ ઋક્ષકર્મબંધકારક બનવા છતાં અત્યન્ત સ્નિગ્ધ—નિકાચિત–પુણ્યકર્મના સ્કન્ધોનો વિપુલ નાશ કરવાની સાધના જ કરતા હોય છે. આથી જ તો ભગવાન હરિભદ્રસૂરિજીએ યોગદૃષ્ટિ સમુચ્ચયમાં કહ્યું છે કે, "એવા આત્માઓ ભોગદશામાં પણ પોતાની આત્મશુદ્ધિને જરા ય મલિન થવા દેતા નથી."

તેરાપંથમત સમીક્ષા અહીં પ્રસ્તુત અષ્ટકની વિવેચના પૂર્ણ થાય છે. પ્રસંગતઃ તેરાપંથમતની સમીક્ષા કરી લેવાનું ઉચિત

લાગે છે. કેમકે આ આખું ય અષ્ટક તેરાપંથમતના કેટલાક એકાન્ત-ઉત્સર્ગમાર્ગી સિદ્ધાન્તની સામેના પડકારરૂપે ખૂબ ઉપયોગી બને તેમ છે. જે વખતે આ મતનો ફતવો ઊભો થયો ન હતો તે વખતે ભગવાન હરિભદ્રસૂરિજીએ તથા ટીકાકાર ભગવાન જિનેશ્વરસૂરિજીએ આ અષ્ટકની અને તેની ટીકાની રચના કરીને એ મતના સિદ્ધાન્તોની બહુ જ અસંદિગ્ધ ભાષામાં ઝાટકણી કાઢી નાંખી છે.

આપણે એ મતને ખૂબ જ સંક્ષેપમાં સમજી લઈએ.

તેરાપંથ મતોત્પત્તિ ઈ. સ. ૧૭૦૮ની સાલમાં ભીખમજી નામના એક બંડખોર સ્થાનકવાસી સાધુએ આ મતની સ્થાપના કરી હતી એમ કહેવાય છે. જ્યારે તેણે આ મતની સ્થાપના કરી ત્યારે તેની સાથે તેર સાધુ (કે તેર ગૃહસ્થ! કે બધું મળીને તેર!) હતા. એથી તેણે તે મતનું નામ 'તેરાપંથ' રાખ્યું હતું.

ભીખમજીના સ્થાનકવાસી ગુરુ રઘુનાથજી હતા. એ બેની વચ્ચે ભારે ખટરાગ ઊભો થયો અને તેમાંથી ભીખમજીએ ગુરુનો ત્યાગ કરીને 'તેરાપંથ' નામના નવા મતની સ્થાપના કરી.

વર્તમાનમાં એ મતના મુખ્ય આચાર્ય તુલસી છે, જેઓ ભીખમજીની નવમી પાટે ગણાય છે. અત્યાર સુધીમાં થઈ ગએલા આઠ આચાર્યોમાંના કેટલાકે સ્વમતની પુષ્ટિ કરતાં ગ્રન્થો લખ્યા છે. ભીખમજીએ પોતે અનુકમ્પા ઢાળ, કેટલીક ચોપાઈઓ વગેરે લખ્યા છે; ત્યાર બાદ ચોથી પાટે થએલા આચાર્ય જીતમલે ભ્રમવિધ્વંસન ભિક્ષુ જશરસાયન વગેરે અનેક ગ્રન્થો લખ્યા છે.

આ મતને પુષ્ટ કરતાં ગ્રન્થોમાં ભીખમજીનો અનુકમ્પા રાસ અને જયાચાર્યનો ભ્રમવિધ્વંસન ગ્રન્થ મારી દૃષ્ટિએ મૂર્ધન્ય છે. આ બે ગ્રન્થમાં એ મતના નિર્દય સિદ્ધાન્તોનો નગ્ન નાચ પ્રગટ કરવામાં આવ્યો છે.

વર્તમાનકાલીન આચાર્ય તુલસીને માટે એ સિદ્ધાન્તો શિરદર્દ સમા પુરવાર થયા છે. લોકો આ નિર્દય સિદ્ધાન્તોને માન્ય કરવા લાચાર બન્યા છે. એથી આચાર્ય તુલસી સામે ખૂબ મોટો ઊહાપોહ જાગ્યો છે. તે જ્યાં જાય ત્યાં તેમની ઉપર પ્રશ્નોની ઝડીઓ તૂટી પડે છે. એઓ ખૂબ અકળાય છે.

એમની એ અકળામણમાંથી એમણે હવે એક નવો જ રસ્તો શોધ્યો છે. 'ફરજ' શબ્દના પ્રયોગની એ વાત આપણે સાતમા અષ્ટકની વિવેચનામાં કરી ગયા છીએ. આ કીમિયાથી પોતાના પૂર્વાચાર્યના સિદ્ધાન્તો કાયમ રહી જાય અને લોકોના ઊહાપોહને ભારે સિફતથી ટાળી પણ શકાય.

જો કે આવો બેવડો લાભ ઉઠાવવામાં તેઓ કાંઇક અંશે ફાવ્યા છે ખરા પરંતુ એના પરિણામરૂપે આવનારું તેરાપંથ–સંપ્રદાયનું સંપૂર્ણ વિસર્જન તેઓ હજી જોઈ શકયા નથી એમ લાગે છે. ખેર, હાલ આપણે એ વિષયને બાજુ ઉપર રાખીને આ પંથના પ્રવર્તકોનાં પુસ્તકોમાં કંડારાયેલા અત્યન્ત નિર્દય સિદ્ધાન્તોની જાણકારી મેળવીએ અને તેની શાસ્ત્રીય સમાલોચના કરીએ.

તેરાપંથી કહે છે કે પુણ્યબંધકારક ક્રિયાઓ એકાંતે હેય છે !!!

સાતમા અષ્ટકના પ્રથમ બે શ્લોકની વિવેચનામાં આપણે જોયું કે કોઈ પણ અનુકમ્પાથી પુણ્યબંધ થાય છે એ શાસ્ત્રસિદ્ધ વિચાર છે. આમ છતાં તેરાપંથમતના આચાર્યોએ અનુકમ્પાના બે ભેદ પાડયા—સાવદ્ય અનુકમ્પા અને નિરવદ્ય અનુકમ્પા. એમાંની સાવદ્ય અનુકમ્પા (ગરીબને પાણી પાવું, વાડામાં લાગેલી આગમાંથી ગાયને બચાવવી વગેરે)ને પુણ્યબંધજનની ન કહેતાં **એકાન્તે** પાપબંધ કરનારી કહેવાનું ભયાનક ઉત્સૂત્ર ભાષણ કર્યું. એ જ અષ્ટકની વિવેચનામાં આપણે જોઈ ગયા કે એ લોકોએ તેરાપંથી સાધુ સિવાયના તમામ સાધુઓને અને સર્વ સંસારી જીવોને કુપાત્ર કહ્યા છે. અને એ કુપાત્રોની અનુકમ્પા કરવાથી એકાન્તે પાપબંધ થવાનું સ્પષ્ટ શબ્દોમાં કહ્યું છે.

એથી પણ આગળ વધીને એ પાપને માંસભક્ષણના પાપ તુલ્ય ઘોર પાપ કહેવાનું સાહસ પણ એમના જ્યાચાર્ય કરી ચૂકયા છે!

પોતાની આ વાતને શાસ્ત્રસિદ્ધ સાબિત કરવા માટે એમણે મહામૃષાવાદનો આશ્રય લઈને શાસ્ત્રોના મનફાવતા સાવ જૂઠ અર્થો પણ કર્યા છે. આ વાત પણ આપણે તે અષ્ટકની વિવેચનામાં વિચારી છે કે અસઈપોસણયા-પાઠનો અર્થ અસતી = કુલટાનું પોષણ ન કરતાં અસંયતિ = સંસારીનું પોષણ એવો સાવ જ જૂઠો અર્થ ભીખમજીએ કર્યો છે! નંદ મણિયાર વાવ-કૂવા બનાવવાથી દેડકો થયો એમ સાબિત કરવા માટે શાસ્ત્રપાઠ આગળ કર્યો છે. પણ તેમાં રહેલો 'मुच्छिते' શબ્દ તરફ નજર જ નાંખી નથી. શાસ્ત્ર તો કહે છે કે વાવ-કૂવા ઉપરની ગાઢ મૂર્ચ્છાથી એ વાણિયો મરીને દેડકો થયો!

આનંદશ્રાવકની પ્રતિજ્ઞાનો પાઠ પણ ઉલટાવી માર્યો છે. તેઓ કહે છે કે આનંદશ્રાવકે પ્રતિજ્ઞા કરી હતી કે, 'અન્યતીર્થિકોને હું અશન-પાનાદિ હવેથી નહિ આપું'. આ ઉપરથી સાબિત થાય છે કે અસંયતિને આપવાથી એકાન્તે પાપ બંધાય!!!"

કેવું હડહડતું જૂઠ ફેંકયું છે! એ પાઠમાં 'तहारुवं' શબ્દ પડયો છે તેનો અર્થ આ લોકોએ ઉડાવી જ દીધો છે! આ પદ યુક્ત એ પ્રતિજ્ઞાવાકયનો અર્થ એ છે કે ગુરુ તરીકેની બુદ્ધિથી અન્યતીર્થિક સાધુને અશનાદિ નહિ આપું. અનુકમ્પા પાત્ર સમજીને આપવાની પણ ત્યાં પ્રતિજ્ઞા સૂચવી જ નથી. રે! જે જિનાગમોમાં ઠેર ઠેર એવું જણાવવામાં આવ્યું છે કે ગૃહસ્થને માટે અનુકમ્પા ધર્મનો કોઈ પણ ઠેકાણે નિષેધ નથી તે જિનાગમોમાં આનંદ શ્રાવકની અન્યતીર્થિકોને નહિ આપવાની પ્રતિજ્ઞાનો પાઠ કદી સંભવી શકે ખરો?

'ભગવાન પણ ભૂલ્યા!' એમ તેઓ કહે છે!

એ અષ્ટકની વિવેચનામાં આપણે એ પણ જોઈ ગયા કે આ લોકોએ ભગવાન વીરના તારક આત્મા ચાર ચાર જ્ઞાનના સ્વામી પણ ભૂલ્યા એમ કહેવાનું

અતિ ભયાનક સાહસ કર્યું છે ! ગોશાળા ઉપરની અનુકમ્પાથી જ પ્રેરાઈને વીરના એ આત્માએ એની સામે ગૈશ્યાયન ઋષિએ છોડેલી તેજોલેશ્યાને શીતલેશ્યા છોડીને નિષ્ફળ બનાવી દઈને ગોશાળાને બચાવી લીધો હતો, એ ભગવાનના છદ્મસ્થભાવની ભૂલ થઈ હતી એમ આ નામદારોએ કહ્યું છે ! કેમકે આ એવી બાબત હતી કે જેનાથી 'અનુકમ્પા' ધર્મ તરીકે સિદ્ધ થતી જ હતી. હવે શું કરવું ! બીજો કોઈ રસ્તો ન જડ્યો એટલે એમણે 'ભગવાન ચૂકી ગયા.' એમ કહી દીધું ! વધુ આશ્ચર્યની વાત તો એ છે કે મહાસંયમી અને મહાજ્ઞાની એ દ્રવ્ય-તીર્થંકરને આ લોકો છદ્મસ્થ અવસ્થાના કહી દઈને જણાવે છે કે એ વખતે એ કયાં ભગવાન હતા ! એ તો છદ્મસ્થ હતા માટે ભૂલે પણ ખરા.... ગૌતમસ્વામીજી પણ છદ્મસ્થ હોવાના કારણે ચાર જ્ઞાનના સ્વામી હોવા છતાં આનંદ શ્રાવક સાથેની વાતમાં ભૂલથાય નહોતા ખાઈ ગયા ?"

શાબાશ...કેવું દૃષ્ટાન્ત શોધી કાઢયું છે ! એક મહાસંયમી, મહાજ્ઞાની ભૂલે એટલે બધા ય મહાસંયમી, મહાજ્ઞાની ભૂલે એમ કહેવાય ખરું ? વળી શાસ્ત્રમાં ગુરુ ગૌતમની ભૂલ તો જણાવી છે, આ ભગવાન ભૂલ્યાની વાત તો કયાં ય જણાવી નથી. છતાં તમે આચાર્ય ભીખમજીએ આ શોધ કયાંથી કરી ? કોલમ્બસે અમેરિકાની શોધ કરી એ ય આ શોધ પાસે તો વામણી જ લાગે છે કેમ ?

આ કાંઈ સૂની-સુનાઈ વાતો નથી કે તેરાપંથ સામેના વિદ્વેષથી ચલાવેલું ગપ નથી હોં ! ભીખમજીએ પોતે જ અનુકમ્પારાસમાં આ વાત કરી છે.

છ લેસ્યા જદ હુંતી વીરમેં જી ! હુંતા આઠોઈ કર્મ.

છદ્મસ્થ ચૂકા તીણ સમેજી, મૂરખ થાપે ધર્મ !

એ કહે છે કે જ્યારે તારકના એ આત્માએ ગોશાળા ઉપર અનુકમ્પા કરી ત્યારે તારકનો એ આત્મા છ લેસ્યાથી સંપન્ન હતો !

એમને આઠે ય કર્મોનો ઉદય હતો ! એ છદ્મસ્થ હતા ! માટે જ ગોશાળાની અનુકમ્પા કરવાની એમનાથી ભૂલ થઈ ગઈ ! મૂર્ખ લોકો એમની અનુકમ્પાનું દૃષ્ટાન્ત લઈને 'અનુકમ્પા'માં ધર્મ માને છે!

વાહ રે ભીખમજી વાહ ! ધન્ય છે તમારી બુદ્ધિમત્તાને ! ભગવાન મહાવીરના નિર્વાણ પછીનાં ૧૭૦૦ વર્ષમાં કોઈએ જે વાત શોધી ન કાઢી તે તમે શોધી કાઢી ! બધા ય ભૂલ્યા....વીર ભૂલ્યા અને વીર નિર્વાણ પછીનાં ૧૭૦૦ વર્ષમાં થએલા તમામ ધુરંધર આચાર્યો વગેરે પણ આ વાત શોધી કાઢવામાં ભૂલ્યા !

ખેર...ભલે....પણ હવે અમે તમને પૂછીએ છીએ કે ભીખમજી ! તમે ય છ લેશ્યાવાળા તો ખરા ને ? તમે ય આઠ કર્મના ઉદયવાળા ખરા ને ? તમે ય છદ્મસ્થ ખરા ને ? જો હા, તો અમને શંકા પડી જાય છે કે 'ભગવાન ચૂક્યા'ની વાત કરવામાં તમે ચૂકી ગયા હો તો ! શું એમ ન બને ? તમે છદ્મસ્થ છતાં કોઈ વિધાન કરવામાં ન જ ચૂકો એવો નિશ્ચય થોડો છે ? અમને તો લાગે છે કે આવું કહેવામાં તમે જરૂર ચૂકી ગયા છો, કેમકે ૧૭૦૦ વર્ષમાં જે વાત કોઈએ ન કરી, એટલું જ નહિ પરંતુ એ અનુકમ્પાને સહુએ એકમતે ધર્મ તરીકે સ્વીકાર્યો.... અને તમે જ એક તેની વિરુદ્ધમાં પડ્યા એટલે અમને ચોક્કસ લાગે છે કે છલેશ્યા, આઠ કર્મ અને છદ્મસ્થત્વના ઉદયમાં તમે હોવાથી આવી ભૂલ કરી બેઠા છો !

જો જો....એમાં તમારાથી ઘસીને ના પાડી દેવાય તેમ છે જ નહિ. હા, તમે કેવળજ્ઞાની હોત તો તમારી વાત સાચી માનત પણ તેમ તો છે જ નહિ ! ! !

કદાગ્રહનું કેવું ભયાનક પાપ છે કે સ્વમતની પુષ્ટિ કરવા માટે તારકના આત્માને પણ 'ચૂક્યા' કહેવાનું સાહસ કરાવે છે !

રે! જો આમ હોય તો તો છદ્મસ્થપણાના કેટલાય તીર્થંકરોના આત્માઓએ અનુકમ્પા કરી છે! એ બધા ય 'ચૂક્યા' એમ કહેવું છે; તમારે?

શાન્તિનાથ ભગવંતે પારેવાની અનુકમ્પા કરી હતી! નેમનાથ ભગવંતે હરણોની અનુકમ્પા કરી હતી! પાર્શ્વનાથ ભગવંતે સર્પની અનુકમ્પા કરી હતી! શું આ બધા ય ચૂક્યા! અને આ બધાયને ચૂક્યા કહેનાર ભીખમજી આવું કહેવામાં જરાય ચૂકતાં નથી એમ! ધન્યવાદ એ કદાગ્રહને!!!

કદાગ્રહનો તો મહિમા જુઓ!

એ પંથના એક આચાર્યને કોઈ એ, પૂછ્યું કે, "જો અનુકમ્પાદાનમાં એકાન્તે પાપ હોય તો ભગવાન મહાવીરના આત્માએ દીક્ષા લેતાં પહેલાં મહિનાઓ સુધી અનુકમ્પાદાન કેમ કર્યું?"

કદાગ્રહનું ઘેન કદાગ્રહના ઘેનમાં ચૂર બનેલા એ આચાર્યશ્રીએ ઝટ ઉત્તર આપી દીધો કે "એ અનુકમ્પાદાનનું ઘોર-ઉગ્ર પાપ કર્યું માટે જ ભગવાન મહાવીરને એ જ ભવમાં ૧૨ વર્ષના ઘોર પરિષહો અને ઉપસર્ગોનાં દુઃખ આવ્યાં!" શાબાશ.

આ આચાર્યશ્રીને હવે કોઈ પૂછે કે "એવું વર્ષીદાન તો દરેક તીર્થંકરનો આત્મા દે છે, તો એ બધાયને એમના એ પાપના ઉદયે ૧૨॥ વર્ષનાં ઘોર દુઃખ ઉદયમાં કેમ ન આવ્યાં?"

શો દેશે જવાબ એ લોકો; એ તો એ જ જાણે, આ લોકોની બુદ્ધિમત્તા તો જુઓ:

તેઓ એક તર્ક રજૂ કરતાં કહે છે કે, શાસનપતિના તારક આત્માએ ગોશાળા ઉપર અનુકમ્પા કરી અને એને મરતો બચાવ્યો. માટે જ એ ગોશાળાએ પાપપંથ પ્રવર્તાવ્યો ને? માટે જ ભગવાન વીર ઉપર તેજોલેશ્યા છોડી ને? માટે જ ભગવાન વીરને લોહીના ઝાડાની

ઉપાધિ આવી ને? જો એને મરતો બચાવ્યો જ ન હોત તો આમાંની કોઈ આપત્તિ જ ન હતી. માટે જ 'બચાવ્યો' એ ભૂલ થઈ છે."

કેવો નાદાન તર્ક છે? ભવિતવ્યતા નામના અકાટય ભાવના મહિમાને જાણે કે આ લોકો કબૂલવા જ તૈયાર નથી! એમને 'ભવિતવ્યતા' નામના એ કારણની પણ ખબર હશે કે કેમ એ પ્રશ્ન છે.

જે કાળે જે બનવાનું જ હોય છે તે કાળે જો તે અન્યથા થઈ શકે એમ ન જ હોય તો કેવળજ્ઞાની ભગવંતો પણ કશું જ કરી શકતા નથી.

જમાલિની જ વાત કરીએ. કેવળજ્ઞાની ભગવાન મહાવીર તો એના ભયાનક બનનારા ભાવીથી સુજ્ઞાત હતા જ. છતાં જ્યારે ઉત્કટ વિરાગને પામેલા જમાલિને લઈને એનાં માતાપિતા ભગવાન વીરની પાસે આવ્યાં અને પોતાના સુપુત્રની સંયમ લેવાની ઉત્કટ ભાવના જણાવી ત્યારે એ જમાલિનું ભાવી ઘોર પતન કૈવલ્યની આંખેથી સાક્ષાત્ જોતાં પરમાત્માએ એમ ન કહ્યું કે એને દીક્ષા આપી શકાય તેમ નથી. ઉપરથી એમણે તો કહ્યું: "**मा पडिबंधं कुणह**-હે જમાલિ! જરા પણ વિલંબ કરીશ નહિ." આમ કહેવાનું કારણ અફર ભવિતવ્યતા હતી; નિકાચિત કર્મનો ઉદય આવનારો હતો.

બીજી વાત. તીર્થંકરો તીર્થ પ્રવર્તાવે છે માટે જ એની સામે માથું ઊંચકતા કુતીર્થો જન્મ પામે છે ને? આ વાત શું એ તીર્થંકરો જાણતા નથી હોતા? છતાં કેમ તીર્થસ્થાપના કરે છે? એક જ ઉત્તર છે કે જ્યાં ભવિતવ્યતાનું નિર્માણ અફર હોય ત્યાં કાંઈ જ થઈ શકતું નથી. એટલે ગોશાળાની દયાની પાછળ આપેલી આપત્તિઓને જણાવીને ભગવાનની 'ભૂલ' કહેવાનું સાહસ તો અતિ ભયંકર ગણાય.

અનુકમ્પાને એકાન્ત પાપ કહેવાની દેશના ભીખમજીએ અને એમની પાટે થએલા કાલુરામજી સુધીના આઠ આચાર્યોએ ઉઘાડેછોગ દીધી—

હતી ! લોકોને એમણે અનુકમ્પા કરતાં અટકાવ્યા હતા ! પરંતુ આ વાતની સામે જે ભયંકર વિરોધ જાગ્યો તેથી વર્તમાનકાલીન આચાર્ય તુલસીજીને ભારે વિમાસણમાં મુકાઈ જવું પડયું ! લોકપ્રિય બનવાની તીવ્ર ઇચ્છાવાળા દેખાતા આ આચાર્યશ્રી આવા સખત વિરોધ વચ્ચે "અનુકમ્પામાં એકાન્ત પાપ" કહેવાની હિંમત ભીડી શકે તેમ હતું નહિ. એટલે નવા જમાનાના વિજ્ઞાનથી રસાયેલી બુદ્ધિએ એક નવો તુક્કો શોધી કાઢયો. એમણે કહ્યું કે, "અસંયતિની અનુકમ્પા કરવી એ તો સંસારી માણસની 'ફરજ' છે !" આ સાંભળીને અનુકમ્પામાં ધર્મ માનતો આર્યસંસ્કૃતિનો ઉપાસક વર્ગ સંતોષ પામી ગયો ! એમને એ વાતની ગંધ પણ ન આવી કે એક 'ફરજ' શબ્દ એકાન્ત પાપનો જ પર્યાયવાચી શબ્દ છે.

"ફરજ" શબ્દની નવી રમત !

દીનાદિની અનુકમ્પા કરવી એ ગૃહસ્થોની ફરજ કહે છે, 'જ્યારે તેરાપંથી સાધુની અનુકમ્પાને ધર્મ કહે છે. ત્યાં ફરજ શબ્દનો પ્રયોગ કરતા નથી. શાથી ?

એટલા જ માટે કે 'ફરજ' એ એવું કર્તવ્ય માન્યું છે કે જેનાથી પાપકર્મનો બંધ પડે. જ્યારે 'ધર્મ' એ એવું કર્તવ્ય માન્યું છે કે જેનાથી પુણ્યકર્મનો (નિર્જરાયુક્ત) બંધ પડે !

આ ભેદને દુનિયા પકડી શકતી નથી એટલે તેરાપંથી મતનાં નિર્દય વિધાનોનો વિરોધ કરનારાઓના વાજબીપણામાં તેમને શંકા પડી જાય છે. પરંતુ જો આ રીતે તેઓ ઊંડા ઊતરે તો તેમને સઘળી વાત સ્પષ્ટ થઈ જાય તેમ છે.

બીજી વાત એ છે કે તેરાપંથી સાધુ પણ જો વેષથી જ સાધુ હોય, આચારવિચારથી શૂન્ય હોય તો તેની પણ અનુકમ્પાથી પુણ્ય ન જ થાય ને ? જો આ વાત કબૂલ હોય તો હવે એ વાત નક્કી થઈ કે આચારવિચારથી પવિત્રાત્માની અનુકમ્પાથી પુણ્ય થાય; પછી ભલે તે તેરાપંથી સાધુ હોય કે બીજો કોઈ પંથનો સાધુ હોય.

અહીં પણ વળી એક પ્રશ્ન ઉદ્ભવશે કે આચારવિચારની પવિત્રતા-વાળા આત્માની અનુકમ્પા કરનારો માણસ જો કોઈ મલિન આશયથી એ અનુકમ્પા કરે તો પુણ્ય થાય ? આનો ઉત્તર એ જ આપવો પડશે કે ના, જો દાતાનું દિલ નિઃસ્વાર્થભાવવાળું, પવિત્ર ન હોય તો ઉપાદેટકોટિનું પુણ્ય તો ન જ થાય.

બસ ત્યારે. મૂળ વાત તો દાતાના શુદ્ધભાવ ઉપર જ આવી ગઈ ને ? સામી વ્યક્તિનું સારા-નરસાપણું જોવાનું વ્યવહારનય જરૂરી માને છે જ્યારે નિશ્ચયનય તો સામી વ્યક્તિ ગમે તે હોય પણ દાતા વ્યક્તિના ભાવની મલિનતા-નિર્મળતા ઉપર જ પુણ્ય-પાપ માને છે.

જો આ નય વ્યવસ્થા મંજૂર હોય તો હવે તેવો જડતમ આગ્રહ રાખવાની જરૂર જ નથી કે તેરાપંથના વેષને ધારણ કરનારો સાધુ જ સુપાત્ર, તેને આપવાથી ધર્મ, અને બાકીના તમામ કુપાત્ર; એમને આપવાની ફરજ...ફરજથી એકાન્તે પાપકર્મનો બંધ.

આ આખી વ્યવસ્થા હવે આપોઆપ તૂટી પડે છે.

શું જીવો બધા તેરાપંથની આખી માન્યતાના મૂળમાં એક જ એકાન્તે સમાન છે? વિચાર પડયો છે કે જીવ બધા સમાન છે. ગમે તે સ્થિતિમાં....

આ વિચાર જૈનદૃષ્ટિએ મંજૂર છે પણ ખરો અને મંજૂર નથી પણ ખરો.

જૈનદર્શન કોઈ પણ વિચારનો એકાન્ત પકડતું નથી. નય દૃષ્ટિથી જ તે દરેક પદાર્થને ન્યાય આપે છે.

જીવ બધા સમાન છે એ વાત તમામ જીવોના શુદ્ધ સ્વરૂપની દૃષ્ટિએ બિલકુલ બરોબર છે. પણ કર્મને કારણે જીવોમાં જે ભેદ પડી ગયા છે, જે અસમાનતા આવી છે એને પણ મંજૂર તો કરવી જ રહી. એટલે સિદ્ધત્વપર્યાયની દૃષ્ટિએ તમામ જીવો એક સરખા હોવા

છતાં એમ કહેવું જ પડે કે સંસારિત્વ પર્યાયની દૃષ્ટિએ કોઈ પણ જીવ એકસરખો નથી. દરેક જીવ તે તે કર્માદિના કારણે જુદા જ છે. દરેકમાં નાના-મોટાપણું આવી જ જાય છે.

જીવોની સમાનતાને 'એકાન્તે' સ્વીકારવાની માન્યતાના પાયા ઉપર તેરાપંથ મતની ઇમારત ખડી થઈ છે. આથી જ આ મત તે અનુકમ્પાને કોઈ પણ સંયોગમાં ધર્મ કહેવા તૈયાર નથી કે જે અનુકમ્પામાં નાનામાં નાના પાણી, અગ્નિ વગરેના જીવની પણ હત્યા થતી હોય. આવી અનુકમ્પાને સાવદ્ય અનુકમ્પા કહેવાય છે.

ગરીબ માણસ તૃષાર્ત થઈને તરફડિયાં મારતો મરી રહ્યો હોય ત્યારે તેને બચાવવા માટે કોઈ માણસ તળાવમાંથી પાણી લાવીને પાય તો તેથી ભલે તે ગરીબ માણસ બચી જાય છે પરંતુ પાણીના અસંખ્ય જીવોનું તો મોત જ થાય છે ને? હવે જીવ પ્રત્યે જો દયા હોય તો પાણીના જીવો પ્રત્યે કેમ દયા ન દાખવવી?

આવું આ મતનું મંતવ્ય છે.

પાણીનો જીવ અને ગરીબ માણસનો જીવ બેયને સમાન માનવાના કારણે જ તેઓ નાનાના ભોગે બીજા મોટાના બચાવની કલ્પના કરી શકતા નથી.

આ જ કારણસર ઉંદરને પકડીને લઈ જતી બિલાડીને ડંડો મારીને ઉંદરને છોડાવવામાં તેઓ ધર્મ સમજતા નથી. ભ્રમવિધ્વંસન ગ્રન્થ પૃ. ૧૪૭ ઉપર કહ્યું છે કે 'ઉંદરાદિકને મીનકિયાદિકથી છુડાય ને ઉપદ્રવપણા રહિત કરે તે સૂત્રવિરુદ્ધ કાર્ય છે.' અહીં પણ તેઓ એ જ દલીલ કરે છે કે "જેમ છોડાવનાર વ્યક્તિને ઉંદર ઉપર દયા આવી તેમ તેને બિલાડી ઉપર કેમ દયા ન આવી? ઉંદરને છોડાવીને તેણે બિલાડીનું ભોજન ઝૂંટવી લઈને બિલાડીને ભૂખી રાખી તે પણ પાપ જ છે ને?"

કેવી નાપાયાદાર રજૂઆત છે ? ઉંદરને છોડાવવામાં તો બિલાડીને માત્ર ભૂખનું જ દુઃખ આવે છે ! જ્યારે ઉંદરને નહિ છોડાવવામાં તો ઉંદરને મોતનું દુઃખ આવે છે. જે માણસને બિલાડીના ભોજનની ચિંતા થાય છે તેને ઉંદરના મોતની ચિન્તા કેમ થતી નથી ? મરેલો ઉંદર કદી જીવવાનો નથી; જ્યારે ભૂખી રહેલી બિલાડી તો બીજું કાંઈક ખાવાનું મેળવીને પણ જીવતી રહેવાની છે.

પણ કોણ જાણે કેમ આ લોકોને બિલાડીના ભોજનની ચિંતા થાય છે અને ઉંદરના મોતની કોઈ ચિન્તા થતી નથી.

રે ! એમની વાતો તો આથી ય ઘણી આગળ વધી ગઈ છે.

તેરાપંથી સાધ્વી સ્ત્રી ઉપર કોઈ કામાંધ પુરુષ બળાત્કાર કરતો હોય તો એ સાધ્વીને છોડાવવા માટે એ કામાંધ પુરુષને ડંડો મારીને નસાડી મૂકવામાં તેઓ પાપ માને છે !!! આ તો આશ્ચર્યની હદ જ થઈ ગઈ ને ?

અહીં પણ તેમની એ જ દલીલ છે કે જેવો સાધ્વીનો જીવ દયાપાત્ર છે એવો જ એ પુરુષનો જીવ પણ દયાપાત્ર છે. 'સાધ્વીનો જીવ મહાન અને પુરુષનો જીવ અધમ' એ ભેદ બરોબર નથી. બે ય જીવ બિલકુલ સરખા છે; માટે એકને મારીને બીજાને છોડાવવો તે દયા જ નથી. ટૂંકમાં, જ્યાં હિંસા છે ત્યાં જે કોઈ અનુકમ્પા ગણાતી હોય તે વસ્તુતઃ અનુકમ્પા જ નથી. ઉપરોક્ત સંયોગમાં ત્રીજી વ્યક્તિની ફરજ એટલી જ રહે છે કે તેણે તે પુરુષને સમજાવવા પ્રયત્ન કરવો. જો તે પુરુષ સમજી જાય અને સાધ્વીને મૂકી દે તો બહુ સારી વાત, પણ જો તે પુરુષ ન જ સમજે તો સાધ્વીએ ત્યાં ને ત્યાં આત્મહત્યા કરી લેવી; આ સિવાય ત્રીજો કોઈ પણ વિકલ્પ પસંદ કરી શકાય નહિ.

કેટલું નિર્દય મન્તવ્ય ! કેટલી ભયંકર અણસમજ !

એક સાધ્વી સ્ત્રી ઉપર બળાત્કાર થાય તે વખતે પુરુષને ડંડો મારીને નસાડવામાં પાપ ! બળાત્કારના પાપથી સાધ્વીને ઉગારવાની આ

ક્રિયામાં પાપ! સાધ્વીના ભાવી ગર્ભાધાન આદિના વિષમ સંયોગોની ઉપસ્થિતિને અટકાવી દેતી ડંડો મારવાની ક્રિયામાં પાપ!

ગાંધીજીનો લેવાતો પોકળ સહારો! આ મતના અનુયાયીઓએ 'આચાર્ય ભિક્ષુ (ભીખમજી) ઔર મહાત્મા ગાંધી' નામના હિન્દી પુસ્તકના ૯૫ માં પેઇજ ઉપર આચાર્ય ભીખમજીનું ઉપરોક્ત આખું મન્તવ્ય રજૂ કર્યું છે. એટલું જ નહિ પણ ગાંધીભક્તોને પણ પોતાના મત તરફ આકર્ષવા માટે મહાત્મા ગાંધીના પણ આવા જ વિચારો હતા એમ જણાવવા માટે 'હિન્દુસ્તાન' નામના છાપામાં પ્રગટ થએલું મહાત્મા ગાંધીનું ભાષણ પણ રજૂ કર્યું છે! બેશક ગાંધીભક્તોને ગેરરસ્તે દોરવવાનો એ પ્રયાસ ઢાંકયો રહી શકયો નથી; કેમકે એ ઉદ્ધત પ્રવચનમાં તો ગાંધીએ પ્રારંભમાં જરૂર કહ્યું છે કે, "કામાંધ પુરુષને સમજાવવા પ્રયત્ન કરવો." પછી અન્તે એમ પણ કહ્યું છે કે "છતાં જો આ માણસ સમજે જ નહિ તો એ દુષ્ટ માણસનો મુકાબલો કરવા આપણે સજ્જ બની જવું."

ગાંધીજીના પાછલા વિચારને ગૌણ કરી દઈને એ પુસ્તકના લેખક નગરાજસ્વામીએ મહાત્મા ગાંધીની આચાર્ય ભીખમજીની સાથે જે સરખામણી કરી છે એ ખૂબ જ અઘટિત કર્યું છે.

ગાંધી તો આવી કાયરતાભરી અહિંસામાં માનતા જ ન હતા.

જિનધર્મ પણ એવી જડ-બુદ્ધિની અહિંસાને નિરુપતો જ નથી. જો એક પણ જીવની હિંસા સાથેના ધર્મમાં ધર્મ જ ન હોત તો યુગપ્રધાન પ્રભાવક આચાર્ય કાલકસૂરિજી મહારાજ શકરાજને પ્રસન્ન કરીને જંગે ચડયા જ ન હોત.

શાસનરક્ષા, સ્વાત્મરક્ષા ખાતર જે કાંઈ કરવું પડે તે ગીતાર્થમુનિ કરી શકે છે એમ જિનશાસનનું બંધારણ કહે છે. વિશિષ્ટ લાભો ખાતર કરવી પડતી સ્વરૂપહિંસાને જિનધર્મ હિંસા જ કહેતો નથી. રે! એ મત પ્રવર્તકો જે વ્યાખ્યાન કરે છે તે ય કયાં હિંસામુક્ત છે?

તેમાં ય વાયુકાયના જીવની વિરાધના કયાં નથી ? એમના વરઘોડાને પણ ધર્મ કેમ કહેવાશે ? હજારો જીવો પગ તળે કચડાય છે માટે ! એમના સાધુઓના વિહારને પણ ધર્મ કેમ કહેવાશે ? નદી વગેરે ઊતરીને જીવહિંસા તો ત્યાં પણ થાય જ છે; છેવટે વાયુકાયની વિરાધના તો અનિવાર્ય બની જાય છે. એ લોકો જે વાર્ષિક પાટમહોત્સવ કરે છે તે કયાં હિંસામુક્ત છે ? એમનાં પ્રવચનો સાંભળવા એમના ભક્તો મોટરોમાં દોડી આવે છે એમાં કેટલી હિંસા છે ? શા માટે પ્રવચનો સાંભળવા આવવાની મનાઈ કરવામાં આવતી નથી ? સ્વરૂપહિંસાને પણ જો હિંસા માનવામાં આવશે તો સમુદ્રસિદ્ધ વગેરે સિદ્ધના ભેદો પણ ઊડી જશે !

જો શાસ્ત્રમાં સિદ્ધના ભેદમાં સમુદ્રસિદ્ધનો ભેદ આવે છે તો સ્વરૂપહિંસાને પાપ કહી શકાશે નહિ.

બીજી વાત એ છે કે સંસારિત્વ પર્યાયમાં જીવમાત્રને સમાન માની શકાય તેમ નથી.

જગતમાં શું શેઠ નોકર સમાન કહેવાય છે ? શું પત્ની અને માતા સમાન કહેવાય છે ?

શું ગુરુ અને શિષ્ય સમાન કહેવાય છે ? શું આચાર્ય તુલસી અને એમનો ભક્ત સમાન છે ? શું ગાંધી અને ખૂની ગોડસે સમાન છે ? જો બધા સમાન હોય તો શા માટે શેઠ ગાદી ઉપર બેસે છે અને નોકર દરવાજે ઊભો રહે છે ?

શા માટે પત્ની પ્રેમપાત્ર અને માતા ભક્તિપાત્ર બને છે ? શા માટે ગાંધીની લોકો ચાહના કરે છે અને ગોડસેને ધિક્કારે છે ?

માટે જ સંસારી અવસ્થામાં જીવમાત્રને સમાન માની શકાય નહિ.

ગાંધીના ખૂનીને ફાંસીની સજા થાય છે અને એક કીડીને મારી નાંખનારને સરકાર કેમ ફાંસીની સજા નથી કરતી ? આ જ ભેદ સાબિત કરે છે કે ગાંધી અને કીડી બે સરખા જીવ છે જ નહિ.

જો જીવમાત્રને સમાન કહેશો તો ઘઉંની રોટલી ખાવી અને મરઘીનું માંસ ખાવું બે ય સમાન થઈ જશે.

આવી માન્યતાવાળા પાસે કોઈ આવે અને કહે કે બટાટા અને માંસ–બેમાંથી ગમે તે એકની બાધા આપો.... તો તેરાપંથી સાધુ તેને કયી બાધા આપવાનું પસંદ કરશે ? બટાટાની કે માંસની ? શું માંસમાં ઓછી જીવહત્યા કલ્પીને બટાટા બંધ કરાવશે ?

શું હજારો ઘઉંના દાણા મારીને રોટલીનું જમણ આપનારને નિર્દય કહીને, એક હાથીને મારીને માંસનું જમણ આપનારને દયાળુ કહેશે ?

જો જીવમાત્રને સમાન માની લેવામાં આવશે તો આવા ઘણા બધા મુદ્દાઓ ઉપસ્થિત થશે.

માટે શાસ્ત્રનીતિ મુજબ સંસારી અવસ્થાના જીવોને સમાન માનવા ન જોઈએ. શાસ્ત્રકાર તો કહે છે કે સંસારી અવસ્થામાં જે જીવની પુણ્યશક્તિ ઓછી તે જીવ નાનો કહેવાય; અને જેની પુણ્ય-શક્તિ વધારે તે મોટો જીવ કહેવાય. એકેન્દ્રિય કરતાં બે ઇન્દ્રિયજીવ મોટો ગણાય.... યાવત્ પંચેન્દ્રિય જીવ વધુ મોટો ગણાય. એમાંય ભિખારી કરતાં શ્રીમંત, અભણ કરતાં ભણેલો, પ્રજાજન કરતાં રાજા, મોટો ગણાય. શિષ્ય કરતાં ગુરુ, સૈનિક કરતાં સેનાપતિ, પત્ની કરતા માતા વગેરે મોટા ગણાય.

સંસારી અવસ્થામાં કોઈ જીવ સરખો નથી. હવે પ્રશ્ન આવે છે દયાનો કે એમાં દયા કોની કરવી ? શાસ્ત્રકાર ભગવંતો કહે છે કે દયા તો સર્વની જ કરવી. નાના, મોટા સહુની દયા કરવી. કોઈની પણ હિંસા ન કરવી એ જ શ્રેષ્ઠતમ આરાધના છે.

પરંતુ જ્યારે નાના–મોટા–બેમાંથી એકની દયા તો શક્ય ન જ હોય ત્યારે શું કરવુ ? એના ઉત્તરમાં શાસ્ત્રકારો કહે છે કે મોટાની દયા કરતાં નાના જીવની હિંસા થતાં અલ્પ પાપબંધ છે, જ્યારે નાનાની

દયા કરવા જતાં મોટા જીવની હિંસા થતાં મોટો પાપબંધ છે. અને એ બે ય કરતાં સ્વાત્માના વિશુદ્ધ પરિણામની હિંસામાં સૌથી વધુ પાપબંધ છે.

આ જ કારણે કોઈ સાધુ ઉપાશ્રયમાં હોય અને એકાએક આગ લાગે તો અગ્નિકાયના જીવ ઉપર પાણી છાંટીને પણ એ સાધુને બચાવી લેવામાં અલ્પ પાપબંધ થાય છે. કેમકે અસંખ્ય અગ્નિકાયના નાના જીવોની દયા કરતાં એક સાધુની દયા વિશેષ જરૂરી છે. જો એક મહાત્મા ઊગરી જશે તો એના ધર્મબોધ આદિથી સેંકડો આત્માઓ—અસંખ્ય અગ્નિકાયાદિ....રે! ષટ્કાયની હિંસાના પાપથી—ઊગરી જઈને સર્વવિરતિના પંથે જશે! આવો કોઈ વિશિષ્ટ લાભ અગ્નિકાયની દયા ચિંતવીને પાણી છાંટીને બુઝાવી ન દેવાની પ્રવૃત્તિમાં છે જ નહિ.

દુઃખની વાત તો એ છે કે તેરાપંથ સંપ્રદાયના જયાચાર્યે ભ્રમવિધ્વંસન ગ્રન્થમાં પૃષ્ઠ ૨૬૭ ઉપર તો આગ વચ્ચે ફસાયેલા સાધુને બચાવવામાં ય પાપ કહ્યું છે; કેમકે એમ કરવા જતાં અગ્નિકાયાદિના જીવોની હિંસા થાય છે! કેમકે જીવમાત્ર સમાન છે! અગ્નિકાયના અને સાધુના!

આ રહ્યા તેમના જ શબ્દો—કેતલાએક જિન આજ્ઞાના અજાણ છે તે, "સાધુ અગ્નિમાંહી બળતાને કોઈ ગૃહસ્થી બાંધી પકડીને બહાર કાઢે, તથા સાધુરી ફાંસી કોઈ ગૃહસ્થ કાપે તિણમે ધર્મ કહે છે."

કોઈ હરામખોરે સાધુને ફાંસીએ ચડાવ્યા હોય તો સાધુને ફાંસીથી છોડાવવામાં ય પાપ! કેમકે ફાંસી છોડાવતાં વાયુકાયના જીવની હિંસા થઈ જાય છે ને?

રે! હદ કરી નાંખી છે ને? સંસારી અવસ્થામાં પણ જીવમાત્રને સમાન ગણવાના સિદ્ધાન્તે!

આપણે તો કહ્યું છે કે કયાંક વાડામાં આગ લાગે અને અંદર ફસાયેલા જીવ ચીસાચીસ કરી મૂકે તે વખતે જો સાધુ ત્યાંથી પસાર થાય તો તેણે તે વાડાનું બારણું ખોલવું નહિ. જો ખોલશે તો એ જીવો બહાર નીકળીને ચારે બાજુ દોડાદોડ કરશે એટલે વાયુકાય, અપ્કાય, વનસ્પતિકાય વગેરે કેટલાય જીવોની હિંસા થઈ જશે. પશુના જીવને બચાવવો અને ઘાસ વગેરેના જીવની હિંસા થવા દેવી એને દયા જ કેમ કહેવાય ?"

કેટલી નિર્દયતા આ વિધાનમાંથી પ્રકટ થાય છે ?

વાડો ખોલીને પશુઓને બચાવનાર જીવની એ ઇચ્છા જ નથી કે તેઓ બહાર નીકળીને હિંસા કરે.... છતાં તે હિંસાનું પાપ લાગી જતું હોય તો તો તમામ તેરાપંથી સાધુઓને જગતની સઘળી હિંસાના પાપ લાગશે....ભલે તેમની તેમાં અનુમોદના ન હોય !

આ રહ્યા ઉપરોક્ત વિધાનને જણાવતાં તેમના શબ્દો :

"ગિરસતરે લાગી લાયે, ઘરબારે નીકળીઓ ન જાયે.
બળતાં જીવ કિલબિલ બોલે, સાધુ જાય કિવાડ ન ખોલે.

શું વાત કરવી આ મતની ? અનુકમ્પારાસમાં આ મતના આદ્યપ્રવર્તક ભીખમજીએ કહ્યું છે કે તળાવમાં ડૂબતાને બહાર કાઢવા માળ ઉપરથી પડતાં બાળકને બચાવી લેવામાં, ગાડા નીચે કચડાઈ જતાં જીવને બચાવી લેવામાં સંસારનો ઉપકાર થાય છે. એવા સંસારના ઉપકારથી તો નિશ્ચયતઃ સંસાર જ વધે છે !! આ રહ્યા તેમના શબ્દો :

કોઈ લાયસ્યૂં બલતાને બચાયે.
વલે કૂવે પડતાંને બચાયે
વલે તાલાબમેં ડૂબતાને બહાર કાઢે
વલે ઊંચાથી પડતાને ઝાલિયે તાયે
એ ઉપકાર સંસાર તણે છે.

સંસારતણો ઉપકાર કરે છે.

તિણરે નિશ્ચય હી સંસાર વધે તે જાણુ —અનુકમ્પા ઢાળ

રે ! સંસારી માબાપને પાણી પીવરાવવું, ભોજન કરાવવું વગેરે વિનય-ભક્તિ કરવામાં ય આ નિર્દયપંથે પાપ મનાવ્યું છે અને અધિક આશ્ચર્ય તો એ છે કે આવી વાતમાં ઉવવાઈ નામના આગમ સૂત્રની સાવ જૂઠી સાક્ષી આપવાનો નિષ્ફળ પ્રયત્ન કર્યો છે. જે પરમપિતા પરમાત્માએ ગર્ભમાં રહીને માતપિતાના વિનયને ધર્મ જણાવવા માટે અભિગ્રહ કર્યો એ પરમપિતા એમને જલપાનાદિ કરાવવાના વિનયમાં પાપ કહે ? शान्तं पापम् ! ભ્રમવિધ્વંસન ગ્રન્થના ૪૬મા પૃષ્ઠ ઉપર જયાચાર્યે લખ્યું છે કે "માતપિતારો વિનય કરે તે સાવદ્ય છે; આજ્ઞાબાહિરે છે !" એક જ વાત કે જીવમાત્ર સમાન છે. માતપિતાનો જીવ; અને પાણી વગેરેનો જીવ ! માતપિતાના જીવની તે દયા દયા જ નથી જ્યાં પાણીના જીવનો નાશ થાય છે !"

આ કેટલું બધું અશાસ્ત્રીય, અનૈતિક, અમાનવીય નિવેદન છે ! નીતિશાસ્ત્ર પણ જે વિનયને મંજૂર કરે તે વિનયને અધ્યાત્મશાસ્ત્ર પાપ કહે !!! અસંભવ.

'પાણીનો જીવ અને માતાપિતાનો જીવ બે ય સમાન'....ની અજ્ઞાન-માન્યતામાંથી આવાં નિર્દય વિધાનો કરવામાં આવ્યાં છે. વળી આ સમાનતાવાદને પણ તેઓ કયાં ચુસ્ત રીતે વળગી શકે છે ? પાણીના જીવની દયા કરવા જતાં તૃષાર્ત માતાપિતા મૃત્યુ પામી જાય તો ? શું પાણીનો જીવ અને માતાપિતાનો જીવ સમાન નથી ? તો પાણીના જીવની દયા ખાતર માતાપિતાને મૃત્યુ પામવા દેવાય ખરા ? એવી હિંસાપૂર્વકની પાણીના જીવની દયાને પણ તમે દયા કેમ કહી શકશો ? તમારો જ સિદ્ધાન્ત સાવદ્ય અનુકમ્પાને એકાન્ત પાપ માને છે !!!

આમ જે વખતે બેમાંથી એકની હિંસાનો મુદ્દો ઊભો થાય છે તે વખતે કોઈની પણ દયા વિચારવાનું જણાવતાં સાવદ્ય દયાની અનુ-

કમ્પા થઈ જ જવાની છે. એટલું જ નહિ પરંતુ જગતમાં જેનું સ્થાન ઊંચુ છે તે વ્યક્તિની દયાના પ્રસંગમાં તેનાથી નાની વ્યક્તિની દયાનો મુદ્દો ઊભો કરીને તે મોટી વ્યક્તિની દયાથી મનુષ્યોને નિરપેક્ષ બનાવવા તે કૃત્ય તો માનવીય પણ લાગતું નથી. આ વાત ઉપર આપણે બળતો સાધુ નહિ બચાવવાનો, બળાત્કારનો ભોગ બનતી સાધ્વીને નહિ બચાવવાનો પ્રસંગ વિચારી ગયા છીએ. અગ્નિના જીવની દયા ચિંતવીને કે કામાંધ પુરુષની દયા વિચારીને સાધુને બળી જવા દેવો કે સાધ્વીને બળાત્કારનો ભોગ બનવા દેવી.... આંખે આંખ જોવા છતાં....એ કૃત્ય તો કેટલું અમાનવીય છે ? કેટલું લોકવિરુદ્ધ છે ? કેટલું તિરસ્કાર્ય છે ? કેટલું નિર્દય છે ?

આના બદલે સાધુને બચાવવામાં અગ્નિના જીવની ન છૂટકે કરવી પડતી હિંસાનું કે સાધ્વીને ઉગારવા જતાં કામાંધને ડંડો મારવાની હિંસાનું કૃત્ય કોઈ કરે તો તે જરાય અમાનવીય, તિરસ્કાર્ય, લોકવિરુદ્ધ કે નિર્દય નથી લાગતું. એટલું જ નહિ પણ ખૂબ જ માનવતાભર્યું, આવકાર્ય, લોકમાન્ય, દયાજનિત લાગે છે.

આ જ વાત સૂચવી જાય છે કે બે જીવોની હિંસામાં જો એકની હિંસા અનિવાર્ય જ હોય તો મોટા જીવને બચાવી લેવામાં અવશ્ય ધર્મ છે. એ અનુકમ્પા સાવદ્ય હોવા છતાં ત્યાં એકની હિંસાનું લક્ષ નથી પરંતુ એકને બચાવવાનું જ લક્ષ છે, હિંસા તો ન છૂટકે કરવી પડે છે....માટે એ અનુકમ્પા વસ્તુતઃ સાવદ્ય જ નથી.

જે કૃત્યો અમાનવીય ગણાય તેને જિન ધર્મ કદી પણ ધર્મ તરીકે મંજૂર કરતો જ નથી. આધ્યાત્મિક ધર્મનો મૂળ પાયો તો માનવતા છે; માર્ગાનુસારિતા છે. એને દૂર રાખીને કોઈ પણ આધ્યાત્મિક ધર્મની વાતો થઈ શકે નહિ.

તેરાપંથના મતપ્રવર્તકોએ ઉક્ત દયાને એકાન્તે પાપ તરીકે સાબિત કરવા માટે શાસ્ત્રોના સાવ જૂઠા અર્થો કરવાનો પ્રયત્ન કરીને

અશાસ્ત્રજ્ઞ-મુગ્ધ-લોકોને ઉન્માર્ગે ચડાવી દેવાનું સિતમગાર પાપ બાંધવામાં કશી બાકી રાખી નથી. જે લોકોને શાસ્ત્રની ગંધ સરખી પણ નથી એ લોકોએ એમની ધડ-માથા વગરની વાતોને આંચ મીંચીને અપનાવી લીધી છે!

જયાચાર્યનો ભ્રમવિધ્વંસન ગ્રન્થ

જયાચાર્યે ભ્રમવિધ્વંસન ગ્રન્થના દાનાધિકારના ૨૨મા બોલમાં શાસ્ત્રનો જૂઠો આધાર રજૂ કરીને કહી દીધું છે કે, "જિનાગમોએ બ્રાહ્મણોને પાપક્ષેત્ર કહ્યા છે!!" આ વાત શાસ્ત્રમાંથી કાઢવા માટે એ જયાચાર્યે આગળ-પાછળનું બધું ઉડાવી દેવાનું ઘોર પાપ કર્યું છે!

ઉત્તરાધ્યયન સૂત્રના ૧૨ મા અધ્યયનની ૨૪મી ગાથામાં કહ્યું છે કે, જે બ્રાહ્મણો ક્રોધ, માન, જીવહિંસા, ચોરી, લૂંટફાટ, પરિગ્રહનાં ઘોર પાપોથી યુક્ત હોય અને જો બ્રાહ્મણત્વજાતિના સંસ્કાર અને વિદ્યાથી શૂન્ય હોય તે બ્રાહ્મણને બ્રાહ્મણ કેમ કહેવાય? જેનામાં બ્રાહ્મણત્વ હોય તે બ્રાહ્મણ કહેવાય. બીજા બ્રાહ્મણને તો પાપક્ષેત્ર જ કહેવાય. એવા માણસને પૂજ્ય માનીને જમાડવો એ અવશ્ય પાપ છે.

આ છે શાસ્ત્રવચન.... જયાચાર્યે માત્ર છેલ્લી લીટી પકડી લીધી છે અને પછી તેઓ ઉટપટાંગ વાતો કરવા લાગે છે.

આવી જ રીતે એ જ ઉત્તરાધ્યયન સૂત્રના ૧૪મા અધિકારની ૧૨મી ગાથાનો આધાર લઈને જયાચાર્યે ભ્રમવિધ્વંસન ગ્રન્થના દાનાધિકારના ૧૧મા બોલમાં કહ્યું છે કે, 'બ્રાહ્મણને જમાડવાથી સાતમી નારકમાં જવું પડે' એમ શાસ્ત્રમાં કહ્યું છે! આમ કહીને જયાચાર્ય પ્રશ્ન કરે છે કે જો બ્રાહ્મણને જમાડવાની અનુકમ્પા કરવાથી પુણ્યકર્મ જ બંધાતું હોત તો શાસ્ત્રમાં સાતમી નારકની વાત શી રીતે લખી? માટે જ માનવું જોઈએ કે બ્રાહ્મણ એ પાપક્ષેત્ર—કુપાત્ર છે, તેની દયા કરવાથી પાપકર્મનો જ એકાન્તે બંધ થાય છે.

આ રહ્યા એ આચાર્યના શબ્દો– બ્રાહ્મણ જિમાયાં તમતમા (સાતમી નારક) જાય–તમતમા તે અંધારામેં અંધારા, તેણહવી નરકમાં જાય ઈમ- કહ્યો જો વિપ્ર જિમાયાં પુણ્ય બંધે તો નરક કયૂં કહી?

"તો જોવોની વિપ્ર જિમાયા નરક કહી અને ગણધરે કહ્યું વિમાસી બોલ્યા ઈમ સરાયાં છે. તો **અસંયતિને દિયા પુણ્ય કેમ કહીએ?** ડાહ્યા હોય તો વિચારી જોઈ જો." જોયું ને? 'અનુકમ્પાથી એકાન્ત પાપની' તદ્દન અશાસ્ત્રીય માન્યતાને સિદ્ધ કરવા આ માણસે કેટલા ભયાનક પ્રયત્નો કર્યા છે? આ શાસ્ત્રપાઠ પણ બ્રાહ્મણો સાથે મુનિની થએલી ચર્ચાસ્વરૂપ છે. ત્યાં પણ મુનિ સાચું બ્રાહ્મણત્વ શું તે જ બતાવી રહ્યા છે અને એમ કહે છે કે જે બ્રાહ્મણો બ્રાહ્મણત્વનું અનુપાલન કરતાં જ નથી તેવા બ્રાહ્મણોને જો જમાડવામાં આવે તો એવા ભોજન તો સાતમી નારકમાં જ લઈ જાય. કેમકે એવા ભોજનથી તો દુષ્ટ માણસોની દુષ્ટતાને ઉત્તેજન આપવાનું કારમું પાપ થઈ જાય છે!

આટલી સ્પષ્ટ વાત હોવા છતા, એ જ દાનાધિકારના ૧૨મા બોલમાં એ જ જયાચાર્યે પોતે એ પ્રશ્ન ઉઠાવ્યો છે કે મિથ્યાત્વથી નરક થાય કે વિપ્રને જમાડવા માત્રથી નરક થાય? આ પ્રશ્નનો ઉત્તર કદાગ્રહ સાથે કુતર્કો કરીને આપ્યો છે કે વિપ્ર જમાડવાથી નરક જ થાય.

રે! હલકી પ્રકૃતિના બ્રાહ્મણને ભોજન કરાવવાથી અનર્થો થાય એવું તો મનુસ્મૃતિમાં પણ કહ્યું છે. આ રહ્યા તેના શ્લોકો:

ये वक्रवर्त्तिनो विप्रा ये च मार्जारलिङ्गिनः।
ते पतन्त्यन्धतामिस्रे तेन पापेन कर्मणा॥
न वार्य्यपि प्रयच्छेत्तु बैडालव्रतिके द्विजे।
न बकव्रतिके विप्रे नावेद विदि धर्मवित्॥
त्रिष्वप्येतेषु दत्तं हि विधिनाप्यर्जितं धनम्।
दातुर्भवत्यनर्थाय परत्रादातुरेव च॥
यथा प्लवेनौपलेन निमज्जत्युदके तरन्।
तथा निमज्जतोऽधस्तादज्ञौ दातृप्रतीच्छकौ॥

—मनुस्मृति अ. ४.

અહીં તો નીચ પ્રકૃતિના બ્રાહ્મણને દાનમાં પાપ કહ્યું છે. જિનધર્મ તો એવાને પણ અનુકમ્પા બુદ્ધિથી દાન દેવામાં પુણ્યબંધ કહે છે. કેમકે 'અનુકમ્પા'નો કયાં ય પણ પ્રતિષેધ કર્યો નથી.

ઉત્તરાધ્યયન સૂત્રનું જે વચન જ્યાચાર્યે ટાંકયું છે તે આર્દ્રકુમાર મુનિનું વચન છે. આર્દ્રકુમાર મુનિએ બ્રાહ્મણોની સાથેની વાતમાં કહ્યું છે કે, નીચવૃત્તિવાળા બ્રાહ્મણોને પૂજ્યબુદ્ધિથી દાન દેવું તે નરકગમનનું કારણ છે. જ્યાચાર્યે પોતાને ફાવતી વાત પકડી લેવા 'પૂજ્યબુદ્ધિ'નો અધ્યાહૃતાર્થ ઉડાવી દીધો છે! અને અનુકમ્પાબુદ્ધિથી પણ સારા ખોટા કોઈ પણ બ્રાહ્મણને જમાડવાથી એકાન્તે પાપબંધનું અશાસ્ત્રીય વિધાન ઠોકી બેસાડયું છે.

તેઓ એ વાત કેમ ભૂલી જાય છે કે જિનધર્મ તો નીચકક્ષાના બ્રાહ્મણને પણ જો અનુકમ્પાબુદ્ધિથી દાન દેવાય તો પુણ્યબંધ માને છે તો સારા બ્રાહ્મણના અનુકમ્પાદાનની તો વાત જ કયાં રહી?

રે! બ્રાહ્મણને જમાડવાની અનુકમ્પાથી પાપની વાત કયાં કરવી? એ લોકો તો કોઈ પણ અસંયતીને કુપાત્ર માને છે, ભલે પછી તે તેરાપંથી–પ્રતિમાધારી શ્રાવક હોય કે ભગવાન મહાવીરની સંસારી અવસ્થાના વિરાગી કુમાર વર્ધમાન હોય! એમની પણ કોઇ ભક્તિ કરે તો તેનાથી પણ એકાન્તે પાપકર્મનો બંધ થાય એવું આ લોકોનું વિચિત્ર મન્તવ્ય છે. અસંયતી માત્ર કુપાત્ર! કુપાત્રના દાનથી એકાન્તે પાપકર્મનો બંધ! જો આમ આ લોકો અસંયતિમાત્રને કુપાત્ર કહે છે તો દીક્ષા લે છે કોણ?

અસંયતિ જ ને? એટલે એમને ત્યાં તો બધાં કુપાત્રોને જ દીક્ષા અપાય છે ને? શું બુદ્ધિમત્તા છે આ મત–પ્રવર્તકોની!

પ્રતિમાધારી શ્રાવકની પણ જો ભક્તિ કરવામાં આવે તો તેઓ માને છે કે તેથી એકાન્તે પાપકર્મનો બંધ થાય. કેમકે પ્રતિમાધારી

શ્રાવક ભલે અમુક અંશમાં વ્રતધારી છે પણ બાકીના ઘણા અંશોમાં તો અવ્રતી જ છે ને? એટલે તેની અનુકમ્પા કરતાં તેના અવ્રતની અનુમોદનાનું પાપ લાગી જવાથી એ અનુકમ્પાથી એકાન્તે પાપનો બંધ થાય!

આ રહ્યા જયાચાર્યના દાનાધિકારના ૨૬મા બોલના તે શબ્દો-

"જે શ્રાવક તપસ્યા કરે તે તો વ્રત છે. અને પારણો કરે તે તો અવ્રત માંહી છે. આગાર સેવે છે તે સેવનવાલાને ધર્મ નહિ તો સેવા ણુવાલાને (ભક્તિ કરનારને) ધર્મ કિમ હુવે? એ અવ્રત એકાન્તે ખોટી છે. ઠાણુઙ્ગઠાણે તથા સમવાયાઙ્ગે અવ્રતને આશ્રવ કહ્યા છે. તે અવ્રત સેવ્યાં ધર્મ નહિ.

આ જ વાતના અનુસંધાનમાં દાનાધિકારના ૩૫મા બોલમાં જયાચાર્ય કહે છે કે—

કેતલા એક એહવો પ્રશ્ન પૂછે! જે પડિમાધારી શ્રાવકને દીધાં કાંઈ હુવે! તેહનો ઉત્તર–પડિમાધારી પિણ દેશવ્રતી છે. તેહના જેતલાર ત્યાગ તે તો વ્રત છે. અને પારણે સૂઝતા આહારનો આગાર અવ્રત છે, તે અવ્રત સેવે છે તે પડિમાધારી! તેહને ધર્મ નહિ તો જે અવ્રત સેવાવણ વાલાને ધર્મ કિમ હુઈ? ગૃહસ્થના દાનને સાધુ અનુમોદે તો પ્રાયશ્ચિત્ત આવે તો પડિમાધારી શ્રાવક પિણ ગૃહસ્થ છે તેહનાં દાન અનુમોદન વાલાને હી પાપ હુવે. તો દેણવાલાને ધર્મ કિમ હુવે?"

આ બધી વાતના સારરૂપે આ તેરાપંથી જયાચાર્ય એમ કહેવા માગે છે કે એમનો પંથી શ્રાવક પણ ભલે વ્રતધારી હોય છતાં તેનામાં અવ્રતો પણ પડ્યા છે, માટે તેની અનુકમ્પાથી પણ પૂણ્યબંધ થાય જ નહિ. કેમકે એમાં એના અવ્રતની અનુમોદનાનું પાપ લાગી જ જાય છે.

શાબાશ.... જો વ્રતની જ અનુમોદના રૂપે ભક્તિ હોવા છતાં અવ્રતની કોઈ અનુમોદના ન હોવા છતાં વ્રતની અનુમોદનાનું પુણ્ય

ન જ બંધાતું હોય અને અવ્રતની અનુમોદના ન હોવા છતાં તેનું પાપ જ બંધાતું હોય તો તો તેરાપંથી સાધુને પણ દાનાદિ કરવાથી એકાન્તે પાપ બંધાશે. કેમકે એ સાધુ ગમે તેવો વિરાગી હોય તો પણ તેનામાં વેદનો ઉદય હોય જ છે; સંજ્વલનાદિ કષાયો પણ ઉદયમાં હોય જ એમ શાસ્ત્રો કહે છે એટલે એની પણ ભક્તિનું પુણ્ય તો નહિ જ બંધાય પરંતુ એના વેદોદયાદિનાં પાપોની અનુમોદનાનું પાપ જ એકાન્તે બંધાશે. સાધુ ગમે તેટલો સ્વાધ્યાય કરે પણ રાત્રે તો પ્રમાદ કરશે ને? ગમે તેટલો તપ કરે પણ પારણે તો બાશે ને? તેમાં રાગાદિ પણ થશે ને? એ કાંઈ વીતરાગ થોડા છે? તો એ બધું ય પાપ એની ભક્તિ કરનારને ચોંટવાનું જ.

જો અહીં એમ કહો કે 'નહિ, ભક્તિનું પુણ્ય જ ચોંટે, એના કષાયાદિનું પાપ ન જ ચોંટે' તો પ્રતિમાધારી શ્રાવકની વાતમાં શું કરવા ગમે તેમ ઝીંકાઝીંક કરવામાં આવે છે?

વસ્તુત : પ્રતિમાધારી શ્રાવકના અવ્રતની અનુમોદના લાગતી જ નથી. પન્નવણાસૂત્રના ૨૨મા પદમાં સ્પષ્ટ કહ્યું છે કે શ્રાવકને અવ્રતની ક્રિયા લાગતી જ નથી. અવ્રતની ક્રિયા તો તેને લાગે જે સર્વથા અપ્રત્યાખ્યાની હોય. શ્રાવક તો દેશત : પ્રત્યાખ્યાની છે.

ભગવતી સૂત્રના ૧ લા શતકના ૨ જા ઉદ્દેશામાં પણ જણાવ્યું છે કે શ્રાવકને આરંભિકી, પારિગ્રહિકી અને માયાપ્રત્યયિકી ક્રિયા હોય છે. અપ્રત્યાખ્યાનિકી અને મિથ્યાદર્શનિકી ક્રિયા હોતી નથી.

ઉવાઈ સૂત્રના ૧૨મા પ્રશ્નમાં કહ્યું છે કે શ્રાવક મિથ્યા દર્શન શલ્યથી અંશત: અનિવૃત્ત પણ છે. એ જ રીતે બાકીનાં ૧૭ પાપોથી પણ અંશત: અનિવૃત્ત પણ છે.

આમ છતાં જો શ્રાવકને મિથ્યાદર્શનિકી ક્રિયા નથી લાગતી તો બાકીનાં ૧૭ પાપોની અનિવૃત્તિના અંશની અપ્રત્યાખ્યાની આદિ ક્રિયાઓ પણ કેમ લાગે?

તેરાપંથી શ્રાવકની ભક્તિમાં ય પાપ!

જ્યાચાયેં તો પ્રતિમાધારી શ્રાવકને પણ દાન દેવાથી એકાન્ત પાપનું વિધાન કર્યું છે. જો તે વાત શાસ્ત્રીય જ હોત તો એવી પ્રતિમાઓનું વિધાન દશાશ્રુત-સ્કન્ધના ૬ ઠ્ઠા અધ્યયનમાં તથા ઉપાસકદશાંગના ૧ લા અધ્યયનમાં કર્યું જ શા માટે હોત? રે! એ પાઠમાં તો પ્રતિમાધારી શ્રાવકને પવિત્રાત્મા જણાવ્યો છે. એવા પવિત્રાત્માને તેરાપંથીઓ કુપાત્ર કહેવા કયી પાત્રતાથી તૈયાર થયા છે એ જ સમજાતું નથી. દાનાધિકારના ૩૮મા બોલમાં તો જ્યાચાયેં પૂંજણી આદિ ધર્મોપકરણોને ય એકાન્ત પાપ અને અવતસ્વરૂપ કહ્યા છે! દયાનાં સાધનોને ય એકાન્ત પાપ કહેનારને હવે શું સમજાવવું?

આ લોકો તો કદાગ્રહના જોરે ઉત્સૂત્ર ભાષણમાં એટલા બધા આગળ વધી ગયા છે કે પોતાનો મમત ફેલાવવા માટે એમના પંથના લોકોને એવો બોધ આપે છે કે "તેરાપંથી સાધુ સિવાયના કોઈ પણ વેષધારી સાધુને તમારે ભિક્ષા આપવી નહિ; કેમકે તેમાં એકાન્તે પાપ છે. છતાં જો કયારેય શરમાશરમીથી ભિક્ષા આપવી પડે તો તે પછી જો થોડો પશ્ચાત્તાપ કરો તો થોડું પાપ છૂટી જાય; પણ જો છાતી-માથા કૂટી લો તો એ ભિક્ષા-દાનનું બધું ય પાપ છૂટી જશે."

આ રહ્યા તેમના શબ્દો :

ભેખધારી આયા ઘર બહાર એ, જો શરમાશરમી દેવે આહાર એ. પછે થોડો કરે પશ્ચાત્તાપ એ, તો થોડો પાપ જાય છૂટ એ.

પણ જો છાતીમાથાં લેવે કૂટ એ, તો પાપ-સઘળો જાય છૂટ એ.

સ્વમત પ્રવર્તનના મમતનું આ કેવું અઘોર પાતક! મુગ્ધ ભક્ત લોકોએ સાચે જ આ વાત અમલમાં મૂકી છે. બનતાં સુધી તો તેઓ બીજા કોઈ પણ સાધુને ભિક્ષા આપતા જ નથી.

રે! જે જિનશાસ્ત્રમાં અનુકમ્પાની બુદ્ધિથી સર્વ કોઈ હિન્દુ, મુસ્લિમ, રે તૃષાર્ત કસાઈને પણ પાણી પાવામાં પુણ્યકર્મનો બંધ કહ્યો છે.

ત્યાં એ જ જિનધર્મના નામે આ લોકો બ્રાહ્મણોને, સાધુઓને, માતાપિતાને પણ પાણી વગેરે પાવાની અનુકમ્પામાં એકાન્તે પાપકર્મના બંધ કહેવાની વાતો કરે છે! એમના મતે તો માત્ર તેરાપંથી સાધુ (ગમે તેવો ને? ભ્રષ્ટ હોય તો ય વાંધો નહિ ને?) જ સુપાત્ર! એમની ભક્તિમાં જ પુણ્યકર્મનો બંધ! હાય! અંધ મમત્વ!

આ બધા વિચારની પાછળ મુખ્યત્વે સર્વથા જીવ-સમાનતાવાદ જ કારણ છે. અસંયતિ આત્માઓની અનુકમ્પા કરવા જતાં જીવહિંસા થાય છે માટે તે બધી અનુકમ્પા એકાન્તે પાપકર્મનો બંધ કરે છે.

વસ્તુતઃ સંસારી અવસ્થામાં જીવસમાનતાવાદ શાસ્ત્રમાન્ય જ નથી. ભગવાન નેમનાથજીએ લગ્નનિમિત્તક જલસ્નાન કર્યું છે અને હરણના જીવોની દયા ચિંતવી છે. જો જીવમાત્ર સંસારી અવસ્થામાં પણ સમાન જ હોત તો અસંખ્ય જલ-જીવની દયા ચિંતવીને ભગવાન નેમનાથ ત્યાંથી જ નિવૃત્ત થઈ ગયા હોત! પણ તેમ તો કર્યું નથી. વળી હરણોની જે દયા કરી તે જો અસંયતિની દયા હોવાથી એકાન્ત પાપ ગણાતું હોત તો તે દયા પણ તેઓ ન જ કરત. જયાચાર્ય તો અનુકમ્પાધિકારના ૭મા બોલમાં કહે છે કે, ભગવન હરણના જીવોની રક્ષા માટે પાછા નહોતા ફર્યા પણ સ્વનિમિત્તક એ હિંસાથી સ્વનો પરલોક બગડશે એ સ્વ-દયાના વિચારથી જ પાછા ફર્યા હતા.

પણ આ વાત તદ્દન મિથ્યા છે. જે ઉત્તરાધ્યયન સૂત્રની ગાથાને લઈને તેઓએ ઉપરોક્ત વાત કરી છે, તે સૂત્રના ટીકાકારે સ્પષ્ટ લખ્યું છે કે, "સારથિએ જીવોને છૂટા મૂકી દીધા માટે પ્રસન્ન થએલા ભગવાને તેને કુણ્ડલાદિ આભૂષણોની ભેટ કરી."

તેરાપંથીની વિલક્ષણ માન્યતા! સાધુ જે કરે તે જ ધર્મ!

અસંયતિની સાવદ્ય અનુકમ્પામાં એકાન્તપાપની માન્યતાની પાછળ જેમ અશાસ્ત્રીય જીવ-સમાનતાવાદ કારણ બન્યો છે તેમ બીજી પણ એક ઘેલી અશાસ્ત્રીય વિચારણા કારણ બની છે.

તેરાપંથ મત-પ્રવર્તકોનું એવું મન્તવ્ય છે કે જે કાર્ય સાધુ કરે તે જ ધર્મ, સાધુ જે ન કરે તે કરવામાં એકાન્તે પાપ.

સાધુઓ અસંયતિની દયા કરી શકતા નથી એ ઉપરથી સાબિત થાય છે કે અસંયતિની દયામાં એકાન્તે પાપકર્મનો બંધ છે. માટે ગૃહસ્થો પણ અસંયતિની દયા કરે તો તેઓ એકાન્તે પાપકર્મનો બંધ જ કરે.

આ પંથના કટ્ટર આગ્રહી ગૃહસ્થ અનુયાયીઓ જ્યારે જ્યારે કોઈ શ્વેતામ્બર જૈન સાધુને મળે છે ત્યારે ખાસ કરીને આ પ્રશ્ન પૂછે છે કે, "તમે સાધુઓ અસંયતિની અનુકમ્પા કરી શકો કે નહિ ? જો ના કરી શકો તો અમારાથી પણ તે અનુકમ્પા કેમ થાય ?"

આપણે અહીં આ વિચારની સંક્ષિપ્ત સમાલોચના કરી લઈએ.

પહેલી વાત તો એ છે કે સાધુ એ સાધુ છે અને ગૃહસ્થ એ ગૃહસ્થ છે. જો આ વાત સ્વીકાર્ય હોય તો એટલું નક્કી થઈ જાય છે કે સાધુની અને ગૃહસ્થની કક્ષા જ જુદી છે. જિનધર્મમાં જુદી જુદી કક્ષાના ધર્મો પણ કેટલાક જુદા બતાડ્યા છે. એટલે બે કક્ષાને સમાન માની લેવી એ જ પહેલી મોટી ભૂલ ગણાય.

આ વાત સમજાવવા એક રમૂજી દાખલો આપું.

એક સ્ત્રી છે. તે પતિવ્રતા હોવા સાથે અતિમુગ્ધા છે. પતિને જમાડ્યા વિના જમતી નથી, સુવડાવ્યા વિના સૂતી નથી. દરેક વાતમાં પ્રથમ પતિ અને પછી જ પોતે.

એક દિવસ એનો પતિ એક સુંદર સાડી ખરીદી લાવે છે. પત્નીને કહે છે કે 'આવતી કાલે આપણે બહાર જવું છે તો તે વખતે આ સાડી તું પહેરવા કાઢજે.'

આ પ્રસ્તાવ રજૂ થતાં જ અતિમુગ્ધા સ્ત્રી તાડુકી ઊઠી. તેણે કહ્યું, 'ના....ના....એ કદાપિ નહિ બને. દરેક બાબતમાં પતિ પ્રથમ

રહે એ જ પતિભક્તિ છે. આજ સુધી મેં અખંડ રીતે એ ભક્તિ કરી છે અને હવે તમે મને આવી વાત કરો છો ? ના, હું નહિ જ માનું. આવતી કાલે તમારે એ સાડી પહેરવી જ પડશે. પછી જ હું કયારેક પહેરીશ."

અતિમુગ્ધાનો જોયો ને આ ધડાકો ?

પતિ ઘણું સમજાવે છે કે, 'મારાથી સાડી ન પહેરાય' પણ પત્ની એકની બે થતી જ નથી. ઉપરથી એ સામો પડકાર કરે છે કે 'જે પતિથી ન પહેરાય તે પત્નીથી પણ કેમ પહેરાય ?'

જોયું ને ? પુરુષ એ પુરુષ છતાં સ્ત્રી એ સ્ત્રી છતાં—આ ભેદ ત્રિકાલાબાધિત હોવા છતાં–આ ભેદનો જો સ્વીકાર થતો હોય તો કદી આવી વાત થઈ શકે ખરી કે બે ય બધી વાતે સમાન જ હોવા જોઈએ ?

તેરાપંથી બિરાદરો અતિમુગ્ધા સ્ત્રીની જેમ આગ્રહ રાખે છે કે જો સાધુથી અસંયતિની દયા ન થાય તો ગૃહસ્થથી પણ ન જ થાય ! કેટલી બેવકૂફીભરી, જડતાભરી આ વાત લાગે છે ?

શું નિરોગી અને રોગી બે ય સરખા છે ? હા જરૂર....માણસ તરીકે બે ય સરખા છે પણ આરોગ્યની દૃષ્ટિએ તો બે સરખા નથી જ ને ? હવે જો કોઈ રોગી માણસને કુશળ વૈદ્ય દવાની પડીકી આપતો હોય ત્યારે તે રોગી માણસ એવો આગ્રહ રાખે કે, 'દવાની પડીકી નિરોગીને પણ ખવડાવવી જ જોઈએ' તો તે બરોબર છે ? વળી તે કહે કે જો નિરોગી માણસ દવા ન ખાતો હોય તો નક્કી સમજવું કે દવાથી આરોગ્યને હાનિ પહોંચતી જ હોવી જોઇએ. જો તેમ ન હોય તો નિરોગી માણસ કેમ દવા ન ખાય ? ગમે તેમ હો પણ એ દવા ન ખાય તો અમારે રોગીએ પણ ન જ ખાવી. છતાં જો ખાઈએ તો અમારા આરોગ્યને વધુ હાનિ જ પહોંચે.' શું રોગીનું આ મન્તવ્ય બરોબર છે ?

જ્યાં એક રોગી અને બીજો નિરોગી એવા બે ભેદ પડી જાય છે ત્યાં બે ય ના કેટલાક ધર્મો જરૂર જુદા પડી જાય છે. હા, નિરોગી માણસ ભજિયાં, ભૂસાં નથી ખાતો, માટે રોગીએ પણ તે ન ખાવાં જોઈએ એ વાત બરોબર છે. પરંતુ નિરોગી માણસ દવા નથી લેતો માટે દવાને હાનિકારક સમજી લઈને રોગી માણસ પણ ત્યાગી દે તો એના જેવો બેવકૂફ બીજો કોણ શોધ્યો જડશે જગતમાં ?

તેરાપંથના મતપ્રવર્તકોની ઉક્ત વિચારણામાં પણ આવું હાસ્યાસ્પદ તત્ત્વ જોવા નથી મળતું શું ? જ્યારે સાધુ એ સાધુ છે. ગૃહસ્થ એ ગૃહસ્થ છે. આ ભેદ મંજૂર છે, પછી ગૃહસ્થની ગૃહસ્થતાના રોગની રૂએ ગૃહસ્થને માટે ઔષધતુલ્ય કેટલીક દવાઓ લેવી જ પડે. એ રોગનું નિવારણ કરતી એ દવાઓના સેવનને એણે ધર્મ માનવો જ પડે. સાધુમાં ગૃહસ્થતાનો રોગ જ નથી માટે એ રોગનાશક દવા એ ન લે તો તેના પગલે ગૃહસ્થથી ચલાય જ નહિ.

હા, સાધુ જીવહિંસા, મૃષાવાદ, ચોરી વગેરે ભજિયાં-ભૂંસા સ્થાનીય કુપથ્યો-અધર્મો નથી સેવતા માટે ગૃહસ્થોએ પણ તે કુપથ્યોનું યથાશક્ય સેવન ન કરવું જોઈએ. પરંતુ નિરોગી-સ્થાનીય સાધુ, અસંયતિની દયાસ્વરૂપ દવાની પડીકી ન લે માટે રોગી-સ્થાનીય ગૃહસ્થ પણ તે દવા ન લેવાની જીદ કરે તે બિલકુલ અનિચ્છનીય છે.

વળી સાધુ પણ અસંયતિની દયા ન કરે એ તો ઔત્સર્ગિક વિધાન છે. ગાઢ-પુષ્ટાલંબનના સંયોગમાં તો સાધુ પણ અસંયતિની દયા કરે છે.

ભાવીમાં રોગ થવાની શક્યતાને જોતાં જ નિરોગી માણસ પણ દવાની પડીકી લે છે તેમ.

આ વાત પ્રસ્તુત અષ્ટકમાં ખૂબ જ વિસ્તારથી વિચારવામાં આવી છે. જ્યારે આ રીતે સાધુને પણ અપવાદ માર્ગે અસંયતિની

અનુકમ્પાનો ધર્મ જાળવવામાં આવ્યો છે ત્યારે તેરાપંથ મતપ્રવર્તકો કોઈ પણ સંયોગમાં એકાન્તે અસંયતિની દયામાં પાપ કહેવાનું વિધાન કયા શાસ્ત્રના આધારે કરી ચૂકયા છે એ જ સમજાતું નથી.

બીજી બધી વાત જવા દો. જિનશાસનમાં એ તો કહ્યું છે ને કે બ્રહ્મચર્યની બાબત સિવાય કોઈ પણ ઠેકાણે એકાન્તે વિધાન થાય નહિ, અબ્રહ્મને જ એકાન્તે પાપ કહેવાય; બીજા કોઈ પણ પાપને 'એકાન્તે' પાપ કહેવાય નહિ.

તો પછી તેરાપંથી લોકો અસંયતિની દયામાં 'એકાન્તે પાપ' એ વાત શું જિનાગમોના આધારે કરી રહ્યા છે ? કદાપિ નહિ.

સાધુ માટે પણ અસંયતિની અનુકમ્પા ગાઢ પુષ્ટાલંબને જો વિહિત છે તો ગૃહસ્થ માટે તો સુતરાં વિહિત છે. સ્વાત્માના પરિણામ નિષ્ઠુર થતાં અટકાવવા માટે, લૌકિક માનવતાની સુરક્ષા માટે, ધર્મની નિંદાથી બચવા માટે, ધર્મ પ્રભાવના કરવા માટે ગૃહસ્થ જરૂર જરૂર અસંયતિની અનુકમ્પા કરી શકે છે. એનો એ ધર્મ જ છે. એણે અનુકમ્પા કરવી જ જોઈએ.

સાધુ નિરોગી છે માટે જ્યારે ભાવી રોગની શકયતા જણાતાં જ દવા લે.

જ્યારે ગૃહસ્થ રોગી છે. તેણે રોજ પણ એ દવા લેવી પડે.

રોગી-નિરોગીના ભેદનો બીચડો કરી શકાય નહિ.

સ્ત્રી-પુરુષના ભેદને ભૂલીને પુરુષને સાડી પહેરવાની વાતનો આગ્રહ કોઈ પતિભક્ત સ્ત્રીથી પણ થઈ શકે નહિ. અસ્તુ.

જીવસમાનતાવાદ, સાધુ-ગૃહસ્થ-સમાનતાવાદની ભ્રામક માન્યતાની જેમ આ મતની ત્રીજી પણ ભ્રાન્ત માન્યતા છે. તેઓ એમ માને છે કે કોઈ પણ અસંયતી જીવનું જેમ મરણ ઈચ્છવું નહિ તેમ તેનું જીવન પણ ઈચ્છવું નહિ. બસ....ઈચ્છવું હોય તો એ જીવ સંસારમાંથી તરે એ જ ઈચ્છવું !

આ મન્તવ્યને જયાચાર્યે ભ્રમવિધ્વંસન ગ્રન્થના અનુકમ્પા અધિકારના ૧લા બોલમાં રજૂ કર્યું છે.

"અસંયતિનો જીવણો વાંછીને તેહના જીવિતવ્યને અર્થે સાધુ ઉપદેશ દેવે નહીં. હિંસક અને ચોરને તરિવા ભણી ઉપદેશ દેવે."

અસંયતિ જીવ તે હિંસક છે. હિંસકનો જીવણો વાંછયા ધર્મ કિમ હુવે! ડાહ્યા હુવે તો વિચારિ જોઈ જો."

આવું મન્તવ્ય ઘરાવવા પાછળ તેમની દલીલ એ છે કે અસંયતિના જીવનની ઇચ્છા રાખવાથી તેના જીવનમાં થનારી હિંસાદિની અનુમોદનાનું પાપ લાગી જાય છે. માટે 'સંસારના સર્વ જીવો જીવે!' એ માન્યતામાં કોઈ ધર્મ નથી.

અનુકમ્પા ઢાળમાં ભીખમજીએ પણ આ વાત કહી છે.

"વંછે મરણો જીવણોજી; ધર્મ તણો નહિ અંશ
એ અણુકંપા કીધાં થકાં જી, વધે કર્મનો વંશ.

સંસારી જીવોના જીવનનો પ્રયત્ન કરવાથી–એવી દયા કરવાથી–ધર્મ થતો જ નથી. એનાથી તો સંસાર વધે છે!!!"

આ ય કેવી અશાસ્ત્રીય માન્યતા છે! શાસ્ત્રમાં તો સાધુએ પોતાના જીવન–મરણની ઇચ્છા ન કરવી એમ કહ્યું છે એ ઉપરથી આ લોકોએ કુતર્ક લગાવ્યો કે જો સાધુએ સ્વજીવન–મરણની ઇચ્છા પણ કરવાની નથી તો અસંયતિના જીવન–મરણની ઇચ્છા શા માટે કરવી જોઇએ?

રે! કયાં સાધુની નિરીહ વૃત્તિમાંથી જન્મેલી સ્વ જીવનની પણ અનિચ્છા! અને કયાં સર્વ જીવો પ્રત્યેની કરુણામાંથી ઉત્પન્ન થએલી પર જીવનની ઇચ્છા!

સર્વના મૃત્યુ ન ઇચ્છાય, પણ જીવન પણ ન ઇચ્છાય એ વાત તો તેરાપંથના મતપ્રવર્તકોની જ સ્વતંત્ર શોધ છે. અસંયતિ જીવોના જીવનની ઇચ્છાથી એમના અસંયમની અનુમોદનાની જે વાત આગળ

ધરવામાં આવે છે તે બિલકુલ બરોબર નથી. જેના અંશની અનુમોદના નથી છતાં જો તેના અંશની અનુમોદનાનું પાપ લાગી જતું હોય તો તો કતલખાનામાંથી પશુઓને પણ નહિ જ છોડાવાય.

બરેખાત, તેરાપંથી લોકો પાંજરાપોળ આદિમાં ધર્મ માનતા પણ નથી. પૂર્વોક્ત અનુમોદનાનું પાપ લાગી જવાના કારણે જ.

જયાચાર્યે કહ્યું છે કે કસાઈને પણ એમ કહેવું કે તું આ જીવને છોડ....એના પ્રાણની રક્ષા કર.... તેમાં પાપ છે. હા, તેને એમ કહી શકાય કે તું તારા આત્માની રક્ષા કર. એ રક્ષા આ પશુઓને નહિ હણવાથી થાય છે કે કેમ તે તું જાણે! પણ તારે તારા આત્માની રક્ષા કરવી જોઈએ."

આ મન્તવ્ય ઉપરથી સમજી શકાય છે કે બીજા જીવોના જીવનની દયા કરવી એને પણ આ લોકો એકાન્તે પાપ માને છે. કેમકે જીવની દયા ચિંતવવા જતાં એમનાં ભાવી પાપોનું અનુમોદન થઈ જાય છે. હાય! જો આ રીતે ભાવી પાપોનું જ જ્યાં ને ત્યાં અનુમોદન થતું હોય તો કોઈ પણ આત્માનો કદી મોક્ષ સંભવિત નહિ બને. જીવદયાનો કોઈ પણ ધર્મ કરી ન શકાય એટલો નિષ્ઠુર જેનો આત્મપરિણામ થઈ જાય એ આત્મા મોક્ષે જઈ શકે જ નહિ.

રે! કસાઈને તેના આત્માને તારવાની જે વાત કરવાનું તમે કહો છો તે ય નહિ થાય કેમકે તરવાની ભાવનાવાળો કસાઈ જીવહિંસાથી નિવૃત્ત થશે જ... જીવરક્ષા કરશે જ. એટલે ઝટ એની અનુમોદનાનું પાપ તમને લાગશે.

કસાઈ શું કરવાનો છે? તે સામાન્યતઃ તો જીવદયાના પ્રતિપાલકે વિચારવાનું જ નથી. ગરીબને પૈસા આપવાથી તે શું કરશે? એ વિચાર દાતાએ કરવાનો જ નથી. કદાચ માની લઈએ કે તે કસાઈ અને તે ગરીબ પાપ જ કરશે તો ય તે વિચારથી દયા-દાનથી શૂન્યપરિણામવાળું આપણું અંતર બની જાય; સાવ નિષ્ઠુર થઈ જાય, કોઈ પણ જીવના

જીવનની દયા જ ન જાગે, કોઈ પણ ગરીબને પાસાનું ય દાન કરવાનો ભાવ જ ન જાગે....એ તો હૈયાનું કેટલું કાળું પાપ કહેવાય ! સામી વ્યક્તિના પાપની ચિન્તા કરીને ત્યાં ને ત્યાં જાતે નિષ્ઠુરતાના પાપથી બળી મરાય છે તેનું શું ? વસ્તુતઃ તો ગમે તે ભોગે પણ ધર્મના પ્રાણભૂત દયા–દાનના આત્મપરિણામને જીવતા રાખવા જોઈએ.

અબ્રાહમ લિંકને કાદવમાંથી ડુક્કરને બચાવી લીધું હતું !

મેઘકુમારના હાથીના ભવમાં એ આત્માએ સસલાની દયા કરી હતી !

રે ! આર્ય, અનાર્ય, માનવ કે પશુ કોઈ પણ આત્મા જો થોડો પણ લઘુકર્મી બન્યો હોય તો તે પરજીવોના દુઃખને જોવા માટે સાવ કાયર બની જાય છે. એનાથી એ દુઃખ જોયું જતું નથી. પરદુઃખના દર્શનમાત્રથી લઘુકર્મી આત્મા સ્વયં મહાદુઃખી થઈ જાય છે.

ભગવાન વીરના તારક આત્માને પણ અપકારી સંગમક–દેવનાં ભાવી દુઃખો જ્ઞાનબળથી જોતાં આંખે ઝળઝળિયાં આવી ગયાં હતાં ને ?

દયાર્દ્ર અંતર તો લઘુકર્મિતાનું અસાધારણ લક્ષણ છે !

દાનબુદ્ધિ લઘુકર્મિતાનું અપૂર્વ આભૂષણ છે !

આવા દયા-દાનના ધર્મોમાં તેરાપંથ મતાપ્રવર્તકો ભાવી પાપોની અનુમોદનાનાં પાપો લાગવાનું જૂઠ ચલાવીને સમગ્ર આર્યસંસ્કૃતિનાં મૂળભૂત ઝરણાં–દયા અને દાન–ને કેવા શોષી રહ્યા છે ?

ભાવીમાં સંભવિત પાપોની અનુમોદના કરવામાં ન આવે છતાં તેનું પાપ લાગી જાય તેવું જિનાગમોમાં ક્યાંય કહ્યું નથી. રે ! સૂયગડાંગ સૂત્રના બીજા સૂત્રના ૬ ઠ્ઠા અધ્યયનની ૪થી ગાથામાં તો એમ કહ્યું છે કે, "ભગવાન મહાવીરદેવ ત્રસ અને સ્થાવર–સર્વજીવની રક્ષા કરતા હતા." આ ઉપરથી તો સ્પષ્ટ થાય છે કે મરતા જીવોની પ્રાણરક્ષા કરવા માટે પણ ભગવાન ધર્મોપદેશ દેતા હતા. (માત્ર હિંસક-જીવને હિંસાના પાપમાંથી છોડાવવા માટે જ નહિ.)

વળી ભગવતી સૂત્રના પહેલા શતકના નવમા ઉદ્દેશામાં કહ્યું છે, "સાધુએ પૃથ્વીકાયાદિ જીવોના પ્રાણની રક્ષા કરવા માટે પ્રાસુક અશન-પાનાદિ લેવા."

જો અસંયતિ જીવોની રક્ષાથી એમના અસંયમનું અનુમોદન લાગી જતું હોત તો ઉક્ત પાઠ સંભવે ખરો ?

વળી જે ૬ કારણોએ સાધુને આહાર વાપરવાનું કહ્યું છે તેમાં એક કારણ ઈર્યાસમિતિ પાળવાનું કહ્યું છે. (જુઓ ઉત્ત. સૂ. ૨૬મું અધ્યયન). વળી અહીં સ્વપ્રાણની રક્ષાનું કારણ જુદું તો કહ્યું જ છે એટલે ઈર્યાસમિતિના પાલનનું તાત્પર્ય સ્વપ્રાણની રક્ષામાં નહિ લઈ જઈ શકાય.

પ્રશ્નવ્યાકરણસૂત્રમાં પ્રથમ સંવર દ્વારમાં કહ્યું છે કે સર્વજીવોની રક્ષાસ્વરૂપ દયા માટે જ ભગવંતે જિનાગમની પ્રરૂપણા કરી છે. જયાચાર્ય કુતર્ક કરતાં કહે છે, "સાધુને સ્વજીવનની પણ ઇચ્છા ન કરવાનું આગમમાં કહ્યું છે તો પરજીવની રક્ષા તો કેમ જ થાય ?" જયાચાર્ય એ વાત અહીં ઉડાવી દે છે કે અસંયમ પોષીને સાધુએ સ્વજીવનની રક્ષા નહિ કરવી. સંયમ રક્ષા સાથે પણ જીવિતની ઇચ્છા નહિ કરવી એવું તો કયાં ય કહ્યું નથી." આમ છતાં પરજીવના જીવનની ઇચ્છામાં જયાચાર્ય શાસ્ત્રના નામે પાપ કહે છે એ કેટલું દુઃખદ છે ? અરે ! શાસ્ત્રમાં તો સ્થાને સ્થાને पाणाणुकम्पयाए, भूयाणुकम्पयाए પાઠો આવે છે. રાય-પસેણી આગમમાં ચિત્ત પ્રધાને કેશીસ્વામીને કહ્યું છે કે જીવરક્ષા માટે આપ રાજાને ધર્મોપદેશ આપો." તે વખતે કેશીસ્વામીએ એમ નથી કહ્યું કે "ના, હું રાજાને તારવા માટે ધર્મોપદેશ આપીશ. જીવરક્ષાથી તો અસંયતી જીવોનાં પાપોની અનુમોદના લાગી જાય !" સૂયગડાંગ સૂત્રના ૧લા શ્રુત સ્કંધના ૬ઠ્ઠા અધ્યયનની મૂળગાથામાં दाणाण सेट्ठं अभयप्पयाणं કહ્યું છે એ કેમ આ લોકો ભૂલી જાય છે ? ત્યાં ટીકાકારે સ્પષ્ટ રીતે પરજીવોની રક્ષાને જ શ્રેષ્ઠદાન કહ્યું છે.

આટલા બધા–ઢગલાબંધ શાસ્ત્રપાઠો તો સ્પષ્ટપણે જીવરક્ષામાં ધર્મ કહે છે. જો તેમાં અસંયમના અનુમોદનનું પાપ એકાન્તે લાગી જતું હોત તો આમ ધર્મ કહેત ખરા ?

આ મતના પ્રવર્તકોની અજ્ઞાનતાની ટોચ તથા શાસ્ત્રના આધાર દેખાડીને મનફાવતું ઉમેરી દઈને લોકોને ઠગવાની કળા તો ખરેખર ખૂબ જ આકર્ષક જણાય છે.

તેરાપંથ-માન્યતાની આ લોકો એમ માને છે કે કોઈ ગરીબ માણસ **મૂઢતાનું ટોચપણું** પાણી યાચતો હોય ત્યારે કોઈ તેરાપંથી સાધુનો ભક્ત પાણી આપવું કે નહિ તેની વિમાસણમાં પડ્યો હોય તે વખતે સાધુથી એમ ન કહેવાય કે, "તારે તેને પાણી પાવું નહિ" કેમકે જો આમ કહે તો ગરીબ માણસના જલપાનમાં તેરાપંથી સાધુ અન્તરાય કરવાનું પાપ બાંધે છે.

પણ એમ છતાં પાણી આપવાની ચોખ્ખી 'હા' પણ સાધુથી ન કહેવાય. કેમકે ગરીબને પાણી પાવાની અનુકમ્પા કરવી એ તો એકાન્તે પાપ કાર્ય છે. પાપકાર્યમાં સંમતિ શી રીતે અપાય ?

તો શું કરવું ? એના ઉત્તરમાં જયાચાર્ય કહે છે કે, "મૌન રહેવું."

શાબાશ....શું આ મૌનમાં મૂકસંમતિ જ નથી ? જગતનો એ પ્રસિદ્ધ ન્યાય છે ન નિષિદ્ધમનુમતમ્–તમે જો નિષેધ ન કરો તો અનુમતિ આવી જાય.

આ તો વર્તમાનકાળની અનુકમ્પાની બાબતમાં વાત થઈ. પણ ધારો કે કોઈ તેરાપંથી ભક્ત એના સાધુને પૂછે છે કે, "ભાવીમાં કોઈ ગરીબ મારી પાસે આવે તો તેને પાણી વગેરે આપવા કે નહિ ?" તો બેધડક એ સાધુ કહી દેશે કે ના, ન જ અપાય. તારી માનવ તરીકેની એ ફરજરૂપે તું ભલે આપે પણ તેનાથી તને એકાન્તે પાપકર્મનો બંધ થાય."

જોયું ને ? વર્તમાનકાલીન અનુકમ્પાના વિષયમાં અન્તરાયભયથી મૌન રહેવાનું ઠરાવ્યું અને ભવિષ્યકાલીન અનુકમ્પાના વિષયમાં બેધડક નિષેધ કર્યો.

આ ય ગજબ કર્યો ! શું આ રીતે પેલા ભક્તને નિષેધક કરવાથી ભાવીમાં કોઈ અસંયતિની તે અનુકમ્પા નહિ કરે ત્યારે એ અન્તરાય નહિ થાય ? તો તે અન્તરાયનું પાપ આજે એવો ઉપદેશ દેનારને ન લાગે ?"

કેવી ધડ-માથા વિનાની વાતો છે ? મોટું અચરિજ તો એ છે કે આવી વાતોને પણ શાસ્ત્રનો આધાર આપવાના ખૂબ જ કઠંગા પ્રયત્નો આ લોકો કરે છે !

ભ્રમવિધ્વંસન ગ્રન્થના દાનાધિકારના ૧૩મા બોલમાં આ વાત મારી ઠોકીને શાસ્ત્રાધારિત કરવા માટે જથાચાર્યે પ્રયત્ન કર્યો છે.

સૂયગડાંગ સૂત્રમાં એક ઠેકાણે કહ્યું છે કે જે લોકો અપુષ્ટાલંબન નિષ્કારણ (હિંસાપૂર્વકના) દાનની પ્રશંસા કરે છે તેઓ એ હિંસાની અનુમોદના કરે છે. અને જેઓ પુષ્ટાલંબન-સકારણ (હિંસાપૂર્વકના) દાનનો નિષેધ કરે છે તેઓ તે જીવોની આજીવિકાદિનો નાશ કરવાનું પાપ બાંધે છે. બેશક મૂળસૂત્રમાં અપુષ્ટ અને પુષ્ટ એવા આલંબનનો ઉલ્લેખ નથી પરંતુ જિનાગમનાં સૂત્રો જ પ્રમાણભૂત નથી પરંતુ એની ટીકા વગેરે પંચાંગી અને એને વફાદાર તમામ ગ્રન્થોને પણ પ્રમાણભૂત મનાય છે. માટે ટીકાદિના આધારે ઉક્ત અર્થ નિષ્પન્ન થાય છે. તેરાપંથી વગેરે મતો પંચાંગીને પ્રામાણિક ન માનતાં માત્ર મૂળ-સૂત્રને પ્રામાણિક માને છે એટલે તેઓ ટીકામાં કરાતી કોઈ પણ સ્પષ્ટતાને સ્વીકારવા તૈયાર નથી. જે કે આ માત્ર આદર્શની જ તેમની વાતો છે. બાકી સેંકડો જગાએ તેમને ટીકા વગેરેના આધાર લઈને જ મૂળસૂત્રોના અર્થ કરવા પડે છે. રે ! 'नमो अरिहंताणं' સૂત્રનો રાગદ્વેષરૂપી આન્તર શત્રુના નાશક પરમાત્માને નમસ્કાર હો !" એ વગેરે

અર્થ કેવી રીતે નીકળે ? મૂળસૂત્રથી તો શત્રુને હણનારાને નમસ્કાર હો ! એટલો જ અર્થ નીકળે છે. ત્યારે ઉક્ત ખુલાસો એમણે ક્યાંથી કર્યો ? આવી તો ઢગલાબંધ સાબિતીઓ છે. આપણે અહીં તેની ચર્ચામાં ઊતરવું નથી. એ જ જયાચાર્યે ભ્રમવિધ્વંસન ગ્રન્થમાં જ્યાં ને ત્યાં ટીકાના પાઠો મૂક્યા છે. જો ટીકાને માનતા જ ન હો તો મનફાવતા અર્થો નિશ્ચિત કરવા માટે પણ ટીકાના પાઠ કેમ મૂકી શકાય ? અસ્તુ.

પુષ્ટ અને અપુષ્ટ આલંબનો મૂળ વાત ઉપર આવીએ.

અપુષ્ટાલંબનના દાનની પ્રશંસા બેશક શાસ્ત્રમાન્ય નથી અને પુષ્ટાલંબનના દાનનો નિષેધ પણ યોગ્ય નથી.

આ વાત સુયગડાંગ સૂત્રમાં ' जे उ दाणं... ' ઇત્યાદિ સૂત્ર (સૂ. ૧ લો શ્રુ., ૧૧મું અધ્ય. ગા. ૨૦, ૨૧)થી કહી છે. અહીં વર્તમાનકાળમાં પ્રશંસા એવું કહ્યું જ નથી. છતાં જયાચાર્યે ' વર્તમાનકાળ ' શબ્દને આકાશમાંથી ઉતાર્યો છે. ટીકાને નહિ માનતાં તેમણે ત્યાં ટીકાનો પાઠ મૂક્યો છે. તેમાં ય ' વર્તમાનકાળ ' શબ્દ જ નથી, કે જે ભાવીકાળના નિષેધની સંમતે આપતો હોય.

છતાં એમણે ત્યાં પોતાનું મનફાવતું કહી દીધું છે કે, " ઇહાં તો દાન વર્તમાનકાળે નિષેધ્યાં અન્તરાય કહી છે, પિણ અનેરાં કાળમેં અન્તરાય કહીં નથી."

આ વાતને વધુ સ્થિર કરવા રાયપસેણી સૂત્રનો–કેશીરાજા શ્રાવકપણું સ્વીકારતાં જે પ્રતિજ્ઞા કરે છે તેનો–પાઠ રજૂ કરે છે. તે પાઠમાં કેશી રાજાએ સંપત્તિના ચાર ભાગ કરીને તેની વ્યવસ્થા પ્રભુને જણાવી છે. જેમાં ચોથો ભાગ સર્વ ભિક્ષુકાદિની અનુકમ્પા માટેની પોતાને મનોજ્ઞ દાનશાળામાં ખર્ચવાનો જણાવ્યો છે. આ બધું સાંભળીને પ્રભુ મૌન રહ્યા છે. બેશક, મૌન રહ્યા એટલે પ્રભુએ સંમતિ જ આપી છે. છતાં જયાચાર્ય એમ કહેવા માંગે છે કે દાનશાળામાં એકાન્ત પાપ હોવાથી

ભગવાન મૌન રહ્યા છે ! રે ! કેવી વાત ! તો દાનશાળામાં એકાન્તપાપ હોય તો શ્રાવકવ્રત સ્વીકારતાં રાજા કેશીને ભગવાને સ્પષ્ટ નિષેધ જ કરવો જોઈએ ને ? એકાન્તપાપની પ્રવૃત્તિ ભૂતકાળમાં રાજાકેશીએ ભલે ચલાવી પણ એ મુજબ હવે શ્રાવક થઈને પણ ચલાવવાનું તે ઇચ્છતા હોય અને જો તેમાં એકાન્તપાપ હોય તો પ્રભુ મૌન રહે કે તેનો સ્પષ્ટ નિષેધ કરે ? ભગવાનનું મૌન તો એ દાનશાળામાં સંમતિનું સૂચક બની જાય છે અને એથી જ શ્રાવકનું એ અનુકમ્પામાં પુણ્યબંધ એ જ સૂત્રપાઠથી સુનિશ્ચિત થઈ જાય છે. વળી અહીં તો ભાવીમાં દાનશાળા ચાલવાની હતી. વર્તમાનની તો વાત જ નથી કે પેલો (!) વર્તમાનકાળનો અન્તરાય લાગી જવાના કારણે મૌન રાખવું પડે ! ભાવીના દાનમાં સ્પષ્ટ નિષેધ કરવાનું જયાચાર્યનું મંતવ્ય સાવ જૂઠ છે—એ ભાવીની દાનશાળાના કથન વખતના ભગવંતના મૌનથી સ્પષ્ટ થઈ જાય છે. એથી જેમ ભાવી દાન પણ પુણ્યબંધજનક નક્કી થાય છે તેમ વર્તમાનકાલીન દાન પણ પુણ્યબંધજનક જ સિદ્ધ થાય છે.

ગજબ કરી નાંખ્યો છે તેરાપંથે, અજ્ઞાન લોકોને આડેધડ ઉન્માર્ગે ધકેલી દેવાનો પ્રયત્ન કરીને.

તેરાપંથી સાધુ સિવાયના બધા કુપાત્ર ! તેરાપંથી લોકો "તેરાપંથમેં પ્રવર્ત્તે તે સાધુ જાણવા. સાધુથી અનેરા તે કુપાત્ર છે." તેહની અનુકમ્પાથી એકાન્તે પાપકર્મનો બંધ પડે છે"....ઇત્યાદિ વાતો કરીને ઉત્સૂત્ર પ્રરૂપણા કરી રહ્યા છે એમ કહીએ તો જરા ય ખોટું નથી. કેમકે શાસ્ત્રમાં તો સાધુ સિવાયના શ્રાવકો-શ્રાવિકાને તો ભક્તિનું સુપાત્ર કહ્યા છે.

આ રહ્યા તેનાં પાઠો :-

ભગવતી સૂત્રના ૨૦ મા શતકના ૮ મા ઉદ્દેશામાં કહ્યું છે:

(૧) તિત્થં પુણ ચાઉવણ્ણા ઇમે સમણસંઘે-તં જહા—સમણા, સમણીઓ, સાવયા, સાવિયાઓ ।

રે ! જે શ્રાવક શ્રાવિકાને તીર્થસ્વરૂપ કહ્યા તેને તેરાપંથીઓ કુપાત્ર કહે છે ! હાય ! દુર્બુદ્ધિ !

એ જ ભગવતીસૂત્રના ત્રીજા શતકના પ્રથમ ઉદ્દેશામાં ઘણા શ્રાવક શ્રાવિકાની અનુકમ્પા (ભક્તિ) કરનારા આત્માને ભવસિદ્ધિક યાવત્ ચરમશરીરી કહ્યો છે ! बहुणं समणाणं, बहुणं समणीणां बहुणं सावयाणं बहुणं साबीयाणं हियकामए, सुहकामए पत्थकामए, अनुकम्पिए, निस्सेयसिए × × × भवसिद्धिए णो अचरिमे । અહીં એમ નહિ કહેવાય, કે આ તો સ્વામાની અનુકમ્પા છે, કેમકે આ તો શ્રાવક–શ્રાવિકાના કહી છે. આત્માની અનુકમ્પા કરવાની કહી છે. શારીરિક (અશનાદિ દાન દ્વારા) નહિ....કેમકે તો તો પછી સાધુ–સાધ્વીને પણ અશનાદિ દ્વારા અનુકમ્પા દૂર થઈ જવાની આપત્તિ આવશે, પાઠમાં ' સાધુ–સાધ્વી ' પણ જણાવેલ છે.

(૩) ઉવાઇ સૂત્રમાં अप्पिच्छा, अप्पारंभा...પાઠથી શ્રાવકોને સાધુ-તુલ્ય કહ્યા છે. (આ સાધુઓ એ શ્રાવકને કુપાત્ર કહે છે !)

(૪) સૂયગડાંગ સૂત્રના મૂળપાઠમાં વિરતાવિરત (દેશવિરત) સ્થાનની પ્રશંસા કરતાં કહ્યું છે કે એ સ્થાન આર્ય છે, સિદ્ધિમાર્ગ છે, સર્વ-દુઃખોનો વિનાશક માર્ગ છે, એકાન્તે સમ્યગ્ભૂત અને સાધુભૂત માર્ગ છે. ત્યાં ટીકામાં કહ્યું છે કે અવિરતિનો દોષ તે સ્થાનમાં હોવા છતાં ઘણા ગુણોની મધ્યમાં પડેલો હોવાથી પ્રભાવહીણો બની જાય છે.

(૫) ભગવતી સૂત્રના બીજા શતકના પાંચમા ઉદ્દેશામાં तहारूवेणं भन्ते समणं वा महानं (श्रावक) वा पज्जुवासमाणस्स किं फला पज्जुवासणा ? સાધુ શ્રાવકની સેવાનું ફળ શું ? એવો પ્રશ્ન ઉઠાવ્યો છે. એના ઉત્તરમાં જ્ઞાનફળ, વિજ્ઞાનફળ....યાવત્ મોક્ષફળ પ્રાપ્તિ કહી છે. જે શ્રાવકોની સેવાથી મોક્ષ મળે છે, એમને તેરાપંથીઓ કુપાત્ર કહે છે. એ આ જગતનાં આશ્ચર્યોનું આશ્ચર્ય છે. ઉપરના બધા પાઠોથી શ્રાવકોની ભક્તિથી પુણ્યબંધ આબાદ સિદ્ધ થાય છે. મિથ્યાદૃષ્ટિ આત્માઓની અનુકમ્પાથી પુણ્યબંધની વાત દશવૈ. સૂત્ર (૫–૧–૪૯, ૫૦) થી

સુસ્પષ્ટ રીતે સિદ્ધ થાય છે. છતાં જો મૂળપાઠની વાતો કરનારાઓને પણ મૂળપાઠોના જ અર્થ માન્ય ન હોય તો એમને વાતો હોય તો એમને બ્રહ્મા પણ સમજાવી શકે તેમ નથી.

પુણ્ય એકાન્તે હેય કહ્યું જ નથી. પુણ્યાનુબંધી પુણ્ય તો અત્યન્ત ઉપાદેય ગણવામાં આવે છે. અનુકમ્પાથી પુણ્યબંધ થાય છે તેવું મૂળ આગમમાં પણ કહ્યું છે. દશવૈકાલિક સૂત્રમાં કહ્યું છે કે જૂના વખતમાં લોકો પુણ્ય પ્રાપ્ત કરવા માટે ગમે તે શ્રમણ-માહણ-વનીપક વગેરે સાધુઓને માટે ભિક્ષા બનાવતા હતા.

समणं माहणं वा वि... पुण्णट्ठा पगडं इमं ।

એટલે અનુકમ્પાથી પુણ્યબંધ થાય છે અને પુણ્ય ઉપાદેય છે એ વાત અત્યન્ત શાસ્ત્રસિદ્ધ છે. અનુકમ્પામાં એકાન્તે પાપકર્મનો બંધ કહેનાર તેરાપંથમત સર્વથા શાસ્ત્ર બાહ્ય છે એમ સહુએ સમજી લેવું.

તેરાપંથ મતનો ઉપસંહાર આ વિષયનો ઉપસંહાર કરતાં આપણે એટલું જ કહેવું છે કે અનુકમ્પાથી એકાન્ત પાપબંધની વાતો ભગવાન જિનેશ્વરોએ કોઈ પણ સ્થાને કહી નથી, માટે વર્તમાનકાલીન તેરાપંથી આચાર્યોએ એમના પૂર્વાચાર્યનાં એ અશાસ્ત્રીય વિધાનોને રદબાતલ જાહેર કરી દેવાં જોઈએ. સાંભળવા મુજબ જો વર્તમાનકાલીન તેરાપંથી સાધુગણ વિદ્વાન હોય, બહુશ્રુત હોય તો તેણે પૂર્વાચાર્યોના અશાસ્ત્રીય વિધાનો ઉપર વિમર્શ કરીને આગમબાહ્ય સિદ્ધ થતાં સઘળાં વિધાનોને ફગાવી દેવાં જોઈએ. કહેવાય છે કે, "બાપના કૂવામાં કાંઈ ડૂબી ન મરાય."

જો તેરાપંથી સંપ્રદાય એ વિધાનોને વળગી જ રહેવા માંગતો હોય તો એમની દયા ચિંતવવા સિવાય હવે બીજું કાંઈ જ થઈ શકે તેમ નથી. છતાં એટલું તો એમને ચોક્કસ જણાવવું જરૂરી લાગે છે કે એ વિધાનોનું ચલણ ભગવાન મહાવીરના નામના સિક્કા સાથે તો

જગતમાં નહિ જ મુકાવવું જોઈએ. ભલે એ ચલણ ભીખમજીના નામે ચાલે. દુનિયામાં ઘણા પંથો ચાલે છે. ગાંજે પીતો બાવો પણ પોતાનો પંથ ચલાવી શકે છે.

આર્યદેશની સંસ્કૃતિનું માળખું જ એવું છે કે લોકો 'ધર્મ' જેવી કહેવાતી વસ્તુને વધાવી લે છે. એવા અઢળક આકર્ષક ધર્મો આજે વિદ્યમાન છે. બધા ધર્મોની સાથે વિરોધ કરવાનો કોઈનો પણ અભિપ્રાય ન હોય. પરંતુ ભગવાન મહાવીરના નામે જે પંથો ચાલતા હોય તેની સામે અવાજ ઉઠાવવાનો અધિકાર ભગવાન મહાવીરના સિદ્ધાન્તોને વફાદાર રહેનાર દરેક સંઘ-સભ્યને અબાધિત રહે છે.

વર્તમાનકાલીન તેરાપંથી આચાર્ય તુલસી પોતાના નામે જો ઉક્ત પ્રચાર કરશે કે ભીખમજીના નામે તે ધર્મનો પ્રચાર કરશે તો હજી કદાચ આંખમીંચામણા કરાશે. જો કે દયા-દાનને એકાન્તે પાપ કહેતું મન્તવ્ય તો એટલું ભયંકર છે કે એ સમૂળી આર્યસંસ્કૃતિને, માનવતાને હતપ્રહત કરી દે તેવી સુરંગનું કામ કરે તેમ છે. એ દૃષ્ટિએ તો આ મતનો વિરોધ માત્ર જૈન પૂરતો સીમિત રહી શકતો નથી. છતાં ભીખમજીના નામે જ એ ધર્મ ચાલે તો વિરોધના સૂરમાં કાંઈક નરમાશ આવી જાય ખરી.

શેઠને ત્યાંથી છૂટો થએલો નોકર શેઠના જ નામે અને શેઠના જ કારખાનાના માર્કાથી ધંધો ચલાવે તો એ કેટલું અનુચિત ગણાય?

અફસોસની વાત તો એ છે કે આવી બાબતોની સામે નીડરતા સાથે વિરોધ કરનારને આજની દુનિયા ઝઘડાખોર કહે છે અને શાન્તિ જાળવવાની વણમાગી સલાહો આપ્યા કરે છે. એ દુનિયાના લોકો પૈસા વગેરેની બાબતમાં કદી ઝઘડો જ નહિ કરતા હોય ને?

ભરબપોરે કોઈ હરામખોર માણસ ઘરમાં પેસીને એમની તિજોરી તોડે, અને પત્ની બુમરાણ મચાવે....તો ય એ પતિદેવો શાન્તિપ્રિય બનવાની જ પત્નીને સલાહ દેતાં હશે ને?

શાબાશ..... સર્વત્ર ઝઘડાખોર બનેલો માનવ, આખલાની જેમ સર્વત્ર ત્રાટકતો કહેવાતો ધર્મીજન કોઈ ધર્મગુરુના પ્રતીકારને જાણીને શાન્તિપ્રિય બનવાની સલાહ આપવા આવતો હશે, તે ક્યા મોંઢે આવતો હશે ?

ભગવાન મહાવીરે દયા-દાન, નિશ્ચય-વ્યવહાર વગેરે પ્રરુપણાના રત્નોથી ભરેલી તિજોરી મુનિસંઘને સોંપી છે. એમાંથી કશી પણ ઉચાપત થવાનો કોઈ ખેલ ખેલાય તો એ મુનિસંઘની અનન્ય ફરજ છે એ ખેલને ખલાસ કરવાની....સઘળા બળે ! રે ! એકલપંડે પણ.

આજના કહેવાતા ધર્મવંતો, ધીમંતો અને શ્રીમંતોમાં જે પ્રકારની ભયાનક સ્વાર્થશાહીની બદ્દી વ્યાપી ચૂકી છે, એ જોતાં તો એમ જરૂર લાગે છે કે એમનો સાથ મેળવીને જ કોઈ ધર્મકાર્ય કરવા જવામાં અધવચમાં જ રખડી પડવાનું, બદનામ થવાનું મોટામાં મોટું જોખમ ઊભું છે.

શું વર્ણન કરવું એમની ધર્મક્ષેત્રની કાયરતાનું ?

કોઈ હરામખોર ઘરમાંથી પત્નીને ચુપકીથી ઉઠાવી જાય અને છતાં ઘણી શાન્તિથી બેસી રહે અને કહે કે 'ઝઘડો કરવો નથી, ભલે લઈ જાય'....એ કેટલી હદ સુધીની પતિની કાયરતા ગણાય ?

વર્તમાનકાલીન ઉત્સૂત્રભાષીઓએ પણ ચુપકીથી ઉઠાવી જતાં ચોરની નીતિ અપનાવી છે. તેઓ સીધો વિરોધ કોઈ સાથે કરતા નથી, એટલું જ નહિ પણ સહુને સાથમાં અને બાથમાં લઈને હાથમાં રાખવાનો જ પ્રયત્ન કરતા હોય છે. અને એ રીતે ધીરે ધીરે પોતાના ધર્મપ્રચારમાં આગળ વધતાં જાય છે. ખુલ્લા વિરોધીઓ કરતાં આવા મિત્રો વધુ ખતરનાક પુરવાર થાય છે, પણ દુર્ભાગ્યે આ વાત કોઈને સમજાણી નથી. એટલે જ સહુ સહુના કામમાં શાન્તિથી પડ્યા છે. અશાન્તિ જાગે તો ય જેને જાગવાની ઈચ્છા છે કે કેમ તે પ્રશ્ન છે. એ

સ્થિતિમાં ચુપકીદીથી કામ કરતાં જતાં–ફૂંક મારીને કરડતાં ઉંદર જેવા-એ સાથે અથડાઈ પડવાની ધર્મઝનૂની વૃત્તિના તો કયાં દર્શન થશે?

અભારતીય માણસ ગમે તેટલો મીઠાબોલો હોય તો ય રાષ્ટ્ર-પ્રેમીને માટે અવિશ્વાસ્ય છે એ વાત દરેક બાબતમાં સમજી રાખવી પડશે.

ભારતીય પાર્લમેન્ટનો કઠોરભાષી છતાં વફાદાર સંસદ સભ્ય કરતાં મૃદુભાષી છતાં બેવફા (અભારતીય) ઘણો વધુ જોખમી છે એ વાત સહુએ સમજી લેવી જોઈશે.

સારા માણસો ગમે તેવા દુષ્ટોની પણ મૈત્રી કરવાનું અને ખુલ્લે-આમ હાથમાં હાથ મિલાવીને ફરવાનું પસંદ કરતાં નથી.

સહુને મર્યાદા હોય છે.

મૈત્રીને ય મર્યાદા હોય છે. હા, અંતરનો મૈત્રીભાવ જરૂર અમર્યાદ છે અને એની રૂએ તો આપણે સર્વના સંપૂર્ણ મિત્રો છીએ. સર્વ આપણા મિત્રો છે જ, એ ભાવનાના પાયા વિના તો ધર્મની ઇમારત ઊભી રહી શકતી જ નથી.

દોષાભાવપ્રતિપાદન–અષ્ટક

[૨૮]

अन्यस्त्वाहास्य राज्यादिप्रदाने दोष एव तु ।
महाधिकरणत्वेन तत्त्वमार्गेऽविचक्षणः ॥१॥

તત્ત્વમાર્ગમાં અવિચક્ષણ કોઈ કહે છે કે જગદ્ગુરુ (યુગાદિદેવ) એ પોતાના પુત્રાદિને જે રાજ્યાદિપ્રદાન કર્યું તે રાજ્યાદિ મહાઅધિકરણ રૂપ હોવાથી તેમણે ઘણો મોટો દોષ જ સેવ્યો છે.

अप्रदाने हि राज्यस्य नायकाभावतो जनाः ।
मिथो वै कालदोषेण मर्यादाभेदकारिणः ॥२॥
विनश्यन्त्यधिकं यस्मादिह लोके परत्र च ।
शक्तौ सत्यामुपेक्षा च युज्यते न महात्मनः ॥३॥
तस्मात्तदुपकाराय तत्प्रदानं गुणावहम् ।
परार्थदीक्षितस्यास्य विशेषेण जगद्गुरोः ॥४॥

ગ્રન્થકાર ભગવાન ઉત્તર આપતાં કહે છે : જો જગદ્ગુરુ રાજ્યાદિ વ્યવસ્થા ન કરે તો અવસર્પિણીકાળના દોષથી પરસ્પરની મર્યાદાઓનો ભંગ કરનારા લોકો પોતાના માથે કોઈ નાયક ન હોવાથી આ લોકમાં ય પરસ્પર લડીને નાશ પામે અને એ પાપોથી પરલોક પણ બરબાદ કરે તેમ હતું. જગદ્ગુરુ આ મહાદોષ દૂર કરવાની શક્તિવાળા હતા. શક્તિ છતાં મહાત્માઓથી એની ઉપેક્ષા થાય નહિ. એટલે જ પરાર્થકરણમાં જ ઉદ્યત એવા જગદ્ગુરુને માટે તો વિશેષે કરીને એ જીવોના ઉપકાર માટે રાજ્યાદિપ્રદાન કરવાનું અત્યંત ગુણાવહ બનતું હતું.

एवं विवाहधर्मादौ तथा शिल्पनिरुणे ।
न दोषो ह्युत्तमं पुण्यमित्थमेव विपच्यते ॥५॥

આ રીતે જગદ્ગુરુએ વિવાહાદિના ધર્મોનું અને શિલ્પાદિનું જે શિક્ષણ આપ્યું તેમાં પણ કોઈ દોષ નથી. તીર્થંકરનામકર્મ આ રીતે જ એના વિપાકની સન્મુખ બનતું જાય છે.

किञ्चेहाधिकदोषस्य सत्त्वानां रक्षणं तु यत् ।
उपकारस्तदेवैषां प्रवृत्त्यङ्गं तथाऽस्य च ॥६॥

વળી જગદ્ગુરુએ મહાદોષોથી જીવોનું જે રક્ષણ કર્યું તે રક્ષણ એ જીવો ઉપરનો ઉપકાર જ હતો ને? આમ જગદ્ગુરુની આ રાજ્યાદિદાન પ્રવૃત્તિ પણ એમના ઉપકારકરણનું એક અંગરૂપ જ બની ગઈ છે.

नागादे रक्षणं यद्वद्वर्त्ताद्योकर्षणेन च ।
कुर्वन्न दोषवांस्तद्वदन्यथा सम्भवादयम् ॥७॥

ખાડામાં પડેલા બાળકને સર્પદંશથી ઉગારી લેવા માટે માતા જેમ તે બાળકને શરીરને ઉઝરડા પાડીને પણ બહાર ખેંચી કાઢે છે તો તે-બીજો કોઈ રસ્તો જ ન હોવાથી-દોષિત ગણાતી નથી તેમ પ્રસ્તુતમાં પણ સમજવું.

इत्थं चैतदिहैष्टव्यमन्यथा देशनाऽप्यलम् ।
कुधर्मादिनिमित्तत्वाद्दोषायैव प्रसज्यते ॥८॥

મહાદોષનિવૃત્તિના લક્ષથી અલ્પદોષની ક્ષન્તવ્યતાને જો સ્વીકારવામાં નહિ આવે તો તીર્થંકરો દેશના પણ નહિ દઈ શકે કેમકે સેંકડો નયવાળી દેશનાથી જ જુદા જુદા નયને કદાગ્રહપૂર્વક પકડી લઈને મિથ્યાદૃષ્ટિ લોકો કુધર્મની સ્થાપનાનો દોષ ઊભો કરે છે.

વિવેચના

જગદ્‌ગુરુ પરમાત્માના વર્ષીદાન વિષેનો વિચાર સ્પષ્ટ થઈ ગયો.

આ અષ્ટકમાં જગદ્‌ગુરુ આદિનાથ ભગવંતે ગૃહસ્થ જીવનમાં પુત્રોને રાજ્ય આપ્યું, બ્રાહ્મી–સુંદરીને લૌકિક કળાઓ શીખવી.. એ શું તેમણે બરોબર કર્યું છે ? એ વિચારવાનું છે.

આ વિચાર કરવા પૂર્વે આચાર્ય ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજા જગદ્‌ગુરુના ગૃહસ્થપર્યાયમાં પણ એમને જગદ્‌ગુરુ કહીને જ સંબોધે છે એ વાત નજર ઉપર આવી જાય છે. પૂર્વના અષ્ટકમાં પણ 'જગદ્‌ગુરુએ વર્ષીદાન દીધું' એમ કહ્યું છે; અહીં પણ જગદ્‌ગુરુ યુગાદિદેવ પુત્રોને રાજ્યાદિદાન કરે છે એમ કહેવામાં આવ્યું છે.

આ વાત આપણે અવશ્ય નજર ઉપર લેવી જોઈએ. મહાપુરુષો સહજમાં પણ જે વાત લખતા હોય તેની પાછળ પણ ગંભીર અર્થનો દરિયો ઘૂઘવતો હોય છે. જેને આંખ હોય તે જ જોઈ શકે; જેને કાન હોય તે જ એના પડછંદા સાંભળી શકે.

ગૃહસ્થજીવનના તારકોના આત્માને 'જગદ્‌ગુરુ' તરીકે સંબોધીને ગ્રન્થકાર ભગવંતે શાસ્ત્રમાન્ય ચાર નિક્ષેપાને અંતઃકરણથી અભિવાદન કર્યું છે.

ચાર નિક્ષેપા :

નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ એમ ચાર નિક્ષેપ છે.

આજની સ્થૂલભાષામાં નિક્ષેપનો અર્થ કરીએ તો એમ કહી શકાય કે વસ્તુને ઓળખવાની એક પ્રકારની રીતિ.

કોઈ પણ વસ્તુને ઓળખવી હોય તો ચાર રીતે ઓળખવી પડે.

દા.ત. વડાપ્રધાન જવાહરલાલ નહેરૂની ઓળખ ત્રણ વર્ષનો નાનો બાળક માંગતો હોય તો 'નહેરૂ' નામ ઓળખાવવું પડે; 'નહેરૂ'નું

છાપાં વગેરેમાં આવેલું ચિત્ર કે આવલું દેખાડવું પડે; નહેરૂનો બાલ્યકાળ કહેવો પડે અને 'નહેરૂ' પોતે વડાપ્રધાન તરીકે કેવા હતા તે સમજાવવું પડે.

ટક....ટક....ટક....અવાજ કરતી સામે પડેલી વસ્તુ શું છે ? એમ એક બાળક પિતાને પૂછે છે ત્યારે તે ચાર વાત કરે છે. તેને કહે છે કે એ વસ્તુનું નામ 'ઘડિયાળ' છે; કેલેન્ડરમાં ચિત્રરૂપ ઘડિયાળને દેખાડીને કહે છે કે આ તે જ ઘડિયાળ છે. ઘડિયાળના જુદા જુદા ભાગ બતાવીને કહે છે કે આમાંથી આવી ઘડિયાળ બને છે. ભાંગીને બગડી ગએલી ઘડિયાળ જો ઘરમાં પડી હોય તો તેને ય દેખાડીને સમજાવે છે કે આ પણ એક વાર ઘડિયાળ હતી. એટલે આ ટક.... ટક....ટક કરતી વસ્તુને ઘડિયાળ કહેવાય છે.

ખરા–મોટા વાઘને બાળકને ઓળખ આપવા માટે (૧) વાઘનું નામ.... 'વા' 'ઘ' (૨) વાઘનું રમકડું; (૩) બાળ વાઘની વાતો. વાઘનું ચામડું જરૂરી બને છે. એ પછી એ બાળકને અમદાવાદના પ્રાણી સંગ્રહાલયમાં લઈ જઈને ખરો–વાઘ દેખાડવામાં આવે છે.

જગતની કોઈ પણ વસ્તુની ઓળખ માટે નામ (વસ્તુનું નામ), સ્થાપના (વસ્તુની આકૃતિ), દ્રવ્ય (વસ્તુની પૂર્વાપર અવસ્થા), ભાવ (વસ્તુ પોતે) એ ચાર નિક્ષેપાની જરૂર પડે છે.

'ઘ''ડિ''યા''ળ'એ નામ પણ ઘડિયાળ કહેવાય છે. ઘડિયાળનું ચિત્ર પણ ઘડિયાળ છે. ઘડિયાળના જુદા જુદા ભાગો કે જેમાંથી ઘડિયાળ બનવાની કહેવાય છે, અને ભાંગીને તૂટી ગએલી ઘડિયાળ એ પણ ઘડિયાળ કહેવાય છે. હા, પહેલી ભાવી ઘડિયાળ, બીજી માજી ઘડિયાળ.... પણ ઘડિયાળ તો ખરી જ. અને દીવાલે ટીંગાયેલી, સમય દેખાડતી ઘડિયાળને પણ ઘડિયાળ કહેવાય છે.

આમ જગતની કોઈ પણ વસ્તુનાં ચાર સ્વરૂપ નક્કી થયા :

નામસ્વરૂપ, સ્થાપનાસ્વરૂપ, દ્રવ્યસ્વરૂપ અને ભાવસ્વરૂપ.
નામનિક્ષેપામાં વસ્તુનું નામ (અક્ષરો) આવે.
સ્થાપનાનિક્ષેપામાં વસ્તુની આકૃતિ આવે.
દ્રવ્યનિક્ષેપામાં વસ્તુની પૂર્વક–અપર અવસ્થા આવે.
ભાવનિક્ષેપામાં વસ્તુનું વ્યવસ્થિત રૂપ આવે.

સામાન્યતઃ જગતની કોઈ પણ વસ્તુ નામરૂપે, સ્થાપનારૂપે, દ્રવ્યરૂપે અને ભાવરૂપે વિદ્યમાન હોય જ. જૈનાગમો કહે છે કે જે વસ્તુનો ભાવનિક્ષેપો વસ્તુના નામ, સ્થાપના અને દ્રવ્ય પણ સુંદર ગણાય; જેનો ભાવનિક્ષેપો સુંદર હોય તે સુંદર હોય, તેના નામાદિ ત્રણેય અસુંદર ગણાય.

જેને વિનોબા ભાવે (ભાવનિક્ષેપાથી) ગમે છે તેને એમનું નામ, એમનું ચિત્ર વગેરે પણ ગમે જ. જે રાષ્ટ્રભક્તને 'નાથુરામ ગોડસે' નથી ગમતો તેને તેનું નામ સાંભળવાનું કે તેનું ચિત્ર પણ જોવાનું નથી જ ગમતું. તેના બાલ્યકાળના જીવનની વાતો પણ સાંભળવી ગમતી નથી.

રાષ્ટ્રભક્ત ગાંધીના નામને ય શિર નમાવે છે, ગાંધીના બાવલાને ય શિર નમાવે છે. કોઈ દેશદ્રોહી ગાંધીના નામ ઉપર કે બાવલા ઉપર થૂંકે તો એ જરા ય બરદાસ્ત કરી શકતો નથી.

અને 'ગોડસે' તરફની એ ઘૃણાવૃત્તિને કારણે ગોડસેના નામ ઉપર, એના ચિત્ર ઉપર કોઈ થૂંકે તો એને કશું ય દુઃખ થતું નથી.

આ હકીકત ઉપરથી એ વાત સુપેરે સમજાઈ જાય છે કે જે વ્યક્તિનું પોતાનું ભાવાત્મક સ્વરૂપ પૂજ્ય, તેના નામાદિ પણ પૂજ્ય.... એટલાં જ પૂજ્ય કે જેટલી તે વ્યક્તિ પૂજ્ય. એ જ રીતે જે વ્યક્તિ પોતે નિન્દ્ય; તો તેના નામાદિ પણ એટલા જ નિન્દ્ય.

આ વાત ખૂબ જ સહેલાઈથી સમજાય તેવી હોવા છતાં કેટલાકોને મંજૂર બનતી નથી એ ભારે દુઃખની વાત છે.

એ લોકો તીર્થંકરોને અનુલક્ષીને એમ કહે છે કે વ્યક્તિનો ભાવનિક્ષેપ પૂજ્ય માની શકાય, પણ સ્થાપનાનિક્ષેપ પૂજ્ય ન જ માની શકાય. કેમકે ભાવનિક્ષેપ તો ચેતનસ્વરૂપ છે, જ્યારે સ્થાપનાનિક્ષેપ તો જડ છે. બેયના ફળ સરખાં કેમ હોઈ શકે ?

ભાવાત્મક ગાય દૂધ દે પરંતુ ગાયનું રમકડું થોડું દૂધ દે ? ભલેને એને ય આંચળ હોય, એને ગાય કહેવાતી હોય !

ખૂબી તો એ વાતની છે કે આવી દલીલ કરીને સ્થાપનાનિક્ષેપની પૂજ્યતાને ઉડાડી દેનારો વર્ગ નામનિક્ષેપને પૂજ્ય માને છે. એ નામ પણ જડ હોવા છતાં !!!

તો શું ગાય....ગાય...ગાય....એવું નામ બોલવાથી કાંઈ દૂધની ધાર છૂટી જતી હશે ખરી ?

જેમ ગાયનું રમકડું ય દૂધ દેતું નથી તેમ ગાયનું નામ પણ દૂધ દેતું નથી. છતાં ગાયનું રમકડું નામંજૂર અને નામ મંજૂર ! એ કયી જાતનો તર્ક છે ?

જો ભાવઅરિહંતનું નામ જડ છતાં એમનું નામ પૂજ્ય, સ્મર્ત્તવ્ય, કીર્તનીય...તો એ જ અરિહંતની પ્રતિમા જડ છતાં કેમ અપૂજ્ય ! અસ્મર્ત્તવ્ય ! અકીર્ત્તનીય !

ન્યાય તો તુલ્ય હોય ને ? જડ તો નામ અને સ્થાપના બે ય છે ને ?

જો નામજપથી ભાવનું સ્મરણ થવાના કારણે નામ જડ છતાં મંજૂર હોય તો સ્થાપનાના દર્શનથી પણ ભાવની સ્મૃતિ થાય જ છે, નામ કરતાં ય વધુ સારી સ્મૃતિ આંખ સામે આકૃતિ ખડી થઈ જતાં થાય છે...તો પછી ભાવનું સ્મરણ કરાવવાની તાકાત તો નામ કરતાં સ્થાપનામાં વધી જાય છે છતાં સ્થાપના જડ...જડ... કહીને કેમ નામંજૂર થાય છે.

પૂર્વે તો આ વર્ગ સ્થાપનાનિક્ષેપો જ માન્ય કરતો ન હતો.... પછી એને તો માન્ય કર્યો પરંતુ એની પૂજ્યતા માન્ય કરતો નથી.

અહીં પણ એક આશ્ચર્ય તો એ જાણવા જેવું છે કે એ વર્ગ પદ્માવતીજી, ઘંટાકર્ણ, હનુમાનજી વગેરેની સ્થાપનાને નમસ્કાર કરવા માટે જરા ય નારાજ નથી, ઘરમાં પણ પોતાના ફોટાઓ ટીંગાડીને સ્થાપનાનિક્ષેપાને માન્ય કરવામાં જરા ય નારાજ નથી; એ ફોટા ઉપર કોઈ થૂંકે તો લાલપીળા થઈને સ્થાપનાનિક્ષેપાની પૂજ્યતાદિને મંજૂર કરવામાં ય પાછા પડતાં નથી... પણ જ્યારે 'અરિહંત'ની પ્રતિમાની વાત આવે છે ત્યાં કોણ જાણે શાથી એકદમ છલાયમાન, કોપાયમાન થઈ જાય છે! શાથી આમ થતું હશે એ તો એ વર્ગ જ જાણે. અસ્તુ.

આપણે તો અહીં એટલું જ કહેવું છે કે અરિહંતના ભાવ-નિક્ષેપની જેમ નામ અને સ્થાપના બે ય નિક્ષેપ ચૈતન્યસ્વરૂપ ન હોવા છતાં, બે ય જડ હોવા છતાં ચૈતન્યસ્વરૂપ ભાવ અરિહંતના સ્મારક છે, માટે અવશ્ય પૂજ્ય છે. બેમાંથી એક જડ છતાં પૂજ્ય અને બીજો જડ છતાં અપૂજ્ય એ ભેદ જિનાગમોને મંજૂર નથી.

હવે રહ્યો દ્રવ્યનિક્ષેપાની વાત. દ્રવ્યનિક્ષેપ પણ અરિહંતની ભાવનિક્ષેપની પૂજ્યતાના કારણે અવશ્ય પૂજ્ય છે.

પ્રશ્ન : પૂજ્યાપૂજ્યતાની વાત તો પછી કરજો. દ્રવ્યનિક્ષેપ જ માનવા લાયક કે નહિ તે તો કહો? વસ્તુની પૂર્વ–અપર અવસ્થામાં એ વસ્તુનો આરોપ શી રીતે થઈ શકે? ભાવ અરિહંતને તો અરિહંત કહેવાય પરંતુ એમના પૂર્વીય ગૃહસ્થજીવનને અને ભાવી સિદ્ધ પર-માત્માની અવસ્થાને દ્રવ્ય અરિહંત શી રીતે કહેવાય? અમને તો આ દ્રવ્યનિક્ષેપનો ભેદ જ જચતો નથી.

ઉત્તર : સારું. આખું ય જગત આ નિક્ષેપને માન્ય કરે છે, અને એ જ જગતના વતની તમને આ નિક્ષેપ નથી જચતો? ભલે....

કહો ભલા, આવતી કાલે યુવરાજ થનારને જૂના વખતમાં લોકો આજે શું કહેતાં ? 'રાજા' જ ને ?

પ્રશ્ન : પણ ભાવી રાજા ને ?

ઉત્તર : કબૂલ. ભાવી....ભાવી....પણ ભાવી તે ય 'રાજા' તો ખરો જ ને ?

સારું. એ રીતે કોઈ પદભ્રષ્ટ થઈ જતાં રાજાને પણ રાજા કહેવાતો કે નહિ ? તમે આજની ભાષામાં 'માજી રાજા' કહેવા માંગતા હો તો ભલે તેમ જ કહો પણ માજી તે ય રાજા તો ખરો ને ?

જેનું વર્ષો પહેલાં જ ખૂન થઈ ગયું તે રોબર્ટ કેનેડી અમેરિકન-પ્રમુખપદની પેટા ચૂંટણીઓમાં વિજય મેળવતા ગયા એટલે લોકો તેમને 'પ્રેસિડેન્ટ' તરીકે જ સંબોધવા લાગી ગયા હતા. ભલે 'ભાવી' પરંતુ પ્રેસિડેન્ટ તો કહેવાઈ ગયા ને ?'

જ્યારે પ્રેસિડેન્ટપદના હોદ્દા ઉપર રહેલા જ્હોનસન સાહેબ એ હોદ્દાથી નિવૃત્ત થયા ત્યારે ય લોકો તેમને 'પ્રેસિડેન્ટ' કહેશે.... હા....'માજી' એટલું પદ પૂર્વમાં લગાડીને જ તો...પણ પ્રેસિડેન્ટ તો કહેશે ને ?

આ જ વ્યવહાર વસ્તુની પૂર્વ-પશ્ચાત્ અવસ્થાના સ્વરૂપનો દ્રવ્ય-નિક્ષેપ માન્ય કરવાનું સાબિત કરી જાય છે.

"જે વ્યક્તિ હજી પ્રેસિડેન્ટ થઈ નથી, અને જે વ્યક્તિ હવે પ્રેસિડેન્ટ પદના હોદ્દાથી નિવૃત્તિ થઈ જાય છે તે વ્યક્તિઓને 'પ્રેસિડેન્ટ' કેમ કહેવાય ? ભલે પછી તેને ભાવી...કે માજી.... શબ્દ લગાડવામાં આવે.... પ્રેસિડેન્ટ તો પ્રેસિડેન્ટ પદ ઉપર આરૂઢને જ કહેવાય ને ?"

આ દલીલ હવે ઊભી કરી શકાય તેમ નથી.

રે ! જગતમાં કોઈ પણ એવી વ્યક્તિ નથી કે જે દ્રવ્યનિક્ષેપને માન્ય કરતી ન હોય ?

જગતમાં જેટલા લોકો જન્મ્યા છે તે બધા કોઈને કોઈ માતાથી જન્મ્યા છે. સાક્ષાત્ કે પરંપરયા માતા વિના જન્મ પામેલું બાળક કદી સંભવે નહિ.

હવે એક બાળકની વાત લઈએ. એ બાળકની ઉંમર ૧૦ વર્ષની છે. એની માતા તરીકે જે સ્ત્રી છે તેની ઉંમર ૩૦ વર્ષની છે. હવે તમે તે બાળકને પૂછો કે, "તારી માતાની ઉંમર કેટલી છે?" તો ઝટ તે જવાબ દેશે કે ૩૦ વર્ષ!

શું આ વાત સાચી છે? માતાની ઉંમર ૧૦ વર્ષની ગણાય? કે ૩૦ વર્ષની? જો બાળકની ઉંમર ૧૦ વર્ષની છે તો માતા પણ ૧૦ જ વર્ષની કહેવાય. કેમકે ૧૦ વર્ષથી જ તે માતા બનેલી છે. તે પૂર્વના તેની જિંદગીનાં ૨૦ વર્ષ તો તે સ્ત્રી જ હતી. માતા ન હતી. તો પછી શા માટે એ સ્ત્રીના ત્રીસે ય વર્ષ માતા તરીકેની જિંદગીમાં ગણી લેવામાં આવે છે? કોઈ પણ સ્ત્રી જન્મતાંની સાથે માતા બનતી જ નથી!!!

છતાં આવો વ્યવહાર થાય છે એ દ્રવ્યનિક્ષેપાને માન્ય કરી જાય છે. જે સ્ત્રી છે તે માતા ન બની હોય તો ય માતા બનવાની યોગ્યતા તો તેનામાં જન્મતાંની સાથે જ હોય છે. જેમ પુરુષમાં બાપ બનવાની યોગ્યતા જન્મતાંની સાથે જ હોય છે.

એટલે એ સ્ત્રીના પ્રથમનાં વીસ વર્ષ માતા બનવાની યોગ્યતાવાળા અને પછીનાં દસ વર્ષ માતા બની ચૂકયાના એમ બે ય ભેગા કરીને ૩૦ વર્ષ માતા તરીકેના જ ગણી લેવામાં આવ્યા.

આ ઉપરથી નક્કી થયું કે ભાવમાતા તરીકેનાં ૧૦ વર્ષ સાથે દ્રવ્યમાતા તરીકેનાં ૨૦ વર્ષની પણ પેલા બાળકે 'માતા' ના જ જીવનકાળમાં ગણતરી કરી છે.

બસ ત્યારે, એ ૨૦ વર્ષ તે જ દ્રવ્યમાતા તરીકેનો એ સ્ત્રીનો

કાળ. આમ દ્રવ્યમાતાના ૨૦ વર્ષ + ભાવમાતાના ૧૦ વર્ષ = ૩૦ વર્ષ માતાની ઉંમર કહેવાય તે વાત બિલકુલ બરોબર બની જાય છે.

તો હવે નક્કી થઈ ગયું ને કે ભાવનિક્ષેપની જેમ દ્રવ્યનિક્ષેપ પણ જગતને મંજૂર છે?

બેશક, ભાવની જેવો જ દ્રવ્યની સાથે સઘળો વ્યવહાર થતો નથી. છતાં ભાવનું બળ તો તેનામાં આવે જ છે.

માજી કે ભાવી વડાપ્રધાનનું પણ સામાન્ય માનવો કરતાં કાંઈક વધુ મૂલ્ય તો હોય જ છે. ભાવાત્મક વડાપ્રધાનનું હીર જેટલું વધુ બળવાન, વધુ પુણ્યવાન, તેટલું વધુ બળવાન તેનું માજી કે ભાવી વડાપ્રધાનનું પણ સ્વરૂપ.

તીર્થંકર દેવના ચાર નિક્ષેપા હવે મૂળ વાત ઉપર આવી જઈએ. તીર્થંકર ભગવંતોનું ભાવ તીર્થંકરત્વ જો આપણને માન્ય હોય તો તેમની પૂર્વાવસ્થા તીર્થંકર નામકર્મની નિકાચના કરી ત્યારથી માંડીને તીર્થંકર થયા, ત્યાં સુધીની-ભાવી તીર્થંકર તરીકે આપણને માન્ય હોવી જ જોઈએ.

એ રીતે એમની પશ્ચાત્ અવસ્થા-સિદ્ધ પરમાત્મા તરીકેની-માજી તીર્થંકર તરીકે સ્વીકાર્ય બનવી જ જોઈએ.

એમનું સિદ્ધત્વ તો અતિ વધુ પૂજ્ય બને છે એટલે આપણે પશ્ચાત્ અવસ્થાનો દ્રવ્યનિક્ષેપ અહીં વિચારતાં નથી. પરંતુ જે પૂર્વાવસ્થાનો દ્રવ્યનિક્ષેપ છે તે જ વિચારીએ છીએ કેમકે એક વર્ગ એમ માને છે કે તીર્થંકરની પૂર્વાવસ્થાને પણ શા માટે તીર્થંકરતુલ્ય ગણવી?

આ મુદ્દો બરોબર નથી. આપણે ભગવાન મહાવીરદેવને અનુલક્ષીને આ વાત વિચારીએ. જો તીર્થંકર ભગવાન મહાવીર પૂજ્યતમ હતા તો રાજકુમાર વર્ધમાન પણ પૂજનીય કેમ ન ગણાય? જે

વ્યક્તિ આવતી કાલે જગદ્‌ગુરુ બનવાની છે એને આજે પણ જગદ્‌ગુરુ તરીકે કેમ ન બિરદાવાય? રે! આ તો લૌકિક ન્યાય છે?

હા, અમે એમ નથી કહેતાં કે આજથી જ એમની તીર્થંકર તરીકે જ પૂજા શરૂ કરી દેવી....ના, જરા ય નહિ. કેમકે આજે તેઓ જગદ્‌ગુરુ તુલ્ય છે, જગદ્‌ગુરુ તો હજી નથી જ. પરંતુ જગદ્‌ગુરુ-તુલ્યતાનો પણ ઇન્કાર કેમ કરવામાં આવે છે? એમને આપણા જેવા છદ્મસ્થમાત્ર માની લેવામાં કેમ આવે છે?

રે! પૂર્વાવસ્થામાં જગદ્‌ગુરુતુલ્ય મનાયા હતા માટે જ એમના ચ્યવન, જન્મ અને દીક્ષા કલ્યાણકોની દેવેન્દ્રોએ પણ ઉજવણી કરી હતી. મારા, તમારાની કલ્યાણક-ઉજવણી કેમ થતી નથી?

આનો એક જ જવાબ છે કે ભાવીમાં જે જગદ્‌ગુરુ બનવાના હોય તેઓ પૂર્વના ત્રીજા ભવથી જગદ્‌ગુરુતુલ્ય અત્યન્ત પૂજનીય ગણાય.

બેશક, દ્રવ્યનિક્ષેપાના એ દ્રવ્યઅરિહંત સ્વરૂપ દસમા દેવલોકના દેવાત્માને, એ રાજકુમાર વર્ધમાનને, એ શ્રમણશિરોમણિ મહાવીરને તીર્થંકર નામકર્મનો વિપાક-ઉદય તો ન જ હતો. છતાં એ વિપાકોદય ભાવીમાં થવાનો છે એ વાત જ્યારથી એમના માટે સુનિશ્ચિત થઈ ગઈ ત્યારથી એ તીર્થંકરતુલ્ય તીર્થંકર જ કહેવાય. જગદ્‌ગુરુતુલ્ય જગદ્‌ગુરુ જ કહેવાય. આથી જ ભગવાન હરિભદ્રસૂરિજી મહારાજા (દ્રવ્ય) જગદ્‌ગુરુ તરીકે જ ભગવાન વીરને સંબોધીને તેમણે કરેલા વર્ષીદાનની વાત કરી ચૂક્યા; જગદ્‌ગુરુ તરીકે સંબોધીને જ તેમણે કરેલી દ્રવ્યાનુકમ્પાની વાત કરી ચૂક્યા; અને હવે યુગાદિદેવની ગૃહસ્થ અવસ્થામાં તેમણે જે રાજ્યાદિદાન કર્યું તે, 'જગદ્‌ગુરુના ગૃહસ્થ-આત્માએ રાજ્યાદિદાન કર્યું' એમ ન કહેતાં સ્પષ્ટ શબ્દોમાં 'જગદ્‌ગુરુએ રાજ્યાદિદાન કર્યું' એમ કહી દે છે.

આ બધા ય વિધાનની પાછળ દ્રવ્યનિક્ષેપો અને તેની (પ્રસ્તુતમાં) પૂજ્યતાને સર્વાંશે માન્ય કરવાનું તેઓ આપણને સૂચન કરી જાય છે. આપણે તેને અંતરથી સ્વીકારી લઈએ.

હવે આપણે ગ્રન્થકાર અને ટીકાકારની સાથે સાથે ચાલીએ.

આદિનાથ પ્રભુએ કરેલ રાજ્યવ્યવસ્થા

અહીં પ્રશ્ન એ ઊભો કરવામાં આવ્યા છે કે યુગાદિદેવ જગદ્ગુરુ આદિનાથ ભગવંતે પોતાના પુત્રો સંબંધમાં વિચારણા વગેરેને જે રાજ્યાદિદાન કર્યું તે શું ઉચિત કર્યું છે? પ્રશ્નકારનું કહેવું એ છે કે જગદ્ગુરુએ આ કાર્ય કરીને ઘણો દોષ સેવ્યો છે. કેમકે રાજ્યાદિદાન તો કેટકેટલા ભયાનક આરંભ સમારંભનું તથા માંસાહાર, પંચેન્દ્રિય જીવહત્યાદિનું કારણ છે? 'રાજેશ્વરી તે નરકેશ્વરી' એવી સામાન્યોક્તિમાં જરા ય અત્યુક્તિ નથી. રાજ્યાદિ પદો જ એવાં છે કે જેના નાયકને તાણીને નરકમાં લઈ જાય. આવા દુર્ગતિના અમોઘ કારણરૂપ રાજ્યાદિને શાસ્ત્રભાષામાં અધિકરણ જ નહિ મહાધિકરણ કહેવાય છે.

કોઈને વનોનાં વન બાળી નાંખવા સહાયક થવું, ખૂનખાર જંગ ખેલવા શસ્ત્રાદિ આપીને મદદગાર થવું એ કેટલું બધું અનિચ્છનીય ગણાય? તેથી પણ વધુ અનિચ્છનીય જગદ્ગુરુની રાજ્યાદિદાન પ્રવૃત્તિ ગણી શકાય.

ગ્રન્થકાર ભગવંત જવાબ વાળતાં કહે છે કે, જગદ્ગુરુની સામે આવો આક્ષેપ તો તે જ કરી શકે જેને શાસ્ત્રના મર્મોનું જ્ઞાન નથી. જે માત્ર શાસ્ત્રો વાંચી ગયો અને એનાં પૂર્વાપર સંબંધના પરામર્શાથી પ્રાપ્ય ઐદમ્પર્યોના અનુપમ ઊંડાણને ન પામ્યો તેવા વિચક્ષણ (!!!) પંડિતને જ આવો પ્રશ્ન ઉદ્ભવી શકે. (૧)

પ્રથમ વાત તો એ છે કે જગદ્ગુરુએ પુત્રાદિને જે રાજ્યાદિ પ્રદાન કર્યું તે જગદ્ગુરુ તરીકેના ભાવનિક્ષેપની અવસ્થામાં નથી કર્યું પરંતુ જગદ્ગુરુ તરીકેની દ્રવ્યનિક્ષેપની ગૃહસ્થ અવસ્થામાં કર્યું છે.

તીર્થંકર તરીકેની જગદ્ગુરુની અવસ્થામાં તેઓ કદાપિ તેમ કરે જ નહિ...કર્યું પણ નથી, એટલું જ નહિ પણ જે સમયમાં તીર્થંકર થયા ન હતા તેવા સાધુજીવનના સાધનાકાળમાં પણ તેમણે નમિ-વિનમિ આદિને રાજ્યાદિદાન વગેરેની પ્રવૃત્તિમાં, કાકલુદીભરી વિનવણીઓ છતાં સીધો કે આડકતરો પણ ભાગ ભજવ્યો નથી એ વાત સર્વવિદિત છે.

એમ કરવાનું કારણ એમની ત્રિવિધ પ્રતિજ્ઞા હતી, એવી પ્રતિજ્ઞાના પાલનનું સાધુજીવન હતું.

જે સમયે એમણે રાજ્યાદિદાનની પ્રવૃત્તિ કરી છે તે સમયે ન તો તેઓ તીર્થંકર હતા કે ન તો તેઓ શ્રમણ હતા. તે વખતે તો તેઓ ગૃહસ્થજીવનમાં વિદ્યમાન હતા. એટલે આ સમયમાં એમણે કરેલી રાજ્યાદિદાનની પ્રવૃત્તિ વસ્તુતઃ વાંધાભરી છે જ નહિ. એટલે એની સામે કોઈ પ્રશ્ન ઉઠાવી શકાય તેમ જ નથી. છતાં પ્રશ્નકારે પ્રશ્ન ઉઠાવ્યો છે તે એમ સમજીને ઉઠાવ્યો છે કે, "ગૃહસ્થજીવનમાં પણ તેમનાથી તે મહાદોષવાળી પ્રવૃત્તિ કેમ થઈ શકે? બીજા ગૃહસ્થો ગમે તે કરે, પરંતુ આ તો ભાવી પણ જગદ્‌ગુરુ જ છે. તેમનાથી આવી પ્રવૃત્તિ કેમ થાય?

સામાન્ય ગૃહસ્થ અને ભાવી-જગદ્‌ગુરુ-ગૃહસ્થને તુલ્ય કેમ માની લેવાય? રે! ભાવી જગદ્‌ગુરુનું ગૃહસ્થજીવન પણ એવું હોવું જરૂરી છે કે તેમનુ એ જીવન પણ બીજા ગૃહસ્થજીવન જીવતાં લોકો માટે આદર્શરૂપ બને?

જગદ્‌ગુરુની જગદ્‌ગુરુતા માત્ર તીર્થંકર તરીકેના ભાવનિક્ષેપામાં સીમિત નથી; એ સર્વનો વ્યાપ્ત છે માટે જ મહાદોષરૂપ રાજ્યાદિપ્રદાનનું કાર્ય એની સાથે છાજતું નથી."

પ્રશ્નકારના પ્રશ્નનું આ સ્પષ્ટીકરણ છે. ગ્રન્થકાર ભગવંત આ પ્રશ્નનું સમાધાન કરતાં જણાવે છે કે સારામાં સારો રસ્તો એ જ છે કે સાધુ થઈ જવું....જગદ્‌ગુરુએ એ જ રસ્તો પછીથી અપનાવ્યો હતો.

પરંતુ જ્યાં સુધી ઘરબાર ત્યાગીને સાધુ બનાય નહિ ત્યાં સુધી ઘરમાં રહીને, રાજ્ય-સિંહાસન ઉપર બેસીને....તે તે કક્ષાને માટે ઉચિતનો ત્યાગ કરી શકાય નહિ. ધર્માત્માઓ જે સ્થાને હોય ત્યાંનું જે ઔચિત્ય હોય તેનું પાલન અવશ્ય કરે; હા....એની સાથે એમનો ઉજ્જ્વળ ધર્માભિમુખભાવ ઓછામાં ઓછાં પાપની અને વધુમાં વધુ

ધર્મની શક્યતાઓ તપાસતો જ રહે. પરંતુ એવું તો ન જ બને કે અલ્પતમ પાપની શક્યતાને પણ જોઈને તેઓ અધિકતમ ધર્મની શક્યતા તરફથી પણ મોં ફેરવી લે અને ઔચિત્યને અવગણી નાંખે....

વ્યવસ્થા ન કરતાં ઊભી થનારી મહા-અવ્યવસ્થા

જો યુગાદિદેવે પોતાના પુત્રોને રાજ્યાદિની વહેંચણી કરી આપી જ ન હોત તો તે તે પ્રદેશોના તે તે નાયકોની નિયુક્તિના અભાવે ત્યાંની પ્રજામાં મોટી અંધાધૂંધી વ્યાપી જાત. લૌકિક ન્યાય, નીતિ જેવું કશું જ રહેત નહિ, પ્રજામાં શાન્તિ જોવા ન મળત, અશાન્ત વાતાવરણમાં ધર્મ પણ ન જ સંભવે. અવસર્પિણી કાળનો એ મહિમા છે કે દિવસે દિવસે લોકો એકબીજાની નૈતિક મર્યાદા વગેરે ધર્મોને તોડવાના તામસભાવની તરફ જ વધુ ને વધુ ધસતાં રહે. જ્યાં મર્યાદાનો મહાબંધ ન તૂટે ત્યાં સદાચારનાં સેંકડો નગરો ઉપર અસદાચારના ઘોડાપૂર ફરી વળે. ન મળે લોકોને આ જીવનમાં શાન્તિ, ન મળે એમને પરલોકમાં સદ્ગતિ. રે! માથે નાયક હોય ત્યારે પણ કયાંક કયાંક આ અવસર્પિણી કાળ પોતાનો આસુરીભાવ પ્રગટ કરતો રહે છે તો સમગ્રપ્રજાનો કોઈ પણ નાયક જ ન હોય તો તે કાળ પોતાનો ભાવ ભજવવામાં શી બાકી રાખે?

એક બાજુ આ પરિસ્થિતિને જગદ્ગુરુએ જ્ઞાનબળથી નિહાળી છે અને બીજી બાજુ એ પરિસ્થિતિનો ઉકેલ લાવવાની પોતાની શક્તિ ઉપરનો પૂર્ણ વિશ્વાસ અનુભવી રહ્યા છે.

સર્વત્ર દુઃખો ઊભરાય, સર્વત્ર પાપો ફેલાય અને જગદ્ગુરુનો અપૂર્વ શક્તિથી, બુદ્ધિથી, પુણ્યથી સંપન્ન આત્મા એ બધું ય ભાવી બસ જોયા જ કરે? લોકોને દુઃખમય અને પાપમય જીવન જીવતાં રહેવા જ દે? અને સહુને એ ભારેલા અગ્નિ ઉપર એમને એમ મૂકીને એ આત્મકલ્યાણ કરવા માટે ઘરબાર છોડીને ચાલ્યા જાય?

કરુણાસભર આત્મદ્રવ્ય

નહિ....નહિ....જે જગદ્ગુરુ છે, હજી જે ગૃહસ્થ-જીવનમાં છે, એમનાથી આવી ભયાનક ઉપેક્ષા થઈ શકે

જ નહિ. રે ! એમની જગદ્ગુરુતા જ એમને આવી ઉપેક્ષા કરવા દે જ નહિ.

ઘોર દુઃખોની ઝડી વરસવાની તૈયારી આંખ સામે દેખાતી હોય, પાપવાસનાના પ્રચંડ પૂરમાં તણાઈ જતાં અગણિત જીવો દેખાતા હોય અને જગદ્ગુરુ એમને એમ જોયા કરે ? કશું ય કર્યા વિના સ્વાત્મકલ્યાણ માટે મહેલ મૂકીને વનમાં ચાલ્યા જાય ? નહિ...નહિ બીજા ગમે તે માટે આવી શકયતા પણ વિચારી શકાય પરંતુ જગદ્ગુરુ માટે તો ન જ વિચારી શકાય.

કેમકે એ તો જગજ્જનની છે. સર્વ જીવ પ્રત્યેની કરુણાની ભાવનામાંથી તો આ જગદ્ગુરુતાનો જન્મ થયો છે.... એ કરુણાની ખરેખરી બજવણી કરવાના સમયે એ જગદ્ગુરુ નિષ્કરુણ બની જાય ખરા ? રે ! એમની કરુણાભાવના જ પેલા ભાવીમાં સંભવિત દુઃખો અને વિશેષતઃ તો પાપોને જોઈ જ ન શકે !

કરુણાએ જ તીર્થંકરનામકર્મનો બંધ કર્યો ! કરુણાએ જ નાભિકુલકરને ત્યાં જન્મ આપ્યો ! કરુણાએ જ તો એ ઘરબાર ત્યાગવાના છે ! કરુણા જ તો એમને દીક્ષિત જીવન બક્ષે છે...જગતના જીવોને ઘરબાર છોડવાની વાત આચારના મૂંગા મહાન ઉપદેશથી એમને સમજાવવી છે, લોકોને પાપમુક્ત કરવા છે માટે જ તો ઘરબાર છોડે છે....રાજા ભરતને આરીસાભુવનમાં કૈવલ્ય ભલે થાય પણ જગજ્જનની તીર્થંકરને કદી પણ રાજમહેલમાં કૈવલ્ય ન થાય, કેમકે એ તો જગતની મા છે. એના કાર્યક્ષેત્રમાં (mission) સર્વને ઘરબારમુક્ત કરવાની વાત મુખ્યત્વે પડેલી છે. એ માટે તો એણે જાતે ઘરબાર છોડવા જ પડે.

જોયું ને ? માતા તીર્થંકરની દીક્ષા સાપેક્ષતાથી પણ પરાર્થની જ એક મહત્ત્વની સાધનાનું જ અંગ બને છે.

હા. શુદ્ધનિશ્ચયનયથી બીજી વાતો જરૂર કહી શકાય. પણ આપણે તો ઘરબાર ત્યાગવારૂપ વ્યવહારદીક્ષાની વાત કરીએ છીએ એટલે એ

દીક્ષાનું પ્રયોજન પણ મુખ્યત્વે વ્યાવહારિક શું છે તે જ વિચારવું જોઈએ ને? ભગવાન હરિભદ્રસૂરિજી કહે છે કે તીર્થંકરોનો આત્મા પરાર્થદીક્ષિત હોય છે.

અહીં 'દીક્ષિત'નો અર્થ કૃતનિશ્ચયી લેવો, કેમકે હજી જગદ્ગુરુ પરાર્થ માટે દીક્ષિત થયા નથી એ વખતની રાજ્યાદિપ્રદાનની આપણે વાત કરી રહ્યા છીએ.

પર માટે જ જેઓ ઉદ્યમી છે એવા જગદ્ગુરુ ભાવીની સંભવિત અંધાધૂંધી સામે આંખમીંચામણાં કરી શકે જ નહિ. રે! કોઈ પરાર્થ-રસિક સામાન્ય સુજન પણ પરદુઃખની અવગણના કરી શકતો નથી તો પરાર્થરસિકતાના ગુણની ટોચે બિરાજેલા જગદ્ગુરુ તો એ દુઃખોની અને એની જનેતા પાપોની કારમી અંધાધૂંધીનું વિશદ દર્શન કરીને પણ એ જીવોની અવગણના કેમ જ કરી શકે?

હવે અહીં પ્રશ્ન એ જ ઊભો થાય છે ને કે આ ભાવીમાં સંભવિત અંધાધૂંધીનું નિવારણ કરવા માટે જગદ્ગુરુને રાજ્યાદિપ્રદાન વ્યવસ્થાનું મહાપાપ કરવું પડે છે તેનું શું?

રે! હવે તો આ પ્રશ્ન આપમેળે ઉકલી જાય છે.

જગદ્ગુરુની નજરમાં હવે બે જ વિકલ્પ રહ્યા છે: પહેલો ભાવીની ભયંકર અંધાધૂંધીથી ઉત્પન્ન થનારાં સિતમગાર પાપોની તરફ આંખ-મીંચામણા કરીને બેસી રહેવાનો અને રાજ્યાદિપ્રદાનનું પાપ નહિ કરવાનો.

બીજો વિકલ્પ રાજ્યાદિપ્રદાનનું પાપ વહોરી લઈને ભાવીની ભયાનક પાપોની સંભવિત હેલીને અટકાવી દેવાનો.

આ સિવાય ત્રીજો કોઈ વિકલ્પ જ નથી. તો હવે શું કરવું? પાપ તો બે ય વિકલ્પમાં છે જ.

રાજ્યપ્રદાનમાં ૧૦૦ ગુણ પાપ છે તો રાજ્યપ્રદાનના એ પાપથી નિવૃત્ત રહેવાથી સર્જાનારાં ભાવી પાપો ૧ અબજ ગુણ છે.

આ બેમાંથી જ જો પસંદગી કરવાની હોય તો શું કરવું ?

જગદ્‌ગુરુની જગદ્‌ગુરુતા અહીં જ ઝળકે છે. નાનકડા પાપના પ્યાલાનો વિચાર કરનાર જગદ્‌ગુરુ પાપોના સ્વયંભૂરમણસમુદ્રનો વિચાર ન કરે તો જગદ્‌ગુરુ શેના ?

શૂળીની પણ સજા છે ! સોયની પણ સજા છે ! બેમાંથી એક પસંદ કર્યે જ છૂટકો હોય તો, સોયમાં ય દુઃખ તો છે ને ! એમ વિચારીને દુઃખભીરુ આત્મા સોયની સજાની નાપસંદગી કરે તે ચાલે બરું ? તો ય બીજી ભયાનક સજા ત્રાટકયા વિના તો રહેનાર જ નથી.

આવા સમયે નાની સજાની પસંદગી એ હકીકતમાં દુઃખની પસંદગીરૂપ નથી બનતી, કિન્તુ મહાદુઃખની નાપસંદગી સ્વરૂપ જ બને છે. એ જ રીતે જગદ્‌ગુરુએ રાજ્યાદિપ્રદાનનો જે પાપદોષ સેવ્યો એ કોઈ એ દોષની અનુમોદના સ્વરૂપ ન હતો પરંતુ ભાવીના ભયાનક પાપદોષોની નાપસંદગીમાંથી, ન છૂટકે સ્વીકાર કરવા સ્વરૂપ હતો.

જગદ્‌ગુરુની એ વખતની પરિસ્થિતિ, અને એમાંથી એમણે કાઢેલા માર્ગની પાછળનો મહાદોષનિવૃત્તિનો હેતુ જો લક્ષમાં લાવીશું તો રાજ્યાદિપ્રદાનના અલ્પદોષસેવન સામે વાંધો ઉઠાવવાની કલ્પના પણ નહિ ઉદ્‌ભવે.

હવે તો એમ કહેવું પડશે કે જો જગદ્‌ગુરુએ પુત્રોને રાજ્યનું અપ્રદાન કર્યું હોત તો તે અપ્રદાન જ મહાધિકરણ–દુર્ગતિનું નિમિત્ત બની જાત.

પુત્રોને જે રાજ્યપ્રદાન કર્યું છે એ અલ્પતમ પાપદોષ સેવન દ્વારા ગુરુતમ પાપદોષના સેવનની સંભાવનાઓનો ભુક્કો બોલાવી દેવા માટે જ કર્યું છે. માટે આવા શુભતમ હેતુપૂર્વકનું રાજ્યપ્રદાન એ સ્વરૂપી જ પાપ કહી શકાય. અનુબંધતઃ તો સુંદર કક્ષાનો ધર્મ જ કહેવો જોઈએ.

સ્વરૂપતઃ જ પાપને જિનાગમો વસ્તુતઃ પાપ કહેતાં નથી.

અનુબંધનઃ પાપ જ વસ્તુતઃ પાપ કહેવાય છે, એ વાત આપણે સદાના માટે સ્મરણમાં રાખવી જોઈએ. (૪)

જગદ્ગુરુએ જેમ પુત્રોને રાજ્યપ્રદાન કર્યું તેમ કેટલાકને વિવાહ-વિધિ વગેરેનું પણ શિક્ષણ આપ્યું હતું. લગ્નજીવન શું છે? લગ્ન-વ્યવહાર કોની સાથે થાય? લગ્નવ્યવહાર શા માટે કરવાનો? વગેરે વિવાહ ધર્મો પણ એમણે શીખવ્યા હતા. એ રીતે રાજ્યવ્યવસ્થા, કુલ-વ્યવસ્થા, ગ્રામવ્યવસ્થા વગેરે ધર્મો પણ સમજાવ્યા હતા; એમણે પાકશાસ્ત્ર, શિલ્પશાસ્ત્ર, નીતિશાસ્ત્ર વગેરે શાસ્ત્રોનો પણ બોધ આપ્યો હતો.

આ બધાયની પાછળ એમનો જે હેતુ હતો તે ભાવીમાં સંભવિત મર્યાદાનાશ, ધર્મનાશ, સુખનાશ, શાન્તિનાશ વગેરેના અટકાવ માટે જ હતો. માટે જ આ બધું શિક્ષણ સંસારિકકર્મોનું શિક્ષણ હોવા છતાં એમના માટે લેશ પણ દોષનું નિમિત્ત બન્યું ન હતું. અલ્પ પણ અસુંદર અશુભકર્મબંધનું જનક બન્યું ન હતું.

ફરી એ વાત યાદ કરી લો કે આ જગદ્ગુરુનો આત્મા છે. ગૃહસ્થજીવનમાં એમની જગદ્ગુરુતાનું આ જ સ્વરૂપ હોઈ શકે.... મહાદોષોથી જગતના જીવોને નિવૃત્ત કરવા તે....

જગદ્ગુરુનું જે તીર્થંકરનામકર્મ ભાવીમાં વિપાકોદયને પ્રાપ્ત થવાનું છે તે તીર્થંકરનામકર્મ આવી પ્રવૃત્તિથી જ વિપાકોદયની સન્મુખ બનવા લાગે છે. એ ઉત્કૃષ્ટ શુભકર્મ સૂર્યના અરુણોદયકાળમાં તે તે સ્થાનનું તે તે ઔચિત્ય-સેવન પૂરબહારમાં પ્રગટ થયા વિના રહે જ નહિ.

હા. એટલું જરૂર કે એ ઔચિત્ય સેવનમાં પણ સર્વત્ર લક્ષ્ય તો મહાદોષનિવૃત્તિનું જ હોય. એ માટે જ ક્વચિત્ અલ્પદોષ સેવન સંભવિત બનતું હોય.

એ ઔચિત્ય સેવન કાંઈ એવું અન્ધ નથી કે ગમે ત્યાં મહાદોષના માર્ગે પણ એ ઘસી જાય જ ન કહેવાય. (૫)

મહાદોષના નિવારણાર્થ અલ્પદોષ સેવન ક્ષન્તવ્ય છે

ગ્રન્થકારશ્રી કહે છે કે રાજદાન, શિલ્પકરણાદિ પ્રદાનના દોષ કરતાં, એ દોષ ન સેવે તો જે મહાદોષોની—પરસ્પરની હત્યા, વ્યભિચારાદિ દોષોની-શકયતા છે તે મહાદોષોનું નિવારણ કરીને જીવોનું રાજ્યાદિ-વ્યવસ્થા કરીને જગદ્ગુરુએ જે રક્ષણ કર્યું છે તે જ તેમનો મોટામાં મોટો ઉપકાર છે. એટલે જગદ્ગુરુએ તો જગતના જીવોના ઉપકારની પ્રવૃત્તિના અંગ સ્વરૂપે જ રાજ્યાદિદાનકાર્ય કર્યું છે.

ટૂંકમાં, જગદ્ગુરુની કોઈ પણ પ્રવૃત્તિ જગદુપકારમાં જ પરિણામવાના સ્વભાવવાળી હોય છે. પ્રસ્તુત રાજ્યાદિદાન પ્રવૃત્તિ પણ મહાદોષથી જગતના જીવોને નિવૃત્ત કરવાના ઉપકાર કરવા સ્વરૂપ જ બની જાય છે. એટલે જગદુપકારક બનતી પ્રવૃત્તિમાં દોષ કહી શકાય નહિ.

અન્યત્ર પણ કહ્યું છે કે શિલ્પાદિવિધિનું શિક્ષણ અંશતઃ ભલે સદોષ હોય પરંતુ બહુદોષનું નિવારક હોવાથી જ તે નિર્દોષ ગણાય. આથી જ તો જગદ્ગુરુએ એ જગદુપકારક પ્રવૃત્તિ આચરી હતી. (૬)

જિનાગમોનો એક જ પ્રાણવિચાર છે કે આત્માએ પરમાત્મપદ પામવાની આરાધના કરવી.

જેટલું ઉત્કૃષ્ટ સ્વાત્મહિત જે માર્ગે આચરી શકાય તેમ હોય તેટલું ઉત્કૃષ્ટ સ્વાત્મહિત તે માર્ગની આચરણ દ્વારા હાંસલ કરવું.

એ માટે શકય હોય તો યાવજ્જીવ અનશન કરવું, શકય હોય તો યાવજ્જીવ મૌન રહેવું, પરંતુ જો તે શકય ન હોય તો ઓછામાં ઓછી છૂટ લઈને જરાક નીચે ઉતરવું. યાવજ્જીવ અનશન અશકય હોય તો માસખમણને પારણે માસખમણ કરવું. પણ તે ય સમાધિપૂર્વક શકય ન હોય તો એથી પણ નીચે ઉતરવું. યાવત્ નિત્ય નવકારશી સુધી પણ ઊતરી શકાય. પરંતુ આ સ્થિતિ સુધી તે જ જઈ શકે જેનું લક્ષ્ય તો એની ચરમકાષ્ટાને જ આંબવામાં એકાગ્રતા સાધી ચૂકયું હોય. જેને જેટલા નીચે ઉતરવું પડે તેનું પારાવાર દુઃખ હોય,

જેને ફરી કયારે જલદી ઉપર ચડી જવાય તેની ભાવના તીવ્રતાને પામેલી જ રહેતી હોય.

આવા મુમુક્ષુઓને ખાવા છતાં ઉપવાસી કહ્યા છે, બોલવા છતાં મૌની કહ્યા છે, ઊંઘવા છતાં અપ્રમત્ત કહ્યા છે.

જિનશાસન નીચેથી ટોચ ઉપર જવાની વાત કરતું નથી. ટોચ ઉપરથી નીચે ન છૂટકે ઊતરતા જવાની વાત કરે છે. પહેલી હરણફાળ તો ટોચના લક્ષે જ હોવી જોઈએ. આથી જ યોગ્ય ભવ્યાત્માને પ્રથમ તો સર્વવિરતિનો જ ઉપદેશ અપાય છે ને ?

કહેવાનો આશય એ છે કે જે મોક્ષસાધનામાં લક્ષ ટોચશુદ્ધિનું હોય ત્યાં ન છૂટકે જેટલી પણ અશુદ્ધિ જીવનમાં ઉતારવી પડતી હોય તે અશુદ્ધિ એ આત્માને હાનિકર નીવડવાની શક્તિ ધરાવતી હોતી નથી. કેમકે આચરણની અશુદ્ધિ કરતાં અંતરની શુદ્ધિનું બળ અત્યન્ત જાજ્વલ્યમાન હોય છે.

જગદ્‌ગુરુ તો વિશુદ્ધમોક્ષના સફળ પથિક બની ચૂકયા જ હતા. તેમણે પણ જે રાજ્યાદિદાનની પ્રવૃત્તિ કરી છે તે જગતના જીવોની મહા અવિશુદ્ધિના નિવારણ માટે જ કરી છે. આટલો બધો ઉત્કૃષ્ટ પરાર્થ કરવા જતાં એમને રાજ્યાદિદાન કાર્યનો દોષ જરૂર લાગે છે પરંતુ એ દોષ, કસૂવાવડી બાઈને મરેલા બાળક જેવો નિષ્પ્રાણ હોય છે. ભલે એને દોષ કહો....દેખાવે દોષ છે માટે....પરંતુ તેને મરેલો જ દોષ કહેવો પડશે.

સાધનાના વિચારપંથમાં ઉચ્ચતમ લક્ષથી જરા પણ નીચે ન ઊતરીએ તે ચાલી શકે તેમ છે; સાધક પણ તેને જ કહેવાય કે જે વિચારમાર્ગના ટોચ-સ્થાનેથી તસુભર પણ પીછેહઠ કરતો નથી. પરંતુ પોતાના સંઘયણાદિબળની દુર્બળતાના કારણે તેને આચાર-માર્ગના ટોચ-બિંદુ ઉપર સ્થિર રહેવાનું કે સ્પર્શવાનું પણ સૌભાગ્ય પ્રાપ્ત થઈ શકે તેમ નથી. એટલે જ દરેક સાધકના વિચારનું બળ એકસરખું

હોય તો પણ તેમના આચારમાં લાખો પ્રકારો પડી જાય છે. કોઈ ટોચ-લક્ષની ખૂબ નજીક હોઈ શકે છે, કોઈ એથી વધુ દૂર હોય છે, કોઈ ઘણો દૂર પણ હોઈ શકે છે

આવી આચારમાર્ગની વિભિન્નતા હોવા છતાં તે મુમુક્ષુઓ મોક્ષ પામવા માટે એકસરખા અધિકારી બને છે. કેમકે દરેકના વિચારમાં તો મોક્ષ સિવાય બીજું કોઈ જ રમતું નથી. ભલે એક સાધક નિત્યભોજી હોય, ભલે એક સાધક નિત્યસ્નાન હોય, ભલે એક સાધક અત્યંત જડ હોય....છતાં તે બધા ય મહાત્મા, વૈયાવૃત્યકર અને મહાજ્ઞાની-ઓની જેમ મોક્ષમાર્ગને જરૂર પામી શકે છે, જો તેમની નજરમાં મોક્ષપદ જ રમતું હોય તો.

આમ થવાનું કારણ એ છે કે આચારમાં નીચે-નીચે ઊતરતા મુમુક્ષુઓ બીજી કોઈ ને કોઈ રીતે વિશિષ્ટ લાભ મેળવવા, કે મહા-દોષથી નિવૃત્ત થવાના લક્ષથી જ આચારમાં નીચે ઊતરતા હોય છે. તપ કરવા જતાં કષાયો, પ્રમાદ કે રસલાલસા વધુ પીડતી હોય અને વધુ પાપો કરાવતી હોય તો જ તો મહાત્માઓ તપના યોગથી નીચે ઊતરવાનું પસંદ કરતાં હોય છે. અથવા તો તપ કરવાથીય જે આત્મહિત થતું હોય તેનાથી ઘણું વધુ આત્મહિત સ્વાધ્યાયથી થતું ગીતાર્થ ગુરુને જણાતું હોય તો તે શિષ્યને બાહ્યતપ મુકાવીને અભ્ય-ન્તરતપ-સ્વાધ્યાયના માર્ગે પણ વાળી દેવામાં આવે છે;

સર્વત્ર એક જ લક્ષ: મોક્ષ ટૂંકમાં, અમુક યોગના રસ્તેથી પીછેહઠ કરો, રસ્તો બદલો કે એ જ રસ્તે દોડો....એ બધું ય મોક્ષના વિશુદ્ધલક્ષવાળાને હિતમાં જ પરિણમતું રહે છે. એવા મુમુક્ષુઓ કોઈ પણ પ્રકારની દેહાદિની આસક્તિથી કોઈ પણ પ્રવૃત્તિને મંદ પાડતા હોતા નથી. માટે તેમનો લઘુતમ આચાર પણ શિથિલાચાર ગણાવવાને લાયક બનતો નથી.

જો આ રીતે પીછેહઠ, માર્ગબદલી વગેરે ઉપાયો યોજવામાં ન

આવે અને ચુસ્ત રીતે ઉચ્ચતમ આચારને વળગી રહેવામાં આવે અને તેથી મુમુક્ષુના જીવનમાં મોટો અનાર્થ મચી જવાની શક્યતા ઊભી થતી હોય તો કોઈ પણ મુમુક્ષુ માટે એ રીતે તે આચારને વળગી રહેવાનું કાર્ય હિતકર બને નહિ. એવા મોટા અનર્થના અવશ્યંભાવી આગમનને નિવારવા માટે તેણે લઘુતર કે લઘુતમ અનર્થને પણ સ્વીકારી લેવો એ જ તેની આરાધના ગણાય.

કોઈ પણ ઉત્સર્ગમાર્ગમાં 'અતિ' થાય અને તે આત્માને માટે અહિતકર નીવડવાની શક્યતા ઊભી કરે તો તરત જ અપવાદ-માર્ગે જરાક નીચે, એથી પણ વધુ જરાક નીચે ઊતરી જવું જોઈએ. મુદ્દામાં એક જ વાત નજરમાં રહેવી જોઈએ કે આત્માનું અહિત ન જ થવું જોઈએ. આ માટે જ તો અપવાદ માર્ગની યોજના કરવામાં આવી છે ને?

શાસ્ત્રકાર ભગવંતો આ વાતને સમજાવવા એક દૃષ્ટાન્ત આપે છે.

એક સ્ત્રી છે. તેનું બાળક રમતું રમતું દૂર ચાલી જાય છે. ધીરે રહીને બાડામાં ઊતરે છે. થોડી વાર પછી તે જ બાડામાં એક નાગ આવતો જુએ છે. હવે શું કરવું? માતા એકદમ દોટ મૂકે છે. બાવડું ઝાલીને બાળકને બાડામાંથી બહાર ખેંચી કાઢે છે. આમ કરવા જતાં બાળકના શરીરે ઉઝરડા પડી જાય છે. પણ બાળકના પ્રાણ અવશ્ય ઊગરી જાય છે.

માતા 'હાશ!' કરીને દમ ખેંચે છે.

બાળકના શરીરે ઉઝરડા પડ્યાનું નુકસાન તો થયું પણ પ્રાણ-નાશના નુકસાનમાંથી ઉગારી લીધાના મહાલાભ આગળ તે નુકસાનને માતા જરા ય વિસાતમાં ગણતી નથી. એને 'નુકસાન' જ માનતી નથી.

જગદ્‌ગુરુએ પુત્રોને રાજ્યાદિદાન કર્યું એથી દોષ જરૂર લાગ્યો પણ તેટલો દોષ લગાડ્યા વિના છૂટકો જ નહોતો. કેમકે એટલા દોષની ચિન્તા કરવા જાય તો રાજ્યમાં ફેલાઈ જનારી અંધાધૂંધીનો

મહાદોષ ત્રાટકયા વિના રહેનાર ન જ હતો. એટલે જ આ મહાદોષથી બચવાના લક્ષે સેવાએલો અલ્પદોષ એ ખરેખર અલ્પતમ દોષ હતો. વસ્તુતઃ દોષ જ ન હતો. કેમકે અંતર પરાર્થકરણની વિશુદ્ધ ભાવનાથી ઊભરાઈ ગયું હતું. (૭)

જો અધિક દોષના નિવારણ માટે અલ્પદોષની ક્ષન્તવ્યતાની વિચારણા નામંજૂર કરવામાં આવે તો મોટી આપત્તિ આવે.

પછી તો તીર્થંકર ભગવંતો દેશના પણ નહિ દઈ શકે, કેમકે દેશના દે છે. માટે જ કુધર્મો જન્મ પામે છે ને? તીર્થંકરની દેશના સેંકડો નયવાકયોથી સંપન્ન જ હોય. મહામિથ્યાદૃષ્ટિ આત્માઓ એમાંથી કોઈ એક વાકયને પકડી લે અને તેના કદાગ્રહી બની જાય એટલે તે જ નયવાકય દુર્નય બનીને કુધર્મને જન્મ આપે.

આથી જ દરેક નયવાકયને મહામિથ્યાત્વી આત્માઓ મિથ્યાત્વનું જનક બનાવી શકે છે. જગતમાં આ રીતે જો મિથ્યાધર્મો વધે અને વ્યાપે તો એના કરતાં ભગવંત દેશના જ ન દે તો કેવું સુંદર? પછી કોઈ મિથ્યાધર્મના ઉદ્ભવની શકયતા જ નહિ ને?"

કેવો છે આ વિચાર? શું મિથ્યાધર્મોના ઉદ્ભવના દોષની વાસ્તવિક શકયતાને લક્ષમાં લઈને ભગવંતે દેશના ન દેવી?

રે! જો એ દોષના વિચારથી દેશનાદાન નહિ કરવામાં આવે તો એ જ દેશનાથી બોધ પામીને આત્મકલ્યાણ સાધનારા અગણિત આત્મકલ્યાણ સાધનારા અગણિત આત્માઓનું શું થશે? ભીમ ભયાનક સંસારમાંથી એમનો ઉદ્ધાર કોણ કરશે? અનંતકાળની એ કારમી રખડપટ્ટી ઊભી રાખવાનો મહાદોષ દેશનાના અદાનમાંથી જન્મ્યો તેનું શું? જો દેશનાદાન કરે તો અગણિત જીવોના આત્મકલ્યાણનો મહાગુણ પ્રાપ્ત થાય છે, એમની ભાવીમાં સંભવિત ભયાનક સંસારયાત્રાનો મહાદોષ નિવૃત્ત થાય છે, પણ એની સાથે સાથે મિથ્યાદૃષ્ટિ આત્માઓ એ જ દેશનામાંથી કોઈ નયવાકયને પકડી લઈને, દુર્નય બનાવીને

કુમત ચલાવે એ દોષ પણ લાગુ થાય છે. તો શું કરવું ? આ પ્રશ્નને હવે વિચારની એરણ ઉપર ચડાવવાની જરૂર જ રહેતી નથી. આખું અષ્ટક વિચાર્યા પછી તો હવે બેધડક કહી શકાય કે દ્વેશના દ્વેવી જ જોઈએ, અસ્વય દ્વેવી જોઈએ.

આ ગૌરવ-લાઘવના વિચારનો ન્યાય જગતનાં સર્વક્ષેત્રોમાં સર્વ-લોકો લગાડે છે. રે ! સ્ત્રી જેવી તુચ્છબુદ્ધિવાળી જાત પણ કુટુંબીજનોને ક્ષુધાના મહાદુઃખમાંથી નિવૃત્ત કરવા માટે સગડી પાસે શેકાવાનું દુઃખ સહર્ષ પસંદ કરી લે છે ! પતિ માટે અને બાળકો માટે ભોજન બનાવતાં ગમે તેટલી ગરમી લાગે તો ય તેને એ દુઃખ કદી ગણ્યું નથી કે કોઈની પાસે રોયું નથી.

આ તો બે–ચાર બાળકોની મા ! જ્યારે જગદ્ગુરુ ? જગતના સર્વજીવોની મા ! એમના સુખ ખાતર-એમની દુઃખનિવૃત્તિ ખાતર એ શું શું ન વેઠે ? એમાં આશ્ચર્ય પણ શું છે કેમ આશ્ચર્ય નહિ ? કેમકે એ જગન્માતા છે.

સામાયિકસ્વરૂપનિરૂપણ—અષ્ટક

[૨૯]

सामायिकञ्च मोक्षाङ्गं परं सर्वज्ञभाषितम् ।
वासीचन्दनकल्पानामुक्तमेतन्महात्मनाम् ॥१॥

સર્વજ્ઞભાષિત સામાયિક જ ઉત્કૃષ્ટ કક્ષાનું મોક્ષ-કારણ છે. આવું સામાયિક વાસી-ચન્દનકલ્પ મહાત્માઓને હોય છે.

निरवद्यमिदं ज्ञेयमेकान्तेनैव तत्त्वतः ।
कुशलाशयरूपत्वात्सर्वयोगविशुद्धितः ॥२॥

વસ્તુતઃ આ સામાયિક જ એકાન્તે નિરવદ્ય છે. સર્વ-યોગની અહીં વિશુદ્ધિ હોવાથી આ સામાયિક (ચારિત્ર) જ કુશલાશય સ્વરૂપ કહેવાય.

यत्पुनः कुशलं चित्तं लोकदृष्ट्या व्यवस्थितम् ।
तत्तथौदार्ययोगेऽपि चिन्त्यमानं न तादृशम् ॥३॥

બૌદ્ધોએ લૌકિક દૃષ્ટિએ કહેવાતું જે કુશળચિત્ત કહ્યું છે તેમાં ભલે ઔદાર્યાદિનો યોગ હોય પરંતુ ઊંડી વિચારણા કરતાં તે ચિત્ત પણ કુશળચિત્ત તરીકે તો ન જ ગણી શકાય.

मय्येव निपतत्वेतज्जगद्दुश्चरितं यथा ।
मत्सुचरितयोगाच्च मुक्तिः स्यात्सर्वदेहिनाम् ॥४॥

બુદ્ધના કહેવાતા કુશળચિત્તની આ ભાવના છે કે, "જગતના જીવોના સઘળાં પાપકર્મો મારામાં જ સંક્રમી જાઓ અને મારા સુચરિત્રના ફળરૂપે સર્વજીવો મોક્ષમાં જાઓ.

असम्भवीदं यद्वस्तु बुद्धानां निर्वृतिश्रुतेः ।
सम्भवित्वे त्वियं न स्यात्तत्रैकस्याप्यनिर्वृतौ ॥५॥

બુદ્ધની આ ભાવના અસંભવિત વસ્તુની છે કેમકે આજ સુધીમાં ઘણાં બુદ્ધો નિર્વાણપદ પામી ગયાનું તેમનાં

શાસ્ત્રમાં જે કહ્યું છે તે શી રીતે બન્યું ? અને જો સર્વના દુષ્કર્મોનો બુદ્ધમાં સંક્રમ થઈ જવાનું સંભવિત હોય તો જ્યાં સુધી એક પણ આત્મા સંસારમાં રહે ત્યાં સુધી એક પણ બુદ્ધની નિવૃત્તિ સંભવશે જ નહિ.

तदेवं चिन्तनं न्यायात्तत्वतो मोहसङ्गतम् ।
साध्ववस्थान्तरे ज्ञेयं बोध्यादेः प्रार्थनादिवत् ॥६॥

આમ ઉક્તચિન્તન ન્યાય દૃષ્ટિથી, નિશ્ચયનયથી વિચારતાં વીતરાગ અવસ્થામાં મોહસંગત સાબિત થાય છે. હા, સરાગ અવસ્થામાં આવું ચિંતન પ્રશસ્ય કરી શકાય; જેમ જૈનો આરોગ્ય અને બોધિલાભાદિની વીતરાગ પાસે (ભક્તિભાવથી) અશક્યની યાચના કરે છે તેમ.

अपकारिणि सद्बुद्धिः विशिष्टार्थप्रसाधनात् ।
आत्मम्भरित्वपिशुना तदपायानपेक्षिणी ॥७॥

વળી વ્યાઘ્રાદિ ભૂખ્યા પશુને પોતાનો દેહ ધરી દેવાની બુદ્ધની કરુણાભાવના પણ કુશલાશયરૂપ ન કહી શકાય, કેમકે અપકારી વ્યાઘ્રાદિથી પોતાને કર્મનાશની સિદ્ધિ થાય છે અને તે વખતે તે અપકારી સુંદર કરી રહ્યો છે એટલી જ બુદ્ધિ થાય છે. આ તો માત્ર સ્વહિતનો સ્વાર્થ-વિચાર કહેવાય જેમાં બીજાને થતાં નુકસાનને જોવાની–એથી દુઃખિત થવાની–વાતને કોઈ સ્થાન જ નથી.

एवं सामायिकादन्यदवस्थान्तरभद्रकम् ।
स्याच्चित्तं तत्तु संशुद्धैर्ज्ञेयमेकान्तभद्रकम् ॥८॥

આમ સામાયિકભાવથી અન્ય કોઈ પણ કુશળચિત્ત સરાગ અવસ્થામાં ભલે સુંદર ગણાતું હોય પણ સામાયિક-ભાવનું કુશળચિત્ત તો સર્વથા શુદ્ધ હોવાથી સર્વ અવસ્થામાં સુંદર બની રહે છે.

વિવેચના :

જગદ્ગુરુ તીર્થંકરભગવંતો પુત્રોના રાજ્યાદિદાન કરીને, જગતના જીવોને વર્ષીદાન કરીને યાવજ્જીવનું સામાયિક વ્રત ઉચ્ચરે છે.

સામાયિકનું સ્વરૂપ તે સામાયિક શું છે? એ વિચાર પ્રસ્તુત અષ્ટકમાં આવે છે.

સામાયિક પદમાં બે શબ્દો પડેલા છે: **'સમ'** અને **'આય'**.

રાગદ્વેષની વાસનાઓના કારણે જીવાત્મા જે સુખ-દુઃખાદિની વિષમતાઓ ઉત્પન્ન થાય છે એ વૈષમ્યથી મુક્ત થવું અને રાગદ્વેષમાં સમત્વ પ્રાપ્ત કરવું—એટલે કે રાગની સામગ્રીમાં રાગ ન કરવો અને દ્વેષની સામગ્રીમાં દ્વેષ ન કરવો એવા સમત્વનો જે લાભ ('આય') થવો તે જ સામાયિક કહેવાય. જેને અહીં સર્વવિરતિ ચારિત્ર તરીકે લેવાનું છે. જ્યાં ચારિત્ર હોય ત્યાં જ્ઞાન અને દર્શન હોય જ; કેમકે દર્શન-જ્ઞાન ચારિત્રમાં ઉત્તર ઉત્તરની પ્રાપ્તિમાં પૂર્વ-પૂર્વની પ્રાપ્તિનો નિયમ કહ્યો છે. હા, પૂર્વની પ્રાપ્તિમાં ઉત્તરની પ્રાપ્તિ હોય પણ ખરી અને ન પણ હોય.

તત્ત્વાર્થસૂત્રકાર ભગવાન ઉમાસ્વાતિજીએ પ્રથમ અધ્યાયના પ્રથમ-સૂત્રમાં સમ્યગ્દર્શન-જ્ઞાન ચારિત્ર-એ ત્રણે ય ભેગા મળીને મોક્ષનો માર્ગ બને છે એમ 'મોક્ષમાર્ગઃ' પદના છેડે મૂકેલા એકવચનથી સૂચિત કર્યું છે.

ગ્રન્થકાર ભગવંત પણ અહીં એ જ વાત કરે છે કે જે આત્માઓ રાગદ્વેષની વિષમતાથી મુક્ત થાય છે તે સમત્વશાલી આત્માઓને સામાયિક ભાવ પ્રાપ્ત થયો કહેવાય છે. આવું તેમનું સામાયિક અવશ્ય મોક્ષપદ આપે છે.

મોક્ષનું પ્રધાન કારણ:સામાયિક આ સામાયિકભાવ જ મોક્ષપદ આપી શકે તેમ છે. બુદ્ધ વગેરેએ કલ્પેલા કુશળચિત્ત વગેરે નહિ જ. એ વાત પણ શ્લોકમાં મૂકેલા એવકાર અર્થવાળા 'ચ' શબ્દના પ્રયોગથી સૂચિત થાય છે.

જો તે 'च' શબ્દનો 'પુન' અર્થ લઈએ તો ઉપરોક્ત અર્થ ન કરતાં એ પ્રમાણે અર્થ કરવો કે પૂર્વે જગદ્‌ગુરુના જે રાજ્યદાન, મહાદાનની વાતો કરી તે રાજ્યદાનાદિ સાક્ષાત્ તો સ્વર્ગપ્રાપક જ બને છે. કેમકે દાનમાત્ર પુણ્યબંધનું જ મુખ્યત્વે કારણ છે; જ્યારે આ સામાયિકભાવ તો મોક્ષનું સીધું કારણ બની રહે છે.

પ્રશ્ન : જો આ રીતે સામાયિકભાવને–ચારિત્રને મોક્ષાંગ કહેશો તો દર્શન-જ્ઞાનની મોક્ષાંગતાનું શું થશે? શાસ્ત્રમાં તો દર્શન-જ્ઞાનને પણ મોક્ષના કારણ કહ્યા છે?

ઉત્તર : બરાબર છે. દર્શન-જ્ઞાન મોક્ષના કારણ ખરાં પરન્તુ પરમ્પરયા મોક્ષનું સાક્ષાત્ કારણ તો સામાયિક (ચારિત્ર) જ છે.

દર્શન-જ્ઞાન તો એ ચારિત્રને પ્રાપ્ત કરાવી આપવા દ્વારા મોક્ષનું કારણ બને. એટલે મોક્ષનું કારણ સામાયિક, અને સામાયિકનું કારણ દર્શન–જ્ઞાન કહેવાય.

શાસ્ત્રમાં કહ્યું છે કે જે જ્ઞાનાધિક મુમુક્ષુ છે તેનું જ્ઞાન પૂજાય છે કેમકે એ જ્ઞાન જ એને ચારિત્રનો યોગ-ક્ષેમ કરી આપવા દ્વારા મોક્ષપદ પમાડી આપે છે.

આવું સામાયિક સર્વજ્ઞભગવંતોએ સ્વમુખેથી વર્ણવ્યું છે.

એમણે કહ્યું છે માટે જ સામાયિકના આ સ્વરૂપનું આપણને જ્ઞાન થયું છે. મોક્ષ અને તેના સાધક અંતરંગ ભાવો આપણા માટે અતીન્દ્રિય છે એટલે એ પદાર્થોનું જ્ઞાન આપણને થઈ શકે તેમ નથી. માટે જ શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે અતીન્દ્રિય પદાર્થોનું જ્ઞાન માત્ર શાસ્ત્રગમ્ય છે. એ પદાર્થોના અસ્તિત્વની સિદ્ધિ માટે આગમ પ્રમાણ સિવાયનાં પ્રત્યક્ષાદિ પ્રમાણો અકિંચિત્કર છે.

જ્યાં બુદ્ધિ થાકીને અટકે છે ત્યાંથી શ્રદ્ધા થાય છે. બુદ્ધિનાં ક્ષેત્રની હદ આવી ગયા પછી જ વર્તમાનકાળમાં તો શ્રદ્ધાની સીમા શરૂ થતી દેખાય છે. દરેક વાતમાં આજના બુદ્ધિપ્રધાન વર્ગ પ્રત્યક્ષ

પ્રમાણની માગણી કરે છે. પણ મોક્ષાદિ પદાર્થોમાં પ્રત્યક્ષ પ્રમાણકાર જ કરતું ન હોય ત્યાં શું થાય ?

નાકેથી જ કીડી જોવાનો કોઈ આગ્રહ કરે તો શું થાય ?

આગમ પ્રમાણથી જ સાધ્ય મોક્ષાદિ પદાર્થોને પ્રમાણન્તરથી સિદ્ધ કરી શકાય તેમ નથી. શ્રદ્ધાનાં સીમાડાં તો આજે ભડકે બળી રહ્યાં છે એટલે રહ્યો માત્ર નાસ્તિકવાદ ! રહી માત્ર કરુણાભાવના મુમુક્ષુઓના અન્તરમાં ! અસ્તુ-

ગ્રન્થકાર ભગવંત કહે છે કે અતીન્દ્રિયદૃષ્ટા સર્વજ્ઞ-ભગવંતોએ કહેલો સામાયિકભાવ વાસીચન્દન કલ્પ મહાત્માઓને જ હોય.

'વાસીચન્દનકલ્પ' વાસીચન્દનકલ્પ શબ્દના ચાર રીતે અર્થો થાય છે :-

શબ્દના ચાર અર્થ (૧) વાસી એટલે લુહારની વાંસલી.

આ વાંસલીની જેમ બીજાને નુકસાન કરવાનો જેનો સ્વભાવ હોય તે અપકાર કરનાર દુષ્ટ માણસોને પણ 'વાસી' જ કહેવાય.

આવા અપકારી માણસો નિંદા કરીને સજ્જનોનાં દુષ્કૃતોનો નાશ કરી દઈને (દુષ્કૃતોને છોલી નાંખીને) ઉપકારી જ બનતા હોય છે.

વાંસલી જેમ ચંદનને છોલે છે તેમ વાંસલી જેવા અપકારી પુરુષો દુષ્કૃતોને છોલીને સજ્જનો ઉપર વસ્તુતઃ ઉપકાર જ કરે છે.

આવું જે સજ્જનોનું મન્તવ્ય છે તે સજ્જનોને વાસીચન્દનકલ્પ કહેવાય.

પગની એક નસ ઉપર બીજી નસ ચડી જાય ત્યારે ભારે પીડા થાય છે. એ પીડાનું દર્દ દૂર કરનારો માણસ પગને જોરથી આંચકો આપીને રાડ પડાવી દે છે. પણ એમ કરવાથી નસ છૂટી પડી જતાં દર્દ દૂર થઈ જાય છે. આમ રાડ પડાવી દેનાર અપકારી માણસ વસ્તુતઃ જેમ ઉપકારી જ બની જાય છે; તેમ મહાત્માઓની નિન્દા કરનારા અપકારીઓ મહાત્માઓ દુષ્કર્મોનો નાશ કરવામાં નિમિત્ત બનીને ઉપકારી બને છે

એવું મહાત્માઓનાં માનતા હોય (कल्पयन्ति) માટે જ એ મહાત્માઓને વાસીચન્દનકલ્પ કહેવાય છે.

વાંસલી પણ ભલે ચંદનને છેદવાનો અપકાર કરે છે પરંતુ તેથી તો ચંદનની સુવાસ ચોમેર ફેલાય છે ને? એ રીતે ચંદન તો લોકમુખે પ્રશંસા પામી જાય છે ને? આમ અપકાર કરનારી વાંસલી ચંદનને માટે તો ઉપકારી બની ગઈ.

(૨) બીજો અર્થ એ થઈ શકે કે વાંસલી ચંદનને છેદવાનો અપકાર કરે છે છતાં ચંદન તો એ વાંસલીને પણ સુગંધિત જ બનાવે છે, તેમ વાંસલીતુલ્ય અપકારી પુરુષો ઉપર પણ મહાત્માઓ તો ચંદનની જેમ ઉપકાર જ કરનારા હોય છે; માટે તેમને વાસીચન્દનકલ્પ કહેવાય છે.

(૩) ત્રીજો અર્થ એ થઈ શકે કે વાંસલી અપકારિણીને વિષે ચંદનના જેવો તટસ્થ આચાર (કલ્પ) જે મહાત્માઓનો છે તે વાસી-ચન્દનનકલ્પ કહેવાય. મહાત્માઓ અપકારીઓ તરફ તેઓ જરા ય રોષ ન કરતા તેમની ઉપેક્ષા કરે છે.

(૪) અથવા વાંસલી જેવા અપકારી પુરુષો તરફ જેઓ ચંદન-તુલ્ય સૌમ્ય સ્વભાવ જ દાખવે છે તે મહાત્માઓ વાસીચન્દનતુલ્ય કહેવાય.

ટૂંકમાં, ઉપકારીમાત્ર ઉપર ઉપકારભાવ દાખવનારા નહિ પણ અપકારીમાત્રને ઉપકારી માનનારા મહાત્માઓને જ પૂર્વોક્ત સામાયિક-ભાવ હોય.

આવા મહાત્માઓની દૃષ્ટિ એટલી બધી વિશાળ બની ગઈ હોય છે કે તેમને જગતના સર્વ જીવો ઉપકારી લાગે છે. રસ્તે ચાલ્યા જતાં માણસો, મોટરવાળાઓ, ખટારાવાળાઓ—બધા ય મહાત્માને મન ઉપકારી છે. ભલે તેઓ તે મહાત્મા ઉપર દેખીતો કોઈ ઉપકાર કરતાં ન હોય. તે શી રીતે? આ રીતે કે રસ્તે ચાલતા માણસો વગેરે જો ધારે તો તે મહાત્મા સાથે અથડાઈ ને અકસ્માત્ કરીને એમને પરેશાન

કરવાનો અપકાર જરૂર કરી શકે. દરેકના સ્વભાવમાં આવી દુર્જનતા તો અનાદિકાળના સંસ્કારથી આત્મસાત્ થયેલી હોય છે. છતાં એ માણસો વગેરે એવી રીતે અથડાઈ પડવાનો અપકાર કરવાની ઇચ્છા પણ કરતાં નથી એ જ એમનો ઘણો મોટો ઉપકાર છે એમ સામાયિક-ભાવસ્થ મહાત્માઓ માને છે.

આમ મહાત્માઓને ઉપકાર કરનારા ઉપકારી; અપકાર કરનારા ય ઉપકારી અને અપકાર–ઉપકાર કશું ય ન કરનારા ય ઉપકારી બને છે.

આવી રીતની ઉપકારભાવનાનું બીજું કોઈ ફળ ભલે ન હોય પરંતુ જીવમાત્ર તરફ અનાદિકાળથી જે કારમો દ્વેષભાવ છે તેનો ખાત્મો બોલાવવા માટે કાંઈક વાસ્તવિકતાને અંબાવતી આ ભાવના લાભ-કારિણી તો જરૂર બને.

સમત્વભાવ માટે જેમ ઇષ્ટ ઉપરનો રાગાભાવ જરૂરી છે તેમ અનિષ્ટ ઉપરનોદ્વેષાભાવ પણ જરૂરી છે. ઉક્ત ભાવનાથી એ દ્વેષાભાવનો અંશ સિદ્ધ થઈ શકે છે ખરો. માટે આ ભાવનાને પણ દ્વેષાભાવની આરાધના માટે જરૂરી માની શકાય ખરી.

(૧) સામાયિકનું ફળ મોક્ષ, સામાયિકના સ્વામી વાસીચન્દનતુલ્ય મહાત્માઓ કહ્યાં.

સામાયિકનું વિશિષ્ટ સ્વરૂપ કુશલાશય : હવે તેનું સ્વરૂપ જોઈએ. દયા-દાનાદિ ધર્મો કેટલાક અંશમાં સાવદ્ય હોઈને પણ અનુબંધાદિથી ધર્મ બનવાને લીધે ધર્મસ્વરૂપ બને છે જ્યારે આ સામાયિક તો એકાન્તે નિરવદ્ય હોઈને ધર્મ બને છે. એના કોઈ પણ અંશમાં સાવદ્યતા નથી. જો સામાયિક સાવદ્ય બને તો તે સામાયિક જ ન રહે.

સાવદ્ય અને તે સામાયિક? અસંભવ!

સામાયિક અને તે સાવદ્ય? અસંભવ!

નિષિદ્ધ ઉપર અંશતઃ પણ દ્વેષભાવથી અને વિહિત ઉપરના અંશતઃ પણ રાગભાગથી સામાયિક અશુદ્ધ બની જાય છે.

જો ન રહે નિષિદ્ધ ઉપર દ્વેષ,

જો ન રહે વિહિત ઉપર રાગ,

તો જ બની રહે શાસ્ત્રોક્ત સામાયિક....

સમત્વભાવનું.

આ વિચાર નિશ્ચયનયથી કરવામાં આવ્યો છે. નિશ્ચયનય ઔપચારિક સામાયિકને–શુદ્ધ સામાયિકને લાવી આપનાર આભ્યાસિક દશાના અશુદ્ધ સામાયિકને માન્ય જ કરતો નથી, કેમકે તે તો ઉપચારને અવસ્તુ માને છે.

જેનાથી કાર્યસિદ્ધિ થઈ ન જાય તે કહેવાતી વસ્તુને વસ્તુ જ ન કહેવાય એમ તેનું માનવું છે. વ્યવહારનય તો અભ્યાસદશાના અવિધિ આદિ અશુદ્ધિવાળા સામાયિકને પણ સામાયિક માને છે કેમકે તેનાથી ભલે મોક્ષ-કાર્યની પ્રાપ્તિ નથી પરંતુ મોક્ષપ્રાપક શુદ્ધસામાયિકની તો પ્રાપ્તિ શક્ય છે જ. અસ્તુ.

ગ્રન્થકાર ભગવંત જણાવે છે કે સામાયિક ભાવ સર્વથા નિરવદ્ય છે માટે કુશલ–આશય સ્વરૂપ છે. સામાયિકકારક આત્માનું ચિત્ત અત્યંત કુશલ–શુભાભિસન્ધિવાળું–હોય, સામાયિકમાં થોડી પણ સાવદ્યતા ભળે તેનામાં કુશલાશયતા રહી શકે નહિ.

પ્રશ્ન : સામાયિકની જેમ જ્ઞાન-દર્શન પણ કુશલાશયસ્વરૂપ ન કહેવાય ?

ઉત્તર : ના. જે સર્વથા નિરવદ્ય હોય–મન, વચન અને કાયાથી પણ નિરવદ્ય હોય તે જ ભાવ કુશલાશયસ્વરૂપ કહેવાય. જ્ઞાન-દર્શનનાં આત્મપરિણામોમાં શ્રદ્ધાંશમાં મનઃશુદ્ધિ જરૂર છે. પણ તેના સ્વામીમાં મન વગેરે ત્રણેય યોગની સંપૂર્ણ શુદ્ધિ તો નથી જ.

સામ્યગ્દૃષ્ટિ આત્માઓના ઉપયોગમાં વિશુદ્ધિ હોઈ શકે છે પરન્તુ સમસ્તયોગશુદ્ધિ હોઈ શકતી નથી. આથી સમ્યગ્દર્શન, સમ્યગ્જ્ઞાનના યોગાશુદ્ધ આત્મપરિણામોને કુશલાશયસ્વરૂપ કહી શકાય નહિ. [૨]

કુશલાશય તો માત્ર સામાયિકભાવને કહેવાય. બુદ્ધે પણ 'કુશલાશય'નુ વર્ણન કર્યું છે પરન્તુ તત્ત્વદૃષ્ટિથી વિચાર કરતાં એ ચિત્ત સ્થિતિને કુશલાશય કહી શકાય નહિ. લૌકિકદૃષ્ટિએ ભલે તેને કુશલા- કહેવામાં આવે.

બેશક, ચિત્તની એ સ્થિતિમાં પણ ઔદાર્યાદિ ગુણનો યોગ જરૂર દેખાય છે છતાં એને સામાયિક તો જ કહી શકાય પણ એ સામા- યિકની કાંઇક બરોબરી કરી શકે છે એમ પણ ન કહી શકાય.

ગૌતમબુદ્ધની વિલક્ષણ કરુણા ભાવના

બુદ્ધ ભાવના ભાવે છે કે, જગતના જીવોએ જેટલાં પાપકર્મો કર્યાં છે તે બધાય મારામાં જ સંક્રમી જાઓ; એટલું જ નહિ પણ મેં જે કાંઈ ધર્મ કર્યો છે તેના બળથી જગતના તમામ જીવો નિર્વાણપદ પામી જાઓ." [૪]

ગ્રન્થકારભગવંત કહે છે કે દેખીતી રીતે ખૂબ જ સુંદર જણાતી કરુણા ભાવના વસ્તુતઃ કુશલાશયનું સ્થાન પામી શકે તેમ નથી કેમકે પહેલી વાત તો એ છે કે આવું કદી પણ બન્યું જ નથી. બૌદ્ધાગમોમાં જ કહ્યું છે કે ગંગાનદીની રેતીના જેટલાં કણ છે એટલી સંખ્યામાં બુદ્ધ થયા છે. હવે જો આટલા બધા બુદ્ધો નિર્વાણપદ પામી ગયા છે તો તેમણે ઉપરોક્ત ભાવના અંતરમાં ધારણ કરી તે નિષ્ફળ જ ગઈ ને ? તે ભાવનાની રૂએ તો જગતના તમામ દુષ્કર્મો તેમના આત્મામાં સંક્રમે અને તેમની પહેલાં સર્વ જીવો નિર્વાણપદ પામે તો હજી તો અનંતજીવો નિર્વાણપદ પામ્યા નથી, તે પહેલાં જ તેઓ શી રીતે નિર્વાણપદ પામી ગયા ? વસ્તુતઃ એક પણ બુદ્ધ નિર્વાણપદ ન પામવા જોઈએ જ્યાં સુધી એક પણ આત્મા પોતાના દુષ્કર્મના યોગે સંસારમાં રહ્યો હોય.

આખી વાતનો સાર એ છે કે જો જગતના તમામ આત્માઓના દુષ્કર્મો બુદ્ધના આત્મામાં સંક્રમ પામી જાય તો એ બુદ્ધનું તો કદી પણ નિર્વાણ શક્ય જ નહિ બને. એટલે ઉપરોક્ત આખી ભાવના તદ્દન અશક્યની ભાવનાસ્વરૂપ હોવાથી કુશલાશયરૂપ બની શકવાની લાયકાત પણ ધરાવતી નથી અને જો એ ભાવના મુજબ દુષ્કર્મોનો સંક્રમ સંભવિત બને તો એક પણ આત્મા સંસારસ્થર હે ત્યાં સુધી એક પણ બુદ્ધની નિવૃતિ શક્ય જ નથી. જ્યારે બુદ્ધો તો ગંગાવાલુકા જેટલા નિવૃત્તિપદ પામી ગયાનું જણાવવામાં આવ્યું છે. [૫]

એટલે અસંભવિત વસ્તુનું ચિન્તન નિશ્ચયનયની દૃષ્ટિએ સુંદર નથી એટલું જ નહિ પરન્તુ અજ્ઞાન-જનિત હોઈને અસુંદર છે. મોહનીયકર્મના ઉદયમાં જ આવું વિચિત્ર ચિન્તન સંભવી શકે. જો મોહનીયકર્મનો ઉદય જ ન હોય-તો તેવી વીતરાગ અવસ્થામાં ચિત્તમાં કોઈ પણ વિકલ્પનો તરંગ ઉદ્ભવે જ નહિ. નઠારો નહિ તેમ સારો પણ નહિ. એ અવસ્થાનું ચિત્ત તો પરમમાધ્યસ્થ્યમાં જ સહજ રીતે રમમાણ હોય.

જગતના જીવો પ્રત્યેની કરુણાભાવનામાંથી જ ઉક્ત વિચાર જન્મ પામે છે. અને કરુણાભાવના એ અવશ્ય રાગાત્મક છે. વીતરાગ અવસ્થાને પામેલા આત્મામાં આવી રાગાત્મક ભાવનાઓ સંભવે નહિ.

પ્રશ્ન- શું આ કરુણાભાવના સર્વથા હેય છે? તમે અસંભવિત વસ્તુની ભાવના કહીને એને હેય કહી દો છો તે અમને ઠીક લાગતું નથી.

ઉ.- અમે જે વિચાર કર્યો છે તે તમે સ્વીકારેલી વીતરાગ અવસ્થાની બુદ્ધની કક્ષાને નજરમાં રાખીને નિશ્ચયનયની દૃષ્ટિથી કર્યો છે. જો બુદ્ધ વીયરાગ છે તો તેમનામાં અસંભવિત વસ્તુની ભાવના હોઈ શકે નહિ.

જો બુદ્ધ વીતરાગ જ ન હોય તો તેમનામાં આવી ભાવના પણ

હોઈ શકે; અને તે ભાવનાને વ્યવહારનયની દૃષ્ટિથી તો સુંદર પણ કહી શકાય.

પ્રશ્ન– શું અસંભવિતની ભાવના પણ વ્યવહારનયથી સુંદર ગણાય ?

ઉ.– હા. વ્યવહારનયને તેનો વાંધો નથી. જે કોઈ રીતે પણ આત્મા શુદ્ધિને પામતો હોય તે બધી રીતે વ્યવહારનયને મંજૂર છે. ઘણી બધી ઝીણવટ, અને ઘણી બધી ચોક્કસાઈની વાતો નિશ્ચયનયમાં હોય છે.

વ્યવહારનય તો કહે છે કે અસંભવિત વસ્તુની પણ રાગાત્મક કરુણા ભાવના સરાગી આત્માઓને હોવામાં કશો વાંધો નથી. બુદ્ધ તીર્થંકર ભગવંતોના તારક આત્માઓએ સરાગ અવસ્થામાં 'સવિ જીવ કરું શાસનરસી'ની ભાવના ભાવી જ હતી ને ? સર્વ જીવોને શાસનરસી કરવાની ભાવના પણ અસંભવિતવસ્તુની જ ભાવના છે ને ? સર્વમાં તો ભવ્ય–અભવ્ય સર્વ આવી જાય. પ્રભુનો આત્મા તો એમ જ વિચારે ને કે; "જો મારું ચાલે તો ભવ્ય–અભવ્ય–તમામને –શાસનરસી કરી દઉં !"

આ ભાવના ય અસંભવિતવસ્તુની જ છે. પરન્તુ બુદ્ધની પૂર્વોક્ત ભાવનાની અસંભવિતતા અને આ ભાવનાની અસંભવિતતામાં ય વળી ઘણું મોટું અંતર તો છે જ. છતાં એ વાતને બાજુ ઉપર મૂકીએ તો ય એટલું તો કહી જ શકાય કે સરાગ અવસ્થાવાન્ આત્મા કરુણાદિથી ઊભરાઈ જઈને અસંભવિત વસ્તુની પણ ભાવના ભાવે તેમાં વ્યવહારનયદૃષ્ટિથી ખોટું કાંઈ નથી.

વહાલી માતા મરવા પડે, એના ચારે ય છોકરાંઓ માતાને જીવાડવા તમામ પ્રયત્નો કરી છૂટે છતાં માતા ન જ બચવાની હોય તો છેવટે ડોકટરો કહી દે કે, "હવે ધર્મધ્યાન કરાવી દો.... બચે તેમ નથી." આવું સ્પષ્ટ જાણ્યા પછી, રે ! છેલ્લો શ્વાસ ચાલુ થઈ ગયા પછી પણ, કોઈ દીકરો એવી ભાવના ભાવે ખરો કે "બસ ત્યારે.....

જો હવે માતાનું જીવન અસંભવિત જ છે તો તેના જીવનની ભાવના નકામી છે. હવે તો એ 'મરી જાય' એવી જ ઇચ્છા રાખીએ"?

નહિ જ ને? માતાનું જીવન અસંભવિત છતાં પુત્ર તો છેલ્લા શ્વાસ સુધી અસંભવિત જીવનની જ ભાવના ભાવે છે.

અહીં માતા પ્રત્યેનો ઉત્કટ ભક્તિભાવ જ કારણ છે. આ ભક્તિ-ભાવ પ્રશસ્ત છે તો એનાથી ઉત્પન્ન થતી અસંભવિતની ભાવના પણ જરૂર પ્રશસ્ય છે.

પ્રસ્તુતમાં પણ આ વાત સમજી લેવી. વાંધો માત્ર એટલે જ છે કે જો બુદ્ધ વીતરાગ હતા તો તેમનામાં આવી અસંભવિતનો રાગ સંભવી શકે નહિ એટલે એવી ભાવનાવાળો વીતરાગ-દશાના ચિત્તને કુશલચિત્ત તો ન જ કહેવાય પરન્તુ વીતરાગતાને ડાઘ લગાડનારું કલુષિતચિત્ત કહેવાય.

હા, સરાગ અવસ્થાવાન્ આત્માની આ ભાવનાને સુંદર જરૂર કહી શકાય.

લોગસ્સ-સૂત્રમાં પણ આવી અસંભવિત ભાવનાનો નિર્દેશ કયાં નથી કર્યો?

વીતરાગ પરમાત્માની પાસે એમનો રાગી ભક્ત યાચના કરે છે કે, "હે ભગવન્! મને આરોગ્ય આપો! મને બોધિલાભ કરો! મને સુંદર સમાધિનું દાન કરો!" શું આ ભાવના સત્ય છે? નહિ જ. કેમકે જે ભગવંતની પાસે આ યાચનાઓ કરવામાં આવી છે તે ભગવંત તો વીતરાગ છે. વીતરાગ પાસે ગમે તે માંગો, તે કાંઈ આપી દેવાના નથી, તો પછી માંગવાનું અનર્થક જ બની જાય છે ને? જો વીતરાગ આપવાના નથી તો માંગવાનું કાર્ય ખોટું જ ગણાય ને? છતાં સરાગી અવસ્થામાં વિદ્યમાન આત્મા પોતાના અંતરમાં ઊભરાઈ જતી વીતરાગ પ્રત્યેની ભક્તિનું આ રીતે નિવેદન કરે તેમાં જરા ય ખોટું નથી.

બેશક વીતરાગ આપતા નથી માટે ઉક્ત યાચનાની ભાષા એ સત્ય ભાષા તો ન જ કહેવાય. પરંતુ તે ભાષા અસત્ય પણ ન કહેવાય કેમકે આત્માને અહિત પહોંચાડનારી ભાષાને અસત્ય ભાષા કહેવાય છે.

વળી આ ભાષાને સત્યાસત્ય-મિશ્રભાષા પણ ન કહેવાય. કેમકે જો એ સત્ય પણ નથી, અસત્ય પણ નથી તો બેયથી મિશ્રિત કેમ કહેવાય ?

માટે જ એને ન સત્ય, ન અસત્ય એવી ' અ-સત્ય-મૃષા ' નામની ભાષા કહી છે.

બધી વાતનો સાર એ છે કે સરાગ અવસ્થાવાળો આત્મા ભક્તિ-કરુણા આદિથી પ્રેરાઈને અસંભવિત વસ્તુની પણ ભાવના ભાવી શકે છે; એ ભાવના પ્રશસ્ય પણ કહી શકાય.

વાંધો માત્ર વીતરાગ અવસ્થાના આત્મા સાથે એ ભાવનાનો છે. ગમે તેમ તો ય આ ભાવના રાગભાવ સાથે સંગત છે; તે વીતરાગમાં સંભવે જ નહિ.

એટલે જો ગૌતમ બુદ્ધ વીતરાગ હોય તો એમની ઉક્ત અસંભવિતની ભાવનાથી તેમનું ચિત્ત કુશલાશય સ્વરૂપ સાબિત થઈ શકતું નથી.

પ્રશ્ન : પણ આ ભાવનાની પાછળ કેટલું બધું ઔદાર્ય છે ? કેટલું જબ્બર સ્વાર્થવિલોપન છે તે તો જુઓ.

ઉત્તર : જો ઔદાર્યના કારણે મોહસંગત એવી પણ ભાવના નિરવદ્ય બની જતી હોય તો બુદ્ધની એ ભાવના કરતાં ય વધુ ભવ્ય ભાવના પણ જગતમાં કેમ નહિ મળે ? પછી તે ભાવના તો બુદ્ધની ભાવનાથી પણ વધુ અનવદ્ય (અનવદ્યતર) કહેવી પડશે !

દાખલા તરીકે, કોઈ માણસની એવી ભાવના છે કે "અંધ વગેરે પુરુષોના અંતરમાં જગતના અદર્શનનો જે અન્ધકાર ઊભરાયો છે તે મારામાં જ ઊતરી જાઓ.... હું જ તેમના બદલે અંધ બની જઉં.... અને મને જગતના પદાર્થોનું જે જ્ઞાન થઈ રહ્યું છે તે ચૈતન્ય તેમનામાં ઊતરી જાઓ....તે બધા દેખતા થઈ જાઓ."

કહેા. આ ભાવનાના ભવ્યતમ ઔદાર્ય પાસે બુદ્ધની ભાવના તેા સાવ જ વામણી લાગે છે ને? ભલે ને બન્ને ય ભાવના મેાહસંગત હેાય! એટલે જો ભાવનાની મેાહસંગતતાનેા વિચાર નહિ કરેા અને ઔદાર્યનેા જ વિચાર કરશેા તેા બુદ્ધની ભાવના પણ બીજી અનેક ભાવનાઓની તુલનામાં જઘન્ય બની જશે....તમે તેા એ ભાવનાને સર્વોત્કૃષ્ટ ભાવના તરીકે બિરદાવેા છેા.

તેા પછી કેાણ મહાન? બુદ્ધ કે બુદ્ધેતર–અંધત્વવાગ્છુ—એક સામાન્ય જન?

હવે જો સામાન્યજનની તે ભાવના અસંભવિત વસ્તુની ભાવના કહીને તમે તેની અવગણના કરશેા તેા બુદ્ધની ભાવના પણ તેવી જ છે ને?

હજી સામાન્યજનની સરાગ-અવસ્થા છે માટે મેાહસંગત પણ તેવી ભાવનાને પ્રશસ્ય કહી શકાશે પરંતુ બુદ્ધની જો વીતરાગ અવસ્થા હેાય તેા તેમની તે મેાહસંગત ભાવનાને કેાઈ પણ સંયેાગમાં પ્રશસ્ત કહી શકાય નહિ.

આવી અપ્રશસ્તભાવનાને કારણે બુદ્ધના ચિત્તને કુશલાશય સ્વરૂપ કેમ કહી શકાય? સામાયિકભાવની તુલ્ય પણ કેમ કહી કશાય? રે! સામાયિકભાવના કુશલાશયની પાસે તેા એ લૌકિક કુશલાશય ઊભું રહી શકે તેમ નથી.

બુદ્ધના કુશલાશયને સિદ્ધ કરવા માટે જેમ એમની ઉક્ત ભાવના જણાવવામાં આવે છે તેમ બીજી પણ એક વાત કરવામાં આવે છે.

એમ કહેવાય છે કે ભૂખ્યા વાઘ વગેરે પશુને બુદ્ધ પેાતાનેા પગ પણ ધરી દેતા હતા!

આ ઉપરથી બુદ્ધના ચિત્તનું પરમ ઔદાર્ય જણાવીને એમના ચિત્તનું કુશલાશય સ્વરૂપ સિદ્ધ કરવામાં આવે છે.

પરંતુ હકીકતમાં તેા આવી વિચારધારાવાળું ચિત્ત પણ જિનેાક્ત કુશલાશયસ્વરૂપ સામાયિકભાવની અપેક્ષાએ તેા અસુંદર જ કહેવાય. (૬)

તે શી રીતે? જાણવું છે? સાંભળો ત્યારે. બુદ્ધે ભૂખ્યા વાઘ વગેરે પશુને પોતાનો પગ ધરી દીધો એટલે તે વાઘ વગેરેએ બુદ્ધના પગને ચાવીને ભયંકર પીડા ઉત્પન્ન કરી. બુદ્ધે સમાધિ ધારણ કરીને તે પીડા સહન કરી અને તેના દ્વારા અગણિત કર્મોનો નાશ કર્યો, ઔદારિક-તૈજસ-કાર્મણ સઘળાં શરીરોના નાશમાં કારણીભૂત સર્વજ્ઞત્વ પણ ધારો કે પ્રાપ્ત કર્યું!

એક અપકારી આત્માએ પણ અપકાર કરવા દ્વારા પણ કેટલો મહાન ઉપકાર કરી દીધો!

આવા અપકારી પશુ વગેરે પ્રત્યે બુદ્ધ જો એટલું માત્ર વિચારે કે, "આ અપકારી આત્મા ઘણો સારો છે, કેમકે એણે મારા વિશિષ્ટ નિર્વાણ અર્થને સાધી આપ્યો છે." તો શું બુદ્ધની આ વિચારણા સુંદર કહેવાય? બુદ્ધની આ બુદ્ધિમાં તો બે મલિન તત્ત્વોનું દર્શન થાય છે. પહેલું તો એ દેખાય છે કે બુદ્ધ માત્ર પોતાના જ કલ્યાણની ચિન્તા કરતા હતા, એમને સામી વ્યક્તિનું કેટલું અહિત થઈ રહ્યું છે; એનો વિચાર કેમ ન આવ્યો?

ભગવાન વીરની ઉપર સંગમ કે જ્યારે ઘોર ઉપસર્ગો કર્યા અને અંતે થાકીને તે સ્વસ્થાને જવા લાગ્યો ત્યારે ભગવાન વીરે આવો વિચાર કર્યો છે કે, "મારી ઉપર આ આત્માએ સીમાતીત ઉપકાર કર્યો છે! પણ એ ઉપકારી ઉપર હું કોઈ ઉપકાર વાળી શકાતો નથી, મારા ઉપકારીએ મારા જ નિમિત્તે ક્રૂર પાપકર્મોનો સંગ્રહ કર્યો; અને હું જ એને બચાવી શકતો નથી! હવે એનું શું થશે?"

જોયું ને? વીરની ભાવનામાં 'પર' આત્માનું અહિત દૂર નહિ કરી શકવાનું કારમું દુઃખ ઊભરાઈ ગએલું જોવા મળે છે! એથી જ તો એ વખતે એમની આંખો અશ્રુપ્લાવિત થઈ ગઈ હતી!

જ્યારે બુદ્ધની ભાવનામાં પરકીય વ્યક્તિના અહિતની કોઈ ચિન્તા જ દેખાતી નથી. એ તો પોતાનો જ વિચાર કરતાં હોય તેમ

સ્વકર્મનાશ માટે પશુને પગ ધરી દેવા તૈયાર થાય છે. પણ એમ કરવાથી એ પશુનું શું અહિત થશે? તેનો વિચાર પણ કરતા નથી!

મહાપુરુષોના ચિત્ત આવી જાતના આત્મંભરી ન હોય.

જરૂર સ્વકર્મનાશ માટે તેઓ સર્વ પ્રયત્નોથી સજ્જ હોય પરંતુ તેમાં પરકલ્યાણનો કોઈ વિચાર જ ન હોય તેવું તો ન જ બને.

પોતાનું જ હિત જોતી અને પરના અહિતની વિચારણા કરતી બુદ્ધની આ ભાવના બુદ્ધના ચિત્તની કુશલાશયના તો સિદ્ધ કરી શકતી જ નથી પરંતુ એમના આશયની સ્વાર્થપ્રધાનતા–પરાર્થનિરપેક્ષતાની મલિનતાઓ જ પ્રગટ કરી દે છે. (૭)

સમગ્ર વિચારનો ઉપસંહાર કરતાં ગ્રન્થકાર ભગવંત જણાવે છે કે જે કોઈ વિચાર, ઔદાર્યાદિના યોગે ગમે તેટલો સારો હોય પરંતુ તે જો મોહસંગત હોય તો સરાગ અવસ્થાના આત્માઓ માટે જ તે પ્રશસ્ય કહી શકાય. પછી તે વિચાર બુદ્ધની ભાવનામાં દર્શાવાતો હોય કે જૈનોની આરોગ્યાદિ પ્રાર્થનામાં અભિવ્યક્ત થતો હોય.

વીતરાગ અવસ્થામાં એ વિચારો કોઈ પણ રીતે પ્રશંસનીય બની શકે નહિ.

સર્વ અવસ્થામાં એકાન્તે શુદ્ધ, સર્વથા આદરણીય જો કોઈ ભાવ હોય તો તે સામાયિકભાવ જ છે. જેની અંદર સંસાર ઉપર પણ દ્વેષ નથી; મોક્ષ ઉપર પણ રાગ નથી....છે માત્ર સર્વત્ર માધ્યસ્થ્યભાવ. આવો સામાયિકભાવ જ સમસ્ત દોષથી સર્વથા વિયુક્ત છે. માટે વીતરાગ-અવસ્થામાં પણ એકાન્તે સુંદર છે.

આવા સામાયિકભાવની બરોબરી કેમ કરી શકશે; બુદ્ધના પેલા બે પ્રકારના કુશળચિત્ત?

આચાર્ય ભગવાન હેમચન્દ્રસૂરિજી મહારાજાએ યોગશાસ્ત્રના ચતુર્થ પ્રકાશના ૧૨૦મા શ્લોકની ટીકામાં પણ બુદ્ધના આવા કુશળ ચિત્તને વખોડી નાંખ્યું છે. એમણે તો એવી વાતોને મુગ્ધ લોકોને ઠગવા માટેના કીમિયા તરીકે દર્શાવી છે.

કેવળજ્ઞાન–અષ્ટક

[૩૦]

सामायिकविशुद्धात्मा सर्वथा घातिकर्मणः ।
क्षयात्केवलमाप्नोति लोकालोकप्रकाशकम् ॥१॥

સામાયિકભાવથી સર્વથા વિશુદ્ધ બનેલા પરમાત્મા ઘાતી કર્મોનો ક્ષય કરીને લોકાલોક પ્રકાશક કેવળજ્ઞાન ગુણ પ્રગટ કરે છે.

ज्ञाने तपसि चारित्रे सत्येवास्योपजायते ।
विशुद्धिस्तदतस्तस्य तथा प्राप्तिरिहेष्यते ॥२॥

જ્ઞાન, તપ અને ચારિત્ર હોય તો જ સામાયિકભાવની યથાખ્યાત ચારિત્ર સ્વરૂપ વિશુદ્ધિ પ્રગટ થાય છે, અને એ વિશુદ્ધિથી તે આત્માને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આ પ્રક્રિયા જ તત્ત્વવેદીઓને ઇષ્ટ છે.

स्वरूपमात्मनो ह्येतत्किन्त्वनादिमलावृतम् ।
जात्यरत्नांशुवत्तस्य क्षयात्स्यात्तदुपायतः ॥३॥

કેવળજ્ઞાન આત્માનું સ્વરૂપ જ છે. પરંતુ અનાદિ કર્મમાંથી ધૂળથી જાત્યરત્નાંશુની જેમ-ઢંકાયેલું છે. તે સામાયિક ભાવની સ્પર્શનાના ઉપાયથી તે આવરણનો ક્ષય થવાથી તે કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

आत्मनस्तत्स्वभावत्वाल्लोकालोकप्रकाशकम् ।
अत एव तदुत्पत्तिसमयेऽपि यथोदितम् ॥४॥

આત્માનો તેવો સ્વભાવ હોવાથી જ કેવળજ્ઞાન લોકાલોક પ્રકાશક છે. ઉત્પત્તિ સમયથી જ તે કેવળજ્ઞાન લોકાલોક પ્રકાશક છે તેમાં પણ તેનો તેવો સ્વભાવ જ કારણ છે.

आत्मस्थमात्मधर्मत्वात्संवित्त्या चैवमिष्यते ।
गमनादेस्त्वयोगेन नान्यथा तत्त्वमस्य तु ॥५॥

કેવળજ્ઞાન આત્મસ્થ જ છે કેમકે (૧) તે આત્માનો ધર્મ છે, (૨) સંવેદન પણ તેવું જ છે, (૩) બાહ્ય દેશમાં તેનું ગમનાગમન સંભવતું નથી. જો કેવળજ્ઞાનનું બાહ્ય-ગમનાદિ માનીએ તો કેવળજ્ઞાનનું સ્વરૂપ જ હણાઈ જાય.

यच्च चन्द्रप्रभाद्यत्र ज्ञातं तज्ज्ञातमात्रकम् ।
प्रभा पुद्गलरूपा यत्तद्धर्मो नोपपद्यते ॥६॥

કેવળજ્ઞાનને ચન્દ્રપ્રભાદિની જે ઉપમા આપવામાં આવે છે તે જ્ઞેય વચ્ચેના પ્રકાશ–દાન સામર્થ્યની સમાનતાની અપેક્ષાએ જ સમજવાની છે. પૂર્ણોપમા સમજવાની નથી. કેમકે તેમ કરતાં પ્રભા પુગદ્લરૂપ છે તો કેવળજ્ઞાન પણ પુગદ્લરૂપ બની જતાં આત્માના ધર્મ તરીકે અનુપપન્ન થઈ જવાની આપત્તિ આવી જાય.

अतः सर्वगताभासमप्येतन्न यदन्यथा ।
युज्यते तेन सन्न्यायात्संवित्त्यादोऽपि भाव्यताम् ॥७॥

ચન્દ્રપ્રભા સાથે કેવળજ્ઞાનની પૂર્ણોપમા લઈએ તો ચન્દ્રપ્રભા જેમ સર્વગતાભાસ નથી તેમ કેવળજ્ઞાન પણ સર્વગતાભાસ નહિ બનવાની આપત્તિ આવી જાય. એટલે સદ્યુક્તિથી અને સંવિત્તિથી પણ આ વાત બરોબર નક્કી કરવી કે ચન્દ્રપ્રભા એ (અંશતઃ) દૃષ્ટાન્ત માત્ર છે.

नाद्रव्योऽस्ति गुणोऽलोके, न धर्मान्तौ विभु र्न च ।
आत्मा तद्गमनाद्यस्य नास्तु तस्माद्यथोदितम् ॥८॥

ગુણ કદી પણ દ્રવ્ય વિના રહી શકે નહિ, વળી અલોકમાં નથી ધર્માસ્તિકાય અને નથી અલોકનો અંત; જો કેવળજ્ઞાન ગતિ કરે તોય અલોકમાં કોના બળથી, ક્યાં સુધી ગતિ કરશે ? વળી આત્મા લોકાલોકવ્યાપી–વિભુ પણ નથી. એટલે કેવળજ્ઞાનમાં ગમનાદિ મનાય જ નહિ અને પૂર્વોક્ત વાત જ માન્ય કરવી પડે કે કેવળજ્ઞાન આત્મસ્થ જ છે.

વિવેચના :

પૂર્વના અષ્ટકમાં સામાયિકને એકાન્તે સુંદર શા માટે કહ્યું ? તેના ઉત્તરમાં ગ્રન્થકાર ભગવંત જણાવે છે કે સામાયિકથી કેવળજ્ઞાન પ્રાપ્ત થાય છે માટે તે એકાંત સુંદર છે.

કેવળ જ્ઞાનનું સ્વરૂપ તે કેવળજ્ઞાનનું સ્વરૂપ શું છે ? તે જણાવવા માટે પ્રસ્તુત અષ્ટકનું અવતરણ થયું છે.

સામાયિકભાવના ચારિત્ર પરિણામની ધારાથી આત્મા મોહનીયાદિ ક્રૂરકર્મનાં આવરણોને ધોઈ ધોઈને સાફ કરે છે. આત્માના ગુણો ઉપર સીધો હુમલો કરવાની તાકાત જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય કર્મના આવરણોમાં છે. આ ચાર કર્મોની તાકાત ઉપર જ વેદનીયાદિ શેષ ચાર કર્મોના આવરણ આત્મગુણોનો ઘાત કરવા સમર્થ બને છે, અન્યથા નહિ. માટે તે વેદનીયાદિ કર્મોને અઘાતી કહ્યા છે, જ્યારે જ્ઞાનાવરણીયાદિ કર્મોને ઘાતી કહ્યા છે.

સામાયિકભાવ સૌ પ્રથમ તો ઉક્ત ઘાતીકર્મોનો વિનાશ વેરે છે. ૧૨મા ગુણસ્થાને મોહનીયકર્મનો સંપૂર્ણ નાશ થતાં આત્મા વીતરાગદશા પ્રાપ્ત કરે છે; અને પછી તરત જ જ્ઞાનાવરણીયાદિ શેષ ઘાતીકર્મનો નાશ થતાં ૧૩ મા ગુણસ્થાને આત્માના કેવળજ્ઞાન, કેવળદર્શન, અનન્તવીર્ય–ગુણ પ્રગટ થઈ જાય છે.

આ કેવળજ્ઞાન કેવળદર્શનથી આત્માને લોક અને અલોકનું સંપૂર્ણ જ્ઞાન થાય છે અને સંપૂર્ણ દર્શન થાય છે. પ્રથમ સમયે કેવળજ્ઞાનનો ઉપયોગ હોય છે, બીજા સમયે કેવળદર્શનનો ઉપયોગ હોય છે....એમ ક્રમશઃ મુખ્યત્વે તે તે ઉપયોગ રહ્યા કરે છે, બીજો ગૌણ બની રહે છે. પ્રત્યેક સમયે જ્ઞાન–દર્શન તો સર્વજગતના સર્વપર્યાયનું હોય જ. માત્ર ગૌણ–મુખ્યતા રહ્યા કરે. પણ તેથી કોઈ જ્ઞાન કે દર્શનનો કોઈ પણ સમયમાં અભાવ ન થઈ જાય.

વહ્નિમાન્ પર્વતઃ કહો કે પર્વતે વહ્નિઃ કહો. બે ય વાક્યથી શાબ્દ-

બોધ તો સરખો જ થવાનો; પરંતુ એક શાબ્દબોધમાં પર્વતની મુખ્યતા રહેવાની ત્યારે બીજા શાબ્દબોધમાં વહ્નિની મુખ્યતા રહેવાની.

કેવળ એટલે સંપૂર્ણ.

જ્ઞાન એટલે જાણવાની ક્રિયા.

દર્શન એટલે જોવાની ક્રિયા.

જ્યાં ધર્માસ્તિકાયાદિ ષડ્દ્રવ્ય છે તે આકાશને લોકાકાશ કહેવાય, જ્યાં તે દ્રવ્યોની સત્તા જ નથી તે આકાશને અલોકાકાશ કહેવાય.

કેવળજ્ઞાન-દર્શનથી લોક અને અલોક-સર્વાકાશ પ્રદેશ દેખાય. (૧)

જે આત્માઓ સામાયિકભાવથી વિશુદ્ધિ પામે છે તે જ આત્માના કેવળજ્ઞાનાદિ ગુણોનું પ્રાગટ્ય થાય છે.

જ્ઞાન, તપ અને ચારિત્ર—ત્રણેયનો યોગ થાય ત્યારે જ મોક્ષ પરિણામ આત્મામાં પ્રગટ થાય. જ્ઞાનપદથી દર્શન સમજી લેવું કેમકે સમ્યક્દર્શન વિનાનું જ્ઞાન હોઈ શકતું જ નથી. એને તો અજ્ઞાન જ કહેવાય છે.

જ્ઞાન, તપ અને ચારિત્રની ઘટના

શ્રુતજ્ઞાન એ દીપક તુલ્ય છે.
તપ એ સાવરણી તુલ્ય છે.
ચારિત્ર એ છિદ્રોનાં ઢાંકણતુલ્ય છે.

આત્માને ઓરડાની ઉપમા આપીએ. તેમાં પુષ્કળ કર્મ કચરો ભરાયેલો કલ્પીએ. ઓરડાંની દીવાલોને ખૂબ કાણાં (હિંસાદિ આશ્રવો) પડી ગયાં છે. જેમાંથી કચરો આવ્યા જ કરે છે.

હવે આ ઓરડો વાળીઝૂડીને સાફ જ કરવો હોય તો પ્રથમ નંબરમાં દીપક જોઈએ કે જે ક્યા ખૂણે કેટલો અને કેવો કચરો પડયો છે તેનું ભાન કરાવે.

પણ એકલા તે ભાનથી કાંઈ કચરો સાફ થઈ જતો નથી.

પછી સાવરણી લઈને ખૂણે ખૂણે દેખેલા કચરાંને ભેગો કરીને બહાર ફેંકવો પણ જોઈએ.

પરંતુ એટલા માત્રથી ઓરડો સાફ ન બની જાય. જે દીવાલોના બાકોરાં ઉઘાડાં રહેવાં દીધાં હોય.

એટલે એ બાકોરાંને પણ પૂરી દેવાં જોઈએ. આ ત્રણે ય કામ થાય—કચરો જોવાનું, કચરો સાફ કરવાનું, નવો કચરો આવતો અટકાવવાનું—તો જ ઓરડો કચરામુક્ત થાય.

આત્માના ઓરડામાં જામેલો કચરો પણ આ ત્રણ પ્રક્રિયા એક સાથે ચલાવવાથી સાફ થાય તેમ છે.

દીપક તે જ્ઞાન છે.

સાવરણી તે તપ છે.

ચારિત્ર તે બાકોરાં ઉપરનું ઢાંકણ છે.

શાસ્ત્રકાર ભગવંતોએ કહ્યું છે કે ઉપરોક્ત જ્ઞાન, તપ અને ચારિત્ર ત્રણેય ભેગા થાય ત્યારે જ આત્માનો સર્વકર્મમોક્ષ થાય.

ઉક્ત ત્રણેય ભેગાં થાય ત્યારે જ આત્મામાં સમભાવસ્વરૂપ સામાયિકની–ઘનઘાતીકર્મના નાશજનિત વિશુદ્ધિ પ્રગટ થાય છે. જેને યથાખ્યાત સામાયિકસ્વરૂપ વિશુદ્ધિ કહેવાય છે.

જ્ઞાનાદિત્રય સ્વયં સામાયિકસ્વરૂપ છે; માટે એમ કહી શકાય કે સામાયિકભાવથી આત્મા સ્વવિશુદ્ધિને પ્રગટ કરે છે. અને જે યથાખ્યાત સામાયિકને જ નયવિશેષથી સામાયિક કહીએ તો જ્ઞાનાદિથી આત્મા સામાયિકભાવને પ્રગટ કરે છે એમ કહેવાય.

આ વાતને એ રીતે પણ કહી શકાય કે જ્ઞાનાદિત્રય સ્વરૂપ સામાયિકથી જીવની વિશુદ્ધિ થાય છે; અથવા તો જ્ઞાનાદિત્રયથી આત્માના યથાખ્યાતભાવસ્વરૂપ સામાયિકની વિશુદ્ધિ થાય છે. ગમે તે રીતે કહો પણ આત્મામાં વિશુદ્ધિ પ્રગટ થાય છે એ નક્કી છે. એ

વિશુદ્ધિ થવાને કારણે જ આત્મામાં કેવળજ્ઞાનનો પ્રકાશ પ્રગટ થાય છે. (૨)

ટૂંકમાં, જ્ઞાનાદિ મળીની અવિશુદ્ધિને સામાયિકભાવ દૂર કરે છે; એ અશુદ્ધિ દૂર થતાં જ આત્માનું અનાદિકાલીન વીતરાગતાનું વિશુદ્ધસ્વરૂપ પ્રગટ થાય છે.

વીતરાગતા પ્રગટ થયા બાદ અન્તર્મુહૂર્તમાં જ કેવળજ્ઞાન (કેવળદર્શન) પ્રગટ થાય છે.

કેવળજ્ઞાન સ્વરૂપ કેવળજ્ઞાન એ આત્માનું પોતાનું જ સ્વરૂપ છે. સાંખ્યો માને છે કે, "જડ એવી પ્રકૃતિનો અનાદિકાળથી આત્મા (પુરુષ) સાથે જે સંબંધ છે તે સંબંધનો અભાવ એ જ આત્માનું કેવળજ્ઞાન છે."

આ વાત બરોબર નથી. કેમકે આ રીતે તો કેવળજ્ઞાન અભાવાત્મક તુચ્છ વસ્તુ–અવસ્તુ–બની જવાની આપત્તિ આવે છે. એટલે કેવળજ્ઞાનને આત્માનું પોતાનું સ્વરૂપ જ માનવું જોઈએ.

કેવળજ્ઞાનને આત્માથી એકાન્તે ભિન્ન માની શકાય નહિ. જો તેમ માનીએ તો જેમ દેવદત્તાત્માને મિત્રદત્તાત્માના જ્ઞાનનું સંવેદન થતું નથી તેમ સ્વજ્ઞાનનું પણ સંવેદન નહિ થાય. કેમકે સ્વજ્ઞાન પણ પરકીય જ્ઞાનની જેમ સ્વાત્માથી ભિન્ન જ છે.

નૈયા–આત્માથી જ્ઞાન ભિન્ન તો છે જ. પણ છતાં ઉપરોક્ત આપત્તિ નહિ આવે. કેમકે એ ભિન્ન જ્ઞાન સમવાયસંબંધથી આત્મામાં રહી જશે.

જૈન–તમે કલ્પેલો તે સમવાયસંબંધ તમારા મતે જગતમાં એક જ છે અને નિત્ય પણ છે. આમ હોવાથી એક આત્મામાં સમવાયસંબંધથી ઘટજ્ઞાન રહેતાં, સર્વ આત્મામાં ઘટજ્ઞાનનું સંવેદન થવા લાગશે. કેમકે દરેક આત્મામાં સમવાયસંબંધ તો પડેલો છે. તે સંબંધ પોતાના અપર સંબંધી 'જ્ઞાન'ને આત્મામાં લાવી જ શકશે.

આ આપત્તિના કારણે જ્ઞાનને આત્માથી ભિન્ન માનીને સમવાય-સંબંધથી આત્મામાં રાખી શકાય નહિ. માટે જ્ઞાન આત્માથી ભિન્ન નથી કિન્તુ આત્માનું સ્વરૂપ છે એમ જ માનવું જોઈએ.

જ્ઞાન ઉપર પ્રશ્નોત્તરી

પ્રશ્ન : જ્ઞાન આત્માનું સ્વરૂપ જ હોય તો સદા આત્મા છે. તેમ સદા તે જ્ઞાનસ્વરૂપ કેમ જણાતો નથી ?

ઉત્તર : અનાદિકાળથી એ જ્ઞાન ઉપર જ્ઞાનાવરણીય કર્મ નામનું આવરણ આવેલું છે. એથી જ એનું પ્રકાશસ્વરૂપ પ્રગટ થએલું જોવા મળતું નથી.

કોઈ પણ કર્મસ્કન્ધ અસંખ્યકાળથી વધુ કાળ સુધી આત્મા ઉપર રહી શકતો નથી. એટલે અમુક કર્મસ્કન્ધ અનાદિકાળથી આત્મા ઉપર રહ્યો છે તેમ ન કહેવાય. પરન્તુ બીજા-બીજા સ્કન્ધો આત્મા ઉપર આવતાં જ રહે છે એટલે એ કર્મસ્કન્ધનો પ્રવાહ ચાલુ રહે છે માટે તે પ્રવાહની અપેક્ષાએ એમ કહેવાય કે કર્મનું આવરણ અનાદિ-કાળથી આત્માને લાગેલું છે.

પ્રશ્ન : સર્વ કર્મસ્કન્ધની આદિ માનવામાં આવે તો શો બાધ આવે ? શું એક સમય એવો કલ્પવો કે જે સમયે પ્રથમ કર્માવરણ આત્માને લાગ્યું ?

ઉત્તર : ના. તેમ જો કલ્પના કરશો તો એ પ્રથમ કર્માવરણ લાગતા પૂર્વે તે આત્મા સર્વથા શુદ્ધ જ હતો ને ? તો પછી શુદ્ધ આત્માને એ પ્રથમ કર્મનો બંધ થાય જ શી રીતે ? જેમ મોક્ષસ્થ આત્માને કર્મબંધ થતો નથી તેમ કોઈ પણ શુદ્ધાત્માને કર્મબંધ ન જ થવો જોઈએ, અને તેથી તે આત્મા તરત જ મોક્ષમાં ચાલ્યો જવો જોઈએ. પરંતુ અનંતાનંત આત્માઓ સંસાર-પર્યાયમાં જોવા મળે છે એ ઉપરથી જ સાબિત થઈ જાય છે કે દરેક આત્માને અનાદિકાળથી કર્મસ્કન્ધો લાગેલા છે, એ કર્મસ્કન્ધના બંધની કોઈ આદિ કલ્પી શકાય જ નહિ.

જ્યારે આ જ્ઞાનાવરણીયકર્મના આવરણનો સંપૂર્ણ ક્ષય થાય છે

ત્યારે આત્માને જાત્યરત્નનાં કિરણોની જેમ સર્વત્ર પ્રકાશ વેરતું કેવળજ્ઞાન પ્રગટ થાય છે.

એ કર્મના મળનો ક્ષય કરવા માટે સામાયિકભાવનો પરિણામ અગ્નિનું કામ કરે છે.

પ્રશ્ન : જે મળયોગ અનાદિ છે તેનો અંત શી રીતે આવે?

આકાશ અને આત્માનો યોગ અનાદિકાળથી છે માટે તેનો કદી અંત આવવાનો નથી.

ઉત્તર : નહિ. અનાદિનો પણ અંત આવી શકે છે. શાસ્ત્રમાં ધૂળમિશ્રિત સોનાનું દૃષ્ટાન્ત આપવામાં આવ્યું છે. આ સંયોગ ઘણા લાંબા કાળથી હોવા છતાં અગ્નિ આદિના ઉપાયથી એનો અંત લાવી શકાય છે તેમ જીવ-કર્મના યોગનું પણ સમજવું.

કંચનોપલનું આ દૃષ્ટાન્ત દેશતઃ સમજવું. ખાણમાંથી નીકળતાં સુવર્ણ-મલનો યોગ વધુમાં વધુ અસંખ્ય કાળથી જ હોઈ શકે, કોઈ પણ પુદ્ગલનું ઉત્કૃષ્ટથી અસંખ્યકાલીન અસ્તિત્વ જ હોય છે. એટલે સુવર્ણ-મલ સંયોગ અનાદિકાલિક તો નથી જ. છતાં તેનું દૃષ્ટાન્ત લઈને અનાદિ જીવ-કર્મસંયોગને સાબિત કરવાનો જે પ્રયત્ન કરવામાં આવ્યો છે તે પ્રયત્ન સર્વોપમાને લઈને ન કરતાં દેશોપમા લેવી.

સુવર્ણ-મલ યોગ ઘણા કાળથી છે....અને જીવ-કર્મ યોગ પણ ઘણા કાળથી છે...એટલું જ સામ્ય લેવું. એક કાળના ચોક્કસ ગણિતની વિષમતાને અહીં નજરમાં લેવાની નથી. (૩)

પ્રશ્ન : ભલે કેવળજ્ઞાન આત્મસ્વરૂપ હોય પણ તે લોકાલોકપ્રકાશક કેમ છે?

ઉત્તર : આત્માનો તેવો સ્વભાવ હોવાથી.

"તેવો સ્વભાવ કેમ છે!" એવો પ્રશ્ન સ્વભાવની સામે ન મુકાય. સ્વભાવ એટલે સ્વભાવ. એને કોઈ તર્ક હોય નહિ.

જેને કોઈ તર્ક લાગુ ન થાય તે જ તો સ્વભાવ કહેવાય છે. પછી વળી તેને તર્કથી સિદ્ધ કેમ કરી શકાય ?

પ્રશ્ન : ભલે. તે વાત મંજૂર છે. પણ કેવળજ્ઞાન જે પ્રથમ સમયે ઉત્પન્ન થાય છે તે જ સમયે તે સર્વલોકાલોકનું પ્રકાશક શી રીતે બની જાય ? દીપકની જ્યોત તો પ્રથમ સમયે થોડો પ્રકાશ કરે...પછી ક્રમશઃ સમગ્ર વસ્તુ પ્રકાશક બને છે ?

ઉત્તર : કેવળજ્ઞાનનો એ પણ એવો સ્વભાવ જ છે કે તે ઉત્પત્તિની પ્રથમક્ષણે જ એક સાથે સમગ્ર લોકાલોકનું પ્રકાશક બની જાય છે. (૪)

પ્રશ્ન : કેવળજ્ઞાન સમગ્ર લોકાલોકનું સંવેદન કરાવે છે તે વસ્તુમાત્રને પ્રાપ્ત કરીને કે વસ્તુમાત્રને પ્રાપ્ત કર્યા વિના ? અર્થાત્ જ્ઞાન-પ્રકાશ વિષયને સ્પર્શીને આત્મામાં બોધ ઉત્પન્ન કરે છે કે વિષયને સ્પર્શ્યા વિના જ આત્મામાં બોધ ઉત્પન્ન કરે છે ?

ઉત્તર : વિષયને સ્પર્શ્યા વિના જ જ્ઞાનપ્રકાશ આત્મામાં તે વિષયનો બોધ ઉત્પન્ન કરે છે.

આ રહ્યા તેનાં કારણો :

પહેલી વાત તો એ છે કે કેવળજ્ઞાન આત્મામાં રહે છે. જેનું જેવડું શરીર હોય તેવડા શરીરમાં લગભગ તેવડો બનીને આત્મા રહે છે.

ધારો કે પાંચ ફૂટના શરીરવાળો એક આત્મા છે. તો તેના શરીરમાં લગભગ પાંચ ફૂટનો બની આત્મા રહે છે. (હાથીના શરીરમાં હાથી જેવડો મોટો બનીને રહે.)

નૈયાયિકો વગેરે આત્માને સર્વ લોકવ્યાપી માને છે પરંતુ આ વાત બરોબર નથી. કેમ કે આત્માના સુખાદિસંવેદનો શરીરવર્તી આત્માને જ થાય છે. તો શા માટે તેને વિભુ માનવો જોઈએ ? જો શરીરમાં જ—શરીરાવચ્છેદેન જ—આત્મગુણોની સંવેદના થતી હોય તો આત્માને શરીરપરિણામી જ માનવો જોઈએ.

હવે એ આત્મામાં જ કેવળજ્ઞાન નામનો ગુણ રહે છે. કેવળજ્ઞાન એ આત્માનો પર્યાય છે માટે તે આત્મામાં જ રહે. 'જે જેનો ધર્મ હોય તે તેનામાં જ રહે' એવો સિદ્ધાંત છે. ઘટનું રૂપ ઘટમાં જ રહે.

વળી કેવળજ્ઞાન એ આત્મધર્મ છે માટે જ આત્મામાં રહે છે એમ એક જ તર્ક નથી, બીજો પણ એ સિદ્ધિ માટે તર્ક છે કે કેવળજ્ઞાનનું સંવેદન આત્મામાં જ થાય છે.

જેનું જ્યાં સંવેદન થાય તે વસ્તુ ત્યાં જ હોય એ સિદ્ધાન્ત છે. ઘટમાં જ ઘટરૂપનું સંવેદન થાય છે માટે તે રૂપ ઘટનું જ કહેવાય. આત્મામાં જ કેવળ- જ્ઞાનનું સંવેદન થાય છે માટે કેવળજ્ઞાનને આત્મસ્થ જ માનવું જોઈએ.

ત્રીજી દલીલ એ છે કે જે જે ઘટજ્ઞાન, ઘટરૂપજ્ઞાન, પટજ્ઞાન વગેરે જ્ઞાનો છે તે બધા ય આત્મસ્થ જ અનુભવાય છે તો કેવળજ્ઞાન એ પણ જ્ઞાનવિશેષ જ છે માટે તેને પણ આત્મસ્થ જ માનવું જોઈએ.

આમ કેવળજ્ઞાન આત્મસ્થ છે એ વાત સિદ્ધ થઈ જાય છે. વળી આ કેવળજ્ઞાન આત્મસ્થ છે એનો અર્થ સર્વથા આત્મસ્થ છે એવો સમજવો. તે આત્મામાંથી કદી બહાર નીકળતું નથી અને ક્યાંક જઈને વળી પાછું આત્મામાં આવી જતું ય નથી.

જો જ્ઞાન પોતાના જ્ઞેયદેશમાં જાય તો આત્મા જ્ઞાનવિહોણો બની જાય. જ્ઞાન તો આત્માનો સ્વભાવ છે અને આત્મા એક ક્ષણ પણ સ્વભાવવિહોણો કેમ બની શકે ?

જેવું જ્ઞાન જ્ઞેય દેશ તરફ જાય કે તરત જ આત્માનું અસ્તિત્વ જ મટી જાય. જ્ઞાનાત્મક જ આત્મા છે. જ્ઞાન જ ગયું તો આત્મા ક્યાંથી રહે ? વળી જો આવી રીતે કેવળજ્ઞાન જ્ઞેયદેશમાં જઈ શકતું હોય તો પછી તે આત્મધર્મ નહિ બને. કેમકે આત્માના વિના પણ જે કેવળ-જ્ઞાન જ્ઞેયદેશમાં જતું રહે તો તેને આત્મધર્મ કેમ કહેવાશે ?

એટલે કેવળજ્ઞાન જ્ઞેયદેશમાં જતું જ નથી એમ માનવું જોઈએ.

જો તેને વિષય પાસે જઈને જ આત્મામાં તે વિષયનું સંવેદન કરાવવાનું હોય, તો આત્મા અનાત્મા બની જવાની આપત્તિ આવે. અને કેવળજ્ઞાનનું પોતાનું આત્મધર્મત્વ સ્વરૂપ પણ નષ્ટ થઈ જાય. જે ધર્મીથી જુદો પડે તેને તે ધર્મીનો ધર્મ જ કેમ કહેવાય ?

માટે કેવળજ્ઞાનને આત્મસ્થ જ માનવું જોઈએ.

કેટલાકો કહે છે કે આત્મામાંથી કેવળજ્ઞાન બહાર નીકળે છે. જે આત્મા વીતરાગ બન્યા તે બધાયનું જ્ઞાન બહાર નીકળ્યું.... બસ, હજી તે આગળ ને આગળ ચાલ્યું જાય છે. કેમકે અલોક અનન્ત છે એટલે કેવળજ્ઞાનની ગતિનો પણ કયાંય અંત આવતો જ નથી. આમ થવાથી હજી સુધી કોઈ પણ આત્મા સંપૂર્ણ લોકાલોકનો જ્ઞાતા–કેવળજ્ઞાની–બની શકયો નથી. કેવળજ્ઞાન એટલે સંપૂર્ણજ્ઞાન. હવે અલોક તો અનન્ત છે અને જો કેવળજ્ઞાન બહાર નીકળીને સકલ વિષયનું આત્માને સંવેદન કરાવે છે તો સકળ અલોકને તો તે જાણી શકે જ નહિ. માટે કોઈ પણ આત્મા હજી સુધી સર્વજ્ઞ થયો જ નથી.

આ વાત પાયામાંથી જ ખોટી છે. કેમકે કેવળજ્ઞાન આત્મામાંથી બહાર નીકળીને વિષયનું સંવેદન કરાવતું જ નથી. એ આત્મામાં સર્વદા સર્વથા રહીને જ સર્વ લોકાલોકનું પ્રકાશન કરે છે.

કૈવલ્ય પદાર્થ ઉપર કુતર્ક

અહીં પ્રસંગતઃ એક કુતર્ક પણ રજૂ કરી દેવાનું મુનાસિબ લાગે છે.

જે શ્રીમદ્ રાજચન્દ્રનો નવો પંથ નીકળ્યો છે તે શ્રીમદ્ રાજચન્દ્ર કેવળજ્ઞાનને લોકાલોક પ્રકાશક–સર્વ દ્રવ્ય–પર્યાય જ્ઞાપક માનતા ન હતા એમ તેમના–એક વ્યક્તિને લખેલા પત્રની ભાષા ઉપરથી જણાય છે.

તે પત્રમાં તેમણે કહ્યું છે કે, "શાસ્ત્રમાં કેવળજ્ઞાનનું જે વર્ણન આવે છે તે ઊંડી અનુપ્રેક્ષા માંગે છે. કેમકે જો કેવળજ્ઞાનનો અર્થ સંપૂર્ણજ્ઞાન એવો યથાશ્રુત અર્થ જ લઈએ તો પ્રશ્ન થાય છે કે

કેવળજ્ઞાનીને જીવના પ્રથમ ભવનું જ્ઞાન હોય કે નહિ ? જો હકારમાં જવાબ આપશો તો જીવનો પ્રથમ ભવ સિદ્ધ થઈ જશે. એમ થતાં શાસ્ત્રની તે વાત કે, 'જીવનો પ્રથમભવ હોતો જ નથી તે-ખોટી ઠરી જશે. અને જો નકારમાં ઉત્તર આપો તો જેમને જીવના પ્રથમભવનું અજ્ઞાન છે તેમને સંપૂર્ણજ્ઞાની-કેવળજ્ઞાની કેમ કહેવાય ? એટલે કેવળજ્ઞાનનો અર્થ સર્વદ્રવ્યપર્યાયનું જ્ઞાન લેવા કરતાં આધ્યાત્મિક કક્ષાનું ટોચ-જ્ઞાન એટલો જ અર્થ લેવો જોઈએ." આવો આશય અનુપ્રેક્ષાની વાત કરતાં રાજચન્દ્રના હૃદયમાં હોવો જોઈએ એમ લાગે છે.

જો આ કલ્પના બરોબર હોય તો શ્રીમદ્ને શાસ્ત્રવચનની કારમી અશ્રદ્ધાથી રંગાયેલા, સ્વને વધુ પડતું મહત્ત્વ આપવાની વૃત્તિથી ખરડાયેલા કહેવા પડે. ખેર એ વાતને બાજુ ઉપર મૂકીએ અને શ્રીમદ્ના ઉક્ત કુતર્કને રદિયો આપીએ.

શ્રીમદ્ પૂછે છે કે કેવળજ્ઞાનીને જીવનો પ્રથમભવ દેખાય કે નહિ ? આ પ્રશ્નનો ઉત્તર હકારમાં તો છે જ નહિ એટલે હકારના ઉત્તરની આપત્તિ ઉપસ્થિત થતી નથી. એ પ્રશ્નનો સીધો ઉત્તર તો એ છે કે-ના, કેવળજ્ઞાનીને જીવનો પ્રથમભવ ન દેખાય.

પણ પ્રથમભવ ન દેખાવાથી કેવળજ્ઞાની અજ્ઞાની સાબિત થઈ જતા નથી.

જો પ્રથમભવ હોય જ નહિ તો કેવળજ્ઞાનીને પણ તે શી રીતે દેખાય ? જે હોય તે દેખાવું તે કેવળજ્ઞાન છે ? કે જે ન હોય પણ દેખાવું તે કેવળજ્ઞાન છે ?

કોઈ બુદ્ધિમાન પ્રોફેસરને પૂછો કે તમને ગધેડાનું શિંગડું દેખાય છે કે નહિ ? તો તે 'ના' જ કહેશે ને ? ગધેડાને શિંગડું જ ન હોય માટે ન જ દેખાય; એથી કાંઈ એ પ્રોફેસરની અલ્પજ્ઞતા ન કહેવાય. ઊલટું જો ગધેડાનું શિંગડું જોયાનું એ કહે તો તેની મૂર્ખતા સાબિત થઈ જાય.

શ્રીમદ્ને આટલી વાત પણ કેમ ન સમજાઈ? પરમાત્મા જાણે.... કેટલીક વાર કેટલાક માણસો વધુ પડતા ઉચ્ચસ્થાનને પામી જાય છે ત્યારે જો તે પદનું કોઈ અજીર્ણ થાય તો આવું 'કાંઈક' બની જાય છે ખરું.

અસ્તુ. આપણે તો એટલી જ વાત કરવી છે કે કેવળજ્ઞાન તેવું જ છે જેવું તેનું શાસ્ત્રમાં વર્ણન કર્યું છે. વર્તમાનકાળના કેટલાક કહેવાતા વિદ્વાનો ભલે આ વિષયમાં બેલગામ અભિપ્રાય વ્યક્ત કરતાં રહે પણ શાસ્ત્રચુસ્ત આત્માઓ એ અભિપ્રાયને કોઈ પણ સંયોગમાં સ્વીકારવા તૈયાર નહિ જ હોય એવું સહુએ સમજી રાખવું જોઈએ. કૂવાના દેડકાને સાગરની ઊંડાઈનું જ્ઞાન ન હોય ત્યાં સુધી વાંધો નથી પરંતુ જ્યારે સાગરદેષ્ટાની વાતો ઉપર અશ્રદ્ધા કરીને પોતે જ કૂવાની ઊંડાઈ ઉપરથી સાગરની ઊંડાઈનું ક્ષુલ્લક ગણિત કરી લે ત્યારે તેની તે મૂર્ખતા ઉપર હસી ગયા વિના રહેવાતું નથી.

અતીન્દ્રિય પદાર્થ–જ્ઞાનના વિરાટ સૂર્યની ગરમીને સ્વજ્ઞાનના થર્મોમીટરથી માપવા જનારના થર્મોમીટરના શા હાલહવાલ થઈ જાય એનું વર્ણન કરવાની કશી જરૂર નથી.

ચાલો, હવે ટીકાકારની સાથે આગળ ચાલીએ.

પ્રશ્ન : જો કેવળજ્ઞાન આત્મસ્થ જ હોય–આત્માનો જ ધર્મ હોય–તો શા માટે તેને ચન્દ્રપ્રભા, સૂર્યપ્રભા વગેરેની ઉપમા આપવામાં આવે છે? ચન્દ્રપ્રભાદિ તો પુગદ્લસ્વરૂપ છે. જેમ ચન્દ્ર એક પુગદ્લસ્કન્ધ છે તેમ ચન્દ્રપ્રભા પણ પુગદ્લસ્કન્ધ છે. એટલે પ્રભા એ કાંઈ ચન્દ્રનો પર્યાય નથી. એક પુગદ્લ બીજા પુગદ્લનો પર્યાય કદી ન બની શકે.

દ્રવ્યનો પર્યાય દ્રવ્ય કદી ન બને. હવે કેવળજ્ઞાન તો જીવનો ધર્મ (પર્યાય) છે તો પછી તેને ચન્દ્રાદિની પ્રભાની ઉપમા કેમ આપી શકાય?

ઉત્તર : આત્માનું કેવળજ્ઞાન અને ચન્દ્રની પ્રભા એ બે વચ્ચે

સર્વસાધર્મ્ય સમજવાનું નથી. અંશતઃ જ સાધર્મ્ય લેવાનું છે, તે એ જ કે બે ય પ્રકાશસ્વરૂપ છે.

પ્રભા તો પુગદ્ગલરૂપ છે, કેવલજ્ઞાન તો અપુગદ્ગલ સ્વરૂપ છે. એટલે જો સર્વસાધર્મ્ય લઈએ તો કેવળજ્ઞાન પણ પૌગદ્ગલિક બની જાય. એમ થતાં એ કેવળજ્ઞાન જીવપર્યાય સિદ્ધ થતો અટકી જાય. આવું ન બને તે માટે અહીં ચન્દ્રપ્રભાનું પ્રકાશના સાધર્મ્યમાત્રથી દૃષ્ટાન્ત સમજવાનું છે. (૬)

વળી કેવળજ્ઞાનનો પ્રકાશ તો સર્વવસ્તુ પરિચ્છેદક છે જ્યારે ચન્દ્રપ્રભા તો સર્વવસ્તુનો પરિચ્છેદ કરાવવાનું સામર્થ્ય ધરાવતી નથી જ. જો સર્વસાધર્મ્યથી કેવળજ્ઞાન અને ચન્દ્રપ્રભાને જોઈએ તો ચન્દ્રપ્રભા સર્વગતાભાસ નથી, માટે કેવળજ્ઞાન પણ સર્વગતાભાસ નહિ બનવાની આપત્તિ આવી જાય. આમ ન થાય તે માટે સર્વસાધર્મ્યતા લેવી નહિ અને ચન્દ્રપ્રભાને દૃષ્ટાન્તમાત્ર સમજવું.

ગ્રન્થકાર ભગવંત કહે છે કે, 'કેવળજ્ઞાન એ આત્મસ્થ છે' એ વાત જેમ સુંદર યુક્તિથી અને સ્વસંવેદનથી સિદ્ધ થાય છે તેમ 'ચન્દ્રપ્રભા એ પ્રસ્તુતમાં દૃષ્ટાન્તમાત્ર છે.' એ વાત પણ સુંદર યુક્તિથી તથા સ્વસંવેદનથી સિદ્ધ કરવી જોઈએ.

યુક્તિઓ તો ઉપર બતાડી. અને સ્વસંવેદનથી પણ ચન્દ્રપ્રભાની દૃષ્ટાન્તમાત્રતા સિદ્ધ થાય છે. ચન્દ્રપ્રભા એ પુગદ્ગલસ્વરૂપે સંવેદાય છે અને જ્ઞાન એ આત્મધર્મ તરીકે પણ સંવેદાય છે. એટલે બે વચ્ચેનું પૌદ્ગલિકત્વ-અપૌદ્ગલિકત્વનું વૈધર્મ્ય સ્વસંવેદનસિદ્ધ છે જ. માટે યુક્તિથી અને સંવેદનથી ચન્દ્રપ્રભા દૃષ્ટાન્તમાત્ર છે; પરંતુ કેવળજ્ઞાન સાથે તેનું સર્વસાધર્મ્ય ઘટી શકતું નથી એ વાત સ્થિર થઈ જાય છે. (૭)

કેવળજ્ઞાન આત્મસ્થ જ છે એ વાત સિદ્ધ કરવા બીજા પણ કેટલાક તર્કો ઉપયોગી બને છે.

કેવળજ્ઞાન આત્મસ્થ નૈયાયિકોનું એવું મંતવ્ય છે કે જે ગુણ છે, હોય તે અવશ્ય દ્રવ્યાશ્રિત હોય. હા, ગુણમાં ગુણ રહેતો નથી એટલે ગુણો દ્રવ્યાશ્રિત હોય છે અને સ્વયં નિર્ગુણ હોય છે.

હવે જો કેવળજ્ઞાન એ ગુણ છે તો તેણે કયાંય ને કયાંય રહેવું જ જોઈએ. અમૂર્ત ગુણ મૂર્તમાં તો રહે જ નહિ, માટે કેવળજ્ઞાનને અમૂર્ત આત્માનો જ ગુણ માનવો જોઈએ.

બીજી વાત એ છે કે કદાચ માની લઈએ કે કેવળજ્ઞાન એ આત્માનો ગુણ નથી અને તેથી તે આત્મામાંથી બહાર નીકળીને વિષયને સ્પર્શીને આત્માને તે તે વિષયોનો પરિચ્છેદ કરાવે છે. હવે જો આ વાત માની લઈએ તો લોકાકાશના તમામ દ્રવ્યપર્યાયનો પરિચ્છેદ તો આત્માને હજી થઈ જશે : તેમાં વાંધો નહિ આવે; કેમકે લોકાકાશમાં ગતિસહાયક ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય છે અને લોકાકાશનો અન્ત પણ છે. એટલે એ ધર્માસ્તિકાયની મદદથી કેવળજ્ઞાન લોકાકાશમાં ગતિ કરશે અને એ ગતિનો અંત પણ આવશે. આમ લોકાકાશગત તમામ દ્રવ્ય પર્યાયનો પરિચ્છેદ તો થઈ જશે.

પણ અલોકાકાશનો પરિચ્છેદ શી રીતે થશે ? કોની મદદથી કેવળજ્ઞાન અલોકાકાશમાં ગતિ કરશે ? ત્યાં ધર્માસ્તિકાય દ્રવ્ય તો છે જ નહિ ? વળી અસત્કલ્પનાથી માની લઈએ કે કેવળજ્ઞાન કોઈની મદદ વિના પણ ગતિ કરશે તો ફરી પ્રશ્ન ઊભો થશે કે એ ગતિનો અંત કયાં આવશે ? કેમકે અલોકનો તો કોઈ અંત જ નથી ?

એટલે સમસ્ત અલોકનો પરિચ્છેદ ઉપપન્ન કરવા માટે કેવળજ્ઞાનને ગતિશીલ, અનાત્મસ્થ....માની શકાય તેમ નથી. એ માટે તો અનન્યગત્યા માનવું પડશે કે કેવળજ્ઞાન આત્મસ્થ હોઈને અલોકનું પણ સંવેદન કરે છે.

જ્યારે અલોક–પરિચ્છેદ માટે કેવળજ્ઞાનને આત્મસ્થ માનવું જ

પડે છે ત્યારે લોક-પરિચ્છેદ પણ કેવળજ્ઞાન આત્મસ્થ હોઈને જ કરે છે તેમ માની લેવું જોઈએ.

પ્રશ્ન : આત્મા સર્વગત છે માટે આત્મસ્થ એવું કેવળજ્ઞાન પણ સર્વગત બની જશે ને ?

ઉત્તર : આત્મા સર્વગત છે જ નહિ. કેમકે શરીરમાં જ ચૈતન્યની ઉપલબ્ધિ થાય છે. એટલે શરીરમાત્ર પરિણામી આત્મામાં રહીને જ કેવળજ્ઞાન સર્વવસ્તુ પરિચ્છેદક છે એમ જ માનવું રહ્યું.

જ્યારે આ જ વસ્તુસ્થિતિ છે ત્યારે કેવળજ્ઞાનમાં ગમન, આગમન વગેરે ક્રિયા સિદ્ધ થતી નથી.

સિદ્ધ થાય છે તો એટલું જ સિદ્ધ થાય છે કે કેવળજ્ઞાન આત્મસ્થ છે, લોકાલોક પ્રકાશક છે.

તીર્થકૃદ્દેશના–અષ્ટક

[૩૧]

वीतरागोऽपि सद्वेद्यतीर्थकृन्नामकर्मणः ।
उदयेन तथा धर्मदेशनायां प्रवर्त्तते ॥१॥

તીર્થંકરનો આત્મા વીતરાગ હોવાથી કૃતકૃત્ય હોવા છતાં સદ્વેદ્ય–એવા તીર્થંકર નામકર્મના ઉદયથી (સહજ રીતે) ધર્મદેશના આપે છે.

वरबोधित आरभ्य परार्थोद्यत एव हि ।
तथाविधं समादत्ते कर्म स्फीताशयः पुमान् ॥२॥

ઉદાર આશયવાળા તે આત્મા વરબોધિની પ્રગતિથી માંડીને પરાર્થ વ્યસની બને છે અને તેવા પ્રકારના વિશિષ્ટ કર્મનો સંગ્રહ કરે છે.

यावत्संतिष्ठते तस्य तत्तवत्संप्रवर्त्तते ।
तत्स्वभावत्वतो धर्मदेशनायां जगद्गुरूः ॥३॥

જ્યાં સુધી તીર્થંકર નામકર્મનો ઉદય રહે છે ત્યાં સુધી તીર્થંકર ભગવાન તે કર્મસ્વભાવથી જ ધર્મદેશના આપે છે.

वचनं चैकमप्यस्य हितां भिन्नार्थगोचराम् ।
भूयसामपि सत्त्वानां प्रतिपत्तिं करोत्यलम् ॥४॥

તીર્થંકર ભગવંતની દેશનાનું એક પણ વચન અનેક આત્માઓને પોતપોતાની રીતે હિતમાં પરિણમતા અર્થબોધની અત્યન્ત સુંદર પ્રતીતિ કરાવવાનો અતિશય ધરાવે છે.

अचिन्त्यपुण्यसंभारसामर्थ्यादेतदीदृशम् ।
तथा चोत्कृष्टपुण्यानां नास्त्यसाध्यं जगत्त्रये ॥५॥

અચિન્ત્ય પુણ્યના મહિમાથી જ આવું બને છે. ઉત્કૃષ્ટ પુણ્યશાળી પરમાત્માને માટે ત્રણ જગતમાં કશું ય અસાધ્ય હોતું નથી.

अभव्येषु च भूतार्था यदसौ नोपपद्यते ।
तत्तेषामेव दौर्गुण्यं ज्ञेयं भगवतो न तु ॥६॥

હા, અભવ્યાદિ આત્માઓને એ સદ્‌ભુત અર્થવાળી દેશના સ્પર્શતી નથી પણ એમાં એમનો જ દોષ છે, ભગવંતનો જરાય નહિ.

दृष्ट्वाभ्युदये भानोः प्रकृत्या क्लिष्टकर्म्मणाम् ।
अप्रकाशो ह्युलूकानां तद्वदत्रापि भाव्यताम् ॥७॥

સૂર્યનો ઉદય થયા પછી પણ ઘુવડને સર્વત્ર અંધકાર જ દેખાય એમાં દોષ એ ઘુવડની પ્રકૃતિનો જ.

ક્લિષ્ટ કર્મોના ઉદયમાં અભવ્ય જીવોને ધર્મદેશના ન સ્પર્શે એમાં દોષ એમનો જ.

इयं च नियमाद् ज्ञेया तथानन्दाय देहिनाम् ।
तदात्वे वर्त्तमानेऽपि भव्यानां शुद्धचेतसाम् ॥८॥

તીર્થંકર ભગવંતની આ ધર્મદેશના નિયમતઃ ભવ્યાત્માઓને આનંદ આપે છે. માત્ર તે કાળમાં નહિ, વર્તમાન કાળમાં પણ શુદ્ધ ચિત્તવાળા જીવોને પણ તે દેશના તેવો જ આનંદ બક્ષે છે.

વિવેચના :

આ અષ્ટકમાં કૃતકૃત્ય થએલા ભગવાન ધર્મદેશના શા માટે આપે છે ? એ દેશનાનું સ્વરૂપ શું ? દેશના કોને અસર કરે ? વગેરે વિચારો રજૂ કરવામાં આવ્યા છે.

તીર્થંકરોનું કર્તૃત્વ- સાધક આત્માનું સાધ્ય વીતરાગતાની પ્રાપ્તિ છે. કૈવલ્ય ગુણનું પ્રાગટ્ય છે. જે એ સાધ્યને આંબી ગયા તે મહાત્મા પરમાત્મા બન્યા. કૃતકૃત્ય બન્યા. હવે એમને કશું જ કરવાનું રહેતું નથી. જો હજી પણ 'કાંઈક' કરવાનું બાકી રહેતું હોય તો તેઓ કૃતકૃત્ય ન કહેવાય.

પ્રશ્ન : શું જગત્કલ્યાણ કરવાનું બાકી નથી ?

ઉત્તર : આત્મકલ્યાણ જ કરવાનું હોય છે, જગત્કલ્યાણ કરવાનું હોતું નથી....એ તો આપોઆપ થવા લાગે છે. જેઓ કૃતકૃત્ય બને છે, વીતરાગ બને છે તેમને જગત્કલ્યાણ કરવાની રાગાત્મક કરુણા-ભાવના હોતી નથી.

પ્રશ્ન : તો શું તેઓ જગત્કલ્યાણ કરતાં જ નથી ?

ઉત્તર : ના, કરુણાભાવનાની ટોચને આંબીને જેમણે તીર્થંકર નામકર્મની નિકાચના કરી તેઓને જગત્કલ્યાણ આપોઆપ થવા લાગે છે.

'જગત્કલ્યાણ કરવું' કરતાં ય 'જગત્કલ્યાણ સહજ રીતે થયા કરવું' એ વળી ઘણી વિશિષ્ટ સાધનાનું ફળ છે. અત્યુગ્ર પુણ્યકર્મના વિપાકનો જ એ મહિમા છે.

તીર્થંકર ભગવંતો વીતરાગભાવને પામ્યા પછી જગત્કલ્યાણની ભાવનાથી મુક્ત હોવા છતાં, જગત્કલ્યાણની ભાવનાથી જ જે તીર્થંકરનામ કર્મનો નિકાચિત બંધ કર્યો હતો તેનો હવે જ વિપાકોદય થયો છે. એ કર્મ જ એમને જગત્કલ્યાણના કાર્યમાં સહજ રીતે પ્રવર્તાવે છે.

જગત્કલ્યાણનો શ્રેષ્ઠ માર્ગ અને એક જ માર્ગ મુખ્યત્વે ધર્મ-દેશના છે. સંપત્તિ આદિના દાનાદિથી જગત્કલ્યાણ શક્ય જ નથી.

ધર્મદેશનાનું દાન, સમવસરણની સમૃદ્ધિનો ભોગવટો, દેવસેવા વગેરે તીર્થંકર નામકર્મના વિપાકોદયના મહિમાથી અવશ્ય પ્રાપ્ય તત્ત્વો છે.

એટલે વીતરાગ–તીર્થંકર ભગવંતો કૃતકૃત્ય હોવા છતાં–કોઈ પણ કાર્ય કરવાનું એમને માટે બાકી ન હોવા છતાં—તેઓ ધર્મદેશનાનું કાર્ય કરે છે તે તીર્થંકર નામકર્મનો જ મહિમા છે. એ કર્મના ઉદયથી એમને ધર્મદેશનાની પ્રવૃત્તિ કરવી જ પડે છે....ના, એ પ્રવૃત્તિ સહજ રીતે થઈ રહે છે. (૧)

જ્યારથી તેઓ વરબોધિ (સમ્યક્ત્વ) પામે છે ત્યારથી તેઓ (પ્રાયઃ) પરાર્થ વ્યસની હોય છે અને તેથી તેવા પ્રકારના વિશિષ્ટ કર્મનો સંગ્રહ કરનારા તે ઉદાર આશયવાળા આત્મા બને છે. (૨)

જ્યાં સુધી જગતગુરુના આત્મા ઉપર તીર્થંકર નામકર્મનો ઉદય વિદ્યમાન રહે છે ત્યાં સુધી સહજ રીતે તે આત્માઓ પરહિતકારી ધર્મદેશનામાં પ્રવૃત્ત રહે છે.

અગ્લાન ધર્મદેશના કર્મનાશ માટે

તીર્થંકર નામકર્મની નિકાચનાના મૂળમાં પરહિત-કરણની જ ભાવના હતી. માટે તે કર્મના વિપાકોદયકાળમાં સહજ રીતે પરહિતકારી પ્રવૃત્તિ થતી રહે તેમાં કશું આશ્ચર્ય નથી.

આથી જ શાસ્ત્રમાં કહ્યું છે કે કૃતકૃત્ય થએલા તીર્થંકર દેવ જગજ્જન્તુ સમક્ષ સામાયિક અધ્યયનાદિની જે દેશના આપે છે તે બાંધેલા તીર્થંકર નામકર્મને એ રીતે ભોગવીને નાશ કરવા માટે જ આપે છે.

એ કર્મ જ એવું છે કે અગ્લાન ધર્મદેશના–દાન વિના ભોગવાય જ નહિ. સબૂર! પરમાત્માને તો એ કર્મનો નાશ કરીને મોક્ષમાં જવાની પણ ઇચ્છા ન હોય, પણ એ કર્મ જ પોતાનો નાશ કરવા સહજ રીતે એમને ધર્મદેશનામાં પ્રવર્તાવતું રહે છે.

જેમ જેમ પુણ્યની ઉગ્રતા વધતી જાય તેમ તેમ તે સહજ રીતે આત્મા અનુકૂળ સામગ્રી પ્રાપ્ત કરતો જાય.

અલ્પપુણ્યવાળા આત્માને મુંબઈ જવાની ગાડી પકડવી હોય તો ભારે મહેનતે ટિકિટ મળે, સમય વીતી ન જાય તેની સાવધાની રાખવી પડે; અથવા તો કલાક બે કલાક પહેલેથી જ સ્ટેશને જઈને બેસવું પડે.

એથી અધિક પુણ્યવાળા આત્માને અલ્પ પ્રયત્ને ટિકિટ મળે, સમયસર સ્ટેશને પહોંચી જવા માટે ખાસ પ્રયત્ન કરવો ન પડે.

પણ અત્યુગ્ર પુણ્યશાળી આત્માને તો સામે ચડીને કોઈ ટિકિટ આપે; આરામથી બધાં કાર્યો પતાવે અને ઘડિયાળ જોયા વિના સહજ રીતે મોટરમાં બેસીને સ્ટેશને પહોંચે; ગાડી આવીને ઊભી જ હોય; રે ! કદાચ ગાડીના ટાઈમ કરતાં એ મોડો પહોંચે તો ય એને વાંધો નહિ, કેમકે એનું કર્મ ગાડીને પણ મોડી પાડી દે.

અત્યુગ્ર પુણ્યનો મહિમા જ એ છે કે એનો સ્વામી સહજ રીતે જ તમામ કાર્ય કરતો હોય. ઇચ્છા, પ્રયત્ન, ધમપછાડા એ તો ઉત્તરોત્તર પુણ્યની અલ્પતાના સૂચક છે. (૩)

વળીમાત્ર ધર્મદર્શનાથી પણ પરાર્થ સિદ્ધ થતો નથી. એ ધર્મદેશના માત્ર માનવોને જ સમજાય તેવી હોય તો ? પશુઓને પણ એમની ભાષામાં એ જ શબ્દો પરિણામી જવા જોઈએ.

હા....તીર્થંકર દેવોની દેશના તેવી જ હોય છે. એ જ શબ્દો માનવોને માનવની ભાષા તરીકે, દેવોને દેવભાષા તરીકે અને પ્રત્યેક પશુને પોતપોતાની ભાષા તરીકે જ સાંભળવા મળે એવો એનો અચિન્ત્ય અતિશય હોય છે.

આવું શી રીતે બને ? એ પ્રશ્ન જ કરશો નહિ. જેમને માનવની પણ મધુરભાષા બોલતા આવડતી નથી તેવા આપણે જીવમાત્રની ભાષામાં પરિણમતી વાણીની સામે તર્ક કરવાની કોઈ લાયકાત ધરાવતા નથી.

જગતના જીવો પ્રત્યેની નિઃસીમ કરુણા ભાવનાનું જ એ સંતાન છે; તીર્થંકર નામકર્મ !

કરુણાજનિત પુણ્યનો પ્રકર્ષ જગતના સર્વજીવોના હિતચિંતનનું બળ એટલું બધું પ્રચંડ હોય છે કે એ મનોભાવમાંથી કયી

અનાચારની નીપજ ન થાય ? કયી ભૌતિક સમૃદ્ધિ ચરણમાં આવીને ન આળોટી જાય ? એ જ પ્રશ્ન પૂછવા જેવો છે. (૪)

જો સ્વાર્થ ચિંતા જેવી અધમાધમ કોઈ ચિંતા નથી તો પરચિંતા જેવી ઉત્તમોત્તમ કોઈ ચિંતા નથી.

એક જો સાતમી નારકે પહોંચાડે તો બીજી સર્વોત્કૃષ્ટ વૈભવ દેતા તીર્થંકર નામકર્મની ભેટ ધરે.

અધમાધમ ભાવનાવાળાને એના પાપોદયે કશું ય સાધ્ય નહિ....ગમે તેટલા ધમપછાડા કરે તો ય.

ઉત્તમોત્તમ ભાવનાશાળીને, એના પુણ્યોદયે કશું ય અસાધ્ય નહિ....કશો પ્રયત્ન, કોઈ ઇચ્છા પણ ન કરે તો ય.

મહાસ્વાર્થીના પાપોદય જાગે ત્યારે તેના જીવનના કારમા વિનિપાતો આશ્ચર્ય જગાડી મૂકે !

મહાપરાર્થશાલીના પુણ્યોદય જાગે ત્યારે તેમના જીવનનો પ્રત્યેક ચમકારો ચમત્કાર જેવો લાગ્યા કરે !

કેવો પ્રચંડ હશે એ કરુણાની ભાવનાનો નાયગરાનો ધોધ ! કે જેણે તીર્થંકર નામકર્મની પ્રચંડ વીજળીને ઉત્પન્ન કરી....જેનાથી પ્રગટ થએલા સેંકડો ચમકારાઓ ચમત્કારો બનીને જગતને આશ્ચર્યમાં ગરકાવ કરી રહ્યા છે. જેની એકેકી વાત મોહમયી દુનિયાને આશ્ચર્યમુગ્ધ બનાવીને બેભાન કરી નાંખે છે.

એક જ દેશના....દરેક જાતિના જીવોની ભાષામાં પરિણમે.... ક્ષત્રિય સમજે, મ્લેચ્છ પણ એની ભાષામાં સમજે, વાઘ સમજે, સસલું પણ એની ભાષામાં સમજે....દેવો ય સમજે, અસુરો ય સમજે....સર્વ સમજે....ન સમજે તેવું કોઈ ન મળે....

આધ્યાત્મિક જગતની આવી સહજ સિદ્ધિઓની સાથે પણ નહિ બેસી શકે વર્તમાન વૈજ્ઞાનિક જગતની પચાસ-પચાસ પેઢીના માનવોએ આજીવન મથી મથીને મેળવેલી સિદ્ધિઓ !

સિદ્ધિ કાંઈ ગદ્ધામજૂરીથી સાધ્ય નથી. ગદ્ધામજૂરીથી સિદ્ધ થાય, અને ગમે ત્યારે ફેરવિચાર માંગે તેવી સિદ્ધિને તે કાંઈ સિદ્ધિ કહેવાતી હશે ?

જવા દો જડ દુનિયામાં ભાન ભૂલેલી ભોગરસિક જગતની વાતો !

ભગવાન તીર્થંકરદેવોના આધ્યાત્મિક ભાવના પ્રોજ્વળ ચમકારા-ઓનું દર્શન કરીને એ ઘોર અંધારમાં શાને અથડાવું ? (૫)

પ્રશ્ન : શું તીર્થંકર ભગવંતોની દેશના અભવ્ય જીવોને અસર કરે ખરી ? સર્વ જીવોમાં તો અભવ્ય જીવો પણ આવી ગયા ને ?

ઉત્તર : હા, સર્વજીવોમાં સર્વ આવી ગયા. સર્વજીવોને શાસન-રસી બનાવી દેવાની કરુણાભાવનામાંથી જે તીર્થંકર નામકર્મની નિકાચના થઈ તે નામકર્મના વિપાકોદય કાળમાં એ તીર્થંકરોની તાકાત પૂછો તો સર્વજીવોને શાસનરસી બનાવી દેવાની જ છે. જો અભવ્ય જીવોમાં પાત્રતાદિ હોત તો એ જિનેશ્વરો એને પણ અવશ્ય મોક્ષગામી બનાવે તેટલું તેમનું સામર્થ્ય છે.

હરડેમાં તાકાત જરૂર છે કે તે જગતના માનવોનું આરોગ્ય સુંદર બનાવી શકે પરંતુ જે લોકો એનું સેવન જ ન કરે એ લોકો સાજા-માજા ન થાય; એટલે કાંઈ હરડેનું સામર્થ્ય ઘટી ગયું એમ ન કહેવાય.

ભૂમિ ઉખર હોવાથી કાંઈ સુંદર બિયારણની લાયકાત મટી ન જાય.

છતી આંખે ઘુવડ દિવસે ય ન જોઈ શકે તો તેથી કાંઈ સૂર્યના પ્રકાશમાં જ માલ નથી એવો દાવો તેનાથી થઈ શકે નહિ.

ઘરાકના ખીસામાં પૈસા ન હોય તેથી કાંઈ તે વેપારીને એમ ન કહી શકે કે, "તારી દુકાનમાં માલ જ નથી !"

ચન્દ્રવિકાસી કમલ સૂર્યના પ્રકાશથી વિકસે જ નહિ તેથી સૂર્ય-પ્રકાશમાં ખામી ન કઢાય.

શાસન : સંસારસાગરે નાવડી... પરમાત્માએ તો શાસનની સ્થાપના કરી. એક નાવડી સંસારસાગરમાં વહેતી મૂકી. હવે જે ડૂબતા લોકોને બચવું હોય તે બધા ય ને—એમાંના એકને પણ ડૂબવા દીધા વિના—એ નાવડી ઉગારી લેવા સંપૂર્ણ રીતે સમર્થ છે.

કોઈ પણ આવો....ડૂબવાના ત્રાસથી ત્રાસેલા, મરણના ભયથી કંપેલા કોઈ પણ આવો....પકડી લો એ નાવને....પછી તમે નિર્ભય છો.

એક, બે નહિ....લાખ બે લાખ નહિ....સહુ આવો....સહુને ઉપાડવા આ લોકોત્તર નાવ સમર્થ છે. સહુના ભારથી એના ડૂબી જવાની ચિન્તા કોઈ કરશો મા. તમે તમારી ચિન્તા કરો, બીજા જીવોની ચિન્તા કરો....એ બધાયને સમજાવો કે ડૂબવું તે ઝેર છે, ઉગરવું તે અમૃત છે. જેને સમજાય તેને લઈ આવો....બાવડેથી પકડાવી દો એ નાવડી.... ચડી જવા દો એને....પછી એ આબાદ છે; બરબાદ એને હવે કોઈ કરી શકે તેમ નથી.

જેને ડૂબવાનું ભયરૂપ લાગતું હોય, જીવનનો જેને પ્રેમ હોય તે સર્વને ઉગારવા માટે આ નાવડી સુસમર્થ છે. એની એ પ્રચંડ શક્તિમાં જરા ય શંકા કરશો મા.

પણ હા....જેને ડૂબવામાં જ આનંદ આવે છે, ઉગરવાનું જે પસંદ જ કરતો નથી એને તો એ નાવડી પણ ઉગારી શકે તેમ નથી. પણ તેથી કાંઈ નાવડીની શક્તિમાં અલ્પતા કેમ કહેવાય ?

દીપકનું કામ પ્રકાશ કરવાનું, અંધકારમાં માર્ગ દેખાડવાનું, ખાડામાં ન પડવાની ઇચ્છાવાળાને ખાડામાં નહિ પડવા દેવામાં પ્રેરક બનવાનું.

પણ જેને ખાડામાં જ પડવું હોય તેને દીપક થોડો જ બાવડે ઝાલીને રોકી શકે તેમ છે ?

પણ તેથી કોઈ છતે દીપકે ખાડામાં પડે તો કાંઈ જગતથી એ દીવડાનો દોષ કઢાય ખરો ? નહિ જ.

સર્વત્ર સૂ....સૂ....સૂ....કરતો પવન વાઈ જ રહ્યો છે. પણ જે બારીબારણાં જ બંધ રાખે તેને એ પવન શી રીતે આનંદ આપે ? પવન તો કહે છે કે મારું કાર્ય સહુને આનંદ આપવાનું. પણ જેને મારી ઇચ્છા હોય તેને આનંદ આપવાનું....જે મને ઇચ્છતો જ ન હોય તેને હું શી રીતે આનંદ આપું ભલા ? બાકી મને ન ઇચ્છનારાઓ પણ જો મને ઇચ્છવા લાગી જાય તો મારી તાકાત તો એવી છે કે હું તે બધાયને આનંદ આપવા લાગી જઉં."

તીર્થંકર ભગવંત, તેમની દેશના કે તેમનું શાસન એ બધા જ એ નાવડી, દીપક કે પવન જેવા છે.

અભવ્યાદિની અપાત્રતા જો અભવ્ય જીવો પણ ડૂબવાને બદલે તરવાનું ઇચ્છે તો એમને પણ એ તારે....તારે....ને તારે જ, એમાં લેશ પણ શંકા નહિ. કેમકે એમનું સામર્થ્ય સર્વને શાસનરસી કરી દેવાનું છે.

પણ મૂળમાં જ મોટો વાંધો પડે છે. અભવ્યો, દુર્ભવ્યો અને ભારેકર્મી ભવ્યો ડૂબવામાં જ આનંદ માણે છે, તરવામાં તો ત્રાસ.

શાથી આમ ?

અતિક્લિષ્ટ કર્મના ઉદયના એમના પાપે જ તો. (૬–૭)

"આવો અતિક્લિષ્ટ કર્મનો ઉદય ક્યાં સુધી રહે ?" એમ પૂછો છો ? સાંભળો ત્યારે.

અભવ્યોને સદા કાળ માટે.

દુર્ભવ્યોને ઘણા કાળ માટે.

ભારેકર્મી ભવ્યને કેટલાક કાળ માટે.

અભવ્યને સદા કાળ માટે આવો ક્લિષ્ટકર્મોદય રહે માટે તે સદા કાળ સંસારમાં જ રહે. તેનો કદી પણ મોક્ષ થાય નહિ.

પ્રશ્ન : તેમ શાથી ?

ઉત્તર : અભવ્ય જીવનો તેવો સ્વભાવ.

સ્વભાવ સામે કોઈ તર્ક કામ લાગતો નથી.

પ્રશ્ન : પણ એક ભવ્ય અને બીજો અભવ્ય ? બે ય જીવ છતાં આવો ભેદ કેમ ?

ઉત્તર : તમે જ મને કહો કે બે ય પદાર્થ છતાં એક પદાર્થ જડ કેમ અને બીજો પદાર્થ ચેતન કેમ ? ' સ્વભાવ ' સિવાય કોઈ જવાબ નથી.

બે ય દૂધ છતાં ગાયના દૂધમાંથી દહીં કેમ બને ? ઊંટડીના દૂધનું દહીં કદાપિ કેમ ન બને ? 'સ્વભાવ' સિવાય બીજો કોઈ જવાબ નથી.

શાસ્ત્રમાં ત્રણ પ્રકારના જીવો કહ્યા છે.

ભવ્ય : અભવ્ય : જાતિભવ્ય ઉપર ઘટના ભવ્ય, અભવ્ય અને જાતિભવ્ય. ભવ્યજીવને પરિણીતા પુત્રવતી સ્ત્રી જેવો કહ્યો છે; અભવ્યને પરિણીતા–પતિમતી–વન્ધ્યા સ્ત્રી જેવો કહ્યો છે જ્યારે જાતિભવ્યને અપરિણીતા–બાલબ્રહ્મચારિણી–મહાસતી સાધ્વી સ્ત્રી જેવો કહ્યો છે.

ભવ્યાત્માને ધર્મસામગ્રીનો યોગ થાય તો તે અવશ્ય મોક્ષ–ફળ પ્રાપ્ત કરે....પરિણીતા સ્ત્રી પતિના યોગે પુત્ર પ્રાપ્ત કરે છે તેમ. અભવ્યાત્માને ધર્મસામગ્રીનો ગમે તેટલો યોગ થાય તો ય તે કદી મોક્ષ પ્રાપ્ત ન કરે. પરિણીતા વન્ધ્યા સ્ત્રીને પતિનો ગમે તેટલી વાર સંબંધ થાય તો ય તે સંતાન પ્રાપ્ત કરી શકતી જ નથી તેમ. જાતિભવ્ય આત્મા પ્રત્યેકપણામાં ય કદી આવી શકતો નથી. પણ જો તે પ્રત્યેકપણામાં આવે, જો તે માનવજીવન પામે, ધર્મસામગ્રી પામે તો તે અવશ્ય મોક્ષ પ્રાપ્ત કરે....પરંતુ આ બધી સામગ્રી પામવાનું જ તેને માટે અશક્ય છે, માટે તે કદી મોક્ષ પ્રાપ્ત કરતો નથી. પણ તેથી કાંઈ તેને અભવ્ય ન કહી દેવાય. કેમકે જાતિભવ્ય આત્મામાં મોક્ષ પામવાનું સામર્થ્ય તો છે જ. આથી જ તેને માત્ર જાતિથી ભવ્ય–જાતિભવ્ય કહ્યો છે. બાકી તો અભવ્યનો જ એ ભાઈ છે.

બાલવયમાં સાધ્વી થએલી મહાસતી સ્ત્રી કદી સંતાન પ્રાપ્ત કરવાની નથી. પણ તેથી કાંઈ બધી મહાસતી સાધ્વીઓને વન્ધ્યા સ્ત્રી

નથી કહેવાતી. કેમકે જો તેઓને પતિનો યોગ થાત તો તેઓ પણ જરૂર સંતાન પ્રાપ્ત કરે તેવું સામર્થ્ય તો જરૂર ધરાવે છે. બેશક, હવે એ મહાસતીઓ માટે એ સંભવિત નથી એ વાત તદ્દન સાચી.

અહીં કોઈ પૂછે કે અમુક સ્ત્રી પ્રસૂતા કેમ થાય છે? અમુક વન્ધ્યા જ કેમ રહે છે? તેનો ઉત્તર શું? એ સ્ત્રીના શરીરનો....યાવત્ કર્મનો સ્વભાવ જ કહેવો પડે કે બીજું કાંઈ? 'બેય સ્ત્રી છતાં આવો ભેદ કેમ?' એવો પ્રશ્ન કરાય ખરો? નહિ જ ને? બસ, ત્યારે પ્રસ્તુતમાં ય તેવું જ છે.

અભવ્ય કદી મોક્ષે જતા નથી. ભવ્ય હોય તે બધા ય મોક્ષે કયારેક પણ જવાના જ તેવો નિયમ પણ નથી. હા, એવો નિયમ ખરો કે જે મોક્ષે જવાના જ હોય તે બધા ય ભવ્ય જ હોય.

અભવ્ય કદી મોક્ષે ન જાય કેમકે એના આત્મપરિણામ સદા સંકિલષ્ટ હોય; દુર્ભવ્ય ઘણા કાળ પછી મોક્ષે જાય કેમકે ઘણા કાળ સુધી તેના આત્મપરિણામ સંકિલષ્ટ રહેવાના છે. જ્યારે ભારે કર્મી ભવ્ય નજદીકમાં જ મોક્ષે જવાનો હોવા છતાં વર્તમાનમાં અતિકિલષ્ટ પરિણામમાં રમી રહ્યો છે માટે તે વખતે તેને ય ધર્મદેશનાદિની અસર ન થાય.

અતિસંકિલષ્ટ પરિણામ ચરમ શરીરીને પણ હોઈ શકે. મહાત્મા દૃઢપ્રહારીનું એક જ દૃષ્ટાન્ત આ વાતની સાબિતી માટે પૂરતું છે. પણ જેવો તે સંકલેશ ગયો કે તરત જ એકાદ પદની દેશના પણ તેને અસર કરે અને એના જીવનનું ધરમૂળથી પરિવર્તન કરી નાંખે. થોડા જ કલાકોમાં, માસમાં, વર્ષોમાં, થોડા જ ભવમાં તે આત્મા મુક્તિપદ પામી જાય. (૭)

હવે એ વાત સુપેરે સમજાઈ જશે કે તીર્થંકરની દેશના વગેરે અભવ્યાદિ ઉપર કામ ન કરે તેમાં એ દેશનાનો કોઈ દોષ નથી. એ દોષ એ જીવોની ભારેકર્મિતાનો જ છે.

જિનની દેશનાનો અતિશય જે લઘુકર્મી આત્માઓ છે એમને તો એ દેશના અપૂર્વ આનંદ આપે છે. શાસ્ત્રમાં વૃદ્ધ હાસીનું

દૃષ્ટાન્ત આવે છે. શેઠાણીએ સવારના પહોરમાં જંગલમાં લાકડાં કાપી લાવવા તેને મોકલી. એક વાર લાકડા લાવી પણ ઓછા પડ્યા. શેઠાણીએ કહ્યું, "તને બાળવામાં ય આટલા લાકડાં પૂરા નહિ પડે. જા ફરી જા.... ફરી બીજા લેતી આવ" નિસાસા નાંખતી ડોસી ફરી વનમાં ગઈ. ૩–૪ કલાક સખત મહેનત કરીને લાકડાં કાપીને માથે ભારો નાંખ્યો.

ડોશી અતિ ઘરડી હતી.

માથે ભાર અપાર હતો.

તાપ સખ્ત થઈ ગયો હતો.

ભૂખ, 'ખાઉં ખાઉં' કરતી હતી.

થાકનો કોઈ સુમાર ન હતો.

રસ્તામાં જ તારક પરમાત્માનું સમવસરણ રચાયું હતું. મેઘ ગંભીર સ્વરે માલકૌંસ રાગમાં પરમાત્મા મહાવીર દેશના આપી રહ્યા હતા.

સમવસરણની પાસેથી ડોશી પસાર થતી હતી. ત્યાં ભારામાંથી એક લાકડું નીચે પડ્યું. ડોશીએ વાંકા વળીને જ્યાં એ લાકડું લેવા હાથ લાંબો કર્યો ત્યાં જ તેના કાને એ મધમધુર દેશનાના સૂરો વહેવા લાગ્યા. એ મસ્ત સંગીતમય દેશનાના પાનમાં એ તો એવી ગૂમભાન બની ગઈ કે એવી જ વાંકી વળેલી, હાથ લાંબો રાખેલી સ્થિતિમાં કલાકો સુધી ઊભી રહી ગઈ. એણે તો ધરાઈ ધરાઈને પાન કર્યું; દેશનાના અમૃત રસનું. જ્યારે દેશના પૂર્ણ થઈ ત્યારે જ એ હાથ વધુ નીચે વળ્યો. લાકડું ઉપાડ્યું. ભારામાં ખોસ્યું અને ભૂખ, તરસ, થાક, ત્રાસ બધું ય ભૂલી જઈને આનંદભેર ઘરભણી ચાલવા લાગી.

રે! જે દેશનાના શબ્દો આજે પણ આપણા જેવા ઘરડા, થાકેલા, કર્મના ભારવાળા આત્માને અપૂર્વ આનંદ આપે છે, તો તે વખતે પ્રત્યક્ષ સાંભળતાં લોકોને તો એ દેશના કેટલો આનંદ દેતી હશે? હા....એ માટે હૈયાંની થોડી સાફસૂફી અપેક્ષિત તો રહે જ છે.

મોક્ષ–અષ્ટક

[૩૨]

कृत्स्नकर्मक्षयान्मोक्षो जन्ममृत्यवादिवर्जितः ।
सर्वबाधाविनिर्मुक्त एकान्तसुखसङ्गतः ॥ १ ॥

ઘાતી–અઘાતી–સર્વ કર્મના ક્ષયથી જીવનો મોક્ષ પર્યાય પ્રગટ થાય છે જે (૧) જન્મ, મૃત્યુ આદિ દુઃખોથી મુક્ત છે. (૨) સર્વ પીડાઓથી સર્વથા વિયુક્ત છે. (૩) આત્યન્તિક, એકાન્તિક સુખથી સંપન્ન છે.

यन्न दुःखेन संभिन्नं न च भ्रष्टमनन्तरम् ।
अभिलाषापनीतं यत्तज्ज्ञेयं परमं पदम् ॥ २ ॥

સર્વગુણોનું શ્રેષ્ઠપદ તે જ છે જે (૧) દુઃખમિશ્રિત નથી (૨) વિનાશી નથી (૩) ઇચ્છાના ત્રાસથી યુક્ત નથી.

कश्चिदिहान्नपानादिभोगाभावादसङ्गतम् ।
सुखं वै सिद्धिनाथानां प्रष्टव्यः स पुमानिदम् ॥ ३ ॥

કોઈ પ્રશ્ન કરે છે કે "આ મોક્ષમાં અન્નપાનાદિનો ભોગ છે નહિ તો છે નહિ તો પછી ત્યાં રહેલા સિદ્ધ ભગવંતોને અનંત સુખ કહેવું એ તો અસંગત લાગે છે." આવા માણસને પૂછવું જોઈએ કે—

किम्फलोऽन्नादिसंभोगो बुभुक्षादिनिवृत्तये ।
तन्निवृत्तेः फलं किं स्यात्स्वास्थ्यं तेषां तु सर्वदा ॥४॥

અન્ન–પાનાદિ ભોગનું ફળ શું ? ભૂખ તરસાદિની નિવૃત્તિ જ ને ? એ તો સિદ્ધભગવંતોને નિવૃત્ત જ થઈ ગઈ છે ? પછી તેમને અન્નાદિભોગનું પ્રયોજન શું ? તેઓ તો સદા સ્વસ્થ છે.

अस्वस्थस्यैव भैषज्यं, स्वस्थस्य तु न दीयते ।
अवाप्तस्वास्थ्यकोटीनां भोगोऽन्नादेरपार्थकः ॥ ५ ॥

અસ્વસ્થને ઔષધ દેવાય, સ્વસ્થને નહિ. જે સિદ્ધ-ભગવંતોએ આધ્યાત્મિક સ્વાસ્થ્ય હાંસલ કરી લીધું છે તેમને અન્નાદિનો ભોગ નિરર્થક છે.

अकिञ्चित्करकं ज्ञेयं मोहाभावाद्रताद्यपि ।
तेषां कण्ड्वादिभावेन हन्त कण्डूयनादिवत् ॥ ६ ॥

જેને મોહનો ઉદય જ નથી તેને મૈથુનાદિ પણ નિરર્થક છે. જેને ખૂજલીનું દર્દ જ નથી તેમને ખૂજલી ખણવા માટેના સાધનની જરૂર શી ?

अपरायत्तमौत्सुक्यरहितं निष्प्रतिक्रियम् ।
सुखं स्वाभाविकं तत्र नित्यं भयविवर्जितम् ॥ ७ ॥

સિદ્ધિસુખ (૧) સ્વતંત્ર (૨) ઔત્સુક્યમુક્ત (૩) દુઃખપ્રતીકાર-અજનિત (૪) સ્વાભાવિક (૫) નિત્ય અને (૬) સદા નિર્ભય હોય છે.

परमानन्दरूपं तद्वीयतेऽन्यैर्विचक्षणैः ।
इत्थं सकलकल्याण रूपत्वात्साम्प्रतं ह्यदः ॥ ८ ॥

અન્ય વિચક્ષણ દાર્શનિકોએ મોક્ષસુખને પરમાનન્દ સ્વરૂપ કહ્યું છે. આમ સકલ કલ્યાણસ્વરૂપ મોક્ષસુખ હોવાથી આ સુખ જ લક્ષમાં રાખવું યોગ્ય છે.

संवेद्यं योगिनामेतदन्येषां श्रुतिगोचरः ।
उपमाभावतो व्यक्तमभिधातुं न शक्यते ॥ ९ ॥

યોગીઓને જ આ સુખનું સંવેદન થાય છે. બીજ-ઓએ તો એ સુખનું વર્ણન જ સાંભળવાનું રહ્યું. રે ! એની ઉપમા પણ જડતી નથી એટલે યોગીઓ પણ એનું વિશદ વર્ણન કરી શકતા નથી.

વિવેચના :

જે મહાત્માઓ ઘાતીકર્મનો નાશ કરીને કેવળજ્ઞાન પ્રાપ્ત કરે છે તેમના બાકી રહેલાં ચાર અઘાતીકર્મોનો પણ જ્યારે નાશ થાય છે ત્યારે તેઓ મોક્ષપદ પામે છે.

સર્વકર્મના સંપૂર્ણનાશથી આત્મા મોક્ષ પામે છે. મોક્ષ એ પણ આત્માનો એક પર્યાય જ છે. એ પર્યાય જેનો પ્રગટ થાય છે તે ઊર્ધ્વરાજલોકના છેડે આવેલી સિદ્ધશિલાએ જઈને ત્યાં સદા માટે સ્થિર થઈ જાય છે.

ચરમ-દેહમાંથી સર્વ કર્મમુક્ત થઈને છૂટો થએલો આત્મા પોતાના ઊર્ધ્વગતિના સ્વભાવને લીધે એક જ સમયમાં સિદ્ધશિલામાં ચાલ્યો જાય છે. એથી આગળ અલોકમાં તે જઈ શકતો નથી કેમકે ગતિ કરવાનો પોતાનો સ્વભાવ હોવા છતાં અલોકમાં ગતિસહાયક ધર્માસ્તિકાય નામનું દ્રવ્ય નથી.

સર્વકર્મથી મુક્ત થએલો તે આત્મા હવે કદી જન્મ-મૃત્યુ પામવાનો નથી. કેમકે જન્માદિના કારણભૂત કર્મનો એક અંશ પણ એની ઉપર રહ્યો નથી.

સર્વકર્મક્ષયથી મોક્ષ કર્માંશોને પ્રાપ્ત કરનાર આત્માના રાગાદિભાવો છે. એ તો આ પરમાત્માના સાવ બળી ગયા છે. બીજ બળી ગયા પછી અંકુરો શી રીતે ઉત્પન્ન થાય ?

જેને જન્મ જ નથી તેને સાંસારિક જીવન પણ નથી. જેને જીવન નથી તેને એ સંસારની કોઈ પીડા પણ નથી. દેહ હોય તો દેહની પીડાઓ હોય, ધન હોય તો તેના રક્ષણાદિની પીડા હોય, સ્વજન પરિવાર હોય તો તેના અંગેની પીડાઓ હોય....તનના તાપ અને મનના સંતાપ પણ જેને તનમન હોય તેને જ હોય. મોક્ષપદ પામેલા આત્માને નથી તન, નથી મન, નથી જન્મ, નથી જીવન, નથી મરણ....માટે નથી એ અંગેનું એક પણ દુઃખ. તમામ દુઃખોનો છેદ ઊડી જતાં રહી જાય છે; આત્માનું એકાંન્તિક-આત્યન્તિક સુખ-સંવેદન !

સુખ પણ કર્મજન્ય નહિ....કર્મ જ નથી ત્યાં કર્મજન્ય સુખ પણ શેનું હોય? (૧)

સંસાર સુખનું સ્વરૂપ કર્મજન્ય સુખમાં માલ પણ શો છે? સંસારનું સુખ દુઃખોથી અત્યન્ત મિશ્રિત થએલું છે. કદાચ કોઈ મહાપુણ્યવાન અત્યલ્પ દુઃખમિશ્રિત મહાસુખ હોય તોય શું? અંતે તો વિનાશી જ છે ને?

અને કોઈ પણ સુખાનુભૂતિ પૂર્વે એ સુખને પામવાની ઇચ્છા કરવાના ત્રાસ તો સર્વ સંસારીના કપાળે લખાયેલા જ રહે છે. આમ સંસારનાં સુખોમાં ત્રણ આફત! એ સુખો (૧) દુઃખમિશ્રિત છે. (૨) વિનાશી છે. (૩) ઝંખનાના ત્રાસમાંથી જાગે છે.

હાય! કેવી આફત! જગતનો કોઈ પણ જીવ દુઃખમિશ્રિત, વિયોગ-દુઃખજનક, દુઃખહેતુક આવા સુખને ઇચ્છે છે? નહિ નહિ. કોઈ પણ સંસારી માણસને પૂછો કે તું ગમે તે સુખ માટે પ્રયત્ન ભલે કરતો હોય પણ તું ઇચ્છે છે કેવા સુખને? એ બેધડક કહેશે કે, "સુખ તો એવું ઇચ્છું છું જે કોઈ પણ દુઃખથી મિશ્રિત ન હોય, જેનો કદી વિયોગ થવાનો ન હોય અને જેને મેળવવા ખાતર કારમી ઝંખનાઓથી 'ત્રાહિમામ્' પોકારવાનું ન હોય. આ તો શું થાય? એવા દુઃખ-મિશ્રિત, અવિનાશી અને અનભિલાષાજનિત સુખના તો દર્શન થતાં નથી એટલે આ જે હાથ આવ્યું તે સુખ પકડ્યું છે અને તેને વધુ ને વધુ મેળવવાના પ્રયત્નમાં પડ્યો છું."

સાંભળી ને સંસારી માણસની ભાવના? એને પેલું સ્વચ્છ-અવિનાશી-અનભિલાષ્ય સુખ જોવા ન મળ્યું એટલે એની ઇચ્છાની માંડવાળ કરીને દુઃખના ભેળવાળા, તકલાદી તથા ઇચ્છાના ત્રાસ ઉત્પન્ન કરનારા સંસાર-સુખને પકડ્યું!!!

(૧) દુઃખમિશ્રિત સુખ:

સંસારનું કોઈ પણ સુખ લાવો. બધાય દુઃખમિશ્રિત છે. ગુલાબની સોડમ માણવા ગુલાબના છોડ તરફ દોડી જતો માણસ ગુલાબને

એકદમ ચૂંટી લઈને સોડમનું સુખ માણે તો ખરો પણ સાથે કાંટા વાગવાનું દુઃખ પણ અનુભવે જ.

એક ગુલાબને અનેક કાંટા!

સંસારના કોઈ પણ કાલ્પનિક સુખને અગણિત દુઃખો વીંટાયેલાં જ છે.

કાગદ્રી બદામનો બુટકો મોંમાં મૂકો તો મીઠાશ માણતાં માણતાં એકાએક કડવાશ અનુભવાઈ જાય....એક બદામની કડવાશ ૧૯ બદામની મીઠાશની મોજ મારી નાંખે.

સંસારનાં તમામ સુખો આવાં જ છે. એકાએક કયાંક એવી કડવાશ ઉભરાય કે જે એની બધી મીઠાશને બગાડી નાંખ્યા વિના ન રહે.

બહુમૂલ્ય બૂટ પહેરીને ચાલ્યો જતો એક માણસ બહારથી તો ભારે ઠસ્સો બતાવે છે. જોનારને તો એ સુખની ભારે ગરમીવાળો જ લાગે છે; પણ એના ભીતરના દુઃખની વાત તો એ એકલો જ જાણતો હોય છે કે ચૂં ચૂં બોલતાં બૂટમાં ૩ કાંકરા એવા રહી ગયા છે કે તે પ્રત્યેક પળે ડંખ્યા કરે છે.

બહારમાં સુખ, ભીતરમાં દુઃખ.

બહાર મેઈક-અપ, અંદર ઉજ્જડ.

માનવ-સંસારના કહેવાતા સુખની ટોચે બેઠેલો માણસ પણ ભીતરમાં દુઃખના અગ્નિથી શેકાતો હોય છે. કાં તો એ શરીરના રોગોથી પીડાતો હોયછે, કાં તો આબરૂની રક્ષાથી ત્રાસતો હોય છે, કાં તો પત્નીના અસદાચારથી સચિંત હોય છે, કાં તો સંતતિના અભાવથી કે હલકટ સંતતિના સદ્‌ભાવથી રીબાતો હોય છે.

કોઈ કરોડપતિ સુખી છે જ નહિ.

રે! અમેરિકાના એક અબજોપતિએ તો કહ્યું હતું કે મારા જેવો દુઃખિયારો કોઈ નથી.

જેટલી સુખની સામગ્રી એ બધી દુઃખની સામગ્રી બન્યા વિના રહેતી નથી.

ધનથી અભિમાનનું એક જ સુખ મળે; પણ ધનથી દુઃખ કેટલાં આવી શકે ? એની કલ્પના કરતાં ધ્રૂજી ઊઠશો.

સ્ત્રીથી ભોગનું એક સુખ મળે એમ કદાચ માની લઈએ પણ એના તરફથી કેટલાં દુઃખો સંભવિત છે એ જરા વિચારી લેજો.

જગતનું કોઈ પણ કહેવાતું સુખ–સાધન સુખ તો એક જ ટપકાવે છે....તે ય સુખના એ ટુવાલને આખા ને આખા ઊંધા થઈને નીચોવીએ ત્યારે એકાદ બિન્દુ ટપકે....કદાચ ન ય ટપકે. પણ માની લો કે એકાદ સુખ ટપકી જાય છે. પણ તેવા એ સુખની ચોમેર ભય કેટલાં ? દુઃખ કેટલાં ? ત્રાસ કેટલાં ?

આ વાત સમજાવવા માટે શાસ્ત્રકાર ભગવંતોએ મધુબિંદુનું સુંદર દૃષ્ટાન્ત આપ્યું છે.

જંગલમાંથી પસાર થતાં સાર્થ ઉપર ધાડપાડુઓ ત્રાટકે છે. સાર્થના લોકો નાસભાગ કરે છે. એમાં એક માણસ નાસે છે પણ તેની પાછળ જંગલી હાથી પડે છે. દૂમ દબાવીને નાસતા તે માણસની નજરમાં વિરાટ અવાવર કૂવો નજરે ચડે છે. કૂવાની પાળે એક મોટો વડલો છે. તેની વડવાઈ તે કૂવાની વચમાં ઊતરી છે.

જંગલી હાથીથી બચવા મથતાં તે માણસે મોટો કૂદકો મારીને તે વડવાઈ પકડી લીધી. તે અદ્ધર લટકયો. હવે હાથી તેને સૂંઢથી પણ આંબી શકે તેમ ન હતું એટલે હાથીએ એને ત્યાંથી જમીન ઉપર ફેંકવા આખા ય વડના થડને સૂંઢમાં ભેરવીને હચમચાવવા લાગ્યો. આખું વૃક્ષ હચમચી ઊઠયું.

જે વડવાઈને પકડીને પેલો માણસ લટકયો હતો તે વડવાઈની ઉપર રહેલો મોટો મધપૂડો ય હચમચી ઊઠયો. મધમાખીઓ ઊડી. પેલા માણસના આખા અંગને ચોંટી પડી.

કૂવામાં ચાર સર્પ અને એક મહાનાગ હતો. તે માણસનો કોળિયો કરવા પાંચેય મોં ફાડીને ઊંચું જોવા લાગ્યા. કયારે પેલો પડે અને કયારે તેનો ભક્ષ મળે ?

એકાએક નવી શી આફત આવી તે જોવા તે માણસે ઊંચું જોયું ! ઓહ ! ભયંકર મધપુડો !

હવે શું થાય ? નીચે મોત, બાજુમાં મોત, આખા શરીરે ડંખની આગ ! અધૂરામાં પૂરું એ જ વડવાઈને ઉપરથી કાપવા મથતા મોટા દૈત જેવા બે ઉંદરડા જોયા ! હાય ! આ ય મોત ! પેલા માણસનો જીવ અદ્ધર થઈ ગયો ! એમાં એક વાત બની ગઈ. હચમચી ઊઠેલા મધપુડામાંથી મધનું એક ટીપું પડયું. સીધું તેના મોંમાં !

અને તે આનંદવિભોર બની ગયો ! શું માધુર્ય ઊભરાયું હતું એ મધ-બિન્દુમાં !

આ એક સુખાનુભૂતિએ મોત સુધીના બધાં ય દુઃખ ભુલાવી દીધાં.

જાણે કે કલોરોફોર્મ સુંઘી લીધું ! વાઢકાપનું દુઃખ હોવા છતાં હવે તેની અનુભૂતિ જ ન રહી !

જરા વાર થઈ. બીજું ટીપું ! થોડી વાર થઈ. વળી ત્રીજું ટીપું !

ટપ....ટપ...ટપ .. ચારે ય બાજુના મોતના કાળાધબ્બ દુઃખથી વીંટળાયેલા આ નાનકડા સુખે એને ઘેલો બનાવ્યો.

એ વખતે એક દેવવિમાન આવે છે. આ માણસની કરુણ સ્થિતિ જોઈને દેવીનું અંતર કરુણાર્ત બની જાય છે. પોતાના સ્વામીને કહે છે, "એને જલ્દી ઊંચકી લો...બિચારો ગમે તે પળે ગમે તે રસ્તે માર્યો જવાનો છે !"

દેવવિમાન નજદીક આવ્યું. દેવે કહ્યું, "ઉપર આવી જા ..તને અમે બચાવી લઈએ." તરત જ વળતો જવાબ આવ્યો. "તમે જરા વાર થોભી જાઓ. મધનું ટીપું પડવાની હવે તૈયારી છે, એક ટીપું...

આસ્વાદી લઉં...પછી તરત આવું."... એક ટીપું પડી ગયું...ત્યાં બીજાના પડવાની તૈયારી જોઈને મન લોભાયું... દેવ-દેવી થાકયાં. અભાગિયાના ભાગ્યની કરુણા ચિંતવતા ત્યાંથી ચાલ્યા ગયાં!

આ દૃષ્ટાન્તથી શાસ્ત્રકાર ભગવંતો સંસારના અલ્પ સુખની બહુ-દુઃખમિશ્રિતતા આપણને સમજાવે છે. જીવન પામેલા આત્માની પાછળ હાથીસમો યમરાજ પડયો છે. મધમાખીઓ સમા રોગો એના દેહને ફોલી ખાય છે. શુકલપક્ષ અને કૃષ્ણપક્ષના ઉંદરો એનું જીવન સતત ક્ષીણ કરતાં રહે છે. કષાયોના સર્પોના ફૂંફાડા એના જીવને અદ્ધર કરી દે છે.

કયાં સુખ છે? મધરસમાં? રે! પણ એક સુખને દુઃખ કેટલાં?

એ એક સુખ જતું કરી દેવામાં આવે તો? સાથે સાથે કેટલાં દુઃખો પણ ચાલ્યાં જાય?

કેમ નહિ સમજાતી હોય આ વાત દુઃખભીરુ આત્માઓને; દુઃખમુક્તિની?

વિનાશી સુખ : કહેવાય છે કે રાજા ભર્તૃહરિની પત્ની પિંગલા તો મહાસતી હતી. એક સ્ત્રીને સતી થતી જોઈને તેણીએ ઉપહાસમાં રાજાને કહ્યું કે, "સતી થવા માટે તે આવા ચાળા કરવા પડતા હશે? સતી તો તે કહેવાય કે પતિના પ્રાણ જતાંની સાથે પોતાના પ્રાણ ચાલ્યા જાય!"

આ વચનોનું રાજા ભર્તૃહરિએ પારખું કર્યું. યુદ્ધના બહાને દૂર જઈને કેટલાક દિવસ બાદ મૃત્યુના સમાચાર મોકલ્યા. એ સમાચાર સાંભળતાંની સાથે જ બરેબાત પિંગલા નિષ્પ્રાણ થઈને ધરતી ઉપર ઢળી પડી.

ભર્તૃહરિને સખ્ત આઘાત લાગ્યો. નદી તટે આખો દિવસ પાગલની જેમ ભમવા લાગ્યો... 'પિંગલા! પિંગલા!' નું રટણ કરતો રહ્યો.

થોડી વારે એક સંન્યાસી સામી બાજુથી આવી રહ્યો જોઈને મંત્રીઓએ તેને સાધ્યો અને રાજાને સદ્બોધ દેવા કહ્યું. સંન્યાસીએ

કબૂલ્યું. કમંડલુ લઈને તે આગળ વધ્યો. રાજા અને સંન્યાસી–બે ય જ્યાં ભેગા થયા ત્યાં એક શિલા પડી હતી. તેની સાથે સંન્યાસીએ કમંડલુ ભટકાવી દઈને તોડી નાંખ્યું. પછી તે શિલાને મુક્કીઓ મારતો તે બૂમો પાડવા લાગ્યો, "મારું કમંડલુ પાછું લાવ" ભર્તૃહરિએ તેને સમજાવ્યું કે ગએલી ચીજ હવે પાછી ન આવે. તે વખતે તરત જ સંન્યાસી તાડૂકી ઊઠીને બોલ્યો, "રાજા ભર્તૃહરિની પિંગલા પાછી આવવાની હોય તો મારું કમંડલુ કેમ પાછું ન આવે?"

આ શબ્દોની ભર્તૃહરિના મન ઉપર વીજળીક અસર થઈ. વસ્તુ-માત્રની વિનાશિતાનો તેને ખ્યાલ આવી ગયો. તે સ્વસ્થ થઈ ગયો.

ભર્તૃહરિ સંન્યાસી બની ગયો.

રાજા ભોજના બાલ્યકાળની એક વાત છે. સત્તાની લાલસાએ કાકા મુંજે ભોજને મારી નાંખવાનું કાવતરું કર્યું. મારાઓ ભોજને વનમાં લઈ ગયા. યૌવનની લવણિમાંથી થનગનતી આ મદમસ્ત કળીને કાપી નાંખતાં એ કમકી ઊઠ્યા. ભોજને સાચી વાત જણાવી. ભોજે લોહીના અક્ષરોથી એક પત્ર મુંજને મોકલ્યો. જેમાં સઘળી વાત જણાવ્યા બાદ છેલ્લે લખ્યું હતું, "नैकेनापि समं गता वसुमती मुञ्ज! त्वया यास्यति? "કોઈ પણ રાજા સાથે કદી ન ગએલી ધરતી કાકા મુંજ! તમારી સાથે શું પરલોકમાં સાથે આવવાની છે?"

આ શબ્દોએ મુંજની આંખો ખોલી નાંખી.

આ બે ય પ્રસંગો એમ કહી જાય છે કે 'વસ્તુમાત્ર વિનાશી છે.' એ ખ્યાલ જો ચિત્તમાં જીવતો જાગતો રાખવામાં આવે તો મમત્વથી સર્જાતાં કારમાં પાપોથી આત્મા ઘણો ઊગરી જાય.

સંસારના સુખનાં સાધનોની આ કેવી બેહદ કરુણતા છે કે જેને પામવા ખાતર આત્માએ પોતાના જીવનની ખેતી કરી નાંખી. મહામૂલા જીવનની દરેક પળ એની ખાતર વેચી ખાધી. ધર્મ ખોયો, આચાર અવગણ્યો, વિચાર ફેરવ્યો, સ્વજનાદિથી પરાઙ્મુખ થયો, ન્યાય-નીતિથી

ફારગતિ લીધી.... હા....બધું ય કરીને એણે સંસારનાં સુખોની સામગ્રી મેળવી.

પરમાણુના ઢગલા સમો બંગલો બનાવ્યો !
પરમાણુની ઢગલી સમી પત્ની પામ્યો !
પરમાણુના પુંજ શા છોકરાં પણ પામ્યો !
પરમાણુની સંપત્તિનો સ્વામી બન્યો !

હજી આવો સ્વર્ગ-કલ્પ્યો સંસાર ઊભો કર્યો ન કર્યો ત્યાં હાય ! ૬૫ વર્ષનો એ બઢ્ઢો નબળો બનતો ચાલ્યો. એ સંસારના ભોગ માણવા માટે....અને આ શું ? જોતજોતામાં એ જ બંગલામાં 'રામ બોલો ભાઈ રામ' કહેતાં કેટલાક લોકો એની ઠાઠડી લઈને બહાર નીકળ્યા. સહુની મોખરે એનો જ જ્યેષ્ઠ પુત્ર હતો !

હે ભગવાન ! જે સંસાર માટે રાતરાત અને પાનપાન થઈ ગયો હતો એ માનવ ! એ સંસાર પત્તાનો મહેલ જ નીકળ્યો !

યમરાજની એક જ ફૂંકે એ મહેલ ધરતી ઉપર ઢળી પડ્યો !

હાય ! કાળી મજૂરી કરનાર એ લક્ષાધિપતિ મજૂરની અન્તે આ જ કદર કરી એ સંસારે ?

પદાર્થમાત્રની 'વિનાશિતા'ને વિચારતા રહીશું તો સંસારનાં સુખોમાં સુખાભાસ સ્પષ્ટ થવા લાગશે.

ઇચ્છાના મહાત્રાસ- **માંથી ઉત્પન્ન થતું** **સુખ**

સાંસારિક સુખની બે આફતો વિચારી—દુઃખ-મિશ્રતા અને વિનાશિતા.

હવે ત્રીજી આફત જોઈએ. ઇચ્છા વિના સંસારનું કોઈ પણ સુખ ઉદ્ભવતું જ નથી.

અને ઇચ્છા કરવા જેવું જગતમાં બીજું કોઈ દુઃખ નથી.

ઇચ્છા થઈ....ત્યારથી જ દુઃખની શરૂઆત થઈ. અનિચ્છાના જીવનની અપૂર્વ મસ્તી જે મહામુનિઓ માણે છે. એમના મુખ ઉપરની તાજગી જોઈ લો. એ જ આ સત્યને સ્પષ્ટ કરી દેશે.

સંસારમાં કોઈ તો એવો માડીજાયો બતાવો કે જેને ઇચ્છા જ ન હોય....

રે ! સંસારી અને તે નિરીહ ! અસંભવ. એનો તો અભિલાષાઓ કરવાનો જ સ્વભાવ ! અભિલાષા પૂરી પડે તો ય જંપીને ન બેસે....નવી અભિલાષાઓની ક્ષિતિજો તરફ એણે મીટ માંડી જ સમજો.

અભિલાષા પૂર્ણ ન થાય તો એના ધમપછાડા એટલા તીવ્ર બનતા જાય કે જેને જોતાં સંસારત્યાગીને તો તમ્મર આવી જાય. એનું અંતર રડી ઊઠતાં બોલી જાય, "ઇચ્છા કરી ત્યારે જ આ સ્થિતિ થઈ ને ?"

ક્યાં છે સુખ સંસારમાં ? કોઈ તો બતાવો ! દુઃખના ભેળવાળા, વિનાશી અને ઇચ્છાના ત્રાસવાળા અનુભવને ડાહ્યો માણસ સુખ કેમ કહે ?

સુખ તો મોક્ષનું છે, કે જે નથી કોઈ દુઃખથી મિશ્રિત, નથી વિનાશી; નથી એ કોઈ ઇચ્છામાંથી ઊઠેલું.

બસ....નિર્ભેળ આનંદ !

અનંત આનંદ !

સહજ આનંદ !

આનંદ, આનંદ, આનંદ.

સંસારના સર્વસંયોગોનો વિયોગ થઈ જતાં–કાર્મિક અણુઓનો પણ વિયોગ થઈ જતાં–આત્મામાંથી જે સ્વયંભૂ આનંદ પ્રગટ થાય છે એ જ ત્યાં રહે છે...આનંદનો એ સાગર સદા ઘૂઘવતો રહે છે. (૨)

પ્રશ્ન : "જ્યાં સુખની કોઈ પણ સામગ્રી નહિ ત્યાં સુખનું બિન્દુ ય ન સંભવે ? તો અનંત સુખની તો વાત જ કેમ મનાય ? જો મોક્ષમાં સુખ અનંત હોય તો ત્યાં અનંત સુખ-સામગ્રીઓના ગંજના ગંજ ખડકાયેલા છે એમ કહેવું જ જોઈએ.

"ત્યાં એક પણ સ્ત્રી નથી એમ ન કહેતાં અનંત સ્ત્રી કહો, એક પણ રૂપિયો નથી એમ ન કહેતાં અનંત રૂપિયાના અનંત ઢગલા કહો.

"અનંત સુખ અનંત ભોગસામગ્રી વિના સંભવે જ નહિ!"

"મોક્ષ મંજૂર છે પણ અનંતસામગ્રીસંપન્ન મોક્ષ મંજૂર છે!"

"જો સો રૂપિયાનું અમુક સુખ તો હજાર રૂપિયાનું ઘણું સુખ, લાખ રૂપિયાનું અતિ ઘણું સુખ...આ તો સ્વાનુભવસિદ્ધ હકીકત છે. હવે જો મોક્ષ અનંતસુખનું જ ધામ હોય તો ત્યાં અનંત રૂપિયા વગેરે હોવા જ જોઈએ. જેમ ભોગસામગ્રી વિપુલ થાય, સગવડભરી થાય, ગુણવત્તાભરી થાય તેમ સુખ વધે. જો મોક્ષમાં સુખની ટોચ હોય તો ભોગની ટોચ હોવી જ જોઈએ. ભોગના યોગ વિના સુખ? અને તે ય અનંત? મગજમાં કદી ન બેસે તેવી આ વાત છે."

ઉત્તર: તમારી વાત ખરી છે. ભોગરસિક અભવ્ય, દુર્ભવ્યાદિ આત્માઓને 'મોક્ષમાં પણ જો ભોગ નહિ તો સુખ નહિ જ." એવું હૃદયમાંથી ચિંતન જાગી પડે તો નવાઈ નથી.

સંયોગથી જ સુખ માણવાને ટેવાયેલાઓને સર્વ સંયોગના વિયોગમાં સુખની વાત સાંભળતાં ચક્કર આવે તો ય નવાઈ પામવા જેવું નથી.

પેલો ભારતનો નવાબ જનાનખાનાની ભીડમાં અને વધુમાં વધુ સંતાનના બાપ બનવામાં જ સમૃદ્ધિની ટોચ માનતો હતો, માટે જ્યારે એક વાર એક અંગ્રેજ રેસિડેન્ટ તેના દરબારમાં આવ્યો ત્યારે બ્રિટનના રાજાની પાસે પોતાનાથી વધુ સમૃદ્ધિ તો નથી ને? એનો નિર્ણય કરવા તે નવાબ રેસિડેન્ટને એણે એ જ વાત પૂછી હતી કે બ્રિટનના રાજાને રાણીઓ કેટલી છે? રાણીઓને કુલ છોકરાં કેટલાં છે?

નવાબ સાહેબ આવું પૂછે તેમાં કશું આશ્ચર્ય નથી કેમકે એ બિચારાએ એમાં જ ઐશ્વર્યની પરાકાષ્ટા માની હતી!

સુખના વાસ્તવિક ગણિતશાસ્ત્રનું જેણે અધ્યયન જ ન કર્યું હોય તે બધાયની આ જ સ્થિતિ થાય. પછી ભલે ને તે મોટામાં મોટો વૈજ્ઞાનિક આલ્બર્ટ આઇન્સ્ટાઇન હોય, અમેરિકાનો પ્રેસિડેન્ટ હોય કે અવકાશયાત્રી ગ્રેગેરીન હોય! (૩)

દુઃખ પ્રતીકારમાં સંસારસુખનો ભ્રમ એ ગણિતને સમજવા પહેલાં–જગતનું સુખ વસ્તુતઃ કેવું છે? તે વાત વિસ્તારથી સમજવા પૂર્વે-એટલું જ નજરમાં લાઈએ કે ભૂખ્યા થયા પછી જ માણી શકાતું ભોજનનું સુખ જે સ્વસ્થતા બક્ષે છે તે સ્વસ્થતા તો મોક્ષમાં સહજ રીતે સિદ્ધ હોય છે. પછી તે સ્વસ્થતા પામવા માટે પ્રથમ ભૂખ્યા થવાની અને પછી ભોજન કરવાની જરૂર જ કયાં રહી?

એક માણસે પેટ ભરીને જમી લીધું એટલે તે સ્વસ્થ થયો. હવે શું તેને ખાવાની જરૂર ખરી? જે કેરીનો રસ તેણે દાબી દાબીને પીધો છે, જે કેરીના રસમાં તેણે અપૂર્વ રસાસ્વાદ કલ્પ્યો છે તે જ કેરીના રસનો એક પ્યાલો તેની સામે હવે ધરો જોઉં? તે લેશે વારુ? નહિ જ ને? શાથી? શું કેરીના ભોગમાં તેને આનંદ નથી? શું હમણાં તેણે જ તે આનંદ માણ્યો નથી? તો પછી હવે કેમ મોં બગાડીને એ માણસ રસ પાછો ધકેલે છે?

એનો ઉત્તર એક જ છે કે હવે ખાઈને ધરાઈ જવા દ્વારા એ સ્વસ્થ થઈ ગયો છે.

ભૂખ હતી ત્યાં સુધી અસ્વસ્થ હતો.

ખાતો ગયો તેમ અસ્વસ્થતા ઘટતી ગઈ અને સ્વસ્થતા વધતી ગઈ.

પૂરું જમી લીધું એટલે પૂરો સ્વસ્થ થઈ ગયો.

સ્વસ્થને હવે ભોગ શા? ભોગનો આનંદ શેનો? હવે તો ફરી જ્યારે ભૂખ લાગે, અસ્વસ્થ થાય ત્યારે ભોગનો આનંદ માણાય. પણ જ્યાં સુધી 'સ્વસ્થ' છે ત્યાં સુધી એ વાત કરવી પણ નકામી."

સિદ્ધ પરમાત્માઓ સદા તૃપ્ત હોઈને સદા સ્વસ્થ છે. પછી તેમને ભોગની ઇચ્છા જાગે ખરી?

સદા સ્વસ્થ કદી અસ્વસ્થ થતા નથી. માટે સંસારી આત્માની જેમ ફરી ફરી સ્વસ્થ થવા માટે ફરી ફરી પણ ભોગેચ્છા થતી નથી. અસ્વસ્થતાનો હેતુ કર્મ છે; ઇચ્છા છે. એમને નથી કોઈ કર્મ, નથી કોઈ ઇચ્છા; માટે નથી બનતાં તે કદી અસ્વસ્થ સદા રહે છે; પરિપૂર્ણ સ્વસ્થ.

સ્વસ્થને વળી ભોગ શા ? ભોગનો આનંદ શેનો ? (૪)

આ ગણિત તો અબૂઝ ગામડિયાને પણ જલદી સમજાઈ જાય તેવું છે.

જે અસ્વસ્થ હોય તેને જ ઔષધ દેવું પડે ને ? જે સ્વસ્થ છે એને તે વળી ઔષધ દેવાય ? (૫)

કેટલી સીધી વાત છે ? પણ થાય શું ?

"ખૂજલી ખણી ખણીને જ આનંદ !"ની કલ્પનામાં રાચતા માણસને એ વાત શી રીતે સમજાવવી કે ખૂજલી જ ન થઈ હોય તેવા નીરોગી દેહનો આનંદ તો વર્ણનાતીત છે !" કડકડતી ઠંડી લાગે તેને તાપણા પાસે બેસવામાં બેહદ આનંદ લાગે. પણ એને એ વાત શી રીતે સમજાવવી કે ઠંડી જ ન લાગે તેવા પ્રદેશમાં રહેતા માણસો તાપણાં વિના ય તારા કરતાં ય ઘણા વધુ આનંદી છે ?"

વિજાતીયને ભોગવવાની ઇચ્છાની ખણ જાગે એ જ કેટલો ત્રાસ છે ? પછી એ ભોગ માણવાની ખણજ ખણવામાં આનંદ લાગે છે ? રે ! એ ખણજ માણતાં કેટલા ઊઝરડા પડ્યા ? રોગ કેટલો વધ્યો ? ખણવાની વૃત્તિ કેટલી વધુ સતેજ બની ? હવે એ કેટલું જોરથી ખણાવશે ? ફરી કેટલો રોગ વધારશે ? ફરી એ વૃત્તિ કેટલી સતેજ બનશે ?

બસ ચાલ્યા જ કરશે આ વિષચક્ર ! કદી એમાંથી બહાર નીકળાશે નહિ....

ખણ વિનાના નીરોગી જીવનના સુખનો વિચાર પણ કરી શકાશે નહિ કે સિદ્ધ પરમાત્માઓને ખુજલીનું દર્દ જ નથી માટે તેમને ખણવા માટે ભોગોની સળીઓની જરૂર નથી; માટે ખણી નાંખવાથી વધતા રોગનો એમને ત્રાસ પણ નથી ! માટે ખણવાથી વધુ ને વધુ સતેજ બનતી વૃત્તિઓના ધમપછાડા પણ નથી !

મૂળે જો કોઈ દુઃખ હોય તો તે વાસનાની ખુજલીના રોગનું અસ્તિત્વ જ છે કે જે તમામ દુઃખો અને પાપોને જન્મ દે છે.

સિદ્ધ પરમાત્માઓને કોઈ વાસના જ નથી; કોઈ દુઃખ જ નથી; દુઃખો અને પાપોનો જન્મ જ નથી. માટે જ તેઓ સર્વદુઃખાભાવ

સંપન્ન છે, આત્માના અનંત આનંદના ઘૂઘવતા સાગરનો સ્વામિત્વથી મસ્ત છે.

જેમને દેહ જ નથી, પછી ભૂખ શેની ? ખાવાનું શું ? પીવાનું શું ? પહેરવાનું શું ? ઓઢવાનું શું ? વિજાતીયને આલિંગવાનું શું ? રોગ શું ? ઊંઘ શું ? અકળામણ શું ? ઝાડો-પેશાબ શું ?

ન કોઈ ખાનપાનની પંચાત....ન કોઈ દેહ સંબંધિત દુઃખોની અકળામણ.

બધાં જ દુઃખો અને બધાં જ પાપો દેહને કારણે છે.

જેને દેહ જ નથી એને કોઈ દુઃખ નહિ, કોઈ પાપ નહિ.

ઔદારિક-વૈક્રિય દેહ નહિ, તૈજસ-કાર્મણ દેહ પણ નહિ....

ભોગસુખની શૂન્યતામાં જ સાચા સુખની પૂર્ણતા ત્યારે રહ્યું શું ? શૂન્ય ? હા. એ શૂન્યમાં જ પૂર્ણ છે. કરો અખતરો....તમે જગતના ભોગોથી શૂન્ય બનતા જાઓ....આપોઆપ તમે પૂર્ણ બનતા જશો. કંપશો નહિ આ કલ્પનાથી; આ બતરો નથી....અખતરો છે....સ્વાનુભવસિદ્ધ અખતરો છે; નિષ્ફળતાને અહીં સ્થાન નથી.

આ જ છે આધ્યાત્મિક જગતનું સમીકરણ. શૂન્ય = પૂર્ણ. આલ્બર્ટ આઇન્સ્ટાઇનનું $E = Mc^2$.

સિદ્ધભગવંતો સંપૂર્ણ શૂન્ય છે માટે જ સંપૂર્ણ પૂર્ણ છે.

સાધુભગવંતો અંશતઃ શૂન્ય છે માટે જ અંશતઃ પૂર્ણ છે.

જગતના લોકો અંશતઃ પણ શૂન્ય નથી માટે અંશતઃ પણ પૂર્ણ નથી.

જેટલી પૂર્ણતા તેટલું સુખ.

જેટલી પૂર્ણતા તેટલી શાન્તિ.

હવે પ્રતિજ્ઞા કરો કે જગતના એ ભ્રાન્ત રીતે અમને પૂર્ણ બનાવતા ભોગોમાં અમે કદી રાચશું નહિ.

એ ભોગસુખો વસ્તુતઃ સુખ જ નથી. સુખી તો છે માત્ર ભોગવિમુખ-ભોગશૂન્ય-સિદ્ધભગવંતો !

હવે સમજાયું ને? સુખનું દુઃખપ્રતીકાર સ્વરૂપ? (૬)

સિદ્ધભગવંતોના સુખમાં આવું કોઈ કલંક નહિ. એ તો કોઈની પણ પરાધીનતા વિના સ્વાધીનપણે આત્મામાંથી પ્રગટ થતું અનન્ત ઝરણું છે; એના મૂળમાં વિષયાકાંક્ષાની કોઈ ઉત્સુક્તાનો મેલ ભરાયો નથી.

દુઃખના પ્રતીકારે જ ઉત્પન્ન થાય એવી હલકી જાતનું એ સુખ નથી. બસ...સ્વભાવસિદ્ધ, સ્વયંભૂ એ સુખ છે. ન કદી એનો લૂંટાવાનો ભય; ધનની જેમ. ન એને નંદાવાનો કે તૂટી પડવાનો ભય; મોતીની માળાની જેમ. ન એને આગ લાગીને રાખ થવાનો ભય; કરન્સી નોટોની જેમ. કેમકે એ all proof છે.

અધ્યાત્મસાર ગ્રન્થમાં ઉપાધ્યાય ભગવાન યશોવિજયજીએ પણ આત્માના સ્વયંભૂ સુખમાં મસ્ત રહેતા મહાત્માઓની વર્ણનાતીત મસ્તીને બિરદાવતાં ભવસ્વરૂપચિન્તા અધિકારમાં સાંસારિક સુખોની બધી જ પોલ આબાદ ઉઘાડી પાડી દીધી છે. દુર્મતિ લોકો જ તેવાં સુખોમાં રાચે માચે છે એમ તેમણે ખુલંખુલ્લા કહી દીધું છે.

મોક્ષનું સુખ રે! આત્મનિશ્ચય અધિકારમાં તો પુણ્યજનિત સુખને (૧) પરિણામથી, (૨) તાપથી, (૩) સંસ્કારથી અને (૪) ગુણવૃત્તિના વિરોધથી દુઃખસ્વરૂપ કહી દઈને ભોગરસિક લોકોની દુનિયામાં ભયાનક ધરતીકંપ કરી દીધો છે! (૭)

જૈનેતર દર્શનોમાં પણ મોક્ષસુખના તો મુક્તકંઠે ગીત લલકારાયાં છે. એ લોકોએ પણ એ સુખને પરમાનન્દ શબ્દથી નવાજ્યું છે.

માટે આ મોક્ષસુખ જ જીવાત્માનું લક્ષ બને તે યુક્ત છે; સાંસારિક સુખ નહિ જ. (૮)

"કેવું છે એ સુખ?" એમ પૂછતા નહિ! મોક્ષનું સુખ મોક્ષના સુખ જેવું જ કહેવાય. જગતના કોઈ પણ સુખની ઉપમા આપીને એને સમજાવી શકાય તેમ નથી. હા, કયાંક કયાંક કોઈ કોઈ યોગીઓ સ્ત્રીને ઓષ્ટચુંબન કરતાં કામુક યુવાનના સુખ જેવું...વગેરે ઉપમા આપી છે પરંતુ એ તો અલ્પોક્તિ છે. જગતના લોકોને આછુંપાતળું પણ ભાન કરાવવા માટે જ જગદ્‌માન્ય ટોચ સુખની ઉપમા આપી છે. વસ્તુતઃ

એ ઉપમાઓ પણ મોક્ષસુખનું ભાન કરાવવા ધરાર અસમર્થ છે.

કોઈ આબરૂદાર માણસને જઈને પૂછો તો ખરા કે આબરૂનું સુખ શું? જરા એનું વર્ણન કરો ને?

કરી શકાશે વર્ણન? નહિ જ ને? બસ ત્યારે...મોક્ષસુખ વર્ણનાતીત છે; માત્ર યોગીઓ એને અનુભવી શકે છે. આપણે તો માત્ર એનું અલ્પ વર્ણન સાંભળવાનું.

ગામડી માણસ આખું મુંબઈ જોઈ આવે અને પછી ગામડાનાં ઝૂંપડાંવાસી–લોકો ભેગા મળીને એને પૂછે કે મુંબઈ નગરી કેવી? તો એ શું કહે? મુંબઈ તો ભાઈ! મુંબઈ જ! અલબેલી નગરી!

અવર્ણનીય મોક્ષસુખ

"પણ કેવી અલબેલી?" એમ કોઈ પૂછે તો શું જવાબ દે?

હા, કરે કોઈકે વર્ણન! પણ એ તો માત્ર નિષ્ફળ પ્રયત્ન કહેવાય! ગામડાનાં ધૂળિયા લોકોની નજર સામે મુંબઈની તાજમહાલ હોટલ, કે મલબારહીલનું સૌન્દર્ય શી રીતે ખડું કરી શકાય? થોડું ઘણું વર્ણન મહામુસીબતે થાય એટલું જ.

મોક્ષસુખનું ય એવું જ છે. ટાઢ, ભૂખ, તરસ, તડકો, જન્મ, જરા મરણનાં જ્યાં દુઃખો નથી, જ્યાં અનંતકાળ સુધી અનંત આનંદ છે તે મોક્ષનું ધામ છે. ત્યાં અનંત સુખ છે. બસ...આવું જ કાંઈક વર્ણવી શકાય. (૯)

અનંત વંદન હો; મોક્ષપદને પામેલા પરમાત્માઓને! અનંત વંદન હો; મોક્ષપદની આરાધના કરતા મહાત્માઓને!

અનંત વંદન હો; મોક્ષપદની આરાધનાને ઝંખતા જીવગણને!

[**નોંધ** : આ ગ્રન્થલેખનમાં જિનાજ્ઞાવિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો લેખકના અંતઃકરણથી મિચ્છામિ દુક્કડં.]

શ્રીમતી જ્યાલક્ષ્મી કપૂરચંદ સુતરીયા. મદ્રાસ
સ્વ. કપૂરચંદભાઈ નરભેરામ સુતરીયા. મદ્રાસ




જે **કમલ પ્રકાશન ટ્રસ્ટે** પ્રગટ કરેલા **'ગુરૂમાતા'** નામના પુસ્તકે અમારા ઉપરોક્ત ઉપકારી માતપિતાના જીવનમાં ચમત્કાર સર્જ્યો તે ટ્રસ્ટની ઋણમુક્તિ અર્થે અમે તેમના સુપુત્રો (રમેશચંદ્ર-દિલીપકુમાર તથા ભરતકુમાર) ટ્રસ્ટને રૂા. **૧૧૦૦૧** અર્પણ કરીએ છીએ.

સ્વ. દાનવીર, ધર્માનુરાગી શેઠશ્રી રામજીભાઈ વિરાણીએ સ્થાપેલ "શ્રી રામજી શામજી વિરાણી અને શ્રીમતી સમરતબહેન રામજી વિરાણી ટ્રસ્ટ રાજકોટ" તરફથી સ્વ. શેઠશ્રી રામજીભાઈની પુણ્યતિથિ પ્રસંગે રૂા. ૧૧૦૦૧ 'કમલ પ્રકાશન ટ્રસ્ટ'ને અર્પણ થયેલ છે.

હા. મેનેજીંગ ટ્રસ્ટી,
શ્રી નગીનભાઈ રામજીભાઈ વિરાણી રાજકોટ

સ્વ. કાન્તિલાલ પ્રતાપશી મુંબઈ
સ્વ. સુભદ્રાબેન કાન્તિલાલ મુંબઈ






કર્મોએ પોતાના બે પુત્ર-પુત્રી (**હાલ મુનીશ્રી ચન્દ્રશેખરવિજયજી તથા સાધ્વીશ્રી મહાનંદાશ્રી**) ને ચારિત્રધર્મના સંસ્કારોનું ગળથૂંથીમાં જ પાન કરાવીને વિશ્વકલ્યાણકર શ્રીજિનશાસનને સમર્પિત કર્યા તેમની પુણ્યસ્મૃતિમાં.....

હા. અકુલ કાન્તિલાલ પ્રતાપશી-મુંબઈ

શ્રી લાલજીભાઈ પદમશીભાઈ ઝવેરી-ચૂડા
શ્રીમતી જયાબેન લાલજીભાઈ ઝવેરી-ચૂડા



પૂજ્યપાદ મુનિરાજશ્રી ચન્દ્રશેખરવિજયજીના સતત સાનિધ્યે કર્મના જીવનની અંતિમ પળો ધન્યતાને પામી, અને કર્મોએ પોતાના ધર્મસંસ્કારોના અણમોલ વારસો મને આપીને આ જગતમાંથી વિદાય થયા તે પૂજનીય માત-પિતાજીના સ્મરણમાં આ નાનકડા સુકૃતોના ભાગી બનીને ધન્યતા અનુભવું છું.

— સુરેશ લાલજીભાઈ ઝવેરી

કમલ પ્રકાશન [પબ્લિક] ટ્રસ્ટ

ટ્રસ્ટ રજિ. નંબર ઈ. ૧૫૪૧ [તા. ૪-૧૧-'૬૭]

ઓફિસ : ૫૦૮૨/૩, બીજે માળે, યાજ્ઞિક ઇન્સ્ટીટ્યૂટ સામે,
રતનપોળના નાકે, ગાંધીરોડ, અમદાવાદ-૩૮૦ ૦૦૧



મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીની જ્ઞાનવાણી

વહાવતાં

આધ્યાત્મિક પુસ્તકો

[ગુજરાતી, હિન્દી તથા અંગ્રેજી]

તથા

મુક્તિદૂત માસિક

ચિન્તક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

સંપાદક : હસમુખ સી. શાહ

: લવાજમ :

વાર્ષિક રૂ. ૫=૦૦ ત્રિવાર્ષિક રૂ. ૧૫=૦૦

આજીવન સભ્ય રૂ. ૧૦૦=૦૦

ટ્રસ્ટીમંડળનું નિવેદન

કમલ પ્રકાશન ટ્રસ્ટ [અમદાવાદ] મુખ્યત્વે બે વિભાગમાં કામ કરી રહ્યું છે :

૧. પુસ્તક વિભાગ ૨. માસિક વિભાગ

[૧] પુસ્તક વિભાગ :

આજ સુધીમાં પૂજ્યપાદ મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનાં કોડી-બંધ પુસ્તકો અમે બહાર પાડી ચૂક્યાં છીએ. કેટલાંક પુસ્તકોની તો ચારથી પાંચ આવૃત્તિઓ પણ અમે પ્રગટ કરી છે. ગુજરાતી ભાષામાં પ્રગટ થઈ ચૂકેલાં પુસ્તકોને હવે હિન્દી અને અંગ્રેજીમાં અનુવાદિત કરીને પ્રગટ કરવાનું કાર્ય પણ ચાલી રહ્યું છે.

આ પુસ્તકો મુખ્યત્વે જૈનદર્શનને યાવત્ ગૌરવવંતી આર્ય સંસ્કૃતિને જગતની સમક્ષ અર્વાચીન ભાષામાં રજૂ કરે છે.

ક્રમબદ્ધ રીતે નવાં નવાં પુસ્તકો અમે બહાર પાડી રહ્યા હતા. તેમાં અમને સુંદર આર્થિક સહકાર મળી જતાં જંબૂવાલા ગ્રંથમાળાનું નવું ક્ષિતિજ ખુલ્લું મૂકયું. ૧૯૭૧ની સાલથી દર વર્ષે પાંચ પુસ્તકોનો એક સેટ અમે આ ગ્રંથમાળાના અન્યવયે ચાર વર્ષ સુધી પ્રગટ કર્યો હતો.

પણ અમને આટલાથી જ સંતોષ ન હતો, એટલે નવી પેઢીના યુવાનો અને યુવતીઓ માટે જીવન-ઘડતર વાંચનમાળાનું બીજું ક્ષિતિજ પણ ખુલ્લું મૂકયું. એના અન્વયે અમે વીસ નાની પુસ્તિકાઓ (પોકેટ-બુક્સ) બહાર પાડી છે.

અમારાં બધાંય કાર્યો સારી રીતે ચાલતાં જ રહે અને વેગ પકડતાં રહે એ માટે અમને ઘણા મોટા આર્થિક સહકારની આવ-શ્યકતા છે. દાનવીરો તરફથી અમને સુંદર સહકાર મળી રહે તે માટે અમે કમલ પ્રકાશન ટ્રસ્ટને પબ્લિક ટ્રસ્ટ બનાવ્યું છે. વળી અમે એ માટે સુંદર યોજના પણ કરી છે, જે નીચે મુજબ છે :

દાન	પદ	લાભ
રૂ. ૫૦૦૧ :	શ્રુતરક્ષક :	ભાવિ તમામ [સિરીઝ સિવાયનાં] ગુજરાતી પ્રકાશનોમાં [માત્ર પુરુષનો] ફોટો મુકાશે.અને ભૂત-ભાવિ તમામ પ્રકાશનો તથા નવી પ્રગટ થતી જૂની આવૃત્તિઓ પણ ઘેર બેઠાં ભેટ મળશે.
રૂ. ૨૦૦૧ :	શ્રુતભક્ત :	સંસ્થાનાં ભૂત–ભાવિ તમામ પ્રાપ્ય પ્રકાશનો તથા નવી પ્રગટ થતી જૂની આવૃત્તિઓ પણ ભેટ મળશે.
રૂ. ૧૦૦૧ :	શ્રુતાનુરાગી :	સંસ્થાનાં ભૂત–ભાવિ તમામ પ્રાપ્ય પ્રકાશનો તથા નવી પ્રગટ થતી જૂની આવૃત્તિઓ પણ ભેટ મળશે.
રૂ. ૫૦૧ :	શ્રુતસભ્ય :	સંસ્થાનાં ભાવિ માત્ર નવાં પ્રકાશનો ભેટ મળશે.

ઉપર્યુક્ત તમામ દાતાઓની નામાવલિ સંસ્થા તરફથી પ્રગટ થનારાં [સિરીઝ સિવાયનાં] પુસ્તકોમાં સંસ્થાના કુટુંબીજન તરીકે આવશે.

દાનવીરો ! '**કમલ પ્રકાશન ટ્રસ્ટ**' ના નામથી આપની રકમ આજે જ ચેક, ડ્રાફ્ટ કે મનીઓર્ડરથી મોકલીને અમને આપનો અમૂલ્ય સહકાર આપશો એવી આશા રાખીએ છીએ.

*** પુસ્તક વિભાગમાં જ્ઞાન ખાતાની રકમ લેવામાં આવે છે.**

*

પુસ્તક વિભાગમાં અમારા કુટુંબીજનો

શ્રુતસમુદ્ધારક :

૧. શ્રી શાન્તિદાસ ખેતસી ચેરીટેબલ ટ્રસ્ટ–મુંબઈ
૨. સ્વ. કપૂરચંદ નરભેરામ સુતરીઆ–મદ્રાસ
૩. શ્રી રામજી શામજી વિરાણી અને શ્રીમતી સમરત રામજી વિરાણી ટ્રસ્ટ રાજકોટ.
૪. ,, પ્રવીણકુમાર દલીચંદભાઈ–મુંબઈ

શ્રુતરક્ષક :

૧. શ્રી વિશાશ્રીમાળી તપાગચ્છીય જ્ઞાનાદિ ધાર્મિક ફંડ ખાતું–જામનગર
૨. પૂજ્ય સાધ્વીશ્રી કંચનશ્રીજી મ૦ સા૦ના ઉપદેશથી નવસારીમાં શ્રાવિકાબેનોના ઉપાશ્રયના જ્ઞાનખાતામાંથી–નવસારી
૩. પોપટબેન ભુરમલજી C/o નયનમલ ભુરમલજી–મુંબઈ.

શ્રુતભક્ત :

૧. શ્રી ગુજરાતી જૈન શ્વેતામ્બર તપાગચ્છ સંઘ–કલકત્તા
૨. ,, શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ–લીંબડી
૩. શ્રીમતી લીલમબેન મણિલાલ–મુંબઈ
૪. શ્રી ઝવેરી બ્રધર્સ–ચુડા
૫. ,, કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા–અમદાવાદ
૬. ફ્રેન્ચ કોચ બિલ્ડર્સ પ્રા. લિ.–મુંબઈ
૭. શ્રી સુદામડા શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ–સુદામડા
૮. ,, નયનમલ ભુરમલજી જૈન મુંબઇ
૯. ,, જૈન શ્વે. મૂ. પૂ. તપાગચ્છ સંઘ–ભુજ
૧૦. ,, જમનાદાસ ખુશાલદાસ વોરા સહાયક નિધિ હ. લાલદાસ જમનાદાસ–મુંબઈ
૧૧. શ્રી પાર્શ્વનાથ ભગવાનની પેઢી–નવસારી હ. મુનિશ્રી કીર્તિસેનવિજયજી મ૦ ની પ્રેરણાથી
૧૨. ,, શીતલનાથ ભગવાન સંસ્થાન–ધુલીઆ
૧૩. ,, શ્વેતામ્બર મૂ. ત. દાદર જૈન પૌષધશાળા ટ્રસ્ટ–મુંબઈ.
૧૪. ,, અનીલાબેન દીપચંદભાઈ ઝવેરી મુંબઈ–૬.

શ્રુતાનુરાગી :

૧. શ્રી માંડલિકભાઈ જયંતિલાલ ઝવેરી–મુંબઈ
૨. ,, સુબોધચંદ્ર લાલભાઈ–અમદાવાદ
૩. ,, કવરલાલ હીરાલાલ પારેખ–અમદાવાદ
૪. ,, અચલગઢ જૈન પેઢી–અચલગઢ
૫. ,, ધરમદાસ ત્રીકમલાલ કપૂરવાલા–મુંબઈ
૬. ,, જૈન શ્વે. મૂર્તિપૂજક સુધારા ખાતાની પેઢી–મહેસાણા
૭. શ્રીમતી ભનીબેન ધીરજલાલ પાનાચંદ શ્રોફ–અમદાવાદ
૮. શ્રીમતી પોપટબેન ભૂરમલજી–દૂહેલંદર
૯. શ્રી શાન્તિનગર જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ–અમદાવાદ
૧૦. ,, બારેજા–એકળી જૈન સંઘ–બારેજા
૧૧. ,, પાર્શ્વનાથ જૈન શ્વેતામ્બર પેઢી–રોહીડા (રાજસ્થાન)
૧૨. એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. પ્રફુલચંદ્ર કાન્તિલાલ દલાલ–મુંબઇ
૧૩. સ્વ. મફતલાલ મોહનલાલના સ્મરણાર્થે તેમના સુપુત્રો તરફથી–નવાઠીસા (હાલ મુંબઈ)
૧૪. સ્વ. કપૂરચંદ નરભેરામ સુતરીઆ–મદ્રાસ
૧૫. શ્રી દાદર આરાધના ભવન જૈન પૌષધશાળા, દાદર–મુંબઈ
૧૬. બેન સરોજના સ્મરણાર્થે હ. જેસીંગભાઈ છોટાલાલ પેથાપુરવાળા–અમદાવાદ
૧૭. શ્રી વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા–જામનગર
૧૮. ,, ઝવેરી મોતીચંદ હેમરાજ જૈન ધર્મશાળાના જ્ઞાનખાતા તરફથી–જામનગર
૧૯. શ્રી સુમનભાઈ મૂળચંદ વાડીલાલ શાહ–મુંબઈ
૨૦. વોરા અમુલખભાઈ કેશવજી (રાજપરવાળા)–ભુજ
૨૧. ,, લાલગર માધવગર કોન્ટ્રાકટર–ભુજ
૨૨. શ્રી ચોપાટી જૈન સંઘ–મુંબઈ
૨૩. ,, ચંદ્રાલય જ્ઞાન ટ્રસ્ટ–અમદાવાદ હ. સા. ચંદ્રોદયાશ્રીની પ્રેરણાથી.
૨૪. ,, ભવાનીપુર મૂર્તિપૂજક જૈન શ્વેતામ્બર સંઘ–કલકત્તા
૨૫. શ્રીમતી સુશીલાબેન બાબુભાઈ ભગુભાઈ (પેથાપુરવાળા) અમદાવાદ
૨૬. શ્રી નવરંગપુરા શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ–અમદાવાદ.
૨૭. ,, શામજી વેલજી વીરાણી અને કડવીબાઈ વીરાણી સ્મારક ટ્રસ્ટ–રાજકોટ

૨૮. શ્રી રણછોડભાઈ શેષકરણભાઈ શેઠ–મુંબઈ
૨૯. ,, રસિકભાઈ ત્રિકમલાલ લોદરાવાળા–મુંબઈ
૩૦. ,, ધનરાજ છોગાજી–નવા ઢીસા
૩૧ ,, સુરજબેન ઠી. વોરા–મોરબી
૩૨. ,, કેવલચંદ ખટોડ (જેતારણવાળા)–મદ્રાસ
૩૩. ,, બી. પી. મહાજન–મદ્રાસ
૩૪. ,, નાનાલાલ ભટ્ટ–મદ્રાસ
૩૫. ,, પી. બી. શાહ એન્ડ કું. મદ્રાસ
૩૬. ,, અજમેરા બ્રધર્સ ચેરીબલ ટ્રસ્ટ C/o બોમ્બે સાયકલ ઇમ્પોરિયમ કું–મદ્રાસ
૩૭. ,, એમ. ઠી. ટોળિયા કોર્પોરેશન–મદ્રાસ
૩૮. શ્રીમતી વસુમતિ રાજેન્દ્રકુમાર શાહ C/o રમેશ એન્ડ કું.–સુરત
૩૯. શ્રી કોઠાડિયા ગણપતિ મલુકચંદ જવાહરાત વેપારી–નિપાણી
૪૦. ,, દોશી માનચંદ ખેતશીભાઈ ચેરીટેબલ ટ્રસ્ટ–નવા ઢીસા
૪૧. ,, શાહ માવજીભાઈ લધાભાઈ–બેરાજા (કચ્છ)
૪૨. ,, નવજીવન જૈન શ્વેતામ્બર સંઘ C/o જીવણલાલ કેશવલાલ મહેતા–મુંબઈ
૪૩. શ્રી સિદ્ધપુર જૈન શ્વે. મૂ. સંઘ સિદ્ધપુર, હ. પૂ. પં. શ્રી ચરણવિજયજી મ૦ ની પ્રેરણાથી.
૪૪. ,, નવીનચંદ્ર ચંદુલાલ શાહ–મુંબઈ
૪૫. ,, નરેન્દ્ર રસિકલાલ તથા હસમુખલાલ રસિકલાલ–મુંબઈ–૨૦
૪૬. ,, હસમુખલાલ રીખવચંદ તથા અતુલ હસમુખલાલ–મુંબઈ–૬
૪૭. ,, રસિકલાલ રતિલાલ ઘીયા–શાહ, મુંબઈ–૬
૪૮. ,, અશોકકુમાર ચંદુલાલ શાહ, લોદરાવાળા–મુંબઈ–૬
૪૯. ,, ભાયચંદ મૂળચંદ મહેતા–મુંબઈ–૬
૫૦. ,, કાન્તિલાલ એન. શાહ ચેરિટી ટ્રસ્ટ. મદ્રાસ–૧
૫૧. ,, ભરતકુમાર એન્ડ કું. હ. મુલચંદજી–વિજયવાડા–૧ (A,P.)
૫૨. સ્વ. ભોગીલાલ સાંકળચંદ શાહના શ્રેયાર્થે શા. ઉમેશચંદ્ર ભોગીલાલ શાહ. મુંબઈ–૨
૫૩. શ્રી પ્રેમજીભાઈ ભીમજીભાઈ વેરાવળવાળા. હ. કંકુબેન. મુંબઈ–૨
૫૪. ,, રમેશચંદ્ર હાથીભાઈ મુંબઈ–૬
૫૫. ,, મધુબેન સોમચંદ મુંબઈ–૨
૫૬. ,, ચેતનકુમાર છબીલદાસ મુંબઈ–૩

૫૭. શ્રી ગુણવંતીબેન ગુલાબચંદ ઝવેરી. મુંબઈ–૬
૫૮. ,, શા. રાજમલ ધર્માજી ભાંડોતરાવાળા. મુંબઈ–૪
૫૯. ,, પ્રીન્સેસ સ્ટ્રીટ લુહારચાલ જૈન સંઘ મુંબઈ–૨

શ્રુતસભ્ય :

૧. શ્રી મહુવા વીશાશ્રીમાળી તપાગચ્છીય શ્વે. મૂર્તિપૂજક સંઘ–મહુવા–બંદર
૨. ,, સ્વ. છબીલદાસ સુખલાલ કાલીદાસ–લીંબડી
૩. ,, રસિકલાલ શીવલાલ ગાંધી–મુંબઈ
૪. ,, હિંમતલાલ શામળભાઈ શાહ–અમદાવાદ
૫. શ્રીમતી જયાલક્ષ્મી કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૬. શ્રી હાલારી વીશાઓસવાળ શ્વે. મૂર્તિપૂજક જૈન જ્ઞાતિ સમસ્ત દેરાસર ટ્રસ્ટ–પડાણા (જામનગર)
૭. ,, વિજયસભા જૈન જ્ઞાન મંદિર–ડભોઈ
૮. ,, જામવણથલી શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ–જામવણથલી
૯. ,, ભોગીલાલ મગનલાલ શાહ–ભાવનગર
૧૦. ,, રમેશચંદ કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૧. ,, દિલીપકુમાર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૨. ,, ભરતકુમાર કપૂરચંદ સુતરીઆ–મદ્રાસ
૧૩. સ્વ. મહેતા દલીચંદ માણેકચંદ (ખીલોસવાળા)–જામનગર
૧૪. શ્રી ચોટીલા જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ–ચોટીલા
૧૫. ,, જૈન શ્વે. મૂર્તિપૂજક સંઘ–દાવણગીરી
૧૬. ,, સંઘવી ભવાનજી હીરાચંદના સમાધિપૂર્વકના સ્વર્ગવાસ નિમિત્તે તેમના સુપુત્રો તરફથી–ભુજ
૧૭ ,, જયંતિલાલ વલમજી છેડા–મુંબઈ. હ. સા.શ્રી વિદ્યુતપ્રભાશ્રીજીની પ્રેરણાથી.
૧૮. ,, પત્રી જૈન સંઘ પત્રી–કચ્છ
૧૯. ,, પ્રવીણકુમાર દલીચંદભાઈ–મુંબઈ
૨૦. ,, જૈન શ્વેતામ્બર તીર્થ પેઢી–અચલગઢ
૨૧. ,, રંભાબાઈ ડોસાભાઈ–કલકત્તા
૨૨. ,, ચંદ્રકાંતભાઈ કાંતિલાલ શાહ–અમદાવાદ
૨૩. ,, સુતરીઆ ચીમનભાઈ ઝવેરભાઈ (નાણાં ધીરનાર)–નડીયાદ
૨૪. ,, ઝીંઝુવાડા જૈન સંઘ–ઝીંઝુવાડા

૨૫. શ્રી કિરણભેન ઉપેન્દ્રકુમારના સ્મણાર્થે હ. નટવરલાલ અમૂલખ-ભાઈ–ગોધરા

૨૬. ,, શાહ ચતુરભાઈ નગીનદાસ–ખેલગાંવ

૨૭. ,, કોઠારી મિશ્રીલાલ ગુલાબચંદ–મોકલસર

૨૮. શ્રી સાધ્વીજી ચરણશ્રીજી મહારાજ (વાગડવાળા) હ. કેશવલાલ પ્રેમચંદ અમદાવાદ

૨૯. ,, નરપતલાલ નાગરદાસ–અમદાવાદ હ. મુનિશ્રી ગુણસેનવિજયજી મહારાજની પ્રેરણાથી.

૩૦. શા. શાંતિલાલ ભુરમલ એન્ડ કું–ધર્માવરમ (એ. પી.)

૩૧. ,, અરવિંદ જેસીંગલાલ શાહ–મુંબઈ

૩૨. ,, પ્રકાશચંદ્ર મણિલાલ શાહ–સુરત

૩૩. ,, શાહ ડુંગરશી ધરમશી એન્ડ કું–સીરસી (કર્ણાટક)

૩૪. ,, મેસર્સ કાંતિલાલ મણિલાલ એન્ડ કું–મુંબઈ

૩૫. ,, ચુનીલાલ અમરચંદ ઝવેરી–નવસારી

૩૬. ,, વાસુપૂજ્ય ભગવાન ગુજરાતી જૈન શ્વેતાંબર મૂર્તિપૂજક સંઘ ઈચલકરંજી (એમ. એસ.)

૩૭. ,, વોરા જસરાજ ધનજી (કચ્છ મુંદ્રાવાળા) નવસારી

૩૮. પૂ. સા. નિપુણાશ્રીજીની પ્રેરણાથી પીંપરડીની પોળ બહેનોના ઉપાશ્રય જ્ઞાનખાતા તરફથી હ. લીલાવતીબેન મોહનલાલ કાપડિયા–અમદાવાદ

૩૯. શ્રી અખીલ ભારતીય સંસ્કૃતિરક્ષક દળ–નવા ડીસા

૪૦. ,, નાંદેજ શ્વે. મૂર્તિપૂજક જૈન સંઘ હ. પૂ. સા. જિનેન્દ્રશ્રીજી મહારાજની પ્રેરણાથી–નાંદેજ

૪૧. ,, શ્વેતામ્બર મૂર્તિપૂજક જૈન સંઘ હ. સાધ્વીશ્રી મહાનંદાશ્રીજીની પ્રેરણાથી–દેલંદર (રાજસ્થાન)

૪૨. ,, સવિતાબેન ભગવાનદાસ પટેલ–નવસારી

૪૩. ,, ઘોટી જૈન શ્વેતામ્બર મૂર્તિપૂજક સંઘ–ઘોટી (મહારાષ્ટ્ર)

૪૪. ,, કેશવલાલ ચુનીલાલ મહેતા–મુંબઈ

૪૫. ,, વિક્રમકુમાર ચીમનલાલ શાહ–મુંબઈ

૪૬. ,, મુળીબેન અંબાલાલ–મુંબઈ

૪૭. ,, જવેરીલાલ હરશી છેડા–મુંબઈ

૪૮. શ્રીમતી નીતાબેન હીરાલાલ શાહ–નવસારી

૪૯. શ્રી મુનિસુવ્રતસ્વામી જૈન પેઢી–કીમ
૫૦. ,, બાબુલાલ છોટાલાલ નંદરબારવાળા–મુંબઈ–૬
૫૧. શ્રીમતી પ્રભાવતીબેન અનુભાઈ C/o. રાજેશ અનુભાઈ–અમદાવાદ
૫૨. શ્રી રસિકલાલ છોટાલાલ શાહ–મુંબઈ–૬
૫૩. ,, ગીરધરલાલ જીવણલાલ–મુંબઈ–૩
૫૪. ,, ચીમનલાલ વધીચંદજી ચૌધરી–મુંબઈ–૩
૫૫. ,, કંચનબેન પાનાચંદ હુંગરશીભાઈ તુરખીયા (સુરેન્દ્રનગરવાળા) મુંબઈ–૧૬
૫૬. ,, કમળાબેન વામજી રતનશી વોરા (કચ્છ પત્રીવાળા)–મુંબઈ–૧૪
૫૭. ,, સુંદરલાલ દલપતભાઈ ઝવેરી મુંબઇ–૨૬
૫૮. શ્રીમતી મધુરી એમ. મહેતા–મુંબઈ–૨૬
૫૯. શ્રી રોહીડા જૈન સંઘ. રોહીડા–(રાજસ્થાન)
૬૦. ,, સાગરગચ્છ જૈન સંઘ હળોઈ
૬૧. ,, રમેશચંદ્ર મુળચંદભાઈ–મુંબઈ–૬
૬૨. ,, ઓશવાલ પુસ્તકાલય. દાંતરાઈ
૬૩. ,, જસવંતીબેન જયંતીલાલ ઝવેરી–મુંબઈ–૬
૬૪. ,, રતિલાલ હીરજી–મુંબઈ–૭
૬૫. ,, પંકજ સોસાયટી જૈન સંઘ–અમદાવાદ
૬૬. ,, પી. કે. સંઘવી–પૂના
૬૭. ,, ડાહ્યાલાલ કાળિદાસ શાહ–મુંબઈ–૬
૬૮. ,, એમ. સી. શાહ મુંબઈ–૨

[૨] માસિક વિભાગ :

કમલ પ્રકાશન પબ્લિક ટ્રસ્ટ તરફથી 'મુક્તિદૂત' નામનું સોળ પેઈઝનું એક માસિક જૂન '૬૯થી અમે શરૂ કર્યું છે. આ માસિક બહુ જ ટૂંકા સમયમાં સાડા ચૌદ હજાર નકલોનો લક્ષ્યાંક આંબી ગયું છે. મુક્તિદૂત નામનું આ માસિક સત્યને સંપૂર્ણ રીતે વફાદાર રહીને આર્ય સંસ્કૃતિનાં એ જાજરમાન ગૌરવોની ઘટઘટમાં પુનઃ પ્રાણ-પ્રતિષ્ઠા કરવા તલપે છે. આગળ વધીને પ્રત્યેક માનવમાં અધ્યાત્મ-ભાવના તેજલિસોટા પ્રસરાવવા ઇચ્છે છે.

જૂન '૭૨ સુધી મુક્તિદૂતની પેટી યોજના દ્વારા હજારો બંધુઓને (રોજ ૧૦ પૈસાનું દાન કરવાની શરત મંજૂર

રાખે ત્યાં સુધી) તો આ માસિક કાયમ માટે લવાજમમુક્ત બની રહેશે. જૂન '૭૨ પછી થનાર ગ્રાહકોને લવાજમ રૂ. ૧૫=૦૦ ભરવા સાથે પેટી યોજના બંધ કરવામાં આવી હતી. પરંતુ જૂન, ૧૯૭૫ના મુક્તિદૂતના છઠ્ઠા વર્ષના આરંભથી કમ્મર-તોડ મોંઘવારીના કારણે અમે પંચવર્ષીય લવાજમ યોજના પણ બંધ કરીને નવા થનાર ગ્રાહકો માટે વાર્ષિક લવાજમ પાંચ રૂપિયાની યોજના તથા ત્રિવાર્ષિક લવાજમ રૂપિયા પંદરની યોજના અમલમાં મૂકી છે.

હજારો બંધુઓને કાયમ માટે લવાજમ મુક્તિનો લાભ ચાલુ રાખવો એ નાનીસૂની બાબત નથી. દાનવીરોના આર્થિક સહકાર વિના અમે આ કાર્ય હંમેશ માટે ચાલુ રાખી શકીએ નહિ. આપનો સુંદર આર્થિક સહકાર અમને મળી રહે તે માટે અમે નીચે મુજબની એક યોજના કરી છે. આ યોજનાનો લાભ લેનારા દાતાઓનાં નામ માસિકના એક કે વધુ અંકમાં પ્રગટ કરવામાં આવશે.

રૂ. ૩૦૦૦ સંસ્કૃતિ–સમુદ્ધારક

રૂ. ૨૦૦૦ સંસ્કૃતિ–રક્ષક

રૂ. ૧૦૦૦ સંસ્કૃતિ–ભક્ત

રૂ. ૫૦૦ સંસ્કૃતિ–અનુરાગી

રૂ. ૨૫૦ સંસ્કૃતિ–સભ્ય

રૂ. ૧૦૦ આજીવન સભ્ય

રૂ. ૨૫) કે તેથી વધુ રકમનું દાન કરનારનું નામ માસિકના એક અંકમાં આપવામાં આવશે.

ઉપર્યુક્ત કોઈ પણ પદ પ્રાપ્ત કરનાર પુણ્યવાન વ્યક્તિ સૂચવે તો અનુક્રમે પંદર, દસ, પાંચ, બે અને એક ઠેકાણે—(રૂ. ૨૫૦ તથા રૂ. ૧૦૦ ના દાતાને) મુક્તિદૂત માસિક કાયમ માટે લવાજમ વિના મોકલવામાં આવશે.

રૂ. ૨૫૦થી ઉપરના દાતાઓની નામાવલિ ટ્રસ્ટ તરફથી બહાર પડતાં તમામ પુસ્તકોમાં આપવામાં આવશે.

● માસિક વિભાગમાં જ્ઞાનખાતાની રકમ લેવામાં આવતી નથી.

માસિક વિભાગમાં અમારા કુટુંબીજનો

સંસ્કૃતિ-સમુદ્ધારક

૧. પોપટબેન ભૂરમલજી C/o શા. નથમલ નેનમલ એન્ડ કું.–મુંબઈ

સંસ્કૃતિ-રક્ષક :

૧. શ્રી રજનીકાન્ત લક્ષ્મીચંદ જાંબૂવાલા–લીંબડી
૨. ,, જીવતલાલ પરતાપસી–મુંબઈ
૩. ,, નથનમલ ભુરમલજી જૈન–મુંબઈ
૫. ,, પોપટબેન ભુરમલજી જૈન–દેલંદર

સંસ્કૃતિ-ભક્ત :

૧. શ્રી ઉષાકાન્ત રમણુલાલ શાહ–અમદાવાદ
૨. ,, વ્રજલાલ ત્રિભોવનદાસ (એલ. ટી. વાળા) સુરેન્દ્રનગર
૩. શ્રીમતી ગજરાબેન મનસુખલાલ શાહ–અમદાવાદ (એ. બી. સી. સર્જીકલવાળા)
૪. શ્રી ભીખાભાઈ મોતીચંદ પબ્લિક ટ્રસ્ટ તરફથી હ. શેઠ પોપટભાઈ ભીખાભાઈ–મુંબઇ
૫. એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. શેઠ શાંતિભાઈ કપાસી–મુંબઇ
૬. ઇષ્ટી કેમ્પ બિલ્ડર્સ પ્રા. લિ. મુંબઈ
૭. શ્રી રમણીકલાલ કેશવલાલ સુરેન્દ્રનગર
૮. શ્રી ઝવેરી બ્રધર્સ–ચૂડા
૯. એક સદ્‌ગૃહસ્થ તરફથી હ. વસંતલાલ જીવતલાલ–મુંબઈ
૧૦. શ્રી રવિચંદ માણેકચંદ શાહ–થાનગઢ
૧૧. ,, લધુભાઈ માણેકચંદ—જામનગર
૧૨. ,, કાન્તિલાલ ચીમનલાલ કોલસાવાળા–અમદાવાદ
૧૩. ,, મણિલાલ મગનલાલ કોંઢવાળા–ધ્રાંગધ્રા
૧૪. શ્રીમતી કુસુમબેન જયંતિલાલ આર. શાહ–મુંબઈ
૧૫. શ્રી શરદચંદ્ર જેઠાલાલ પાટલીઆ–જામનગર
૧૬. ,, વિઠ્ઠલદાસ ધનજીભાઈ બારદાનવાળા–જામનગર
૧૭. ,, કોંઢ જૈન તપાગચ્છ સંઘ તરફથી [જિનાલયની શતાબ્દી નિમિત્તે] કોંઢ
૧૮. ,, બિપીનચંદ્ર રતિલાલ નાનજીભાઇ–ધ્રાંગધ્રા
૧૯. સ્વ. વસનજી નાનચંદના કુટુંબીજનો તરફથી–જામનગર
૨૦. એક સદ્‌ગૃહસ્થ તરફથી
૨૧. શ્રીમતી કમળાબેન શાંતિલાલ કપાસી–મુંબઈ

૨૨. શ્રી દોશી છગનલાલદાસ જીવણલાલ (મોટી મારવાડવાળા)–મુંબઈ
૨૩. ,, જશવંતલાલ ચીમનલાલ શાહ–મુંબઈ
૨૪. ,, રમણલાલ ચીમનલાલ શાહ (કોલસાવાળા)–અમદાવાદ
૨૫. ,, એસ્કવાયર હ. શ્રીમતી વર્ષા પ્રફુલચંદ્ર દલાલ–મુંબઈ
૨૬. ,, પ્રતાપ ચેરીટેબલ ટ્રસ્ટ–મુંબઈ હ. શેઠ જીવતલાલ પરતાપશી
૨૭. સ્વ. મહેતા દલીચંદ માણેકચંદ (ખિલોસવાળા)–જામનગર

સંસ્કૃતિ–અનુરાગી :

૧. શ્રી ચંપાબેન મણિલાલ નાગરદાસ–મુંબઈ
૨. ,, સંઘવી મણિલાલ સાકરચંદ–જામનગર
૩. ,, મહેતા ચંદુલાલ રામજીભાઈ ચેલાવાળા–જામનગર
૪. શ્રી શાહ અંબાલાલ અમૃતલાલ–બોરસદ
૫. ,, સુરચંદ હીરાચંદ ઝવેરીના બંગલાની બહેનો તરફથી હ. રતનબેન ચંપકલાલ ઝવેરી–સુરત

સંસ્કૃત–સભ્ય :

૧. શ્રી શિવલાલ ભૂદરદાસ–રાજકોટ
૨. ,, અમૃતલાલ હરકીશનદાસ (હોટલ એમ્બેસેડરવાળા) ભુજ
૩. ,, રજનીકાન્ત અંબાલાલ શાહ–મુંબઈ
૪. ,, સ્વ. ચાંપશી પાલણ તથા સ્વ. પાલણ વીરજી તથા તેમનાં પુત્રવધૂ સૌ. સ્વ. હીરાબેન સુંદરજીની પુણ્યસ્મૃતિ પ્રસંગે હ. કેશવજી પાલણ–મુંબઈ
૫. શ્રી દોશી સુંદરજી ડાહ્યાભાઈ–મોરબી
૬. ,, શાંતિલાલ રાયચંદ–મુંબઈ
૮. ,, એક સદ્‌ગૃહસ્થ તરફથી–મુંબઈ
૭. ,, શેઠ નાનાલાલ લલ્લુભાઈ હ. લક્ષ્મી પ્રિન્ટિંગ પ્રેસ–સુરેન્દ્રનગર
૯. ,, અ. સૌ. મીનાક્ષી રમેશચંદ્ર સુતરીઆ–મદ્રાસ
૧૦. ,, અ. સૌ. યોગિની દિલીપકુમાર સુતરીઆ–મદ્રાસ
૧૧. ,, જેચંદભાઈ અમુલખ C/o. વિદ્યાર્થી વિકાસગૃહ–બોરડી
૧૨. ,, સાબરબાગ સોસાયટીના જૈન ભાઈઓ તરફથી–સાબરમતી
૧૩. ,, બચુભાઈ ચીમનલાલ ઝવેરી–મુંબઈ
૧૪. ,, કેશવલાલ ગીરધરલાલ એન્ડ કું.–અમદાવાદ
૧૫, ,, શાહ કુંવરજી તુલસીદાસ–ધ્રાંગધ્રા
૧૬. શ્રીમતી તારા કિશોર દોશી C/o કિશોર એન્ડ કું. એડવોકેટ–રાજકોટ
૧૭. શ્રી સુથરી જૈન સંઘ C/o. શા. ભવાનજી હીરજી–મુંબઈ
૧૮. અ. સૌ. હર્ષદા ભરતકુમાર સુતરીઆ–મદ્રાસ
૧૯. શ્રી પરેશકુમાર રમેશચંદ્ર સુતરીઆ–મદ્રાસ

કમલ પ્રકાશન ટ્રસ્ટ તરફથી પ્રકાશિત થયેલાં પુસ્તકો

ઘેર બેઠા વી. પી. થી મેળવો. પોસ્ટેજ–ખર્ચ અલગ

લેખક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

×૧.	સાધનાની પગદંડીએ	૨–૦૦
×૨.	શરણાગતિ	૨–૦૦
૩.	વિરાગની મસ્તી	૩–૦૦
૪.	ઊંડા અંધારેથી	૨–૦૦
×૫.	અધ્યાત્મસાર	૧૨–૦૦
૬.	ગુરુમાતા	૨–૦૦
૭.	વંદના	૨–૦૦
૮.	વિરાટ જાગે છે ત્યારે	૨–૦૦
૯.	મહાપંથનાં અજવાળાં	૨–૦૦
×૧૦.	જૈનદર્શનમાં કર્મવાદ	૨–૫૦
×૧૧.	સચિત્ર જીવનદર્શન	૩–૦૦
×૧૨.	કાનજીભાઈ મત પ્રતિકાર	૩–૦૦
×૧૩.	તિમિર ગયું ને જ્યોતિ પ્રકાશી	૨–૦૦
૧૪.	ત્રિભુવનપ્રકાશ મહાવીરદેવ (અનન્તનાં પાત્રો)	૫–૦૦
૧૫.	વિજ્ઞાન અને ધર્મ	૧૨–૦૦
×૧૬.	મુક્તિદૂત માસિક ફાઇલ વર્ષ–૧	૩–૦૦
×૧૭.	,, ,, વર્ષ–૨	૫–૦૦
૧૮.	જાગતા રે'જો	૭–૦૦
૧૯.	સોળ ભાવનાઓ	[નં. ૧૯ થી ૨૩] જાંબૂવાલા ગ્રન્થમાળા ૧૯૭૧ સેટનું મૂલ્ય ૫–૦૦
૨૦.	જૂની પેઢીને	
૨૧.	બોધ–કથાઓ	
૨૨.	ઊઠ જાગ, મુસાફિર !	
૨૩.	જૈન જયંતિ શાસનમ્	
×૨૪.	વીર મધુરી વાણી તારી	૬–૦૦
૨૫.	નહિ એસો જનમ બારબાર	૧૨–૦૦
૨૬.	મૂંઝવતા પ્રશ્નો	[નં. ૨૬ થી ૩૦] જાંબૂવાલા ગ્રંથમાળા ૧૯૭૨ સેટનું મૂલ્ય ૫–૦૦
૨૭.	ચક્રવર્તી પ્રહ્લાદત્ત	
૨૮.	આચારઃ પ્રથમો ધર્મઃ	
૨૯.	આપણી સંસ્કૃતિ	
૩૦.	વિકાસનું મહાભિયાન	

૩૧. સોલહ ભાવનાએ ૩૨. પુરાની પીઢીકે। ૩૩. બોધ–કથાએ ૩૪. ઊઠ, જાગ, મુસાફિર ૩૫. જૈનં જયતિ શાસનમ્	[નં. ૩૧ થી ૩૫] જાંબૂવાલા ગ્રંથમાળા (હિંદીમાં) ૧૯૭૧ સેટનું મૂલ્ય ૨–૫૦
૩૬. મુક્તિદૂત માસિક ફાઇલ વર્ષ– ૩	૫–૦૦
૩૭. સિનેમાનો ત્યાગ કરો ૩૮. સાદગી અપનાવો ૩૯. આપણે કયાં જઈ રહ્યા છીએ. ૪૦ સુખ જ ભયાનક છે. ૪૧. વાંચો : વિચારો : પામો ૪૨. જયવંતુ જિનશાસન ૪૩. વિજ્ઞાન ! એક સમસ્યા ૪૪. દયાળુ બનો ૪૫. પરલોક–દૃષ્ટિ ૪૬. કોઠાસૂઝ બનો	[નં. ૩૭ થી ૪૬] જીવનઘડતર વાંચનમાળા સેટ પહેલો સેટનું મૂલ્ય ૭–૫૦
૪૭. અંધભક્તિ પશ્ચિમની ૪૮. ત્રણ વાર્તાઓ ૪૯. દંભ–૧ ૫૦. દંભ–૨ ૫૧. જરા, કાન દઈને મને સાંભળો	[નં ૪૭ થી ૫૧] જાંબૂવાલા ગ્રંથમાળા ૧૯૭૩ સેટનું મૂલ્ય ૫–૦૦
૫૨. મુક્તિદૂત માસિક ફાઇલ વર્ષ–૪	૫–૦૦
૫૩. આંધી આવી રહી છે.	૧૦–૦૦
૫૪. બ્રહ્મચર્ય	૩–૦૦
૫૫. ચાલો, જીવન પલટીએ ૫૬. સંસાર ૫૭. નિશ્ચય : વ્યવહાર ૫૮. આ માસનો શ્લોક ૫૯. મીની કથાઓ	[નં. ૫૫ થી ૫૯] જાંબૂવાળા ગ્રન્થમાળા ૧૯૭૪ સેટનું મૂલ્ય ૫–૦૦

×૬૦.	રામાયણના પ્રેરક પ્રસંગો	૫–૦૦
૬૧.	ચાર પુરુષાર્થ	૩–૦૦
×૬૨.	મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૫	૫–૦૦
૬૩.	વીરસૈનિકદળ	
૬૪.	પક્ષયુદ્ધ કે ધર્મયુદ્ધ	
૬૫.	વીરસૈનિકની ફરજો	
૬૬.	સંસ્કૃતિમાં સ્ત્રીનું સ્થાન	[નં. ૬૩ થી ૭૨]
૬૭.	ધર્મગુરુઓ ! હવે તો જાગો	જીવનઘડતર વાંચનમાળા
૬૮.	ચિંતનની ચિનગારીઓ	સેટ બીજો
૬૯.	આધુનિક શિક્ષણ	સેટનું મૂલ્ય ૭–૫૦
૭૦.	ધર્મનાશની ભેદી ચાલ	
૭૧.	લોકાપવાદ-ત્યાગ	
૭૨.	યુવકની મનોવ્યથા	
× ૭૩.	સિંહનાદ	૩–૦૦
૭૪.	સ્વરાજનું લોખંડી ચોકઠું	૭–૦૦
૭૫.	ચેત મછંદર ગોરખ આયા	૧૨–૦૦
૭૬.	ત્રિલોકગુરુ મહાવીરદેવ [હિન્દી]	૧–૦૦
× ૭૭.	ત્રિલોકગુરુ મહાવીરદેવ [ગુજરાતી]	૧–૦૦
૭૮.	આપણે ફેર વિચારીએ	૫–૦૦
૭૯	ત્રિલોકગુરુ મહાવીરદેવ [અંગ્રેજી]	૧–૦૦
× ૮૦.	વીરસૈનિક [ગુજરાતી]	૧–૦૦
૮૧.	મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૬	૫–૦૦
× ૮૨.	વીરસૈનિક [હિન્દી]	૧–૫૦
૮૩.	સળગતી સમસ્યાઓ	૩–૫૦
૮૪.	આત્મા	૩–૦૦
× ૮૫.	જિનશાસનરક્ષા	૨–૦૦
૮૬.	ગાંધીવિચાર–સમીક્ષા	૨–૫૦
૮૭.	ઇતિહાસનું ભેદી પાનું	૨–૫૦
× ૮૮.	અપૂર્વ સ્વાધ્યાય	૧૦–૦૦
× ૮૯.	મહામારિ	૨–૦૦
૯૦.	જૈનધર્મના મર્મો	૪–૦૦
× ૯૧.	વિરાગ વેલડી	૬–૦૦
૯૨.	અષ્ટાહ્નિકા પ્રવચનો [પ્રતાકારે]	૧૦–૦૦
૯૩.	કલ્પસૂત્ર પ્રવચનો [,,]	૧૦–૦૦
૯૪.	મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૭	૫–૦૦
૯૫.	ટચૂકડી કથાઓ	૪–૦૦
૯૬.	સ્વરક્ષાથી સર્વરક્ષા	૩–૦૦

૯૭. Call For Vigilance [જાગતા રે'જો–નું અંગ્રેજી]	૧૨–૦૦
૯૮. મુક્તિદૂત માસિક ફાઈલ વર્ષ–૮	૫–૦૦
૯૯. જનતા જાગે	૨–૫૦
૧૦૦. આતમ જાગે	૨–૫૦
૧૦૧. રામાયણમાં સંસ્કૃતિનો સંદેશ ભા. ૧ [પ્રવચનો ૧ થી ૧૦]	૬–૦૦
૧૦૨. ,, ,, ,, ભા. ૨ [પ્રવચનો ૧૧ થી ૧૮]	૬–૦૦
૧૦૩. Karma Philosophy in Jainism [કર્મવાદ–નું અંગ્રેજી]	પ્રેસમાં
૧૦૪. અગમવાણી	પ્રેસમાં
૧૦૫. પ્રતિક્રમણ સૂત્ર–વિવેચના ભાગ–૧	પ્રેસમાં

× **આવી ચોકડી મારેલાં પુસ્તકો અપ્રાપ્ય છે.**

* એક સાથે એક જાતનાં સો રૂપિયાનાં પુસ્તકો ખરીદનાર કોઈ પણ વ્યક્તિને ૨૫ ટકા કમિશન માંગશે તો આપવામાં આવશે.

* રૂા. ૫૦૧નું દાન કરીને ભાગી તમામ પુસ્તકો ઘેર બેઠાં ભેટ મેળવો.

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીની કોમળ અને કઠોર કલમે કંડારાતું માસિક



: સંપાદક :

હસમુખ સી. શાહ

લવાજમ

વાર્ષિક રૂ. ૫=૦૦ ત્રિવાર્ષિક રૂ. ૧૫=૦૦

મુક્તિદૂતનું વર્ષ જુલાઈથી શરૂ થાય છે.

ચાલુ વર્ષમાં થતા ગ્રાહકોને જૂના અંકો સ્ટોકમાં હશે તે અપાશે.

રૂ. ૧૦૦ ભરીને આજીવન સભ્ય બનો.

કાયમ માટે માસિક ભેટ મળશે.

: લવાજમ ભરવાનું સ્થળ :

" કમલ પ્રકાશન ટ્રસ્ટ "

૫૦૮૨/૩, બીજે માળે, યાજ્ઞિક ઇન્સ્ટીટયૂટ સામે, રતનપોળના નાકે, ગાંધીરોડ, **અમદાવાદ–૩૮૦ ૦૦૧.**

મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજીનાં પ્રકાશનો

આખો સેટ ઘર ઘરમાં આજે જ વસાવી લો

બાળકો, કિશોરો, બહેનો, મોટેરાંઓ સહુને પ્રિય સાહિત્ય

આજ સુધી આ પુસ્તકોએ સેંકડો યુવાનોના અને બહેનોના જીવન-પરિવર્ત્તન કર્યા છે. આપના ઘરમાં આ સેટ પડયો હશે તો કયારેક કોઇકનું પણ જીવન પ્રકાશન....પ્રકાશ....ની ઝૂમો પાડતું અંધકારમાંથી સદા માટે છૂટકારો પામી જશે.

નાનકડું મૂલ્ય અને જીવન-પરિવર્તનનો અમૂલ્ય લાભ

આર્યાવર્ત્તની મોક્ષપ્રધાન સંસ્કૃતિની જ્યોત ઘર ઘરમાં પ્રગટાવવા મથતું માસિક . . . . . .

મુક્તિદૂત

ચિન્તક : મુનિશ્રી ચન્દ્રશેખરવિજયજી

સંપાદક : હસમુખ સી. શાહ

આજે જ ગ્રાહક બનો

વાર્ષિક લવાજમ રૂ. ૫ ■ ત્રિવાર્ષિક લવાજમ રૂ. ૧૫-૦૦

આજીવન સભ્ય રૂ. ૧૦૦

મૂલ્ય : ૧૫-૦૦ આવરણ : નટવર આર્ટ પ્રિન્ટર્સ · અમદાવાદ.